# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### ઓશીયાળી-અયોધ્યા



5

પ્રવચનકાર
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

સંપાદક
પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ

# જૈન રામાયણ અને અન્ય રામાયણો

જો કે અન્ય રામાયણો અને આ જૈન રામાયણો વચ્ચે ઘણું ઘણું અંતર છે, અન્ય રામાયણોમાં ઘણે ઠેકાણે રાવણને રાક્ષસ, અધમ તથા હીન તરીકે ચિતરવામાં આવે છે. તદુપરાંત પરસ્ત્રીલંપટ, દુષ્ટ અને નરાધમ રૂપે પણ રાવણની પ્રસિદ્ધિ ઈતર કથાઓમાં સ્થળે સ્થળે કરવામાં આવી છે.



પણ વાસ્તવિક સ્થિતિ તદ્દન જુદી છે. તે ગ્રંથકારો પણ પોતાના ગ્રંથોમાં એ વાતને તો કબૂલે છે કે 'રાવણે મહાસતી સીતાજી પર ક્યારેય બળાત્કાર કર્યો જ નથી.' જૈન રામાયણમાં તો એવો સ્પષ્ટ રીતે ઉલ્લેખ છે કે, રાવણ-દશમુખ સદાચારી તથા પરસ્ત્રીવિમુખ શીલવાન મહાપુરુષ હતા. નલકૂબરની પત્ની ઉપરંભા જ્યારે રાવણના રૂપગુણથી આકર્ષાઈ રાવણ તરફ કામ રાગભરી પ્રીતિ અને આકર્ષણ ધરાવે છે ને તે માટે અજેય એવી નલકૂબરની નગરીના દ્વારો ઉઘાડી આપવા માટે વિદ્યાદાન કરવાનું પ્રલોભન આપે છે : ને તેનો જે વખતે બિભિષણ સ્વીકાર કરે છે. ત્યારે રાવણ વિભીષણ પર આક્રોશ વ્યક્ત કરે છે. આ જ ઘટના રાવણની સદાચારીતાનો પરિચય કરાવે છે.

# જૈન રામાયણ

## રજોહરણની ખાણ

### ઓશીયાળી અયોધ્યા



5

**પ્રવચનકાર**
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંપાદક**
પ્રસિદ્ધ પ્રવચનકાર પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી** મહારાજ



........પ્રવચનકાર........

પરમારાધ્યપાદ
પરમગુરુદેવ-પરમોપાસ્ય
**શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમસૂરીશ્વર-**
પટ્ટધરરત્ન, ગુણરત્નરત્નાકર,
જૈનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છાધિપતિ,
વ્યાખ્યાનવાચસ્પતિ, પ્રવચનગારુડી,
પરમગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્
**વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

........સંપાદક.......

સિંહગર્જનાના સ્વામી, આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય **મુક્તિચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટવિભૂષક, પ્રશમરસપયોનિધિ, આચાર્યદેવ શ્રીમદ્
વિજય **જયકુંજરસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટાલંકાર, પ્રભાવક પ્રવચનકાર, આચાર્યદેવ શ્રીમદ્
વિજય **મુક્તિપ્રભસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટધરરત્ન, પ્રસિદ્ધપ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્
**વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજ**

# જૈન રામાયણ : રજોહરણની ખાણ-૫
## ઓશીયાળી અયોધ્યા

વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રંથમાળા-૧૨


**પ્રકાશન** : વિ.સં. ૨૦૬૭
**નકલ** : ૩૦૦૦
**મૂલ્ય** : ૭૫/-
**ભાગ ૧ થી ૭** : ૫૦૦/- (સંપૂર્ણ સેટ)
**પ્રાપ્તિસ્થાન** : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ
એ/૧, ઘનશ્યામ પાર્ક ફ્લેટ, ૧૭, આનંદનગર
સોસાયટી, પાલડી ભઠ્ઠા, અમદાવાદ.
ફોન : ૨૬૬૦૫૮૬૪
Email : muktikiran99@yahoo.com
**પ્રકાશક** : મુદ્રક : શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન, અમદાવાદ.

જૈન રામાયણ : રજોહરણની ખાણ : પ્રવચનકાર મહર્ષિદેવ



જૈનશાસન જ્યોતિર્ધર વ્યાખ્યાનવાચસ્પતિ

તપાગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્

# વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

મહાગ્રંથ પ્રકાશન - સુકૃતના સહભાગી



## શ્રાદ્ધવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી

પિંડવાડા, જી. સિરોહી

શ્રીપાલનગર, વાલકેશ્વર, મુંબઈ.



# ઋણ સ્વીકાર

૯૬ વર્ષના દીર્ઘ આયુષ્યમાં ૭૯ વર્ષનો નિર્મળ ચારિત્ર પર્યાય અને ૫૬ વર્ષનો આરાધના-રક્ષા-પ્રભાવના સભર આચાર્યપદ પર્યાય ધરનાર પરમગુરુદેવ પૂ. આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પાર્થીવ દેહના અંતિમ સંસ્કારથી પવિત્ર-ભૂમિ પર નિર્મિત **'સ્મૃતિમંદિર'**ની પાવન પ્રતિષ્ઠાના ઉપલક્ષ્યમાં **'સ્મૃતિમંદિર પ્રકાશન'**ની સ્થાપના થઈ ત્યારથી પ્રકાશન કાર્યની પા પા પગલી ભરતાં અમે આજે એક ભગીરથ કાર્ય કરવા સમર્થ બની રહ્યાં છીએ. તે દેવ-ગુરુની અસીમકૃપાનું પરિણામ છે.

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** ૭ ભાગમાં પ્રકાશન કરવાનો વિચાર થયો ત્યારથી એક મોટું ટેન્શન હતું. પણ **'કૃપા'** શું કામ કરે છે તેનો અમે અનુભવ કરી શક્યા છીએ.

વ્યાખ્યાન વાચસ્પતિ પરમારાધ્યપાદ પરમગુરુદેવશ્રી જેવા સમર્થ મહાપુરુષની ભલભલાનાં હૈયાને હચમચાવી દેતી ધર્મદેશનાને સાક્ષાત્ સાંભળતા હોઈએ તેવા આ પ્રવચનોનું પ્રકાશન તેઓશ્રીની મહતીકૃપા સાથે, સિંહગર્જનાના સ્વામી પૂ.આ.શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,** સમર્પણમૂર્તિ પૂ.આ.શ્રી **વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા** પ્રશમરસપયોનિધિ પૂજ્ય આચાર્ય શ્રી **વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા,** પ્રવચનપ્રભાવક પૂ.આ.શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની અને અમારા માર્ગદર્શક **પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની પણ અસીમ કૃપાનું ફળ છે.

સમર્થ સાહિત્યકાર પૂ. આચાર્યદેવશ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ** 'પ્રસ્તાવના' લખી આપીને અમારા આ કાર્યને ખૂબ જ ગૌરવ બક્ષ્યું છે.

પિંડવાડાના વતની હાલ મુંબઈ વસતા **શ્રેષ્ઠિવર્ય શ્રી લાલચંદજી છગનલાલજી પરિવારે** આ સાહિત્ય પ્રકાશનનો અનેરો લાભ લઈને અમારા ઉલ્લાસમાં અભિવૃદ્ધિ કરી છે. અમે તેઓના ખૂબ ખૂબ ઋણી છીએ.

**-સ્મૃતિમંદિર પ્રકાશન**



## જૈન રામાયણ : રજોહરણની ખાણ
## ભાગ-૧ થી ૭

સંપૂર્ણ ગ્રન્થરત્નનો લાભ લેનાર ધર્મપરાયણ જીવનના શ્રેષ્ઠ નિર્માતા

## શ્રી લાલચંદજી છગનલાલજીના

# જીવનની આછી ઝલક

નરવીરો શૂરવીરો અને ધર્મવીરોથી શોભાયમાન રાજસ્થાનની ધીંગીધરા પર આવેલ **સિરોહી** જિલ્લાના **પિંડવાડામાં પૂ. પિતાશ્રી છગનલાલજી**ના કુળમાં પૂ. માતુશ્રી **છોગીબેન**ની કૂખે વિ.સં. ૧૯૭૨માં મહા સુદ ૩ના તેઓશ્રીનો જન્મ થયો.

વર્ધમાન જૈન યુવક મંડળની સ્થાપના (પિંડવાડા) દ્વારા સંઘના અનેક કાર્યોમાં સાથ આપતા રહ્યા.

પિંડવાડાના પનોતા પુત્ર, પ્રેમના ઘૂઘવતા સાગરસમા સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પરમ કૃપાપાત્ર બની ત્રીશ-ત્રીશ વર્ષો સુધી અખંડપણે કર્મ સાહિત્યના પ્રકાશનાદિમાં કાર્યરત રહેવા દ્વારા અપૂર્વ જ્ઞાનોપાસના અને ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિની સ્થાપના કરાવી.

જેસલમેર-અમરસાગર-લોદ્રવપુર-ભીલડીયાજી-અજારી (પિંડવાડા)-આયડ (ઉદયપુર) આદિ અનેક મહાતીર્થોના જીર્ણોદ્ધારના કાર્યની સાથે મેવાડના અગણિત મંદિરોના પુનરુદ્ધારમાં અમૂલ્ય ફાળો આપ્યો.

સુવિશુદ્ધ સંયમમહાનિધિ, વાત્સલ્યવારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્દેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પરમ પાવનકારી નિશ્રામાં પિંડવાડામાં ઐતિહાસિક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તથા વ્યાખ્યાન વાચસ્પતિ પરમોકારી સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની તથા અન્ય **ગુરુભગવંતો**ની નિશ્રામાં અગ્રેસર રહી વિશ્વ વિખ્યાત આબુ દેલવાડા-બ્રાહ્મણવાડા-ઉદવાડા-પૂના-વાંસદા આદિ અનેક સ્થાનોમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠાદિના પ્રસંગોની ઉજવણી કરી કરાવી.

હસ્તગિરિ મહાતીર્થ, સહસાવન ગિરનાર, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી, ચંદાવરકરલેન બોરીવલી મુંબઈ આદિમાં નૂતન દેરીઓ-જિનાલયોના નિર્માણમાં અનુમોદનીય સહયોગ આપ્યો.

સહસાવન ગિરનાર, દેલવાડા આબુ, શ્રીપાલનગર મુંબઈ, જી.આઈ.ડી.સી. વાપી જેવા વિશ્વપ્રસિદ્ધ સ્થાનોમાં કાયમી ધજા ચઢાવવાના, મૂલનાયક તથા અન્ય જિનબિંબો ભરાવવાના તથા પ્રતિષ્ઠાદિના લાભોમાં સ્વદ્રવ્યની ન્યોછાવરી કરી.

શંખેશ્વર-બ્રાહ્મણવાડામાં નવપદજીની ઓળીની આરાધના કરાવવા જેવા અનેક સુકૃતોની સમારાધના, મુકપશુઓની સુરક્ષા કાજે શિબિર-કેમ્પ અનુકંપાના કાર્યો તથા સામાજિક ક્ષેત્રોમાં અગ્રેસર રહી તન-મન-ધનથી વિવિધ સેવાઓ આપી છે.

ઉભય ગુરુદેવોના કાળધર્મ બાદ તપસ્વીસમ્રાટ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજા** તથા ગચ્છસમ્રાટ્ પૂ. આચાર્યદેવશ્રીમદ્ **વિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા**ની પણ એવી જ કૃપા મેળવીને શાસન પ્રભાવક અનેક કાર્યોમાં અગ્રેસર રહી, આ ઉભયની નિશ્રામાં જ સમાધિ પામીને સ્વર્ગવાસી બન્યા.

*આપની શ્રુતભક્તિની અમે*

## *પુનઃપુનઃ અનુમોદના*

*કીએ છીએ.*

**- સ્મૃતિમંદિર પ્રકાશન**



# સંપાદકની કલમે

## સ્મૃતિના સથવારે

**'જૈન રામાયણ'**ના પ્રવચનો દ્વારા જૈન-જૈનેતર જગતને જૈન રામાયણનો નોખો-સાવ અનોખો પરિચય કરાવનારા વ્યાખ્યાન વાચસ્પતિ પ્રવચનગારુડી સ્વર્ગીય પરમગુરુદેવ પૂ.આચાર્યદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના અપાર ઉપકારોને કોઈ શબ્દોમાં ય વર્ણવી શકાય તેમ નથી, જન્મથી-ગળથૂથીમાંથી મળેલા તેઓશ્રીને સાધુ જીવનમાં સતત સાંભળવાનો અને માણવાનો અવસર સંસારી પિતાજી **શ્રીયુત્ ચન્દ્રકાન્તભાઈ લક્ષ્મીચંદ દોશી** (પછીથી મુનિરાજશ્રી **ચારિત્રસુન્દરવિજયજી મ.**)ની ભાવનાથી અને પરમતારક ગુરુદેવો સિંહગર્જનાના સ્વામી સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**, પૂર્વદેશ કલ્યાણકભૂમિતીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી **વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા** અને પ્રવચન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા**ની આશીર્વાદપૂર્ણ ઉદારતાથી મળી શક્યો, તેથી જ પ્રભુશાસનના મર્મને પામવાનું યત્કિંચિત્ સામર્થ્ય પ્રગટ્યું અને એક મહાગંભીર સાગરને અવગાહવા જેવા આ સંપાદનના કાર્યને કરવા ઉલ્લસિત બની શક્યો છું.

પરમશ્રદ્ધેય ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રી **વિજય હેમભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની તારક નિશ્રામાં વિ.સં. ૨૦૬૨-૬૩ના ચોમાસામાં શ્રીપાલનગરની સ્થિરતા દરમ્યાન આ સંપાદન માટે તેઓશ્રીની અનુમતિ મળી તથા જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટના ટ્રસ્ટીવર્ય **સુશ્રાવક શ્રી કાન્તિલાલ ચુનીલાલે** પણ આ કાર્ય માટે "પૂજ્યપાદશ્રીના પ્રવચનગ્રંથો કે પ્રવચનોને આપ બધા તૈયાર કરો કે સંપાદન કરો તે ખૂબ જરુરી છે" આવી ભાવનાના શબ્દો દ્વારા આવકાર્યું તેથી સરળ ગતિએ સંપાદન શક્ય બની શક્યું.

જો કે મુંબઈથી અમદાવાદ-રાજસ્થાન અને દિલ્હીના વિહારો ફરી દિલ્હીથી અમદાવાદ-મુંબઈના વિહારો અને અનેકવિધ ધર્મઉત્સવો આદિની વ્યાક્ષિપ્તતાને કારણે સંપાદન કાર્ય ખૂબ જ મંદ ગતિએ થયું, છતાંય નિશ્રાવર્તી મુનિગણ આદિનો આ કાર્યમાં રહેલો સહકાર અવિસ્મરણીય રહ્યો છે.

મારા પરમોપાસ્ય, સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રી **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજીમહારાજા**એ પોતાની આગવી શૈલીમાં પ્રસ્તાવના લખી આપીને મારા આ કાર્યને ખૂબ જ હળવું બનાવ્યું છે. તેમ છતાંય મતિઅલ્પતા અને કાર્ય-અદક્ષતાને કારણે આવા ભગીરથ કાર્યમાં સ્વર્ગીય પરમગુરુદેવશ્રીના આશય વિરુદ્ધ કે શાસ્ત્ર વિરુદ્ધ કાંઈપણ કાર્ય બન્યું હોય તો ત્રિવિધે ક્ષમાયાચના પૂર્વક વાચકવર્ગને એટલું જ ભારપૂર્વક જણાવીશ કે **"સ્વાદુઃ સ્વાદુઃ પુરઃ પુરઃ"** ની નીતિને ધ્યાનમાં રાખીને જેમ-જેમ વાંચતા જશો તેમ-તેમ જૈનરામાયણનો અદ્ભુત રસાસ્વાદ માણવા દ્વારા અપૂર્વ ભાવાનુભૂતિ અને વર્ણનાતીત આનંદની અનુભૂતિ થશે એ નિ:શંક છે

## સંપાદન શૈલી



શ્રી વીરશાસન કાર્યાલય દ્વારા વિ.સં. ૧૯૮૯ થી **'જૈન રામાયણ'** ૭ ભાગમાં પ્રકાશિત થયા પછીની આવૃત્તિઓમાં મહદ્અંશે સંસ્કૃત શ્લોકો કાઢી નાંખવામાં આવેલાં હતાં. અહીં ફરી એ શ્લોકોને તે-તે સ્થળે ગોઠવી દીધા છે અને વાચકવર્ગની વાંચનમાં એક રસધારા ટકી રહે તે માટે એક દિવસના પ્રવચન પછી બીજા દિવસના પ્રવચનમાં ઉપદેશ આદિ રૂપે નવી-નવી આવતી વાતોને યથાવત્ જાળવી રાખીને જે પુનરાવર્તન જેવું જણાતું હતું, તે દૂર કર્યું છે અને તે વખતની જુની ભાષાને થોડી મઠારી છે.

કલિકાલસર્વજ્ઞ પરમોપકારી આચાર્યદેવ શ્રીમદ્ **હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા રચિત ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર**ના ૭મા પર્વના ૧૦ સર્ગના આધારે આ પ્રવચનો મુખ્યતયા થયા હોવાથી પૂર્વે તે-તે સર્ગ અને પ્રવચનોના ક્રમાંક મૂકાયાં હતા તે પણ દૂર કરીને અખંડ-પ્રવચનો અહીં અવતરિત કરાયા છે.

આ નવી શૈલીમાં **'જૈનરામાયણ રજોહરણની ખાણ'** એવું ગ્રંથનું નામ રાખીને સાતે ભાગોમાં મુખ્ય વિષયને ધ્યાનમાં રાખી દરેક ભાગનું નામકરણ નીચે મુજબ કર્યું છે.

| ભાગ | સર્ગ | નામ |
|---|---|---|
| ૧. | ૧-૨-૩ | રાક્ષસવંશ અને વાનરવંશ. |
| ૨. | ૪ | રામ-લક્ષ્મણને સીતા |
| ૩. | ૫-૬ | સીતા અપહરણ |
| ૪. | ૭-૮/૧ | લંકાવિજય |
| ૫. | ૮/૨ | ઓશીયાળી અયોધ્યા |
| ૬. | ૮ | સીતાને કલંક |
| ૭. | ૯-૧૦ | રામ નિર્વાણ |

આ મુખ્ય વિષયોને સુચવનાા નામાભિધાન છે. ઠે-ઠે અવાંત વિષયો-પ્રસંગો અને સાંપ્રત સમસ્યાઓના પ્રત્યાઘાતોમાં પ્રવચનકામહર્ષિનું હૃદય વાંચવા મળે છે.

## ભાગ-૫

**'જૈન રામાયણ : રજોહરણની ખાણ'** એ છેલ્લી સદીના અપ્રતિમ પ્રતિભાશાળી વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય ભગવાન **શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**નું મુનિપણામાં થયેલા પ્રવચનોનું સંકલન છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન્ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના ત્રિષષ્ઠિપર્વ-૭માના આધારે તેઓશ્રીએ 'કથા-કથક અને કથનીય'ની આગવી ઓળખ આપી છે.

સાત ભાગ પૈકીનો આ **'ઓશીયાળી અયોધ્યા'** નામે પાંચમો ભાગ ત્રિષષ્ઠિ પર્વ-૭ના આઠમા સર્ગનો મોટો ભાગ સમાવે છે.

દેવરમણ ઉદ્યાનમાં યોગિનીની જેમ ધ્યાનમગ્ન સીતાદેવી ને શ્રીરામચંદ્રજી મળે છે તે પ્રસંગથી શરુ થતી આ કથા આપણી બધી વ્યથાઓને હણી લે છે.

શ્રી બિભીષણની વિનયશીલતા, શ્રી રામચન્દ્રજીની નિસ્પૃહતાભરી ઉદારતા, અને આજના દુર્બુદ્ધિ મુત્સદ્દીઓની મલીન વૃત્તિ આદિ વિગતો મનનપૂર્વક વાંચવા જેવી છે.

*અતિપરિચયાદ્દવજ્ઞા* પદ ઉપર થયેલા સ્પષ્ટિકરણમાં સ્વોપકાર-પરોપકાર મીમાંસા અતિમનનીય છે. ગુરુપ્રવેશ મહોત્સવનું રહસ્ય. સેવ્ય-સેવક વાસ્તવિકતા આદિ મર્મભરી વાતો હૃદયમાં વણી લેવા જેવી છે. સાધુ સેવાનું રહસ્ય પણ વાંચી વિચારી અંતરમાં ઉતારવા જેવું છે. નિન્દા કરતાં પ્રશંસાની વધારે ભયંકરતા, પ્રશંસાને યોગે સમાજમાં નભતો સડો આદિ તત્કાલીન સમાજની પરિસ્થિતિને વર્ણવતી વાતો આજે પણ અતિ ઉપયોગી હોવાનું સમજાય તેવું સ્પષ્ટ વિવેચન છે.

અયોધ્યા આખી જ્યારે ઉત્સવઘેલી હતી ત્યારે ભરતજીનો વિરાગ એમની ઊંડી સુઝ-બુઝ ભરી મહાનતાનો ખ્યાલ આપે તે રીતે વર્ણવાયો છે.

**'સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એટલે અનંતકાળના એક મહાઅજ્ઞાનનો નાશ'** આ હેડીંગ નીચે સુખ-દુઃખની અપૂર્વ લાગણી અનુભવતા સમ્યગ્દૃષ્ટિનું સાચુકલું સ્વરુપ જાણવા-માણવા જેવું છે. એ વિષયમાં આગળ-આગળ વર્ણવાતી તાત્વિક વિચારધારા શાસ્ત્રના ગંભીરભાવોને આપણી સમક્ષ સરળ શબ્દોમાં રજૂ કરે છે. અને પ્રશસ્ત ઉદ્વિગ્ન ભાવમાં રમતા ભરતજી 'બાલદીક્ષિતોની અનુમોદના કરે છે.' એ વાતના વર્ણનમાં બાલદીક્ષા અપવાદ માર્ગ નથી જ એ મુદ્દાને સ્પષ્ટ કરવા પૂર્વક દીક્ષા બાળદીક્ષાને વિશદ શબ્દોમાં વર્ણવે છે. અને પ્રશસ્ત અપ્રશસ્ત રાગ-દ્વેષની લાભ-નુકશાનકારિતા બતાવીને તો શાસનનું હાર્દ રજૂ કરાયું છે.

અંતે કૈકેયી માતા દ્વારા શ્રીરામચન્દ્રજીને ભરતજીની વિરક્તદશાનો સ્પષ્ટ ખ્યાલ આવવાથી માંડી ઉન્મત્ત ભુવનાલંકાર હાથીનું ભરતજીને જોતાં જ શાંત થવા અંગેના શ્રી કેવળજ્ઞાની મુનિવર પાસેથી સ્પષ્ટીકરણ સુધીમાં અનેક અવરોચિત મહત્ત્વપૂર્વ વાતોથી ભરપૂર આ વિભાગની સમાપ્તિએ ભરતજીની દીક્ષા અને સાધના સિદ્ધિનું વર્ણન કરાયેલું છે.

સદ્ગુરુચરણ સેવાહેવાકી
**આચાર્ય વિજય શ્રેયાંસપ્રભસૂરિ**

**દ્વિ.વૈશાખ વદ-૧૧, વિ.સં.૨૦૬૬,**
**સિદ્ધાંતમહોદધિ સ્વ.પરમગુરુવર સ્વર્ગતિથિ.**
**થરા**



# ભાગ-૫

# ઓશીયાળી અયોધ્યા


૧. ભક્ત શ્રી બિભીષણ અને નિસ્પૃહ શ્રી રામચન્દ્રજી
૨. અયોધ્યાની યાદ શણગાર અને પ્રવેશ
૩. હૈયું વિશાળ-નિર્મળ જોઈએ અને વસ્તુનોં પ્રેમ જોઈએ
૪. સેવામાં કચાશ નહિં ને વાત્સલ્યમાં ઉણપ નહિં
૫. ઉત્સવમય અયોધ્યામાં જુદા પડતાં શ્રી ભરતજી
૬. મોહની ઘેલછા અને વિવેક
૭. જૈનશાસન અને બાળદીક્ષા
૮. શ્રી બલભદ્રજી મહર્ષિ, રથકાર અને મૃગ
૯. તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર
૧૦. લાયકાત મુજબની આજ્ઞાઓ
૧૧. ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું
૧૨. શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી
૧૩. દીક્ષાર્થીનું પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઈએ એવો નિયમ નથી

# ક્રમનિર્દેશ


| વિષય | પૃ |
|---|---|
| **૧. ભક્ત શ્રી બિભીષણ અને નિસ્પૃહ શ્રી રામચંદ્રજી** | **૧** |
| ★ શ્રી રામ-સીતાનું મીલન | ૩ |
| ★ પ્રભુપૂજામાં ઊંચામાં ઊંચી વસ્તુઓ રાખવી જોઇએ | ૪ |
| ★ શ્રી જૈનશાસનમાં રાજારૂપ આચાર્ય મહારાજ | ૬ |
| ★ લંકાપુરીનું રાજ્ય સ્વીકારવાની શ્રી રામચન્દ્રજીને શ્રી બિભીષણની વિનંતી | ૮ |
| ★ રામચન્દ્રજીએ કરેલો નિષેધ | ૯ |
| ★ વિચારો ! શ્રી રામચન્દ્રજીની કેટલી નિઃસ્પૃહતા | ૯ |
| ★ શ્રી કુંભકર્ણ આદિ મુનિઓને શ્રી સિદ્ધપદની પ્રાપ્તિ થઇ | ૧૨ |
| **૨. અયોધ્યાની યાદ, શણગાર અને પ્રવેશ** | **૧૩** |
| ★ અયોધ્યામાં કૌશલ્યા આદિ માતાઓનો શોક | ૧૫ |
| ★ અયોધ્યા જવાની અનુમતી માંગવી | ૧૭ |
| ★ તારક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ કેવી જોઇએ. | ૧૮ |
| ★ યોગ્ય સાથે યોગ્યના અતિ પરિચયે ભક્તિ વધતી જ રહે | ૧૮ |
| ★ અયોગ્યતા વિના અતિ પરિચયે અવજ્ઞા ન થાય | ૧૯ |
| ★ પહેલું સંયમ પાલન, પછી પરોપકાર | ૨૦ |
| ★ પરોપકારી બનવા માટે પહેલા સ્વનો ઉપકાર કરો | ૨૨ |
| ★ તીર્થયાત્રા માટે પણ સંયમયાત્રાને સીદાવાય નહિ | ૨૩ |
| ★ યોગ્યના પરીચયે યોગ્યને લાભ થાય | ૨૩ |
| ★ ટીકા કરનારાઓમાં સાચી ધર્મભક્તિની ખામી છે. | ૨૪ |
| ★ ગુરુ મહારાજનો પ્રવેશ મહોત્સવ શા માટે ? | ૨૬ |
| ★ શાસન પ્રભાવના માટે સામગ્રી સંપન્નોએ કરવા જોગી વસ્તુ | ૨૮ |
| ★ છતી શક્તિએ યોગ્યનો યોગ્ય સત્કાર નહિ કરવામાં આશાતના | ૨૯ |
| ★ ધર્માત્માઓમાં પરસ્પર અનુમોદનાનો ભાવ હોવો જોઇએ | ૩૦ |
| ★ આજે આ સંઘર્ષણ કેમ વધે છે | ૩૧ |
| ★ અવસરોચિત ભક્તિમાં ખામી કેમ? | ૩૨ |
| ★ શ્રી રામચંદ્રજી આદિ લંકાપુરીથી નીકળ્યા | ૩૪ |
| ★ રાજા શ્રી ભરત અને શ્રી શત્રુઘ્ન સત્કાર કરે છે | ૩૫ |
| **૩. હૈયું વિશાળ-નિર્મળ જોઇએ અને વસ્તુનો પ્રેમ જોઇએ** | **૩૭** |
| ★ માતાઓને નમસ્કાર અને માતાઓના આશિષ | ૩૯ |
| ★ સપત્નીનાં સંતાનો પ્રત્યે કેવો વર્તાવ જોઇએ ? | ૪૦ |
| ★ દેવ-ગુરુની સેવા દેવ-ગુરુ ઉપર ઉપકાર કરવા કરવાની નથી | ૪૨ |
| ★ સાધુની ભિક્ષાચર્યા કેવી હોય ? | ૪૪ |
| ★ આટલી હિંમત તો હોવી જોઇએ | ૪૫ |
| ★ ધર્મની ગરજ રાખવી જોઇએ | ૪૬ |
| ★ તમે કોણ ? સમ્યગ્દૃષ્ટિ કે માર્ગાનુસારી ? | ૪૭ |
| ★ પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય વચ્ચે ફરક | ૪૯ |
| ★ સંયમ ધર્મની અભિરૂચિ હોય તો ગૃહસ્થજીવન નિર્મળ બને | ૫૧ |
| ★ દેવ-ગુરુના સાચા સેવક બનો | ૫૨ |
| ★ આચરણા ન હોય તો પણ આરાધના ક્યારે ? | ૫૩ |
| ★ કુપ્રચારોથી સાવધ રહો | ૫૪ |
| ★ પ્રવચનદાન અને શ્રવણ અનુપમ આરાધના ક્યારે ? | ૫૪ |
| ★ માર્ગનો મર્મ પામ્યા વિના પાટે ન બેસાય | ૫૫ |
| **૪. સેવામાં કચાશ નહિં ને વાત્સલ્યમાં ઉણપ નહીં** | **૫૭** |
| ★ શ્રી અપરાજિતાદેવીની કેવી અનુપમ ઉત્તમતા | ૫૯ |
| ★ નિંદા કરતા પ્રશંસા વધારે ભયંકર છે | ૬૦ |
| ★ ખોટી ય પ્રશંસા સાંભળવાનો અનર્થકારી ચડસ | ૬૨ |
| ★ પોતાની પ્રશંસાનો શ્રી લક્ષ્મણજીએ વાળેલો ઉત્તર | ૬૨ |
| ★ સેવ્ય બનવાની ઇચ્છા પ્રશંસાપાત્ર છે, પણ સેવા લેવાની લાલસા અધમ છે | ૬૩ |
| ★ આજ્ઞાની આરાધના વિના સાચી સેવા થાય નહિ | ૬૫ |
| ★ શ્રી લક્ષ્મણજીના જીવનમાંથી શીખવા જેવો સેવકભાવ | ૬૬ |
| ★ સાચી વાતો પદ્ધતિસર બહાર મૂકવાની આજે જરૂર છે | ૬૮ |
| ★ સેવામાં કચાશ નહિ, વાત્સલ્યમાં ઉણપ નહિ | ૭૧ |
| ★ આજે સંયુક્ત કુટુંબનું બળ કેમ ગયું? | ૭૨ |
| ★ ધર્મના શરણે આવેલાને વર્તમાનમાં સુખ અને પરલોક સુંદર | ૭૪ |
| **૫. ઉત્સવમય અયોધ્યામાં જુદા પડતાં શ્રી ભરતજી** | **૭૫** |
| ★ દીક્ષાની અનુમતિ માંગતા પહેલાં શ્રી ભરતજીની સુંદર વિચારણા | ૭૮ |
| ★ શ્રી ભરતજીના વિરાગનું નિદાન | ૮૧ |
| ★ પૌદ્‌ગલિક યોગમાં સુખની માન્યતા એ દુઃખની જડ | ૮૩ |
| ★ ગાન્ધર્વગીત અને નૃત્ય પણ શ્રી ભરતજીને આકર્ષી શકતાં નથી | ૮૪ |
| ★ અશક્તિ અને અંતરાયની આડ નીચે આસક્તિને છૂપાવો નહિ | ૮૬ |

★ તમને સંસારના સુખો દુઃખ રૂપ લાગે છે ? ૮૭
★ સમ્યગ્દર્શન એટલે અનંતકાળના મહાઅજ્ઞાનનો નાશ ૮૮
★ ધર્મને પામેલ આત્મા હંમેશા સુખી જ હોય ૮૯
★ પાણીના પરપોટા જેવું ચંચળ મનુષ્યપણું ૯૦
★ લક્ષ્મી હાથીના કાન જેવી ૯૧
★ યૌવન, ખરેખર ફૂલ જેવું છે ૯૨
★ વિષયભોગો, કિંપાકના ફળ જેવા ભયંકર છે ૯૨
★ જીવન સ્વપ્ન જેવું છે ૯૪
★ બંધુજનોના સ્નેહો, પંખીમેળા જેવા છે ૯૫
★ બન્ધુજનોના સ્નેહો અતિ દુરન્ત છે ૯૬
**૬. મોહની ઘેલછા અને વિવેક ૯૭**
★ મોહની ઘેલછા ત્યજીને વિવેકી બનો ! ૯૯
★ વિવેકની પ્રાપ્તિ થયા પછી આત્મા પોતાના દુશ્મનોને ભગાડી મૂકે છે ૯૯
★ વિવેકશૂન્ય આત્મા જ દુર્ગતિનું આયુષ્યકર્મ બાંધનારો છે ૧૦૦
★ ક્ષાયિક સમ્યક્ત્વ હોવા છતાં આત્મા નરકે કેમ જાય ? ૧૦૧
★ ક્ષાયિક સમ્યક્ત્વવાન્ નરકે જાય તો ક્યારે જાય ? ૧૦૧
★ મિથ્યાદૃષ્ટિ ક્ષપકક્ષેણી માંડી શકે જ નહિ ૧૦૨
★ સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું નથી ૧૦૩
★ ક્ષાયોપશમિક સમ્યક્ત્વના કાળમાં જ પહેલી વાર ક્ષપકશ્રેણિ મંડાય ૧૦૪
★ ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલીવાર મંડાય ? ૧૦૫
★ ક્ષણકશ્રેણિ માંડનારા અગીયારમે ગુણસ્થાનકે જતા જ નથી ૧૦૬
★ રાગદ્વેષથી સર્વથા રહિત થયેલા ફરી રાગદ્રેષિ બનતા નથી. ૧૦૬
★ ક્ષપક શ્રેણિવાળા અને ઉપશમ શ્રેણિવાળા આત્મામાં દશમાં ગુણસ્થાનકે રહેતો તફાવત ૧૦૭
★ ક્ષપકશ્રેણિ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હાજરીમાં જ મંડાવી શરૂ થાય છે. ૧૦૮
★ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતો જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે. ૧૦૯
★ સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધી સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક માન્યતા ૧૦૯
★ અન્ય લિંગે સિદ્ધ સંબંધી ખુલાસો ૧૧૦
★ શ્રી તીર્થંકરનામ કર્મ નિકાચ્યા છતાં નરકે જાય તે કયા કારણે ? ૧૧૧
★ વિવેક પ્રગટાવો, જાળવો ને ખીલવો ૧૧૧
★ આરાધક પુણ્યાત્માઓની શ્રી ભરતજીએ કરેલી અનુમોદના ૧૧૧
**૭. જૈનશાસન અને બાળદીક્ષા ૧૧૩**
★ બાળદીક્ષાએ અપવાદમાર્ગ નથી જ ૧૧૭
★ ભોગ ભોગવીને આવેલાઓના કરતાં બાલદીક્ષિતો માટે પતનનો સંભવ ઓછો છે ૧૧૮
★ શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણ ૧૧૮
★ બાલવયે દીક્ષિતો વધુ સારી રીતે સુસંસ્કારોને ઝીલી શકે છે ૧૧૯
★ યુવાની એળે ગુમાવી શોક અગ્નિમાં શેકાવું પડે તે કરતાં પહેલા ચેતવું સારું ૧૨૦
★ જેની જુવાની સફળ તેનું જીવતર સફળ ૧૨૧
★ વૃદ્ધોએ આ વિચારવા જેવું છે ૧૨૨
★ યુવાનોએ ચેતવા જેવું છે ૧૨૩
★ ભોગવૃત્તિને સમાવવાનો સચોટ ઉપાય ૧૨૩
★ ખસ ખંજવાળ્યે વધે તેમ ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ વધે ૧૨૪
★ વિષયાધીનોની કારમી કંગાળ હાલત ૧૨૫
★ ઈન્દ્રિયોને બહેકાવવામાં નહિ પણ વશ કરવામાં જે પંડિતાઈનો ઉપયોગ કરે તે પંડિત ૧૨૭
★ જે જીવને દેવતાઈ ભોગોથી તૃપ્તિ ન થઈ, તો તેને માનુષી ભોગોથી કેમ જ થાય ? ૧૨૭
★ પાંજરામાં પૂરાયેલા સિંહની જેમ શ્રીભરતજી આ વિચારણામાં દિવસો પસાર કરે છે ૧૨૮
★ કર્મસત્તાને હાંકી કઢાય તો જ આત્મા સ્વતંત્ર બની શકે ૧૨૯
★ આત્માની શક્તિને પ્રગટાવવા પ્રયત્ન કરો ૧૩૦
★ પ્રશસ્ત રાગ-દ્વેષને કેળવો ! ૧૩૧
★ દેવ-ગુરુ-ધર્મ ઉપર રાગ કેળવવાનું જ્ઞાનીઓએ ફરમાવેલ છે ૧૩૧
★ મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ હોવો જોઈએ ૧૩૨
★ સાધુમાં રાગદ્વેષ ન હોય એ બને જ નહિ ૧૩૩
★ જ્યારે રાગદ્વેષનો અભાવ થાય, ત્યારે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ૧૩૪
★ સાધુ માટે પ્રશસ્ત રાગદ્વેષ હોવા તે કલંકરૂપ નથી, પણ શોભા રૂપ છે ૧૩૫
★ સાધુમાં રાગ-દ્વેષ ન જ હોય એ પ્રચાર કેમ ? ૧૩૬
★ ઈન્દ્રિયાદિને પ્રશસ્ત બનાવવા જ જોઈએ ૧૩૭
★ શ્રી ભરતજીનો વિરાગભાવ રહેણી કહેણીમાં સ્પષ્ટપણે દેખાય છે ૧૩૮
★ શ્રી ભરતજીની દશા કૈકેયીએ શ્રી રામચંદ્રજીને જણાવી ૧૩૮
★ ચિતા અને ચિંતા સમાન છે ૧૩૯
★ સંસારમાં ચિંતાનો અનુભવ કોને નથી થતો? ૧૪૦
★ સાચી આત્મચિંતા જીવનને સુધારે છે. ૧૪૧
★ આત્મ ચિંતાવાળો શક્ય કરવાને હંમેશાં સજ્જ જ હોય ૧૪૨
★ કલ્યાણકર સાધનાનું પ્રબળ સાધન આત્મચિંતા ૧૪૩
★ દુનિયાદારીની ચિંતા અને આત્મચિંતા બંનેયનું અંતર ૧૪૪
★ સંસારમાં પ્રયત્ન ફળે જ એ નિયમ નહિ પણ ધર્મમાં પ્રયત્ન તો નિયમા ફળે ૧૪૫
★ સંસારીનો પ્રયત્ન વર્તમાનમાં નિષ્ફળ કે નુકશાનકારક બને, તો ય ભવિષ્યને ભૂંડુ બનાવે છે ૧૪૬
★ ધર્મ વિષેના પ્રયત્નનું સુંદર પરિણામ ૧૪૬
★ આત્મચિંતા વિના ધર્મપ્રયત્ન નહિ ૧૪૭
★ આત્મચિંતાના પરિણામે પ્રાપ્ત થતાં લાભો ૧૪૮
★ દુનિયાનું કલ્યાણ ઈચ્છનારે દુનિયામાં કયો પ્રચાર કરવો ? ૧૪૮
★ મહાભાગ્યવાન્ આત્માઓ જ ધર્મપ્રયત્ન આદરી શકે છે ૧૫૦
★ ઉંચી કોટિની ધર્મારાધના કઈ ? ૧૫૦
★ ભાવધર્મને સમજો પણ દંભને ન પોષો ૧૫૨
★ અનુમોદનામાં આનંદ અને દુઃખ બન્ને હોય ૧૫૩

★ ચારિત્રની આરાધનામાં તપ જોઇએ ૧૫૫
★ શ્રી બલભદ્ર મહર્ષિએ અનર્થોથી બચવા કરેલી પ્રતિજ્ઞા ૧૫૬
★ પરચિંતાથી દુનિયાદારીમાં પડેલા અને આત્મચિંતાથી ધર્મપ્રયત્નમાં પડેલાં વચ્ચેનું અંતર ૧૫૭
★ શ્રી બલભદ્ર મહર્ષિની શ્રી નરસિંહના નામે પ્રખ્યાતિ ૧૫૮
★ 'દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન ન કરી શકે માટે પશુઓ સર્વવિરતિ ધર્મ નથી પામતા' એ વાત ખોટી છે ૧૫૯
★ તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી, ૧૬૧
★ દશવિધ સામાચારીને અંગે જાણવા જેવું ૧૬૨
★ સાધુપણાને માટે સામાચારીપાલન આવશ્યક ૧૬૪
**૮. શ્રી બલભદ્રજી મહર્ષિ રથકાર અને મૃગ ૧૬૫**
★ શ્રી બલભદ્રમુનિ અને હરણનો પ્રસંગ ૧૬૭
★ પરચિંતાથી દૂર રહી આત્મચિંતામાં જોડાઈ જાઓ ! ૧૬૯
★ શ્રી બલભદ્રજી ભિક્ષાને માટે નીકળે છે ૧૭૦
★ શ્રી બલભદ્ર મહર્ષિની સુંદર વિચારણા ૧૭૧
★ પુણ્યવાન્ મૃગની ઉત્તમ વિચારણા ૧૭૧
★ સાચું અર્થીપણું કેળવવાની જરૂર છે ૧૭૩
★ સાચી આત્મચિંતા વિના ધર્મક્રિયાઓ ભાવધર્મ રૂપ ન થઈ શકે ૧૭૪
★ એનું નામ ધર્મપ્રયત્ન ૧૭૪
★ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારેયને ટાળવા શું કરવું જોઈએ ? ૧૭૫
★ કારણ તથા કાર્ય ઉભયરૂપ સમ્યગદર્શન ૧૭૬
★ તત્ત્વજ્ઞાની પણ ગુરૂકર્મિતાના યોગે વિષયસુખને વશ હોઈ શકે છે ૧૭૭
★ મિથ્યાત્વનો ક્ષયોપશમ હોય પણ ચારિત્રમોહનો ઉદય આ કામ કરે છે ૧૭૮
**૯. તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર ૧૭૯**
★ સંસારથી ભયભીત બનવું એનું નામ જ સાચી આત્મચિંતા છે ૧૮૩
★ દાન સન્માનાદિથી લોકોને ધર્મરાગી બનાવનાર રાજા ૧૮૪
★ ધર્મ વિરોધીઓના અધમ ધંધા ૧૮૫
★ મિથ્યાત્વથી ઘેરાયેલો શ્રેષ્ઠીપુત્ર ૧૮૭
★ રાજાનો નિર્ણય અને યક્ષછાત્ર નામના રાજસેવકની યોજના ૧૮૭
★ શ્રેષ્ઠીપુત્રના હાથે રાજાનો ગંભીર અપરાધ ૧૮૮
★ યક્ષછાત્રે આપેલું વચન ૧૮૯
★ જિતશત્રુ રાજાએ કરેલી વિચિત્ર શિક્ષા ૧૯૦
★ રાજા ધર્મી છે પણ ક્રૂર નથી ૧૯૧
★ શ્રેષ્ઠીપુત્રે સાધેલી સફળતા ૧૯૧
★ શ્રેષ્ઠીપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ ૧૯૨
★ આત્મચિંતાને ખૂબ સતેજ બનાવવાનો પ્રયત્ન કરો ૧૯૨
★ જ્યારે આજની દશા તો જુદી જ છે ૧૯૪
★ શ્રી રામચંદ્રજીએ શ્રી ભરતજીને કરેલી યાચના ૧૯૪
★ રાજગાદીને લેવાની નહિ, પણ દેવાની ધમાલ ૧૯૫
★ આપણે લેવો જોઈતો હિતકર બોધ ૧૯૬
★ સૌએ પોતપોતાની ફરજ સમજવી જોઈએ ૧૯૭
★ શ્રી દશરથ મહારાજના કુટુંબની ઉત્તમતા ૧૯૮
★ મોહનો ઉદય ભલભલાને પણ મૂઝંવે છે ૨૦૦
★ કૈકેયીએ અજમાવેલી યુક્તિ ૨૦૧
★ મોહોદયના યોગે થતી આત્માની વિચિત્ર હાલત ૨૦૨
★ શ્રી દશરથ રાજાને શ્રી રામચંદ્રજીએ આપેલો મનનીય ઉત્તર ૨૦૩
★ શ્રી ભરતજીને થયેલી વેદના ૨૦૪
★ શ્રી રામચંદ્રજીનું શ્રી ભરતજી પર દબાણ ૨૦૫
★ શ્રી રામચંદ્રજીએ વનવાસનો કરેલો નિર્ણય ૨૦૬
★ રાજગાદી માટે કેટલી નિર્લોભતા હશે, તે વિચારો ! ૨૦૬
★ શ્રીમતી સીતાજી અને કૌશલ્યા સાસુ-વહુની ઉત્તમતા ૨૦૭
★ કૈકેયીનો પશ્ચાત્તાપ અને શ્રી ભરતની સાથે શ્રી રામચંદ્રજીને લેવા જાય છે ૨૦૮
★ કૈકેયી શ્રી રામચંદ્રજીની ક્ષમા માંગે છે ૨૦૯
★ મોહનો ઉદય બહુ ભયંકર છે માટે સાવધ રહો ! ૨૧૦
★ મોહના ઘરનો અંધાપો ૨૧૦
★ શ્રી રામચંદ્રજીનો શ્રી ભરત પ્રત્યનો સ્નેહ ૨૧૦
★ વૈરાગી શ્રી ભરતજીની મક્કમતા ૨૧૨
★ રાજ્યલક્ષ્મી અનેક પાપોથી ખરડાયેલી હોવાથી મહાદુ:ખકર છે ૨૧૩
★ નામના ધર્મીઓ આવા અવસરે લોચા વાળ્યા વિના ન રહે ૨૧૫
★ આજે કેટલાક વેષધારીઓ પણ અવસરે શું બોલે છે ? ૨૧૬
★ શ્રી રામચંદ્રજીનું મૌન એ તેમની ઉત્તમતા છે ૨૧૭
★ દીક્ષા લેવામાં પિતાના વચનનો ભંગ થતો નથી ૨૧૯
★ વરબોધિ કોને કહેવાય ? ૨૨૦
★ આત્મહિતની સાધનામાં કોઈ વચ્ચે ન આવે ૨૨૦
★ શ્રી ભરતજીએ કહેલી સાફ સાફ વાતો ૨૨૧
★ અનુમતિની પરવા કર્યા વિના જ ચાલી જવાનોશ્રી ભરતજીનો નિર્ણય ૨૨૨
★ ધર્મકાર્યમાં ધર્મપ્રરૂપકની જ આજ્ઞા પ્રમાણ છે ૨૨૪
★ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના જેવું કોઈ કલ્યાણકર નથી ૨૨૫
★ ભોગોને ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થાય જ નહિ ૨૨૬
★ આજ્ઞાની આરાધનામાં જ આત્મકલ્યાણ ૨૨૭
★ મોટાઈની લાલસા ત્યજીને લાયકાત કેળવવાની જરૂર છે ૨૨૭
**૧૦. લાયકાત મુજબની આજ્ઞાઓ ૨૨૯**
★ શ્રી જૈનશાસને સદા-સર્વદા કલ્યાણની સાચી કામનાને આવકારી છે ૨૩૨
★ જે સંયમધર્મના પાલન માટે અશક્ત હોય તેના માટે ગૃહસ્થધર્મ ૨૩૩
★ ગૃહસ્થધર્મને અંગે કેટલીક વાતો નિષેધવિધાનેય નહિ અને વિહિતવિધાને ય નહિ ૨૩૪
★ લાયકાત ન હોય તો નાના રહેવું એમાં નાનપ નથી ૨૩૬
★ શ્રી રામચંદ્રજીએ મોહવશ શ્રી ભરતજીને આજ્ઞાપાલન માટે કહ્યું ૨૩૮
★ શ્રી રામચંદ્રજી જ્યારે રોકે છે એટલે શ્રી ભરતજી છોડીને ચાલી નીકળે છે ૨૩૯
★ ભગવાનની દીક્ષા પછી પણ નંદીવર્ધન રડ્યા છે ૨૪૦
★ ધર્મ પમાડવા દ્વારા જ માતા-પિતાના ઉપકારોનો બદલો વાળી શકાય છે ૨૪૨

★ અનુમતિ માટે અવસરે યુક્તિથી કામ લેવું પડે છે ૨૪૩
★ વાસ્તવિક હકીકત જુદી છે અને બહારનો ઘોંઘાટ જુદો છે ૨૪૫
★ અભિગ્રહની પ્રવૃત્તિ નિન્દ્ય કોટિની નથી ૨૪૫
★ ભગવાન શ્રીમહાવીરદેવના અભિગ્રહમાં મોહોદયની આધીનતા નથી: ૨૪૬
★ અભિગ્રહ ન કર્યો હોત તો કયો મહા અનર્થ થવા પામે તેમ હતું. ૨૪૭
★ ચારિત્રમોહનીય કર્મની સોપક્રમતા અને માતા-પિતાનું મૃત્યુ ભગવાને કઈ રીતે જાણ્યું ? ૨૪૮

**૧૧. ભગવાને કર્યું તે નહીં, કહ્યું તે કરવાનું ૨૫૧**

★ ભગવાને કર્યું તે કરવાને બ્હાને આજ્ઞાવિરુદ્ધ થઈ રહેલો કારમો પ્રચાર ૨૫૫
★ 'ભગવાને કહેલું કરવું પણ કરેલું નહિ' એમ શાસ્ત્રમાં ફરમાવેલું છે ૨૫૬
★ ભ૦ શ્રી ઋષભદેવસ્વામીજી અને ભ૦ શ્રી મહાવીરદેવના પ્રસંગ વચ્ચેનો ભેદ ૨૫૮
★ રાગીને રડવું આવે એમાં નવાઈ નથી ૨૫૯
★ દયાનો દંભ કરનારાઓને હિતાર્થી બરાબર કહી દે ૨૬૦
★ માતા મૂર્છિત થવા છતાંય શ્રી શાલિભદ્રજી પાસે કેમ ન ગયા ? ૨૬૧
★ શ્રી શાલિભદ્રજીના ત્યાગની વાત ઉપર શ્રી ધન્નાજી હસે છે ૨૬૨
★ મોહના ઉત્પાતને ટક્કર ૨૬૩
★ આજના કુટુંબમાં જાતનાં સુખની જે કેવળ દૃષ્ટિ વધી રહી છે ૨૬૪
★ શ્રી ધન્નાજીનો જવાબ ૨૬૫
★ શ્રી ધન્નાાજીની મક્કમતા અને કુલીન પત્નીઓનો પણ શુભ નિર્ણય ૨૬૬
★ દીક્ષાર્થીની દીક્ષા પાછળ શ્રી સંઘની ફરજ ૨૬૭
★ શ્રી ભરતજી વિરક્તભાવે જળક્રીડા કરવા નીકળે છે ૨૬૮
★ ભોગતૃષ્ણા વધવાનું પરિણામ ૨૬૯
★ અમે ક્રાંતિના અને પરિવર્તનના પરમ હિમાયતી છીએ ૨૭૦
★ વિનાશક હોવાથી વિરોધપાત્ર છે ૨૭૦
★ એક આશ્ચર્યકારક ઘટના બની ૨૭૧
★ મહાપુરૂષોના આવાગમનના ખબર કોને મળે ? ૨૭૩
★ આજે ખરા દયાપાત્ર તો પાપમાં પડેલાં શ્રીમંતો છે ૨૭૪
★ નબળા શરીરવાળો પણ ક્ષમાશીલ હોઈ શકે ૨૭૬
★ કઠોર વચનો કહેનારમાં અને માર મારનારમાં પણ દયા કે પ્રેમ હોઈ શકે છે ૨૭૮
★ ગરીબનો પણ સાચો ત્યાગ ભૂષણરૂપ જ છે તેમજ પ્રશંસાપાત્ર જ છે ૨૭૮
★ મુનિવરો પાસે જવાની તૈયારી ૨૭૯
★ પ્રભુશાસનનો વફાદાર જૈન સંઘ વિરાગનો પૂજારી હોય ૨૮૦
★ વેષધારીઓનો છૂપો સાથ ૨૮૦
★ સાધુવેષની કિંમત શાથી છે ? ૨૮૦
★ સાધુ પાસે જનારને વૈરાગ્ય થાય એમાં આશ્ચર્ય શું ! ૨૮૧
★ શ્રી રામચંદ્રજીનો પ્રશ્ન ૨૮૨

**૧૨. શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી ૨૮૩**

★ શ્રી ભરત અને ભુવનાલંકાર હાથીના પૂર્વભવોની પરંપરા ૨૮૫
★ શ્રી જિનેશ્વદેવની આજ્ઞા વિરુદ્ધ બોલવામાં સ્વ તથા પરનો નાશ થાય છે ૨૮૬
★ કુલંકર અને શ્રુતિરતિ તરીકે ૨૮૮
★ પ્રભુ આજ્ઞાના પાલક સાધુ કદિ પાપસાધક પ્રવૃત્તિમાં અનુમોદક ન થાય ૨૮૯
★ નાનો ધર્મ કરે તે વધારે ડાહ્યો ૨૯૧
★ છેલ્લા થોડાક દશકાઓ પૂર્વે પ્રવર્તતી સુભાવનાઓ ૨૯૪
★ ભોગ તૃષ્ણા વધવાનું પરિણામ ૨૯૫
★ અમારો પ્રયત્ન પરિવર્તન લાવવાનો છે ૨૯૫
★ કયું પરિવર્તન લાવવું છે ૨૯૬
★ પરિવર્તનના પરમ હિમાયતી ૨૯૬
★ સુપરિવર્તન થયા વિના કલ્યાણ નથી ૨૯૬
★ આજનો કહેવાતો પરિવર્તનવાદ નાશક હોવાથી વિરોધપાત્ર છે. ૨૯૭
★ પૂર્વનો કથાસંબંધ ૨૯૮
★ કુલંકર રાજાને વૈરાગ્ય આવ્યો પણ આ બધું સાંભળીને તમને શું થાય છે ? ૩૦૦
★ દયાનું સ્થાન દુ:ખ નહીં રહેવું જોઈએ પણ પાપ છે એ હોવું જોઈએ ૩૦૨
★ પાપીની પાપ સલાહ માનવી જ નહીં ૩૦૪
★ સ્વાર્થી સંસાર ૩૦૪
★ પાપ કરશો તો તેનું ફળ ભોગવવું જ પડશે ૩૦૫
★ પાપથી ધ્રુજવું નહીં. ૩૦૫
★ આત્મસ્વભાવને પ્રગટાવવાની ઇચ્છાથી રહિત અને માત્ર પરભવમાં જ રમનાર એ જૈન નથી ૩૦૫
★ જોડીયાભાઈ તરીકે ઉત્પન્ન થવું ૩૦૬
★ વિષય ભોગની ઇચ્છાને સફળ ન થવા દેવી ૩૦૭
★ સમાનતાની થઈ રહેલી વાતો કરીને રહી સહી શાંતિનો નાશ ન કરો ૩૦૭
★ મોક્ષમાર્ગની આરાધના કરનારાઓ જ જીવનને સફળ બનાવે છે ૩૧૦
★ ધર્મ મહોત્સવો ધર્મભાવના વગેરે ઉત્પન્ન કરવાના હેતુરુપ છે, માટે જરુરી છે ૩૧૨
★ પ્રિયદર્શન ગૃહવાસમાં રહીને ઉત્કટ તપશ્ચર્યા કરે છે ૩૧૫
★ વિનોદનો જીવ સંસારમાં ભમીને મૃદુમતી તરીકે ૩૧૬
★ અવિનીત મૃદુમતીનું નિરંકુશ ઉન્માર્ગી જીવન ૩૧૭

**૧૩. દિક્ષાર્થીનું પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઈએ એવો નિયમ નથી ૩૧૯**

★ શું તે વૈરાગ્ય પામી શકે ? દીક્ષા પણ લઈ શકે ? ૩૨૧
★ દીક્ષિત બનતી વેળાએ પાપવૃત્તિ ન જોઈએ ૩૨૨
★ ભૂષણનો જીવ તે શ્રી ભરતજી અને ધનનો જીવ ભુવનાલંકાર હાથી ૩૨૩
★ શ્રી ભરતજીની દીક્ષા અને મુક્તિ ૩૨૩

# ભક્ત શ્રી બિભીષણ અને નિસ્પૃહ શ્રી રામચન્દ્રજી

## ૧

લંકા વિજય પછી શ્રી રામ-સીતાનું મીલન થયું. ભુવનાલંકાર હાથી ઉપર આરુઢ થઈ શ્રી રામ આદિનો રાવણના મહેલમાં પ્રવેશ થયો. પ્રવેશ કરતાંજ પ્રભુશ્રી શાંતિનાથ દાદાના દિવ્ય દરબારનાં દર્શન કરી તૃપ્તિ અનુભવી.

'રાજા નબળો તો પ્રજા નબળી, રાજા સબળો તો પ્રજા સબળી' આ વાતના વિવેચનમાં 'શ્રી જૈનાચાર્યો જૈનશાસનના રાજાના સ્થાને છે.' એ વિધાનપૂર્વક શ્રી જૈનાચાર્યોની ફરજ આ પ્રકરણમાં વિવેચાઈ છે.

ભક્ત શ્રી વિભીષણ શ્રી રામચન્દ્રજીને લંકાનું રાજ લેવા વિનવે છે ! પણ નિસ્પૃહ શ્રી રામચન્દ્રજી પોતાના વચનને વળગી રહે છે ને શ્રી બિભીષણનો રાજ્યાભિષેક કરાવે છે. શ્રી રામચન્દ્રજી સંસારી હતા પણ શેતાન ન હતાં, નિર્મળ વિવેકના સ્વામી હતાં.

પછી, જે-જે રાજાઓની કન્યાઓને વનવાસ કાળમાં વચન અપાયેલું હતું તે-તે કન્યાઓને વિદ્યાધરો દ્વારા-અત્રે લાવવામાં આવી છે ને શ્રી લક્ષ્મણજી તે-તે કન્યાઓ સાથે પરણ્યાં છે,

આ બાજુ, શ્રી કુંભકર્ણાદિ મહામુનિઓ મોક્ષે પધાર્યાનું આ પ્રકરણમાં વર્ણન આવે છે.

-શ્રી

# ભક્ત શ્રી બિભીષણ અને નિસ્પૃહ શ્રી રામચન્દ્રજી

★ શ્રી રામ સીતાનું મીલન

★ પ્રભુપૂજામાં ઊંચામાં ઊંચી વસ્તુઓ રાખવી જોઈએ

★ શ્રી જૈનશાસનમાં રાજારૂપ આચાર્ય મહારાજ

★ લંકાપુરીનું રાજ્ય સ્વીકારવાની શ્રી રામચન્દ્રજીને શ્રી બિભીષણની વિનંતી

★ રામચન્દ્રજીએ કરેલો નિષેધ

★ વિચારો ! શ્રી રામચન્દ્રજીની કેટલી નિઃસ્પૃહતા

★ શ્રી કુંભકર્ણ આદિ મુનિઓને શ્રી સિદ્ધપદની પ્રાપ્તિ થઈ

# ૧

## ભક્ત શ્રી બિભીષણ અને નિસ્પૃહ શ્રી રામચન્દ્રજી

### શ્રી રામ-સીતાનું મિલન

શ્રી કુંભકર્ણ આદિએ દીક્ષા ગ્રહણ કર્યા બાદ, મુનિને નમસ્કાર કરીને શ્રીરામચન્દ્રજી, શ્રી લક્ષ્મણજી તથા સુગ્રીવની સાથે લંકામાં આવવા નીકળે છે. તે વખતે નમ્ર એવા શ્રી બિભીષણ છડીદાર બનીને આગળ ચાલે છે અને તેમને માર્ગ દર્શાવ્યે જાય છે. તે વખતે વિદ્યાધરીઓ મંગલ કરે છે. આ રીતે મોટી ઋદ્ધિ વડે શ્રી રામચન્દ્રજીએ ઇન્દ્રની જેમ લંકામાં પ્રવેશ કર્યો. લંકામાં ગયા પછીથી આ બધું યુદ્ધ જેને માટે થયું હતું, તેની પાસે સૌથી પહેલા જાય છે; અર્થાત્ શ્રીમતી સીતાજીને મળવા જાય છે. શ્રી રામચન્દ્રજી હવે પુષ્પગિરિ ઉપર આવેલા તે ઉદ્યાનમાં ગયા, કે જે ઉદ્યાનમાં શ્રીમતી સીતાજીને રાખવામાં આવ્યા હતાં. શ્રીમતી સીતાજીની તે વખતની સ્થિતિ જોતાં જ શ્રીરામચન્દ્રજીને લાગ્યું કે, ખરેખર શ્રી હનુમાને જેવી હાલત કહી હતી તેવી જ હાલતમાં શ્રીમતી સીતા છે.'

આપણે જોઈ ગયા છીએ કે પહેલા શ્રી હનુમાન આવીને લંકામાં કેવો ઉપદ્રવ મચાવી ગયા છે. શ્રીહનુમાને શ્રીમતી સીતાજીને પહેલ વહેલા દેવરમણ ઉદ્યાનમાં જોયાં, ત્યારે શ્રીમતી સીતાજીના કપોલભાગ ઉપર કેશ ઉડી રહ્યા હતા; સતત પડતી અશ્રુજળની ધારથી શ્રીમતી સીતાજીએ ભૂમિતળને આર્દ્ર કર્યું હતું; હિમપીડિતા કમલિનીની જેમ શ્રીમતી સીતાજીનું મુખકમળ ગ્લાની પામેલું હતું; બીજના ચંદ્રની કળાની જેમ શ્રીમતી સીતાજીનું શરીર અતિ કૃશ થઈ ગયું હતું; ઉષ્ણ નિઃશ્વાસના સંતાપથી શ્રીમતી સીતાજીના અધરપલ્લવ

વિધુર થઈ ગયા હતા અને સ્થિર યોગિનીની જેમ શ્રીમતી સીતાજી રામનું જ ધ્યાન કરતાં બેઠા હતા. તેમણે પહેરેલા વસ્ત્રો પણ મલિન થઈ ગયા હતા અને તેમની દશા જોતા જ એમ લાગતું હતું કે આ મહાસતી અત્યારે પોતાના શરીરને વિષે પણ નિઃસ્પૃહ છે.

આ હાલત શ્રીહનુમાને જઈને શ્રીરામચન્દ્રજીને જણાવી હતી અને અત્યારે શ્રીરામચન્દ્રજીએ પોતે પણ તેવી જ હાલતમાં શ્રીમતી સીતાજીને જોયા. જોતાંની સાથે જ શ્રીમતી સીતાજીને શ્રીરામચન્દ્રજીએ ઉઠાવી લીધાં અને પોતાના બીજા જીવિતની જેમ પોતાના ખોળામાં શ્રીમતી સીતાજીને બેસાડ્યા. શ્રીરામચન્દ્રજી શ્રીમતી સીતાજીને પોતાનું જીવિત માનવા લાગ્યા. આ વખતે પ્રમોદને પામેલા સિદ્ધગાંધર્વાદિ દેવોએ આકાશમાં 'આ મહાસતી સીતા જય પામો એવો હર્ષનાદ કર્યો.

આ પછી પોતાનાં ધારાબદ્ધ વહેલા અશ્રુઓથી જાણે શ્રીમતી સીતાજીના ચરણોને પખાળતા હોય તેમ શ્રી લક્ષ્મણજીએ આનંદપૂર્વક સીતાજીને નમસ્કાર કર્યા. આથી 'મારી આશિષથી તમે ચિરકાળ જીવો, ચિરકાળ આનંદ પામો અને ચિરકાળ જય પામો' એમ બોલતા શ્રીમતી સીતાજીએ શ્રી લક્ષ્મણજીના મસ્તકને સૂંઘ્યું. આવી રીતે મસ્તકને સૂંઘવું એ વાત્સલ્યદર્શક ચિન્હ છે. વાત્સલ્યનો ભાવ ઉભરાય ત્યારે એમ સ્વાભાવિક બને. શ્રી લક્ષ્મણજીએ નમસ્કાર કર્યા બાદ, શ્રીમતી સીતાજીના ભાઈ ભામંડલે સીતાજીને નમસ્કાર કર્યા; એટલે ભામંડલને પણ મુનિવાક્યની જેમ નિષ્ફળ નહિ નિવડનારી આશિષ દઈને શ્રીમતી સીતાજીએ આનંદ પમાડ્યો. આ પછી સુગ્રીવે, શ્રી બિભીષણે, શ્રી હનુમાને અને અંગદે તેમજ બીજાઓએ પણ પોતપોતાનું નામ જણાવવાપૂર્વક નમસ્કાર કર્યા. ઘણે લાંબે વખતે શ્રીરામચન્દ્રજી અને શ્રીમતી સીતાજી મળે એટલે આનંદની કમીના હોય ? સીતાજીના આનંદનો પણ સુમાર નથી અહીં કહે છે કે શ્રીમતી સીતાજી ઘણે લાંબે વખતે પોતાના પતિના દર્શનથી પૂર્ણચંદ્રથી વિકસિત પોયણીની જેમ શોભવા લાગ્યાં.

### પ્રભુપૂજામાં ઊંચામાં ઊંચી વસ્તુઓ રાખવી જોઈએ

હવે શ્રીમતી સીતાજીની સાથે શ્રી રામચંદ્રજી ભુવનાલંકાર

નામના શ્રી રાવણના હાથી ઉપર બેસીને, સુગ્રીવાદિ પરિવારથી વિંટળાયેલા શ્રી રાવણના મહેલમાં ગયા.

શ્રાવકના મહેલમાં શું હોય ? દીવાનખાનાં, વિલાસભુવન અને તબેલા માત્ર ? ના, માત્ર એ જ ન હોય, પણ શ્રી જિનમંદિર, પૌષધશાળા વગેરે ધર્મસ્થાનો પણ હોય. આખા બંગલામાં જેવી સુંદર અને મનોરમ ચીજો ન હોય તેવી સુંદર અને મનોરમ ચીજો શ્રી જિનમંદિરમાં હોય. આખા પ્રાસાદમાં જે આકર્ષણ ન હોય તે શ્રી જિનમંદિરમાં હોય. જૈન કે ઈતર, જે ત્યાં આવે તેને પહેલું એ જોવાનું મન થાય, એવું એ મન્દિર હોય. પૂર્વે એ સ્થિતિ હતી. આજે પણ એના નમૂના છે. કલકત્તામાં છે ને ?

**સભા** : હા જી.

**પૂજ્યશ્રી** : શ્રાવકો ઘણી લક્ષ્મીનો ઉપયોગ ત્યાં કરે, કે જેથી અનેક આત્માઓને બોધિબીજનો લાભ થાય. જોનારને પણ એ જોઈને એમ થાય કે કોરો શ્રીમાન નથી પણ જિનભક્ત શ્રીમાન છે. એની ભક્તિ જોઈને ય સામાના હૃદયમાં સારી ભાવના જાગે. શ્રી રાવણના એ મહેલમાં શ્રી શાન્તિનાથ ભગવાનનું પરમ આહ્લાદક સુંદર મંદિર હતું, કે જેને હજારો મણિસ્તંભો હતા. ત્રણ ખંડના માલિકના આવાસમાં આ પણ હોઈ શકે. આજે મોટા શેઠીયાઓના બંગલા-બગીચા પણ માઈલ બબ્બે માઈલના ઘેરાવામાં હોય છે, તો પછી ત્રણ ખંડના માલિક કે જેની સોળ સોળ હજાર રાજાઓ સેવા કરતા તેને ત્યાં આવું મંદિર હોય, એમાં નવાઈ શી ? એનો આવાસ કાંઈ નાનોસૂનો ન હોય ! એવા શ્રી જિનમંદિરમાં પૂજાની  સામગ્રી પણ કેવી હોય ?  સામગ્રી પણ એવી જ આકર્ષક હોય. રોજ તાજી જ દેખાય, એવી તો વ્યવસ્થા હોય. આજે તો આઠ દિવસે પણ કળશ રીતસર ઉટકાય નહીં, અંગલૂછણાં પણ ગંદાં હોય, એવી દશા પણ કેટલેક સ્થળે છે. જ્યાં ઉંચામાં ઉંચી  સામગ્રી જોઈએ ત્યાં આ દશા છે અને શેઠીયાને પોતાને તો સારાં સફાઈદાર કપડાં જોઈએ. શ્રીમાનોની પ્રભૂપૂજામાં ઊંચામાં ઊંચી વસ્તુ જોઈએ. ધર્મની  સામગ્રી તો સામગ્રી સંપન્ન શ્રાવકોને ઘેર એવી હોય કે નવો આવે તે સામગ્રી જોયા કરે અને યોગ્ય આત્માઓ જેમ દેખતાં જાય તેમ અનુમોદના કર્યે જાય.

સામગ્રી જોતાં જોતાં ઉત્તમ આત્માઓ અપૂર્વ નિર્જરા કરી જાય. શેઠીયાને ત્યાં ગાલીચા, ખુરશી, ટેબલ, ફર્નીચર વગેરે કેટલું ? ભરપૂર, અને ચરવળા કેટલા ?

**સભા**: સામાન્ય રીતે ન હોય અને હોય તો ય ઘરનાં માણસો જેટલા તો નહિ જ !

**પૂજ્યશ્રી** : એ ય કેવા ? પ્રાય: મેલા. તમારી આજની શેઠાઈમાં ધર્મ દબાઈ ગયો છે. શેઠાઈમાં ઘેલા ન બનો અને મળ્યું છે તો તેનો સદુપયોગ કરવાને ચૂકો નહિ !

શ્રી રાવણના આવાસમાં આવેલા શ્રી શાંતિનાથ ભગવાનના હજારો મણિસ્તંભોથી શોભતા શ્રી જિનમંદિરમાં પ્રવેશ કરીને, શ્રી બિભીષણે અર્પણ કરેલ કુસુમાદિ સામગ્રીથી, શ્રી શાંતિનાથ ભગવાનની, શ્રીરામચન્દ્રજીએ શ્રીમતી સીતાજી તથા શ્રી લક્ષ્મણજીની સાથે પૂજા કરી. પૂજા કર્યા પછીથી શ્રીમતી સીતાજી, શ્રી લક્ષ્મણજી અને સુગ્રીવાદિ પરિવાર સાથે શ્રીરામચન્દ્રજી, શ્રી બિભીષણની અભ્યર્થનાથી શ્રી બિભીષણના મહેલે ગયા. ત્યારે પણ શ્રી બિભીષણને માન આપતાં, શ્રીરામચન્દ્રજીએ સપરિવાર દેવાર્ચનની તથા સ્નાનભોજનાદિની ક્રિયા કરી.

શ્રી રામચંદ્રજીની પાસે રાજ્યાદિના સ્વીકારની પ્રાર્થના આવે છે, ત્યારે શ્રીરામચન્દ્રજી શું કરે છે તે જોવાનું છે. ખરી નીતિમત્તા અહીં પણ દેખાશે. દુશ્મનને માર્યો છે, એના મોટા પરિવારે દીક્ષા લીધી છે, એટલે રાજ્યલક્ષ્મી બાપુકી છે ને ? પણ એમ એ લક્ષ્મીને બાપુકી માને, એમાંના શ્રીરામચન્દ્રજી નથી. એ વખતે ધારે તો પંદર આની ભાગ હોઈયાં કરી જઈને અને એક આની ભાગ આપીને ઉદારતાના ઈલ્કાબ મેળવાય, પણ શ્રીરામચન્દ્રજી મહાપુરુષ છે. એવી પોલી દંભી નીતિવાળા એ નથી.

### શ્રી જૈનશાસનમાં રાજારૂપ આચાર્ય મહારાજ

શ્રી લક્ષ્મણજીના હાથે શ્રી રાવણ હણાયા એટલે યુદ્ધ પૂર્ણ થયું. શ્રી રાવણની તરફથી બીજા પણ રાક્ષસવીરો યુદ્ધમાં ખેલતા હતા, પરંતુ તે બધાની નજર તો શ્રી રાવણ ઉપર જ હોય ને ? માલિક મરાયો પછી રહ્યું શું ? માલિકના જીવતા જે સૈન્ય મરવાને ય તૈયાર

હોય છે. પીછેહઠ કરવાનો વિચાર સરખો પણ જે સૈન્યમાં હોતો નથી, તે જ સૈન્ય બહાદુર હોય તો પણ માલિક મરતાં એકદમ પાંગળું બની જાય છે. માલિક મરતાંની સાથે જ યુદ્ધભૂમિમાં ભાગાભાગ શરૂ થઈ જાય. માલિક જીવતો હોય અને આવડતવાળો હોય તો નબળું પણ સૈન્ય સબળું બની જાય અને માલિક મરાય અગર પકડાય એટલે સબળા સૈન્યમાં પણ ભંગાણ પડ્યા વિના રહે નહિ. દરેક કામમાં મોટે ભાગે આધાર માલિક ઉપર રહે છે.

શ્રી જિનશાસનમાં પણ આચાર્યનું સ્થાન રાજા તરીકેનું છે. રાજા નબળો બને તો પ્રજા આપોઆપ નબળી બની જાય. રાજાનું સ્થાન ભોગવવું અને દીપાવવું, એ સહેલું નથી. રાજાના સ્થાને બેસવું અને સ્થાનને કલંકિત કરવું, એ તો રાજ્યની પાયમાલી કરવાનો રસ્તો છે. પ્રજાની રક્ષાની અને પ્રજાની આબાદીની જવાબદારી રાજાને શિરે છે. આપત્તિના સમયે જે રાજા પ્રજાનું રક્ષણ કરવાનું ભૂલી જાતરક્ષામાં પડી જાય, તે રાજા રાજપદને લજવનારો છે. એ જ રીતે આપત્તિ સિવાયના સમયમાં પણ રાજા ઘોરે નહિં, કેવળ ભોગવિલાસમાં મશગુલ બને નહિ, સાચો રાજા તો પ્રજાની આબાદીને ખીલવવાનો પ્રયત્ન કર્યા કરે. રાજા દુર્જનને દંડનારો અને સજ્જનનું રક્ષણ કરનારો હોય. રાજાનો તાપ એવો હોય કે દુર્જનને ભાગતા જ ફરવું પડે અને સજ્જનને કશી ભીતિ ન હોય. રાજાના જીવતાં દુર્જનો જો સજ્જનોને સંતાપવામાં ફાવી જાય, તો રાજા પોતાના કારોબારને કલંક લાગ્યું એમ માને. રાજા બની બેસવું એ એક વાત છે અને સાચા રાજા બની જાણવું એ બીજી વાત છે.

શ્રી જૈનશાસનમાં આચાર્ય રાજાના સ્થાને છે અને એથી વધુમાં વધુ જોખમદારી એમને શિરે છે. રાજારૂપ આચાર્યો સદા સાધુસંઘ, સાધ્વીસંઘ, શ્રાવકસંઘ અને શ્રાવિકાસંઘ - એ ચતુર્વિધ શ્રીસંઘની રક્ષા કરવાના અને ચતુર્વિધ શ્રીસંઘની આબાદી વધારવાના કાર્યમાં મશગુલ હોવા જોઈએ. ચતુર્વિધ શ્રીસંઘમાંનું કોઈપણ અંગ શિથિલ ન બને, સડી ન જાય, તેની કાળજી રાજારૂપ આચાર્યોમાં હોવી જ જોઈએ. ચતુર્વિધ શ્રીસંઘ રત્નત્રયીની આરાધના નિર્વિઘ્ને કરી શકે તેની તકેદારી રાજારૂપ આચાર્યમાં હોય. એના યોગે ચતુર્વિધ શ્રીસંઘ

રત્નત્રયીની આરાધનારૂપ આબાદીમાં કઈ રીતે આગળ વધે તેની વિચારણા અને યોજના રાજારૂપ આચાર્ય કર્યા વિના રહે નહિ. રાજારૂપ આચાર્ય મહારાજની હાજરીમાં આરાધકો નિશ્ચિંત હોય. સમજે કે માથે માલિક બેઠા છે તે આપણું રક્ષણ કરશે જ. આરાધકો રાજારુપ આચાર્ય મહારાજની આજ્ઞાને સમર્પિત બન્યા રહે અને રાજારુપ આચાર્ય મહારાજ આરાધકોની આરાધનામાં આવતા વિઘ્નો ટાળવા તથા આરાધકો આરાધનાથી વધુને વધુ આબાદ બનતા જાય તેમ કરવા તત્પર બન્યા રહે. ભગવાનની આજ્ઞા સામે માથું ઊંચકનારાઓ તો રાજારૂપ આચાર્ય મહારાજનું નામ સાંભળતાં પણ ગભરાય. એમને થાય કે 'આ બેઠા છે તે આપણને ફાવવા નહિ દે !' રાજારૂપ આચાર્ય મહારાજની છત્રછાયામાં ધર્માત્માઓને ગભરામણ ન હોય. શાન્તિ હોય અને ધર્મવિરોધીઓ તો એમનાથી ડરતા ફરતા હોય.

આને બદલે રાજાનું સ્થાન ભોગવનાર કાયર બની જાય, ફરજ ભૂલી જાય અને જાત પ્રભાવનામાં પડી જાય, શાસનની સાધના ભૂલી જાય અને પૌદ્‌ગલિક સાધનામાં પડી જાય. તેમજ શાસનહિતના ભોગે પોતાની વાહ-વાહ કહેવડાવવાના પ્રયત્નમાં પડી જાય તો એ જાતે તો ડૂબે, પણ એના પાપે ધર્માત્માઓને ય સીદાવાનો સમય આવી લાગે. વર્તમાનમાં આવી સ્થિતિ ઘણે અંશે પ્રવર્તી રહી છે, માટે સાવધ રહેવાની જરૂર છે.

### લંકાપુરીનું રાજ્ય સ્વીકારવાની શ્રી રામચન્દ્રજીને શ્રી બિભીષણની વિનંતી

આ રીતે સ્નાન, પૂજન અને ભોજન આદિથી પરવાર્યા બાદ, શ્રીરામચન્દ્રજીની પાસે શ્રી બિભીષણ રાક્ષસદ્વીપનું રાજ્ય સ્વીકારવાની વિનંતી કરે છે. શ્રીરામચન્દ્રજીને સિંહાસન ઉપર બેસાડીને, શ્રી બિભીષણ બે વસ્ત્રો પહેરીને તેમની આગળ બેઠા છે. અંજલિ કરવાપૂર્વક શ્રી બિભીષણ શ્રીરામચન્દ્રજીની સેવામાં વિનંતી કરે છે કે "હે સ્વામિન્ ! રત્ન અને સુવર્ણાદિથી ભરેલા આ ખજાનાને, આ હાથીઓને આ ઘોડાઓને તેમજ આ રાક્ષસદ્વીપને આપ ગ્રહણ કરો ! હું તો આપનો સેવક છું. આપની આજ્ઞાથી હમણા અમે આપનો રાજ્યાભિષેક કરીએ છીએ, તો આ રાજ્ય સ્વીકારવા દ્વારા આપ લંકાપુરીને પાવન કરો, તેમજ આપના સેવક તરીકે મારો સ્વીકાર કરવારૂપ કૃપા કરીને મારા ઉપર અનુગ્રહને કરો !"

શ્રી બિભીષણ આ ભાવની વિનંતી કરે છે. આટલી ભક્તિથી આવી વિનંતી કરવી એ સહેલું છે ? નહિ જ, પણ શ્રી બિભીષણ તો તે છે કે, જેમણે સત્ય અને ન્યાય ખાતર પોતાના સમર્થ વડીલ બંધુ શ્રી રાવણનો પણ ત્યાગ કર્યો હતો. લંકાપુરીને ય છોડીને ચાલી નીકળ્યા હતા. શ્રી બિભીષણ ત્યાગી નહોતા તેમ પૌદ્ગલિક ઋદ્ધિના લોલુપ *પણ નહોતા. શ્રી બિભીષણ રાજ્યાદિના તેવા લોભી નહિ હતા,* માટે જ તેમના હૃદયમાં તુચ્છ ભાવના ન આવી, શ્રીરામચન્દ્રજીને રાજ્ય સોંપી તેમના સેવક બન્યા રહેવાની જ ભાવના આવી.

**રામચન્દ્રજીએ કરેલો નિષેધ**

વાત પણ ખરી છે કે રાજનીતિની રીતિથી જોતાં હવે આ બધા ઉપર માલિકી શ્રીરામચન્દ્રજીની જ ગણાય; કારણકે શ્રી લક્ષ્મણજીએ આ બધાના માલિક શ્રી રાવણને મારીને જીત મેળવી છે. આથી શ્રી બિભીષણ પ્રાર્થના કરે તે સ્થાને ગણાય, પણ સામેય શ્રી રામચંદ્રજી છે. એ રાજનીતિના પણ જ્ઞાતા છે અને ધર્મનીતિના પણ જ્ઞાતા છે. પોતે આપેલા વચનનું યથાસ્થિત પાલન કરવાનું ચૂકે તેવા એ નથી. વચનપાલનમાં વિઘ્નભૂત થાય એવા લોભને એ આવવા કે ફાવવા નહોતા દેતા. આજે પણ શ્રી રામચંદ્રજીના રાજ્યને આદર્શ તરીકે લોક વર્ણવે છે, કારણકે ન્યાયપરાયણતા વગેરે ગુણો તેમનામાં હતા.

શ્રી બિભીષણે કરેલી વિનંતી સ્વીકાર તો શ્રીરામચન્દ્રજીએ ન જ કર્યો, પણ પોતે પૂર્વે શ્રી બિભીષણને આપેલા વચનની યાદ આપવા દ્વારા શ્રી બિભીષણની માંગણીનો સ્પષ્ટ નિષેધ કર્યો,

*रामोऽप्युवाच दत्तं ते, लंकाराज्यं मया पुरा ।*
*व्यस्मार्षीस्तद्विदानीं किं, महात्मन् ! भक्तिमोहितः ॥१॥*

અને શ્રીરામચન્દ્રજીએ જવાબમાં શ્રી બિભીષણને કહ્યું કે, 'હે મહાત્મન્ ! લંકાનું રાજ્ય હું તો પહેલેથી જ તને આપી ચૂક્યો છું; તે વાતને ભક્તિથી મોહિત બનેલો એવો તું ભૂલી કેમ જાય છે ?'

**વિચારો ! શ્રી રામચન્દ્રજીની કેટલી નિઃસ્પૃહતા**

વિચારો કે આ જવાબ કેટલો સરસ છે ? આપત્કાલમાં આપેલા વચનનું ઉન્નતિકાલમાં યથાસ્થિતપણે પાલન કરનારા કેટલા ? છતાં આ તો પોતે જ પોતે આપેલા વચનને સંભારી આપે છે, સામો

પોતાને અપાયેલું વચન સંભારી આપે તો યે પાળવું કઠીન પડે; ત્યાં આ તો સામાના વગર માંગ્યે જ પોતે જ દીધેલા વચનને સંભારી આપે છે. આમ વર્તવું એ ઓછું કઠિન નથી. પણ શ્રીરામચન્દ્રજી મહાપુરુષ છે. મહાપુરુષોનો તો એ સ્વભાવ જ હોય છે.

શ્રીરામચન્દ્રજી ધારત તો આજના જમાનામાં જેને ખુબી, બાહોશી, હોંશિયારી, આવડત, મુત્સદ્દીગીરી વગેરે વગેરે કહેવાય છે, તેવું કાંઈ કરી શકત. રત્નસુવર્ણાદિથી ભરેલો ભંડાર પોતે લઈ લેત, સાહાબીની વસ્તુઓ પોતે લઈ લેત અને શ્રી બિભીષણને લંકાની ગાદી ઉપર બેસાડી દઈને પોતે પોતાના વચનનું બરાબર પાલન કર્યું, એમ કહેવડાવી શકત; કારણકે શ્રીરામચન્દ્રજીએ તો માત્ર લંકાનું રાજ્ય આપવાનું કબૂલ કર્યું હતું. પરંતુ ભંડારો વગેરે આપવાનું થોડું જ કબૂલ કર્યું હતું ? આવો 'પોઈન્ટ' અગર 'ઇસ્યુ' શ્રી રામચંદ્રજી કાઢી શકતને?

**સભાઃ** આજના જેવી બુદ્ધિ તેમનામાં નહિ હોય.

**પૂજ્યશ્રી** : બરાબર છે. આજના જેવી બુદ્ધિ કોઈ મહાપુરુષમાં સંભવે નહિ, એટલે શ્રીરામચન્દ્રજીમાં આજના જેવી બુદ્ધિ ન જ હોય તે સ્વાભાવિક છે. તેઓ બુદ્ધિશાળી તો હતા પણ તે સદ્‌બુદ્ધિવાળા, જ્યારે આજે આપેલા વચનને ઘોળી પીનારા અને પારકા માલ પણ હજમ કરી જનારા મુત્સદ્દીઓ દુર્બુદ્ધિવાળા છે. શ્રી રામચંદ્રજીમાં આજના જેવી દુર્બુદ્ધિ નહોતી, માટે જ તેમણે કોઈ 'પોઈન્ટ' કે 'ઇસ્યુ' કાઢ્યો નહિ.

શ્રીરામચન્દ્રજીએ શ્રી બિભીષણને શ્રી રાવણની સાથે યુદ્ધ શરૂ થતાં પહેલાં લંકાનું રાજ્ય આપવાનું વચન આપ્યું હતું. તે વાત યાદ કરાવીને પોતે શ્રી બિભીષણની માંગણીનો નિષેધ કર્યો, એટલું જ નહિ, પણ તે જ વખતે પોતાની પ્રતિજ્ઞાની વાતના પાલક એવા શ્રીરામચન્દ્રજીએ પ્રસન્નતાપૂર્વક શ્રી બિભીષણનો લંકાના રાજ્ય ઉપર રાજ્યાભિષેક કર્યો. અર્થાત્ હવેથી શ્રી બિભીષણ રાક્ષસદ્વીપના રાજા છે, એવી જાહેરાત કરી દીધી !

શ્રીરામચન્દ્રજીને પોતે આપેલું વચન કેટલું યાદ હતું અને પોતે આપેલા વચનનું પાલન કરવાની તેમને કેટલી બધી દરકાર હતી,

તે આપણે યુદ્ધના પ્રસંગમાં શ્રી લક્ષ્મણજી મહાશક્તિથી મૂર્છિત થયા, ત્યારે શ્રીરામચન્દ્રજી શોક અને ક્રોધથી વ્યાકૂળ બનીને જે બોલ્યા હતા તે ઉપરથી જોઈ ગયા છીએ. સદ્‌બુદ્ધિને ધરનારા મહાપુરુષો ગરજ વીત્યે વૈરી બનનારા રહેતા નથી, જ્યારે દુર્બુદ્ધિવાળાઓને તો ગરજ સારતાં બધું ભૂલી જઈને ઉપકારના બદલામાં અપકાર કરતાં ય વાર લાગતી નથી. પોતે આફતમાં વચન આપ્યું હોય અને આફત ટળ્યે સામો માંગવા આવે, તો એવું ય કહેનારાઓ આજે જીવે છે કે 'મૂર્ખા રે મૂર્ખા ! એવા વચન તે પળાય? કેટલો મૂર્ખો? હજી વચન યાદ કરે છે ? અવસર ગયો અને સંયોગ ફરી ગયા, છતાં વચન તે ઉભું રહેતું હશે ?' અને આવું નફ્ફટપણે બોલનારા પોતાની જાતને બાહોશ માને છે !!

શ્રીરામચન્દ્રજીમાં આવી અધમતાનો એક અંશ પણ નહિ હતો. એ સંસારી હતા, પણ શેતાન નહિ હતા અને એથી જ તેમણે તો તે જ વખતે પ્રસન્નતાપૂર્વક લંકાપુરીની ગાદી ઉપર શ્રી બિભીષણનો અભિષેક કરી દીધો. આ પછીના પ્રસંગનું વર્ણન કરતાં કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે

*સીતાસૌમિત્રિસુગ્રીવ-પ્રમુખૈરાવૃતો યયૌ ।*
*રામોઽથ રાવણગૃહે, સુધર્માયામિવાદ્રિભિત્ ।।૧।।*
*તત્ર સિંહોદરાદીના-મુદ્વોઢું પ્રાક્ પ્રતિશ્રુતાઃ ।*
*કન્યા રામાજ્ઞયાનૈષુ-સ્તત્ર વિદ્યાધરોત્તમાઃ ।।૨।।*
*અથ સ્વસ્વપ્રતિપન્ના, -સ્તાઃ કુમારીર્યથાવિધિ ।*
*રાઘવાવુપયેમાતે, ખેચરીગીતમંગલૌ ।।૩।।*

શ્રીરામચન્દ્રજીને માટે હવે શું બાકી હતું ? શ્રીમતી સીતાદેવી મળી ગયા હતાં અને લંકાનુ રાજ્ય પણ શ્રી બિભીષણને આપી દીધું. હવે શ્રીમતી સીતાદેવી, શ્રી લક્ષ્મણજી અને વાનરપતિ સુગ્રીવ આદિથી વિંટળાયેલા થકા શ્રી રામચંદ્રજી, ઈન્દ્ર જેમ સુધર્મા સભામાં આવે, તેમ શ્રી રાવણના આવાસમાં આવ્યા. શ્રી રાવણના આવાસમાં આવીને શ્રી રામચંદ્રજીએ, પૂર્વે સિંહોદર આદિની જે જે કન્યાઓની સાથે લગ્ન કરવાનું કબૂલ કર્યું હતું, તે તે કન્યાઓને લંકાપુરીમાં લાવવાની ઉત્તમ વિદ્યાધરોને આજ્ઞા કરી. અને શ્રી રામચન્દ્રજીની આજ્ઞા મુજબ તે વિદ્યાધરો પણ તે કન્યાઓને ત્યાં લઈ આવ્યા. કન્યાઓ આવી ગઈ. એટલે શ્રીરામ અને શ્રીલક્ષ્મણ પોતપોતાનાં કરેલા સ્વીકાર મુજબ તે તે કન્યાઓને પરણ્યાં. તે વખતે ખેચરીઓએ મંગલ ગીત ગાયા.

## શ્રી કુંભકર્ણ આદિ મુનિઓને શ્રી સિદ્ધપદની પ્રાપ્તિ થઈ

લગ્ન પછીથી પણ શ્રીરામ-લક્ષ્મણ સપરિવાર ત્યાં જ રોકાયા છે. સુગ્રીવાદિ તેમની સેવામાં હાજર રહે છે અને શ્રીરામ-લક્ષ્મણ નિર્વિઘ્નપણે ભોગ ભોગવે છે. એમ છ વર્ષ વ્યતીત થઈ ગયાં.

જે સમયે આ બધા ભોગ ભોગવવામાં મશગુલ હતા; તે સમયે શ્રી ઈન્દ્રજિત મુનિ, શ્રી મેઘવાહન મુનિ અને શ્રી કુંભકર્ણ મુનિ શ્રી સિદ્ધિગતિની સાધનામાં લીન બન્યા હતા. પરિણામે વિન્ધ્યસ્થલી ઉપર શ્રી ઈન્દ્રજિત અને શ્રી મેઘવાહન મુનિ તથા નર્મદા નદીના સ્થળે શ્રી કુંભકર્ણ મુનિ શ્રી સિદ્ધગતિને પામ્યા; આથી તે બંને સ્થળો અનુક્રમે મેઘરથ અને પૃષ્ટરક્ષિત નામે તીર્થ બન્યાં.

વિચારો કે છ વર્ષમાં શ્રી રામચંદ્રજી આદિએ શું મેળવ્યું અને શ્રી કુંભકર્ણ આદિએ શું મેળવ્યું ? શ્રી કુંભકર્ણ, શ્રી ઈન્દ્રજિત અને શ્રી મેઘવાહન વૈરાગ્ય પામીને અપ્રમત્તપણે આત્મસાધનામાં લીન બન્યા, તો શ્રી સિદ્ધિપદને પામ્યા. અપાર સંસારથી તરી ગયા. મર્યા તો ખરા, પણ એવા મરણે મર્યા કે ફેર જન્મ લેવો જ ન પડે. કર્મ બાકી હોય તો જન્મ થાય ને ? સંસારના ભોગોમાં લીન બનવું એટલે જન્મ, જરા અને મૃત્યુને નિમંત્રણ કરવું; પણ તમને લાગે છે ક્યાં ? એમ લાગતું હોય તેની આ દશા હોય ? ખૂબ વિવેકપૂર્વક વિચારો અને હૃદયમાં જચાવો કે આ સામગ્રી મહાપુણ્યોદયે જ પ્રાપ્ત થાય છે. એનો દુરૂપયોગ થયો તો ફેર ક્યારે મળશે તે કહી શકાય નહિ. સંસારના ભોગો સારરૂપ હોત, તો શ્રી તીર્થંકરદેવો અને ચક્રવર્તિઓ તેને તજીને ચાલી નીકળ્યા, તે ચાલી નીકળત નહિ !

શ્રી કુંભકર્ણ વગેરે ધારત તો સંસારમાં રહીને લ્હેર કરી શક્ત, પણ તે મહાત્માઓ લઘુકર્મી હતા, એટલે સદ્-અસદ્‌ના વિવેકને પામ્યા અને શક્તિને ગોપવ્યા વિના મોક્ષની સાધનામાં લીન બન્યા તો શ્રી સિદ્ધિપદને પામ્યા. વાસ્તવિક કલ્યાણ પ્રાપ્ત કરવાનો એ વિના બીજો કોઈ માર્ગ જ નથી.



# અયોધ્યાની યાદ, શણગાર અને પ્રવેશ

## ૨

શ્રી રામચન્દ્રજી આદિ લંકામાં બિભીષણથી ભક્તિપૂર્વક સેવાઈ રહ્યા છે. પણ અયોધ્યામાં શ્રી અપરાજિતામાતા આદિ તો શોકાકુલ છે, શ્રીનારદજી દ્વારા શ્રી રામચન્દ્રજીને એ સમાચાર મળતાં તેઓને અયોધ્યાની યાદ આવે છે. શ્રી બિભીષણ પણ અવસર ના જાણ હોવાથી અયોધ્યાને સોળ દિવસમાં દેવ નગરી જેવી શણગારી દેવાની વિનંતી કરે છે. જે શ્રી રામચન્દ્રજી સ્વીકારે છે.

અહીં 'અતિપરિચયથી અવજ્ઞા' આ વિધાન ઉપરનું- પરમગુરુદેવશ્રીનું માર્મિક વિધાન ઘણી બાબતોને સ્પષ્ટ કરે છે, જે તેઓશ્રીના જ શબ્દોમાં જોવા જેવું છે. એ જ વાતના વર્ણન માં સર્વત્યાગી મહાત્માઓના પ્રવેશોત્સવ શા માટે ? ભક્ત અને ભક્તિનું અને સાધુઓને દૂર રાખવાની વૃત્તિવાળાઓની માનસિકતા આદિનું વર્ણન થયું છે.

છેવટે શ્રી રામ-લક્ષ્મણ આદિ અયોધ્યા તરફ પુષ્પક વિમાનમાં પ્રયાણ કરી અયોધ્યા પહોંચ્યા ત્યાં શ્રી ભરતજી આદિએ શ્રી રામચન્દ્ર આદિનું સ્વાગત કરે છે અને શ્રી રામચન્દ્રજી આદિનો અયોધ્યામાં પ્રવેશ થાય છે.

-શ્રી

## અયોધ્યાની યાદ, શણગાર અને પ્રવેશ

★ અયોધ્યામાં કૌશલ્યા આદિ માતાઓનો શોક
★ અયોધ્યા જવાની અનુમતી માંગવી
★ તારક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ કેવી જોઈએ.
★ યોગ્ય સાથે યોગ્યના અતિ પરિચયે ભક્તિ વધતી જ રહે
★ અયોગ્યતા વિના અતિ પરિચયે અવજ્ઞા ન થાય
★ પહેલું સંયમ પાલન, પછી પરોપકાર
★ પરોપકારી બનવા માટે પહેલા સ્વનો ઉપકાર કરો
★ તીર્થયાત્રા માટે પણ સંયમયાત્રાને સીદાવાય નહિ
★ યોગ્યના પરિચયે યોગ્યને લાભ થાય
★ ટીકા કરનારાઓમાં સાચી ધર્મભક્તિની ખામી છે
★ ગુરુ મહારાજનો પ્રવેશ મહોત્સવ શા માટે ?
★ શાસન પ્રભાવના માટે સામગ્રી સંપન્નોએ કરવા જોગી વસ્તુ
★ છતી શક્તિએ યોગ્યનો યોગ્ય સત્કાર નહિ કરવામાં આશાતના
★ ધર્માત્માઓમાં પરસ્પર અનુમોદનાનો ભાવ હોવો જોઈએ
★ આજે આ સંઘર્ષણ કેમ વધે છે
★ અવસરોચિત ભક્તિમાં ખામી કેમ?
★ શ્રી રામચંદ્રજી આદિ લંકાપુરીથી નીકળ્યા
★ રાજા શ્રી ભરત અને શ્રી શત્રુઘ્ન સત્કાર કરે છે

# ૨

## અયોધ્યાની યાદ, શણગાર અને પ્રવેશ

**અયોધ્યામાં કૌશલ્યા આદિ માતાઓનો શોક**

શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી જ્યારે લંકાપુરીમાં વિનીત સેવકો દ્વારા સેવાઈ રહ્યા છે અને નિર્વિઘ્નપણે ભોગોને ભોગવી રહ્યા છે, ત્યારે અયોધ્યામાં શોકનું સામ્રાજ્ય છવાઈ રહ્યું છે. અહીં આ લ્હેર કરે છે અને અયોધ્યામાં તેમની માતાઓ શોક કરે છે; કારણકે જીત થયાના સમાચાર અયોધ્યામાં ગયા નથી. શ્રી લક્ષ્મણજી શક્તિથી મૂર્છિત થયા અને વિશલ્યાને ભામંડલ તેડી ગયા એટલી ખબર છે, પણ તે પછીથી શું થયું ? શ્રી લક્ષ્મણજી જીવ્યા કે નહિ, શ્રીમતી સીતાજી છૂટ્યા કે નહિં શ્રીરામચન્દ્રજીનું શું થયું ? તેની માતાઓને કશી જ ખબર નથી. માતાઓ અયોધ્યામાં શોક કરે છે અને શ્રીરામચન્દ્રજી આદિને ભોગસુખ ભોગવતાં માતાઓ પણ યાદ આવતી નથી.

આ સંસાર છે. દીકરો વિલાયત જાય ત્યારે એ સ્ટીમરમાં મોજ કરે અને ઘરે મા-બાપ જીવ બાળે. વળી પેલો કમાઈને મોકલે ત્યારે અહીં મા-બાપ મોજ કરે અને પેલો ત્યાં મજૂરી કર્યા કરે. સંસારનો એ સ્વભાવ છે. દુનિયામાં મોહના યોગે સંસારીઓ રૂદન કરે એમાં નવાઈ નથી. તેમજ સુખમાં પડેલાને બીજાનું દુઃખ યાદ ન આવે, એ પણ સંસારમાં નવાઈભર્યું નથી.

આ રીતે અયોધ્યામાં જ્યારે શ્રીરામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજીની માતાઓ ઘણી દુઃખી થઈ રહી છે, તે વખતે ધાતકીખંડથી શ્રી નારદજી ત્યાં આવી પહોંચે છે. શ્રી નારદજી પ્રાયઃ બ્રહ્મચારી હોય છે.

લબ્ધિધર હોય છે, કૌતુકિપ્રિય હોવા છતાં પણ તીર્થયાત્રાદિક કરનારા હોય છે અને તેમના પ્રત્યે રાજાઓ આદિનો એટલો વિશ્વાસ અને ભક્તિભાવ હોય છે કે અન્ત:પુરમાં પણ પ્રવેશ કરવાની છૂટ રહે છે. શ્રી નારદજી અન્ત:પુરમાં આવ્યા એટલે શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીની માતાઓએ ભક્તિથી નમન કર્યું; પણ મોઢા ઉપર વિષાદની છાયા સ્પષ્ટ છે. આથી શ્રી નારદજીએ ભક્તિથી નમ્ર એવી તે બંનેયને તેમની ઉદાસીનતાનું કારણ પૂછ્યું.

આના ઉત્તરમાં શ્રીરામચન્દ્રજીની માતા અપરાજિતા દેવીએ કહ્યું કે, હે દેવર્ષિ ! રામ અને લક્ષ્મણ નામના મારા બે પુત્રો, તેમના પિતાની આજ્ઞાથી, પૂત્રવધુ સીતાની સાથે વનમાં ગયા. ત્યાં સીતાનું અપહરણ થવાથી તે બંનેય લંકામાં ગયા, પણ યુદ્ધમાં શ્રી રાવણે લક્ષ્મણને શક્તિથી તાડિત્ કર્યો. આથી તે શક્તિના શલ્યનું ઉદ્ધરણ કરવાને માટે વિશલ્યાને ત્યાં લઈ જવામાં આવી, પણ તે પછી શું બન્યું, તે જીવે છે કે નહિ, એ સંબંધી કાંઈ જ અમે જાણતા નથી.

આટલું કહેતાં કહેતાં તો અપરાજિતા (કૌશલ્યાદેવી) 'હા. વત્સ ! હા, વત્સ !' એમ કરૂણ સ્વરે બોલતી રડી પડી અને શ્રી લક્ષ્મણજીની માતા સુમિત્રાદેવી પણ રડી પડી.

કરૂણ સ્વરે રૂદન કરતી શ્રી રામની માતા અપરાજિતાને અને શ્રીલક્ષ્મણની માતા સુમિત્રાને શ્રી નારદજીએ કહ્યું કે 'તમે રડો નહિ; સ્વસ્થ બનો, તમારા પુત્રોની પાસે હું જઈશ અને તે બંનેયને અહીં લઈ આવીશ.'

આ પ્રમાણે તે બંનેયને વચન આપીને, શ્રી નારદજી ત્યાંથી નીકળ્યા અને લોકમુખે શ્રી રામચંદ્રજીના ખબર મેળવીને આકાશમાર્ગે લંકામાં શ્રી રામચંદ્રજીની પાસે આવી પહોંચ્યા. શ્રી રામચંદ્રજીએ પણ તેમનો સત્કાર કરીને પૂછ્યું કે 'હે દેવર્ષિ ! આપ સ્વયં અત્રે કેમ પધાર્યા ?'

આ પ્રશ્નના ઉત્તરરૂપે શ્રી નારદજી શ્રીરામચન્દ્રજીની અને શ્રી લક્ષ્મણજીની માતાઓના દુ:ખનો સઘળોય વૃત્તાન્ત શ્રી રામચંદ્રજીને કહી સંભળાવ્યો.

## અયોધ્યા જવાની અનુમતી માંગવી

શ્રી રામચંદ્રજીને હવે માતાઓ યાદ આવે છે. પોતે મોટી ભૂલ કરી, એમ શ્રીરામચન્દ્રજીને લાગે છે. પોતે ગયા તો નહિ પણ આટલો બધો વખત છ છ વર્ષ સુધી, માતાને સમાચાર પણ મોકલ્યા નહિ. એ માટે એમને બહુ લાગી આવે છે. માતૃદુ:ખના વૃત્તાન્તને સાંભળવાથી દુ:ખિત થયેલા એવા શ્રીરામચન્દ્રજીએ તરત જ શ્રી બિભીષણને કહ્યું કે

'તમારી ભક્તિથી માતાઓના દુ:ખને ભૂલી જઈને અમે અહીં ઘણું રહ્યા હવે જેટલામાં અમારી તરફના દુ:ખથી અમારી માતાઓ મૃત્યુ ન પામે, તેટલામાં ત્યાં અમે જઈએ છીએ; તો હે મહાશય ! તમે અનુમતિ આપો !'

આ અનુમતિ માગી તે આજ્ઞા માગી એમ કહેવાય ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : ત્યારે આ શું કહેવાય, એ કહો !

**સભા** : એક પ્રકારનો વિવેક અથવા તો સારા માણસ તરીકેનો વ્યવહાર.

**પૂજ્યશ્રી** : સામો આના જ્વાબમાં અનુમતિ ન આપે તો જવાય નહિ, અનુમતી આપે તો જ જવાય, નહિ તો રોકાઈ જ રહેવું પડે એમ તો નહિ ને ?

**સભા** : એવું કાંઈ જ નહિ.

**પૂજ્યશ્રી** : આ પ્રસંગે એક અગત્યની વાત પણ કહી દેવી ઠીક લાગે છે અને તે એ છે કે આજના કેટલાક અજ્ઞાનો આ સમજતા નથી. એથી 'અનુમતિ લેઈ માતાની' આવી લીટીઓને લાવી 'ભગવાન પણ આજ્ઞા મળે તો જ દીક્ષા લેતા નહિ તો નહિ, એમ મા-બાપની અનુમતિ વિના કોઈ ઉંમરે દીક્ષા સાધુઓથી અપાય જ નહિ' આવો કુસિદ્ધાંત સ્થાપિત કરવા મથે છે. અનુમતિ મેળવવા માટે વિધિ મુજબના સઘળા શક્ય પ્રયત્નો કરવા જોઈએ એનો ઇન્કાર નથી, મોટી ઉંમરે ય માતા-પિતાદીની અનુમતિ વિના દીક્ષા ન જ લેવાય એવું આ શાસનમાં વિધાન છે જ નહિ. અનુમતિ માંગવી એ શિષ્ટતા આદિ જરૂર છે, પણ અનુમતિ ન જ મળે તો ન જ જવાય એવો નિયમ નથી.

શ્રીરામચન્દ્રજી અહીં શ્રી બિભીષણની અનુમતિ માગે છે. આના જવાબમાં શ્રી બિભીષણ પણ નમસ્કાર કરીને એ જ કહે છે કે 'આપ હવે માત્ર સોળ જ દિવસની અહીં સ્થિરતા કરો. સોળ દિવસમાં તો હું મારા શિલ્પીઓ દ્વારા અયોધ્યાને મનોહર બનાવી દઈશ.' વિચારો કે આ લોકોના હૃદયમાં પોતાના સ્વામી પ્રત્યે, ઉપકારી પ્રત્યે, ગુણવાન્ પ્રત્યે કેટલી ભક્તિ હશે! એમના અંતરમાં કેટલી નમ્રતા હશે!

### તારક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ કેવી જોઈએ

તારક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે પણ ભક્તિની આવી ભાવના કેળવાઈ જવી જોઈએ. તારક દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે તો આના કરતાં પણ વધારે ઉંચી કોટિની ભાવનાથી હૃદય વાસિત બની જવું જોઈએ. દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સાચી ભક્તિભાવનાવાળા હોય તો જીંદગીના અંત સુધી ભક્તિ કરતાં કંટાળો ન આવે ભક્તિની ક્રિયામાં તનનો અને ધનનો જેમ જેમ વધારે વ્યય થતો જાય તેમ તેમ આત્મા ભક્તિભાવથી વધારે તરબોળ બનતો જાય.

### યોગ્ય સાથે યોગ્યના અતિ પરિચયે ભક્તિ વધતી જ રહે

દુનિયામાં કહેવાય છે કે, '*अतिपरिचयाद्धवज्ञा*' પણ યોગ્ય સાથે યોગ્યના અતિ પરિચયથી ય અવજ્ઞા જન્મતી નથી. સુદેવ, સુગુરુ અને સુધર્મનો જેમ જેમ પરિચય વધતો જાય, તેમ તેમ યોગ્ય આત્માના અંતરમાં ગુણોની ખીલવટ વધતી જાય અને એથી સુદેવ, સુગુરુ તથા સુધર્મ પ્રત્યે અવજ્ઞાભાવનો અંશેય ન આવે, પરંતુ ભક્તિભાવ જ વધ્યે જાય. યોગ્યતાવાળો આત્મા જેમ જેમ સદ્‌ગુરુની નિકટ આવતો જાય તેમ-તેમ સદ્‌ગુરુ પ્રત્યેની તેની ભક્તિમાં વધારો થયે જાય. અતિ પરિચયે અવજ્ઞા, એવું જ એકાન્તે માનીએ તો તો અમારાથી કોઈને દીક્ષા જ કેમ અપાય ? 'શ્રાવક કરતાં સાધુ થાય એટલે પરિચય વધે અને પરિચય વધે એટલે અવજ્ઞા કરનારો બને, તો તો દીક્ષા દેનાર સદ્‌ગુરુને માથે વગર જોઈતી આફત આવી પડે અને દીક્ષિત થનારો પણ સદ્‌ગુરુની અવજ્ઞા કરવાના પાપયોગે ડૂબે.' આવી જ દશા થતી હોય તો તો સાધુઓથી દીક્ષા કેમ જ અપાય ? પણ કહો કે યોગ્ય સાથે યોગ્યના અતિ પરિચયથી પણ અવજ્ઞાભાવ વધતો

નથી. યોગ્ય સાથે યોગ્યના પરિચયમાં તો જેમ જેમ વધારો થાય તેમ તેમ સદ્ભાવનાની જ વૃદ્ધિ થાય. જ્યાં અવજ્ઞાભાવ વધે છે ત્યાં બાહ્ય કારણ 'અતિ પરિચય' લાગે, પણ ખરું કારણ અયોગ્યતા હોય છે.

**અયોગ્યતા વિના અતિ પરિચયે અવજ્ઞા ન થાય**

આજે તીર્થયાત્રા કરનારાઓમાં તીર્થ પ્રત્યે જે ભક્તિભાવ દેખાય છે તે ભક્તિભાવ તીર્થભૂમિમાં વસનારાઓમાં ક્વચિત્ માલુમ પડે છે. તીર્થભૂમિમાં વસનારાઓમાં કેટલાક તો તીર્થ પ્રત્યેની ભક્તિ ભૂલી ગયા હોય છે અને તીર્થયાત્રા કરવા આવનારાઓની પાસેથી યેન-કેન પૈસા પડાવવાની પેરવીમાં પડ્યા હોય છે. તેવા લોકો બાર મહિનામાં કેટલીવાર યાત્રા કરવા જાય છે, એ પૂછવામાં મજા નહિ ! કેટલાક એવા કે જે તળેટીના જ યાત્રિક. ત્યાંય પુણ્યાત્માઓ નથી જ એમ આપણે નથી કહેતા, પણ તીર્થભૂમિની છત્રછાયા જેવી ઉત્તમ સામગ્રી તથા તીર્થભૂમિની છત્રછાયાના યોગે સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થતી બીજી પણ ઉત્તમ આરાધનાની ધર્મસામગ્રી, એ બધા પ્રત્યે કેટલાકોને તો અભાવ થઈ ગયો હોય છે. વિચારો કે આમાં દોષ કોનો ? અયોગ્યતા કોની ?

**સભા** : તેવા આત્માઓની જ.

**પૂજ્યશ્રી** : અતિ પરિચયે અવજ્ઞા થવામાં અયોગ્યતા એ મુખ્ય કારણ છે. આજે સાધુઓને અંગે પણ આવી ટીકાઓ કરનારા છે. સાધુઓ પડ્યા-પાથર્યા રહે છે, એવી ટીકાઓ આજે સહજ બની ગઈ છે. આજે તો સાધુઓને કેટલાકો તરફથી પોતાનું ગામ જ નહિ પણ દેશ છોડી જવાની ય સલાહ અપાય છે; અને સાધુઓ તેમની સલાહને ન સ્વીકારે તો સાધુઓના ઉપર આહાર લોલુપતા વગેરેના કલ્પિત આરોપો મઢી દેતાં પણ આજના કેટલાકો શરમાતા નથી.

**સભા** : એ વાત સાચી છે એવું બોલનારા અને લખનારા સાધુઓના પરિચયથી અને સાધુઓની ભક્તિથી દૂર રહે છે, એમને સાધુઓ ગામમાં રહે કે દેશમાં રહે એથી નુકશાન શું ?

**પૂજ્યશ્રી** : એ વાત સાચી છે કે એવું એવું લખનારા અને બોલનારા મોટાભાગે સુસાધુઓના પરિચયથી દૂર રહે છે અને

સુસાધુઓની ભક્તિથી પણ મોટે ભાગે દૂર રહે છે; પરંતુ વધારે ખરાબ તો એ વસ્તુ છે કે તેઓ સુસાધુઓની દરેક પ્રકારે અવગણના કરવા સાથે, કુસાધુઓના પરિચયમાં રહે છે. જે કુસાધુઓ તેવાઓની ધર્મવિરોધી પ્રવૃત્તિઓને ટેકો આપે છે અથવા તો જે કુસાધુઓ તેમની ધર્મવિરોધી પ્રવૃત્તિઓની ઉપેક્ષા કરીને સુસાધુઓની રક્ષાદિની પ્રવૃત્તિઓની પણ ખોટી નિંદા કર્યા કરે છે, તેવા કુસાધુઓના પરિચયમાં પેલાઓ આવે છે અને એથી પણ પરિણામે તેમના હૃદયમાં સાધુસંસ્થા પ્રત્યેનો અણગમો વધે છે.

'સુસાધુઓ ગામમાં રહે કે દેશમાં રહે, તેમાં પેલાઓને નુકસાન શું ? એ પ્રશ્નનો ઉકેલ પણ સીધો જ છે. સુસાધુઓ દેશમાં, નજદિકના ગામોમાં વિચરતા હોય, તેથી તેમની છાયા થોડા પણ યોગ્ય આત્માઓ ઉપર પડે તે સ્વાભાવિક જ છે. અને એથી ધર્મથી વિરુદ્ધ એવી કોઈ પ્રવૃત્તિ પેલાઓ ઉપાડે તો તેઓ સુસાધુઓની હાજરીથી ફાવી શકે નહિ. એ તેમની દૃષ્ટિએ ઓછું નુકસાન છે ? નહિ જ !

બધા જ સુસાધુઓ આજે ગુજરાત છોડીને ચાલ્યા જાય, તો શું થાય તે કહી શકાય નહિ. સુસાધુઓનો સર્વથા અભાવ જો ગુજરાત-કાઠીયાવાડમાં થઈ જાય, તો ધર્મ વિરોધીઓ મોટાભાગની જનતાને ઉન્માર્ગે ઘસડી જાય, એ અસંભવિત નથી. આટલા આટલા સુસાધુઓ વિચરતા હોવા છતાં પણ આજે ધર્મવિરોધીઓ કેવો ઉલ્કાપાત મચાવે છે ? એ જુઓ, અને એને ધ્યાનમાં રાખીને આનો વિચાર કરો !

### પહેલું સંયમ પાલન, પછી પરોપકાર

આથી આપણે એમ નથી કહેવા માંગતા કે, 'સુસાધુઓએ ગુજરાત અગર કાઠીયાવાડ સિવાયના પ્રદેશમાં વિચરવાની જરૂર નથી.' જ્યાં વિચરવાથી અને જે રીતે વિચરવાથી સંયમ પાલન સુંદર પ્રકારે થઈ શકતું હોય, તેવા પ્રદેશમાં આજ્ઞાનુસાર વિધિએ વિચરવામાં સુસાધુઓને સંકોચ હોય જ નહિ. સાધુઓએ સંયમપાલન તરફ પહેલું જોવાનું. સંયમને હણીને પરોપકાર કરવા નીકળવાનું વિધાન શ્રી જૈનશાસનમાં નથી. સંયમના આચારોને નેવે મૂકીને પરોપકાર કરવા

નીકળેલાઓએ કશું જ ઉકાળ્યું નથી. પોતે ડૂબ્યા છે અને અન્ય કેટલાકોને પણ ડૂબાવ્યા છે.

શ્રી જૈનશાસનના સ્વ-ઉપકાર અને પરોપકાર સ્વરૂપને સમજવાની જરૂર છે. શ્રી જૈનશાસન ફરમાવે છે કે પોતાનો ઉપકાર ન હણાય પણ પોતાનો ઉપકાર સધાય એવી પ્રવૃત્તિમાં જ પરોપકાર સમાયેલો છે. જે પરોપકારમાં સ્વ હિત હણાય તે પરોપકાર વસ્તુતઃ પરોપકાર જ નથી.

આજે કેટલાકોમાં પરોપકારની અગર પર-સેવાની દેખીતી ભાવના વધી છે, પણ તેમાં અજ્ઞાનનો અંશ વધારે છે, કારણ કે જે ધ્યેય દૃષ્ટિસન્મુખ રહેવું જોઈતું હતું તે ધ્યેય તેવાઓની દૃષ્ટિસન્મુખ નથી રહ્યું. 'એકે એક સારી ક્રિયા પોતાના જ આત્મકલ્યાણની મુખ્યતા રાખીને કરવી જોઈએ.' એમ જૈન શાસન ફરમાવે છે. આ ધ્યેય દૃષ્ટિ સન્મુખ રહેવાથી આત્માને ઘણો ફાયદો થાય છે. ગમે તેવા કારમા પ્રસંગે પણ આ ધ્યેય દૃષ્ટિસન્મુખ હોય તો સમાધિ જળવાઈ રહે છે. કોઈપણ સારામા સારી અને ઘણો શ્રમ લઈને કરેલી પ્રવૃત્તિનું દેખીતું પરિણામ કદાચ ખરાબ આવી જાય તોયે આત્માને તે વખતે બીજાઓની જેમ આઘાત થતો નથી. જે પ્રવૃત્તિના પરિણામે જનતાએ વાહ-વાહ જ બોલવી જોઈએ તેવી સારી પ્રવૃત્તિ શુદ્ધ બુદ્ધિએ કરવા છતાં ય અજ્ઞાન જનતામાં નિંદા થાય તો ય શુભ ધ્યેયવાળાને આઘાત થતો નથી.

જેના ઉપર પોતે અનેક ઉપકારો કર્યા હોય તે ય અધમ બનીને અપકારથી બદલો આપે ત્યારે ય આત્મહિતના ધ્યેયવાળાને પેલાની દયા આવે, પણ તેના ઉપર ગુસ્સો ન આવે. એને એમ ન થાય કે મેં એના ઉપર ઉપકાર કર્યો તો ય આમ? એ તો એમ જ માને કે વસ્તુતઃ મેં મારા આત્મા ઉપર જ ઉપકાર કર્યો હતો અને મારા આત્મા ઉપર મેં જે ઉપકાર કર્યો તે નિષ્ફળ ગયો નથી અને નિષ્ફળ જવાનો ય નથી. આવી માન્યતાના યોગે સામો ઉપકારનો બદલો અપકારથી આપે તો ય તે આત્મા સમાધિપૂર્ણ દશાને ભોગવી શકે છે.

હું જે કાંઈ સારું કરું છું. તે મારા આત્માના ઉપકાર માટે જ કરું છું. આવી ભાવનાવાળો પરોપકારના ગમે તેટલા કાર્યો કરે તો ય ઘમંડી

ન બને. 'હું પરોપકારી' એવી અહમ્‌વૃત્તિ તેનામાં ન આવે. મેં ફલાણા ઉપર ઉપકાર કર્યો, ફલાણા ગામમાં મેં ઉપકાર કર્યો, ફલાણા દેશમાં જઈને હું તારી આવ્યો - આવી આવી વાતો તે હુંકારવૃત્તિથી કદિ બોલે નહિ. એને તો એમ જ થાય કે, 'મેં જે કાંઈ કર્યું છે, તે વસ્તુતઃ કોઈને માટે નહિ, પણ મારા પોતાના ભલાને માટે જ કર્યું છે.'

**પરોપકારી બનવા માટે પહેલા સ્વનો ઉપકાર કરો**

આથી સમજો કે સ્વના - પોતાના ઉપકાર માટે જ પરોપકાર કરવાનો છે. 'સ્વઉપકારની દરકાર જ નહિ અને પરોપકારની લાલસા' એ દશા સમજદારની ન હોય. જેણે વાસ્તવિક પ્રકારે સ્વનું અને પરનું હિત સાધવું હોય, તેણે સ્વઉપકારી બની જવું જોઈએ. સ્વનો ઉપકારી યથાશક્ય પરોપકારી ન હોય એ બને જ નહિ. પરોપકારનું તે જ કાર્ય કરવાનું, કે જે કાર્ય સ્વહિતનું બાધક નહિ પણ સાધક હોય. અને સાચા પરોપકારનું કોઈપણ કાર્ય સ્વઉપકારમાં બાધક હોતું નથી. આ સમજાય તો સંયમના ભોગે પણ અન્યત્ર વિહરવાની અને પરોપકાર કરવાની વાયડી વાતો કરાય છે તે ન કરાય. પરના ઉપકારના નામે સંયમને સીદાવનારા સાધુઓએ પણ આ વસ્તુ સમજવાની જરૂર છે. 'પરોપકાર કરતાં સ્વઉપકાર હણાય તો તેને વાંધો નહિ' - એમ જૈનશાસન ફરમાવતું નથી જ. આ શાસને એકપણ ક્રિયા એવી વિહિત નથી કરી કે જે ક્રિયા યથાવિધિ કરાય તો સ્વનો ઉપકાર ન થાય. શ્રી જૈનશાસને વિહિત કરેલી દરેક ક્રિયા સ્વના ઉપકારની સાધક જ છે. સ્વઉપકાર એ ધ્યેય અને પરોપકાર એ સાધન. ધ્યેયરૂપે પરોપકાર તરફ જોવાનું નહિ, પણ સ્વઉપકાર તરફ જ ! જે સ્વના ઉપકાર તરફ જુએ તે શક્ય પરોપકારથી કદિપણ વંચિત રહે નહિ અને સ્વના ઉપકારની દરકાર કર્યા વિના જે પરોપકાર કરવા નીકળે તે ક્યારે સ્વ-પરના હિતનો ઘાત કરનારો નીવડે તે કહી શકાય નહીં. જો સાચા પરોપકારી બનવું હોય તો પરોપકારની ઘેલછા ત્યજીને પોતાના ઉપકારી બનવાની ઉત્તમ ભાવનાને ખીલવો ! આજે તો રેલવિહારી બનેલા અને સાધુતાના આચારોથી પરવારી બેઠેલા વેષધારીઓ, પોતાની આચારભ્રષ્ટતા આદિનો, પરોપકારના નામે બચાવ કરવા મથે

છે અને અજ્ઞાન જનતા તેવા પાપીઓને પરોપકારી માનીને આવકાર પણ આપે છે.

### તીર્થયાત્રા માટે પણ સંયમયાત્રાને સીદાવાય નહિ

સંયમ ઉપર દેવતા મૂકીને પરોપકાર કરવાની વાતો કરનારા, પરોપકાર શબ્દની ઠેકડી કરનારા છે. આજના વાતાવરણમાં આ વસ્તુ સમજાવી મુશ્કેલ છે. લઘુકર્મી આત્માઓ જ આ વસ્તુના હાર્દને પીછાની શકે તેમ છે, અને હૃદયમાં જચાવી શકે તેમ છે. સંયમના આચારોનું વિધાન કરનારા જ્ઞાનીઓમાં, ઉપકાર બુદ્ધિની કમીના ન હતી; છતાં તે તારકોએ ફરમાવ્યું કે જે ક્ષેત્રમાં સંયમનિર્વાહ થઈ શકે તેમ હોય ત્યાં જ વિચરવું અને સંયમના ભોગે પરોપકાર કરવા નીકળવું નહિ. તીર્થયાત્રા માટે પણ સાધુઓને શું ફરમાવ્યું છે તે તમને ખબર છે ? સાધુ માટે સંયમનું પાલન એ જ મોટામાં મોટી યાત્રા છે. સાધુઓ તીર્થયાત્રા ન કરે એમ નહિ, પણ તીર્થયાત્રા કરવાની લાલચમાં સંયમ યાત્રાને સીદાવા દે નહિ ! વાત એ છે કે સુસાધુઓએ ગુજરાત કે કાઠીયાવાડ બહાર ન વિચરવું, એમ આપણે કહેતા નથી; શક્તિ-સામગ્રી મુજબ સુસાધુઓ બહાર પણ વિચર્યા છે અને વિચરેય છે પરંતુ કેટલાક કુસાધુઓ અથવા વેષધારીઓ સંયમયાત્રાને સીદાવીને સંયમપાલનની દરકાર ત્યજીને જે રીતે વિચર્યા છે અને વિચરે છે, તે રીતે તો સુસાધુઓ વિચરે જ નહિ, એ સ્પષ્ટ વાત છે.

### યોગ્યના પરિચયે યોગ્યને લાભ થાય

**સભા** : "अतिपरिचया दवज्ञा" એ શું સાવ ખોટું છે ? અતિ પરિચયે અવજ્ઞા ન જ થાય ?

**પૂજ્યશ્રી** : 'અતિ પરિચયથી અવજ્ઞા થાય' એ વાત સાવ ખોટી છે એમ નથી અને કહેવાય પણ નહિ. વાત એ છે કે સર્વત્ર અતિ પરિચયથી અવજ્ઞા જન્મે, એવું માની શકાય નહિ. અવજ્ઞા જન્મે ત્યાં યોગ્યતાની ખામી જરૂર હોય. યોગ્ય સાથેનો યોગ્યનો પરિચય તો જેમ જેમ વધતો જાય, તેમ તેમ તે પરિચય અવજ્ઞા ન જન્માવે; પણ સેવ્ય અવીતરાગ હોય તોયે તેમનામાં વત્સલતા વધારનાર બને, તેમજ અવીતરાગ એવા સેવકમાં પણ ભક્તિભાવના વધારનારા બને.

**સભા** : સેવ્ય સ્થાને દેખાતા તરફ અવજ્ઞાનો ભાવ આવી જાય. તેમાં શું ? સેવક સ્થાને રહેલાની જ અયોગ્યતા  કારણરુપ હોય ?

**પૂજ્યશ્રી** : એમ પણ એકાન્તે નહીં

એક વ્યક્તિ દેખાવમાં સેવ્ય સ્થાને રહેલી હોય, પણ તેનામાં સેવ્ય સ્થાને રહેવા જોગી લાયકાત ન હોય અને સેવ્ય સ્થાને રહેવા છતાં જે વ્યક્તિ સેવ્ય સ્થાનને કલંકિત કરનારા દુર્ગુણોવાળી હોય તે વ્યક્તિ દંભી હોવાના કારણે દૂરથી અલ્પ પરિચયથી ઘણી જ ઉત્તમ લાગી હોય; પણ અતિ પરિચયના યોગે તે વ્યક્તિ તેના ખાસ સ્વરૂપમાં જણાઈ જાય, એટલે તેના તરફની ભક્તિભાવના હઠી જાય અને તેની દંભશીલતા તથા દુર્ગુણમયતા તરફ અવજ્ઞાભાવ આવી જાય, તો તેમાં સેવક સ્થાને રહેલાની અયોગ્યતા કારણરૂપ નથી.

સેવ્ય સેવક વચ્ચેના અતિ પણ પરિચયમાં અવજ્ઞા ક્યારે જન્મે ? જે માન્યતાના યોગે પરસ્પર વત્સલતા અને ભક્તિભાવના હોય, તે માન્યતામાં કાંઈક પણ ઉંધુ પડે ત્યારે, ગુરૂ સારા હોય પણ સામો કેવળ પૌદ્‌ગલિકતાનો અર્થી હોય તો સદ્‌ગુરુ પ્રત્યે પણ તેનામાં અવજ્ઞાભાવ આવતાં વાર ન લાગે, બાકી સદ્‌ગુરૂ અને સુશ્રાવક બંનેનો ઘટતો પરિચય વધે તોય અવજ્ઞા ન જન્મે. સાધુ સાધુ હોવા જોઈએ અને શ્રાવક શ્રાવક હોવા જોઈએ. આજે જે અવજ્ઞા દેખાય છે, તેમાં મુખ્ય કારણરૂપ તો સાચી ભક્તિભાવનાની ઉણપ છે. સાચી ભક્તિભાવના હોય અને સામે સુગુરુ હોય તો પરિચય વધે તેમ પરિણામ સુંદર આવે. સુગુરુના અતિ પરિચયથી સુશ્રાવક કંટાળે નહિ કે તેની ભક્તિમાં ઉણપ આવે નહિ. આજે સાચી ભક્તિભાવનાની અને 'સુ' ને જ માનવાની દૃઢતાની મોટી ખામી છે. એ ખામી ટાળવી જોઈએ. શ્રી બિભીષણે જે ભક્તિ શ્રી રામચંદ્રજી પ્રત્યે દર્શાવી, તેથી પણ વધુ ભક્તિ સુદેવ-સુગુરુ -સુધર્મ પ્રત્યે તમારે કેળવવી જોઈએ.

### ટીકા કરનારાઓમાં સાચી ધર્મભક્તિની ખામી છે

શ્રી બિભીષણે શ્રી રામચંદ્રજીની છ છ વર્ષો સુધી સેવાભક્તિ કરી, તે છતાં પણ ભક્તિની ભાવના એવી ને એવી જ બની રહી છે; અને એથી જ શ્રીરામચન્દ્રજી જ્યારે અયોધ્યા જવાની અનુમતિ માગે

છે, ત્યારે શ્રી બિભીષણ નમસ્કાર કરીને કહે છે કે, 'આપ સોળ દિવસ સુધી રોકાઈ જાવ અને તેટલા વખતમાં હું મારા શિલ્પિઓ દ્વારા અયોધ્યાને સુશોભિત બનાવી દઉં છું.' શ્રી બિભીષણ પોતે વિદ્યાધર છે; અનેક વિદ્યાધરોના સ્વામી છે; એટલે સોળ દિવસમાં અયોધ્યાને સ્વર્ગપુરી જેવી બનાવી દેવાને શ્રી બિભીષણ સમર્થ છે. પણ આ શા માટે ? એનું પૂરૂ વર્ણન થઈ શકે નહિ. એ સમજવાને માટે હૈયાને ભક્ત બનાવવું જોઈએ માત્ર ધર્મની જ બાબતમાં નહિ, પણ દુનિયાની, સમાજની કે રાજદ્વારી બાબતોમાંય જ્યાં જ્યાં હૃદય ભક્તિથી ઢળ્યું હોય છે, ત્યાં ત્યાં આગેવાનોના આગમન આદિ પ્રસંગે મહોત્સવાદિ કરાય છે; છતાં ધર્માચાર્ય આદિ મહાપુરુષોના આગમન આદિ નિમિત્તે થતા મહોત્સવો સામે કેટલાકો અણગમો બતાવે છે. કારણ એ જ છે કે, તેમના હૃદયમાં ધર્મભક્તિ નથી. દેવગુરુના મહોત્સવમાં કેટલા પૈસા થયા એવો હિસાબ ન હોય. સેવ્યની સેવા ન થાય ત્યાં સેવ્યની ખામી નથી, પણ એ ખામી સેવકની છે. તમે કેસર-ચંદન-બરાસ વગેરે ન લાવો, તો એ ખામી ભગવાનની નથી, પણ તમારી છે. વસ્તુતઃ દેવ-ગુરુ માટે કાંઈ કરવાનું નથી, પણ તમારા આત્મકલ્યાણને માટે કરવાનું છે. શાસન પ્રભાવક ગુરુનો પ્રવેશ કરાવો, તેમાં જો ઝાંખપ દેખાય તો તે ખામી ગુરુની નથી પણ તમારી છે.

જેની સત્તા અને મહત્તા સ્થાપિત કરવી હોય, તેના સેવકો અવસરોચિત મહોત્સવો કરવાને ચૂકે નહિ. શ્રી જિનેશ્વરદેવ તો વીતરાગ છે ને ? છતાં સમવસરણ કેમ ? શ્રી વીતરાગ પરમાત્માને સમવસરણની પરવા હોતી નથી; પોતાના પાદ સુવર્ણકમલ ઉપર જ સ્થાપિત કરવાની ઇચ્છા એ તારકોમાં હોતી નથી, અતિશયોની અપેક્ષા એ તારકોને હોતી નથી; આ વાત તો સાચીને ? સાચી જ, છતાં દેવતાઓ સમવસરણ કેમ રચે છે ? ત્રણ ગઢ અને તેય લાકડાના કે માટી, ઈંટોના નહિ, પરંતુ રૂપાના, સોનાના અને રત્નના કેમ રચે છે ? ભગવાન શ્રી તીર્થંકરદેવોને બેસવા માટે અનુપમ શોભાવાળું સિંહાસન કેમ ગોઠવે છે ? ભગવાન શ્રી જિનેશ્વરદેવોના પાદ નીચે જમીન ઉપર નહિ મૂકવા દેતાં દેવો પગલે પગલે સુવર્ણકમળ કેમ ગોઠવે છે ? દેવો એ બધું ભક્તિ માટે જ કરે છે ને ? એ સામગ્રી પણ લોકના

પ્રતિબોધમાં, જનકલ્યાણના કાર્યમાં સાધક બની જાય છે. આવ્યા હોય જોવા, પણ દેશના સાંભળતા યોગ્ય આત્માઓ ધર્મ સાથે લઈને જાય, એ ઓછો લાભ છે ? નહિ જ !

### ગુરુ મહારાજનો પ્રવેશ મહોત્સવ શા માટે ?

સુવિહિત ઉપકારી ગુરુઓના પ્રવેશમહોત્સવ કરવો, એ પણ શાસન પ્રભાવનાનું કારણ છે. શ્રી જૈનશાસનના ત્યાગી મહાત્માઓની અને જૈનસંઘની વૈરાગ્યપ્રીતિની એ જાહેરાત છે. 'જૈનસંઘ જેને-તેને પૂજનારો નથી, દુનિયાદારીમાં જોડનારને પૂજનારો નથી, અર્થ-કામના ગુલામોને પૂજનારો નથી, પણ જૈનસંઘ સંયમીને, અર્થ-કામના ત્યાગીને, શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ ઇન્દ્રિય નિગ્રહાદિ સાધવા સાથે જગતના અર્થી જીવોને એ જ સંયમમાર્ગ આદિ મોક્ષમાર્ગ દર્શાવનાર અને જેને તે રૂચી જાય, ગમી જાય તેવા યોગ્યને સંયમમાર્ગાદિમાં જોડનાર મહાત્માઓને પૂજનારો છે' - એવી ગુરુ પ્રવેશ મહોત્સવાદિ દ્વારા જાહેરાત થાય છે.

'દુનિયા અર્થ અને કામ દેનારને પૂજનારી છે, જ્યારે જૈનસંઘ અર્થ અને કામને ત્યજી અર્થ - કામના ત્યાગનો ઉપદેશ દેનારને પૂજનારો છે' - એ જૈનસંઘની વિશિષ્ટતા, લોકોત્તરતા, ગુરુના પ્રવેશ મહોત્સવાદિથી જાહેર થાય છે. 'ધન-ધાન્યાદિ નવે પ્રકારના પરિગ્રહના ત્યાગી, બ્રહ્મચારી, ભિક્ષામાત્રથી નિર્વાહ કરનારા, અહિંસાદિનું પાલન કરનારા, તપ તથા સંયમમાં રક્ત રહેનારા અને એક માત્ર ધર્મનો જ ઉપદેશ આપનારા અમારા ધર્મગુરુ પધાર્યા છે, તો જે કોઈ ધર્મના અર્થી હો તે આવજો' - આવી જાહેરાત ગુરુ મહારાજના પ્રવેશના સામૈયાથી થાય છે.

સામૈયું જોઈને પણ ઘણા ઈતર યોગ્ય આત્માઓને થાય કે 'ધર્મગુરુ તો આ કહેવાય. જૈનોના ગુરૂ જેવા બીજા કોઈના ગુરુ નહિ. ધર્મ તો ભાઈ એમનો !' એ ઓછો લાભ છે ? નહિ જ. ગુરુ પ્રવેશ મહોત્સવનો હેતુ સમજો તો એ પણ શાસન પ્રભાવનાનું એક કારણ છે, એમ સમજાય અને સામૈયામાં કોઈ જુદો જ ઉત્સાહ આવે ધર્મગુરુઓ તમને ખુશી કરવા, દુનિયામાં પૈસાદાર તરીકેની તમારી આબરૂ વધારવા કે પોતાની મોટાઈનું દુનિયામાં પ્રદર્શન કરાવવાને માટે

સામૈયામાં નથી ફરતા. ધર્મગુરુને મળતું માન એ ધર્મનું માન છે, એટલે ધર્મગુરુનું સન્માન જોતાં યોગ્ય આત્માઓ ધર્મની તથા ધર્મસેવકોની અનુમોદના - પ્રશંસા કરવા પ્રેરાય તેમજ શ્રી જૈનશાસન પ્રત્યે ભક્તિવાળા બને એ વગેરે શાસન પ્રભાવનાના હેતુઓથી જ સુગુરુઓ સામૈયામાં ફરે છે.

આ વસ્તુ નહિ સમજનારા અને ધર્મની શ્રદ્ધાથી રહિત કેટલાકો આજે આ યથેચ્છ ટીકાઓ કરવા દ્વારા સુગુરુઓની પણ નિંદા કરવાને ચૂકતા નથી. સુગુરુઓ જાણે પરાણે અને શ્રાવકોને ફોસલાવીને પોતાના પ્રવેશ મહોત્સવ કરાવતા હોય એમ એ લોકો માને છે અને જાહેર કરે છે. વેષધારીઓ, વેષવિડમ્બકો અગર તો પૌદ્‌ગલિક લાલસાને આધીન બની ધર્મ ચૂકેલાઓ કોઈ એવું કરતા હોય તેથી સારીય સાધુસંસ્થાને માથે એવો આક્ષેપ ઘડી દેવો એ તો ઘણું જ અઘટિત છે. સુસાધુઓનો પરિચય કરવો નહિ, તેમને સાંભળવા નહિ, તેમની પાસે બેસી સભ્યતાથી વિચારોની આપ-લે કરવી નહિ, સમર્થ જ્ઞાનીઓનાં વચનો ઉપર શ્રદ્ધા રાખવી નહિ, સારા-ખોટાનો વિવેક કરવો નહિ, હેયોપાદેયની સમજ મેળવવી નહિ અને જાણે આખી દુનિયાનું જ્ઞાન પોતાનામાં જ આવી ગયું હોય એવી ખુમારી ધરીને સુસાધુઓને માટે અને ધર્મક્રિયાઓને માટે યથેચ્છ પ્રલાપો કરવા એનો અર્થ શો ?

**સભા** : પણ એવાય પ્રલાપોની દુનિયામાં તો અસર થાય ને ?

**પૂજ્યશ્રી** : એથી અજ્ઞાન દુનિયામાં સારી ક્રિયા પ્રત્યે અભાવ અને સુગુરુઓ પ્રત્યે દુર્ભાવ જન્મે તે સ્વાભાવિક છે. આજના વાતાવરણમાં તો વધારે અસર થાય. ઇતર ધર્મના ધર્મગુરુઓ મોટે-ભાગે વિલાસી, લોભી, પરિગ્રહધારી, કેવળ પેટભરા જેવા અને એદી વગેરે બની ગયા છે. એવાઓથી તે તે સમાજના માણસો કંટાળ્યા હોય તેઓ પ્રત્યે દુર્ભાવવાળા બન્યા હોય અને તેમાં વર્તમાનપત્રોમાં જૈન સાધુઓ માટે જૈનોના અને કહેવાતા ડીગ્રીધારી જેવાના હાથે લખાયેલી ટીકા, ટીકા નહિ પણ નિંદા વાંચે એટલે જૈન સાધુઓ પ્રત્યે પણ તેમનામાં તિરસ્કાર આવી જાય તે સ્વાભાવિક છે. એ બધાઓને

ક્યાંથી ખબર પડે કે એ કહેવાતા ભણેલાઓએ લખેલી વાતો જુઠ્ઠી છે. વજુદ વગરની છે. તથા સમાજમાં સાધુઓને બદલે પોતે નેતા બનવારૂપ પાપલાલસાને આધીન બનીને લખાયેલી છે ? જૈનોમાં એ વાતો વાંચે તોય જેટલી ખરાબ અસર તેમને ન થાય તેટલી ખરાબ અસર જૈનેતરોની ઉપર થાય. કારણ કે જૈનોમાંના કેટલાક અવસરે અવસરે પણ પરિચયમાં આવી જાય એટલે ફરી જાય જૈનેતરો તો ભાગ્યે જ પરિચયમાં આવે.

**શાસન પ્રભાવના માટે સામગ્રી સંપન્નોએ કરવા જોગી વસ્તુ**

**સભા** : આની સામે કંઈક કરવું તો જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : જરૂર કરવું જોઈએ. પણ જે કરી શકે એવા છે તેમને આની જરૂર સમજાતી નથી અને જેમને જરૂર સમજાય છે તે તેવા સામગ્રીસંપન્ન નથી. સામગ્રીસંપન્નો જો સમજે અને ધારે તો ખોટા પ્રચારની સામે એ જ વર્તમાનપત્રોમાં પદ્ધતિસર સાચી વિગતો પ્રગટ કરાવી શકે. જે વર્તમાનપત્રોમાં ખોટી વિગતો પ્રગટ થતી હોય; તે વર્તમાનપત્રોના અધિપતિઓને મળે, તેમને સત્ય સમજાવે અને સુગુરુઓની પાસે લાવી પરિચય કરાવે તેમજ તે તે વર્તમાનપત્રમાં સાચી અને જરૂરી વિગતો નિયમિત પ્રગટ થયા કરે એવી વ્યવસ્થા કરે, તો ઘણો ફેર પડી જાય; એના પરિણામે ધર્મવિરોધીઓ કેવા પાપી અને જુઠ્ઠા છે, એ દુનિયાના ડાહ્યા ઈતરો પણ સમજી જાય. વર્તમાનકાળમાં શ્રી જૈનશાસનની પ્રભાવના કરવાનો આ પણ એક અગત્યનો માર્ગ છે. શ્રી જૈનશાસનની લઘુતા થતી અટકાવવાને માટે, ખોટા પ્રચારના યોગે શ્રી જૈનશાસનની શ્રદ્ધામાંથી પતિત થનારાને બચાવી લેવાને માટે, સાચા ધર્મ-ગુરુઓ પ્રત્યે દુનિયાને ભક્તિવંત બનાવવાને માટે, અને શ્રી જૈન દર્શનની વિશિષ્ટતાની યોગ્ય આત્માઓને સમજ આપવાને માટે વર્તમાનકાળમાં સામગ્રીસંપન્નોએ આ કરવા જેવું છે. આ સંબંધમાં સુસાધુઓ તો પોતાનાથી બનતું કર્યે જ જાય છે, પણ એકલા સાધુઓથી જ બની શકે એવું આ કાર્ય નથી. આમાં તો શ્રદ્ધાસંપન્ન શ્રીમંત ધર્મીઓનો પણ સહકાર જોઈએ.

**સભા** : બધા સાધુઓ એક થાય તો આ વસ્તુ સહેલાઈથી બની શકે.

**પૂજ્યશ્રી** : જેટલા સુસાધુઓ હોય, તેટલા તો શાસનાનુસારી વાતોમાં એક જ હોય. બધા સાધુઓ એક થઈ શકે, પણ જે જે સાધુવેષને ધારણ કરે છે તે તે બધા જ એક થાય એ બને જ નહિ; કારણકે ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય. કુસાધુઓની સાથે સુસાધુઓનો મેળ ન જામે. વળી સુસાધુઓમાં પણ બધા નિન્દાદિ સહવાની તાકાતવાળા જ હોય એમ પણ ન હોય, એવા તો થોડા જ હોય. વળી આ કાળમાં 'સુ' અને 'કુ' નો દેખીતો ભેદ પડાય તો મોટો ઉલ્કાપાત મચે અને તે સહવાની તાકાત તમારામાં જોઈએ ને ? માટે આ વાત બાજુએ રહેવા દઈને, એ જ વિચારો કે દરેક સાધુએ, સાધ્વીએ, શ્રાવકે અને શ્રાવિકાએ પોતાની શક્તિસામગ્રી મુજબ જૈનશાસનની અપભ્રાજના થતી અટકાવવાને માટે અને શાસનની પ્રભાવના કરવાને માટે, ખોટા પ્રચારની સામે સત્યનો અને સિદ્ધાંતનો પ્રચાર કરવાને ચૂકવું જોઈએ નહિ. જે કરશે તે કલ્યાણ સાધશે. બાકી તો જેવો ભાવિભાવ !

### છતી શક્તિએ યોગ્યનો યોગ્ય સત્કાર નહિ કરવામાં આશાતના

શ્રી બિભીષણ શ્રી રામચંદ્રજીના પ્રવેશ-મહોત્સવને છાજે તેવી રીતે અયોધ્યાને શણગારવાને ઇચ્છે છે. શ્રી બિભીષણ અયોધ્યાને શણગારાવે છે, પણ તેમાં ભક્તિ તો શ્રી રામચંદ્રજીની જ થાય છે. દરેક ક્રિયાનું પરિણામ તેના મૂળ હેતુ સુધી જનારું હોવું જોઈએ. મૂળ હેતુને હણનારી ક્રિયા સાધક ક્રિયા ન કહેવાય. સામૈયું ગુરુનું થાય છતાં પ્રતાપ શાસનનો જ ગણાય. જૈન પોતાની દરેક સારી ક્રિયામાં, પોતાની આબાદીમાં અને શાંતિમાં શાસનનો, દેવ-ગુરુનો પ્રતાપ માને એ માન્યતા લાવવા માટે હુંકારને દેશવટો દઈ દેવો જોઈએ. 'આદમી તેવો સત્કાર' એ તો વ્યવહારમાં પણ રૂઢ છે. અહીં પણ ગુણવાનનો મર્યાદા મુજબ સત્કાર કરવાનો વિધિ છે. યોગ્યનો યોગ્ય સત્કાર કરવાનું શાણા આદમી ચૂકે નહિ. છતી શક્તિએ યોગ્યનો યોગ્ય સત્કાર ન કરવો તે આશાતના છે. આજે આ વાતને પણ ઘણાઓ ભૂલી ગયા છે.

તમારે માત્ર સાધુ-સાધ્વીઓનો જ સત્કાર કરવાનો છે એમ નથી. શ્રાવક-શ્રાવિકાની પણ સત્કાર આદિથી ભક્તિ કરવી જોઈએ. તપસ્વી. પૌષધાદિ કરનારાં, વ્રત-નિયમમાં જોડાયેલાં શ્રાવક-શ્રાવિકાની પણ એવા ઉત્તમ પ્રકારે ભક્તિ કરવી જોઈએ કે જેથી જોનારને એમ થાય કે આનાથી તપ વગેરે નથી થતું છતાં પણ તપ વગેરે તરફ કેટલો બધો પ્રેમ છે ? છતી શક્તિએ ધર્માત્માઓની ઉપેક્ષા એ ધર્મ પ્રત્યેની બેદરકારી સૂચવે છે. અવસરે મિત્રને ચ્હાનો પ્યાલો ન પવાય તો ત્યાં મિત્રને અપમાન લાગે એમ માનો છો અને એથી રાત્રિભોજનનો દોષ વહોરીને પણ કેટલાકો પાય છે; એ આત્માઓ ધર્મી ગણાતા હોય, ધર્મી ગણાવવામાં પોતે રાજી હોય છતાં છતી શક્તિએ તપસ્વીઓની ભક્તિની વાત આવે ત્યારે શક્તિ નથી એમ કહી દે છે તે ઉચિત નથી. ધર્માત્માઓની સ્વાગત-સત્કાર આદિરૂપ ભક્તિ, શક્તિ અનુસાર કરવી જ જોઈએ એ વાત આજે ધર્મી ગણાતા પણ કેટલાકોના હૈયામાં જેવી જોઈએ એવી જચેલી નથી. શક્તિસંપન્ન અને ઘેર આવેલ સાધર્મિક અવસરે જમ્યા વિના જઈ શકે ? વિપત્તિમાં આવી પડેલો સાધર્મિક, ધર્મી શક્તિસંપન્ન અને શ્રદ્ધાવાનને ઘેરથી આશ્વાસન પામ્યા વિના જાય ? પોતાનો સાધર્મિક અવસરે જમ્યા વિના કે આશ્વાસન પામ્યા વિના જાય એ ધર્મી આત્માથી સહાય નહિ એવી જૈનશાસનની અનાદિકાળની નીતિ છે; અને પુણ્યપુરૂષોએ એ નીતિને અખંડ રીતે જાળવી છે.

### ધર્માત્માઓમાં પરસ્પર અનુમોદનાનો ભાવ હોવો જોઈએ

ધર્મી પોતે પોતાની ભક્તિ થાય એમ ઇચ્છે નહિ. ધર્મી તો ભક્તિ કરનારની અનુમોદના કરે. ભક્તિ કરનાર સામાની ધર્મક્રિયા આદિની પ્રશંસા કરતો જાય, 'ભક્તિ કરતો જાય અને ભક્તિ કરવાની આવી સુંદર તક મળી તે મારો પરમ ભાગ્યોદય' એમ માનીને હૃદયમાં ખૂબ આનંદ પામતો જાય. બીજી તરફ જેની ભક્તિ થઈ રહી હોય તે ધર્મી પણ ભક્તિ કરનારની પ્રશંસા અને અનુમોદના કરતો જાય. ભક્તિમાં ક્યાં ખામી છે તે એ ન જુએ, ભક્તિ કરવામાં રહેલી કમીનાનો એને વિચાર પણ ન આવે, પણ એને એમ થાય કે 'ધન્ય છે

આવા પુણ્યાત્માઓને કે જે પુણ્યાત્માઓ ધર્મક્રિયા પ્રત્યે આટલી બધી અભિરૂચિ ધરાવે છે ! આવાઓ તપરૂપ ધર્મક્રિયા નથી કરી શકતા તોય તરી રહ્યા છે.' શ્રી જૈનશાસનમાં આ બહુ સુંદર યોગ છે. જેનાથી જે સાધન દ્વારા આરાધના બને તે સાધન દ્વારા આરાધના કરે અને બીજા આત્માઓ પણ જે સાધનોથી જે આરાધના કરતા હોય તેની અનુમોદના આદિ કરે. તપસ્વી, અતપસ્વી એવા પણ તપ પ્રત્યે રૂચિવંતની અવગણના ન કરે. ચારિત્રી જ્ઞાનીની અને જ્ઞાની ચારિત્રીની અવગણના ન કરે. ધર્મી-ધર્મી તો જેનામાં જે યોગ્યતા હોય તેનું પરસ્પર બહુમાન કરે.

ધર્મી પોતાનું બહુમાન ઈચ્છે નહિ અને શક્તિ સામગ્રી હોય તો બીજા ધર્મીનું બહુમાન કરવાને ચૂકે નહિ, આ દશા કેળવવાની જરૂર છે. આજે આ સ્થિતિમાં વિપરિતતા આવતી જાય છે. તપસ્વી પારણાં કરાવનારની ઉણપો શોધે અને પારણા કરાવનાર તપસ્વીઓની ઉણપો શોધે, બેય પોતપોતાને એક બીજાથી ચઢીયાતા માને, તો પરિણામ ભયંકર આવે. **સેવ્ય તે કે જે સેવા ન ઈચ્છે. સેવક તે કે જે બદલો ન ઈચ્છે.** ધર્મીને સેવા લેવાના નહિ પણ ધર્માત્માઓની સેવા કરવાના કોડ હોવા જોઈએ. સેવા પણ ધર્મપ્રેમથી અને નિ:સ્વાર્થવૃત્તિથી કરવી જોઈએ.

### આજે આ સંઘર્ષણ કેમ વધે છે

આજે તો સાધારણ સ્થિતિવાળાઓ પોકારે છે કે 'શ્રીમાનો અમારી ભક્તિ કેમ નથી કરતા ?' અને શ્રીમાનો કહે છે કે, 'અમારે ત્યાં શું દાટ્યું છે ? પૈસાદાર બન્યા તે ગુન્હો કર્યો ?' આવુંય બને છે. એક ભક્તિ ઈચ્છે છે અને બીજાને કાંઈ પડી નથી. વસ્તુત: બંનેયમાં દોષ છે. ધર્મી ભક્તિ ન ઈચ્છે, એ તો સંતોષી હોય, સહન કરે પણ સાધર્મિક તરીકે લેવા ન નીકળે ! એજ રીતે શ્રીમાન્ ધર્મીને દુ:ખી સાધર્મિકોની ભક્તિ કરવાનું મન ન થાય એ બને નહિ. મન ન થાય તો માનવું કે એ શ્રીમંત છે પણ ધર્મી નથી.

શ્રી બિભીષણે અયોધ્યાને શણગારવાનો અને શ્રી રામચંદ્રજીના પ્રવેશ મહોત્સવને એ રીતે દીપાવવાનો વિચાર કર્યો, તેમાં પ્રેરણા કોની ?

શ્રી રામચંદ્રજી એ અગર તો બીજી કોઈ વ્યક્તિએ તેવી પ્રેરણા કરી નથી, તે છતાં અયોધ્યાને શણગારવાનો શ્રી બિભીષણે વિચાર કર્યો; એ વિચારનું મૂળ શોધો. તેવો વિચાર જન્મ્યો કોના યોગે ? કહેવું જ પડશે કે શ્રી બિભીષણના અંતરમાં રહેલી ભક્તિના યોગે એ વિચાર જન્મ્યો. શ્રી બિભીષણ શ્રી રામચંદ્રજીના સાચા સેવક હતા. સ્વામીની ભક્તિ કરવામાં પાછા પડે તેવા ન હતા. હૃદયમાં સાચી ભક્તિભાવના આવે, એટલે ભક્તિ માટે કરવી જોઈતી ઉચિત ક્રિયા સંબંધી વિચારણા સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થઈ જાય.

શ્રી બિભીષણ જેમ શ્રી રામચંદ્રજીના સેવક હતા, તેમ તમે કોના સેવક છો ? એ વાત જવા દઈએ, પણ તમે જૈન તો છોને ? જૈન એટલે ભગવાન શ્રી જિનેશ્વરદેવનો સેવક; ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા સંયમમાર્ગે વિચરતા નિર્ગ્રંથ મહાત્માઓનો સેવક; શ્રી જિનાગમોનો તથા તેને અનુસરતાં શાસ્ત્રોનો સેવક; શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા ધર્મનો અને તે ધર્મને અનુસરનારાઓનો સેવક શાસનના સ્થાપક શ્રી વીતરાગ પરમાત્મા, તે તારકોની આજ્ઞાને અનુસરતા નિર્ગ્રંથ મહાત્માઓ, શ્રી જિનાગમ અને શાસન એ વગેરે બધાયના તમે સેવક છો ને ?

### અવસરોચિત ભક્તિમાં ખામી કેમ ?

તો પછી એ વગેરેને માટે અવસરોચિત મહોત્સવાદિ કરવાનું તમને કહેવું પડે કે તમે તમારી મેળે કરો ? તમારે કરવા યોગ્ય ક્રિયા તમે ન કરો, તો ખામી કોની ? પર્વદિવસે સામગ્રીસંપન્નોને મહાપૂજા કરવાનું સાધુઓએ કહેવું પડે ? સાધુના દેવ હશે અને તમારા નહિ હોય, એમ ? સાધર્મિકભક્તિ કરવા માટે તમને ટોકવા પડે ? મારે પોતે શું શું કરવું જોઈએ ? તે જોવાની ફરજ તમારી નથી ? વગર પ્રેરણાએ સુશ્રાવકો અવસરોચિત ક્રિયા ન કરી શકે ? જરૂર કરી શકે, પણ ખરી વાત એ છે કે હજુ જેવી જોઈએ એવી રૂચિ પ્રગટેલી જણાતી નથી સાચી વાત હૃદયમાં બરાબર જચી જાય, તો પોતાની શક્તિસામગ્રી મુજબ ભક્તિની અવસરોચિત ક્રિયા કરવાનો વિચાર આપોઆપ શક્તિસંપન્ન ધર્માત્માના દિલમાં ઉત્પન્ન થવા માંડે.

દુનિયામાં જેને તમે શેઠ માન્યો છે, ત્યાં સલામ આપોઆપ ભરાઈ જાય છે. કોઈએ સૂચના ન કરી હોય, છતાંય 'જી - જી' થાય છે, નમ્રતાથી વર્તાય છે અને વિવેકથી વાત થાય છે; કારણકે ત્યાં સામાને શેઠ અને પોતાને સેવક માનેલ છે. એના એ તમારામાંના ઘણાઓને શ્રી જિનમંદિરમાં કંઈ રીતે આવવું ? શ્રી જિનમંદિરમાં કેમ બોલવું - ચાલવું ? કેમ વર્તવું ? સાધુઓની પાસે કેવી રીતે જવાય ? ત્યાં કેમ વર્તાય ? કેમ બોલાય ? વ્યાખ્યાન સાંભળવા કેમ બેસાય ? એ વગેરે બરાબર આવડતું નથી, તેમજ એ જાણવાની જોઈતી દરકાર પણ દેખાતી નથી; એનું મુખ્ય કારણ તો એ લાગે છે કે અહીં હજુ વાસ્તવિક સેવકભાવ આવ્યો નથી. દુનિયાના શેઠીયાઓ જોડે સભ્યતાથી - વિવેકથી વર્તવાના યોગે જે લાભ થવાનો માન્યો છે, તેટલો ય લાભ દેવ-ગુરૂ આદિ સમક્ષ વિવેક જાળવવાથી મળશે કે કેમ, એવી શંકા છે ?

**સભા** : એવી શંકા તો નથી. અહીંના વિનયથી મહાલાભ થાય એવી ખાત્રી છે.

**પૂજ્યશ્રી** : છતાં ઉપેક્ષા જેટલી અહીં થાય છે તેટલી શેઠીયાઓની સાથેના વર્તાવમાં નથી થતી. મુનિમહાત્માઓ પધાર્યા હોય અને પોતે નજીવા કામમાં હોય, તોય પ્રાયઃ કામ છોડીને ઉઠે તથા ઉચિત ક્રિયામાં ચૂકે નહિ એવા કેટલા ?

**સભા** : થોડા.

**પૂજ્યશ્રી** : અને શેઠીયાની મોટરનું હોર્ન વાગતા, મહત્ત્વનું કામ પણ છોડીને તેની સામે જનારા અને શેઠીયાને જરાય મનમાં ઓછું ન આવે એવી રીતે વર્તનારા કેટલા ?

**સભા** : લગભગ બધા.

**પૂજ્યશ્રી** : ત્યારે કહો કે શેઠીયાના અપમાનથી થનારા નુકસાનનો જેટલો ભય છે, તેટલોય ભય મહાત્માઓ પ્રત્યેના ઉચિત વર્તાવ તરફ બેદરકાર રહેવાના યોગે થતા નુકસાનનો છે ? તમારી દશા તમે વિચારતા બનો ! શેઠીયાની ગમે તેટલી આગતા - સ્વાગતા કરો, પણ તેનાથી લાભ મળે એ નિયત નહિ. તમારુ નસીબ, જોર કરતું હોય તો લાભ મળે, પણ તમારું પાપ ઉદયમાં હોય તો ગમે તેટલી

ચાકરી ઉપર પર પાણી ફરી વળે. જ્યારે સુદેવ, સુગુરુ અને સુધર્મની ભક્તિ નિ:સ્પૃહભાવે સાચી કલ્યાણ કામનાથી થોડી પણ કરો, તોય તેથી લાભ ઘણો જ થાય અને લાભ થયા વિના રહે જ નહિ એ પણ નિશ્ચિત !

આત્મામાં સુદેવાદિ પ્રત્યે ભક્તિભાવ આવી જવો જોઈએ. 'હું સુદેવાદિનો સેવક' - એવો સેવકભાવ આવી જવો જોઈએ. બધું ખોટું છે અને તારક આ જ છે. સંસારમાં નાશ છે અને અહીં ઉદય છે. દુનિયાની તમામ પ્રવૃત્તિઓ આત્માને બરબાદ કરનારી છે અને આ તમામ પ્રવૃત્તિઓ આત્માનું એકાન્તે કલ્યાણ કરનારી છે. મારે તરવું છે અને તરવાનું એક માત્ર સાધન આ જ છે. આ નિશ્ચય બરાબર થઈ જાય તો શ્રી જિનેશ્વરદેવ આદિની ભક્તિમાં કમીના ન રહે. પછી 'ભગવાનની પૂજામાં કેસર વિના પણ ચાલે, ભગવાનની મૂર્તિને માટે વળી આવા કિંમતી મુકુટ શા ? ત્યાં આટલા બધા પુષ્પો શું કરવાને ? એ વિગેરે પ્રશ્નો ન થાય, અત્યારે એ પ્રશ્નો ભક્તિ ગઈ માટે થાય છે. 'આ જ એક તરવાનું સાધન અને બીજે બધે ડૂબવાનું' - એવો નિર્ણય નહિ થાય, ત્યાં સુધી વાસ્તવિક ભક્તિભાવના જન્મશે નહિ.

### શ્રી રામચંદ્રજી આદિ લંકાપુરીથી નીકળ્યા

શ્રી બિભીષણે શ્રી રામચંદ્રજીને વિનંતી કરી કે 'આપ સોળ દિવસ અત્રે સ્થિરતા કરો, અને તે દરમ્યાન હું મારા શિલ્પીઓ દ્વારા અયોધ્યાને શણગારું છું.' શ્રી રામચંદ્રજીએ પણ 'ભલે, એમ થાઓ' એમ કહીને, શ્રી બિભીષણની વિનંતીનો સ્વીકાર કર્યો. શ્રી રામચંદ્રજી એ શ્રી બિભીષણની વિનંતીને સ્વીકારી, એટલે તરત જ શ્રી બિભીષણે પોતાનું કાર્ય શરૂ કરી દીધું અને સોળ દિવસમાં તો શ્રી બિભીષણે પોતાના વિદ્યાધર શિલ્પીઓ દ્વારા અયોધ્યાનગરીને સ્વર્ગપૂરી જેવી બનાવી દીધી. બીજી તરફ શ્રી રામચંદ્રજીએ સત્કાર કરવાપૂર્વક વિદાય કરેલા શ્રી નારદજીએ પણ અયોધ્યામાં શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજીની માતાઓ પાસે આવીને, તેમના પુત્ર આગમન-મહોત્સવ સંબંધી ખબર આપ્યા.

હવે સોળમે દિવસે, શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી અન્ત:પુર સહિત પુષ્પક નામના વિમાનમાં બેસીને લંકાપુરીથી

અયોધ્યાપુરી તરફ આવવા નીકળે છે. તે વખતે શ્રી રામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી, જાણે કે શક્રેન્દ્ર અને ઈશાનેન્દ્ર એક વિમાનમાં બેઠા હોય, તેવા દેખાય છે. શ્રી રામચંદ્રજીની સાથે તે વખતે શ્રી બિભીષણ, વાનરેશ્વર સુગ્રીવ અને શ્રીમતી સીતાદેવીના ભાઈ શ્રી ભામંડલ વગેરે રાજાઓ પણ તેમને અનુસરતા અયોધ્યાનગરી તરફ જાય છે વિમાનમાં જવાનું એટલે વાર શી લાગે ? શ્રી લક્ષ્મણજી જ્યારે મહાશક્તિથી મૂર્ચ્છિત થયા હતા, ત્યારે શ્રી ભામંડલ લંકાથી અયોધ્યા જઈને, ત્યાંથી શ્રી ભરતરાજાને સાથે લઈને કૌતુકમંગલ નામના નગરમાં ગયા હતા અને ત્યાંથી વિશલ્યાને સાથે લઈને એક જ રાતમાં લંકાપુરીની પાસે પાછા ફર્યા હતા, એ આપણે જોઈ ગયા છીએ.

અહીં આ પ્રસંગે શ્રી રામચંદ્રજી સપરિવાર ક્ષણવારમાં લંકાથી નીકળીને અયોધ્યાનગરીની પાસે આવી પહોંચ્યા.

**રાજા શ્રી ભરત અને શ્રી શત્રુઘ્ન સત્કાર કરે છે**

અયોધ્યાની પ્રજા પણ શ્રી રામચંદ્રજીના શુભ આગમનને વધાવવા ઉત્કંઠિત બનેલી છે. શ્રી રામચંદ્રજીને અને શ્રી લક્ષ્મણજીને પુષ્પક વિમાનમાં બેસીને આવતા દૂરથી પણ જોઈને રાજા શ્રી ભરત પોતાના નાનાભાઈ શત્રુઘ્નની સાથે હાથી ઉપર બેસીને આવ્યા. રાજા શ્રી ભરત નજદિક પહોંચ્યા એટલે ઇન્દ્રની આજ્ઞાથી પાલક વિમાન નીચે ઉતરે તેમ શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી પુષ્પક વિમાન નીચે પૃથ્વી ઉપર આવ્યું. શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી વિમાનમાંથી નીચે ઉતરે તે પહેલાં તો રાજા શ્રી ભરત અને શત્રુઘ્ન હાથી ઉપરથી નીચે ઉતરી ગયા. અત્યારે શ્રી ભરત જો કે અયોધ્યાના ગાદીપતિ છે, છતાં ઉંમરમાં તો શ્રી રામચંદ્રજીથી નાના છે, એટલે વિનય ચૂકતા નથી. હાથી ઉપરથી રાજા શ્રી ભરત અને શત્રુઘ્ન ઉતરી પડ્યા એટલે ઉત્કંઠિત એવા શ્રી રામચંદ્રજી અને શ્રી લક્ષ્મણજી પણ વિમાનમાંથી ઉતર્યા. જેવા તે નીચે ઉતર્યા કે તરત જ આનંદના અશ્રુઓથી ભરેલાં નેત્રવાળા શ્રી ભરતજી શ્રી રામચંદ્રજીના પગમાં પડી ગયા. શ્રી રામચંદ્રજીએ પણ શ્રી ભરતજીને પોતાના હાથે ઉભા કર્યા અને તેમને માથામાં વારંવાર ચૂમવા સાથે ભેટ્યા. એ જ રીતે પોતાના પગમાં આળોટતા શત્રુઘ્નને ઉઠાવીને શ્રી રામચંદ્રજીએ તેમને પોતાના વસ્ત્રથી

લૂછ્યા અને આલિંગન કર્યું. આ પછી રાજા શ્રી ભરત અને શત્રુઘ્ન શ્રી લક્ષ્મણજીને નમ્યા અને શ્રી લક્ષ્મણજી પણ સંભ્રમ સહિત પોતાની ભુજાઓ પ્રસારીને ગાઢ આલિંગનથી નમતા એવા તે બંનેયને ભેટ્યા. આ રીતે સૌથી પહેલો ભેટો ભાઈ-ભાઈ વચ્ચે થયો.

આપણે જાણીએ છીએ કે શ્રી રામચંદ્રજીને જ્યારથી શ્રી નારદજી દ્વારા માતાના દુ:ખના સમાચાર મળ્યા હતા ત્યારથી તેઓ માતાની પાસે જવાને ઉત્સુક બન્યા હતા. પગમાં પડવાની અને ભેટવાની ક્રિયા પતી જતાંની સાથે જ શ્રી રામચંદ્રજી પુષ્પક વિમાનમાં ચઢી ગયા અને શ્રી લક્ષ્મણજી, રાજા શ્રી ભરત તથા શત્રુઘ્નને પણ ત્વરા કરતાં શ્રી રામચંદ્રજીએ તે જ વિમાનમાં બેસાડી લઈને અયોધ્યામાં પ્રવેશ કરવાની પુષ્પક વિમાનને આજ્ઞા ફરમાવી.

એ વખતે આકાશમાં તેમજ ભૂમિ ઉપર પણ વાજા વાગી રહ્યા હતા. આમ સ્વાગત-ઉત્સવપૂર્વક શ્રી રામચંદ્રજીએ અને શ્રી લક્ષ્મણજીએ વર્ષો બાદ પોતાની અયોધ્યાપુરીમાં સહર્ષ પ્રવેશ કર્યો. લોકો પણ ઉત્કંઠાપૂર્વક અને મોઢું ઉંચુ કરીને મયૂરો મેઘને જૂએ તેમ અનિમેષ નેત્રે તેમને જોઈ રહ્યા છે અને મુક્તકંઠે સ્તુતિ કરી રહ્યા છે. સૂર્યને અર્ઘ્ય આપવાનો લોકમાં રિવાજ છે. એ રીતે કહે છે કે સ્થાને સ્થાને નગરલોકો દ્વારા શ્રી રામચંદ્રજીને સૂર્યની જેમ અર્ઘ્ય આપતા હતાં; અર્થાત્ સ્થળે સ્થળે તેમના આગમનને પ્રજા વધાવતી હતી.

આ રીતે પ્રસન્નમુખવાળા તેઓ પોતાના મહેલની પાસે આવી પહોંચ્યા. તે પછીથી સુહૃદ્જનના હૃદયને આનંદ આપનારાં શ્રી રામચંદ્રજી પુષ્પક વિમાનમાંથી ઉતરીને શ્રી લક્ષ્મણજીની સાથે પોતાની માતાઓના નિવાસસ્થાનમાં ગયા.

# હૈયું વિશાળ-નિર્મળ જોઈએ અને વસ્તુનો પ્રેમ જોઈએ

## 3

શ્રી રામચન્દ્રજી આદિ અયોધ્યામાં પ્રવેશીને માતાઓના આવાસે જાય છે ને માતાઓના ચરણોમાં નમસ્કાર કરે છે. માતાઓ યથોચિત આશિષ આપે છે. વિશેષ પ્રકારે અપરાજિતાદેવી શ્રી લક્ષ્મણજીને 'તું હતો માટે જ રામ અને સીતા વનવાસ કરી શક્યા' કહીને પ્રશંસા કરે છે ને શ્રી લક્ષ્મણજી પોતાની લઘુતા, કર્તવ્ય આદિ બતાવે છે. તે વિશાળ અને નિર્મળ હૈયા વગર બની શકે ?

આ પ્રસંગને આશ્રયીને દેવ-ગુરુ પ્રત્યે કેવો ભાવ હોવો જોઈએ, સાધુની ભિક્ષાચર્યા કેવી હોવી જોઈએ, ધર્મની ગરજ આવે તો, એટલે વસ્તુનો પ્રેમ જાગે તો બધુ સંભવિત બની શકે વગેરે તથા પુણ્યના પ્રકારો અને તેમાં ફરક, પ્રવચન પાટની લાયકાત આદિ વિષયોનું વર્ણન પૂજ્યપાદશ્રીજીના શ્રીમુખે આ પ્રકરણમાં વિશદ્ રીતે કરાયું છે, જે માર્મિક અને સચોટ હોવાથી હૈયાનાં તારને રણઝણાવી મૂકે તેવું છે.

-શ્રી

## હૈયું વિશાળ-નિર્મળ જોઈએ અને વસ્તુનો પ્રેમ જોઈએ

★ માતાઓને નમસ્કાર અને માતાઓના આશિષ
★ સપત્નીનાં સંતાનો પ્રત્યે કેવો વર્તાવ જોઈએ ?
★ દેવ-ગુરુની સેવા દેવ-ગુરુ ઉપર ઉપકાર કરવા કરવાની નથી
★ સાધુની ભિક્ષાચર્યા કેવી હોય ?
★ આટલી હિંમત તો હોવી જોઈએ
★ ધર્મની ગરજ રાખવી જોઈએ
★ તમે કોણ ? સમ્યગ્દૃષ્ટિ કે માર્ગાનુસારી ?
★ પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય વચ્ચે ફરક
★ સંયમ ધર્મની અભિરૂચિ હોય તો ગૃહસ્થજીવન નિર્મળ બને
★ દેગ-ગુરુના સાચા સેવક બનો
★ આચરણા ન હોય તો પણ આરાધના ક્યારે ?
★ કુપ્રચારોથી સાવધ રહો
★ પ્રવચનદાન અને શ્રવણ અનુપમ આરાધના ક્યારે ?
★ માર્ગનો મર્મ પામ્યા વિના પાટે ન બેસાય

# 3

## હૈયું વિશાળ-નિર્મળ જોઈએ અને વસ્તુનો પ્રેમ જોઈએ

### માતાઓને નમસ્કાર અને માતાઓના આશિષ

ત્યારબાદ શ્રી રામચંદ્રજીએ પોતાની માતાઓના નિવાસ-સ્થાનમાં જઈને, શ્રી લક્ષ્મણજીની સાથે, સૌથી પહેલાં પોતાની માતા અપરાજિતાદેવીને નમસ્કાર કર્યા; કારણકે રાજા દશરથના અન્તઃપુરમાં અપરાજિતાદેવી સૌથી મોટાં છે. મોટી રાણી તરીકે બીજી કોઈ હોત, તો પહેલો નમસ્કાર તેને કરત. માતા અપરાજિતાને નમસ્કાર કર્યા બાદ શ્રી રામચંદ્રજીએ અને શ્રીલક્ષ્મણજીએ, બીજી પણ માતાઓને નમસ્કાર કર્યા. અપરાજિતા આદિ સર્વ માતાઓએ પણ નમસ્કાર કરતા એવા તે બંનેયને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ શ્રી રામચંદ્રજીની પત્ની શ્રીમતી સીતાદેવીએ અને શ્રી લક્ષ્મણજીની પત્ની વિશલ્યા તેમજ તેમની બીજી પણ પત્નીઓએ અપરાજિતાદેવીને અને બીજી પણ સાસુઓને, તેમના ચરણોમાં માથું મૂકીને પ્રણામ કર્યા. પોતાના ચરણોમાં માથુ મૂકી મૂકીને નમસ્કાર કરતી એવી તે પુત્રવધુઓને પણ અપરાજિતા આદિ સાસુઓએ ય મોટેથી કહ્યું કે 'અમારી માફક તમે પણ વીરપુત્રોની માતા બનો, એવી અમારી તમને આશિષ છે.'

શ્રી રામચન્દ્રજીની માતા, શ્રી લક્ષ્મણજીનાં વખાણ કરે છે. શ્રી રામચન્દ્રજી અને શ્રી લક્ષ્મણજી એક જ પિતાના પુત્રો છે. પરંતુ તે બંનેની માતા એક નથી. બંનેની માતા જૂદી છે. છતાં અપરાજિતાદેવી શ્રી લક્ષ્મણજીનાં વખાણ કરે છે ! થાય? શોક્યના છોકરાંના વખાણ ? ઓરમાન દીકરાનાં વખાણ ? વખાણ તો વખાણ, પણ તે ય કેવા ? જે સાંભળતાં, શ્રી રામચન્દ્રજી અને શ્રી સીતાજીના ઠેકાણે બીજા કોઈ અયોગ્ય હોય, તો તેમને સાંભળીને ખોટું લાગ્યા વિના રહે નહિ

એવાં ! પોતાના પેટનો દીકરો અને તેની સાથે ગયેલી પુત્રવધૂ, એ બંનેની ક્ષેમકુશળતાનો સર્વ યશ શ્રીમતી અપરાજિતાદેવી શ્રી લક્ષ્મણજીને આપી દે. એ ઓછી વાત છે !

એક એક પ્રસંગ એવી એવી રીતે વિચારો કે ઉત્તમ આત્માઓની ઉત્તમતા ખ્યાલમાં આવે અને પોતાનામાં જે જે ગુણો ન દેખાય, તે ગુણો પ્રગટાવવાની ઊર્મિ જાગે.

ત્યારબાદ શ્રી રામચંદ્રજીની માતા અપરાજિતાદેવીએ વારંવાર લક્ષ્મણજીના માથા ઉપર હાથ ફેરવતા અને તેને ચૂમતાં કહ્યું કે,

*"दिष्टया दृष्टोऽसि हे वत्स ! पुनर्जातोऽसि चाधुना ।*
*कृत्वा विदेशगमनं, विजयीह यदागमः ॥१॥*
*तानि तानि च कष्टानि, वनवासभवान्यसौ ।*
*रामः सीता चातितिन्ये, तवैव परिचर्यया ॥२॥"*

"હે વત્સ ! ભાગ્યયોગે જ અમે તને જોવા પામ્યાં છીએ. વિદેશગમન કરીને વિજય સાધી તું અહીં આવ્યો, તે એવું છે કે જાણે હમણા તારો પુનર્જન્મ થયો. તું આ રીતે પાછો આવ્યો તે અમારે મન તો તું પુન: જન્મ પામ્યો છે. વળી હે વત્સ ! રામે અને સીતાએ વનવાસમાં તે તે દુ:ખો, વનવાસનાં તે તે કષ્ટો ઉલ્લંઘ્યા, એ પ્રતાપ પણ તારી પરિચર્યાનો જ છે. તારી સેવાના પ્રતાપે જ રામ અને સીતા વનવાસમાં આવતાં કષ્ટોને ઉલ્લંઘી શક્યાં. અર્થાત્ તું જો સાથે ન હોત તો તે બેનું શું થાત, તે કહી શકાય નહિ !"

## સપત્નીનાં સંતાનો પ્રત્યે કેવો વર્તાવ જોઈએ ?

ઓરમાન દીકરાની પ્રત્યે આવો ભાવ મુક્તકંઠે પ્રગટ કરવો, એ ઓછી વાત છે ? હૃદયની કેટલી ઉદારતા જોઈએ ? આજે કેટલી સાવકી માતાઓમાં આ ઉદારતા હશે ? સપત્નીના સંતાન તરફ સાચો વત્સલભાવ રહેવો, એ સ્ત્રીસ્વભાવને માટે સહજ કરતાં અસહજ વધારે છે. જે પ્રશંસા કરવાથી પોતાના પુત્રની તેમજ પોતાની પુત્રવધુની મહત્તા ઘટતી હોય, તેવી પ્રશંસા સાવકી માતા સાવકાના પુત્રની કરે,ત્યારે એની ઉદારતાનો ખ્યાલ કરવો જોઈએ.

આ ઉદારતા સામાન્ય કોટિની નથી. આજે આવી ઉદારતાનું કોઈ સ્ત્રીમાં દર્શન થાય કે કેમ? એ વિચારવા જેવું છે. આજની કેટલીક સાવકી માતાઓનું વર્ણન તો સાંભળતા પણ ત્રાસ ઉપજાવે તેવું હોય છે. સપત્નીનાં સંતાન પ્રત્યે વત્સલતા રાખવાની વાત તો દૂર

રહી, પણ માતા વિહોણાં સંતાનો તરફ કેટલીક સપત્નીઓમાં દયાભાવે ય હોતો નથી. સપત્નીના સંતાનને દેખે અને અંતરમાં બળે. અણસમજુ, પરાશ્રયી અને નિર્દોષ બાળકને રંજાડવું, દુઃખી કરવું, એમાં કેટલી અધમતા છે ? પાડોશીના કે અજાણ્યાના પણ એવા મા વગરના સંતાન તરફ યોગ્ય સ્ત્રી-પુરુષને સ્હેજે દયા આવે, એને બદલે મરેલી સપત્નીના સંતાનને અનેક પ્રકારે ત્રાસ દેવાય, એ ઓછી અધમતા છે ?

આજે આ પ્રકારની અધમતા વધતી જાય છે, કારણ કે કેવળ પૌદ્‌ગલિક સ્વાર્થની જ પ્રધાનતા આવતી જાય છે. સપત્નીના સંતાનને રંજાડનારી સ્ત્રીઓ એટલો પણ વિચાર કરતી નથી કે છોકરું ભલે સપત્નીનું હોય પણ છોકરાનો ગુન્હો શો કે એના ઉપર અત્યાચાર કરાય ? એવો અત્યાચાર કોઈ તેના જ સંતાન ઉપર કરે તો એ સ્ત્રીને શું થાય ?

આજે ઘણી બાઈઓ નાની ઉંમરના છોકરાં મૂકીને મરતાં મૂંઝાય છે. એને થાય છે કે મારા મર્યા પછી આ છોકરાની શી હાલત ? કારણકે આજના સ્ત્રી-સ્વભાવની અને પુરુષોની વિષયાધીનતાની એને માહિતી હોય છે. કેટલીક બાઈઓનું તો આવા કારણે મરણ બગડે છે. જો કે આ મોહ ભૂંડો છે. તેવા સમયે તો ખાસ કરીને આત્માનો અને કર્મનો વિચાર કરી મમતા મૂકવી જોઈએ અને બધુ વોસિરાવવું જોઈએ. પણ અહીં તો વાત એ છે કે સ્ત્રીઓએ પોતાની સ્થિતિ સુધારી લેવી જોઈએ, એ માટે આ પ્રસંગ મઝાનો ગણાય.

શ્રી રામચંદ્રજીની માતા શ્રી લક્ષ્મણજીના વખાણ કરે છે. એ કહે છે કે 'રામ અને સીતા તારી પરિચર્યાના યોગે જ વનવાસનાં કષ્ટો ઉલ્લંઘી શક્યાં.' આ પ્રશંસા સાવ ખોટી નથી. પણ આ વખતે શ્રી લક્ષ્મણજીની કસોટી છે. કરેલી સેવા આવા પ્રસંગે ધૂળમાં મળી જતાં વાર લાગે નહિ, પણ આ શ્રી લક્ષ્મણજી છે. શ્રી લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રજીની અને શ્રીમતી સીતાજીની અખંડ સેવા કરી છે. ફળફળાદિ એ લાવતા, આરામ કરવાને માટે જરૂરી તમામ તૈયારી એ કરતાં અને શ્રી રામચન્દ્રજી તથા શ્રીમતી સીતાજી આરામ કરે ત્યારે પહેરેગીરની જેમ ચોકી પણ એ જ કરતાં હતા. આટલી આટલી સેવા બજાવેલી હોવા છતાંપણ શ્રી લક્ષ્મણજી અપરાજિતા દેવીએ વખાણ કર્યા એટલે

'હાસ્તો' એમ નથી કહેતા. પોતે એવી પ્રશંસાને પાત્ર છે એવો ભાવ પણ શ્રી લક્ષ્મણજી નથી દર્શાવતા.

### દેવ-ગુરુની સેવા દેવ-ગુરુ ઉપર ઉપકાર કરવા કરવાની નથી

'અમે ન હોત તો સાધુને રોટલા કોણ આપત ? અમે ન હોત તો દેવને કોણ પૂજત ?' એમ આજે બોલાય છે ને ?

**સભા** : એવું બોલનારા ય નીકળ્યા છે !

**પૂજ્યશ્રી** : એવું બોલનારાઓની કોઈએ જો આવી. શ્રી લક્ષ્મણજીની અપરાજિતાદેવીએ કરી તેવી પ્રશંસા કરી હોય તો ? આવું માન મળે તો એમને શું થાય ? આવું માન મળે તો એવા કુલીને ફાળકા થાય કે બીજું કાંઈ ?

**સભા** : મોઢે ફીણ આવી જાય.

**પૂજ્યશ્રી** : વગર માનપાન મળ્યે અને વગર સેવા કર્યે 'અમે, અમે કરવાની ટેવવાળા' 'નહીં ત્રણમાં નહિ તેરમાં, નહિ છપ્પનના મેળમાં' જેવી દશા છતાં 'અમે, અમે' કહેનારા અને કોઈ માન નહિ તોય આખા સમાજના આગેવાન હોવાનો દંભ સેવનારાને આવું માન મળે તો? તો તે બીચારાઓથી તેવું માન પણ જીરવાય નહિ. સાધુઓને આહાર-પાણી આપવાનાં શા માટે? શ્રી જિનમૂર્તિઓની સેવા કરવાની શા માટે ? સાધુઓ ઉપર અગર ભગવાન ઉપર ઉપકાર કરવાને માટે એમ? સેવા દેવ-ગુરુની કરવાની છે. પણ તે દેવ-ગુરુ ઉપર ઉપકાર કરવાને માટે નહિ પણ પોતાના આત્મા ઉપર ઉપકાર કરવાને માટે જ દેવ-ગુરુની સેવા કરવાની છે.

'સાધુઓને અન્નપાણી અથવા તો વસ્ત્ર આદિ આપવા દ્વારા મારા આત્માનો નિસ્તાર થાઓ' એ જ બુદ્ધિ શ્રી જિનાજ્ઞામાં વર્તતા સાધુઓને અન્નપાણી અથવા તો વસ્ત્રાદિ વહોરાવતી વેળાએ સુશ્રાવકોના મનમાં હોવી જોઈએ.' 'સાધુઓ સંયમી છે, રત્નત્રયીના આરાધક છે, ભગવાનની આજ્ઞા મુજબ મહાવ્રતોનું પાલન કરનારા છે અને સંયમપાલન સુખપૂર્વક કરી શકાય તે માટે જ અન્ન પાણી આદિ લેનારા છે; આવા મહાત્માઓના ઉપયોગમાં મારી કોઈ વસ્તુ આવો આવો સદુપયોગ થાય એટલી જ મને પ્રાપ્ત થયેલી સામગ્રીની

સફળતા છે !' આ ભાવના સાધુઓની સેવા કરનાર સુશ્રાવકોને હોવી જોઈએ.

આવી ભાવનાથી રંક આદમી, કાંઈ ન હોય તો ટુકડો રોટલો વહોરાવીને પણ પોતાનું કલ્યાણ સાધી શકે છે. જ્યારે મિષ્ટાન આદિ વહોરાવે પણ પોતાને સાધુઓ ઉપર ઉપકાર કરનાર માની પોતાના કરતાં સાધુઓને તુચ્છ માને, પોતાનાથી સાધુઓને દબાયેલા માને, 'સાધુઓને અમે જ આહારપાણી આદિ આપીને જીવાડીએ છીએ, માટે સાધુઓએ અમારી આજ્ઞા માનવી જોઈએ.' આવી ભાવનાવાળો જે હોય, તે આવી પાપભાવનાના યોગે તરતો નથી પણ ડૂબે છે. એને સંયમની કિંમત નથી, એના અંતરમાં સંયમ પ્રત્યે આદરભાવ નથી, નહિતર તો આવી દુષ્ટિવૃત્તિ આવે જ નહિ.

સાધુઓને વહોરાવનારા તો પોતાના સંસારવાસને વખોડે. એ માને કે 'આ મહાસત્ત્વશાળી અને હું પામર ! વહોરાવતા પણ એને એમ થાય કે 'આમ સંયમી આત્માઓની ભક્તિ કરતાં કરતાં પણ મારું આવરણ ખસો અને સમ્યક્ચારિત્રની આરાધના કરવાજોગ સામગ્રી મને પ્રાપ્ત થાઓ !' દેવ-ગુરુ ઉપર ઉપકાર કરવાની વાતો કરનારાઓને કહો કે 'તમારી જાત ઉપર તો ઉપકાર કરો ! શુભોદયે ક્યાંકથી ભટકતા ભટકતા તમે અહીં આવ્યા છો, પણ અહીંથી ફેર પાછા એવી જ રીતે ચક્રવામાં પડો નહિ એ પ્રકારનો ઉપકાર તમારા આત્મા ઉપર કરો તોય બસ છે !'

સુદેવ કે સુગુરુ ભક્તિના ભૂખ્યાં હોતા નથી. સુદેવ અને સુગુરુ ભક્તિથી રીઝનારાય હોતા નથી અને ભક્તની તાબેદારી સ્વીકારનારાય હોતા નથી. રોટલા આપનારાના સેવક બને તે બીજા; શ્રી જૈનશાસનના ગુરુએ નહિ. રોટલા આપનારની જ જેને આજ્ઞા ઉઠાવવી હોય, તેણે શા માટે વેષ પહેરવો જોઈએ. સંસારમાં શું તાબેદારી ઉઠાવતા પણ કોઈ રોટલો આપે તેમ નહોતું, કે જેથી તે સાધુઓ રોટલા આપનારની તાબેદારી ઉઠાવે ? જે એટલા પામર છે, તે શ્રી જૈનશાસનના સાધુ તો નથી પણ એવા તો આ વેષમાં રહીને શ્રી જૈનશાસનની અપભ્રાજના કરાવનારા છે ! રોટલાની એટલી કિંમત આંકનારામાં મળે તો સંયમ વૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ' એ ભાવના ક્યાંથી હોય અગર ક્યાંથી આવે ?

## સાધુની ભિક્ષાચર્યા કેવી હોય?

સાધુ ભિક્ષાએ નીકળે ત્યારે ઘરમાં પેસતા જ ધર્મલાભ દે. આપે તેનેય ધર્મલાભ અને ન આપે તેનેય ધર્મલાભ એ રીતે ઘરમાં પેઠા પછીથી પણ આહાર, મળે કે ન મળે છતાં જે સમતા અને પ્રસન્નતાપૂર્વક સાધુ ઘરમાં ભિક્ષા માટે પેઠા હોય . તે જ સમતા અને પ્રસન્નતાપૂર્વક તે પાછા નીકળે, બહુ વહોરાવે, સારુ સારુ વહોરાવે, તેના ઘરમાંથી સાધુ પ્રસન્ન થઈને નીકળે અને નહિ વહોરાવનારા અગર તો થોડું કે સાધારણ વહોરાવનારાના ઘરમાંથી ખિન્ન થઈ ને નીકળે, તો સાધુ પોતાનો ધર્મ ચૂકે. આપનાર ને નહિ આપનાર થોડું આપનાર ને વધુ આપનાર, સામાન્ય વસ્તુ દેનારને સારી વસ્તુ દેનાર, બધા પ્રત્યે સાધુ સમદૃષ્ટિથી જુએ, સૌને ધર્મલાભ દે. સૌ ધર્મનો લાભ પામો' - એ જ સાધુની ભાવના હોય.

ઘણું ને સારું દેનાર પાસે સાધુ જો ગળગળો થઈ જાય, એનો ઉપકાર માનવા મંડી પડે અગર તો એની તાબેદારી સ્વીકારવા તૈયાર થઈ જાય, તો એ સાધુ સાધુ નથી, પણ પેટ ભરવા નીકળેલો વેષધારી ભિખારી છે. સાધુ ભક્તિ કરનારની શુભ ભાવના જોઈને જરૂર પ્રસન્ન થાય; ભક્તિભાવનાની અનુમોદનાવૃત્તિ સાધુમાં જરૂર હોય પણ સારું ને ઘણું દે તેનામાં જ ભક્તિભાવના હોય અને થોડી કે સામાન્ય પ્રકારની વસ્તુ દેનારમાં ભક્તિભાવના ન જ હોય અગર તો ઓછી જ હોય, એમ માનનાર બેવકૂફ છે.

સાધુ અને રોટલો દેનારનો તાબેદાર, એ વાત જ વાહીયાત છે. સાધુ હોય તે રોટલા દેનારનો તાબેદાર હોય નહિ અને રોટલા દેનારનો તાબેદાર હોય તે સાધુ હોય નહિ. જો કે એવું બને પણ નહિ, પણ ધારો કે એવું જ બને કે રોટલા દેનારની તાબેદારી સ્વીકાર્યા વિના રોટલા મળે જ નહિ, તો તેવા અવસરે પણ સાચો સાધુ રોટલા દેનારની તાબેદારી સ્વીકારવાને બદલે, અન્નપાણી વિના જ સમભાવે ભૂખ્યા મરવાનું જ પસંદ કરે. એને એમ થાય કે, 'આ વેષ રોટલા દેનારની તાબેદારી કરવાને માટે નથી, પણ આત્મકલ્યાણ માટે જ્ઞાનીની આજ્ઞાને તાબે રહેવાને માટે છે.'

ખરેખર, જેઓ રોટલાને આગળ કરીને, રોટલા આપનારની આજ્ઞા માનવાની વાતો કરે છે, તેઓ મહા અજ્ઞાની છે. તેવાઓને તો

પૂછવું જોઈએ કે, 'શું આ વેષ લીધા વિના જ કોઈની તાબેદારી સ્વીકારીને રોટલા મેળવવા જેટલી ય તમારામાં તેવડ નહોતી, કે જેથી આ વેષ લીધો ?'

## આટલી હિંમત તો હોવી જોઈએ

**સભા:** એટલું પૂછવાની હિંમત જોઈએ ને ?

**પૂજ્યશ્રી :** તે તમે જાણો વસ્તુતઃ હિંમત નથી, આવડત નથી કે ગરજ નથી ? એય વિચારવા જેવું છે તમે લોકો શું હિંમત વિનાના છો? તમને હિંમત વિનાના કહે કોણ ? તમારામાં સાવ હિંમત જ નથી, એમ કહેનાર મૂર્ખ છે. આમ બહુ કમ હિંમત છે એમ કહી શકાય, પણ પ્રમાણમાં તમે કમ હિંમતબાજ નથી. દુનિયાદારીમાં તમે હિંમતબાજ નથી ? ઘર સાચવવામાં, વટ સાચવવામાં, વેપાર ખેડવામાં, લૂચ્ચાઈ રમવામાં, કોઈને ફસાવવામાં, કોઈનું વેર વાળવામાં અને તમારી ધારણાની આડે આવનારાને ઠેકાણે પાડવામાં તમે હિંમતબાજ નથી ? ઘેર, પેઢી ઉપર, વટ વ્યવહારમાં અને પૈસાની લેવડ-દેવડ વગેરેમાં તમે શું સાવ માયકાંગલા છો ? રસ્તે ચાલતાં તમારા ગજવામાંથી કોઈને કાઢી જવા દેતા હશો, એમ? ધીરેલા નાણાં કોઈ ન આપે તો તે જતાં કરતા હશો, એમ? હિસાબ કરવા બેઠા હો ત્યારે શરમથી અંજાઈને રકમો છોડી દેતા હશો, એમ?

**સભા :** એમ કોઈ કાંઈ જવા દે છે ?

**પૂજ્યશ્રી :** નથી જવા દેતા તો શું કરો છો એ કહો ને ?

**સભા :** ચાલે તેટલું બધું.

**પૂજ્યશ્રી :** પણ સામો દુશ્મન બને, સામાને ખોટું લાગે એની પરવા નહિ ?

**સભા :** પરવા રાખ્યે કામ ન ચાલે ને ?

**પૂજ્યશ્રી :** હવે ઠેકાણે આવ્યું. ત્યાં તેવી પરવા રાખે તો ભીખ માગવી પડે અને ભરબજારે લૂંટાઈને રોતા ઘેર જવું પડે એ સમજે છે, માટે હિંમત રાખે છે. અવસરે ખોટું ય, ગમે તેવું કડવું હોય તો ય સ્વાર્થ માટે સંભળાવી દેતાં વાર લાગતી નથી અને અહીં કહે છે કે હિંમત નથી. આ ખોટું નથી ? તમને નથી લાગતું કે હિંમત નથી એમ નહિ પણ વસ્તુની ગરજ નથી.

## ધર્મની ગરજ રાખવી જોઈએ

જેટલી ગરજ દુનિયાદારીની છે, તેટલી ગરજ ધર્મની છે ? દુનિયાદારીની ગરજ છે તો આવડત ખીલવવાના કેટલા પ્રયત્નો થાય છે? નાનપણથી બચ્ચાને શિક્ષણ એનું અપાય છે. મોટો થાય ને ભોઠ રહે તો તેને કેટકેટલો ઠોકાય છે. શીખવા માટે અનુભવ મેળવવા માટે ધક્કા ખાવા પારકી પેઢીએ મુકાય છે, કારણ? એક જ કે આ ભોઠ રહેશે તો ઉજાળશે શું? એમ મનમાં બેઠું છે. મારું આ ભેગું કરેલું છે તેનું થશે શું? એવી ત્યાં ચિંતા છે. ત્યાં ઉજાળવાનું શું? તમારી દૃષ્ટિએ માણસે ઉજાળ્યું એમ ક્યારે કહેવાય ? લક્ષ્મી વધારે તો ને ?

**સભા** : ભેગી નામના ય વધારવાનું ખરું

**પૂજ્યશ્રી** : કઈ નામના ?

**સભા** : પેઢી સદ્ધર છે એવી.

**પૂજ્યશ્રી** : એ વાત તો લક્ષ્મીમાં આવી ગઈ ને ?

**સભા** : આ પેઢી પ્રમાણિક છે એવી !

**પૂજ્યશ્રી** : પેઢી પ્રમાણિક છે એવી શાખ વધારે તેણે કંઈકે ય ઉજાળ્યું કહેવાય પણ આજના સ્વાર્થીઓની પ્રમાણિકતાની વ્યાખ્યા પણ જુદી છે. પેઢીમાં જે સ્હેજ પણ અનીતિ ન આવવા દે તેણે પેઢીની શાખ વધારી એમ માનો છો કે અનીતિ, લૂચ્ચાઈ એટલી બધી સફાઈથી કરે કે અનીતિનો માલ એક તરફ તીજોરીમાં પડતો જાય અને બીજી તરફ દુનિયામાં પ્રમાણિકપણાની ખ્યાતિ મળતી જાય એવી રીતે વર્તનારે પેઢીની શાખ વધારી એમ માનો છો, એ પણ ખાસ વિચારવા જેવું છે ને ?

આજે મોટેભાગે અનીતિમત્તાનો ડર નથી, પણ કોઈ આપણને અનીતિમાન તરીકે ઓળખી ન જાય તેની જ વિશેષ ચિંતા છે. વસ્તુતઃ જાતે અનીતિમાન હોવા છતાંપણ નીતિમાન તરીકે જ જાહેરમાં આવવાની ઇચ્છા છે અને એથી સ્વાર્થવશ લોકો પાપ કરે છે, એટલું જ નહિ પાપ પણ ચીકણું બનાવીને કરે છે.

પૈસાને લોભે અનીતિનુ એક પાપ કરે અને એ અનીતિ છૂપાવવાને માટે અનેક પાપો કરે ! આવા પાપીને આજનાઓ

ઉજાળનારા માને છે ! 'અનીતિ કોઈપણ સંયોગોમાં નહિ જ કરવી' એવી પ્રતિજ્ઞાવાળો, દુર્ભાગ્યના ઉદયે લક્ષ્મી ગુમાવવાની અણી ઉપર આવે, તો દુનિયાના ડાહ્યા ગણાતાઓ એને ચોપડા બદલાવાની અને લેણદારોને રોવડાવવાની જ સલાહ આપે અને એ સલાહ જો પેલો ન માને તો કહે કે 'ભોઠ છે, આને તો દુનિયાની કશી ગમ નથી.'

આજે તો પાપ કરે અને પાપ એવી સફાઈથી કરે કે કોઈને તેની ગંધેય ન આવે. પાપ કરી તે પાપને છૂપાવવાને માટે અને પોતાની જાતને નિષ્પાપ તરીકે ઓળખાવવાને માટે અનેક પાપો કરે, તે આજે હોશિયાર અને હિંમતબાજ ગણાય છે. એ શિક્ષણ અને એ સંસ્કાર આજે લગભગ, થોડોક અપવાદ બાદ કરતાં, ઘેર ઘેરથી મળે છે; કારણકે ગરજ માત્ર દુનિયાદારીની છે.

### તમે કોણ ? સમ્યગ્દૃષ્ટિ કે માર્ગાનુસારી ?

જેટલી ગરજ દુનિયાને દુનિયાદારીની છે, અર્થ અને કામની છે, તેટલી ગરજ જો ધર્મની આવી જાય તો કામ નીકળી જાય. આત્મા અર્થ અને કામની સાધના પૂંઠે જેવો પરિશ્રમ કરે છે તેવો પરિશ્રમ જો ધર્મની સાધના પૂંઠે કરે, તો સિદ્ધિ હાથ-વેંતમાં છે. ધર્મની ગરજ કેળવી જુઓ, પછી જુઓ કે હિંમત અને આવડત આવે છે કે નહિ ? અરે, અર્થ અને કામ કરતાં ધર્મને પ્રધાન માનતા થઈ જાવ, તોય દશા ફરી જવા માંડે ! અર્થ અને કામ કરતાં ધર્મને પ્રધાન માનવાની દશા તો સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે પણ આવી શકે છે, એમ જ્ઞાનીઓ ફરમાવે છે. માર્ગાનુસારીનું સ્વરૂપ જાણો છો ? માર્ગાનુસારિતા સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વેની જ દશા છે ને ? માર્ગાનુસારી ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થોને નિજ નિજ કાળે સાધવાજોગા માને, પણ કામ પુરુષાર્થ કરતા અર્થ પુરુષાર્થને પ્રધાન માને અને અર્થપુરુષાર્થ કરતાં ધર્મપુરુષાર્થને પ્રધાન માને અર્થ-કામ સાધે, પણ ધર્મને બાધા ન પહોંચે એ રીતે.

માર્ગાનુસારીના પાંત્રીસ ગુણોમાં પહેલો જ ગુણ ન્યાયસંપન્ન વિભવ કહ્યો છે, એટલે માર્ગાનુસારી વિભવ મેળવવાનો પ્રયત્ન કરે, પણ તેમાંય ન્યાયને ચૂકે નહિ. નીતિ કરતાં પૈસાની કીમત વધારે આંકે નહિ. 'કાં નીતિ છોડ, કાં પૈસો જતો કર' એવો વખત આવી લાગે, તો

સાચો માર્ગાનુસારી પૈસો છોડવો એ હા. પણ નીતિ મૂકવી નહિ' આવી દશા બરાબર સાચવે. આ દશા આજે કેટલામાં છે, એ તો કહો? ધર્મની ભાવના આવવી એ સહેલું છે, એમ? ધર્મ પામવાની લાયકાત આવવી એ પણ મહાદુર્લભ છે, તો ધર્મ પામવો એ એથીય વધારે દુર્લભ હોય, એમાં નવાઈ શી ? માર્ગાનુસારિતા, એ સુધર્મના શ્રવણ માટેની લાયકાત છે અને સુધર્મ - શ્રવણની જેનામાં લાયકાત આવી હોય, તેય અવસરે પૈસાને લાત મારવી સારી પણ નીતિ તજવી સારી નહિ' એવું માનનારો હોય; જ્યારે આજે તો પોતાને ધર્મના સાચા જાણકાર માની ધર્મી સમાજની અને સુસાધુઓની પણ હાંસી કરનારાઓ કઈ હાલતમાં જીંદગી ગુજારે છે, એ જુઓ !

તમારી જાતની તમે જાતે તો પરીક્ષા કરી જુઓ ! અર્થ અને કામની આંશિક ઉપાદેયતા માનનાર માર્ગાનુસારી પણ ધર્મને પ્રધાન માનનારો હોય. અવસરે ધર્મને જાળવવાને માટે અર્થકામનો ભોગ દીધે જ છૂટકો થાય તેમ હોય, તો અર્થકામનો ભોગ દઈ દેવા જેવી દશામાં રાચે, પરંતુ પોતાના ધર્મમાંથી વિચલિત થવા જેવી પ્રવૃત્તિમાં રાચે નહિ. આવો તો માર્ગાનુસારી કહેવાય. જ્યારે સમ્યગ્દૃષ્ટિ તો તે છે કે જે અર્થ અને કામ એ બંનેને હેય માને અને એકમાત્ર ધર્મને તથા ધર્મના યોગે પ્રાપ્ત થતા મોક્ષને ઉપાદેય માને ! તમે સમ્યગ્દૃષ્ટિ છો, માર્ગાનુસારી છો કે બીજા જ છો ?

**સભા**: સમ્યગ્દૃષ્ટિથી અનીતિ થઈ જાય એ બને નહિ ?

**પૂજ્યશ્રી** : અનીતિ થઈ જાય એ બને. મોહનો તેવો ઉછાળો આવી જાય અને કોઈ પ્રસંગે આત્મા ભાનભૂલો બને, તો અનીતિ થઈ જાય એ શક્ય છે; પણ પ્રસંગ વીતતા તેનાં હૈયામાં શું થાય, એ જાણો છો? પોતાની જાત ઉપર ધિક્કાર આવે. પાપ ડંખે. પણ આજે શું અનીતિ થઈ જાય છે? અનીતિ થઈ જાય છે કે અનીતિ રસપૂર્વક કેળવીને કરાય છે? આજે ઘણાઓએ નક્કી કર્યું છે કે, 'અનીતિ કર્યા વિના ચાલે જ નહીં' આવાઓને શું કહેવું? 'અનીતિ કર્યા વિના ચાલે જ નહીં' એવું કોણ બોલાવે છે ? હૈયામાં બેઠેલી અર્થકામની લાલસા કે બીજું કાંઈ ? અર્થકામની લાલસા વધી અને એને પોષવા અનીતિ આદરવા માંડી, પછી ધીરે ધીરે નક્કી કર્યું કે, 'અનીતિ વિના ચાલે જ

નહિ!' પછી શ્રદ્ધા જાય તો નવાઈ છે ? અર્થ અને કામની સામગ્રી મેળવી આપનાર અનીતિ કે પુણ્ય ?

**સભા:** પુણ્ય.

**પૂજ્યશ્રી** : વિચાર કરીને બોલજો. પુણ્ય વિના અર્થ અને કામની સામગ્રી ન જ મળે, એવી ખાત્રી છે ?

**સભા:** હાજી.

**પૂજ્યશ્રી** : તો તો એમ નહિ કહેવાય કે 'અનીતિ કરીએ તો જ જીવાય.' અનીતિ કરતાં પણ અર્થ અને કામની સામગ્રી તેને જ મળે છે કે. જેનું પુણ્ય ઉદયમાં હોય, કેટલાયે અનીતિખોરો જેલની દિવાલો પાછળ પડે છે. કેટલાયે અનીતિખોરો ભૂખ્યા પેટે ટાંટીયા ઘસતા મરી ગયા. કેટલાયે અનીતિખોરો ભીખ માંગતા થઈ ગયાં. અનીતિથી જ અર્થ અને કામની સામગ્રી મળે છે  એમ ન માનો. અનીતિ કરે કે ન કરે પણ અર્થ અને કામની સામગ્રી તેને જ મળે છે કે જેનું પુણ્ય ઉદયમાં વર્તી રહ્યું હોય. આ પ્રકારની શ્રદ્ધા જેનામાં હોય તે 'અનીતિ વિના ચાલે જ નહિ' એમ કહે ? નહિ જ.

પણ એ ક્યારે બને ? અનીતિ ક્યારે તજાય ? અર્થ અને કામની લાલસા ઉપર અંકુશ આવે તો ! અર્થ અને કામની સામગ્રી મેળવવાની ઇચ્છાવાળો પણ જો કાંઈક માર્ગે આવેલો હોય, તો નક્કી કરે કે 'અર્થ અને કામની સામગ્રી જોઈએ છે એ નિશ્ચિત વાત છે, મને એના વિના ચાલતું નથી માટે મેળવવી તો પડશે, પણ તે ધર્મને બાધા પહોંચાડીને નહિ. ધર્મને બાધ ન પહોંચે તે રીતે પ્રયત્ન કરી લઉ કે જેથી મારું ભાગ્ય હોય તે મુજબ મને મળી જાય પણ નીતિથી વર્તતાં ન મળે તોય અનીતિ તો ન જ કરું.

**પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પુણ્ય વચ્ચે ફરક**

નીતિના માર્ગે ચાલતા જે પુણ્ય ન ફળે અને અનીતિ કરવાથી જ જે પુણ્ય ફળે, તેને માટે સમજી લેવું કે તે પુણ્ય પાપાનુબંધી પુણ્ય છે. પાપાનુબંધી પુણ્ય પણ અર્થ-કામની સામગ્રી મેળવી આપનાર છે, અને પુણ્યાનુબંધી પુણ્ય પણ અર્થ કામની સામગ્રી મેળવી આપનાર છે પણ એ બે વચ્ચે ફરક છે. પાપાનુબંધી પુણ્ય ઉદયમાં આવવા માંડે કે પાપ પ્રવૃત્તિ શરૂ થાય. એનો જેટલો જોરદાર ઉદય તેટલી પાપ પ્રવૃત્તિ

જોરદાર. એ પુણ્યનો ઉદય આદમીને આદમી ન રહેવા દે. આદમીને પાગલ બનાવી મૂકે. અર્થ અને કામની સામગ્રીનો કેફ ચઢાવી દે અને ધર્મને ભૂલાવી દે ! વિરલ આત્માઓ જ સામર્થ્ય કેળવે તો બચી શકે. પાપાનુબંધી પુણ્ય જ તે કે જે ઉદયમાં આવીને જતાં જતાં પાપનું પોટકું વળગાડી દે ! પુણ્ય ખપતું જાય અને પાપનો સંચય થતો જાય. એ પુણ્યના ઉદયને જ્ઞાનીઓ વખાણતા નથી. પાપાનુબંધી પુણ્યના યોગે મળેલી સામગ્રી વપરાય ક્યાં ? એ સામગ્રીનો ભોગવટો પાપમય ન બનતો હોય અને આત્માના પરિણામ પાપમય ન બની જતા હોય તો પાછળ પાપનો અનુબંધ કેમ પડે ? પાછળ પાપ મૂકીને જે પુણ્ય જાય તે પાપાનુબંધી પુણ્ય. એ પુણ્યનું પગલું ઉદયમાં આવવા માંડે. એટલે અહીં પાપની દિશાએ પગલું ભરાયું જ હોય ! એ પુણ્ય જ એવા પ્રકારનું છે કે એ ખતમ થાય ત્યારે આત્મા પાપથી લદાઈ ગયો હોય !

આજના કેટલાક શ્રીમંતોની દશાનું જો વિવેકપૂર્વક બારીકાઈથી અવલોકન કરો તો તમને આ વસ્તુ આંખ સામે દેખાય. શ્રીમંતોની દશા જોવાનું પણ એટલા જ માટે કહેવાય છે કે ત્યાં સામગ્રી વિશેષ હોવાથી કયાં કેવો ઉપયોગ થઈ રહ્યો છે ? તેની અને એ ઘણી સામગ્રીના યોગે કેવી દશાને તે પામ્યો છે ? તે વગેરેની ઝટ ખબર પડે; તો સામાન્ય સ્થિતિના માણસોનીય દશા જોતાં આવડે તો કયા પુણ્યનો પ્રભાવ વર્તી રહ્યો છે ? તેનો ખ્યાલ આવે.

પાપાનુબંધી પુણ્યનો ઉદય બહુ કારમી રીતે મૂંઝવનારો હોય છે. જ્યારે પુણ્યાનુબંધી પુણ્યની દશા તેનાથી વિપરીત હોય છે. પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય પેલા કરતા સામગ્રી ઉંચી કોટિની આપે અને એમાં મૂંઝાવી મારે નહિ. એ સામગ્રીનો આત્મા ઉપભોગ કરતો રહે અને વિરક્તિ ખીલતી જાય. અર્થકામની મળેલી સામગ્રીનો ઉન્માર્ગને બદલે સન્માર્ગે વ્યય કરવાનું મન થાય, એ પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ છે. પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય આવો હોવાના કારણે તો પુણ્યતત્ત્વની આંશિક ઉપાદેયતા જૈનશાસને સ્વીકારી છે. પુણ્યાનુબંધી પુણ્ય હોય તો 'અનીતિ વિના ચાલે જ નહિ' એ બુદ્ધિ આવે નહિ. આજે એ બુદ્ધિ એટલી બધી વ્યાપક બની ગઈ છે કે સારા ગણાતાનાં હૈયામાં પણ ઉંડે ઉંડે એ વાત બરાબર છે એવી વાસના ઘર કરતી જાય છે. આજે તો સારા ગણાતાઓ પણ આવું બોલતા થઈ ગયા છે.

**સંયમ ધર્મની અભિરૂચિ હોય તો ગૃહસ્થજીવન નિર્મળ બને**

નીતિમાન બનવું હોય તો ય અર્થકામની લાલસા ઉપર અંકુશ મૂકવો પડશે. દીક્ષા કઠણ, પણ આ તો નહિ ને ? 'દીક્ષાનો જ ઉપદેશ આપે છે અને ગૃહસ્થધર્મ બતાવતા જ નથી' આવુ આજે અમારે માટે ખૂબ પ્રચારાઈ રહ્યું છે. મૂર્ખાઓ આવી તદ્દન ખોટી વાતોને પણ સાચી માની લે છે. વાત એ છે કે ગૃહસ્થધર્મ પણ તેના જ હૈયામાં  વાસ્તવિક પ્રકારે પરિણામ પામે છે કે જેના હૈયામાં દીક્ષા પ્રત્યે અભિરુચિ છે, દીક્ષા પ્રત્યે, સંયમધર્મ પ્રત્યે અભિરુચિ નથી, તે વસ્તુતઃ ગૃહસ્થધર્મને પામી શકતો જ નથી. સઘળાય ધર્મોનું મૂળ સંયમધર્મ છે. સંયમધર્મની *સાચી અભિરૂચી  પ્રગટે તે કદાચ સંયમી ન બની શકે, તોય એનું* ગૃહસ્થજીવન નિર્મળ બનતું આવે.

ગૃહસ્થધર્મ કોને માટે ? સંયમધર્મને સ્વીકારી તેનું પાલન કરવાને જે અશક્ત હોય, એ કારણે જેઓ ગૃહસ્થદશામાં રહ્યા હોય, તેમને માટે ગૃહસ્થધર્મ છે. ગૃહસ્થ ધર્મમાંય અમારે ઉપદેશ તો ધર્મનો જ દેવાનો છે, પણ ગૃહસ્થાઈનો ઉપદેશ દેવાનો નથી. ગૃહસ્થધર્મ એટલે ગૃહસ્થપણામાં રહીને પણ શક્ય એટલો ત્યાગ કરવો. સાધુ બન્યા વિના પણ બને તેટલા પાપથી વિરામ પામવું તેનું નામ ગૃહસ્થધર્મ. સાધુને માટે મહાવ્રત અને ગૃહસ્થને માટે અણુવ્રત, પણ હિંસાદિક પાપોથી વિરામ પામવા સિવાયની વાત છે ? નહિ જ. વિચારો કે, 'મહાવ્રતોનો અભિલાષી અણુવ્રતોનું પાલન કેવું કરે?' અને 'મહાવ્રતધારી મહાત્માઓ ઉપર પણ અમે ઉપકાર કરીએ છીએ, માટે અમારા કહ્યામાં સાધુઓએ રહેવું જોઈએ' આવું માનનારે કદાચ અણુવ્રતો ઉચ્ચાર્યા હોય, તોય તેનું પાલન તે કેવું કરે ? માટે સમજો કે અર્થ અને કામની લાલસા ઉપર અંકુશ આવ્યા વિના અને મોક્ષ માટે સંયમધર્મની પ્રધાનતા હૃદયમાં જચ્યા વિના, થોડો પણ ધર્મ સાચી રીતિએ જીવનમાં નહિ આવે.

અર્થ અને કામની કારમી લાલસા, એ અનીતિનું મૂળ છે. એ લાલસા આજે એટલી બધી વધી ગઈ છે કે, જેનું વર્ણન કરવામાં આવે તો તે સાંભળનારાઓને મન પણ બહુ કારમું થઈ પડે 'અનીતિ બરાબર કરવી, પણ તે એવી રીતે કરવી કે આપણને કોઈ અનીતિમાન કહે નહિ અને આપણે નીતિમાન તરીકે પંકાવા માટે

અનીતિ સાથે તેને છૂપાવનારાં જે જે પાપો કરવા પડે તે કરવા, એમાં વાંધો નહિ એને તો આજે આવડત, હોંશિયારી અને હિંમતશીલતા મનાય છે ને ? ખરેખરો નીતિમાન તો આજે શોધવોય ભારે પડે તેમ છે. છતાં કોણ પોતાને અપ્રામાણિક કહે છે ? અપ્રામાણિક છતાં પ્રામાણિક તરીકે મૂછ ઉપર તાલ દઈને ફરવું એ હિંમત વિના બને ?

**સભા**: હિંમત તો ખરી જ ને ?

**પૂજ્યશ્રી** : બરાબર છે. હિંમત ખરી, પણ ડૂબાવનારી ! આથી જ હું કહું છું કે તમારામાં હિંમત નથી એમ નહિ પણ ધર્મની ગરજ નથી. જેનામાં ધર્મની ગરજ હોય, ધર્મની સાચી અભિરૂચિ હોય, તે હિંમત અને આવડત વગેરે બધુ એવા ઉપયોગમાં વાપરે, કે જેથી તે પાપથી પાછો હઠતો જાય અને મોક્ષની નિકટ પહોંચતો જાય. અવસરે ભૂલપાત્ર બનેલ સાધુને પણ એ કહેવાજોગું મર્યાદામાં રહીને કહી દે ! એવું એ બોલે કે સાધુ સમજી જાય; યોગ્ય સાધુની ભૂલ સુધરી જાય અને અયોગ્ય વેષધારીને પણ એમ થઈ જાય કે, 'અહીં પોલ નહિ ચાલે !'

### દેવ-ગુરુના સાચા સેવક બનો

તરવું હોય તો 'દેવ-ગુરુના ઉપકારક અમે' એવી ઘેલછા છોડો અને દેવ-ગુરુના સેવક બનો. દેવની પૂજા કરો અને ગુરુની સેવા કરો, તે તમારા ઉપકાર માટે કરો ! એ તારક છે, એમ સમજીને સેવા કરો ! દેવ અને ગુરુને પોતાના યોગે નભનારા માનનારા અજ્ઞાન છે. શ્રી વીતરાગની વીતરાગતા પામવા માટે શ્રી વીતરાગ પરમાત્માની પૂજા કરો નિર્ગ્રંથની નિર્ગ્રંથતા મેળવવા માટે નિર્ગ્રંથોની સેવા કરો કારણકે વીતરાગતા પામવા માટે નિર્ગ્રંથતા જરૂરી છે. એમ માનો કે, 'હું કમનસીબ છું કે સંયમધર્મની આરાધના સ્વયં આદરીને કરી શકતો નથી, તો મારી જે કાંઈ પુણ્યે મળેલી સામગ્રી છે, તે સંયમધારી મહાપુરુષોની સંયમયાત્રામાં કામ લાગો અને એ રીતે મારી સંયમધર્મની આરાધના હો !'

સંયમ ધર્મની આચરણા સાધુઓ કરે, પણ ગૃહસ્થોય સંયમધરની ભક્તિ આદિથી સંયમ ધર્મની આરાધના કરી શકે છે. સંયમ ધર્મની આરાધના હરકોઈ આત્મા કરી શકે છે. સંયમ ધર્મની

આચરણા કરવાને માટે જે અશક્ત હોય, તે પણ શ્રદ્ધાસંપન્ન હોય તો સંયમ ધર્મની આરાધનાથી વંચિત હોય જ નહિ; કારણકે સંયમ ધર્મીઓની ભક્તિ, એય સંયમ ધર્મની આરાધના છે; અને સંયમ ધર્મીઓની અનુમોદના એ ય સંયમ ધર્મની આરાધના છે. એટલું જ નહિ પણ તરવાની ભાવનાથી સંયમ ધર્મીઓની ભક્તિ કરનારાઓની અનુમોદના કરવી એય સંયમ ધર્મની આરાધના છે.

### આચરણા ન હોય તો પણ આરાધના ક્યારે ?

આચરણા વિના પણ આરાધના થઈ શકે છે, પણ તે ક્યારે ? એ સમજવું પડશે. એ સમજો અને સંયમ ધર્મની આચરણા તમારાથી ન બની શકે તોય સંયમ ધર્મની આરાધનાથી વંચિત ન રહો. સંયમ ધર્મની આરાધનાનો લાભ આચરણા વિના પણ મળતો હોય, તોય નથી જોઈતો, એમ તો નથીને ?

**સભા:** એ તો ઘણું સરસ :

**પૂજ્યશ્રી** : આ તો ઘણું સરસ છે જ, પણ તમારું હૈયું સરસ બનવું જોઈએ ને ? સંયમ ધર્મની આરાધના હરકોઈ હાલતમાં હરકોઈ આદમી હરકોઈ સમયે કરી શકે છે; આચરણા વિના પણ આરાધના શક્ય છે, પણ તે ક્યારે ? એજ મોટી વાત છે ! સંયમધર્મની સાચી અભિરૂચિ પ્રગટે તો આ બને. સાચી અભિરુચિ પ્રગટે એટલે શું થાય, એ જાણો છો? જે આત્મા શક્તિસંપન્ન હોય તે તો સ્વયં આચરણા દ્વારા આરાધના કરે; જેનાથી એ બને નહિ તે સંયમ ધર્મીઓની અને સંયમના અર્થી આત્માઓની ભક્તિ દ્વારા સંયમ ધર્મની આરાધના કરે; સંયમી આત્માઓને સંયમપાલન માટે આવશ્યક વસ્તુઓ નિર્દોષપણે પૂરી પાડે; વળી સંયમના અર્થીઓ કયા કારણસર સંયમ ધર્મની આચરણાથી વંચિત રહ્યા છે ? તે શોધી કાઢી પોતાનાથી શક્ય હોય તો તે કારણો દૂર કરવાને તે ચૂકે નહિ; અને એટલીય જેની શક્તિ ન હોય તે સંયમ ધર્મીઓનો અને ભક્તિ કરનારાઓનો સાચો અનુમોદક બનીને સંયમ ધર્મની આરાધના કરી શકે છે. આ બધું સંયમ ધર્મની સાચી અભિરુચિ પ્રગટી હોય તો જ બને. શરીરે પાંગળા અને પૈસે તદ્દન ગરીબ પણ આરાધનાથી વંચિત ન રહી જાય તેવું આ શાસને દર્શાવ્યું છે; પણ જેમને આરાધના કરવી હોય તેવાઓને માટે જ આ બધું કામનું છે.

## કુપ્રચારોથી સાવધ રહો

સંયમધર્મ પ્રત્યે હૃદયનો પૂજ્યભાવ-આદરભાવ નથી, માટે જ 'સાધુઓના ઉપર અમે ઉપકાર કરીએ છીએ.' એવી ભાવના આવે છે.

**સભાઃ** પણ એવા થોડા છે.

**પૂજ્યશ્રી** : થોડામાંથી જ ઘણા થાય ને ? આપણો ઇરાદો તો એ છે કે થોડા પણ એવા ન રહે. એય ભક્તિનો હેતુ સમજે, વિરાધનાથી બચે અને આરાધક બને એમ આપણે તો ઇચ્છીએ છીએ. 'ભક્તિ આત્મસેવા માટે જ છે' એમ સમજીને અજ્ઞાનાદિના યોગે ઉંધી માન્યતાથી નાહકની વિરાધનામાં જેઓ ડૂબતા હોય તે ન ડૂબે અને આરાધનાથી તરે એમ તો દરેક ધર્મી ઇચ્છે જ અને સાચા ધર્મીઓ એમ જ ઇચ્છે; આમ છતાંપણ જેઓ ઇરાદાપૂર્વક આ જાતનો કુપ્રચાર કરે છે તેઓને સ્વપરના હિતની ખાતર ઓળખી લેવાની પણ ખાસ જરૂર છે.

આજે એવાઓ પણ આ સમાજમાં પાક્યા છે કે જેઓ આખા શાસનના ક્રમને ફેરવવા માંગે છે. સર્વત્ર પોતાનું આધિપત્ય ઇચ્છે છે. સંયમ ધર્મની ભાવનાઓને નાબૂદ કરી અર્થ-કામની ભાવનાઓને પોષણ મળે તેવું વાતાવરણ એમને સર્જવું છે. એ ધ્યેયનું આ તો પગથીયું છે. ભગવાનને આપણે પૂજીએ છીએ અને સાધુઓને આપણે આહારપાણી વગેરે આપીએ છીએ, એટલે 'આપણે છીએ તો દેવ પૂજાય છે અને સાધુઓને અન્નપાનાદિ મળે છે' આમ કહીને તેઓ દેવ-ગુરુના ઉપકારક હોવાની ઝેરી ભાવનાનો પ્રચાર કરી રહ્યા છે.

જ્યાં 'અમે દેવ-ગુરુના ઉપકારક છીએ' એવી ભાવના આવી એટલે ભક્તિ ગઈ જ સમજો. પછી સંયમધર્મ કરતાં ગૃહસ્થધર્મની પ્રધાનતા લાગે અને સાધુઓને આજ્ઞામાં રાખવાની વૃત્તિ સહેજે ઉત્પન્ન થાય. આમ શાસનનો ક્રમ ફરે કે નહિ ? તેવા માટે તો ફર્યો જ સમજો. વળી ધર્મ કરતાં અર્થ-કામની સામગ્રીની પ્રધાનતા મનાય, એટલે અર્થકામની લાલસાયે વધે; માટે એવા પાપાત્માઓથી સાવધ બનો એ પણ અકલ્યાણથી બચવા માટે જરૂરી છે.

## પ્રવચનદાન અને શ્રવણ અનુપમ આરાધના ક્યારે ?

સારા પ્રસંગને કે ખોટા પ્રસંગને જેમ-જેમ ખીલવો તેમ તેમ નવું નવું નીકળ્યા કરે પણ બુદ્ધિ ઠેકાણે હોવી જોઈએ. જેની બુદ્ધિ

ઠેકાણે ન હોય, તે તો સારામાં સારી કથા પણ એવા ભાવે વાંચે કે ન એનું કલ્યાણ થાય કે ન તો સાંભળનારનું કલ્યાણ થાય. કલ્યાણકારી વક્તા તે, કે જે બોલતો જાય અને કર્મ નિર્જરતો જાય. વક્તા બોલવા બેસે ત્યારે સ્વપર-કલ્યાણની ભાવનાઓથી ઓતપ્રોત હોવો જોઈએ. સ્વપર માટેના કલ્યાણકારી માર્ગનો ભોમિયો અને સ્વપર કલ્યાણકારી માર્ગની ભાવનાથી તરબોળ બનેલો વક્તા બોલતો જાય અને કર્મ નિર્જરતો ન જાય, એ બને નહિ. વક્તાનો આત્મા જેમ જેમ તે બોલતો જાય તેમ તેમ કર્મભારથી હલકો બનતો જાય; અને લઘુકર્મી શ્રોતાનો આત્મા પણ એવા વક્તાના બોલે-બોલે કર્મભારથી હલકો બનતો જાય; પ્રવચનદાન અને પ્રવચન શ્રવણ, એ પણ અનુપમ કોટિની આરાધનાનો જ એક પ્રકાર છે. સ્વપર કલ્યાણકારી માર્ગનો જાણ વક્તા, સ્વપર કલ્યાણની જ એક માત્ર અભિલાષાથી યથાવિધિ દેશના દે અને શ્રોતાઓ પોતાની અયોગ્યતાના કારણે ન પણ પામે અથવા પોતાની દુષ્ટબુદ્ધિના કારણે દુષ્ટકર્મનું ઉપાર્જન કરે, તોય વક્તાને એકાન્તે લાભ જ થાય, એમ આ શાસન કહે છે. શ્રોતાઓને લાભ થાય તો જ વક્તાને લાભ થાય, એવો નિયમ જ્ઞાનીઓ પાસે નથી.

### માર્ગનો મર્મ પામ્યા વિના પાટે ન બેસાય

પણ વક્તાને માટે જવાબદારી ઓછી નથી. પાટે ચઢી બેસે અને માર્ગનું ભાન ન હોય તો ? માર્ગનું ભાન હોય, પણ ધ્યેય માનપાનનું હોય તો ? એ નકામો. **માર્ગનું ભાન અને સ્વ-પર-કલ્યાણનું જ ધ્યેય, આ બંનેય જોઈએ.** માર્ગના ભાન વિનાના વક્તામાં દુષ્ટબુદ્ધિ ન હોય, તોય એ સ્વ-પરનું કલ્યાણ કરી શકે નહિ. ઉલટું કર્મબંધન થાય. આજ્ઞાનો એ ભંજક બને અને અજ્ઞાનતાના યોગે ઉત્સૂત્રભાષી બને. પાપનો ડર હોય, આજ્ઞાની વિરાધનાનો ડર હોય, ઉત્સૂત્રભાષણનો ડર હોય, તો આજે જેને તેને પાટે ચઢી બેસવાની વૃત્તિ થાય છે, તે ન થાય. એમ થાય કે પાટે બેસવાની લાયકાત જોઈએ ! પણ માનપાનની લાલસા લાયકાતની વાત ભૂલાવી દે છે. વ્યાખ્યાનદાનનું આખું ધ્યેય ભૂલાઈ જાય છે. ઉત્સૂત્ર ભાષણની, એટલે કે ઉત્સૂત્ર ભાષણ ન થઈ જાય તેની તેને કાળજી હોય, તે માર્ગનો મર્મ પામ્યા વિના પાટે બેસવા જ કેમ ઇચ્છે ? આજે

ગમે તે આદમી, લગભગ દરેક વાતમાં, ન જાણતો હોય તોય અભિપ્રાય આપવા તત્પર બની જાય છે, તેમ સાધુઓ પણ કેટલાક ઝટ પાટે બેસવાની જ ચિન્તામાં પડ્યા હોય છે અને અવસર આવે તો બેસી જાય છે ! પછી સંઘમાં જુદા જુદા સૂર નીકળે, એમાં નવાઈ શી છે ? તેમાં ય શ્રોતાઓ અજ્ઞાન હોય, એટલે પરિણામ શું આવે ? પરિણામ એ જ આવે કે અનેક ઉત્તમ થવાને લાયક આત્માઓ પણ કુસાધનના યોગે ઉન્માર્ગે ચઢી જાય; અને ઘણાઓ ઉભગી જવાના કારણે સુયોગથી વંચિત પણ રહી જાય.

પ્રસંગ ઉપર વિચારો ઉત્પન્ન થવામાં વાંચનાર-સાંભળનારની લાયકાતની મોટી અપેક્ષા રહે છે. સદ્‌બુદ્ધિ હોય તો ખરાબ પ્રસંગ પણ એવી અસર નિપજાવે કે - 'એવી ખરાબીથી આપણે બચવું.' અને દુર્બુદ્ધિ હોય તો ઉત્તમમાં ઉત્તમ પ્રસંગ માટે પણ એમ થાય કે - 'ગપ્પા' માટે શ્રોતા અને વક્તા બંનેયમાં લાયકાત જોઈએ. લાયકાત હોય તો જ બંનેયનું કલ્યાણ થાય. નાલાયક શ્રોતા કરતાં નાલાયક વક્તા પ્રાયઃ ઘણા જ અનર્થનું કારણ બને છે. વક્તામાં લાયકાત ન હોય, વક્તામાં નાલાયકી હોય તો વધારે નુકસાન થાય, કારણકે એ પોતાની નાલાયકીને પ્રદર્શનમાં મૂકે છે !



# સેવામાં કચાશ નહિં ને વાત્સલ્યમાં ઉણપ નહિં

## ૪

શ્રીમતી અપરાજિતા દેવી એક સ્ત્રી હોવા છતાં શોક્યના પુત્રનો જે રીતે ઉત્કર્ષ કરે છે, તે તેઓના અમાપ વાત્સલ્યનું સૂચક છે. સાથે સાથે સદાય સેવામાં સજ્જ રહેનારા શ્રી લક્ષ્મણજીએ જે ઉત્તર આપ્યો છે તે પણ અનુપમ છે.

નિન્દા પચાવવી કઠણ છે તો પ્રશંસા પચાવવી તેથી ય વધુ કઠણ છે. આજે જ્યારે ખોટી પ્રશંસા સાંભળવાનો ચડાવ વધતો જાય છે ત્યારે આ વાત ખૂબ મહત્વની છે.

શ્રી લક્ષ્મણજીના જીવનમાં સાચો સેવકભાવ એક આદર્શરૂપ હોવાનું વર્ણવવાપૂર્વક પ્રવચનકાર પૂજ્યપાદ શ્રીજીએ ' સંયુક્ત કુટુંબના બળનો નાશ પામવાનાં કારણો તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. અને દુનિયામાં ચાલતા અપપ્રચારોની સામે સાચીવાતોને યોગ્ય રીતે પ્રચારિત કરવા ઉપર મૂકાયેલો ભાર ઘણું કહી જતો હોય તેવું લાગે છે.

-શ્રી

# સેવામાં કચાશ નહિં ને વાત્સલ્યમાં ઉણપ નહિં

- ★ અપરાજિતાદેવીની કેવી અનુપમ ઉત્તમતા
- ★ નિંદા કરતા પ્રશંસા વધારે ભયંકર છે
- ★ ખોટી ય પ્રશંસા સાંભળવાનો અનર્થકારી ચડસ
- ★ પોતાની પ્રશંસાનો શ્રી લક્ષ્મણજીએ વાળેલો ઉત્તર
- ★ સેવ્ય બનવાની ઈચ્છા પ્રશંસાપાત્ર છે, પણ સેવા લેવાની લાલસા અધમ છે
- ★ આજ્ઞાની આરાધના વિના સાચી સેવા  થાય નહિ
- ★ શ્રી લક્ષ્મણજીના જીવનમાંથી શીખવા જેવો સેવકભાવ
- ★ સાચી વાતો પદ્ધતિસર બહાર મૂકવાની આજે જરૂર છે
- ★ સેવામાં કચાશ નહિ, વાત્સલ્યમાં ઉણપ નહિ
- ★ આજે સંયુક્ત કુટુંબનું બળ કેમ ગયું?
- ★ ધર્મના શરણે આવેલાને વર્તમાનમાં સુખ અને પરલોક સુંદર

# ૪

## સેવામાં કચાશ નહિં ને વાત્સલ્યમાં ઉણપ નહિં

### શ્રી અપરાજિતા દેવીની કેવી અનુપમ ઉત્તમતા

અત્યારે પ્રસંગ એ ચાલે છે કે અપરાજિતાદેવી શ્રી લક્ષ્મણજીના મસ્તક ઉપર વારંવાર હાથ ફેરવે છે, ચુંબન કરે છે અને એવો ભાવ વ્યક્ત કરે છે કે 'હે વત્સ ! હું ભાગ્યવાન છું કે - મને આજે તારા દર્શન થયા. અટવીના કષ્ટો સહી, બધે વિજય મેળવીને તું અહીં આવ્યો. તે હમણાં તારો નવો અવતાર થયો એમ હું માનું છું. વિદેશગમન કરી વિજય મેળવીને આવેલા તને જોઈને કોને આનંદ ન થાય ? મારા દીકરા રામે અને વધૂ સીતાએ અટવીના ભયંકર કષ્ટો તારી સેવાથી વહન કર્યા છે. હે પુત્ર ! જો તું ત્યાં સાથે ન હોત, તો રામ-સીતાની શી હાલત થાય ?' વાત પણ ખોટી નથી. શ્રીલક્ષ્મણજીના જેવી સેવા કરનારો ભાઈ મળવો દુનિયામાં કઠીન છે. શ્રી લક્ષ્મણજી મહાપુણ્યવાન છે, વાસુદેવ છે અને શક્તિસંપન્ન છે, છતાં વિનીત છે. શ્રી લક્ષ્મણજી શ્રી રામચંદ્રજીને પિતા સમાન અને શ્રીમતી સીતાદેવીને માતા સમાન માનતા હતા. અખંડપણે તેમની સેવા જ કરતા હતા. રામ-સીતાની અટવીમાં ચોકી એ જ કરતા હતા; એટલે અપરાજિતાદેવી પ્રશંસા કરે છે તે તત્ત્વ વગરની નથી. છતાં આ પ્રસંગમાં બંનેયની ઉત્તમતા સ્પષ્ટ દેખાય છે. પ્રશંસા કરનારની અને જેની પ્રશંસા થઈ રહી છે તે શ્રીલક્ષ્મણજીની ! પ્રશંસા કરનાર એક સ્ત્રી છે. એ જેની પ્રશંસા કરે છે તે પોતાનો દીકરો નથી, પણ સપત્નીનો દીકરો છે. સપત્નીના સંતાનનો ઉત્કર્ષ બાઈઓથી ન ખમાય એવી દુનિયાની માન્યતા છે; જ્યારે અહીં સપત્નીના દીકરાનો ઉત્કર્ષ સ્વયં કરે છે. સ્ત્રીસ્વભાવ સુલભ ઈર્ષ્યા અને આ ઉદારતા આ બેયને સાથે રાખીને વિચારજો. પ્રશંસાના શબ્દો પણ વિચારવા જેવા છે. પોતાના પેટના સંતાનો કરતાં

સપત્નીના સંતાનો સારાં એવું સ્ત્રીથી બોલાય ? આ કહે છે કે 'તારી જ પરિચર્યાથી મારો પુત્ર અને મારી પુત્રવધુ અટવીનાં કષ્ટોને લંઘી શકયા છે ! અર્થાત્ તારા જ પ્રતાપે આજે હું આ બેના દર્શન કરવાને ભાગ્યશાળી નિવડી શકી છું.

**નિંદા કરતા પ્રશંસા વધારે ભયંકર છે**

આ પ્રશંસાનો શ્રી લક્ષ્મણજીએ જે જવાબ વાળ્યો છે તે પણ તેમની ઉત્તમતાનો પ્રતિભાસ કરાવનારો છે. આવા પ્રસંગો કસોટીના ગણાય. સેવાનું ફળ આવા પ્રસંગે હારી જતાં વાર લાગે નહિ. 'હા. મારા યોગે જ એ' આટલું જો હૈયામાં આવી જાય તો મામલો ખતમ પણ ભાગ્યવાનોને એ આવે જ નહિ. નિંદા સાંભળી લેનારા હજી ઘણા પણ પ્રશંસામાં નહિ મૂંઝાનારા થોડા. પોતાની નિંદા થતી સાંભળી ગુસ્સો ન આવવા દેવો અને સમતા જાળવવી એ મુશ્કેલ જરૂર છે, પણ પ્રશંસા સાંભળતા આત્મા લેપાય નહિ, મદે ચઢે નહિ, મદે ચઢી એલફેલ બોલે નહિ એ વધારે મુશ્કેલ છે. નિંદા કરતાં પણ પ્રશંસાના યોગે આત્મા ઝટ ભાનભૂલો બની જાય છે એ દૃષ્ટિએ જ નિંદા કરતાં પ્રશંસા ભયંકર છે.

આજે ખોટી પ્રશંસાએ સમાજમાં ઓછો સડો ઘાલ્યો છે ? વેષધારીઓ, ચારિત્રહીનો અને ઉત્સૂત્રપ્રરૂપકો આજે સમાજમાં લહેરથી કેમ જીવી શકે છે ? સુસાધુઓ કરતાં એવાઓને સમાજમાં કેટલીકવાર વધારે આદર કેમ મળે છે ? શ્રીમન્તો એવાઓની પાસે કેમ આંટા ખાય છે ? અને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે બહુમાન વિનાના શ્રીમન્તો તથા બીજાઓ - 'આજે અમે જ સમાજના ખરા કલ્યાણ વાંછુ છીએ' એવા મદમાં છકેલા કેમ દેખાય છે ? આ વસ્તુ વિચારવા જેવી છે.

વેષધારીઓ, ચારિત્રહીનો અને ઉત્સૂત્રપ્રરૂપકોની પાસે એક કીમિઓ છે. પહેલી વાત તો એ કે આ વેષ છે અને બીજી વાત એ કે કીમિઓ છે. એની પાસે જાય તેને એ પાણી-પાણી કરી નાંખે. ભારોભાર પ્રશંસા કરે, ભાટવેડા ય કરે અને ભાંડવેડા ય કરે. પેલાની અને એને જ ગમતું હોય તેની પ્રશંસા કરવામાં ભાટ બને અને એને ન ગમે તેવાની નિંદા કરવામાં ભાંડ બને.

ઘણીવાર કેટલાક ભદ્રિક આત્માઓને એમ થાય છે કે 'આ શ્રીમંતો કે જેમને દેવ, ગુરુ કે ધર્મની પરવા નથી, અવસરે ધર્મના વિરોધમાં જ જે ઉભા રહે છે, તેવાઓ પણ ત્યાં કેમ જાય છે ?' પણ તપાસ કરીએ તો થાય કે, તેઓ ત્યાં જાય જ, ત્યાં જવામાં પણ એમને દુનિયાદારીનો અગત્યનો માનેલો લાભ મળે છે. પેલા વેષધારીએ ભાટવેડા કે ભાંડવેડા કરવાની આવડત કેળવી લીધી હોય છે. પેલા જાય એટલે એ આવડતનાં દ્વારો ખૂલી જાય.

'ઓહો તમે ? તમે ન હોત તો આ ગામમાં ધર્મ હોત ? તમારા વિના આ દેહરાં ને આ ઉપાશ્રયો સાચવે કોણ ?' પાસે બેઠેલા આદમીઓને ઉદ્દેશીને પણ કહે કે 'આ શેઠ એટલે ફલાણા ગામનું નાક, આવડત ઘણી, પેઢીના કામમાંથી ફુરસદ નથી મળતી, તોય અહીં આવ્યા. એટલી તો ધર્મની લાગણી છે.' આમ અનેક પ્રકારે ભાટવેડા કરે. પછી વાતચીતમાં પેલો શ્રીમંત કહે કે 'અમુક સાધુ તો કાંઈ નહિ' એટલે આ વેષધારી ભાંડવેડા શરૂ કરે અને અવસરે ધર્મના સિદ્ધાંતનો અપલાપ કરીને પણ ધર્મસંરક્ષક મહાપુરુષોની ય નિંદા કરે ! આવા ભાટવેડા અને ભાંડવેડા કરી જાણનારા પાસે દેવ-ગુરુ-ધર્મના વિરોધી શ્રીમંતો પણ જાય એમાં નવાઈ પામવા જેવું છે શું ?

**સભા** : કેટલીકવાર પેલાં મહારાજ કહે, તે ધર્મ ખાતામાં એવાઓ છૂટે હાથે નાણાં આપે છે, તે કેમ?

**પૂજ્યશ્રી** : એ બહુ મોટી વાત નથી. પેલાની પ્રશંસાથી એક તો એવા દબાયેલા હોય અને વળી નામનાના નિર્મોહી તો હોય નહિ. આપે તો વધારે પ્રશંસા થવાની એ નક્કી વાત છે. મહારાજને નારાજ કરવા તૈયાર ન હોય. એમ પણ એવાઓ જાણતા જ હોય છે કે જો મહારાજ કહે છે અને ન આપ્યું તો આપણી નિંદા કર્યા વિના પણ મહારાજ રહેવાના નહિ ! આવા વિચારથી પણ આપે એ અશક્ય નથી. વળી એકાદ સ્થાન એવું જવા-આવવાનું રાખવાને માટે પૈસા તો ખર્ચવા પડે. એમ એકાદ સ્થાને જતા-આવતા હોય, તો એ ધર્મવિરોધના કલંકને ઢાંકવાની ચાદર છે. એવા આંચળાને બનતા સુધી કોઈ ફગાવી ન દે; કારણકે જૈન સંઘમાં તો એમને ગણાવું છે ને ?

### ખોટી ય પ્રશંસા સાંભળવાનો અનર્થકારી ચડસ

**સભા**: એવા ભાટ, ભાંડ જેવા સાધુ પાસે સારા સારા પણ જાય છે ને ?

**પૂજ્યશ્રી** : એ અશક્ય નથી. કેટલાક અણસમજથી જતા હોય, કેટલાક વ્યવહારથી જતા હોય, કેટલાક આપણે તો બધે જવું એમ માની ત્યાં પણ જતા હોય અને કેટલાક એમની મીઠાશથી આ મહારાજ સારા કે કડવું કહે જ નહિ એમ માનીનેય જતા હોય. આ રીતે અનેક પ્રકારે કુગુરુઓ પાસે બીજાઓ જતા હોય એ બનવાજોગ છે. વાત એ છે કે એવા કુસાધુઓ સામાન્ય રીતે ખોટી પ્રશંસા સાંભળવાના દુર્ગુણને એવો પોષ્યા કરે છે કે સુસાધુની સાચી અને એકાંતે હિતકારી પણ વાત ઘણાને રુચતી નથી. લોકોને ગમે અને લોકોને ફાવે તે બોલવું, એ વિચારનો આજે એટલો કારમો અમલ થઈ રહ્યો છે કે લોક સુસાધુથી પરાઙ્મુખ બનતો જાય છે. પ્રશંસા સાંભળીને ખુશ નહિ થનારા અને પોતાના દોષ ચિંતવનારા મળવા દોહાલા છે. આજે તો ખોટી પણ પ્રશંસા સાંભળવાનો લગભગ ચડસ વળગી ગયો છે એમ કહીએ તો પણ ચાલે; અને એથી પણ વેષધારીઓને, સ્વેચ્છાચારીઓને અને ઉત્સૂત્ર પ્રરૂપકોને ફાવતું આવ્યું છે. પ્રશંસાની લોલુપતા આત્માને સન્માર્ગથી ભ્રષ્ટ કરનારી છે અને ઉન્માર્ગમાં જોડનારી છે. પ્રશંસાની લોલુપતારૂપ પિશાચિનીની લપ વળગી એટલે સમજો કે એ પોતાની જાતનો ય દુશ્મન બન્યો અને બીજાઓને માટે પણ એ દુશ્મનની ગરજ સારવાનો; માટે એનાથી બહુ સાવધ રહેવા જેવું છે. પ્રશંસા સાંભળવાની લાલસા સારા આત્માને પણ સહજમાં ઉન્માર્ગે ચઢાવી દે છે.

### પોતાની પ્રશંસાનો શ્રી લક્ષ્મણજીએ વાળેલો ઉત્તર

શ્રી રામચંદ્રજીની જનેતા અપરાજિતાદેવીના મોઢેથી પોતાની પ્રશંસા સાંભળીને શ્રી લક્ષ્મણજીને મદ ચઢતો નથી. પોતે તેવી પ્રશંસાને લાયક હોવા છતાંપણ એમને એમ નથી થતું કે બરાબર છે. મેં કાંઈ સેવા કરવામાં કમીના રાખી નથી. શ્રી લક્ષ્મણજી પોતાની પ્રશંસા સાંભળીને એ જ વિચારે છે કે 'પ્રશંસા કરવા લાયક તો

વડિલબંધુ શ્રી રામચંદ્રજી અને ભાભી સીતાદેવી છે. મેં તો તેમને કષ્ટમાં નાખ્યાં હતા. વૈરીઓને જીતનાર પોતે નથી પણ શ્રી રામચંદ્રજી છે એમ પણ શ્રી લક્ષ્મણજી કહે છે. શ્રી લક્ષ્મણજીએ આપેલો ઉત્તર ટૂંકો છતાં પણ ખૂબ મનન કરવા જેવો છે. શ્રી લક્ષ્મણજી પોતાની પ્રશંસાના જવાબમાં અપરાજિતાદેવીને એવા ભાવનું કહે છે કે.

*"लक्ष्मणोऽप्यवदत्ताते,-नेवार्येणातिलालितः ।*
*त्वयेव सीतादेव्या च, वनेऽप्यस्थामहं सुखम् ॥१॥"*
*"स्वेच्छादुर्ललितैर्मे चा,-र्यस्य वैराणि जज्ञिरे ।*
*सीतापहारो मन्मूलः किमन्यद्देवी ! गद्यते ? ॥२॥"*
*"परंतु युष्मदाशीर्भि, -र्लंघित्वा वैरिसागरम् ।*
*मातः ! सपरिवारोऽपि, क्षेमेणार्य इहाययौ ॥३॥"*

"હે માતા ! આપ કહો છો કે મારા પૂજ્ય વડિલબંધુ શ્રી રામચંદ્રજી અને પૂજ્ય ભાભી શ્રીમતી સીતાદેવી વનવાસના કષ્ટોને લંઘી શક્યા તે પ્રતાપ મારી જ પરિચર્યાનો છે. પણ ખરી વાત તો એ છે કે, 'પૂજ્ય ભાઈ શ્રી રામચંદ્રજી એ અને શ્રીમતી સીતાદેવીએ મારું લાલનપાલન કરવામાં લેશ પણ કમીના રાખી નથી. પિતાજીની માફક વડીલ બંધુએ અને આપની માફક શ્રીમતી સીતાદેવીએ મારું ઘણું જ લાલન કર્યું છે. અને એથી જ વનમાં પણ મેં તો સુખ જ અનુભવ્યું છે. બાકી મેં તો તે બંનેયને કષ્ટમાં જ ઉતાર્યા છે. મારા યથેચ્છ દુર્લલિતોના જ પ્રતાપે વડિલબંધુને વૈરો ઉત્પન્ન થવા પામ્યાં અને શ્રીમતી સીતાદેવીનું અપહરણ થવાનું મૂળ હું છું. હે માતા ! આનાથી વધારે શું કહું ? પણ માતા ! એ તારી આશિષોનો જ પ્રતાપ છે કે મારા પૂજ્ય બંધુ સપરિવાર ક્ષેમકુશળ વૈરીસાગરને લંઘીને અહીં આવી શક્યા છે. અર્થાત્ મારા કારણે તો વૈર બંધાયા. શ્રીમતી સીતાદેવીનું અપહરણ થયું. તેમને અનેક કષ્ટો સહવાં પડ્યા પણ આપની આશિષોના પ્રતાપે ભાઈ વૈરીસાગરને લંઘીને ક્ષેમકુશળ સપરિવાર પાછા ફર્યા"

આવું શ્રી લક્ષ્મણજી કહે છે.

## સેવ્ય બનવાની ઈચ્છા પ્રશંસાપાત્ર છે, પણ સેવા લેવાની લાલસા અધમ છે

યાદ હોય તો શ્રી લક્ષ્મણજીએ રામ-સીતાની કરેલી સેવા આંખ સામે રાખીને આ ઉત્તર વિચારો. શ્રી લક્ષ્મણજીએ પોતે કરેલી સેવા યાદ રાખી નથી, પણ આપણે તો યાદ રાખવાની ને ? સેવકભાવ કેળવવામાં આવા પ્રસંગો ખૂબ સહાયક થઈ જાય, પણ સહાયક બનાવો તો ! સેવક બનવું છે કે સેવ્ય બનવું છે ?

**સભા**: સૌને સેવ્ય બનવાની જ ઇચ્છા હોય. સેવક બનવા કોણ ઇચ્છે ?

**પૂજ્યશ્રી** : પણ સેવ્ય બનવું હોય તો સેવક બન્યે જ છૂટકો છે. સેવક બન્યા વિના સેવ્ય નહિ બનાય. સેવ્ય સ્થાને પહોંચવાની ઇચ્છા હોવી જોઈએ, પણ સેવ્ય બની સૌની સેવા લેવાની લાલસા નહિ હોવી જોઈએ. સેવ્ય સ્થાને પહોંચવાની ઇચ્છા એ ઉત્તમતા પ્રાપ્ત કરવાની ઇચ્છા છે, જ્યારે સેવ્ય બની સેવા લેવાની ઇચ્છા એ અધમ લાલસા છે. એ અધમ લાલસા બની રહે ત્યાં સુધી સેવ્યપણું દૂર જ ભાગતું ફરે.

શ્રી અરિહંત બનવાની અભિલાષા થઈ શકે, એ અભિલાષાને જરૂર વખાણાય, પણ સમવસરણમાં બેસવાની, દેવતાઓ પાસે સેવા કરાવવાની અને લોકમાં પૂજાવા આદિની લાલસા ન જોઈએ. એ લાલસા અધમ છે. સેવ્ય બનવાની ઇચ્છા ખૂબ કેળવો, સેવ્ય બનવાની ઇચ્છાનું ખૂબ જતન કરો, સેવ્ય બનવાને માટે જીવનમાં થઈ શકે તેટલો બધો પરિશ્રમ કરવાને ચૂકો નહિ, પણ સેવા લેવાની લાલસા અંતરના એક ખૂણામાંય ન આવી જાય, એની કાળજી પૂરેપૂરી રાખજો ! સેવ્ય બનવાનું તે સેવા લેવા માટે નહિ. સેવા મળી જાય એની ચિંતા નહિ, પણ સેવા કરાવવાના ફાંફાં તમે ન મારો. સેવા કરાવવાના ફાંફાં મારનારા, સેવ્ય બની શક્યા ય નથી અને બની શકશે પણ નહિ.

સેવ્ય બનવાને માટે સેવા લેવાની લાલસાને જેમ ત્યજવી જોઈએ, તેમ ઉત્તમમાં ઉત્તમ કોટિનો સેવકભાવ પણ કેળવવો જોઈએ. સાચો સેવકભાવ સેવ્યભાવને પેદા કરે છે, પણ સેવક કોના બનવાનું ? તે નક્કી કરતાં વિવેક રાખજો. સેવક તેના જ બનવું કે જેની સેવા કરવાથી સેવ્ય બનાય. સેવ્યની સેવા વિના સેવ્ય બનાય નહિ. સેવ્ય કોણ ? રાગ અને દ્વેષથી મૂકાયેલા અનંતજ્ઞાનને પામેલા અને જગતને મોક્ષમાર્ગ દર્શાવનારા પરમાત્મા પહેલે નંબરે સેવ્ય છે. શ્રી સિદ્ધિપદને પામેલા અને આત્મસ્વભાવમાં રહેનારા પણ દેવતત્ત્વમાં જ ગણાય છે. બીજા નંબરે સેવ્ય ગુરુ. પહેલા દેવ અને

બીજા ગુરુ. મહાવ્રતાદિને ધરનારા, તેનું ધીરતાપૂર્વક પાલન કરનારા અને આજ્ઞા મુજબ મોક્ષમાર્ગની આરાધના કરવા સાથે એક માત્ર મોક્ષમાર્ગનો જ યથાશક્તિ પ્રચાર કરનારા ગુરુઓ બીજા નંબરે પૂજ્ય. આ બે પૂજ્યોની સેવા, આજ્ઞાની આરાધના એ જ ધર્મ. સેવ્યનું આ ધોરણ નક્કી કરો અને સેવા કરવામાં કમીના ન રાખો તો સેવ્ય ન બનો એ બને જ નહિ. દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણના સેવક બનનારા જ સેવ્ય બની શક્યા છે અને બની શકશે. સેવક બનવું નથી અને સેવ્ય બની જવું છે એ નહિ ચાલે.

**આજ્ઞાની આરાધના વિના સાચી સેવા થાય નહિ**

સેવ્ય બનવું એ સાધ્ય ખરું પણ સાધ્યને સાધવાનું સાધન કયું? સેવક બનવું તે ! કોના સેવક ? દેવ, ગુરુ, અને ધર્મના. તમે કોના સેવક છો ? નામના સેવક નહિ હો ! સાચા ! તમે પૂજા વગેરે કરો છો તેની મને ખબર છે. આજ્ઞા માને તે સેવક કે આજ્ઞાને ઉત્થાપે તે સેવક ? ઇરાદાપૂર્વક આજ્ઞા ઉત્થાપે તે સેવક નથી, પછી ભલેને તે પૂજાદિ કરતો હોય પૂજા કરવી પરંતુ આજ્ઞા માનવી નહિ - આ ક્યાંનો ન્યાય ? આજ્ઞાની આરાધના એ જ સાચી સેવા છે. શ્રી અરિહંતદેવની આજ્ઞા કઈ એ જાણો છો ? સેવક કહેવડાવવું અને આજ્ઞા જાણવાની દરકાર નહિ એ રીત છે ? આમ સેવ્ય બનાશે ? આજ્ઞાને જાણવાનો પ્રયત્ન કરે અને શક્તિ મુજબ આજ્ઞાનો અમલ કરવાને ચૂકે નહિ એ જ સાચો સેવક કહેવાય ! સેવા કોને કહેવાય એ પણ સમજો ! ત્રણ વાત થઈ. એક તો સેવ્ય કોણ તે નક્કી કરો, સેવ્યના સેવક બનવાનો નિર્ણય કરો અને સેવ્યની આજ્ઞા જાણવામાં તથા યથાશક્તિ આજ્ઞાની આરાધના કરવામાં બેદરકાર ન રહો ! આજ્ઞાની આરાધના એ જ સાચી સેવા છે ! આ વાત હૃદયમાં કોતરાઈ જવી જોઈએ. આરાધના કરવાની અને વિરાધનાથી બચવાનું. આરાધના શક્તિસામગ્રી મુજબ કદાચ થોડી થાય તો મૂંઝાવું નહિ, વધુ કરવાનો પ્રયત્ન કર્યા કરવો, પણ વિરાધનાથી સદાકાળ ચેતતા રહેવું, એ જ સેવ્ય બનવાનો એક માત્ર વાસ્તવિક ઉપાય છે.

સેવક બનવું પણ સેવાની ખોટી ખુમારી ન આવે તેથી સાવધ

રહેવું. એ ક્યારે ન આવે ? 'હું સેવા એમની કરું છું, પણ તે એમના ઉપર ઉપકાર કરવાને માટે નહિ, પરંતુ મારા ઉપર ઉપકાર કરવાને માટે જ.' આ બુદ્ધિ આવે તો ! સેવા દેવ-ગુરુની, પણ તે શાને માટે ? મારા કલ્યાણ માટે ! દેવ-ગુરુની સેવા વિના હું સેવ્ય નહિ જ બની શકું. મારે સેવ્ય બનવું હોય તો દેવ-ગુરુની સેવા કરવી જ જોઈએ. આ મનોવૃત્તિ જેના હૈયામાં ઘડાય, તે જ સાચી સેવા કરી શકે, વધારે સેવા કરું તો વધારે સુસ્વાર્થ સધાય અને થોડી સેવા કરું તો થોડો સુસ્વાર્થ સધાય તે નક્કી કરવું જોઈએ. સુસ્વાર્થ એટલે આત્માર્થ. આ બુદ્ધિ આવે તો દેવ-ગુરુ અમારાથી જ નભે છે એવી દુષ્ટ વાસના ન આવે એમ થાય કે 'દેવ-ગુરુ ન હોત તો મારું શુ થાત ? હું સેવા કોની કરત ? કોની સેવા કરીને સેવ્ય બનત ?' આરાધનાના નામે આશાતના કરનારા અને તરવાનું છોડી ડૂબવાનું ખરીદનારા ન બનો ! 'દેવ-ગુરુને નિભાવનારા અમે છીએ' - એમ માનનારા તરતા નથી, પણ ડૂબે છે. તરવું હોય તો દેવ-ગુરુના સેવક બનો. સેવક એટલે આજ્ઞાના આરાધક બનો અને એક જ વાત આંખ સામે રાખો કે 'મારે સેવ્ય બનવું છે, એ માટે જ હું સેવા કરું છું. દેવ-ગુરુ તો મહાઉપકારી છે. એ ઉપકારીઓએ જો તરવાનું સાધન ન બતાવ્યું હોત અને તરવાને માટે અવલંબન ન આપ્યું હોત, તો મારું શું થાત ?' કારણકે આ ભાવના હૃદયમાં સ્થાપિત કર્યા વિના દેવ-ગુરુની વાસ્તવિક સેવા થઈ શકવાની નથી.

### શ્રી લક્ષ્મણજીના જીવનમાંથી શીખવા જેવો સેવકભાવ

શ્રી રામચંદ્રજીની માતાએ શ્રી લક્ષ્મણજીની કરેલી પ્રશંસા ખોટી નહોતી, કારણકે શ્રી લક્ષ્મણજીની સેવામાં કમીના નહોતી; છતાં શ્રી લક્ષ્મણજીએ શું કહ્યું એ જુઓ ! સાચો સેવક તે, કે જે પોતાની સેવાના વર્ણન સાંભળવાને પણ ઇચ્છે નહિ. સાચો સેવક પોતે કરેલી સેવાને આગળ ન કરે, પણ પોતાની સેવામાં રહેલી ખામીને અને પોતાની ખામીને લઈને સેવ્યને પડેલી તકલીફને યાદ કરે. સાચા સેવકમાં સેવાનું અભિમાન ન હોય, પણ સેવામાં રહેલી થોડી પણ

ખામીનું દુ:ખ જરૂર હોય. પોતાની ખામી ન હોય, તે છતાંપણ સ્વામીને માથે આવેલી આફતમાં ભવિતવ્યતાના યોગે જ પોતે નિમિત્તરૂપ બની ગયો, તોય સેવક એને પોતાનો દોષ માન્યા કરે.

શ્રી લક્ષ્મણજીએ આ લાયકાત બરાબર કેળવી હતી. શ્રીમતી સીતાદેવીના અપહરણનો દોષ પણ પોતાને માથે શ્રી લક્ષ્મણજીએ લઈ લીધો. પ્રસંગ એવો બન્યો હતો કે કોઈ શ્રી લક્ષ્મણજીને દોષ દઈ શકે નહિ; છતાં કોઈ દોષ દેવા આવે તોય કહી શકાય કે, 'એમા મારો શો ગુન્હો ? મને ખબર નહોતી કે વંશજાલમાં કોઈ આદમી હશે. ખબર હોત તો હું એવા શસ્ત્રહીન અને મારી સાથે નહિ લડવાને આવેલાને મારત શાનો ? એક તો લડવા નહિ આવેલો અને વળી શસ્ત્રહીન, એને મારનાર તો વીરતાને લજવનારો છે; એટલે ભવિતવ્યતા જ એવી કે મારે એ જાળ પાસે જવું, ત્યાં સૂર્યહાસ ખડ્ગ જોવું, કૌતુકવશ હાથમાં લઈને અજમાયશ કરવાનું મન થવું, અજમાયશ માટે વંશજાલ ઉપર ઉપયોગ કરવો અને અજાણતા શંબુકનું શિર કપાવું ! શંબુકનું શિર કપાયા પછી પણ તેની માતા ચંદ્રણખા ત્યાં ન આવી હોત તો ? આવ્યા પછી પણ અમે હતા ત્યાં આવીને મોટાભાઈના રૂપથી પાગલ બની કામાધીન ન થઈ હોત તો ? તેની કામ વિવશતાને અમે આધીન ન બન્યા, એથી તેને કોપ ન ચડ્યો હોત તો ? કોપવાળી બનીને પણ તેણે તેના ભાઈ શ્રી રાવણની વિષય-કષાયની વૃત્તિ *ઉશ્કેરીને તેણે તેને શ્રીમતી સીતાદેવીના રૂપમાં આંધળો ન બનાવ્યો* હોત તો ! અને તે પછીય કૃત્રિમ સિંહનાદને સાંભળી શ્રીમતી સીતાદેવીને એકલા મૂકીને વડિલબંધુ યુદ્ધસ્થાને ન આવ્યા હોત તો ? અથવા યુદ્ધસ્થાને આવવું હતું, તો શ્રીમતી સીતાદેવીને સાથે લઈને આવ્યા હોત તો ? તો શ્રીમતી સીતાદેવીનું અપહરણ ન જ થાત, પણ સમજો કે ભવિતવ્યતા જ એવી કે એ બધું બન્યું.'

આવું શ્રી લક્ષ્મણજી કહી શકત કે નહિ ? અથવા શ્રી રામચંદ્રજી શ્રીમતી સીતાદેવીને વનમાં એકલા જ મૂકીને કૃત્રિમ સિંહનાદ સાંભળી યુદ્ધભૂમિમાં ચાલ્યા આવ્યા, એ વાતને મહત્ત્વ આપીને શ્રી રામચંદ્રજીની ભૂલથી જ શ્રીમતી સીતાજીનું અપહરણ થયું એમ શ્રી

લક્ષ્મણજી કહી શકત કે નહિ ? પણ નહિ.એ શ્રી લક્ષ્મણજી છે. ઉત્તમ આત્મા છે. પુણ્યવાન છે. આજનાઓ આમ કહેવાને ચૂકે નહિ. પણ કહોને કે આટલી સેવા જ આજનાઓ કરે નહિ ! શ્રી લક્ષ્મણજી તો માને છે કે મારી અટકચાળી વૃત્તિના પ્રતાપે જ શ્રીમતી સીતાદેવીનું અપહરણ થવા પામ્યું. મેં સૂર્યહાસ ખડ્ગને વંશજાલ ઉપર અજમાવી જોવાનું અટકચાળું જો ન કર્યું હોત તો કાંઈ બનત નહિ. શંબુક હણાત નહિ, તેની માતા ચંદ્રણખા વડીલ બંધુ આદિ અમે હતા ત્યાં આવત નહિ, તેને કામવિવશ બનવાનું નિમિત્ત મળત નહિ, એથી શંબૂકનો પિતા યુદ્ધ કરવા આવત નહિ એટલે ચંદ્રણખા પોતાના ભાઈ શ્રી રાવણની પાસે સહાયતા માંગવા જઈને વૈર વાળવાને માટે શ્રી રાવણની વિષયકષાયની વૃત્તિને ઉશ્કેરત નહિ. શ્રીમતી સીતાદેવીના ઉપભોગની દુષ્ટ લાલસા તેનામાં જન્માવત નહિ અને જે અનેક દુશ્મનો ઉભા થઈ ગયા તથા સંખ્યાબંધ પુરુષોનો સંહાર થયો તે થાત નહિ.

અર્થાત્ આ બધાનું મૂળ એક માત્ર મારું જ અટકચાળું હતું એમ શ્રી લક્ષ્મણજી માને છે અને એ અટકચાળું એમના હૃદયને કેટલું ડંખતું હશે એ આ પ્રસંગે પોતે જ એ વાતને યાદ કરી દે છે. તેના ઉપરથી કલ્પી શકાય તેમ છે. એ કહે છે કે 'મારા અટકચાળા સ્વભાવથી જ વડિલ બંધુને દુશ્મનોની સાથે વૈરો થયાં અને મારા જ યોગે શ્રીમતી સીતાદેવીનું અપહરણ થયુ.'

શ્રી લક્ષ્મણજીએ જે વૃત્તિના યોગે આવું માન્યું અને આવું કહ્યું તે વૃત્તિ સમજવા જેવી છે. સેવકભાવ ખીલવવાને માટે આ વૃત્તિ કેળવવા જેવી છે. સેવ્ય થોડું કરે તોય મોટો ઉપકાર માનવો. સેવાકાર્ય દર્શાવે તેમાંય ઉપકાર માનવો અને સેવ્યને માથે ભવિતવ્યતાની પ્રધાનતાથી આવેલી તકલીફમાં અનાયાસે પણ નિમિત્તરૂપ બની જવાયું હોય તોય એને પોતાની ખામી માનવી એ સામાન્ય કોટિનો સેવાભાવ નથી.

**સાચી વાતો પદ્ધતિસર બહાર મૂકવાની આજે જરૂર છે**

આ જાતનો સેવાભાવ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે કેળવાઈ જાય તો

કામ થઈ જાય. આજે તો સેવ્યની સેવામાં તકલીફ ન પડવી જોઈએ એ વાત છે. કેટલાક તો સેવ્યની સેવા કરવાને બદલે સેવ્ય પાસેથી સેવા લેવાની અધમ વૃત્તિવાળા બની ગયા છે ! એ વૃત્તિ જો ન આવી હોત તો આજે સાધુઓને સંસારીઓની સેવા બજાવવાનું કહેવાય છે, તે ન કહેવાત ! 'તમને સમાજ અન્નપાણી વગેરે આપે છે, માટે તમે સમાજની આર્થિક તથા રાજકીય ઉન્નતિનો પ્રયત્ન કરો, સમાજને દુનિયાદારીનું શિક્ષણ મળે તેની યોજનાઓ ઘડો તથા તેના ફંડો ઉઘરાવો - આવું આવું આજે સાધુઓને કહેવાય છે ને ?

**સભા:** આવું તો પાપાત્માઓ જ કહે છે.

**પૂજ્યશ્રી** : એ પાપાત્માઓ પણ જૈનકુળમાં પાકેલા છે ને ? દુનિયામાં તો એ પણ જૈન ગણાય છે ને ? તમારામાંના કેટલાએ જગતના ચોગાનમાં જઈને કહ્યું કે, '**અમારા સાધુઓની પાસે આવી માંગણી કરનારા લોકો વસ્તુતઃ જૈન નથી, પણ જૈનત્વને લજવનારા પાપાત્માઓ છે. અમારા સમાજમાં પાકેલા કુલાંગારો છે. અમારા સાધુઓને સાધુતાથી ભ્રષ્ટ કરવાની જ એમની દાનત છે. અમારા સાધુઓ અર્થકામના ત્યાગી હોવાથી અમારી અર્થકામની સામગ્રી આવે-જાય કે વધે-ઘટે તેની ચિન્તા એ ન કરે. અમારા સાધુઓ તો અમને અર્થકામની સામગ્રીથી છોડાવવાનો જ ઉપકાર કરે. રાજકીય બાબતો સાથે એમને લાગે વળગે નહિ.** ધર્મની ઉપર રાજ્ય તરફથી હલ્લો આવે, ત્યારે રાજ્ય એ પાપથી પાછું હઠે તે માટે કરવા જોગું યથાશક્તિ અને યથાસામગ્રી કરે, પણ દુનિયાના અર્થકામની ચિન્તામાં પડી રાજકીય ચળવળમાં અમારા સાધુઓ ઝૂકાવે નહિ, આમ છતાંપણ જે ઝૂકાવે તે સાધુ સાધુ રહે નહિ. સાચા સાધુ જ તે કહેવાય કે જે કેવળ ધર્મને સેવે અને ધર્મનો જ પ્રચાર કરે !'

આવી બાબતો યુક્તિ અને પ્રમાણ સાથે જાહેર જનતાની સમક્ષ મૂકાય, એ માટે કેટલાએ પ્રયત્ન કર્યો ? ધર્મના વિરોધીઓ દિ' ઉગ્યે રોજ ખોટા પ્રચારના ગોળાઓ ગબડાવ્યે જ જાય છે, પણ એ બધા સામે સાચી હકીકત પદ્ધતિસર રજૂ કરવા તમે શું કર્યું ? અત્યારે

શું સાચા પ્રચારની જરૂર નથી ? તમે એમ કેમ માનો છો કે પદ્ધતિસર સાચી વાત બહાર મૂકાય તોય અસર ન થાય ? બધાં કંઈ અયોગ્ય આત્માઓ નથી. ભોળવાઈ ઉભગી ગયેલા ઘણા છે. એમની પાસે. એમના કાને. સાચી વાતો યુક્તિ પુરસ્સર પહોંચાડાય તો જરૂર અસર થાય ગુસ્સામાં ને ગુસ્સામાં વાંચે તોય કાયમ વાંચતા બીજ પડી જાય. કાગળીયા જાણે ફેંકતા જ હો તેમ સાચી વાતનો પદ્ધતિસર પ્રચાર કર્યે રાખો. એકવાર કરી જુઓ, પછી અસર થાય છે કે નહિ તેની ગમ પડશે. એક દિ', બે દિ', પાંચ દિ', મહિને, બે મહિને, છ મહિને, વર્ષે પણ એની અસર જરૂર થાય, પણ તમને પડી છે ક્યાં ?

એક ગામ અને એક ઘર જૈનનું એવું ન હોય, કે જ્યાં ધર્મવિરોધીઓના પ્રતિકારનું અને ધર્મપ્રચારનું સાહિત્ય ન પહોંચ્યું હોય. નિયમિત રીતે આ કામ પાંચ વર્ષ થાય તો ધર્મવિરોધીઓને કાં તો સુધરી જવું પડે અને કાં તો લપાઈ જવું પડે. આજે એવા પાપાત્માઓની વાહ-વાહ બોલાવનારા પાંચ વર્ષે એમનું સાંભળતા બંધ થઈ જાય કારણકે ધર્મવિરોધીઓની દાનત ખોટી છે અને ધર્મવિરોધીઓનો પ્રયત્ન એકાન્તે સ્વપર હિત ઘાતક છે ! આથી જ્યાં તેમની ખરી દશા લોક સમજે, એટલે એમની કિંમત ફુટી કોડીની થઈ જાય.

એ વાત જરૂર છે કે શરૂમાં ખમવું પડશે. તમે હજુ તો વિચાર કરતા હશો, ત્યાં તો પેલાઓમાં સળવળાટ પેસશે અને હશે તેટલા જોરથી હુમલા કરવા માંડશે, પણ તમે મક્કમ રહ્યા તો એ જ થાકશે કુસાધુઓ પણ ઉકળી જશે. એ વખતે તમારી કસોટી થશે. 'હાય. હાય, આ તો સાધુ, એની સામે કેમ બોલાય ?' આવું આજેય ઘણાને થાય છે, પણ એટલું સમજતા નથી કે 'સુશ્રાવક કુસાધુનો ત્યાગી જ હોય.' સુશ્રાવક કુસાધુ વેષધારી હોય તેથી તે ધર્મ સામે હલ્લો લાવે અને શાસનની ખાનાખરાબી કરે તોય વિરુદ્ધ ન બોલાય', એમ માનનારા મૂર્ખા છે. આ કામ કરવા જેવું છે. આ કાળમાં બહુ જરૂરી છે. ધર્મવિરોધના કામમાં જેટલા ભેળા ઉભા રહે છે, તે બધા જ પાપમાં રાજી છે એમ નથી એ તો પાપ વિચારના રોજ ને રોજ થતા

ખોટા પ્રચારનું પરિણામ છે. ખાસ ધર્મવિરોધી ગણાય તેવા થોડા છે, પણ તે સફાઈથી અજ્ઞાનવર્ગને મૂંઝવે છે. તમારું કામ એ કે અજ્ઞાનવર્ગનું અજ્ઞાન ટાળવું. એની સામે સાચી વાત રીતસર મૂકી દેવી. ધીરે ધીરે એને એમ થશે કે શું સાચું તેની તપાસ તો કરું! મોટો વર્ગ સત્યાસત્યની, ધર્માધર્મની તપાસ કરનારો બની જાય. એ જ તમારી જીત. એ જ તમારા પ્રચારની સફળતા સમજો.

### સેવામાં કચાશ નહિ, વાત્સલ્યમાં ઊણપ નહિ

શ્રી લક્ષ્મણજીમાં સાચો સેવકભાવ ખીલ્યો હતો, માટે જ આવો ઉત્તર આપી શક્યા. સેવકભાવ ન ખીલ્યો હોત તો આ ઉત્તર ન નીકળત; પણ મદ ચઢત, પોતાની પ્રશંસા કરવાનું મન થઈ જાત, પોતે કેવા પરાક્રમોથી શ્રી રામચંદ્રજી તથા શ્રીમતી સીતાજીને આંચ આવવા દીધા વિના યુદ્ધોમાં વિજય મેળવ્યો એ વર્ણવત અને એવું એવું બોલત કે જે ગુણવાનનાં મોમાં છાજે નહિ. જ્યારે અહિ તો શ્રી લક્ષ્મણજી પોતે કરેલી અનુપમ સેવાને ભૂલી જાય છે અને એ વાત આગળ કરે છે કે 'શ્રી રામચંદ્રજીએ પિતાની જેમ અને શ્રીમતી સીતાદેવીએ માતાની જેમ વનમાં મારું લાલનપાલન કર્યું છે. વનમાં પણ મને એમ નથી લાગવા દીધું કે અહીં મારા માતા-પિતા નથી. માતા અને પિતાના સાનિધ્યમાં જ હું વસતો હોઉં અને મને કોઈપણ પ્રકારની ચિન્તા ન હોય, એવી રીતિએ આર્ય શ્રી રામચંદ્રજી અને આર્યા સીતાજી મારી સાથે વર્ત્યા છે' શ્રી લક્ષ્મણજીની આ વાત પણ ખોટી નથી કારણકે શ્રી લક્ષ્મણજીએ જેમ અખંડ સેવા કરવામાં કમીના રાખી નથી, તેમ શ્રી રામચંદ્રજીએ અને શ્રીમતી સીતાદેવીએ વાત્સલ્યભાવમાં લેશ પણ ઊણપ આવવા દીધી નથી.

શ્રીમતી સીતાદેવી દીયર પ્રત્યે કઈ રીતે વર્ત્યા હશે ? કેટલું વાત્સલ્ય રાખ્યું હશે ? વાત્સલ્યથી ભરેલો વર્તાવ ન હોય, તો માતાની ગરજ સારી શકાય ? આજ તો મોટેભાગે ઘરમાં પગ માંડે કે દીયર ભારે પડે અને દીયર પણ ભાભીની સાથે તોછડાઈ બતાવે. ભાભીમાં વાત્સલ્ય નહિ અને દીયરમાં વિનય નહિ, એટલે ઘર મંડાતાની સાથે જ કજીયા શરૂ થઈ જાય. મોટાભાઈની વહુ તો માતા જેવી ગણાય અને

આવનારીએ પણ દીયરને પુત્ર જેવો ગણવા જેવી ઉદારતા કેળવવી જોઈએ. આગળના કુટુંબોમાં આ વાત્સલ્ય અને આ ભક્તિ હતી એટલે મોટું પણ કુટુંબ સુખપૂર્વક સાથે રહી શકતું. પરસ્પર આંખમાં અમી રહેતું. ઈર્ષ્યાનું નામ નહિ અને પોતાના ભોગે બીજાને સુખી જોવાની ભાવના. 'એણે ભોગવ્યું તે મેં જ ભોગવ્યું' - આવી ઉદારતા. કોઈ ભૂલ કરી બેસે તોય જતું કરી દે. વાતાવરણ એવું છે કે આવનારી ખોટા સંસ્કાર લઈને આવી હોય તોય સુધરી જાય આજે ? આજે તો આવનારી બગડે નહિ તો નવાઈ. જેટલું સારું ભૂલ્યા તેટલું દુઃખ વધ્યું. શ્રી જિનેશ્વરદેવના ધર્મનું જે ઘરમાં દેવાળું, સિદ્ધાંતની જ્યાં થોડી ઘણી પણ અસર નહિ, ત્યાં આ વાત્સલ્ય, આ ભક્તિ ન હોય; પણ દુર્દશા જ હોય તે સહજ છે.

**આજે સંયુક્ત કુટુંબનું બળ કેમ ગયું ?**

આજે ધર્મ તરફ અણગમો વધતો જાય છે, તો તેનું પરિણામ પણ પ્રત્યક્ષ બનતું જાય છે. સંયુક્ત કુટુંબની પ્રથા કેમ નાબુદ થઈ ? સંયુક્ત કુટુંબ હોય તો ઓછા ખર્ચે સૌ કિલ્લોલ કરે. પરસ્પર શુભ સંસ્કારોની આપ-લે થાય અને નહિ કમાઈ શકનારાનો, અપંગનો તથા થોડું લાવનારો નિર્વાહ થાય તથા વૃદ્ધ બનેલા વડિલો સુખપૂર્વક જીવી શકે. આજે દીકરાઓ સૌ-સૌનું વહેંચી લે છે અને કેટલીકવાર એટલી તો ખરાબ હાલત થાય છે કે માતા-પિતાને માટે ખવડાવવાના વારા થાય છે. વારો આવે એટલે દીકરાની વહુને ચૂંક આવે. ખાવાનું આપે તે ભક્તિથી નહિ, કમનનું આપે. સારી ચીજ કબાટમાં રહે. મા-બાપને ભાણે તો ઠીક-ઠીક ! આજની સ્ત્રીઓને ધણી અને પોતાના જ છોકરાં, સપત્નીનાં તો નહિ, બે સિવાયનાને પાળવાનું ગમે છે ? બધી એવી નથી, પણ મનોવૃત્તિ કેવી છે કે જુઓ ! ખવડાવે પીવડાવે એ એક વાત છે અને મોટા તરફ ભક્તિથી તથા નાનાં તરફ વાત્સલ્યથી વર્તે, એ જુદી વાત છે. વાત-વાતમાં છણકી જતાં આજે વાર ન લાગે. મા-બાપ જરા ગંદા રહેતા હોય, એમને કાંઈ દર્દ થયું હોય ને ચાકરી કરવી પડે, તો દુનિયાની શરમે કરે, પણ નસ્કોરાં ફૂલે, મોઢું ચઢે, એને

લપ લાગે. કારણ? સ્વાર્થવૃત્તિ વધી. કુસંસ્કારોથી પુરૂષોમાં પામરતા આવતી ગઈ. પોતે મહિને સો લાવતો હોય અને બીજો ભાઈ ઓછું કમાતો હોય, એટલે ઝટ થાય કે 'મારી કમાણીમાં એનો ભાગ શાનો ?' એમાં પારકા ઘરની આવેલી રોજ અવસર જોઈને ઝેર રેડતી જ હોય. પછી સંયુક્ત કુટુંબ રહે ક્યાંથી ? સંયુક્ત કુટુંબ એ તો મોટું બળ હતું. એકની તકલીફ સૌની તકલીફ બની જાય, એટલે ઘણીવાર તો તકલીફ આવી હોય તો પણ કુટુંબના માણસોને બીજાની જેમ એ તકલીફ જણાય નહિ.

ધર્મની થોડી-ઘણી પણ ભાવના હોય તો સુખ, નહિ તો છતી સામગ્રીએ પણ દુ:ખ.

**સભા:** યુરોપ વગેરે દેશોમાં તો ઘણું સુખ દેખાય છે, તેનું કારણ શું ?

**પૂજ્યશ્રી** : કારણ તમારી દૃષ્ટિ ઉંધી છે. તમે દૂરથી ડુંગરા રળીયામણા જોઈ રહ્યા છો. ત્યાં સુખ છે ? આર્યપ્રજા આટલી નીચી હદે પહોંચવા છતાં પણ આજે જે શાન્તિ અનુભવી રહી છે, તે ત્યાં નથી. ઉંડા ઉતરો તો માલુમ પડે. આજે પરણનારને ત્યાં એ ખાત્રી નહિ કે અમારો સંસાર ચોવીસ કલાક નભશે જ. અહીં ? ધણી ગરીબ થઈ જાય, ખાવાની મુશ્કેલી પડે, પહેરવા પૂરા કપડાં ન હોય, ધણી પથારીમાં સબડતો હોય, છતાં કોઈક કુલટા સિવાય કોઈ સ્ત્રી ધણીથી બેવફા બને નહિ. આજે તમને જે દુ:ખ છે, તેમાં ઘણું ખરું તો તમે તમારું ભૂલ્યાં અને નકલી બન્યા એનું છે. એ પ્રજા પાસેથી શીખવા જોગું ન શીખ્યા અને તમારા ઘરમાં હોળી સળગાવે તેની નકલ કરવાં માંડી ! સાચા જૈન બની જાવ તો આપોઆપ સમજાઈ જાય તેમ છે. જૈન તો શું, પણ આર્યદેશમાં જન્મેલા એક સાચા માનવી જેવા તમે બની જાવ, તોય ઘણો ફેર પડી જાય કારણકે આર્યદેશના સર્વસામાન્ય સંસ્કારોમાં પણ એ પરિબળ છે કે આજની કારમી અશાન્તિ અને ક્ષુદ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલા દુ:ખોને ટાળે, પણ ખરી વાત એ છે કે આજના માનવીને શાંતિની પડી નથી, એ કેવળ ભટકતો બની ગયો

છે. આ દશામાં જૈનત્વનો તો સ્વપ્નેય ખ્યાલ ન આવે, એથી આશ્ચર્ય પામવા જેવું છે ?

### ધર્મના શરણે આવેલાને વર્તમાનમાં સુખ અને પરલોક સુંદર

જીવનમાં શાન્તિ જોઈતી હોય અને મરણ સમયે સમાધિ જોઈતી હોય, તો ધર્મનું શરણ સ્વીકાર્યે જ છૂટકો છે. ધર્મનું શરણ સ્વીકારનાર સંસારત્યાગી જ બને, એવો નિયમ નથી સંસારત્યાગ ન યે કરી શકે; સૌ એવા સત્ત્વવાળા ન હોય, પણ સંસારત્યાગ નહિ કરી શકનારો ય જો ધર્મના શરણે આવી ગયો હોય, તો સંસારમાં રહીને ય ઘણાં દુ:ખોથી મુક્ત રહી શકે. જે કુટુંબમાં ધર્મની છાયા છે, ત્યાં આંખમાં ઈર્ષ્યા નથી પણ અમી છે. જે કુટુંબમાં ધર્મના સંસ્કારો રૂઢ છે, તે કુટુંબમાં પરસ્પર એવો વાત્સલ્યભાવ અને વિનયભાવ હોય છે કે પ્રાય: ક્લેશ થાય નહિ અને ક્વચિત થઈ જાય તો ય તે મોટું રૂપ લે નહિ. ધર્મ એવો છે કે જે એને શરણે જાય, તે આ લોકમાંય સુખી બને અને પરલોક પણ એનો સુંદર નિવડે. પૂર્વકર્મના યોગે અહીં દરિદ્રી બનાય, રોગી બનાય, અપમાન પમાય, સાથ વગરના થઈ જવાય, આ બધું બનવાજોગ છે, પણ તેવા વિષમ પ્રસંગોમાંય ધર્મનુ શરણ સ્વીકાર્યું હોય તો આત્મા અનુપમ કોટિની શાન્તિ અનુભવી શકે છે.

શ્રી લક્ષ્મણજી અને શ્રીમતી અપરાજિતા દેવીનો વાર્તાલાપ પૂર્ણ થયા પછી સૌ સૌના સ્થાને ગયા. અયોધ્યા નગરના અધિપતિ શ્રી ભરતે આ નિમિત્તે હર્ષથી મહોત્સવ કરાવ્યો. અને શ્રી ભરત શ્રી રામચન્દ્રજીના સેવક બનીને રહેવા લાગ્યા.



# ઉત્સવમય અયોધ્યામાં જુદાં પડતાં શ્રી ભરતજી

## ૫

શ્રીરામચન્દ્રજી આદિની અયોધ્યામાં પધરામણી થતાં એકલા રાજકુળમાં જ નહિં, પણ આખી અયોધ્યામાં આનંદ વ્યાપી જાય છે, આનંદમાં આવીને લોકોએ ઉત્સવ ઉજવ્યો છે. તેથી આખી અયોધ્યામાં ઘેર-ઘેર ઉત્સવમય વાતાવરણ સર્જાયું છે.

શ્રી ભરતજી આદિએ પણ વડીલબંધુના આગમનને વધાવતો મહોત્સવ કરાવ્યો હતો. પણ આવા ઉત્સવમય આનંદ-પ્રમોદભર્યા વાતાવરણ વચ્ચે શ્રી ભરતજીની સ્થિતિ જુદી જ હતી. પિતા અને વડીલબંધુની આજ્ઞા ખાતર રાજા થયેલા શ્રી ભરતજી વિરક્ત મનોદશાના માલિક હતા.

શ્રી પઉમચરિયમ્ ગ્રન્થના આધારે પણ પ્રવચનકાર મહર્ષિદેવે શ્રી ભરતજીની અદ્‌ભુત આદર્શ વિચારણા રજૂ કરી છે, જેમાં વિવિધ ઉપમાઓ દ્વારા સંસારની અસારતા, ક્ષણભંગુરતા અને પરિણામ દારુણતાને શબ્દદેહ આપ્યો છે, જે વિવેકી વર્ગને વિશિષ્ટ આલંબનરૂપ છે.

-શ્રી

# ઉત્સવમય અયોધ્યામાં જુદાં પડતાં શ્રી ભરતજી

- ★ દીક્ષાની અનુમતિ માંગતા પહેલાં
  શ્રી ભરતજીની સુંદર વિચારણા
- ★ શ્રી ભરતજીના વિરાગનું નિદાન
- ★ પૌદ્‌ગલિક યોગમાં સુખની માન્યતા એ દુઃખની જડ
- ★ ગાન્ધર્વગીત અને નૃત્ય પણ
  શ્રી ભરતજીને આકર્ષી શકતાં નથી
- ★ અશક્તિ અને અંતરાયની આડ નીચે
  આસક્તિને છૂપાવો નહિ
- ★ તમને સંસારના સુખો દુઃખ રૂપ લાગે છે ?
- ★ સમ્યગદર્શન એટલે અનંતકાળના
  મહાઅજ્ઞાનનો નાશ
- ★ ધર્મને પામેલ આત્મા હંમેશા સુખી જ હોય
- ★ પાણીના પરપોટા જેવું ચંચળ મનુષ્યપણું
- ★ લક્ષ્મી હાથીના કાન જેવી
- ★ યૌવન, ખરેખર ફૂલ જેવું છે
- ★ વિષયભોગો, કિંપાકના ફળ જેવા ભયંકર છે
- ★ જીવન સ્વપ્ન જેવું છે
- ★ બંધુજનોના સ્નેહો, પંખીમેળા જેવા છે
- ★ બન્ધુજનોના સ્નેહો અતિ દુરન્ત છે



## ૫

# ઉત્સવમય અયોધ્યામાં જુદાં પડતાં શ્રી ભરતજી

ખૂદ રાજા જે ઉત્સવ કરાવે તેમાં કમીના શી હોય ? ઉત્સવ કરવાની માત્ર રાજાની જ આજ્ઞા છે એમ નથી. પણ પ્રજા પણ ઉત્સવ કરવાને એટલી જ ઉત્કંઠિત છે. શ્રી રામચંદ્રજીના આગમનથી જેમ રાજકુળમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો છે, તેમ પ્રજાકુળો પણ ખૂબ આનંદ અનુભવી રહ્યા છે. રાજાની આજ્ઞા અને પ્રજાની ઉત્કંઠા, આ બેયનો યોગ થતાં એ ઉત્સવ એવો બન્યો કે ભલભલા મૂંઝાય : પણ જ્ઞાનીઓ ફરમાવે છે કે સાચા વિરક્ત આત્માઓ એવા ઉત્સવો જોઈને પણ પોતાના વિરાગને ટક્કર લાગવા દેતા નથી. વિરાગ ઉત્કટપણે જેના હૈયામાં વસ્યો છે તેવા પુણ્યાત્માઓ દુનિયાની ઉત્સવલીલાઓ જોઈને મૂંઝાય નહિ. શ્રી રામચંદ્રજી આદિના આગમન પછી આખુંય રાજકુટુંબ અને સઘળાય પ્રજાજનો આનંદ આનંદ અનુભવી રહ્યા છે અને રાજા પ્રજાનો સુમેળ હોવાથી અયોધ્યામાં જાણે ઉત્સવકાળ હોય એવું વાતાવરણ બની ગયું છે.

તેવા સમયે અયોધ્યા નગરીના અધિપતિ શ્રી ભરતજી તો કોઈ જુદી જ વિચારણામાં મગ્ન બન્યા છે. શ્રી ભરત શ્રી રામચંદ્રજી આદિના આગમનથી ખૂબ આનંદિત બન્યા છે, પણ બીજાઓના આનંદમાં તથા શ્રી ભરતજીના આનંદમાં ઘણો જ મોટો ભેદ છે. શ્રી રામચંદ્રજી વગેરે પણ સાહાબી ભોગવી રહ્યા છે અને પ્રજાને પણ રાજ્ય તરફથી કશી તકલીફ નથી; એટલે સમય એવો જાય છે કે જાણે ઉત્સવનો જ સમય હોય. આવા ઉત્સવમય વાતાવરણમા પણ શ્રી ભરતજીની વિચારણા સૌથી જુદી પડે છે.

આપણે જોઈ ગયા છીએ કે પોતાના પિતા રાજા દશરથની સાથે જ દીક્ષા લેવાની શ્રી ભરતજીની વૃત્તિ હતી. શ્રી ભરતજીને ગાદી તો પરાણે અપાઈ છે. શ્રી ભરતજીએ ગાદી સ્વીકારી નથી, પણ તેમને સ્વીકારવાની ફરજ પડી છે; અને એથી જ ગાદીપતિ શ્રી રામચંદ્રજી છે એમ માનીને શ્રી ભરતજીએ તો માત્ર સેવકની જેમ રાજ્ય કર્યું છે. રાજ્ય કરતા રહેતા હોવા છતાંપણ 'ક્યારે શ્રી રામચંદ્રજી આવે અને ક્યારે હું આ બધાથી છૂટું' આ ભાવના શ્રી ભરતજીએ અત્યાર સુધી ટકાવી રાખી છે. વર્ષો સુધી ગાદી ભોગવવી અને આ ભાવના ટકાવવી એ રમત વાત નથી; છતાં સાચા વિરાગી આત્માઓને માટે એ બહુ મોટી વાત પણ નથી. હવે શ્રી રામચંદ્રજી આવી ગયા, એટલે શ્રી *ભરતજીની વિરાગભાવનામાં વેગ આવે ને? આવે જ, કારણકે* ભાવનામાં પોલ નહોતી. એક તો સમ્યગ્દૃષ્ટિ છે, અને વળી રાજ્યાદિને વહેલી તકે તજી દેવાની વૃત્તિવાળા છે. સુરનરનાં સુખને પણ સમ્યગ્દૃષ્ટિ જાગૃત અવસ્થામાં દુ:ખરૂપ માનનારો તો હોય જ, એટલે વિરાગ એ એને માટે નવાઈની વસ્તુ નહિ. એ વિરાગ પ્રબળ બને એટલે ભાવના અમલના રૂપમાં પરિણમવા માંડે. અહીં શ્રી ભરતજી પણ એ રીતે અમલને માટે ઉત્સુક બને છે.

### દીક્ષાની અનુમતિ માંગતા પહેલાં શ્રી ભરતજીની સુંદર વિચારણા

અન્યદા શ્રી રામચંદ્રજીને પ્રણામ કરીને શ્રી ભરતે દીક્ષા અંગીકાર કરવાની અનુમતિ માંગી. આ અનુમતિ કઈ રીતે માંગી ? અને એ પહેલાં શ્રી ભરતજીએ કેવી સુંદર વિચારણા કરી ? એ વસ્તુ 'શ્રી પઉમચરિયં' નામના ગ્રંથરત્નમાં વિસ્તારથી વર્ણવાયેલી છે, એટલે આપણે અહીં એ પ્રસંગ પામીને તે પણ જોઈ લઈએ. શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં થયેલા આઠમાં બળદેવ શ્રી રામચંદ્રજીનું, આઠમા વાસુદેવ શ્રી લક્ષ્મણજીનું અને આઠમાં પ્રતિવાસુદેવ શ્રી રાવણનું, પ્રાકૃતભાષામાં રચાયેલું આ ચરિત્ર છે. શ્રી ત્રિષષ્ટિ-

શલાકાપુરૂષ ચરિત્રના સાતમાં પર્વમાં આવતા ચરિત્ર કરતાં 'શ્રી પઉમચરિયં' નામનું આ પ્રાકૃત પદ્યાત્મક ચરિત્ર વધારે વિસ્તારવાળું છે. નવ હજાર શ્લોક પ્રમાણવાળા એ ચરિત્રમાંથી પણ આપણે પ્રસંગે પ્રસંગે કેટલીક વાતો વિચારી છે અને આ પ્રસંગે પણ તેમ કરીએ છીએ.

**સભા** : 'પઉમચરિયમ્' ના કર્તા કોણ?

**પૂજ્યશ્રી** : 'શ્રી પઉમચરિયં'ના કર્તા નાગિલવંશમાં થયેલા શ્રી રાહુસૂરિ મહારાજના શિષ્ય શ્રી વિજયસૂરિમહારાજના અન્તેવાસી શ્રી વિમલસૂરિ મહારાજ છે. કે જે સૂરિમહારાજ, ચરમતીર્થપતિ ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ પછી પંદરસો ત્રીસ વર્ષે થયા હોવાનું મનાય છે.

*"एयन्तरम्मि भरहो, तम्मि य गन्धव्वनट्टगीएणं ।*
*न लहई रइं महप्पा, विसएसु विरत्तगयभावो ॥१॥*
*"संसारभउव्विग्गो, भरहो परिचिन्तिऊमाढत्तो ।*
*विसयासत्तेण मया, न कओ धम्मो सुहनिवासो ॥२॥*
*दुक्खेहि माणुस्सत्तं, लद्धं जलबुब्बुओवमं चवलं ।*
*गयकण्णसमा लच्छी, कुसुमसमजोव्वणं होइ ॥३॥*
*"किंपागफलसरिच्छा, भोगा जीयं च सुविणपरितुल्लं ।*
*पक्खिसमागमसरिसा, बन्धवनेहा अइदुरन्ता ॥४॥*
*"धन्ना हु तायमाई, जे सव्वे उज्झिऊण रज्जाइं ।*
*उसभसिरिदेसियत्थं, सुगइपहं ते समोइण्णा ॥५॥*
*"धण्णा ते बालमुणी, बालत्तणयम्मि गहियसामण्णा ।*
*न य नाओ पेम्मरसो, सज्झाए वावडमणेहिं ॥६॥*
*"भरहाइमहापुरिसा, धन्ना ते जे सिरिं पयहिऊणं ।*
*निग्गन्था पव्वइया, पत्ता सिवसासयं सोक्खं ॥७॥*
*"तरुणत्तणम्मि धम्मं, जइहं न करेमि सिद्धिसुहगमणं ।*
*गहिओ जराए पच्छा, उज्झिस्सं सोगमग्गीणं ॥८॥*
*"गलगण्डसमाणेसुं, सरीरछीरन्तरावहन्तेसु ।*
*थणफोडएसु का वि हु, हवइ रई मंसपिण्डेसु ॥९॥*

''तम्बोलरसालित्ते, भरिए च्चिय दन्तकीडयाण मुहे ।
केरिसिया हवइ रई, चुम्बिज्जन्ते अहरयम्मे ॥१०॥
''अन्तो कयारभरिए, बाहिरमठे सभावदुग्गन्धे
को नाम करेज्ज रई, चुम्बिज्जन्ते अहरयम्मे ॥११॥
''संगीयए व रुण्णे, नत्थि विसेसो बुहेहि निद्दिट्ठो ।
उम्मत्तयसमसरिसे, को णु गुणो नच्चियव्वम्मि ॥१२॥
''सुरभोगेसु न तित्तो, जीवो पवरे विमाणवासम्मि ।
सो किह अविण्हमणो, माणुसभोगेसु तिप्पिहिइ ॥१३॥
''भरहस्स एवं हियंहा , बहवो वच्चन्ति चिन्तयन्तस्स ।
बलविरियसमत्थस्स, सीहस्स व पञ्जरत्थस्स ॥१४॥

અયોધ્યાપતિ શ્રી ભરતજીની વૈરાગ્ય દશા અને સુંદર વિચારણા તે ગ્રંથમાં જે વર્ણવાઈ છે. તે આપણે જોઈએ. શ્રી ભરતજીની આ દશા અને વિચારણા ખૂબ મનન કરવા જેવી છે. શ્રી ભરતને કોઈ વાતની તમારી દૃષ્ટિએ કમીના નહોતી. જેને માટે જગતના જીવો ઝૂરે છે, રાતને દિવસ આથડે છે, નીતિ અનીતિને જોતા નથી, ધર્મ થાય છે કે રહી જાય છે એનો વિચાર પણ કરતા નથી, હિંસા અસત્ય આદિ સેવતાંય ડરતા નથી અને લગભગ પાગલ જેવી હાલત જે મેળવવાને માટે આજે ઘણાઓ ભોગવે છે, તેની ખોટ શ્રી ભરતજીને નહોતી. સંસારિક લોકો જેને મેળવવાની લાલસામાં, ભોગવવાની ઉપાધિમાં અને ભેળું કરી સાચવવાની ચિંતામાં ઉદારતા ગુમાવી, ઉચિતપણે વર્તવાની બુદ્ધિ ગુમાવી, સદાચાર ખોઈ ઈચ્છાનિરોધને ભૂલી ગયા છે અને સદ્‌ભાવથી પરવારી બેઠા છે. તે બધું શ્રી ભરતજીને પુણ્યોદયે વગર માગ્યે મળ્યું છે.

આ દૃષ્ટિએ વિચારીએ તો કહેવું જ પડે કે શ્રી ભરતજીને દુનિયાની સાહાબીની કમીના નથી. શ્રી ભરતજીની પાસે જેમ ભોગ સામગ્રી પાર વિનાની છે, તેમ સત્તા પણ ઓછી નથી. ભોગસામગ્રી હોય અને સત્તા ન હોય તો ? વિપુલ ભોગસામગ્રી છતાં માથે સ્વામી

સ્વીકારવો પડે ! અને સત્તા હોય પણ ભોગસામગ્રી ન હોય તો સંસારનો રસીયો અવસરે શું કરે ? લૂંટ જ ચલાવે ને ? અહીં સમજવા જેવું એ પણ છે કે, પુણ્યના જુદા જુદા પ્રકારો છે. મહારાજા શ્રેણિક પાસે જે સત્તા હતી, તે શ્રી શાલિભદ્રજી પાસે ન હતી; અને શ્રી શાલિભદ્રજી પાસે જે ભોગસામગ્રી હતી તે શ્રેણિક મહારાજા પાસે નહોતી. બંનેયને એ સામગ્રી અને સત્તા પુણ્યથી મળેલી, પણ એકના પુણ્યનો પ્રકાર જુદો અને બીજાના પુણ્યનો પ્રકાર જુદો. શ્રી ભરત એવા ભાગ્યશાળી છે કે નથી કમીના ભોગસામગ્રીની કે નથી ખામી સત્તામાં. કુટુંબ પણ ઉંચી કોટિનું મળ્યું. શ્રી રામચંદ્રજી જેવા પુણ્ય પ્રભાવક નીતિમાન અને શ્રી લક્ષ્મણજી જેવા મહાપરાક્રમી મોટા ભાઈઓ છે. આ હાલતમાં ખરું વિચારણીય તો એ છે કે વિરાગ આવવો અને વર્ષો સુધી ટકી રહેવો,એ શું સહેલું છે ?

### શ્રી ભરતજીના વિરાગનું નિદાન

આજે દુનિયાની દશા જુઓ, ભોગસામગ્રી મેળવવા માટે, ભોગવવા માટે, ભેળી કરવા માટે અને સાચવી રાખવાને માટે, અવસર આવી જાય, તો કયું પાપ કરતાં આંચકો આવે તેમ છે ? શ્રી ભરતજીને વણમાગ્યું ઉપર પડતું આવી મળ્યું છે, તે છતાં એને લાત મારીને ચાલી જવાની ઈચ્છા છે; જ્યારે આજે થોડીક સાહાબીને માટે, થોડીક ભોગલીલાને માટે, થોડીક સત્તા મેળવવાને માટે, દેવ, ગુરુ અને ધર્મ - ત્રણેયને અવસરે દુર હડસેલતાં મોટાભાગના લોકની આંખમાં આસુંય આવતાં નથી. કારણ ? શ્રી ભરતને આ સંસારનું જ્ઞાનીઓએ વર્ણવેલું કારમું સ્વરૂપ જચ્યું હતું અને અહીં એના જ વાંધા છે. પુણ્યયોગે પ્રાપ્ત થતાં મોટામાં મોટા સુખો પણ શ્રી ભરતજીને દુ:ખરૂપ લાગ્યાં હતા. કારણકે એ કહેવાતા સુખોમાં લીન બનેલો આત્મા જેમ જેમ ભોગવતો જાય છે, તેમ તેમ ભવિષ્યને માટે કારમા દુ:ખો ખરીદતો જાય છે, એમ શ્રી ભરતજી સમજતા હતા. શ્રી ભરતજી આ દેખાવના પૌદ્ગલિક સુખોની પાછળ રહેલા કારમાં દુ:ખો જોઈ શકતા હતા,

એટલે એટલી ભોગસામગ્રી અને એટલી સત્તા મળેલી હોવા છતાંપણ, એમાં એ પુણ્યાત્મા મૂંઝાતા નહોતા અને ક્યારે છૂટે એવી ભાવનામાં રમણ કરતાં હતા. આ વસ્તુ તેઓના પરિણામદર્શિપણાને જણાવે છે ખરેખર, આ શાસનને પામેલા પુણ્યાત્માઓ આવા પરિણામદર્શી બન્યા વિના રહેતા જ નથી.

તમે એવા પરિણામદર્શી બનો, તો તમને પણ મનુષ્યલોકના જ નહિ, પણ દેવલોકનાંય સુખો દુઃખરૂપ લાગ્યા વિના રહે નહિ; દુનિયાને દુઃખ નથી ગમતું એ વાત સાચી છે, અને સુખ ગમે છે એ વાતે ય સાચી છે. છતાંપણ દુનિયાના જીવો સુખની ઈચ્છાથી એવો જ પ્રયત્ન કરે છે કે જેનાં પરિણામમાં દુઃખમય દશામાં મૂકાયે જ છૂટકો થાય કારણકે દુનિયાના જીવોને નથી તો સાચા સુખના સ્વરૂપની ખબર, નથી તો સાચા સુખના ઉપાયની ખબર અને નથી તો દુઃખના સ્વરૂપ અને દુઃખના નિદાનની ખબર. સુખ અને દુઃખ બેનું સ્વરૂપ સમજાઈ જાય અને તેના નિદાનનો ખ્યાલ આવી જાય, તો જ્ઞાનીઓ કહે છે કે આત્માને એમ થાય કે 'સંસારરૂપી ભઠ્ઠીમાં હું શેકાઈ રહ્યો છું' તો એને ચેન પડે નહિં. દુનિયા જેને સુખ માની પાગલની પેઠે જેની પુંઠે દોડી રહી છે, એ સુખ એને કારમું લાગે. એ કહેવાતું સુખ કેવા અનર્થોનું સર્જક છે, એ વસ્તુ જેને સમજાઈ જાય તેને એ કારમું ન લાગે એ બને જ નહિ. આજે દુનિયાનું સુખ, સુખ લાગે છે, માટે વિરાગ મોંઘો થઈ પડ્યો છે. વૈરાગ્ય સામે વૈરભાવ ત્યારે જ પ્રગટે, કે જ્યારે પૌદ્ગલિક સંયોગોને આધીન સુખ, સુખરૂપ લાગે અને આત્મસુખની વાત જ મિથ્યા ભાસે.

**એક પણ પૌદ્ગલિક વસ્તુના યોગ વિનાનું જે સુખ, એ જ સુખ છે દુઃખમાત્રનું મૂલ પુદ્ગલનો યોગ છે.** જ્યાં પુદ્ગલનો યોગ નહિ ત્યાં દુઃખનું નામ નહિ અને સુખની કમીના નહિ. આજે તો ઘણાઓને મૂંઝવણ એ થાય છે કે કોઈપણ પૌદ્ગલિક વસ્તુના યોગ વિના સુખ સંભવે જ કેમ? આ મૂંઝવણ એ જ મિથ્યાત્વ. જેનું મિથ્યાત્વ જાય તેની આ મૂંઝવણ જાય. બુદ્ધિપૂર્વક વિચારાય તો

વિચક્ષણો આ વસ્તુ સમજી શકે તેમ છે. દુનિયાને પૌદ્ગલિક વસ્તુઓનો વિયોગ થાય એટલે દુઃખ થાય છે ને ? વિયોગનું દુઃખ શાથી ? સંયોગમાં સુખ માન્યું માટે ને ? સંયોગ ન થયો હોત તો વિયોગ થાત ? નહિ જ. કેટલીકવાર પૌદ્ગલીક વસ્તુઓનો વિયોગ દુઃખ ઉપજાવે છે. તો કેટલીકવાર પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ દુઃખ ઉપજાવે છે. ગમતું જાય તોય દુઃખ અને અણગમતું આવી મળે તોય દુઃખ, એટલે વસ્તુતઃ નથી સુખ પૌદ્ગલિક વસ્તુના સંયોગમાં કે નથી સુખ પૌદ્ગલિક વસ્તુના વિયોગમાં.

**પૌદ્ગલિક યોગમાં સુખની માન્યતા એ દુઃખની જડ**

કોઈ કહે કે માત્ર ગમતી જ પૌદ્ગલિક વસ્તુઓનો સંયોગ બન્યો રહે તો સુખ રહેને ? પણ એ વાતમાંય માલ નથી. પહેલી વાત તો એ કે પૌદ્ગલિક વસ્તુનો સ્વભાવ જ સ્થિર રહેવાનો નથી. સડન, પડન અને વિધ્વંસન એ સ્વભાવ જેનો છે, તેને જ પુદ્ગલ કહેવાય છે. પૌદ્ગલિક વસ્તુ કહી એટલે સમજવું કે તે સડવાની એ નિશ્ચિત, પડવાની એય નિશ્ચિત અને તેનો નાશ થવાનો એય નિશ્ચિત. કોઈપણ પૌદ્ગલિક વસ્તુ વર્તમાનમાં છે તેવી ને તેવી જ હાલતમાં સ્થાયી રહેવાની નથી, અમુક કાળે ફેરફાર થવાનો જ અને ફેરફાર થવાનો એટલે એના યોગમાં જેણે સુખ માન્યું હોય તેને દુઃખ પણ થવાનું જ. બીજી વાત એ છે કે પૌદ્ગલીક દૃષ્ટિવાળો આત્મા નવીનતા માંગે છે. જેટલું મળ્યું તેમાં જ સુખ માનીને બધા બેસી રહેતા હોત તો ? પણ નહિ, બધાને નવું જોઈએ છે. દુનિયામાં કોઈ એવો માણસ તમે નહિ શોધી શકો કે જે આત્મિક દૃષ્ટિ વિનાનો હોય અને પૌદ્ગલિક વસ્તુઓ મેળવવાના પ્રયત્ન માત્રથી પર હોય ! આથી સ્પષ્ટ છે કે પૌદ્ગલિક યોગમાં સુખની કલ્પના એ જ દુઃખની જડ છે, અને પૌદ્ગલિક સુખ વસ્તુતઃ સુખ નથી પણ દુઃખ છે. કારણકે આત્મા એમાં લીન બનવાના કારણે પરિણામે દુર્ગતિમાં ડૂબી જાય છે. જે વસ્તુ દુઃખની હેતુભૂત હોય તેને સુખરૂપ માનવી તે મૂર્ખાઈ છે. આ દૃષ્ટિ ન આવી હોત તો ચક્રવર્તિઓ ચક્રવર્તિતા ત્યજી સંયમ સેવત ખરા ? નહિ

જ. શ્રી ભરતજી પણ આ દુનિયાના અને દેવલોકના સુખને દુઃખરૂપ માનતા હતા, માટે જ આટલી સાહાબીમાં એમની વિરક્તિ અખંડિત જળવાઈ રહી. તમે જ્યાં સુધી શ્રી ભરતજી જેને છોડવા ચાહતા હતા તેને મેળવવામાં જ જીવનની સાથકતા સમજી બેઠા છો ત્યાં સુધી તમે બુઢ્ઢા થશો તોય તમારામાં આ વિરક્તિ નહિ આવે.

**ગાન્ધર્વગીત અને નૃત્ય પણ**
**શ્રી ભરતજીને આકર્ષી શકતાં નથી**

શ્રી રામચંદ્રજી અયોધ્યામાં આવ્યા પછી આપણે જોઈ ગયા કે બધે ઉત્સવમય વાતાવરણ વ્યાપી રહ્યું છે. ગાન્ધર્વનૃત્ય અને ગીત ચાલી રહેલ છે. એ અરસામાં શ્રી ભરતજી કઈ દશા ભોગવી રહ્યા છે તે દર્શાવવાને માટે શ્રી 'પઉમચરિય'માં ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે, "વિષયોમાં વિરક્તભાવવાળા મહાત્મા શ્રી ભરત એ ગાન્ધર્વનૃત્યથી અને ગીતથી રતિને પામતા નથી. અર્થાત્ એ ગીત અને એ નૃત્ય શ્રી ભરતજીને આકર્ષી શકતા નથી. ગાંધર્વ ગીતના શ્રવણમાં કે નૃત્યના દર્શનમાં પણ શ્રી ભરતજી આનંદ અનુભવી શકતા નથી. કારણકે તે પુણ્યાત્માની પાસે એ ગીત અને નૃત્યથી આકર્ષાય એવુ હૃદય રહ્યું નથી. એમના હૃદયમાં વિષયોની રતિને નહિ પણ વિષયોની વિરક્તિને સ્થાન મળ્યું છે; કારણકે એમનું ધ્યેય ફરી ગયુ છે. પુદ્ગલનો યોગ છૂટ્યા વિના સુખ મળે નહીં અને દુઃખ જાય નહીં આ વાત એમના હૃદયમાં નિશ્ચિત થઈ ગઈ છે. એટલે પુદ્ગલના સુખમાં તે રાચે શાના? અને એથી જ જ્યારે ગાંધર્વનૃત્ય ગીત ચાલી રહ્યા છે, તેવા સમયે પણ સંસારભયથી ઉદ્વિગ્ન બનેલા શ્રી ભરતજી એ જ વિચારી રહ્યા છે, 'વિષયોમાં આસક્ત બનેલા મેં સુખના નિવાસરૂપ ધર્મને કર્યો નહિ.' આ સમજાય છે ? આત્મા કેટલો બધો વિવેકી બન્યો હશે, ત્યારે આ વિચાર જન્મ્યો હશે ? વિચારો કે શ્રી ભરતજી ભલે વિરાગભાવે આટલો વખત વિષયસુખો ભોગવવામાં રહ્યા, પણ રહ્યા એટલી આસક્તિ તો ખરીને ?

**સભા:** વિરક્તિ અને વિષયોમાં આસક્તિ, બેનો મેળ કેમ જામે ?

**પૂજ્યશ્રી** : જેટલા વિરાગી એટલા ત્યાગી હોય એવો નિયમ નથી. ઘરબારી પણ વિરાગી હોઈ શકે છે. ન છૂટે, ન છોડી શકાય, પણ છોડવા જેવું માને અને કયારે છુટે એવી ભાવના સેવે, તે વિરાગી છે. આ રીતે **કેટલાક આત્માઓ વિરાગી હોવા છતાં પણ ત્યાગી ન હોય એ બનવાજોગ છે, પણ ત્યાગી તો નિયમા વિરાગી હોવા જ જોઈએ. વિરાગપૂર્વક ત્યાગ જ વખાણવા યોગ્ય છે. જે વસ્તુ છોડાય છે, તે, તે જ વસ્તુ લેવાને માટે છોડાતી હોય, તો એ મહા અજ્ઞાન છે. સંસારસુખો મેળવવાને માટે સંસારના સુખોનો ત્યાગ કરવો એ કોઈપણ રીતે પ્રશંસાપાત્ર ગણાય નહિ.**

સંસારના સુખોનો ત્યાગ કરનાર સંસારસુખો પ્રત્યે વિરાગી હોવો જોઈએ. વિરાગ વિનાનો ત્યાગ સંસારને વધારનારો નિવડે, તો જરાય નવાઈ પામવા જેવું નથી; એટલે ત્યાગ વિરાગવાળો જોઈએ એ બરાબર છે પણ વિરાગી ત્યાગી જ હોવો જોઈએ એવો નિયમ નહીં બંધાય. વિરાગ વિનાનો ત્યાગ એ ત્યાગ નથી એમ જરૂર કહેવાય, પણ એમ નહિ કહેવાય કે જે ત્યાગી ન હોય તે વિરાગી પણ હોય જ નહિ. સમ્યગ્દૃષ્ટિ વિરાગી હોવા છતાં પણ ઘરબારી હોય એ શક્ય છે. પોતે ઘરબારી છે તે સારું છે, એમ એ ન માને, છોડવાની ભાવના પૂરી હોય, પણ છોડી ન શકે એમ પણ બને.

ઉત્તમ કોટિનો વિરાગ પેદા થવાને માટે મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ કે ક્ષય આવશ્યક છે, તેમ વિરાગીને પણ સાચા ત્યાગી બનવું હોય તો ચારિત્રમોહનીયના ક્ષયોપશમની અપેક્ષા જરૂર રહે છે. વિરાગી ઘરબારી, ત્યાગી બનવાનો અભિલાષી હોય અને એથી ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ આદિ થાય તે માટેનો યોગ્ય પ્રયત્ન કરનારો હોય, પણ વિષયોનો ત્યાગી ન બને ત્યાં સુધી અમુક અંશે પણ આસક્ત તો છે ને? છે જ. પણ એ આસક્તિ બીજા આત્માઓની આસક્તિ જેવી ભયંકર કોટિની હોતી નથી.

### અશક્તિ અને અંતરાયની આડ નીચે આસક્તિને છૂપાવો નહિ

ઉત્તમ કોટિના વિરાગીઓ વિષયના સંગી હોવા છતાંપણ તે કોટીના આસક્ત નથી હોતા, કે જેથી તે પુણ્યાત્માઓને 'વિષયોમાં લીન બનેલા' અર્થમાં આસક્ત કહી શકાય. પુણ્યાત્માઓ સ્વયં જ્યારે વિચારણા કરવા બેસે, ત્યારે પોતે પોતાની જાતને વિષયાસક્ત જરુર કહી દે. કારણકે પોતાની જરા પણ ખામી તેમને બહુ જ ખટકતી હોય છે. આપણે જે પુણ્યાત્માઓની વિચારણાં વાંચતા એમ જ કહીએ કે 'ઘણાં ઉંચા' તે જ પોતે વિચારવા માંડે તો એ જ વિચારે કે 'હું મહા અધમ!' આ વાંચીને કોઈ એમ કહી દે કે એવા વિરક્ત અને સમર્થ પણ જો અધમ હતા, તો અમે અધમ હોઈએ એમાં નવાઈ શી ?' આ બરાબર છે ? નહિ જ ! એવું જ આસક્તિ માટે સમજો. એ આસક્તિ એવી નામની કે જેને તેવી આસક્તિ ન કહેવાય. એવા પુણ્યાત્માઓ સંસારમાં રહ્યા તે વિષયોમાં લીન બનીને નહોતા રહ્યા, પણ વિરક્તભાવે રહ્યા હતા. એમને પોતાને પોતે વિરતિધર ન બન્યા તેનું તેમજ ધર્માચરણ ન કરી શક્યાં તેનું એવું દુ:ખ હતું કે પોતે સ્વયં એ જ વિચારતા કે 'હું વિષયાસક્ત બનીને ભૂલ્યો.' પુણ્યાત્માઓના એવા આત્મનિન્દાત્મક વચનને આગળ કરો અને એને બચાવરૂપ બનાવીને તેમના નામે તમારી શિથિલતાને છૂપાવવાને માટેનો પ્રયત્ન કરો, એ તો બહુ જ ખરાબ કહેવાય. આજે તો કોરી વિષયાસક્તિને, અશક્તિ અને અંતરાયની આડ નીચે છૂપાવવાનો પ્રયત્ન થાય છે. માટે આ તરફ ખાસ ધ્યાન ખેંચવાની જરૂર પડી છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા વધુમાં વધુ વિષયાસક્ત હોય તોય કેવો ? ધાવમાતા જેવો જ ને ? સંસારમાં રહે પણ રમે નહિ, એવો ને ? સમ્યગ્દૃષ્ટિ વિષયોપભોગમાં એવો લીન ન જ બને, કે જેથી તે સંસારમાં રમી રહ્યો છે, એમ કહેવાય. તમે એવા છો ? તમારી એટલી આસક્તિ ગઈ છે ? આ તો કહે છે કે વિષયોને અમે ઝેરથી પણ ભયંકર માનીએ છીએ ખરા, પણ એના ઉપભોગમાં ખૂબ જ લીન

રહીએ છીએ. નુકસાનકારક માનેલી વસ્તુ ન છોડાય એ બને, પણ એના સેવનમાં ખૂબ લીન બનાય, એ કેમ બને ? શ્રી ભરત આદિ જેવા પુણ્યાત્માઓ પોતાને વિષયાસક્ત કહે, એથી તેઓ વિષયોમાં ખૂબ જ લીન હતા એમ ન માનો. આ વસ્તુને નહિ સમજનારાઓ તો કેટલીકવાર ઉત્તમ આત્માઓના નામે, પોતાની ભૂંડી વિષયાસક્તિનો પણ બચાવ કરવા મથે છે. પોતાના નાના દોષને મોટું રૂપ આપવું તે તો ઉત્તમતા છે, પણ આપણે તેમના પશ્ચાતાપના વચનને પકડી લેવું અને એ આધારે તેમના જેવા પણ મહાદોષી હતા એમ કહી પોતાના દોષોને છૂપાવવાનો પ્રયત્ન કરવો, એ તો અધમતા હોઈ કેવળ ડૂબવાનો જ માર્ગ છે.

### તમને સંસારના સુખો દુઃખ રૂપ લાગે છે ?

શ્રી ભરતજી સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા પણ આપણને સંસારનો ભય કેટલો ? સંસાર ભયરૂપ લાગે તો સંસારનો ભય લાગે ને ? જેને સંસાર ભયરૂપ ન લાગે તેને સંસારનો ભય જ નહિ એ તો સ્પષ્ટ વાત છે. દુનિયામાં ભય તેનો જ લાગે છે કે જેનાથી નુકસાન લાગે. જેનાથી નુકસાન નહિ તેનો ભય શાનો ? સંસાર તમને ભયરૂપ લાગ્યો છે ? સંસાર નુકસાનકારક લાગ્યો હોય તો ભય લાગે ને ? અને ભય ન લાગે તો જાણવું કે સંસાર હજુ નુકસાનકારક નથી લાગ્યો; તેમજ સંસાર નુકસાનકારક નથી લાગતો માટે હજુ સમ્યક્ત્વ પામ્યા નથી એમ પણ સાથે જ સમજી લેવાનું ! જ્ઞાનીઓએ તો સંસારનું સ્વરૂપ અનંતજ્ઞાનથી જોયું અને એથી દુનિયાને ચેતવવાને માટે કહ્યું કે સંસાર દુઃખમય છે, દુઃખફલક છે અને દુઃખપરંપરક છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારને આવો જ માને અને સંસારને જે દુઃખમય, દુઃખફલક તથા દુઃખપરંપરક માને તેને સંસારનો ભય લાગ્યા વિના રહે નહિ. ભય લાગ્યા પછી તો ઉદ્વિગ્નતા આવવી એ સ્વાભાવિક વસ્તુ છે. **સંસારથી આત્મા સાચો ઉદ્વિગ્ન ત્યારે જ બને કે જ્યારે સંસારનો ભય લાગે અને સંસારનો ભય ત્યારે જ લાગે કે જ્યારે**

**જ્ઞાનીઓ ફરમાવે છે તેમ સંસાર દુઃખમય લાગે, દુઃખફલક લાગે અને દુઃખપરંપરક લાગે.**

સંસારને દુઃખમય માનનારો, દુઃખ ફળવાળો માનનારો અને દુઃખની પરંપરાવાળો માનનારો સંસારમાં રહ્યો હોય અને વિરતિ ન આચરી શકતો હોય ત્યારે એના હૃદયનું દુઃખ માપ વિનાનું હોય છે. સમજે, માને અને સારું લાગે, તે આચરી શકે નહિ તેમજ હાનીકારક લાગે તે છોડી શકે નહિ, એટલે પોતાની હાલત તેને ચિંતાતુર બનાવ્યા વિના રહે જ નહિ. હાનિકારક માનવા છતાં છોડાય નહિ અને હિતકર માનવા છતાં લેવાય નહિ, ત્યારે માનવું પડે કે એવી બિમારીથી એ જકડાયેલો છે કે એને માટે હાનિકારકનો ત્યાગ અને હિતકરનો સ્વીકાર વર્તમાનમાં અશક્ય છે. વાત એ છે કે એના હૃદયમાં એ દશા કેટલી દુઃખદ બની હોય? જ્યારે જ્યારે એ વિચાર કરે ત્યારે ત્યારે પોતાને એ પામર માને, નિઃશ્વાસ મૂકે અને અવસરે એને પોતાની પામરતાને કારણે રડવું આવે એય શક્ય છે. હીરાની કિંમત જાણનારો આદમી હીરો જોઈ શકે પણ લઈ ન શકે એ ક્યારે બને ? કહો કે એવા બંધનમાં પડ્યો હોય કે એનાથી લઈ શકાય તેમ ન હોય તો જ ન લે.

**સમ્યગ્દર્શન એટલે અનંતકાળના મહાઅજ્ઞાનનો નાશ**

સમ્યગ્દૃષ્ટિ દુઃખીયે એવો અને સુખીયે એવો. દુઃખી એ માટે કે જાણવા અને માનવા છતાં પણ હાનિકારક વસ્તુના સંસર્ગથી મૂકાઈ હિતકર એવી વસ્તુનો સ્વીકાર થઈ શકતો નથી; સુખી એ માટે કે સ્વ અને પરનો જે ભેદ અનંતકાળમાં નહોતો જણાયો તે જાણી શકાયો. તેમજ સુખ અને દુઃખના સ્વરૂપ તથા નિદાનનો જે ખ્યાલ અનંતકાળમાં નહોતો આવ્યો તે ખ્યાલ પામી શકાયો. અનંતકાળનું એ મહા અજ્ઞાન ટળ્યું એનો આનંદ, પણ એટલું મહા અજ્ઞાન ટળી જવા છતાં અને વસ્તુના સ્વરૂપનો સાચો ખ્યાલ આવવા છતાં પણ સંવર અને નિર્જરા માટેની ક્રિયાઓ જોઈએ તેટલી ન થાય તેમજ આશ્રવની ક્રિયાઓ ચાલુ રહે, એનું એને દુઃખ ઓછું ન હોય; દુઃખ તો એવું કે જો

એવું દુઃખ બીજા કોઈ કારણે અજ્ઞાનીના હૈયામાં ઉત્પન્ન થઈ જાય, તો તે જીવી ન શકે; પણ સમ્યગ્દષ્ટિ તો વિવેકી હોય છે, એટલે એનું દુઃખ અનર્થકારક નિવડતું નથી. એ તો કર્મની સત્તાને સમજે, એટલે મૂંઝાયા વિના હાનિકરને ત્યજવાનો અને હિતકરને સ્વીકારવાનો શક્ય પ્રયત્ન તે કર્યા જ કરે.

શ્રી ભરતજી સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા હતા. સમભાવને પ્રધાનતા આપીને સમભાવ કેળવવાનો ઉપદેશ આપનારા ઉપકારીઓએ પણ ઉદ્વિગ્નપણાને વખાણ્યું છે. આ ઉદ્વિગ્નપણું એ એવું છે કે પરિણામે સમતા આવે અને ઉદ્વિગ્નપણાની જડ ઉખડી જવા પામે. એકલું ઉદ્વિગ્નપણું સારું નથી, ઉદ્વિગ્નપણાથી પર બની જવું એ જ ડહાપણ છે, પણ આ જાતનું ઉદ્વિગ્નપણું આત્માને ઉન્નતદશાએ પહોંચાડનારૂં છે. કારણ ?

**સભા** : પ્રશસ્ત છે માટે ?

**પૂજ્યશ્રી** : આ વિવેક શીખવા જેવો છે. આજે પ્રશસ્ત અને અપ્રશસ્ત વચ્ચેનો ભેદ ઘણા જાણતા નથી અને એથી કેટલીવાર મુંઝાય છે. અપ્રશસ્ત હેય છે અને પ્રશસ્ત ઉપાદેય છે; કારણકે પ્રશસ્તમાં એ ગુણ છે કે આત્માને એ લાભ જ કરે છે. પ્રશસ્ત કષાય એ શું છે ? કષાય અગ્નિ સમાન છે, પણ પ્રશસ્ત કષાય કર્મના સમૂહને બાળનારો અગ્નિ છે. પ્રશસ્ત કષાયને પણ કષાયના નામે નિંદનારાઓ અજ્ઞાન છે. રાગ અને દ્વેષ  કષાયમાંથી જ જન્મે છે, તો કષાયના નામે દેવ-ગુરુ-ધર્મના રાગને નિષેધાય? અજ્ઞાનાદિના દ્વેષને નિષેધાય? નહિ જ. એ જ રીતે શ્રી ભરતજીનું આ ઉદ્વિગ્નપણું પણ પ્રશસ્ત છે અને એથી અનુમોદનાને પાત્ર છે.

### ધર્મને પામેલ આત્મા હંમેશા સુખી જ હોય

'અમારામાં એવું પ્રશસ્ત ઉદ્વિગ્નપણું ક્યારે આવે ?' એ તમારો મનોરથ હોવો જોઈએ. સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા વિના ધર્મની વાસ્તવિક આરાધના નહિ થઈ શકે. સંસારને ભયરૂપ માની અને

ભયના સ્થાનથી ઉદ્વિગ્ન બનીને, વિષયાસક્તિને ત્યજીને સુખના નિવાસરૂપ ધર્મને આરાધવામાં તત્પર બને, કે જેથી દુ:ખ જાય અને સુખમય દશા પ્રાપ્ત થાય. દુનિયામાં સુખના સ્થાનકરૂપ કોઈપણ વસ્તુ હોય, તો તે એક માત્ર શ્રી અરિહંતનો ધર્મ જ છે. ધર્મ આવ્યો એટલે સુખ આવ્યું જ સમજો. જેટલો ધર્મ એટલું સુખ. દુનિયાએ માનેલા ભયંકરમાં ભયંકર દુ:ખમાં પણ આત્માને સમાધિમાં રાખનાર કોઈ હોય તો તે એક ધર્મ જ છે. સુખ એટલે મનનો આનંદ કે બીજું કાંઈ ? દુનિયાને લાગે ફલાણો મહાદુ:ખી છે. પણ ધર્મી જ હોય તો તે પોતાને સુખી જ માને અને સુખ અનુભવે એને ખાત્રી છે કે જેટલું દુ:ખ આવે છે તે મારા સુખને નજદીક ઘસડી લાવે છે. સારું થયું કે આ અવસ્થામાં જ દુષ્કર્મો ઉદયમાં આવ્યાં કે જેથી હું સમભાવમાં સમાધિમય સ્થિતિમાં રહી શકું છું. હું નવા દુષ્કર્મોને ઉપાર્જતો નથી, જે હોય છે તે આમ ભોગવાઈ જાય છે અને કેટલાક તો વિના ભોગવ્યે પણ નિર્જરે છે, એટલે મારે માટે એકાન્ત સુખમય સ્થિતિ પ્રાપ્ત થવાનું હવે દૂર નથી.' આ વિચાર મનને આનંદ આપવાને શું પૂરતો નથી ? તમે ધર્મ કરવાનો સ્વાદ ચાખ્યો નથી. એટલે મૂંઝવણ થાય છે બાકી જેઓએ જીવનમાં ધર્મને ઉતાર્યો છે, સાચોસાચ જેઓ ધર્મને સમર્પિત બની ગયા છે. તેમના સુખની અવધિ નથી તેઓ તો 'ધર્મ જ સુખના સ્થાનરૂપ છે' - એનો સાક્ષાત્કાર કરી રહ્યા છે : પણ એ સુખ અનુભવ વિના કેમ સમજાય ?

### પાણીના પરપોટા જેવું ચંચળ, મનુષ્યપણું

સંસારના ભયથી ઉદ્વિગ્ન બનેલા શ્રી ભરતજી વિચારે છે કે દુ:ખે કરીને પ્રાપ્ત થયેલું મનુષ્યપણું, પાણીના પરપોટા જેવું ચંચળ છે, લક્ષ્મી, હાથીના કાનની માફક ચપળ છે, યૌવન, કુસુમની માફક જોતજોતામાં કરમાઈ જાય તેવું છે, ભોગો, કિંપાકના ફળની માફક દેખાવમાં સુંદર અને પરિણામે ભયંકર છે, જીવિત, સ્વપ્ન જેવું છે અને બંધુજનોના સ્નેહો પંખીમેળા જેવા તથા અતિ દુરન્ત છે' શ્રી

ભરતજીની આ વિચારણા તદ્દન વ્યાજબી છે. મનુષ્યપણાની પ્રાપ્તિ સહેલી નથી. પુણ્યવાન આત્માઓ જ મનુષ્યપણાને પ્રાપ્ત કરે છે અને પુણ્ય કાંઈ એમને એમ બંધાઈ જતું નથી. આવું દુઃખે કરીને મળેલું મનુષ્યજીવન પાણીના પરપોટા જેવું ચંચળ છે. મરણ ક્યારે આવશે ?એ નિશ્ચિત નથી. આયુષ્ય રીતસર પૂર્ણ થયા વિના મરણ ન જ આવે એવો નિયમ નથી. બધાય પોતાના મનુષ્યપણામાં આયુષ્યના રીતસરના અન્ત સુધી રહી જ શકે એવું નિયત નથી. નિમિત્તાદિ કારણે વહેલું મરણ આવે કે નહિ ? નિરૂપક્રમ હોય તો વાત જુદી છે. બાકી સોપક્રમ આયુઃકર્મ નિમિત્ત પામીને ન જ તૂટે એમ ન કહેવાય. પાણીનો પરપોટો જેમ ચંચળ છે, તેમ દુઃખે કરીને પ્રાપ્ત થયેલું મનુષ્યપણું પણ ચંચળ છે. આ વાત નક્કી થઈ જાય તો પ્રમાદ કારમો લાગે. જીવાય તેટલો કાળ સધાય, તો કલ્યાણ થઈ જાય. ક્યારે જીવિતનો અન્ત આવશે તે જાણતા નથી, માટે આત્મકલ્યાણની સાધનામાં પ્રમાદ કરવો નહિ. જેને વીજળીના ઝબુકે મોતી પરોવવાનું હોય, તે કેવો દત્તચિત્ત રહે ?

### લક્ષ્મી હાથીના કાન જેવી

મનુષ્યપણાની ચંચળતા સમજનારે અને ધર્મની જરૂરીયાત જાણનારે, ધર્મની આરાધનામાં એવા જ દત્તચિત્ત બનવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. મનુષ્યપણું જેમ પાણીના પરપોટા જેવું છે, તેમ લક્ષ્મી, હાથીના કાન જેવી છે. હાથીનો કાન હાલ્યા જ કરે. લક્ષ્મી પણ એવી જ ચપળ. તમારી લક્ષ્મી તો સ્થિર હશે, કેમ? અસ્થિર લક્ષ્મીમાં મૂંઝાવા જેવું હોય ? લક્ષ્મી અસ્થિર છે, એ સમજાઈ જાય તો લક્ષ્મીનો ગર્વ ગળી જાય અને કૃપણતા ભાગી જાય. ધર્મનું કોઈપણ કાર્ય આવે છે, ત્યારે લક્ષ્મીની મમતા અંતરાયરૂપ થાય છે ને ? એ અંતરાય ક્યારે ટળે ? લક્ષ્મીને ચંચળ માની તેની મમતા મૂકો તો ! લક્ષ્મીની મમતા અંતરાયરૂપ થાય છે ને ? તમારી આંખ સામે કેટલાએ ભીખ માંગતા થઈ ગયા ? એ તમે નથી જાણતા ? પુણ્યોદય હોય ત્યાં સુધી લક્ષ્મી

રહે એ સમજો અને મળી છે તો આ પાણીના પરપોટા જેવું મનુષ્યપણું હયાત રહે ત્યાં સુધીમાં એના દ્વારા પણ કલ્યાણ સાધી લો !

**યૌવન, ખરેખર ફૂલ જેવું છે**

વળી, શ્રી ભરતજી વિચારે છે કે યૌવન કુસુમ જેવું છે. કુસુમ જ્યારે ખીલે ત્યારે સુંદર લાગે, પણ એનો વિકાસ ટકે કેટલો ? કુસુમને કરમાતાં વાર નહિ. આજના ખીલેલા ફૂલની કાલે કશી કિંમત નહિ. તેમ યૌવનનું સમજો. યૌવનમાં ઉન્માદી ન બનો. યૌવન આજે છે અને કાલે નથી. આજનું જગત યૌવનઘેલું બન્યું છે. આજે મોટાભાગના જુવાનીયાઓને ઉન્માદ ચઢ્યો છે. યૌવનમાં શક્તિઓ તેજ બને છે, પણ એ વખતે ભાનભૂલા બનેલા વધારેમાં વધારે નીચી હદે પહોંચે છે. એ જ યૌવન જો ધર્મની સાધનામાં ઉપયોગી બને તો બાકી શું રહે? એજ તો કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા આ પ્રસંગે ફરમાવે છે કે, "યૌવનમાં આત્મા વિષયો તરફ જેવો ધસે છે તેવો જો મુક્તિ તરફ ધસે, તો કાંઈ ન્યૂનતા ન રહે !" કુસુમ શોભે પણ તે સ્થાને, તેમ યૌવન કલ્યાણકારી પણ તે ધર્મી માટે. કુસુમને કરમાતાં વાર નહિ અને કરમાયેલા કુસુમની કિંમત નહિ, તેમ યૌવન કરમાય એટલે આદમી લગભગ નકામો થઈ જાય ! એવા નકામા જેવા થઈ જાવ, તે પહેલાં ચેતો તો યૌવનની પ્રાપ્તિ ફળે; બાકી મોટેભાગે ફૂટી જ રહી છે ! પણ મારી યૌવનપ્રાપ્તિ ફળવાને બદલે ફૂટી રહી છે, એ તમને સમજાય તો જ કામ થાય.

**વિષયભોગો, કિંપાકના ફળ જેવા ભયંકર છે**

પાંચેય ઈન્દ્રિયોના વિષયોના સુખની છોળો ઉછળે છે, તે વખતે શ્રી ભરતજી એ ભાવનામાં રૂઢ બન્યા છે કે મનુષ્યપણું, પાણીના પરપોટા જેવું છે, લક્ષ્મી, હાથીના કાન જેવી છે અને યૌવન, કુસુમ જેવું છે; એટલું જ નહી, પણ શ્રી ભરતજી વિચારે છે કે ભોગો, કિંપાકના ફળ જેવા છે. કિંપાકનું ફળ દેખાવમાં સુન્દર, પણ જે એને ખાય તેનું જીવતર જાય. કિંપાકફળ દેખાવે સુંદર, ખાધે મીઠું અને એની ગંધ પણ

ખરાબ નહિ; પણ પેટમાં જતાં પ્રાણનો નાશ કરે એવું. ભોગસુખ પણ એવું છે. વિષયાન્ધ બનેલા આત્માને વિષયોપભોગ સારો લાગે, પણ પરિણામે કિંપાકના ફળની મીઠાશથી લોભાનારો મરે, તેમ વિષયોપભોગોમાં આંધળો બનેલો આત્મા પણ ભવમાં ભમે. જ્ઞાનીઓ જાણતા હતા કે વિષયાન્ધ બનેલા આત્માઓને ભોગ ભોગવવામાં કેટલો આનંદ આવે છે; તે તારકો એ વસ્તુને નહોતા જાણતા એમ નહિ, પણ નિષેધ એ માટે કર્યો કે વિષયસુખ એ સુખ હોય તો પણ એ ક્ષણિક સુખ છે અને વિષયભોગોના એ ક્ષણિક સુખના બદલે મળતું દુ:ખ ભયંકર હોવા સાથે ચિરકાલીન છે. કિંપાકફળની મીઠાશ જાણનાર પણ એના પ્રાણહારક સ્વભાવને જાણે છે, તો કિંપાકફળને ખાવાનો નિષેધ કરે છે; એ જ રીતે વિષયભોગોના ભયંકર પરિણામને જાણનારા જ્ઞાનીઓએ પણ વિષયભોગોથી પરાઙ્મુખ બનવાનો જ ઉપદેશ આપ્યો છે. અનંતજ્ઞાનીઓનો આ ઉપદેશ એકાન્તે હિતકર અને વાસ્તવિક હોવા છતાં પણ લઘુકર્મી આત્માઓને જ તે વાસ્તવિક લાગે છે.

શ્રી ભરતજીની આ વિચારણા કેવી છે ? પોતે વિરક્તભાવે પણ જે વિષયભોગ કરે છે, તે તેમને કેટલો ડંખતો હશે ? વિરક્તભાવે રહેલા હોવા છતાં પણ શ્રી ભરતજી પોતાનો બચાવ નથી કરતા. આજે તો રાગના પુતળાંઓ પોતાને વિરાગી જણાવે છે. પોતે સંસારમાં રહ્યા છે, તે પણ શાસનની પ્રભાવના કરવા માટે રહ્યા છે એમ કહે છે ! શ્રી ભરતજી ભોગોને કિંપાકના ફળ જેવા, સ્વાદમાં મધુર, પણ સ્વભાવે સંહારક માને છે. આ માન્યતા સમ્યગ્દષ્ટિમાં જરૂર હોય. આજે ઘણાં બુઢ્ઢાઓના મોઢામાંથી પણ આ શબ્દો નથી નીકળતા કારણકે વસ્તુ હૈયે જચી નથી. આજે ઘણા બુઢ્ઢાઓ મરતા સુધી પેઢીએ જાય, એ શું ? મિલ્કત એટલી હોય કે વ્યાજમાંથી બેઠે બેઠે ખાધે પણ વધે, છતાં પેઢીએ જાય, વ્યાપાર કરે અને અવસર આવી લાગે તો ગ્રાહકને છેતરવાનું ચૂકે નહી ! છતાં કહે શું ?' દુકાને ન જઈએ તો દહાડો કેમ જાય ?' ઉપાશ્રયે દહાડો ન જાય ? આજના ઘણા ડોસાઓ 'દહાડો

નથી જતો માટે દુકાને જઈએ છીએ' એમ કહે છે; કારણકે જીંદગીમાં દુકાન સિવાય બીજે વખત ગાળ્યો નથી. તેઓએ ધર્મનો સ્વાદ ચાખ્યો નથી. એવા બુઢ્ઢાઓ કેવળ દયાપાત્ર છે, નહિ તો બુઢ્ઢાઓ છેવટ કાંઈ નહી તો સંવાસાનુમતિ શ્રાવક જેવું જીવન પણ કેળવી શકે અને એટલું કરે તોય ઘણું સાધી શકે.

### જીવન, સ્વપ્ન જેવું છે

શ્રી ભરતજી વિચારે છે કે 'જીવન, સ્વપ્ન જેવું છે' આંખ ખૂલે ત્યારે સ્વપ્ન ખતમ થાય અને આંખ બંધ થાય ત્યારે જીવન સ્વપ્ન ખતમ થાય એટલો ભેદ. કેટલાકોની આંખો ખુલ્લી રહી જાય છે, પણ તમે ખુલ્લી રાખવા મથો એટલે મરણ પાછું ન જાય. તમને જીવન સ્વપ્ન જેવું લાગે છે ? સ્વપ્ન જેમ અલ્પકાળમાં પૂરું થઈ જાય છે. તેમ જીવિત પણ અલ્પકાલીન છે. એથી પણ જીવનને સ્વપ્નની ઉપમાં ઘટી શકે છે.

**સભા** : પહેલાં મનુષ્યપણું પાણીના પરપોટા જેવું છે. એમ વિચાર્યું અને પાછું જીવિત સ્વપ્ન જેવું છે એમ વિચાર્યું તો બેનો ભાવ એક જ છે ?

***પૂજ્યશ્રી*** : નહિ, બંનેનો ભાવ જુદો જુદો છે. દુઃખે કરીને પ્રાપ્ત થયેલું મનુષ્યપણું પાણીના પરપોટા જેવું ચપળ છે, એ વાત મુખ્યત્વે મનુષ્યપણાની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે એની સાથે સંબંધ ધરાવે છે. સંસાર જળથી ભરેલા સાગર જેવો છે અને મનુષ્યપણું તેમાં ઉત્પન્ન થયેલા પરપોટા જેવું છે. પરપોટો એ પાણીની જ વિકૃતિ છે. પાણી અને હવાનો એવો યોગ થાય છે. એ પરપોટાને પાણીમાં મળી જતાં વાર લાગે નહિ. પરપોટો ઉત્પન્ન થવો મુશ્કેલ. ઘણા પાણીમાં પરપોટા કેટલા ? થોડા. તેમ મનુષ્યપણું મળવું મુશ્કેલ; કોઈ કોઈ જીવોને જ મળે; અને પાછું એ મનુષ્યપણું નષ્ટ થતાં બહુ વાર ન લાગે. આમ મનુષ્યપણું નષ્ટ થાય અને પાપ કરવામાં બાકી રાખ્યું ન હોય, એટલે ફેર આત્મા બીજા જીવોની જેમ સંસારસાગરમાં ડૂબે. મનુષ્યપણુ એ એવી વસ્તુ નથી કે દરેકને વારંવાર મળે. અનંતાકાળમાં અનંતા

આત્માઓમાંથી ભાગ્યવાન્ આત્માઓ જ મનુષ્યપણું પામે છે. આવુ મહાકષ્ટે મળેલું દુર્લભ મનુષ્યપણું, પાણીનો પરપોટો પાણીમાં મળી જાય તેમ ચાલ્યુ જાય, તે ઠીક નહિ ને ? જો ઠીક નહિ એમ લાગતું હોય, તો જીવિત સ્વપ્ન જેવું છે એમ માની, જીવિત પૂર્ણ થાય તે પહેલાં જ જીવિત દરમ્યાન સાધવા જેવું સાધી લેવું જોઈએ, કે જેથી દેવલોકને મનુષ્યપણું એમ કરતાં કરતાં મુક્તિએ પહોંચી જવાય !

### બંધુજનોના સ્નેહો, પંખીમેળા જેવા છે

ત્યારબાદ શ્રી ભરતજી બંધુજનોના સ્નેહોને માટે વિચારે છે કે 'બંધુજનોના સ્નેહો પંખીમેળા જેવા છે.' સાંજે પંખીઓ ઝાડ ઉપર ભેગા થાય અને પ્રાતઃકાળે વિખરાઈ જાય. એના એ જ પંખીઓ બધાં બીજા દિવસે સાંજે એ જ વૃક્ષ ઉપર ભેગા થાય, એ નિયમ નહિ. પંખીમેળો એટલે માત્ર એક રાત્રિનો ઉડતો સંબંધ, કે જે પ્રાતઃ કાળે રહેવાનો નહિ. બંધુજનોના સ્નેહો પણ એવા જ છે. સંસારના અનંતકાળના ભ્રમણના હિસાબે, એ ભવના સંબંધનો વિચાર કરો ! પૂર્વભવમાં કયાં માતાપિતા, કયાં ભાઈબહેનો, કયા સંબંધીઓ અને કયા સ્નેહિઓ હતા ? તે આપણે જાણતા નથી. આ ભવ પછીના ભવમાં પણ કયા જીવોની સાથે કેવો સંબંધ સંધાશે તે પણ આપણે જાણતા નથી. આ ભવમાં જે માતા-પિતા, ભાઈભાંડુ, સ્નેહીઓ અને સંબંધીઓ છે, તેના તે જ માતા-પિતા, ભાઈભાંડુ અને સ્નેહીસંબંધીઓ પૂર્વભવોમાં હતા અને આવતા ભવોમાં હશે એમ પણ નથી. માતા પિતા, માતા-પિતા જ રહે, એવો પણ નિયમ નથી. માતા મરીને પુત્રીરૂપે પોતાના જ પુત્રના ઘેર જન્મે એય બને. પિતાનો જીવ અહીંથી મરીને પોતાના જ પુત્રના પુત્ર તરીકે ઉત્પન્ન થાય એ પણ અશક્ય નથી. પૂર્વભવની પત્નીનો જીવ આ ભવની માતા બને અને આ ભવની માતાનો જીવ આગામી ભવોમાં પુત્રી બને, એ પણ શક્ય છે. આ ભવનો સંબંધ એ હંમેશનો નિયમ સંબંધ નથી. એકબીજા કર્મયોગના આ સંબંધ છે. આ ભવ પૂરો થયો કે આ સંબંધ પૂરો થયો સમજો. આવા સંબંધના સ્નેહમા રાચવાનું શું ? આ સંબંધની મૂર્ચ્છા શી ? અનંતકાળમાં અનંતા માતાપિતા થયા, અનંતા ભાઈભાંડુ થયા,

 અનંતા પુત્રપુત્રી વગેરે થયા ને અનંતીવાર એવા સંબંધો તૂટ્યા, આમ છતાં પણ આત્મા એક ભવના સંબંધમાં ઘેલો કેમ બની જાય છે ? સંબંધનું જનક કર્મ છે. એ કર્મ ગયું એટલે સંબંધ રહે જ નહિ; એટલે આવા સંબંધના સ્નેહો પંખીમેળો જેવા છે, એમ વિવેકીઓને તો લાગ્યા વિના રહે જ નહી.

**બન્ધુજનોના સ્નેહો અતિ દુરન્ત છે**

બન્ધુજનોના સ્નેહો અતિ દુરન્ત છે. કર્મજન્ય સંબંધ નિયમા અન્તવાળો જ હોય છે. બન્ધુજનોનો સંબંધ પણ અન્તવાળો જ છે અને એવા અન્તવાળા સંબંધમાં સ્નેહભુલા બની જવાય, તો અન્ત વખતે દુ:ખ થવું, પરિતાપ ઉપજવો એ કાંઈ અસ્વાભાવિક નથી. **જેનો વિયોગ નિયત છે, એમાં મારાપણું રાખવું, એનો અર્થ જ એ છે કે વિયોગનું દુ:ખ આપણે આપણાં હાથે જ ઉત્પન્ન કરવું. ગમે તેટલી મમતા રાખો પણ વિયોગ તો થવાનો જ; અને વિયોગ થવાનો એટલે જેણે મોહનો સ્નેહ રાખ્યો છે, તેને મોહજન્ય દુ:ખ પણ થવાનું જ !** આથી જ શ્રી ભરતજી વિચારે છે કે 'સ્નેહીજનોની સાથેના સ્નેહો, બન્ધુઓની સાથેના સ્નેહો, એ અતિ દુરન્ત છે !' કારણકે એ સંબંધો તૂટે એ નક્કી જ છે અને સંબંધો તૂટે છે ત્યારે સ્નેહના યોગે વિવેકને ભૂલેલો આત્મા બહુ દુ:ખી થાય છે, એ તો તમારા અનુભવની વાત છે.



# મોહની ઘેલછા અને વિવેક

## ૬

**'સુખ ભૂંડુ અને દુઃખ રુડું'** આ જીવનસૂત્ર આપીને ભવ્ય જીવોને આત્મધર્મનો સંદેશ આપનાર આપણા પરમતારક ગુરુદેવશ્રીએ આ પ્રકરણમાં બંધુજનોના સ્નેહમાં ન મુંઝાવા માટે વિવેક પામવાની અનિવાર્ય આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે.

દુર્ગતિનું આયુષ્ય વિવેકશૂન્ય આત્મા જ બાંધે છે, એ વિષયની વિચારણામાંથી શ્રી શ્રેણિક મહારાજા જેવા ક્ષાયિક વિવેકના સ્વામીની દુર્ગતિની ચર્ચા ઉપસ્થિત થતાં ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષપકશ્રેણિ, ઉપશમ શ્રેણિ આદિ તાત્વિક પદાર્થો ઉપર પૂજ્યપાદશ્રી દ્વારા ખૂબજ સ્પષ્ટતા કરવામાં આવી છે. પ્રવચનોમાં પણ સરળભાષામાં આવા તત્ત્વભૂત પદાર્થોનું નિરુપણ ધર્મકથામાં તત્ત્વનો પ્રાણ પૂરે છે ને ધર્મકથાને વધુ રસમય બનાવે છે. ચાલો, આપણે એ રસને માણીએ.

-શ્રી

## મોહની ઘેલછા અને વિવેક

- ★ મોહની ઘેલછા ત્યજીને વિવેકી બનો !
- ★ વિવેકની પ્રાપ્તિ થયા પછી આત્મા પોતાના દુશ્મનોને ભગાડી મૂકે છે
- ★ વિવેકશૂન્ય આત્મા જ દુર્ગતિનું આયુષ્યકર્મ બાંધનારો છે
- ★ ક્ષાયિક સમ્યક્ત્વ હોવા છતાં આત્મા નરકે કેમ જાય ?
- ★ ક્ષાયિક સમ્યક્ત્વવાન્ નરકે જાય તો ક્યારે જાય ?
- ★ મિથ્યાદૃષ્ટિ ક્ષપકશ્રેણી માંડી શકે જ નહિ
- ★ સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ નથી
- ★ ક્ષાયોપશમિક સમ્યક્ત્વના કાળમાં જ પહેલીવાર ક્ષપકશ્રેણિ મંડાય
- ★ ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલીવાર મંડાય?
- ★ ક્ષપકશ્રેણિ માંડનારા અગીયારમે ગુણસ્થાનકે જતાં જ નથી
- ★ રાગ-દ્વેષથી સર્વથા રહિત થયેલા ફરી રાગદ્વેષી બનતા નથી
- ★ ક્ષપક શ્રેણિવાળા અને ઉપશમ શ્રેણિવાળા આત્મામાં દશમાં ગુણસ્થાનકે રહેતો તફાવત
- ★ ક્ષપકશ્રેણિ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હાજરીમાં જ મંડાવી શરૂ થાય છે
- ★ ક્ષાયોપશમિક સમ્યકત્વમાં વર્તતો જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે છે
- ★ સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધી સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક માન્યતા
- ★ અન્ય લિંગે સિદ્ધ સંબંધી ખુલાસો
- ★ શ્રી તીર્થંકરનામ કર્મ નિકાચ્યા છતાં નરકે જાય તે ક્યા કારણે ?
- ★ વિવેક પ્રગટાવો, જાળવો ને ખીલવો
- ★ આરાધક પુણ્યાત્માઓની શ્રી ભરતજીએ કરેલી અનુમોદનાઃ

# ૬

## મોહની ઘેલછા અને વિવેક

**મોહની ઘેલછા ત્યજીને વિવેકી બનો !**

માટે જ બન્ધુજનોના સ્નેહોમાં કાંઈ જ મૂંઝાવા જેવું નથી, પણ એ સમજાય ત્યારે, કે જ્યારે આત્મા વિવેકી બને. **અવિવેકી આત્મા પોતે જ પોતાના દુઃખનો સર્જક બને છે અને વિવેકી આત્મા પોતે જ પોતાના દુઃખનો નાશક બને છે. દુઃખ ઉત્પન્ન કરનાર પણ આત્મા છે અને દુઃખનો નાશ કરનાર પણ આત્મા છે.** વસ્તુતઃ આત્મા કોઈનો સ્નેહી ય નથી અને સંબંધી યે નથી. સંસારમાં ભવે ભવે કેટલાય સંબંધો સર્જાય છે અને નાશ પામે છે. ત્યાં એક ભવના સંબંધમાં મૂંઝાવું એમાં શું ડહાપણ છે ? જે આપણું નથી તેને આપણું માનવું તે ઘેલછા છે. એ ઘેલછા જાય નહિ અને વિવેક પ્રગટે નહિ. ત્યાં સુધી આત્મા પોતાના હાથે જ પોતાને દુઃખી કર્યા કરવાનો. જ્યાં એ ઘેલછા ગઈ, વિવેક પ્રગટ્યો અને વિવેકાનુસારી વર્તન થવા માંડ્યુ, એટલે આત્મા દુઃખના ઉત્પાદક કારણોનો નાશ કરવા માંડવાનો, અને તેમ કરતાં કરતાં આત્મા દુઃખથી સર્વથા મુકાઈ એકાન્ત સુખમય દશામાં જ સદા ઝીલવાનો, આથી જ પરમ ઉપકારી જ્ઞાનીઓએ આ દશા પામવાને ઉદ્યમશીલ બનવાનો જ ઉપદેશ આપ્યો છે.

**વિવેકની પ્રાપ્તિ થયા પછી આત્મા પોતાના દુશ્મનોને ભગાડી મૂકે છે**

શ્રી ભરતજીની આ વિચારણા વિવેકપૂર્વકની છે. એટલે એ પુણ્યવાનને બન્ધુજનોના સ્નેહો પંખીમેળા જેવા અતિ દુરન્ત ભાસે છે.

 વિવેક આવે એટલે જે જેવું હોય તે તેવું ભાસવા માંડે. અવિવેકી વસ્તુરૂપને વસ્તુગતે નહિ માનતાં ઉલટા સ્વરૂપે માનનારો હોય; અને એથી જ જ્ઞાનીઓ ફરમાવે છે કે આ સંસારમાં રઝળાવનાર અવિવેક જેવું બીજું કોઈપણ ભયંકર કારણ નથી. એક માત્ર અવિવેક ટળી જાય અને વિવેક પ્રગટી જાય, એટલે અનન્તકાળનું ભવભ્રમણ-ચક્ર તૂટે અને ભ્રમણનો અન્ત જ્ઞાનચક્ષુથી નજદીક દેખાય. અવિવેક ટળે અને વિવેક આવે, એટલે આત્મા વસ્તુને વસ્તુગતે સમજવા માંડે. 'હું કોણ ?' અને 'મારું શું ?' આ સમજે તેમજ મારાને દબાવી મને રઝળાવનાર, દુઃખી કરનાર દુશ્મન કોણ છે ? એય સમજે. પછી મારાપણાને દબાવી રાખનાર, આત્માના સ્વરૂપને આડે આવનાર દુશ્મનોની સાથે એનું યુદ્ધ શરૂ થાય. આત્મસ્વરૂપને આચ્છાદિત બનાવી રાખનારા દુશ્મનો સામે એ એવો હલ્લો લઈ જાય કે પોતાનાથી શક્ય કરવામાં કશું જ બાકી રાખે નહિ. એમ યુદ્ધ ચાલતાં અને હારજીત થતાં, એવો પ્રસંગ આવી જ જાય કે દુશ્મનો ભાગી જાય અને ભાગ્યવાન્ આત્મા સ્વરૂપમાં રમણ કરનારો બની જાય. સમ્યક્ત્વ એ વિવેક છે, અને જ્ઞાનપૂર્વક ચારિત્ર અને તપ એ દુશ્મનને હાંકી કાઢવાના હથીયારો છે. વિવેક આવતાંની સાથે આ દુશ્મન, આ મિત્ર, આ 'મારું' આ 'પારકું' એ સમજાઈ જાય અને દુશ્મનો સામે હલ્લો લઈ જવાની બુદ્ધિ આવી જાય એટલે આત્મા કેમ હલ્લો લઈ જવો, એ વગેરેનું જ્ઞાન પણ મેળવે જ.

વિવેકની હયાતિમાં એ તાકાત છે કે આત્માને દુર્ગતિમાં જવા ન દે; વિવેક આવતાં પૂર્વે દુર્ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો ભલે દુર્ગતિમાં જવું પડે, પણ ત્યાંય વિવેક કાયમ રહી જાય વિવેકની હયાતિમાં આત્મા દુર્ગતિમાં ઘસડી જનારું આયુષ્યકર્મ ઉપાર્જે જ નહિ; અર્થાત્ વિવેકની હયાતિનો એ પ્રતાપ છે કે આ હોય ત્યાં સુધી તો ઘોર અવિરત પણ આત્મા દુર્ગતિએ લઈ જનારા આયુષ્યકર્મને બાંધનારો થાય જ નહિ.

### વિવેકશૂન્ય આત્મા જ દુર્ગતિનું આયુષ્યકર્મ બાંધનારો છે

**સભા** : જેટલા આત્માઓ દુર્ગતિમાં ગયા તે બધા જ વિવેક વિનાના હોવાથી ગયા ?

**પૂજ્યશ્રી** : વાત બરાબર સમજ્યા નહિ. દુર્ગતિમાં જે જે આત્માઓ ગયા, જાય છે અને જશે, તે તે દુર્ગતિમાં જવાનું જે આયુષ્ય કર્મ ઉપાર્જ્યું, ઉપાર્જે છે અને ઉપાર્જશે, તે તે આયુષ્ય કર્મના બંધ સમયે તે તે આત્માઓ નિયમા વિવેકશૂન્ય હતા, છે અને હશે. દુર્ગતિમાં જવાનું આયુષ્યકર્મ ઉપાર્જ્યું, એનો બંધ પડી ગયો અને પછી વિવેક પ્રગટ્યો, એ વાત જુદી છે; પણ આયુષ્યકર્મનો બંધ પડ્યો ન હોય, એ દશામાં વિવેક પ્રગટી જાય અને જીવનના અન્ત સુધી બરાબર ટક્યો જ રહે, તો તે આત્મા દુર્ગતિમાં જાય જ નહિ, એમ જ્ઞાનીઓ સ્પષ્ટપણે ફરમાવે છે.

**ક્ષાયિક સમ્યક્ત્વ હોવા છતાં આત્મા નરકે કેમ જાય ?**

**સભા** : શ્રી તીર્થંકરદેવોના આત્માઓ નરકે ગયા, તે વિવેકશૂન્ય દશામાં ?

**પૂજ્યશ્રી** : જે સમયે નરકે ગયા તે સમયે વિવેકશૂન્ય હતા એમ નહિ, પણ જ્યારે તે આત્માઓએ નરકે જવાનું આયુષ્યકર્મ બાંધ્યું, તે સમયે તો તે આત્માઓ નિયમા વિવેકશૂન્ય જ હતા; અન્યથા તે આત્માઓ દુર્ગતિએ જાત જ નહિ. શ્રી શ્રેણિક મહારાજા અને શ્રી કૃષ્ણ મહારાજા ક્ષાયિક સમ્યક્ત્વવાળા એટલે ક્ષાયિક વિવેકવાળા હોવા છતાં નરકે ગયા, ત્યાં જ્ઞાનીઓ સ્પષ્ટપણે જણાવે છે કે, 'વિવેકશૂન્ય દશામાં, વિવેક પ્રગટતાં પૂર્વે જ શ્રી શ્રેણિક મહારાજ અને શ્રી કૃષ્ણ મહારાજ નરકે ખેંચી જનારા આયુષ્યકર્મને બાંધી ચુક્યા હતા.' આથી સ્પષ્ટ છે કે જો વિવેક પ્રગટતા પૂર્વે નરકે જવાના આયુષ્યકર્મને તેમણે ન બાંધ્યું હોત, તો કદિ પણ ક્ષય નહિ પામનારા એવા વિવેકને પામેલા તે પુણ્યાત્મા નરકે જાત જ નહિ !

**ક્ષાયિક સમ્યક્ત્વવાન્ નરકે જાય તો ક્યારે જાય ?**

**સભા** : ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા આત્માઓને વધુમાં વધુ એક જ વાર નરકે જવું પડે છે, એમજ ને ?

**પૂજ્યશ્રી** : ક્ષાયિક સમ્યક્ત્વને પામેલા પુણ્યાત્માઓ, સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે જ જો નરકનું આયુષ્યકર્મ બાંધી ચૂક્યા હોય, તો

જ તે પછીના પ્રથમ ભવમાં નરકે જાય બાકી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી તો તે આત્માઓ કદીપણ નરકે લઈ જનારા આયુષ્યકર્મને બાંધનારા થતા જ નથી. આથી સ્પષ્ટ છે કે ક્ષાયિક સમ્યક્ત્વને પામતાં પૂર્વે જ જો નરકે જવા લાયક આયુષ્યકર્મ બાંધી દીધું હોય તો જ તે પછીના પ્રથમ ભવમાં તે પુણ્યાત્માઓને નરકે જવું પડે; એટલેકે સમ્યક્ત્વની હાજરીમાં તો દુર્ગતિએ જવા લાયક દુષ્ટ આયુષ્યકર્મ બંધાય જ નહિ એ ચોક્કસ જ છે.

**સભા** : ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછીથી આત્મા મોક્ષે ક્યારે જાય ?

**પૂજ્યશ્રી** : ક્ષાયિક સમ્યક્ત્વ પામતાં પહેલા જો આયુષ્યકર્મનો બંધ ન પડી ગયો હોય તો તે આત્મા તે જ ભવમાં મુક્તિ પામ્યા વિના રહે નહિ. ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષપકશ્રેણિ માંડ્યા વિના પમાતું નથી. હવે ક્ષપકશ્રેણી માંડ્યા પછી આત્માએ તે પૂર્વે આયુષ્યકર્મનો બંધ કરી લીધો હોય તો તે આત્મા દર્શનસપ્તકનો ક્ષય કરીને અટકી જાય છે. અને તેથી જ તે ક્ષપકશ્રેણિને ખંડ ક્ષપકશ્રેણિ કહેવાય છે. કદાચિત્ એમ પણ બને છે કે આત્મા ક્ષપકશ્રેણિ માંડ્યા પછીથી અનંતાનુબંધી ચારનો ક્ષય કરીને વિરામ પામી જાય છે અને મિથ્યાત્વનો તેણે ક્ષય નહિ કરેલો હોવાથી તેના ઉદયથી ફેર અનંતાનુબંધી ચતુષ્ક બાંધે એ શક્ય છે. પણ જેઓએ પૂર્વે આયુષ્યકર્મનો બંધ ન કરી લીધો હોય, તે આત્માઓ તો ક્ષપકશ્રેણિ માંડી દર્શનસપ્તકનો ક્ષય કરવા દ્વારા ક્ષાયિક સમ્યગ્દર્શનને પામી અન્તર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પણ ઉપાર્જે છે; અને જે ભવમાં કેવળજ્ઞાન પમાય તે ભવમાં નિયમા મોક્ષ પમાય એ તો ભાગ્યે જ કોઈ જૈનથી અજાણ્યું હશે !

## મિથ્યાદૃષ્ટિ ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ

**સભા** : ક્ષપકશ્રેણિ મિથ્યાદૃષ્ટિ આત્મા માંડી શકે ?

**પૂજ્યશ્રી** : મિથ્યાદૃષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ; સમ્યગ્દૃષ્ટિ આત્મા જ ક્ષપકશ્રેણિ માંડી શકે; પછી તે અવિરત ગુણસ્થાનકે વર્તતો હોય, દેશવિરતિ ગુણસ્થાનકે વર્તતો હોય, પ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય કે અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો હોય ! એટલે અવિરતિધર સમ્યગ્દૃષ્ટિ આદિ ક્ષપકશ્રેણિ માંડી શકે, પણ મિથ્યાદૃષ્ટિ તો ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ.

## સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ નથી

**સભા** : આપે હમણાં જ કહ્યું કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય જ નહિ.

**પૂજ્યશ્રી** : તે બરાબર છે અને મિથ્યાદૃષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડે જ નહિ એ પણ બરાબર છે. કારણ કે સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ નથી. માત્ર ક્ષાયિક પ્રકારનું જ સમ્યગ્દર્શન હોય તો તો મિથ્યાદૃષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડે જ એમ કબૂલ કરવું પડે અથવા તો કોઈ મોક્ષે જવાનું નથી કે કોઈ મોક્ષે ગયું નથી અગર તો કોઈ મોક્ષે જતું નથી એમ માનવું પડે. પછી મોક્ષમાર્ગ, એનો ઉપદેશ, એની આરાધના વગેરે રહ્યું ક્યા ? સમ્યક્ત્વને જો એકલા ક્ષાયિક પ્રકારનું જ માનવામાં આવે તો તો તેમ માનનારાની સ્થિતિ વિષમ થવા પામે; કારણકે આપણે જાણીએ છીએ કે આ ક્ષેત્રમાંથી હાલ કોઈપણ આત્મા મુક્તિએ જઈ શકતો નથી; એટલે અત્યારે આ ક્ષેત્રમાં વર્તી રહેલા જીવોને તેણે કેવા માનવા પડે ?

**સભા** : મિથ્યાદૃષ્ટિ.

**પૂજ્યશ્રી** : એમ જ માનવું પડે.

**સભા** : પૂર્વે આયુષ્યકર્મને બાંધી ચૂકેલા અને તે પછી સમ્યક્ત્વ પામેલા એવા ન મનાય ?

**પૂજ્યશ્રી** : એવા ન મનાય, કારણકે જ્ઞાનીઓ ફરમાવે છે કે આ કાળમાં આ ક્ષેત્રના જીવો ક્ષપકશ્રેણિ માંડી શકતા નથી; કારણકે જે ક્ષેત્રમાંથી જે કાળમાં મોક્ષે જવાતું હોય છે તે કાળમાં તે ક્ષેત્રમાં ક્ષપકશ્રેણિ માંડી શકાય છે; પણ તે સિવાયના કાળમાં તે ક્ષેત્રમાં ક્ષપકશ્રેણિ માંડી શકાતી નથી અને ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિક સમ્યક્ત્વ પમાય જ નહિ એટલે આ કાળમાં આ ક્ષેત્રમાં વર્તતા જીવોને આપણે મિથ્યાદૃષ્ટિ જ માનવા પડે એથી વર્તમાનમાં ચતુર્વિધ શ્રી સંઘની હયાતિ નથી એમેય માનવું પડે; કારણકે સમ્યક્ત્વ વિના ન સાચું સાધુપણું હોય અને ન તો સાચું શ્રાવકપણું હોય. આમ સાધુ સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા નથી એમ મનાય, તો શાસનનો વિચ્છેદ પણ માનવો પડે. એ પ્રકારે શાસનનો વિચ્છેદ માનવાના યોગે મોક્ષમાર્ગની આરાધના કરવાની વાત પણ ઉડી જાય; કારણકે શાસનનો વિચ્છેદ એ જ મોક્ષમાર્ગનો વિચ્છેદ છે. આ પ્રકારની માન્યતામાં દોરાવું પડે એ નાનીસૂની આપત્તિ નથી પણ શાસનાનુસાર માન્યતાવાળાને કશી આપત્તિ નડતી નથી. આ બધી આપત્તિ તો શાથી ઉભી થાય છે, એ ભેદ યાદ છે ને ?

**સભા** : સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ છે. એમ માનવામાં આવે તો !

**પૂજ્યશ્રી** : બરાબર છે. સમ્યક્ત્વ એકલા ક્ષાયિક પ્રકારનું જ છે, એમ માનવામાં આવે તો જ આ બધી આપત્તિ ઉભી થાય. પણ આ શાસનમાં સમ્યગ્દર્શનના ક્ષાયિક સમ્યગ્દર્શનની જેમ ઔપશમિક સમ્યગ્દર્શન અને ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન એ વગેરે પ્રકારો પણ માનવામાં આવેલા છે.

### ક્ષાયોપશમિક સમ્યક્ત્વના કાળમાં જ પહેલી વાર ક્ષપકશ્રેણિ મંડાય

આપણે વાત તો એ ચાલી રહી હતી કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના ક્ષાયિક સમ્યગ્દર્શન કોઈપણ આત્મા પામે જ નહિ અને મિથ્યાદૃષ્ટિ આત્મા ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ.

**સભા** : એટલે કે ક્ષાયિક સમ્યગ્દર્શન તે જ આત્મા પામી શકે, કે જેનામાં ઔપશમિક સમ્યગ્દર્શન હોય અથવા તો ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન હોય, પણ ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન જેનામાં ન વર્તતું હોય, તે તો ક્ષાયિક સમ્યગ્દર્શન પામી શકે જ નહિ એમને ?

**પૂજ્યશ્રી** : અનુમાન દોરવામાં આટલી ઉતાવળ નહિ કરવી જોઈએ.

**સભા** : આપે કહ્યું ને કે ક્ષાયિક સમ્યગ્દર્શન મિથ્યાદૃષ્ટિ પામી શકે નહિ.

**પૂજ્યશ્રી** : તે બરાબર છે, પણ તમે હમણાં જ જે અનુમાન દોર્યું તેમાં થોડી ભૂલ છે. માટે જ કહ્યું કે 'અનુમાન દોરવામાં આટલી બધી ઉતાવળ નહિ કરવી જોઈએ.'

**સભા** : આપ ફરમાવો.

**પૂજ્યશ્રી** : ક્ષાયિક સમ્યગ્દર્શન તે જ આત્મા પામી શકે છે કે જે આત્મા ક્ષાયોપશમિક સમ્યક્ત્વને ધરનારો હોય. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની ગેરહાજરીમાં કોઈપણ આત્મા સૌથી પહેલીવાર ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી.

**સભા** : સૌથી પહેલીવાર એમ કેમ ?

**પૂજ્યશ્રી** : કારણકે ક્ષપકશ્રેણિ માંડી ક્ષાયિક સમ્યગ્દર્શન પામી પૂર્વે આયુષ્યકર્મ બાંધ્યું હોવાના કારણે, અટકી પડેલા આત્માઓ જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે તે પૂર્વે તે આત્માઓને ફરીથી ક્ષપકશ્રેણિ માંડવી જ પડે છે. જો કે એ વાત ચોક્કસ કે ફેર મંડાતી ક્ષપકશ્રેણિનો ક્રમ પહેલાંની ક્ષપકશ્રેણિ જ્યાં અધૂરી હોય ત્યાંથી જ આગળ વધે છે. એ ક્ષપકશ્રેણિ ક્ષાયિક સમ્યક્ત્વની હાજરીમાં મંડાતી હોવાથી, 'ક્ષાયોપશમિક સમ્યક્ત્વની ગેરહાજરીમાં કોઈપણ આત્મા પહેલી વાર ક્ષપકશ્રેણિ માંડી શકતો નથી એમ કહેવાયું છે.'

### ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલીવાર મંડાય ?

**સભા** : આત્મા ક્ષપકશ્રેણિ વધુમાં વધુ કેટલીવાર માંડતો હશે ?

**પૂજ્યશ્રી** : બહુ જ સીધી  વાત છે. કોઈપણ આત્મા મોક્ષે જતાં પહેલાં અનંતાકાળ સુધી આ સંસારમાં રહેલો જ હોય છે. એ અનંતા કાળમાં આત્મા વધુમાં વધુ વખત ક્ષપકશ્રેણિ માંડે તો માત્ર બે જ વાર માંડે. પહેલીવાર માંડી ત્યારે જે દર્શનસપ્તકનો ક્ષય થયો, ત્યાંથી જ બીજીવાર આગળ જાય છે. મોટેભાગે તો આત્માઓ એકજ વાર ક્ષપકશ્રેણિ માંડે છે. પણ આપણે વિચારી ગયા તેમ, ક્ષપકશ્રેણિ માંડતા પૂર્વે આયુષ્ય-કર્મનો બંધ પડી ગયો હોય, તો આત્મા ક્ષપકશ્રેણિ માંડે તો ય દર્શન સપ્તક ખપાવીને અટકી જાય અને એથી કેવળજ્ઞાન પામવાને માટે એ આત્માને ફરીથી ક્ષપકશ્રેણિ માંડવી જ પડે, અને બાકી રહેલી કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરવો જ પડે, તેમજ બીજા પણ આવરણોને દૂર કરવા જ પડે; એટલે એક આત્મા વધુમાં વધુ ક્ષપકશ્રેણિ માંડે તો બે વાર જ માંડે, બે થી ત્રીજી વાર નહિ અને એ પણ તે એક ભવમાં મંડાય તો એક જ વાર ક્ષપકશ્રેણી મંડાય, એમ અપેક્ષાથી કહી શકાય. મોટાભાગે તો બને એવું કે જીવો જે ભવમાં મોક્ષે જવાના હોય તે ભવમાં જ ક્ષપકશ્રેણિ માંડે. અહીં એક વાત એ પણ યાદ રાખી લેવાની કે પહેલાં કહી ગયા તેમ, ક્ષપકશ્રેણિ માંડીને અનંતાનુંબંધી ચતુષ્કનો ક્ષય કરીને અટકી ગયેલા અને એથી મિથ્યાત્વના યોગે ફેર અનંતાનુબંધી ચતુષ્કના ચક્કરમાં સપડાઈ જવાની શક્યતાવાળા આત્માઓની તે ક્ષપકશ્રેણિ આપણે ગણનામાં લીધી નથી. અન્યથા, નિશ્ચયપૂર્વક ક્ષપકશ્રેણિ એક આત્મા અનંતાકાળમાં કેટલી વાર માંડે, તે કહી શકાય નહિ.

ક્ષપકશ્રેણિ માંડનાર કયા કારણસર અટકે ?

**સભા** : ક્ષપકશ્રેણિ માંડેલો જીવ દર્શનસપ્તકનો ક્ષય કરીને અટકી જાય, તો તેના અટકી જવાનું કારણ એક જ ને ?

**પૂજ્યશ્રી** : હા, અને તે એ જ કે ક્ષપકશ્રેણિ માંડતા પૂર્વે આયુષ્યનો બંધ પડી ગયો હોય. આયુષ્યકર્મનો બંધ ન પડી ગયો હોય તો તે ક્ષપકશ્રેણિ માંડી દર્શનસપ્તકનો ક્ષય કરી ચૂકેલા આત્માઓ અન્તર્મુહૂર્તમાં નિયમા કેવળજ્ઞાન પામી જાય.

### ક્ષપકશ્રેણિ માંડનારા અગીયારમે ગુણસ્થાનકે જતા જ નથી

**સભા** : ક્ષપકશ્રેણી માંડી અગીયારમાં ગુણસ્થાનકે જઈને કેટલાક આત્માઓ પાછા પડે છે ને ?

**પૂજ્યશ્રી** : જે આત્માઓ ક્ષપકશ્રેણિ માંડે છે, તે આત્માઓ અગીયારમાં ગુણસ્થાનકે જતા જ નથી અને બીજા જે આત્માઓ અગીયારમાં ગુણસ્થાનકે જાય છે, તે આત્માઓ પાછા પડ્યા વિના રહેતા જ નથી. અગીયારમું ગુણસ્થાનક એવું નિયત છે કે અગીયારમાં ગુણસ્થાનકે જે જે આત્માઓ જાય તે આત્માઓ એટલે સુધી પહોંચીને નિયમા પાછા પડે જ; પણ જે જે આત્માઓ ક્ષપકશ્રેણિ માંડે, તે તે આત્માઓ અગીયારમાં ગુણસ્થાનકે જાય જ નહિ. ક્ષપકશ્રેણિ માંડનારા આત્માઓ સાતમે, આઠમે, નવમે અને દશમે જઈ, દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય છે; તે આત્માઓ ત્યાંથી અગીયારમે નહિ જતાં સીધા બારમે જ જાય છે અને બારમાના અંતે બાકી રહેલ ત્રણે ઘાતીકર્મોને પણ સર્વથા ખપાવે છે અને એમ ચારેય ઘાતીકર્મો સર્વથા ખપે ત્યારે જ કેવળજ્ઞાન થાય.

**સભા** : કેવળજ્ઞાની તેરમાં ગુણસ્થાનકે જ હોય ?

**પૂજ્યશ્રી** : મોક્ષ પામતા પહેલાં પાંચ હ્સ્વાક્ષરો જેટલો સમય કેવળજ્ઞાની આત્મા ચૌદમાં ગુણસ્થાનકે અયોગી દશામાં રહે છે. તે પહેલાં તે ઘાતીકર્મોનો સર્વથા ક્ષય કર્યા પછીથી, આત્મા વચ્ચે જેટલો કાળ આ સંસારમાં રહે તેટલો કાળ તેરમાં ગુણસ્થાનકે જ રહે.

### રાગદ્વેષથી સર્વથા રહિત થયેલા ફરી રાગદ્વેષી બનતા જ નથી

**સભા** : તો પછી અગીયારમાં ગુણસ્થાનકે કયા આત્માઓ આવે ને પડે ?

**પૂજ્યશ્રી** : શ્રેણિ બે પ્રકારની છે. ક્ષપકશ્રેણિ અને ઉપશમ શ્રેણિ. ઉપશમ શ્રેણિવાળો આત્મા દશમાંથી અગીયારમે ગુણસ્થાનકે જાય છે અને એ ગુણસ્થાનક એવું છે કે જે ત્યાં ગયો તે પાછો ગબડ્યા વિના રહે જ નહિ કારણકે આત્મામાં અમુક પ્રકારનો એવો કર્મમળ રહી જાય છે. કે જેને લીધે ઉપશમ શ્રેણિમાં વધતો આત્મા અગીયારમે ગુણસ્થાનકે પહોંચે એટલે આગળ વધી ન શકે પણ પાછો જ પડે.

**સભા** : આપે તો ફરમાવ્યું છે ને કે દશમા ગુણસ્થાનકે આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય છે ? જ્યારે દશમા ગુણસ્થાનકને અંતે આત્મા સર્વથા રાગદ્વેષ રહિત થઈ જાય છે, તો પછી દશમા ગુણસ્થાનકેથી આગળ વધી અગીયારમાં ગુણસ્થાનકે જઈ પાછા કેમ પડાય? એકવાર રાગદ્વેષનો સર્વથા અભાવ થઈ જાય અને પછી પાછા રાગદ્વેષથી ભરેલા બની જવાય ? એમ બને ખરું ?

**પૂજ્યશ્રી** : મુંઝાઓ મા, જે કહેવાય છે તે રીતસર સમજવા પ્રયત્ન કરો. એકવાર રાગદ્વેષનો સર્વથા અભાવ થઈ જાય, એટલે અનન્તકાળે પણ એ આત્મા રાગદ્વેષથી લેપાય જ નહીં. એ નિર્મળતા આવી તે આવી. પછી તે અનન્તકાળે પણ જાય જ નહીં ! દશમા ગુણસ્થાનકને અંતે જે આત્માઓ રાગદ્વેષથી સર્વથા રહિત થઈ જાય, તે આત્માઓ અગીયારમા ગુણસ્થાનકે નહીં જતાં દશમાંથી સીધા બારમે જ ગુણસ્થાનકે જાય અને ક્ષપકશ્રેણિ માંડેલા આત્માઓ જ દશમા ગુણસ્થાનક્ને અંતે રાગદ્વેષથી સર્વથા રહિત બને છે. એ વાત કહી હતી ને ?

**સભા** : હા જી.

**પૂજ્યશ્રી** : એ બરાબર યાદ હોત તો આ મુંઝવણ ન થાત અને ક્ષપકશ્રેણિની વાત ઉપશમશ્રેણિની વાત સાથે તમે જોડી તે જોડાત નહીં ને ?

### ક્ષપક શ્રેણિવાળા અને ઉપશમ શ્રેણિવાળા આત્મામાં દશમાં ગુણસ્થાનકે રહેતો તફાવત

**સભા** : બરાબર છે. ત્યારે ઉપશમ શ્રેણિવાળા આત્માઓ દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિત નથી બનતા એમજ ને ?

**પૂજ્યશ્રી** : છે તો એમ જ, પણ એમાંય સમજવા જેવું છે; એ નહિ સમજો તો ફેર ભૂલાવવામાં પડતાં વાર નહિ લાગે. ઉપશમ શ્રેણિ

માંડીને દશમાં ગુણસ્થાનક અંતે પહોંચેલા આત્માઓને રાગ કે દ્વેષ ઉદયમાં હોતા નથી, પણ સત્તામાં જરૂર હોય છે. રાગદ્વેષનો સર્વથા અભાવ નહિ. રાગદ્વેષના ઉદયનો સર્વથા અભાવ, ઉપશમ શ્રેણિમાં દશમાએ પહોંચેલાઓને દશમાને અંતે જરૂર થાય છે. ક્ષપકશ્રેણિ માંડેલા આત્માઓ દશમાના અંતે સર્વથા રાગદ્વેષ રહિત બની જાય છે. રાગદ્વેષ સત્તાગત પણ હોતા નથી, જ્યારે ઉપશમ શ્રેણિવાળાને દશમાને અંતે રાગદ્વેષ ઉદયગત સર્વથા ન હોય પણ સત્તાગત નિયમા હોય; અને દશમાના અંતે પણ રાગદ્વેષ સત્તાગત રહી જાય છે. એથી જ ઉપશમ શ્રેણિ માંડનારા આત્માઓ તે વખતે બારમાં ગુણસ્થાનકે જઈ શકતા નથી અને અગીયારમાં ગુણસ્થાનકે જઈને પાછા પડે છે.

**સભાઃ** ક્ષપકશ્રેણિ માંડે નહિ તો કેવળજ્ઞાન મળે જ નહિ એમ ને ?

**પૂજ્યશ્રી** : હા. ક્ષપકશ્રેણિ માંડી દશમાના અંતે રાગદ્વેષથી સર્વથા રહિતપણું પામ્યા વિના અને પછી પણ બાકીના ત્રણ ઘાતી કર્મો છેલ્લે છેલ્લે ક્ષીણ કર્યા વિના કેવળજ્ઞાન પ્રગટ કરી શકાતું નથી; એટલે કે ક્ષપકશ્રેણિ માંડ્યા વિના કોઈ કેવળજ્ઞાન પ્રગટાવી શકતું જ નથી.

**સભાઃ** મિથ્યાદૃષ્ટિ ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ, એટલે તે પહેલાં સમ્યગ્દર્શન પામવું જ જોઈએ ને ?

**પૂજ્યશ્રી** : જરૂર. માંડે તો સમ્યગ્દૃષ્ટિ આત્મા જ ક્ષપકશ્રેણિ માંડે. મિથ્યાદૃષ્ટી આત્મા તે દશામાં ક્ષપકશ્રેણિ માંડી શકતો જ નથી.

### ક્ષપકશ્રેણિ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હાજરીમાં જ મંડાવી શરૂ થાય છે

**સભાઃ** ક્ષપકશ્રેણી માંડનારો આત્મા ક્ષપકશ્રેણિ માંડતી વખતે ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતો જ હોય ?

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન ફરી રૂપાંતરે આવ્યો. આત્મા જે સમયે ક્ષપકશ્રેણિ માંડવાની શરૂઆત કરે છે તે વખતે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જ વર્તતા હોય છે અને દર્શનસપ્તકને ખપાવી અટકી

પડેલો ખંડ ક્ષપકશ્રેણિવાળો જ્યારે ફરી માંડે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વમાં જ વર્તતો હોય છે. પણ ઔપશમિક સમ્યક્ત્વમાં વર્તતા આત્મા તે જ દશામાં ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા જ માંડે તો ક્ષપકશ્રેણિ માંડી શકે છે, એમ કહેવાય ત્યારે સમજી લેવાનું કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાની જ વાત કહેવાય છે. બધી વસ્તુઓ અપેક્ષાએ કહેવાય. એ અપેક્ષાની ઉપેક્ષા કરનારા સીધામાંથી ઉંધુ પકડે એ બનવા જોગ છે.

### ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં વર્તતો જીવ જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે છે

**સભા** : ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ પણ તે જ પામે કે જે પહેલાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય ?

**પૂજ્યશ્રી** : ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો હોય એટલું જ નહિ, પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે વર્તી રહ્યો હોય તે જ ક્ષપકશ્રેણિ માંડે અને દર્શનસપ્તકના ક્ષય સુધી પહોંચે તો ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે.

**સભા**: એ વિષયમાં સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક વચ્ચે મતભેદ છે ને ?

**પૂજ્યશ્રી** : સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક બન્નેય માન્યતાઓ આ વિષયમાં એક જ છે; અર્થાત્ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં જે આત્મા ન વર્તતો હોય તે ક્ષપકશ્રેણિ માંડી શકે જ નહિ અને ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ એટલે ક્ષાયિક સમ્યગ્દર્શનાદિ પામી શકે જ નહિ. આ વિષયમાં સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક બંનેય મંતવ્યો એક સરખાં જ છે.

### સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધી સૈદ્ધાંતિક અને કાર્મગ્રંથિક માન્યતા

**સભા** : સમ્યક્ત્વની ઉત્પત્તિ સંબંધમાં મતભેદ નથી ?

**પૂજ્યશ્રી** : છે. કાર્મગ્રંથિક માન્યતા એવી છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ આત્મા જે સમ્યક્ત્વ પામે છે, તે ઔપશમિક જ હોય છે. ઔપશમિક સમ્યક્ત્વ વધુમાં વધુ ટકે તો એક અન્તર્મુહૂર્ત ટકે, એટલે

ઔપશમિક સમ્યક્ત્વને પામેલા આત્મા ત્રણ પૂંજ કરવા દ્વારા, તે સમ્યક્ત્વનો કાળ પૂર્ણ કર્યા પછી ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે. કાં તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે, કાં તો ત્રીજા મિશ્ર ગુણસ્થાનકે જાય છે અને કાં તો સીધા જ પહેલાં ગુણસ્થાનકે જાય છે. એવા પણ આત્માઓ હોય છે કે જેઓ ત્રણ પૂંજ કરતા નથી અને અનંતાનુબંધીનો ઉદય થઈ જવાના કારણે ચોથેથી બીજે જઈને પહેલે જાય છે.

સૈદ્ધાન્તિક માન્યતા એવી છે કે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામ્યા વિના ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી શકે છે; અને જે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો ઔપશમિક સમ્યક્ત્વ પામે છે તે જીવો તે સમ્યક્ત્વમાંથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વની દશામાં જઈ શકતા જ નથી.

આ પ્રકારે સમ્યક્ત્વની ઉત્પત્તિના સંબંધમાં કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક માન્યતા વચ્ચે તફાવત છે, પરંતુ ક્ષાયિક સમ્યગ્દર્શન, ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન પામ્યા વિના પમાય જ નહિ. અર્થાત્ ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હયાતિમાં જ ક્ષપકશ્રેણિ માંડી ક્ષાયિક સમ્યગ્દર્શન પમાય. આ માન્યતા કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક બંનેયની સમાન છે.

### અન્ય લિંગે સિદ્ધ સંબંધી ખુલાસો

**સભા** : ક્ષાયોપશમિક સમ્યક્ત્વની હયાતિમાં જ ક્ષપકશ્રેણિ મંડાય, ક્ષપકશ્રેણિ માંડનાર જ ક્ષાયિક સમ્યક્ત્વ પામી શકે અને તે જ આગળ વધે તો કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષે જઈ શકે, તો પછી અન્યલિંગે પણ સિદ્ધ થાય, એમ જે કહ્યું છે, તેનું શું ?

**પૂજ્યશ્રી** : અન્યલિંગે પણ સિદ્ધ થાય એમ તો કહ્યું જ છે, પણ અન્ય માન્યતાએ પણ સિદ્ધ થાય, એમ તો કહ્યું નથી ને ?

**સભા**: ના જી.

**પૂજ્યશ્રી** : અન્ય માન્યતાએ પણ સિદ્ધ થાય એમ નથી કહ્યું, પછી એમાં મૂંઝવણ કરવા જેવું શું છે ? અન્યલિંગમાં રહેલો પણ આત્મા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામી, ક્ષપકશ્રેણિ માંડી, દશમાના

અંતે રાગદ્વેષથી સર્વથા રહિત બની બારમાના અંતે કેવળજ્ઞાનની આડે આવતા આવરણોને દૂર કરી, કેવળજ્ઞાન ઉપાર્જી મોક્ષે જાય એ બને અને તે જ અન્યલિંગે સિદ્ધ થાય એમ કહેવાય.

### શ્રી તીર્થંકરનામ કર્મ નિકાચ્યા છતાં નરકે જાય તે કયા કારણે ?

**સભા:** શ્રી તીર્થંકરદેવના આત્માઓમાં પણ અમુક આત્માઓ તીર્થંકર નામકર્મ નિકાચ્યા પછીથી પણ નરકે ગયા છે, તે કેમ?

**પૂજ્યશ્રી** : શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરતાં પૂર્વે તેવા આયુષ્યકર્મનો બંધ કરી લીધો હોય, એટલે તેમ પણ બને.

**સભા** : તેવો આયુષ્યકર્મનો બંધ થયો ત્યારે તેમનામાં પણ સમ્યક્ત્વ નહિ જ ને ?

**પૂજ્યશ્રી** : નહિ જ, કારણકે સમ્યક્ત્વની હયાતિમાં દુર્ગતિમાં ઘસડી જનારા આયુષ્યકર્મનો બંધ પડતો જ નથી.

### વિવેક પ્રગટાવો, જાળવો ને ખીલવો

**સભા** : આ એકાંતે નિયમ?

**પૂજ્યશ્રી** : હા. સમ્યગ્દર્શનની હયાતિનો એ પ્રભાવ છે. સમ્યગદર્શનરૂપ વિવેકનો એ પ્રતાપ છે.

આપણી મૂળ વાત તો એ હતી કે શ્રી ભરતજી જે વિચારણા કરી રહ્યા છે તે વિવેકપૂર્વકની છે. વિવેકના યોગે, પોતાની વિવેકમયતા ખીલવાના કારણે, શ્રી ભરતજી સંસારભયથી ઉદ્વિગ્ન બન્યા. ગાંધર્વ ગીતનૃત્યમાં પણ રતિ ન પામ્યા અને પૌદ્ગલિક પદાર્થોની ચંચળતા ચિન્તવી શકયા. તમારે પણ તમારા પોતાના માટે એ દશા લાવવી હોય, તો વિવેક પ્રગટાવવાની બાબતમાં કે પ્રગટેલા વિવેકને જાળવવાની તથા ખીલવવાની બાબતમાં પણ જરાય બેદરકારી નહિ જ દાખવવી જોઈએ.

### આરાધક પુણ્યાત્માઓની શ્રી ભરતજીએ કરેલી અનુમોદના

શ્રી ભરતજી હવે ધર્મને વિશે ઉદ્યમ કરનારા અને એક માત્ર ધર્મને જ જીવનનું સાધ્ય બનાવી દેનારા પુણ્યાત્માઓની અનુમોદના

કરે છે. શ્રી ભરતજી એવા ઉત્તમવંશના વંશજ છે કે જે વંશમાં ઉત્પન્ન થયેલા સંખ્યાબંધ પુણ્યાત્માઓએ રાજસુખોનો ત્યાગ કરીને નિર્ગ્રંથપણે પ્રભુમાર્ગની ઉપાસના કરી છે. આ વંશનો સ્ત્રી પરિવાર પણ ત્યાગથી વાંઝીયો રહ્યો નથી. 'સંસારને ત્યજીને મોક્ષમાર્ગની આરાધના કરનારાઓ ધન્ય છે.' એમ શ્રી ભરતજી વિચારે છે. રાજસુખોનો પણ ત્યાગ કરીને ભગવાને ફરમાવેલા મોક્ષમાર્ગે વિચરનારાઓ ધન્યવાદને પાત્ર છે, એ શંકા વિનાની વાત છે. એવા ત્યાગી આરાધક પુણ્યાત્માઓને ધન્ય છે, એમ વિચારવામાં જેમ તે પુણ્યાત્માઓએ કરેલી સંસારત્યાગપૂર્વકની આરાધનાની અનુમોદના છે, તેમ 'પોતે હજુ પણ ત્યાગી નથી બન્યા તે બરાબર નથી કર્યું.' એમ માનીને 'તેવો અવસર હું ક્યારે પામું ?' આ ભાવનાનો પણ પ્રતિઘોષ છે એમ કહી શકાય.

વળી શ્રી ભરતજી અહીં બાળમુનિઓને ખાસ યાદ કરે છે. 'બાળપણામાં સાધુપણું સ્વીકારીને સ્વાધ્યાયમાં રક્ત બનેલા અને પ્રેમરસથી અજાણ રહેલા બાળમુનિઓને ધન્ય છે' એમ શ્રી ભરતજી વિચારે છે. બાળદીક્ષા જો ભગવાનના શાસનમાં વિહિત ન હોત, તો શ્રી ભરતજી પોતાની આ વિચારણામાં બાળમુનિઓને યાદ ન કરત. ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે 'બાળપણમાં દીક્ષા ન પમાય તો શ્રાવક પોતાને ઠગાએલા માને, દીક્ષાની ભાવના વિનાનું શ્રાવકપણું એ નામનું જ શ્રાવકપણું છે, પણ સાચું શ્રાવકપણું નથી જ.'




# ૭

શ્રી ભરતજી ભવ્ય ભાવનાઓમાં આરુઢ થઈને જે પૂર્વ પુરુષસિંહોએ રાજવૈભવાદિનો ત્યાગ કર્યો છે, તેઓના એ ત્યાગધર્મની અનુમોદના કરે છે. અને એ દ્વારા જાણે પોતે હજી એ નથી કરી શક્યા તેનો વસવસો વ્યક્ત કરે છે.

જૈનશાસનને પામેલા પુણ્યાત્માઓ ત્યાગી ન બને તો ત્યાગના પૂજારી તો હોય જ. ત્યાગનો વિરોધ તો ક્યારે પણ ન હોય. શ્રી ભરતજી સ્વાધ્યાયાદિમાં રક્ત અને પ્રેમરસથી અજાણ એવા શ્રી બાળમુનિઓને ખાસ યાદ કરે છે.

આ પ્રસંગને પામીને સ્વ-પરશાસ્ત્રવેદી પરમ ગીતાર્થ પ્રવચનકાર પૂજ્યશ્રી બાળદીક્ષા એ અપવાદ-માર્ગ નથી જ, એ વાતને સુદૃઢપણે પ્રકાશિત કરે છે. નજીકના ભૂતકાળમાં દીક્ષા માર્ગ માટે અને બાળદીક્ષા માટે યથેચ્છ પ્રચાર કરનારાઓને લપડાક સમાન અને વસ્તુતત્ત્વને સમજવાની વૃત્તિવાળાઓને માટે પ્રમાણભૂત બને તેવી આ વિભાગની મનનીય વાતો તથા પ્રસંગોપાત તિર્યંચોને સર્વવિરતિ કેમ નહીં? એ વિષયના વર્ણનમાં દશવિધ સામાચારીનું વર્ણન પણ કરાયું છે, જે વિચારમાં મગ્ન કરી દે તેવો છે.

-શ્રી

# જૈનશાસન અને બાળદીક્ષા

★ બાળદીક્ષા એ અપવાદમાર્ગ નથી જ

★ ભોગ ભોગવીને આવેલાઓના કરતાં બાળદીક્ષિતો માટે પતનનો સંભવ ઓછો છે

★ શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણ

★ બાળવયે દીક્ષિતો વધુ સારી રીતે સુસંસ્કારોને ઝીલી શકે છે

★ યુવાની એળે ગુમાવી શોક અગ્નિમાં શેકાવું પડે તે કરતાં પહેલા ચેતવું સારું

★ જેની જુવાની સફળ તેનું જીવતર સફળ

★ વૃદ્ધોએ આ વિચારવા જેવું છે

★ યુવાનોએ ચેતવા જેવું છે

★ ભોગવૃત્તિને સમાવવાનો સચોટ ઉપાય

★ ખસ ખંજવાળ્યે વધે તેમ ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ વધે

★ વિષયાધીનોની કારમી કંગાળ હાલત

★ ઈન્દ્રિયોને બહેકાવવામાં નહિ પણ વશ કરવામાં જે પંડિતાઈનો ઉપયોગ કરે તે પંડિત

★ જે જીવને દેવતાઈ ભોગોથી તૃપ્તિ ન થઈ, તો તેને માનુષી ભોગોથી કેમ જ થાય ?

★ પાંજરામાં પૂરાયેલા સિંહની જેમ શ્રી ભરતજી આ વિચારણામાં દિવસો પસાર કરે છે

★ કર્મસત્તાને હાંકી કઢાય તો જ આત્મા સ્વતંત્ર બની શકે

★ આત્માની શક્તિને પ્રગટાવવા પ્રયત્ન કરો

★ પ્રશસ્ત રાગ-દ્વેષને કેળવો !

★ દેવ-ગુરુ-ધર્મ ઉપર રાગ કેળવવાનું જ્ઞાનીઓએ ફરમાવેલ છે

# જૈનશાસન અને બાળદીક્ષા

★ મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ હોવો જોઈએ
★ સાધુમાં રાગદ્વેષ ન હોય એ બને જ નહિ
★ જ્યારે રાગદ્વેષનો અભાવ થાય, ત્યારે જ
કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય
★ સાધુ માટે પ્રશસ્ત રાગદ્વેષ હોવા
તે કલંકરૂપ નથી, પણ શોભા રૂપ છે
★ સાધુમાં રાગ-દ્વેષ ન જ હોય એ પ્રચાર કેમ ?
★ ઈન્દ્રિયાદિને પ્રશસ્ત બનાવવા જ જોઈએ
★ શ્રી ભરતજીનો વિરાગભાવ રહેણી-કહેણીમાં
સ્પષ્ટપણે દેખાય છે
★ શ્રી ભરતજીની દશા કૈકેયીએ
શ્રી રામચંદ્રજીને જણાવી
★ ચિતા અને ચિંતા સમાન છે
★ સંસારમાં ચિંતાનો અનુભવ કોને નથી થતો?
★ સાચી આત્મચિંતા જીવનને સુધારે છે.
★ આત્મ ચિંતાવાળો શક્ય કરવાને હંમેશાં સજ્જ જ હોય
★ કલ્યાણકર સાધનાનું પ્રબળ સાધન આત્મચિંતા
★ દુનિયાદારીની ચિંતા અને આત્મચિંતા
બંનેયનું અંતર
★ સંસારમાં પ્રયત્ન ફળે જ એ નિયમ નહિ પણ
ધર્મમાં પ્રયત્ન તો નિયમા ફળે
★ સંસારીનો પ્રયત્ન વર્તમાનમાં નિષ્ફળ કે
નુકશાનકારક બને, તો ય ભવિષ્યને ભૂંડુ
બનાવે છે

# જૈનશાસન અને બાળદીક્ષા

★ ધર્મ વિષેના પ્રયત્નનું સુંદર પરિણામ
★ આત્મચિંતા વિના ધર્મપ્રયત્ન નહિ
★ આત્મચિંતાના પરિણામે પ્રાપ્ત થતાં લાભો
★ દુનિયાનું કલ્યાણ ઈચ્છનારે દુનિયામાં કયો પ્રચાર કરવો ?
★ મહાભાગ્યવાન્ આત્માઓ જ ધર્મપ્રયત્ન આદરી શકે છે
★ ઉંચી કોટિની ધર્મારાધના કઈ ?
★ ભાવધર્મને સમજો પણ દંભને ન પોષો
★ અનુમોદનામાં આનંદ અને દુ:ખ બન્ને હોય
★ ચારિત્રની આરાધનામાં તપ જોઈએ
★ શ્રી બલભદ્ર મહર્ષિએ અનર્થોથી બચવા કરેલી પ્રતિજ્ઞા
★ પરચિંતાથી દુનિયાદારીમાં પડેલા અને આત્મચિંતાથી ધર્મપ્રયત્નમાં પડેલા વચ્ચેનું અંતર
★ શ્રી બલભદ્ર મહર્ષિની શ્રી નરસિંહના નામે પ્રખ્યાતિ
★ 'દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન ન કરી શકે માટે પશુઓ સર્વવિરતિ ધર્મ નથી પામતા' એ વાત ખોટી છે
★ તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી ?
★ દશવિધ સામાચારીને અંગે જાણવા જેવું
★ સાધુપણાને માટે સામાચારીપાલન આવશ્યક

૭

### બાળદીક્ષા એ અપવાદમાર્ગ નથી જ

**સભા** : આજે તો દીક્ષાના વિરોધીઓ પણ પોતાને સુશ્રાવકો અને પોતાના ટોળાને પચીસમાં તીર્થંકરસ્વરૂપ શ્રીસંઘ માનવાનું કહે છે.

**પૂજ્યશ્રી** : દીક્ષાનો વિરોધી હોય એ તો શ્રાવક જ નથી. એવાઓના ટોળાને પચીસમાં તીર્થંકર સ્વરૂપ શ્રીસંઘ તે જ માને, કે જે પોતે પણ મિથ્યાત્વથી ઘેરાયેલા હોય. દીક્ષાની ભાવના શ્રાવકપણાની સાથે જડાયેલી જ છે. અને એથી એવી સારી ચીજ વહેલી ન લેવાય તો શ્રાવક પોતાને ઠગાયેલા માને, એમાં નવાઈ નથી. જે વસ્તુ એકાન્તે કલ્યાણકારી છે તે તો જેમ બને તેમ વહેલી પામવાની જ ભાવના હોય. પોતાનાથી ન જ પમાય તોય બીજાઓને બાળવયે પામતા જોઈ આનંદ આવે. યોગ્ય ગુરુના હાથે અધિકારીને બાળવયે અપાતી દીક્ષામાં આડે આવનારાઓ અને એ માટે ખોટો પ્રચાર કરીને રાજ્ય દ્વારા અટકાયત કરવાનો પ્રયત્ન કરનારાઓ જૈન કુળમાં પાકેલા ભયંકરમાં ભયંકર પાપાત્માઓ છે; અને જે વેષધારીઓ એવાઓને ઉત્તેજન આપે છે, તેવા જીવોને માટે તો કહેવું જ શું ? બાળદીક્ષા એ અપવાદમાર્ગ નથી, પણ એવો માર્ગ છે કે જે માર્ગે નહિ જઈ શકનારા સુશ્રાવકો અફસોસ જ કરે અને પોતે બાળપણમાં દીક્ષા ન પામી શક્યા, એને પોતાની કમનસીબી માને. **"જન્મથી કે ગર્ભથી આઠ વર્ષ અને તે પછી થનારી દીક્ષાને વયની અપેક્ષાએ અપવાદમાર્ગની દીક્ષા કહેનારા અજ્ઞાન જ છે."**

## ભોગ ભોગવીને આવેલાઓના કરતાં બાળદીક્ષિતો માટે પતનનો સંભવ ઓછો છે

'ભોગ ભોગવ્યા વિના ન જ જવાય, વગર ભોગ ભોગવ્યે જાય તે પટકાય જ, રાજમાર્ગ ભોગ ભોગવ્યા પછી જ દીક્ષા લેવાનો છે.' આવું આવું બોલનારાઓની અક્કલ ઠેકાણે નથી. એમ બોલવું તે બુદ્ધિનો સદુપયોગ નથી, પણ બુદ્ધિનું લીલામ છે. પડવાનો સંભવ, બાલવયે દીક્ષિત થનારાઓના કરતાં ભોગ ભોગવવામાં યૌવનવયને લંઘી તે પછી દીક્ષા લેનારાઓને માટે જ વધારે છે. 'અભુક્તભોગી કરતાં ભુક્તભોગીને માટે પડવાનો સંભવ વધારે છે' એમ ઈતર દર્શનમાં વર્ષો સુધી રહેનાર, ઈતર દર્શનશાસ્ત્રોનો પ્રકાણ્ડ વિદ્વાન અને શ્રી જૈનદર્શનના શાસ્ત્રોનું રહસ્ય પામી સમર્થ શાસ્ત્રકાર બનેલા સુવિહિતશિરોમણિ આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ ફરમાવે છે, અને એ વસ્તુ આપણે અહિ પ્રસંગોપાત વિસ્તારથી વિચારી ગયા છીએ.

## શિક્ષણ, સંસ્કાર અને વાતાવરણ

બાળવયે દીક્ષિત થનારાઓ બાળવયથી જ સ્વાધ્યાયમાં રક્ત બની જાય છે. એટલે યુવાનવય આવતાં સુધીમાં તો તેમના આત્માઓ એટલા બધા સુસંસ્કારિત બની ગયા હોય છે કે તેમને દુનિયાની તીવ્ર વાસનાઓ આકર્ષી શકતી નથી, પીડી શકતી નથી અને એથી પાડી પણ શકતી નથી. ક્વચિત્ તીવ્ર મોહોદય થઈ જાય અને પતન થઈ જાય તે વાત જુદી છે બાકી સંસ્કાર, શિક્ષણ અને વાતાવરણ હિંસક પશુઓની પણ હિંસક વૃત્તિને ફેરવી નાંખી શકે છે, તો બાળદીક્ષિતો ઉપર સંસ્કાર, શિક્ષણ અને વાતાવરણની અસર ન થાય એમ કેમ બને ?

હિંસક સ્વભાવના પશુઓ પણ કેવા સંસ્કારી બની જાય છે, એની સર્કસ જોનારાઓને ખબર નહિ હોય ? છે જ, તો પછી સંયમના સંસ્કાર, સંયમનું જ શિક્ષણ, સંયમનું જ વાતાવરણ અને સંયમની જ

ક્રિયાઓમાં રોજ લાગ્યા રહેવાનું આ બધાની અસર થાય નહી અને બાળદીક્ષિતોનું પતન થયા વિના રહે જ નહિ, આવું માનનારા અને બોલનારા શું ડહાપણભર્યા છે ? નહી જ. વળી એવું જેઓ બોલે છે, તે બાળદીક્ષિતો વિરાધનાના ઘોર પાપમાં પડે તે ઠીક નહિ, એવી બુદ્ધિએ બોલે છે એમ? નહી જ. કારણકે તેઓ વિરાધનાથી જ જો ડરતા હોત, તો તો તેઓ આ વિષયમાં જ્ઞાનીઓની આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કર્યા વિના રહ્યા હોત નહિ.

### બાળવયે દીક્ષિતો વધુ સારી રીતે સુસંસ્કારોને ઝીલી શકે છે

બાળવયે દીક્ષિત થયેલા પુણ્યાત્માઓએ, વિષયભોગોના ઉપભોગ નહિ કરેલો હોવાથી, તેનું સ્મરણ થવાનો અને તેવા સ્મરણના યોગે તે ભોગો તરફ આકર્ષાઈ જવાનો પણ તેમને માટે ભય નથી; જ્યારે ભુક્તભોગીઓ માટે તે પણ ભયનું કારણ છે. બાળવયમાં જે રીતે શુભ સંસ્કારોને ઝીલી શકાય છે, તે રીતે યુવાનવય ભોગો ભોગવવામાં જ વ્યતીત કરીને દીક્ષિત થનારાઓ શુભ સંસ્કારોને પ્રાયઃ ઝીલી શકતા નથી; કારણકે વર્ષોના અયોગ્ય આચરણોના સંસ્કાર તેમનામાં પડેલા હોય છે. શિક્ષણ જેવું બાળવયથી જ લેવા માંડેલું હોય અને ખીલે છે, તેવું મોટી વયે દીક્ષા લે તેનામાં ઓછું ખીલે છે. બાળવયે મુનિ થનારા જેવા આજ્ઞાપાલક અને સમર્પિત ભાવવાળા બનીને સુગુરુની નિશ્રામાં કલ્યાણ સાધનારા બને છે, તેવા પ્રાયઃ બીજા યથેચ્છ જીવન જીવીને આવેલા બની શકતા નથી. સંસારમાં રક્ત બની ચૂક્યા બાદ સમયે સંસાર છોડીને આવે તોય એમને આ જીવનના વિષયોપભોગનો તાજો અનુભવ તો ખરો ને ? ખરો જ. વળી એવાઓનાં અમુક વર્ષો બીજી પણ કેટલીક ખોટી પ્રવૃત્તિઓમાં ગયેલા હોય. બાળવયે દીક્ષિત થનારા માટે એ નથી.

બાળવયે દીક્ષિત બનીને સ્વાધ્યાયમાં રક્ત બનેલા અને પ્રેમરસના અનુભવથી પરાઙમુખ બનેલા પુણ્યાત્માઓ તો આ શાસનના શણગાર છે, એટલે શ્રી ભરતજી જેવા વિષયોથી વિરક્ત બનેલા મહાત્મા પણ એ જ વિચારે છે કે તેવા બાળદીક્ષિતોને ધન્ય છે.

## યુવાની એળે ગુમાવી શોક અગ્નિમાં શેકાવું પડે તે કરતાં પહેલા ચેતવું સારું

રાજસુખો વગેરેનો ત્યાગ કરીને, નિર્ગ્રંથ બની મોક્ષમાર્ગની આરાધના કરનારા મહાપુરુષો ધન્યવાદને પાત્ર છે. એ વગેરે સુંદર વિચારણા કરીને શ્રી ભરતજી હવે પોતાનો વિચાર કરે છે. બાળવય તો એમને એમ ગઈ, પણ હવે પોતાની તરૂણાવસ્થાને શ્રી ભરતજી ગુમાવી દેવાને ઇચ્છતા નથી. એટલે જ શ્રી ભરતજી વિચાર કરે છે કે, સિદ્ધિસુખને પ્રાપ્ત કરાવનાર ધર્મને જો હું તરૂણપણામાં નહિ કરૂં તો પાછળ જરાથી ગ્રસિત બનેલો હું શોકરૂપ અગ્નિમાં પડીશ ! શ્રી ભરતજી એમ માને છે કે મારે ધર્મ સાધનાની શરૂઆત બાળવયથી જ કરવી જોઈતી હતી, પણ તે તો ગઈ; એટલે હવે યુવાની એળે ન જાય તેની ચિંતા શ્રી ભરતજી જેવા રાજા કરે છે.

વિચારો કે કોની યુવાની એળે ગઈ કહેવાય ? ભોગને લાત મારે અને અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલા માર્ગની સાધનામાં પ્રયત્નશીલ બને તેની, કે ભોગમાં લુબ્ધ બનીને પશુથીય ભૂંડો બને તેની ? ખરેખર, જેઓ પોતાની યુવાનીને ભોગોની સાધનામાં અને ભોગોના ભોગવટામાં જ ગુમાવે છે, તેઓ પોતાની યુવાનીનો દુરૂપયોગ જ કરે છે. જ્ઞાનીઓની દૃષ્ટિએ તેવાઓની યુવાની એળે ગઈ એમ જ કહેવાય. યુવાની મળી તે તેની જ સફળ છે, કે જેઓ વિષયભોગો તરફ પૂંઠ કરીને સંયમની સાધનામાં રક્ત બને ! યુવાની એળે જવા દેનારને વૃદ્ધાવસ્થામાં શોકરૂપ અગ્નિથી શેકાવું પડે, તે પણ સ્વાભાવિક છે; કારણકે યુવાની જેવી સત્ત્વમય અવસ્થાને પાપમાં ગુમાવી દેનાર જો વિવેક કરી શકે તો તેને મોટેભાગે વૃદ્ધાવસ્થામાં સદા શોક જ કરવાનો રહે કે 'મેં સાધ્યું નહિ !' બગડ્યા કે બગાડ્યા પછી ડાહ્યા બનવું સારુંકે તે પહેલાં ડાહ્યા બનવું સારું?

આથી સ્પષ્ટ છે કે જેણે વૃદ્ધાવસ્થાને શોકરૂપ અગ્નિમાં શેકાવાથી બચાવવી હોય, તેણે યુવાવસ્થાનો સદુપયોગ કરી લેવો જોઈએ અને સંયમની આરાધનામાં જેટલી શક્તિ હોય તેટલી શક્તિ ખર્ચવી, એ જ યુવાવસ્થાનો વધુમાં વધુ સારો ઉપયોગ છે.

શ્રી ભરતજી વિવકી તો છે જ; 'વિષયસંગ ત્યજવા જેવો છે અને ધર્મ આરાધવા જેવો છે' એમ તો જાણે જ છે; 'અસંયમ દુર્ગતિનું કારણ અને સંયમ મોક્ષનું કારણ' એમ પણ શ્રી ભરતજી સમજે છે; એટલે જો યુવાવસ્થામાં પોતે સિદ્ધિસુખને દેનાર ધર્મની આરાધનાથી વંચિત રહી જાય, તો તેમને જરા-વૃદ્ધાવસ્થામાં શોકરૂપ અગ્નિમાં શેકાવાનું જ બાકી રહે કારણકે જરા અવસ્થામાં આત્મા ધારે તોપણ ધર્મની આરાધના કરી શકતો નથી. વૃદ્ધાવસ્થામાં સ્વાભાવિક શિથિલતા આવી જાય છે. શરીર નિર્બળ બની જાય છે અને ઉત્સાહ મંદ પડી જાય છે. એ દશામાં યુવાવસ્થામાં થઈ શકે તેવી ધર્મની આરાધના થઈ શકે નહિ. એથી અને યુવાવસ્થા વિષયભોગોમાં ગાળવાના કારણે એળે ગઈ હોય એથી વાસ્તવિક વિવેકને પામેલા આત્માને શોકરૂપ અગ્નિમાં શેકાવું પડે એમાં નવાઈ નથી.

જો કે 'મેં મારી બાળવય રમતમાં ગુમાવી અને યુવાવસ્થા ભોગોમાં ગુમાવી એ ખોટું કર્યું, મને મળેલી સામગ્રીનો મેં દુરૂપયોગ કર્યો. ધર્મ સાધવાજોગી વયે પાપમાં લીનતા કેળવી, હવે મારું શું થશે ?' આ જાતનો શોક પણ આત્મકલ્યાણકારી છે પરંતુ એવો શોક કરવાનો વખત ન આવે, એ માટે બાલ્યાવસ્થામાં, બને તો એ જ અવસ્થામાં અને એ અવસ્થામાં ન બને તો યુવાવસ્થામાં ધર્મસાધનામાં ઉદ્યત બનવું, એ વધારે કલ્યાણકારી છે. 'પછી શોક કરી કલ્યાણ સાધીશું, અત્યારે તો ભોગો ભોગવી લ્યો' એવો વિચાર કરનારાઓમાં તો વસ્તુત: સાચી કલ્યાણબુદ્ધિ જ નથી.

વળી જેણે પોતાની યુવાવસ્થા ધર્મની સાધનામાં ગાળી હોય, તે વૃદ્ધાવસ્થામાં પણ ભોગના કીડાઓ જેવો શિથિલ નથી બનતો, પરંતુ આત્મસાધના ઘણી સારી રીતે કરી શકે છે. તેમજ વૃદ્ધાવસ્થાનાં સ્વાભાવિક દુ:ખોમાં પણ સુન્દર પ્રકારે સમાધિમય દશામાં રહી શકે છે.

### જેની જુવાની સફળ તેનું જીવતર સફળ

'તરૂણપણામાં જો હું સિદ્ધિસુખના પ્રાપક ધર્મને નહિ કરું તો પાછળથી હું જરા અવસ્થામાં શોકરૂપ અગ્નિમાં પડીશ.' આ વિચારણા દ્વારા શ્રી ભરતજી પોતાના આત્માને જાણે કે મક્કમ બનાવી રહ્યા છે.

ગમે તેમ કરીને પણ મારે યુવાવસ્થામાં જ સંસાર ત્યાગ કરીને ધર્મ કરવો. આ પ્રકારના ઉત્સાહની ખીલવટમાં આવી વિચારણા બહુ સહાયક બની જાય છે. શ્રી ભરતજી પાછળથી શોકરૂપ અગ્નિમાં શેકાવાને ઈચ્છતા નથી. ભોગવયમાં જ ભોગના ભોગવટાને લાત મારી યોગસાધના કરી લેવાની શ્રી ભરતજીની ઈચ્છા છે.

દુનિયામાં કહેવાય છે કે 'જેની જુવાની એળે ગઈ તેનું જીવતર એળે ગયું !' તમારે પણ તમારી જુવાનીને એળે જવા દઈને જીવતર એળે જવા દેવું છે, એમ તો નથી ને ? શ્રી ભરતજીનો વિચાર તો જુવાનીને એળે જવા દેવાનો નથી, એ તો જુવાનીને સફળ બનાવી જીવતરને સફળ બનાવવાને ઈચ્છે છે. પણ તમારો શો વિચાર છે ? અહીં બેઠેલા ઘણા તો જુવાની વટાવી ચૂકેલા નથી. મોટોભાગ તો જુવાનીમાં મહાલનારાઓનો અને જુવાનીના અંતે પહોંચવા આવેલાનો છે. આ બધાએ પોતાની બાકીની જીંદગી એળે ન જાય એવો નિશ્ચય કરી લેવો જોઈએ. અને એટલું થાય તો જ આ જીવન અને આ સામગ્રી પામ્યાની સાર્થકતા ગણાય.

### વૃદ્ધોએ આ વિચારવા જેવું છે

જુવાની વટાવી ચૂકેલા અને જરા અવસ્થાને આધીન બની ગયેલા તો હવે બને તે થોડું-ઘણું કરે; બાકી તો તેમને શોક કરવાનો રહે છે કે અમે બાળવય રમત-ગમતમાં કાઢી તથા દુનિયાનું શિક્ષણ મેળવવામાં કાઢી, યુવાનવય અર્થ અને કામની સાધનામાં તથા તેના ભોગવટામાં કાઢી આ રીતે ધર્મ કરવાની ઉત્તમમાં ઉત્તમ તક ગુમાવી દીધી. એટલે અમારી જુવાની એળે ગઈ અને જીવતરેય એળે ગયું ! આવો શોક પણ સાચા હૃદયથી થાય અને જરા અવસ્થામાંય શક્ય ધર્મ કરવાને ચૂકાય નહિ, તો છેલ્લે છેલ્લે પણ જીવતરને કાંઈક ઉજાળ્યું ગણાય. જરા અવસ્થામાં પણ આટલું થઈ જાય તો એથી આત્માને ઘણો લાભ થાય. જીંદગીમાં કરેલા પાપોને સંભારી-સંભારીને પશ્ચાત્તાપ કરાય અને જીંદગીમાં ધર્મની આરાધનાથી વંચિત રહ્યા તેનો સાચો શોક કરવા સાથે, બનતી આરાધના કરી લેવાય તોય

માનજો કે તમને મળેલી ઉત્તમ સામગ્રીનો અમુક લાભ મળી જ ગયો ! ડૂબતાં ડૂબતાં બચી જવાયું એમ માનજો.

### યુવાનોએ ચેતવા જેવું છે

પણ હજુ જે લોકો જુવાનીમાંથી પસાર થઈ રહ્યા છે અને જેમની જુવાની જવાની તૈયારીમાં છે તેઓએ ચેતવા જેવું છે. તેઓએ શ્રી ભરતજીની આ ભાવના પોતાના હૈયામાં જડી લેવી જોઈએ. આ ભાવનામાં પોતાનો આત્મા રમે, આવો વિચાર સ્વયં અંતરથી જન્મે એવી રીતે શ્રી ભરતજીની આ ભાવનામાં ઓતપ્રોત થઈ જવું જોઈએ. શ્રી ભરતજીને શું દુઃખ હતું ? ભોગસામગ્રી પાર વિનાની હતી, અંતઃપુરની રમણીયો દેવાંગનાઓની સાથે હરિફાઈ કરે તેવી હતી, સ્વજનો સાનૂકુળ હતા, રાજ્યમાં ઉપદ્રવ નહોતો, શરીરે રોગી નહોતા અને સેવકોની ખામી નહોતી; આમાનું તમારી પાસે શું છે ? તે વિચારો! અને શ્રી ભરતજીની વિષયો પ્રત્યેની વિરક્તતાની સાથે તમારી વિષયોપભોગની લોલુપતાને સરખાવો ! શ્રી ભરતજી જરા અવસ્થા આવે તે પહેલાં ભોગના સાધનોને લાત મારી, સંસારવાસ ત્યજી, ધર્મની આરાધના કરવાને ઈચ્છે છે. એ વિચારે છે કે 'જો જુવાનીમાં ચૂક્યો, તો જરા અવસ્થામાં શોકરૂપ અગ્નિમાં શેકાવું પડશે!' તમે પણ વિચાર કરો, વિવેકી બનો અને આ જુવાનીને એળે જતી અટકાવો ! જેની જુવાની સુધરી તેનું જીવતર સુધર્યું એમ સમજો અને બુદ્ઢા બનો તે પહેલાં એવા બની જાવ કે વૃદ્ધત્વમાં પણ આત્મા સમાધિપૂર્વક જીવી શકે !

### ભોગવૃત્તિને સમાવવાનો સચોટ ઉપાય

શ્રી ભરતજી પોતાની વૃદ્ધાવસ્થા આવે તે પહેલાં જ, તરૂણાવસ્થામાં જ સિદ્ધિસુખને પમાડનારા ધર્મની આરાધના કરવા સંબંધી વિચાર કર્યા પછીથી 'ભોગો ગમે તેટલા ભોગવો પણ તૃપ્તિ મળવાની જ નથી' એનો વિચાર કરે છે. ભોગસુખો ભોગવવાથી ભોગવૃત્તિને તૃપ્તિ થતી નથી. ભોગોને ભોગવવા એ ભોગવૃત્તિને તૃપ્ત કરવાનો ઉપાય જ નથી. ભોગોને ભોગવવાથી અલ્પકાલીન શાન્તિ

થાય, પણ ભોગવૃત્તિ સતેજ બનતી જાય. ભોગો ભોગવાતા જાય તેમ ભોગવૃત્તિ પ્રાય: વધતી જાય. આથી જ્ઞાનીઓએ ભોગવૃત્તિ ત્યજવાનો અને સંયમવૃત્તિ સ્વીકારવાનો ઉપદેશ આપ્યો. ભોગવૃત્તિના ત્યાગ માટે ભોગ સામગ્રીથી દૂર રહેવું અને ભોગોથી આત્માની થતી હાનિ ચિંતવવી તેમજ આત્મ સુખની સાધનામાં, સ્વાધ્યાય આદિમાં એવા એકતાન બની જવું કે ભોગ ભોગવવાની ઈચ્છાને ઉત્પન્ન થવાને અવકાશ જ મળે નહિ. આત્મા ભોગ સામગ્રીથી નિરાળો રહે, સંયમની ક્રિયાઓમાં મશગુલ રહે, સ્વાધ્યાયમાં રક્ત રહે અને ઈન્દ્રિયો વિફરે નહિ એ માટે તપોમય બની જાય. ખાય પણ વિવેકપૂર્વક તથા જે ખાય તે એટલું જ અને એવું જ પરિમિત કે સંયમની સાધના સમાધિપૂર્વક થઈ શકે, તો ભોગવૃત્તિ આપોઆપ શમી ગયા વિના રહે નહિ.

**ખસ ખંજવાળ્યે વધે તેમ**
**ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ વધે**

ભોગ રોગરૂપ લાગી જવા જોઈએ. બાકી ભોગ ભોગવ્યે ભોગવૃત્તિ તૃપ્ત થાય એમ માનવું, એ તો ખંજવાળીને ખસ મટાડવાનો પ્રયત્ન કરવા જેવું છે. ખંજવાળ આવે, ચળ આવે, ત્યારે ખંજવાળ એવી મીઠી લાગે કે ન પૂછો વાત; પણ જ્યાં એ ચળ શમી, એટલે એવી કારમી વેદના ઉપડે કે વર્ણવી વર્ણવાય નહિ. મટવા ઉપર આવેલા દર્દને ખંજવાળનારા વધારી મૂકે છે. ડાહ્યા તે કહેવાય છે કે ગમે તેવી ચળ આવે પણ ખંજવાળે નહિ અને ખંજવાળે નહિ એટલે દર્દ નાબૂદ થયા વિના રહે નહિ. ભોગોને ભોગવવાની ઈચ્છા, એ પણ ખંજવાળ આવવા જેવી છે. એ ઈચ્છાને આદમી ગણકારે નહિ, સફળ બનવા દે નહિ, ઈચ્છાને દમી નાંખે, એટલે સમજવું કે થોડા વખતમાં આ રીતે આત્મા ભોગ ભોગવવાની ઈચ્છા જ ન જન્મે, એવી દશાને પામવાનો. પણ આ બને ક્યારે ? ભોગવૃત્તિ તરફ ઘૃણા પ્રગટે અને સંયમવૃત્તિ પ્રિય લાગે ત્યારે ને ? ભોગોના ભોગવટામાં જ જેને સુખ દેખાય તેને આ ન સમજાય.

ભોગોને ભોગવવાના અનેક સાધનોમાં પુરુષને માટે સ્ત્રી એ પ્રધાન સાધન છે. આથી શ્રી ભરતજી સ્ત્રીના અંગોનો વિચાર કરીને, એવા શરીરમાં રતિ પામવા જેવું શું છે ? એનો વિચાર કરે છે. કામશાસ્ત્રી અગર કામી, સ્ત્રીનાં જે અંગોનું વર્ણન કરતા જીભને સુકવી નાખે છે, તે સ્તન વગેરે અંગોને માંસના લોચા વગેરે જેવા ચિંતવીને, શ્રી ભરતજી પોતાના વિષય-વિરાગને ખીલવે છે. હોઠરૂપ ચામડાવાળા મુખને ચુંબવામાં આનંદ શો ? એમ શ્રી ભરતજી વિચારે છે. આમ અંગોનો વિચાર કરીને શ્રી ભરતજી સ્ત્રીના આખા દેહનો વિચાર કરે છે. 'અંદર કચરાથી ભરેલા માત્ર બહારથી જ કોમળ અને સ્વભાવથી જ દુર્ગંધવાળા યુવતીના શરીરમાં કયો મુર્ખો રતિ કરે ?' એમ શ્રી ભરતજી વિચારે છે.

ખરેખર, મૂર્ખ બન્યા વિના યુવતિના શરીર તરફ આકર્ષણ થાય તેવું કાંઈ યુવતિના શરીરમાં છે જ નહિ. ભીતરનું ભુલે, માત્ર બહારનો દેખાવ જ જુએ અને આત્માના સ્વભાવને વિસરે, એ જ યુવતિના શરીરમાં રતિવાળો બને

બાકી રતિ કરવા જેવું છે પણ શું ? સ્ત્રીનાં જે જે અંગોને નિહાળી મૂર્ખાઓ મોહાંધ બની જાય છે, તે તે અંગોની સ્થિતિ તેમજ ભોગસમયની સ્થિતિ વિચારાય, તો સહેજે ભોગોથી ઉભગી જવાય તેમ છે; પાસે જવાનું મન પણ થાય નહિ. એવી એ સ્થિતિ છે; પણ વિષયાન્ધતા એ બહુ ભયંકર છે. મનુષ્યને એ પાગલ બનાવી મૂકે છે.

### વિષયાધીનોની કારમી કંગાલ હાલત

તમારા જીવનનો અને તમારા અનુભવનો તમે વિચાર કરી જોજો ! એ વિચાર વિવેકને વેગળો મૂકીને નહિ કરતાં. તમારી અને સામેની થતી હાલત, ચેષ્ટા, અંગોપાંગની થતી દશા એ વિચારાય તો એ પ્રવૃત્તિ પોતાને પોતાની દશા તરફ તિરસ્કાર ઉપજાવે તેવી છે. પોઝીશનમાંથી હાથ નહિ કાઢનારા, પટીયાં પાડનારા અને મૂછે તાલ દેનારા, જરા ધૂળવાળો હાથ થાય તો સાબુ ઘસીને હાથ મસળીને ધુએ છે, રૂમાલથી મોઢું વારંવાર લુછે છે, થુંકને અડવામાં ગંદવાડ માને છે.

શરીરે ફોલ્લી થાય અને લોહી કે પરૂ નીકળે તો એ મેલાશથી કાળજુ કંપાવે છે, પણ એના એ વિષયોપભોગમાં શું કરે છે ? વિષયાધીનોની ત્યાં કેવી કંગાલ હાલત થાય છે ? એ વિચારી જોશો તો સ્પષ્ટ દેખાશે અને એવી હાલત ભોગવતી જાત ઉપર તિરસ્કાર આવશે. આત્મા વિવેકી બને તો, એમાં આનંદ જેવું કાંઈ નથી, પણ એ ખંજવાળની મીઠાશ છે અને વિષયી લોક એ મીઠાશમાં આંધળા બની, નથી ગંદવાડનો વિચાર કરતા, નથી અસ્વચ્છતાનો વિચાર કરતા કે નથી પોતાની વાસ્તવિક હાનિનો વિચાર કરતા ! વિષયસેવનનો નશો જ્યારે ઉતરી જાય, ત્યારે કરેલી ક્રિયાનો વિચાર કરી જોજો ! પણ નશો ચઢે એટલે ભાન ભુલાય છે, માટે ન ચઢે એવી દશા કેળવવી એ જ હિતકારી છે.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, વિષયાસક્ત મનુષ્યને ગધેડાની ઉપમા આપે છે. પશુઓમાં મૂર્ખામાં મૂર્ખી જાત ગધેડાની ગણાય છે. ડાહ્યો આદમી પણ વિષયાસક્ત થાય, ત્યારે ગધેડા જેવો બેવકૂફ બને છે, આથી જ એ ભાનભૂલો, વિષયનો ભોગવટો કરી શકે છે. ડાહ્યો-ડાહ્યો બની રહે ત્યાં સુધી એને એ દશાની સૂગ આવે, પણ કામાંધપણારૂપ બેવકૂફી આવી જાય એટલે થઈ રહ્યું.

શ્રી ભરતજી આવા વિચારો કરે છે, તે તેમનું અંતઃપુર પ્રતિકૂળ બન્યું હશે, એમ ? નહિ જ. તેમનું અંતઃપુર તો એવું હતું કે જે આજ્ઞા કરે તે ઉઠાવે. આજ્ઞા કરી શકવા જેટલી અને આજ્ઞા પળાવવા જેટલી તમારામાં તેવડ છે ખરી ? તમે સ્વામી છો ખરા ? વિષયોમાં આંધળા બનેલા અવસરે જે ગુલામી કરે છે, તે એવી હોય છે કે જે ઘણાને સાંભળતા આશ્ચર્ય ઉપજે. ભોગના ભીખારી અને ભોગી બેની વચ્ચે ફરક છે. ભોગના ભીખારી ભોગ્યના ગુલામ અને ભોગી માટે ભોગ્ય ગુલામ. સાચો ભોગી પણ તે, કે જે નીર્લેપ રહે. વસ્તુતઃ તો ભોગનો ત્યાગ કરવો એ જ હિતાવહ છે, પણ પુણ્યાત્માઓએ ભોગફળકર્મના કારણે ભોગો ભોગવ્યા તે નિર્લેપપણે ભોગવ્યા. ભોગી એ કહેવાય. તમે ભોગી છો ? વિચારી જોજો !

## ઈન્દ્રિયોને બહેકાવવામાં નહિ પણ વશ કરવામાં જે પંડિતાઈનો ઉપયોગ કરે તે પંડિત

ભોગ્યસામગ્રીમાં સ્ત્રીની મુખ્યતા હોવાથી, તેનાં અંગોનો અને તેના શરીરનો વિચાર કર્યા પછીથી હવે શ્રી ભરતજી સંગીતનો વિચાર કરે છે. સંગીત એ પણ અમુક પ્રકારનું હોય તો વિષય વિવશતાને પેદા કરી મૂકે છે. અમુક પ્રકારનું સંગીત આત્માને ભાનભૂલો બનાવી દે છે. સંગીતનું આકર્ષણ ભારે ગણાય છે. કર્ણેન્દ્રિય કાબુમાં નહિ હોવાના કારણે હરણીયાં જાન ગુમાવે છે. ઈન્દ્રિયો કોની કાબુમાં હોય ? પંડીતની ! સાચો પંડિત તે, કે જે પોતાની પંડિતાઈનો ઉપયોગ ઈન્દ્રિયોને બહેકાવવામા ન કરે, ઈન્દ્રિયોને વશ બનાવામાં કરે. શ્રી ભરતજી વિચારે છે કે શું  સંગીત કે શું રૂદન, પંડિતજનોને મન બંને સમાન છે. પંડિતો સંગીત અને રૂદન વચ્ચે કશો ભેદ જોતા નથી. પંડિતો સંગીતથી ખેંચાય નહિ અને રૂદનથી મોં બગાડે નહિ. તેમને સંગીત રાગ ઉપજાવે નહિ અને રૂદન તેમનામાં દ્વેષ પેદા કરે નહિ. શ્રી ભરતજી નૃત્યને માટે પણ, તે ઉન્મત્તતાનું પ્રતિબિંબ છે, એવું વિચારે છે. નૃત્યમાં એમને ઉન્મત્તતાનું દર્શન થાય છે, જ્યારે આજે કળાના નામે કુળવાનોની કુમારીકાઓ જ્યાં ત્યાં નાચે છે અને લોક તે કળાને ઉપાસક બનીને જોવા જાય છે ! ખરી વાત તો એ જ છે કે લોકમાં વિલાસવૃત્તિ વધતી જાય છે અને વિલાસઘેલા બનેલાઓ વિલાસના કૃત્યો માટે સારા શબ્દોનો ખરાબ ઉપયોગ કરવાનું પણ ચૂકતા નથી.

## જે જીવને દેવતાઈ ભોગોથી તૃપ્તિ ન થઈ, તો તેને માનુષી ભોગોથી કેમ જ થાય ?

ગીત અને નૃત્યની અસારતા વિચાર્યા પછીથી, શ્રી ભરતજી વિચારે છે કે, આ જીવે ઉત્તમ વિમાનવાસમાં દેવતાઈ ભોગો ભોગવ્યા છે. એ ભોગો જેવા તેવા નથી હોતા. દેવતાઈ શરીર આવા માંસાદિથી ભરપૂર હોતાં નથી. દુર્ગંધનો અભાવ અને સુગંધ પાર વિનાની, રૂપ વગેરે પણ વર્ણનાતીત, ઈચ્છા મુજબના ભોગસુખોની પ્રાપ્તિ એ બધું આ જીવે ભોગવ્યુ છે, છતાંય શ્રી ભરતજી વિચારે છે કે જીવ એ ઉત્તમ

 વિમાનવાસમાં મળેલા દેવતાઈ ભોગોથી તૃપ્તિને પામ્યો નહિ તો અહીં કયાંથી તૃપ્તિ પામવાનો હતો ? દેવતાઈ ભોગોના હિસાબે માનુષિક ભોગો અત્યંત તુચ્છ છે. દેવતાઈ ભોગોનો ખ્યાલ નથી, માટે જ આ તુચ્છ ભોગોમાં પણ લીન બનાય છે એવા દેવતાઈ ભોગોને વર્ષોના વર્ષો સુધી યાવત્ પલ્યોપમના પલ્યોપમ અને સાગરોપમના અસંખ્યાત કાળ સુધી ભોગવ્યા છતાં તૃપ્તિ થઈ નહિ. એ જ સૂચવે છે કે ભોગસુખોને ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થતી જ નથી. એની તૃષ્ણા ગયા વિના સુખ મળવાનું નથી. તૃપ્તિ જોઈએ તો તૃષ્ણા ત્યજવી જોઈએ. તૃષ્ણાવાળું મન રાખનારો મનુષ્ય આ લોકના ભોગો ભોગવ્યે તૃપ્તિ પામે એ બનવાજોગ વસ્તુ જ નથી.



### પાંજરામાં પૂરાયેલા સિંહની જેમ શ્રી ભરતજી આ વિચારણામાં દિવસો પસાર કરે છે

શ્રી ભરતજી આવા વિચારોમાં નિમગ્ન બન્યા છે. શ્રી ભરતજીને ક્વચિત્ આવેલા આ વિચારો નથી. ગ્રંથકાર મહાત્મા કહે છે કે દિવસોના દિવસો શ્રી ભરતજીએ આ વિચારોમાં પસાર કર્યા. આ પ્રકારના વિચારો જેના અંતરમાં રમી રહ્યા હોય, તેની દશા કેવી થાય ? શ્રી ભરતજીને માટે ગ્રંથકાર પરમર્ષિ ફરમાવે છે કે પાંજરામાં પૂરાયેલો સિંહ જેમ દિવસો પસાર કરે તેમ શ્રી ભરતજી દિવસો પસાર કરે છે. બળ અને વીર્યથી સમર્થ હોવા છતાં પણ સિંહ પાંજરામાં પૂરાયેલો હોય તો લાચાર બની જાય છે, એનું સામર્થ્ય ત્યાં કામ લાગતું નથી. શ્રી ભરતજી પણ સમર્થ છે, પરંતુ પાંજરામાં પૂરાયેલા સિંહ જેવા છે. કયું પાંજરું? પિતાજીની અને વડિલ ભાઈની આજ્ઞારૂપી પાંજરુછે. એ પાંજરુ હોય નહિ, તો શ્રી ભરતજી આટલો વખત સંસારમા પડ્યા રહે નહિ. પાંજરાને તોડીને પણ જવા જેવા પરિણામ હજુ આવ્યા નહોતા, પણ હવે એવા પરિણામ આવે તેવો વખત પણ દૂર નથી. અગ્નિ ઘણો ધુંધવાયો હોય, તો એક ફૂંકે ભડકો થઈ જાય. શ્રી ભરતજી રોજ પોતાની આત્મચિંતા કરે છે, એટલે એક દિવસ કોઈનીય દરકાર કર્યા વિના ચાલ્યા જાય એમ બને; પણ એ પુણ્યાત્માને એવી સ્થિતિનો યોગ મળી જાય છે કે તેઓ દીક્ષા લઈ શકે છે.

જો કે એકવાર તો તેમણે ઉઠીને ચાલવા માંડ્યું છે અને શ્રી લક્ષ્મણજીએ પકડી રાખ્યા છે. અંતઃપુરમાં ધમાલ મચી છે અને ભાભીઓએ આવીને જળક્રીડા દ્વારા શ્રી ભરતજીનું મન મનાવી લેવાનો પ્રયત્ન કર્યો છે, છતાં એ જ ક્રીડા પ્રસંગમાં એવો બીજો પ્રસંગ આવી મળે છે કે શ્રી ભરતજીની વર્ષોની ભાવના ફળે છે એ આપણે આગળ જોઈશું.

**કર્મસત્તાને હાંકી કઢાય તો જ આત્મા સ્વતંત્ર બની શકે**

આપણે જોઈ ગયા કે શ્રી ભરતજીની દશા પાંજરામાં પૂરાયેલા *સિંહ જેવી થઈ પડી છે. સિંહ છે પણ પાંજરામાં પૂરાયેલો. લોકો* પાંજરામાં પૂરાયેલા સિંહને જોવા જાય છે. પણ ગુફામાં સિંહને જોવા જતા નથી. સિંહ છૂટો હોય તો દૂરથી દેખતા લોકો કંપી ઉઠે છે. એ જ સિંહ પાંજરામા પૂરાય એટલે છોકરાં પણ પાંજરાથી જરા દૂર રહી મજાક કરી શકે છે. કારણ ? કારણ એ જ કે તે સમર્થ છે, પણ તેનું સામર્થ્ય આવરાયેલું છે. આત્મા પણ અનંતી શક્તિનો સ્વામી છે, પણ અત્યારે ? 'હું અનંતી શક્તિવાળો છું'- એમ કોઈ કહ્યા કરે તેથી કાંઈ વળે ? અનંતી શક્તિ છે, પણ દબાયેલી છે. શક્તિ આવરાયેલી છે. એ આવરણ ખસે નહિ ત્યાં સુધી છતી મિલકતે ભૂખ્યા મરવા જેવું થાય ! મિલ્કત છે, પણ વસુલ કરાય ત્યારે કામનીને ? આત્માની મિલ્કત કર્મની સત્તા નીચે છે. કર્મની સત્તા કાકલુદી કર્યે માને તેમ નથી. 'ભાઈસા'બ ! મારું મને ભોગવવા દે, મહેરબાની કર ને મારો પીછો છોડ' - એમ કર્મને કહો એથી એ પીગળે તેમ નથી. કર્મસત્તા પાસે દયા જેવી કોઈ વસ્તુ જ નથી, કે જેથી છતી મિલ્કતે તમને ટળવળતા જોઈને એ પોતાની ઉદારતાથી ખસી જાય ! એટલે રસ્તો એક જ છે અને તે એ જ કે કર્મસત્તાને હાંકી કાઢવી !

કર્મસત્તા પંપાળ્યે જાય તેમ નથી, વિનવણીથી જાય તેમ નથી અને દયાથી પીગળીને જાય તેમ નથી. એ તો બળ અજમાવવા માંડો, એની સામે લાલ આંખ કરો, એના ઉપર પૂરો રોષ કેળવીને એને મૂળમાંથી જ ઉખેડી નાંખવાના પ્રયત્નમાં પડો, તો જ તમારી મિલ્કત તમે મેળવી શકો. શરૂમાં કર્મસત્તા જોર કરશે, પણ જ્યાં તમારી

 મક્કમતા અને ચઢતી કળા દેખાશે, એટલે આપોઆપ મુડદાલ જેવી બની જશે. ચાર ઘાતીકર્મોનો જેણે નાશ કર્યો, તેને ચાર અઘાતી કર્મો શું કરી શકે છે ? અઘાતી કર્મો ગયા પછી કર્મસત્તા એવી પાંગળી બની જાય છે કે પછી તે આત્માની સામે પહેલાં જેવી આડાઈ કરી શક્તી નથી. અઘાતીકર્મોમાં આઘાત સામે પ્રત્યાઘાત કરવાની તાકાત રહેતી નથી. આમ છતાં પણ એ અઘાતીકર્મોનો નાશ પણ જરૂરી છે; કારણકે એ અઘાતીકર્મોનો પણ આત્મા નાશ કરે ત્યારે જ આત્મા પોતાની સઘળી ય સંપત્તિનો સંપૂર્ણ માલિક બન્યો કહેવાય છે.



### આત્માની શક્તિને પ્રગટાવવા પ્રયત્ન કરો

એ વિના આજે 'હું અનંતી શક્તિનો ધણી છું', એમ બોલ્યા કરવું અને કરવું કાંઈ નહિ, એટલે અનંતી શક્તિ મળી જશે, એમ ? અનંતી શક્તિ તમારી છે, પણ તમે વર્તમાનમાં કેવા છો ? આત્મામાં સત્તાગત અનંતી શક્તિ છે એનો ખ્યાલ છે એ ઠીક છે, પણ આ ખ્યાલની ખરી સફળતા ત્યારે જ ગણાય, કે જ્યારે આત્મા એ સત્તાગત શક્તિને પ્રગટાવવાને માટે જ્ઞાનીઓએ દર્શાવેલા માર્ગે ઉદ્યમશીલ બને ! અનંતી શક્તિ માનીને, તે પ્રગટાવવા તરફ બેદરકાર બનનારાઓ તો પામર જ બન્યા રહે છે. અનંતી શક્તિ ત્યારે જ પ્રગટવાની, કે જ્યારે એ બેદરકારી ટળશે અને જ્ઞાનીઓની આજ્ઞા મુજબ એવો ઉદ્યમ ખેડાશે કે જેથી પરિણામે કર્મના આવરણ જેવું કાંઈ રહેશે નહિ ! એ માટે કર્મસત્તા તરફ વધારેમાં વધારે રોષ કેળવવો જોઈએ અને કર્મસત્તાના આવરણને દૂર કરવાનો માર્ગ દર્શાવનાર, એ માર્ગે જવાની પ્રેરણા કરનાર અને એ માર્ગે જવામાં સહાય કરનાર, એ વગેરે ઉપર ખૂબ ખૂબ રાગ કેળવવો જોઈએ.

**સભા** : રાગ અને દ્વેષ નાબુદ કરવાના કે કેળવવાના ? આ તો વિપરિત વાત ગણાય.

**પૂજ્યશ્રી** : આ વાત વિપરીત લાગે એજ આત્માની વિપરીતતા છે. રાગ અને દ્વેષને નાબૂદ કરનારા રાગ-દ્વેષ એવા કેળવવાના, કે જેના યોગે આત્મા વહેલામાં વહેલો કર્મસત્તાથી મુક્ત બને. આત્મા, આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી ઉપર

એવો રાગ કેળવાઈ જવો જોઈએ, કે જે રાગ તેની આડે આવનારી વસ્તુઓ ઉપર કારમો દ્વેષ ઉત્પન્ન કરી દે ! કર્મસત્તા અને કર્મસત્તાના યોગે આવેલા અજ્ઞાનાદિ દોષો ઉપર જ્યાં સુધી કારમો દ્વેષ નહિ પ્રગટે, ત્યાં સુધી આત્મા અનંતી શક્તિનો સ્વામી હોવા છતાં પણ અનંતી શક્તિ સત્તાગત રહેવાની અને નામદાર પામર બન્યા રહેવાના !

### પ્રશસ્ત રાગ-દ્વેષને કેળવો !

**સભા** : રાગમાત્રનો નાશ નહિ થાય ત્યાં સુધી મુક્તિ મળવાની તો નહિ ને ?

**પૂજ્યશ્રી** : નહિ જ, પણ એની સાથે એય યાદ રાખી લો કે **જ્યાં સુધી આત્માને, આત્માના ગુણો અને આત્માના ગુણોને ખીલવનારી સામગ્રી ઉપર પરમરાગ થશે નહિ તેમજ કર્મસત્તા, કર્મસત્તાના યોગે આવેલા અજ્ઞાનાદિ દોષો અને એ દોષોને ખીલવનારી સામગ્રી ઉપર કારમો દ્વેષ ઉત્પન્ન થશે નહિ, ત્યાં સુધી વીતરાગપણું પમાશે નહિ.** આ તો એક વાત યાદ રાખી કે રાગદ્વેષ ન થાય. રાગદ્વેષનું નામ કે નિશાન ન હોય, તે દિ' કોઈના ઉપર રાગ કે દ્વેષ કાંઈ કરશો નહિ, પણ જ્યાં સુધી રાગ-દ્વેષ છે ત્યાં સુધી આ પ્રકારના પ્રશસ્ત રાગ દ્વેષ તરફ જરાય સુગવાળા બનશો નહિં. પ્રશસ્ત રાગદ્વેષ અપ્રશસ્ત રાગ-દ્વેષને કાઢનારા છે; એટલું જ નહિ પણ એ એવા તો ગુણવાન્ છે કે અપ્રશસ્ત રાગદ્વેષ ગયા પછી પ્રશસ્ત રાગદ્વેષ એક ક્ષણ પણ ટકતા નથી.

### દેવ-ગુરુ-ધર્મ ઉપર રાગ કેળવવાનું જ્ઞાનીઓએ ફરમાવેલ છે

જ્ઞાનીઓએ પૌદ્‌ગલિક વસ્તુઓ ઉપરનો રાગદ્વેષ કાઢવાને ઉપદેશના ધોધ વહાવ્યા છે. પણ કોઈ ઠેકાણે એમ ઉપદેશ્યું કે 'ભગવાન ઉપરના રાગને કાઢવા મહેનત કરજો ! કર્મસત્તા ઉપરના દ્વેષને ટાળવા મહેનત કરજો !!' આવું ક્યાંય છે ? ભગવાન ઉપર રાગ હોય ત્યાં સુધી વીતરાગ ન બનાય એમ વસ્તુ સ્વરુપ વર્ણવે. વીતરાગતા આવતા પહેલાં ભગવાન ઉપર રાગ પણ જવાનો એમ

 કહે, પ્રશસ્ત કે અપ્રશસ્ત રાગ નામે નહિ રહે ત્યારે વીતરાગ થવાશે એ વગેરે વાતો આવે, પણ કોઈ ઠેકાણે ભગવાન ઉપરનો રાગ કાઢવાને માટે શું કરવું અને કર્મસત્તા ઉપરનો દ્વેષ કાઢવાને માટે શું કરવું એ દર્શાવ્યું છે ? નહિ જ ! ઊલ્ટું એવું જરૂર આવે છે કે દેવ, ગુરુ અને ધર્મનો રાગ ખૂબ ખીલવવાનો પ્રયત્ન કરવો અને કર્મસત્તા તરફ દ્વેષ કેળવવામાં કમીના ન રાખવી. આ રાગ અને દ્વેષ કેળવાય, તો જ આત્મા પોતાના સ્વાભાવિક સ્વરૂપને પ્રગટાવવાને માટે કરવા જોગા પ્રયત્નો કરવામાં વીર અને ધીર બને ! માટે પ્રશસ્ત અને અપ્રશસ્તનો ભેદ સમજો.

જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે '*भवे मोक्षे समो मुनि*' આ વાત કોઈ પકડે અને કઈ દશાની એ વાત છે, તે ન સમજે તો ? મુનિને સંસાર ઉપર દ્વેષ ન હોય અને મોક્ષ ઉપર રાગ ન હોય, પણ તે ક્યારે ? છઠ્ઠે ગુણઠાણે ? અપ્રશસ્ત રાગદ્વેષ બેઠા છે ત્યારે ? એ તો બારમાં ગુણસ્થાનકની વાત છે. બારમાં ગુણસ્થાનકે, નથી તો મોક્ષનો રાગ હોતો કે નથી તો સંસારનો દ્વેષ હોતો; કારણકે ક્ષપકશ્રેણિએ ચઢીને દશમાના અન્તે સર્વથા પર બની ગયો હોય છે. રાગ-દ્વેષ અને મોહથી જે આત્મા દશમાને અન્તે સર્વથા પર ન બન્યો હોય, તે તો બારમે આવી શકે જ નહિ; દશમેથી અગીયારમે જ જાય અને ત્યાંથી પાછો જ પડે ! હવે જ્યારે સંસાર અને મોક્ષ બંનેય ઉપર સમભાવ આવ્યા વિના કેવળજ્ઞાન થવાનું નથી, તો મોક્ષનો રાગ છોડવાનો ઉપદેશ અપાય કે મોક્ષનો અર્થી બનવાનો ઉપદેશ અપાય ?

### મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ હોવો જોઈએ

**સભાઃ** અર્થી બનવામાં રાગ ક્યાં છે ?

**પૂજ્યશ્રી** : રાગ વિના અર્થી બનાય નહિ. મોક્ષનો અર્થી તે જ બની શકે કે જે મોક્ષનો રાગી હોય. મોક્ષનો રાગ ન આવે ત્યાં સુધી સંયમધર્મની કે ગૃહસ્થધર્મની ગમે તેટલી ક્રિયાઓની વસ્તુતઃ કાંઈ જ કિંમત નથી. છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા અને પાંચ પરમેષ્ઠીઓમાં ત્રીજા,

ચોથા અને પાંચમાં પદે ગણાતા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મોક્ષના રાગી અને સંસારના દ્વેષી નિયમા હોય. છઠ્ઠા ગુણસ્થાનકે હોય અને સંસારનો દ્વેષ તથા મોક્ષનો રાગ ન હોય, એ બને જ નહિ; છતાં જેનામાં મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ ન હોય, તો માનવું કે એ દેખાવના જ સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય છે; પણ વસ્તુતઃ ઘોર મિથ્યાદૃષ્ટિ છે. મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ ગયા વિના કેવળજ્ઞાન પ્રગટવાનું નથી અને મોક્ષ મળવાનો નથી. એટલું જ યાદ રાખીને મોક્ષનો રાગ કાઢવાનો અને સંસારનો દ્વેષ કાઢવાનો કોઈ ઉપદેશ આપવા મંડી પડે. તો માનવું કે એના જેવો આ દુનિયામાં બીજો કોઈ બેવકૂફ જ નથી. આ વસ્તુ પણ ખાસ સમજવા જેવી છે.

## સાધુમાં રાગદ્વેષ ન હોય એ બને જ નહિ

મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ, એ મોક્ષને દૂર કરનાર અને સંસારને વધારનાર નથી જ; પરંતુ મોક્ષનો રાગ અને સંસારનો દ્વેષ તો સંસારની જડ ઉખેડનાર અને મોક્ષને નિકટમાં લાવી મૂકનાર છે. જ્ઞાનીઓએ સંસારથી વિરક્ત બનવાનો અને મોક્ષના રાગી બનવાનો ઉપદેશ આપ્યો છે. એ ઉપદેશ પ્રશસ્ત રાગદ્વેષમાં નહિ માનનારથી નહિ દેવાય એણે મોક્ષનોય રાગ કાઢો, દેવ-ગુરુ-ધર્મ ઉપરનોય રાગ છોડો, એવી જ દાંડી પીટવી પડશે. આજે લોકો લઈ બેઠા છે કે સાધુને રાગદ્વેષ હોય ? સાધુને કષાય હોય ? સાધુ થયા એટલે રાગદ્વેષ, કષાય જવા જ જોઈએ ! આવું આવું આજે ઘણાઓ અણસમજથી પણ બોલે છે. તેવાઓએ સમજવું જોઈએ કે પ્રશસ્ત રાગદ્વેષ અને પ્રશસ્ત કષાયો છઠ્ઠા ગુણસ્થાનકે વર્તતા સાધુઓમાં ન હોય, એવું કોઈ કાળે બન્યું નથી, બનતું નથી અને બનશે નહિ. સાધુઓ જે દિવસે જ નહિ, પણ જે મોટા અન્તર્મુહૂર્તમાં રાગદ્વેષથી કષાયથી સર્વથા રહિત થઈ જશે, તે જ મોટા અન્તર્મુહૂર્તમાં તો કેવળજ્ઞાન પામશે, પછી વાર નહિ લાગે.

**જ્યારે રાગદ્વેષનો અભાવ થાય, ત્યારે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય**

**સભા:** એટલો જ ટાઈમ?

**પૂજ્યશ્રી** : હા. એટલો જ ટાઈમ.

**સભા:** અન્તર્મુહૂર્ત કોને કહેવાય ?

**પૂજ્યશ્રી** : મુહૂર્ત એટલે બે ઘડી. ચોવીસ મિનીટની એક ઘડી. એટલે મુહૂર્ત થયું અડતાલીસ મિનિટનું. એ અડતાલીસ મિનિટમાં પણ ઓછાપણું હોય, ત્યારે તે કાળને જ્ઞાનીઓ અન્તર્મુહૂર્ત કહે છે. અન્તમુહૂર્ત અનેક પ્રકારના છે. પણ "૪૮ મિનીટમાં એક સમય ન્યૂન" એવા અન્તર્મુહૂર્તને સૌથી મોટું અન્તર્મુહૂર્ત કહેવાય છે.

**સભા:** જે અન્તર્મુહૂર્તમાં આત્મા રાગદ્વેષથી સર્વથા રહિત બને, તે જ અન્તર્મુહૂર્તે તે કેવળજ્ઞાન પામે ?

**પૂજ્યશ્રી** : હા, એમ પણ કહી શકાય; કારણકે ક્ષપકશ્રેણિનો કાળ જ્ઞાનીઓએ અન્તર્મુહૂર્તથી વધારે કહ્યો નથી.

**સભા:** ક્ષપકશ્રેણિ એટલે ?

**પૂજ્યશ્રી** : સામાન્ય રીતે ક્ષપકશ્રેણિ એટલે એમ કહી શકાય કે ક્ષાયિક સમ્યક્ત્વ આદિ ગુણોને રોકનાર અનંતાનુબંધી કષાય મોહનીય આદિ કર્મોને ખપાવવા આત્માનો શ્રેણીબદ્ધ ઉત્કટ પ્રયત્ન. ક્ષપકશ્રેણિમાં આત્મા જેમ જેમ ચઢતો જાય, તેમ તેમ કર્મોને ક્ષીણ કરતો જાય. ક્ષપકશ્રેણિ બદ્ધાયુ મનુષ્ય માંડે તો ચારના ક્ષયે અટકવાના બનાવ સિવાય, દર્શનસપ્તકનો ક્ષય કરીને અટકી જાય છે અને અબદ્ધાયું મનુષ્ય ક્ષપકશ્રેણિ માંડીને દર્શનસપ્તકનો ક્ષય કર્યા પછીથી બાકીની પ્રકૃતિઓનો પણ ક્ષય કરનારો બને છે. પ્રકૃતિઓનો ક્ષય આત્મા કઈ કઈ રીતે કરે છે, તેનો ક્રમ પણ શાસ્ત્રોમાં વર્ણવાયેલો છે.

**સભા:** ક્ષપકશ્રેણિ માંડીને સૂક્ષ્મસંપરાયમાં આવીને મોહસાગરને તરનારો ક્ષપક નિર્ગ્રન્થ અન્તર્મુહૂર્ત સુધી વિસામો લે છે. અને તે પછી નિદ્રા પ્રચલાનો અને પાંચ જ્ઞાનાવરણ, ચાર દર્શનાવરણ અને પાંચ અંતરાય એ ચૌદનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામે છે ને ?

**પૂજ્યશ્રી** : તે બરાબર છે.

**સભા** : આપે પહેલાં તો એમ કહ્યું કે આખી ક્ષપકશ્રેણિનો જ કાળ અન્તર્મુહૂર્ત છે, તે કેમ?

**પૂજ્યશ્રી** : પણ તે પહેલાં, અન્તર્મુહૂર્ત અનેક પ્રકારનાં છે, એમ કહ્યું તે ભૂલી ગયા ? મોટામાં મોટું અન્તર્મુહૂર્ત બે ઘડી જેટલા કાળથી કાંઈક ન્યૂન હોય છે. બાકી તો જ્ઞાનીઓ ફરમાવે છે કે એક ક્ષપકશ્રેણિ કાળમાં લઘુ અન્તર્મુહૂર્તો તો અસંખ્યાતા થવા પામે છે.

**સભા** : નાનામાં નાનું અન્તર્મુહૂર્ત કેવડું ?

**પૂજ્યશ્રી** : બેથી નવ સમયના કાળપ્રમાણનું નાનામાં નાનું અન્તર્મુહૂર્ત ગણાય છે, અને એક સમય ન્યૂન અડતાલીસ મિનિટનાં કાળપ્રમાણનું મોટામાં મોટું અન્તર્મુહૂર્ત ગણાય છે.

**સભા**: એક મોટા અન્તર્મુહૂર્તમાં અસંખ્યાતા લઘુ અન્તર્મુહૂર્તો કેમ થાય ?

**પૂજ્યશ્રી** : નાનામાં નાના અન્તર્મુહૂર્તકાળ અને મોટામાં મોટા અન્તર્મુહૂર્તકાળ એ બે વચ્ચે અસંખ્યાતા સમય જેટલો કાળભેદ છે માટે !

**સભા**: મોટામાં મોટા અન્તર્મુહૂર્તને અડતાલીસ મિનિટનું ન કહેવાય ?

**પૂજ્યશ્રી** : શી રીતે કહેવાય ? અડતાલીસ મિનીટનો કાળ મુહૂર્ત કહેવાય અને તેમાં અડતાલીસ મિનીટોમાં પણ ઓછો કાળ હોય તો જ અન્તર્મુહૂર્ત કહેવાય.

### સાધુ માટે પ્રશસ્ત રાગદ્વેષ હોવા તે કલંકરૂપ નથી, પણ શોભારૂપ છે

**સભા**: સાધુને માટે રાગદ્વેષ હોવા અગર કષાય હોવા એ શું કલંકરૂપ નથી ?

**પૂજ્યશ્રી** : છટ્ઠા ગુણસ્થાનકે રહેલા આચાર્ય મહારાજ, ઉપાધ્યાય મહારાજ કે સાધુ મહાત્મામાં રાગદ્વેષનો સર્વથા અભાવ હોય એ બનતું જ નથી. પ્રશસ્ત રાગ-દ્વેષ હોવા, એ છટ્ઠા ગુણસ્થાનકે રહેલા આચાર્યમહારાજના આચાર્યપણાને માટે કલંકરૂપ નથી જ. અને તે જ

 રીતે ઉપાધ્યાય મહારાજના ઉપાધ્યાયપણાને માટે કે સાધુમહારાજના સાધુપણાને માટે કલંકરૂપ નથી. પ્રશસ્ત રાગ-દ્વેષ હોવાના કારણે, આચાર્યપણું, ઉપાધ્યાયપણું કે સાધુપણું દૂષિત થતું જ નથી. જેનામાં રાગ-દ્વેષ હોય તે સાધુ સાધુ નથી, ઉપાધ્યાય ઉપાધ્યાય નથી અને આચાર્ય આચાર્ય નથી' આવું માનનારા અને બોલનારા મિથ્યાવાદીઓ જ છે. સાધુઓ અપ્રશસ્ત રાગદ્વેષ ન આવી જાય તે માટે કાળજીવાળા હોવા જોઈએ' એમ કહેવું તે બરાબર છે. પણ 'સાધુઓ રાગદ્વેષ રહિત જ હોવા જોઈએ' એમ કહેવું તે ખોટું જ છે. સાધુ મોક્ષના અર્થી હોય અને સંસારના દ્વેષી હોય; એટલું જ નહિ પણ તેવા પ્રશસ્ત રાગદ્વેષવાળા હોઈને, મોક્ષની પ્રાપ્તિને માટે અને સંસારના વિચ્છેદને માટે જ્ઞાનીઓની આજ્ઞા મુજબ સંવર અને નિર્જરાના કારણોને સેવવામાં તેઓ ઉદ્યમશીલ હોય.



### સાધુમાં રાગ-દ્વેષ ન જ હોય એ પ્રચાર કેમ?

**સભા:** આજે સાધુઓમાં કષાય હોય જ નહિ, રાગદ્વેષ હોય જ નહિ, એવો પ્રચાર કેમ થઈ રહ્યો છે ?

**પૂજ્યશ્રી :** કારણકે આવો ઈરાદાપૂર્વક પ્રચાર કરનારાઓને સુવિહિત સાધુઓની હયાતિ ખટકે છે. સુવિહિત સાધુઓને લોકો માનતા અટકી જાય તો જ પોતાની ધારણા ફળે, એમ આવાઓને લાગ્યું છે અને એથી જ સાધુઓ પ્રત્યેની ભક્તિ લોકહૃદયમાંથી કાઢવાને માટે જ, મુખ્યત્વે આ જાતનો પ્રચાર પણ થઈ રહ્યો છે. કેટલાકો આવું અજ્ઞાનતાથી પણ બોલે છે. ઘણા અજ્ઞાનો એમ બોલતા પણ સંભળાય છે કે, 'સાધુઓએ સંસાર છોડ્યો, મા-બાપ છોડ્યા, પૈસા છોડ્યા, બૈરી-છોકરાંનો ત્યાગ કર્યો અને એકલો ધર્મ કરવાને નીકળ્યા, તે છતાં એમને રાગ-દ્વેષ શા ? એમને ક્રોધ શાનો ? માન શાનું ? માયા શાની ? લોભ શાનો ? આવું બોલનારા બિચારા અજ્ઞાનપણે પણ બોલે છે. સાધુઓએ જે છોડ્યું છે, તેનો સાધુઓમાં રાગ ન હોવો જોઈએ એ બરાબર છે; સાધુઓ પૌદ્ગલિક લોભને વશ બનીને ક્રોધ, માન, માયા કે દ્વેષ ન કરે એ બરાબર છે; પણ સાધુઓમાં

પ્રશસ્ત ક્ષાયો તો હોય જ. મોક્ષની સાધનામાં પ્રશસ્ત રાગ-દ્વેષ તો વીરતા અને ધીરતા લાવે છે. સાધુઓ સંસારના અર્થી નથી, પણ મોક્ષના અર્થી તો છે ને ? મોક્ષના અર્થી છે જ, માટે મોક્ષની સાધના કરવામાં સહાયક બનનાર પ્રશસ્ત રાગ દ્વેષ સાધુઓમાં હોય જ. જ્યારે રાગ-દ્વેષ મૂળમાંથી જશે ત્યારે પ્રશસ્ત રાગ-દ્વેષ પણ નહિ જ હોય.

### ઈન્દ્રિયાદિને પ્રશસ્ત બનાવવા જ જોઈએ

પ્રશસ્ત કષાયના સ્વરૂપને સમજો, તો આજે થાય છે તેવી મૂંઝવણ નહિ થાય. તમારે પણ મોક્ષની સાધના કરવી હોય અને આત્માની અનંત શક્તિને પ્રગટાવવી હોય, તો અપ્રશસ્ત રાગદ્વેષાદિના ત્યાગી અને પ્રશસ્ત રાગદ્વેષાદિના સંગાથી બનવું પડશે; કારણકે કર્મસત્તાને નાબુદ કરવી છે કર્મસત્તા દુનિયામાંથી તો નષ્ટ થવાની જ નથી શ્રી તીર્થંકર દેવ જેવા પણ કર્મસત્તાને દુનિયામાંથી નાબુદ કરી શક્યા નથી. એટલે આપણે તો આપણા આત્મા ઉપરની કર્મસત્તા નાબુદ કરવાનો પ્રયત્ન કરવાનો અને એ પ્રયત્નની પૂર્તિરૂપે અથવા એ પ્રયત્નના એક પ્રકારરૂપે જ, જ્ઞાનીઓની આજ્ઞાને આધીન રહીને, બીજા પણ આત્માઓ પોતાના આત્મા ઉપરની કર્મસત્તાને નાબુદ કરવાને ઉદ્યમશીલ બને એવો પણ પ્રયત્ન યથાશક્તિ કરવાનો. એ માટે ઈન્દ્રિયોને પ્રશસ્ત બનાવવાની, કષાયોને પ્રશસ્ત બનાવવા અને યોગોને પણ પ્રશસ્ત બનાવવાના ! જેમ જેમ મોક્ષના ઈરાદે ઈન્દ્રિયો આદિ પ્રશસ્ત બને, તેમ તેમ મોક્ષ નિકટ આવે અને કર્મસત્તામાં પોલાણ પડતું જાય. કર્મસત્તામાં પોલાણ પાડવાનો આ ઉપાય છે. આ દશા આવે એટલે કર્મસત્તા પાંગળી બનવા માંડે, મોક્ષને સાધવા અપ્રશસ્ત ઈન્દ્રિયાદિના ત્યાગને માટે અને પ્રશસ્ત ઈન્દ્રિયાદિના સ્વીકારને માટે ઉદ્યમશીલ બનેલો આત્મા, આખરે કર્મસત્તાને પોતાના આત્મા ઉપરથી નાબુદ કરી શકે છે અને સ્વસંપત્તિનો ભોક્તા બની શકે છે. તમારે સ્વ-સંપત્તિના ભોક્તા બનવું છે કે નહિ ? સ્વસંપત્તિના ભોક્તા બનવું હોય તો આ દશા કેળવવાને માટે ઉદ્યમશીલ બનો એ જ હિતકર છે.

## શ્રી ભરતજીનો વિરાગભાવ રહેણી કહેણીમાં સ્પષ્ટપણે દેખાય છે

શ્રી ભરતજી સ્વસંપત્તિને પીછાણી શક્યા છે અને સ્વસંપત્તિ મેળવવાને માટે ઉત્સુક પણ છે; પરંતુ હજુ સંયમ ધર્મનો સ્વીકાર કરી શક્યા નથી. શ્રી ભરતજી સુખના સ્થાનરૂપ ધર્મ જ છે, એમ તો માને જ છે અને વિષયોથી વિરક્ત ભાવવાળા પણ છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા વિરતિધર બન્યાં પહેલા આવી ઉત્તમ દશાને પામી શકે છે. શ્રી ભરતજીના અંતરમાં ધર્મની આરાધના કરવાની આતુરતા વધી છે, એટલે તેમના જીવનવ્યવહારમાં પલટો આવી ગયો છે. શ્રી ભરતજીનો વિરાગભાવ અને સંસારત્યાગ કરવા માટેનો ભાવ એવો તેજ બન્યો છે કે તેમની રહેણી-કહેણીમાં એ સ્પષ્ટપણે જણાય છે. શ્રી ભરતજીએ જે વિચારણા કરી તે આપણે જોઈ ગયા છીએ. એ વિચારણામાં જે આત્મા દિવસોના દિવસો કાઢે તે આત્માના વર્તાવ ઉપરથી સહેજે જાણી શકાય કે આ સંસારમાં રહ્યો છે ખરો, પણ આને સંસારમાં રસ નથી, ન છૂટકે રહ્યો છે. આમ હોઈને ગ્રંથકાર પરમર્ષિએ પાંજરામાં પૂરાયેલા સમર્થ સિંહની જે ઉપમા શ્રી ભરતજીને માટે આપી છે તે યથાર્થ છે. ખરેખર શ્રી ભરતજી સંસારમાં એ જ રીતે રહ્યા છે એમ સ્પષ્ટ જણાઈ આવે છે.

## 'શ્રી ભરતજીની દશા' કૈકેયીએ શ્રી રામચંદ્રજીને જણાવી

શ્રી ભરતજીની આ સંવિગ્ન મનોદશા તેમની માતા કૈકેયીથી પણ છૂપી રહેતી નથી. પોતાનો પુત્ર શ્રી ભરત સંસારમાં ક્યાંય આનંદ પામતો નથી એમ કૈકેયી જુએ છે. કૈકેયીને એમ થાય છે કે આને માટે કાંઈક ઉપાય યોજવો જોઈએ. શ્રી ભરતજીને કૈકેયી પોતે કહેવા જાય તો કાંઈ વળે નહિ એમ કૈકેયીને લાગે છે; આથી કૈકેયી શ્રી રામચંદ્રજીને શ્રી ભરતજીના ઉદ્વિગ્નપણાની ખબર આપે છે. શ્રી ભરતજી સંવિગ્ન મનવાળા બન્યા છે એમ કૈકેયી કહે છે. મોહ છે ને ? શ્રી રામચંદ્રજી , શ્રી લક્ષ્મણજી, શ્રીમતી સીતાદેવી, વિશલ્યા વગેરે

ઉત્તમ આત્માઓ છે. પણ તેમનામાં મોહ તો છે ને ? મોહનો ઉછાળો ભયંકર છે. શ્રી રામચંદ્રજી શ્રી ભરતજીને મધુર વચનોથી એવું એવું કહે છે કે જે કાચાપોચાને ઢીલો બનાવી દે, પણ શ્રી ભરતજીનો વૈરાગ્ય હવે ધૂંધવાયેલા અગ્નિ જેવો બન્યો છે. શ્રી ભરતજી હવે તો પાંજરાને તોડીને પણ આત્માની સંપત્તિ પ્રાપ્ત કરવા જતાં અચકાય તેમ નથી.

### ચિતા અને ચિંતા સમાન છે

ખરેખર ચિંતા વસ્તુ જ એવી છે. જેના હૈયામાં ચિંતા પેસે તેના આનંદમાં દેવતા મૂકાઈ ગયા વિના રહે નહિ. દુનિયામાં કહેવાય છે કે, 'ચિંતા ચિતા સમાન' ચિતા બહારથી સળગાવે છે અને ચિંતા અંદરથી સળગાવે છે. ચિતામાં સળગતાને સૌ જોઈ શકે છે અને ચિંતામા સળગતાને કોઈક જ જોઈ શકે છે. ચિતા જલ્દી સળગાવીને ખાખ કરે છે અને ચિંતા, મૂંઝવણ અને રીબામણમાં દિવસોના દિવસો સુધી અને વર્ષોના વર્ષો સુધી શેક્યા કરે છે. આમ ચિતા કરતા પણ ચિંતા ભયંકર છે.

ચિંતાથી ઘેરાયેલા આદમીને ખાવા-પીવાનું ભાવે નહિ; ખાય ખરો, પણ ખાવામાં એને રસ આવે નહિ; ખાધું ન ખાધું કરે ને ઉઠે ગમે તેવું રસમય ભોજન હોય, મીઠાઈઓનો થાળ સામે ગોઠવ્યો હોય, જુદાં-જુદાં શાક, જુદી-જુદી ચટણીઓ, વિવિધ ફરસાણ ગોઠવેલું હોય અને રસોઈ ગરમાગરમ હોય, પણ ચિંતાથી ઘેરાયેલા આદમીને એમાંની કોઈપણ વસ્તુ તે વખતે આનંદ ઉપજાવી શક્તી નથી. કોળીયા મોઢામાં મૂકે ખરો, પણ મગજમાં બીજી ધૂન ચાલતી હોય. ચિંતાથી આદમીને નિકટના, આજ્ઞાંકિત અને સદા અનુકૂળપણે વર્તનારા સ્વજનોનો મેળાપ પણ રૂચતો નથી. ચિંતાથી ઘેરાવા પહેલાં જેનું મોઢું જોતાં મોહ ઉપજતો હતો, જેની જોડે મીઠો વાર્તાલાપ કરવામાં સમય ગમે તેટલો જાય તો પણ સમય કયાં ચાલ્યો ગયો તેની ગમ પડતી નહોતી, થોડા કલાકોનો પણ જેનો વિરહ ખમાતો નહોતો અને જેની સાથે આનંદ કરતા આખી દુનિયા ભૂલાઈ જતી હતી, એવા પણ સ્વજનનું મિલન, ચિંતાથી આદમી બરાબર ઘેરાઈ જાય, ત્યારે કંટાળા ભરેલું લાગે છે. 'તમને શી ચિંતા છે ?' એમ એ પૂછે તે ય ગમતું

નથી. નિકટના સ્નેહીઓ ઉપર પણ વાતવાતમાં ગુસ્સો આવી જાય છે. આ શાથી બને છે ? એક માત્ર ચિંતાથી ! જે વસ્તુના કારણે મન ચિંતાતુર બન્યું હોય, તેના જ વિચારો રાત-દિવસ આવ્યા કરે છે. નિંદ્રા પણ ઉડી જાય છે. ચિંતા જેમ બલહારિણી છે. તેમ નિદ્રાહારિણી પણ છે. ખૂબ થાકે એટલે એકાદ ઝોકું આવી જાય અને વળી થોડીવારે આદમી ઝબકી જાય, એવું ચિંતાના યોગે બને છે.

### સંસારમાં ચિંતાનો અનુભવ કોને નથી થતો ?

ચિંતાયોગે આવી વિષમ સ્થિતિ થઈ પડે છે, એનો થોડો ઘણો અનુભવ તો તમને પણ થયો હશે ને ?

**સભા**: હાજી, હા. બજારમાં દોડધામ કરનારા બધાય જાણે છે. થોડો ઘણો અનુભવ તો સૌને થયો હોય.

**પૂજ્યશ્રી** : બજારમાં જે વખતે મોટી ઉથલપાથલ ચાલતી હોય છે, મોટી પેઢીઓ તૂટી કે તૂટશે એવી વાતો ફેલાઈ ગઈ હોય છે અને એવા વખતે પોતાને માથે મોટું જોખમ આવવાની જ્યારે દહેશત લાગી ગઈ હોય છે, તે વખતે આદમીની કઈ હાલત થાય છે ? એ ખાતો-પીતો નથી એમ તો નહિ, પણ એ જે રીતે ખાય પીવે છે તે જૂઓ તો ખબર પડે. ગમે તેવા વિષયાધીનોના પણ તેવા કોઈ અવસરે, બધા રંગરાગ સુકાઈ જાય છે, 'મારે તો અમુક વિના ન જ ચાલે, મારાથી આવી દોડધામ તો થાય જ નહિ, હું આવું સહન કરી શકું જ નહિ.' આવું આવું બોલનારા પણ અવસરે એવા બની જાય છે કે ગઈકાલે જે કાર્ય ન જ બને એમ કહેતા હતા તે જ કાર્ય કરતા હોય છે, ચિંતા એવી વસ્તુ છે.

હવે એમ નહિ બોલતા કે ગાન્ધર્વ નૃત્ય અને ગાન્ધર્વ ગીત જોવા અને સાંભળવા છતાં પણ શ્રી ભરતજીને રતિ ન ઉપજી એ બને કેમ? શ્રી ભરતજીને ગાન્ધર્વ નૃત્યો અને ગાન્ધર્વ ગીતો રતિ ઉપજાવી શક્યા નહિ, કારણકે શ્રી ભરતજી ચિંતાતુર બન્યા હતા. 'આ તરુણાવસ્થામાં જો હું સિદ્ધિસુખને પમાડનારા ધર્મને નહિ કરું તો પાછલી જરા અવસ્થામાં મારે શોકરૂપ અગ્નિમાં શેકાવું પડશે.' આ ચિંતા જેવી તેવી છે ? આવી સાચી ચિંતા જેના અંતરમાં જન્મી જાય,

તેને માટે સંયમ પાલન દુષ્કર નથી. ચારિત્રના પરિણામને નહિ આવવા દેનારાં કર્મ આત્માને ભલે ચારિત્રમય જીવન જીવવા ન દે, પણ સાચી આત્મચિંતા આવી જાય અને ચારિત્રના પરિણામને આવરનારું કર્મ ક્ષયોપશમ આદિ પામતું જતું હોય તો આત્મચિંતાશીલ આત્માને માટે ચારિત્રનું પરિપાલન કષ્ટસાધ્ય નથી રહેતું, પણ સુસાધ્ય બની જાય છે.

**સાચી આત્મચિંતા જીવનને સુધારે છે.**

ભવિષ્યની સાચી ચિંતા વર્તમાનને સુધારનારી છે. ભવિષ્યની સાચી ચિંતા જન્મ્યા વિના વર્તમાન જેવો જોઈએ તેવો સુધરતો નથી. વર્તમાન સમયનો દુરૂપયોગ થતો અટકાવનાર અને વર્તમાન સમયનો સદુપયોગ કરાવનાર ઘણાં કારણોમાં આત્મચિંતા એ મુખ્ય કારણ છે. સાચી આત્મચિંતામાં તો એ તાકાત છે કે ક્રમે કરીને તે વર્તમાન સમયના થઈ રહેલા દુરૂપયોગને અટકાવી દે છે અને વર્તમાન સમયનો સદુપયોગ કરાવનાર બીજા પણ કારણોને ઘસડી લાવે છે. સાચી આત્મચિંતા પ્રમાદને ઉડાડી મૂકે છે. સાચી આત્મચિંતા વીર્યને ગોપવવા દેતી નથી. સાચી આત્મચિંતા આત્મહિતને હણનારા વાતાવરણમાં પહેલાનાં જેવો આનંદ ઉપજવા દેતી નથી અને મહીં ખટકારો ઉભો કરી દે છે. સાચી આત્મચિંતા આત્મહિતની બાધક પ્રવૃત્તિઓમાં આત્માને રસપૂર્વક જવા દેતી નથી, એટલું જ નહી પણ ધીમે ધીમે આત્માને એવો સત્ત્વશીલ અને સંયમશીલ બનાવી દે છે કે આત્મા વિષયની સામગ્રીથી લેપાતો નથી.

આ આત્મચિંતારૂપી જ્યોત જેના હૃદયમાં ઝળહળતી હોય, તે આત્મા નાટ્યારંભોમાં, ગાનતાનમાં ખાનપાનમાં અને બીજા વિષયોની સામગ્રીમાં પૂર્વવત્ આનંદ અનુભવી શકે નહિ; એના હૈયે ડંખ રહ્યા જ કરે. જેની આત્મચિંતા મંદ હોય, તે પણ અવસરે અવસરે વસ્તુનો વિચાર કરતા, પોતાની વિષયાસક્તિને માટે દુઃખ અનુભવ્યા વિના રહે નહિ. આત્મચિંતાની હયાતિ અને આત્મહિતની બેદરકારી, એ બે સાથે સંભવે જ નહિ. આત્મચિંતા હોય ત્યાં આત્મહિતની બેદરકારી હોય નહિ અને આત્મહિતની બેદરકારી હોય ત્યાં આત્મચિંતા હોય નહિ,

 આ નિયમ. આત્મચિંતાની હયાતિમાં વિષયસંગ હોવો એ શક્ય વસ્તુ છે, અવિરતિમય દશા હોવી એ શક્ય વસ્તુ છે. અને વિરતિના તેવા ઊંચી કોટિના પરિણામ ન આવે એ ય શક્ય વસ્તુ છે, પણ વિષયોથી પરાઙ્મુખ બનવાની અને વિરતિધર બનીને આત્મકલ્યાણ સાધવાની ભાવના ન જ હોય, એ બને જ નહિ. વિષયસંગ એને મીઠો ન લાગે પણ વિચાર કરતાં ઝેર જેવો કડવો લાગે. અવિરતિ એને સુખ ન ઉપજાવે. પણ અવિરતિ એને ખટક્યા જ કરે. અવિરતિનો ત્યાગ કરીને વિરતિધર થવા માટે ચારિત્રને આવરનારૂ કર્મ ક્ષયોપશમાદિને પામવું જરૂરી છે; એ કર્મ ક્ષયોપશમાદિને ન પામ્યું હોય તો અવિરતિનો ત્યાગ અને વિરતિનો સ્વીકાર ન પણ થઈ શકે; પરંતુ મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ થવાના યોગે જેના અંતરમાં આત્મચિંતા પ્રગટી છે, તે આત્મામાં અવિરતિનો ત્યાગ કરવાની અને વિરતિધર બનીને કલ્યાણ સાધવાની ભાવના ન હોય એ શક્ય જ નથી. ખરેખર સમ્યક્ત્વની પ્રાપ્તિના યોગે જે આત્મામાં સાચી આત્મચિંતા પ્રગટે છે, તે આત્માની વિચારદશા જ ફરી જાય છે.

**આત્મ ચિંતાવાળો શક્ય કરવાને હંમેશાં સજ્જ જ હોય**

સાચી આત્મચિંતાવાળો જેટલું શક્ય સમજાય તેટલું કરવાને સજ્જ જ હોય. પોતાને માટે વર્તમાનમાં જે જે અશક્ય હોય અને જે જે કર્યા વિના સાચું કલ્યાણ સાધવાનું નથી તેવી ખાત્રી હોય, તે તે અશક્યને પણ શક્ય બનાવવાની તે પેરવીમાં જ હોય; કારણકે એને કરણીય શું અને અકરણીય શું, હિતકારી શું અને અહિતકારી શું, એનો થોડો ઘણો પણ ખ્યાલ આવી ગયો હોય છે, સમ્યગ્જ્ઞાન જેમ જેમ ખીલતું જાય તેમ તેમ આત્મહિતનો ખ્યાલ પણ વધતો જાય પહેલાં ઓઘરૂચિ સાથે સામાન્ય ખ્યાલ અને તે પછીથી એ રૂચિ ખ્યાલને ખીલવવા પ્રેરે એટલે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન થાય તેમજ માલુમ પડતું જાય તેમ શક્ય ત્યાગ પણ થતો જાય. સમ્યગ્જ્ઞાન બહુ થોડું હોય છતાં પણ ત્યાગ થાય એ બને. *'મા રુષ'* અને *'મા તુષ'* એટલું પણ રીતસર યાદ રાખીને ગોખી નહિ શકનારા મહાત્મા

વિરતિધર હતા ને? હતા જ. અને 'મા રુષ, મા તુષ' ગોખવાનો પ્રયત્ન કરતાં કરતાં તો એ મહાત્મા કેવળજ્ઞાન પણ પામ્યા. વાત તો એ છે કે પહેલાં સાચી આત્મચિંતા આવી જવી જોઈએ. આત્મામાં સાચી આત્મચિંતા પ્રગટે એટલે દુર્ગુણોને ભગાડવાનું અને સદ્દગુણોને પ્રગટાવવાનું કાર્ય શક્યતા મુજબ થયા વિના રહે નહિ.

### કલ્યાણકર સાધનાનું પ્રબળ સાધન આત્મચિંતા

**સભા** : ચિંતાના યોગે મહાદુર્દશા ઉત્પન્ન થઈ જવા પામે છે એ શંકા વિનાની વાત છે, તો પછી આત્મચિંતાવાળા બનવાનો ઉપદેશ કેમ અપાય છે ? આત્મચિંતા પ્રગટે એટલે તો મહાપીડા ઉત્પન્ન થઈ જાય ને ?

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન પણ વિચારવા જેવો છે. વસ્તુને નહિ જાણનારા આવી શંકાઓમાં મૂંઝાય, એ અસંભવિત નથી. ચિંતા એ વસ્તુ સાધના માટેનાં અનેક સાધનોમાનું એક પ્રબળમાં પ્રબળ સાધન છે. સાચી ચિંતા ઉત્પન્ન થઈ જાય, એટલે આદમી, જે વસ્તુ મેળવવાની તેની અંતરમાં ચિંતા ઉત્પન્ન થઈ હોય, તે વસ્તુને મેળવવાને માટે પોતાનાથી શક્ય એટલા પ્રયત્નો કરવાને તે ચૂકતો નથી. હંમેશાં પ્રયત્નોને વેગ આપનાર અને પ્રયત્નો કરવા છતાં સફળ ન બનાય તો ય હતાશ બની પામર બનતાં અટકાવનાર વિવેકવતી ચિંતા છે; કારણકે વસ્તુ જોઈએ છે એ નિશ્ચિત છે. 'વસ્તુ નહિ મળે ત્યાં સુધી હું દુ:ખી જ રહેવાનો.' આ ખાત્રી હોય અને દુ:ખ ટાળવાની લગની લાગી ગઈ હોય, એટલે આત્મા પ્રયત્નો કરતાં કંટાળે નહિ, પણ પ્રયત્નોને જોરદાર બનાવવાનો પ્રયત્ન કર્યા જ કરે. થોડા પ્રયત્ને સફળતા ન સાંપડે તો ય ધીરજ ગુમાવે નહિ.

આત્મચિંતા વિવેકશૂન્ય નહિ હોવી જોઈએ. વિવેકવતી આત્મચિંતા આત્માને મૂંઝવતી નથી. ન સધાય તેનું દુ:ખ ઉપજાવે છે, પણ એકદમ મૂઢ બનાવી દેતી નથી. દુનિયાની ચિંતા અવસરે માણસને પાગલ પણ બનાવી મૂકે છે, જ્યારે વિવેકવતી આત્મચિંતા આદમીને ધીર અને વીર બનાવતી જાય છે. આત્મચિંતા ઉત્પન્ન થાય

અને આવે તેમાં તેજી આવે, એટલે એ ચિંતાને વિવેકમય જ્ઞાન, યોગ્યમાર્ગ-વિરતિના માર્ગે દોરી જાય છે અને એથી આત્માના ઉત્સાહમાં વધારો થઈ જાય છે. ચિંતાની સાથે સાધક પ્રવૃત્તિ થતી હોય અને ચિંતાનું કારણ નાબુદ થતું દેખાતું હોય, એટલે આત્મા પામરતા ખંખેરતો જાય છે અને શૌર્યને ખીલવતો જાય છે.

**દુનિયાદારીની ચિંતા અને આત્મચિંતા બંનેયનું અંતર**

પૈસાની ચિંતાથી આદમી મૂંઝાઈ રહ્યો હોય, એટલામાં ધંધો કરવાની સામગ્રી મળી જાય તો ?

**સભા:** ઉત્સાહ વધે.

પૂજ્યશ્રી : અને વ્યાપારમાં ફાવતો જાય તો ?

**સભા:** ઉત્સાહનો પાર ન રહે.

**પૂજ્યશ્રી** : વ્યાપારમાં ફાવતો જતો હોય, પણ હજુ માથે મોટું કરજ ઉભું હોય અને એ ફેડ્યા વિના આબરૂને લાગેલો બટ્ટો ટળે તેમ ન હોય, તો કમાવા છતાં ચિંતા રહે કે જાય ? પ્રયત્ન થોડો કરે કે વધારે? વ્યાપારમાં વધારે ધ્યાન આપવા માંડે કે દુર્લક્ષ કરવા માંડે ?

**સભા:** ચિંતા તો હોય જ પણ ઉત્સાહ વધે જાય અને વ્યાપારમાં તો વધારે ધ્યાનવાળો બને.

**પૂજ્યશ્રી** : હવે કહો કે એની ચિંતાએ એને નુકશાન કર્યું કે ફાયદો કર્યો.

**સભા:** કર્યો તો ફાયદો, પણ વ્યાપારની સામગ્રી મળી ન હોત અને કરેલા વ્યાપારમાં ફાવ્યો ન હોત તો ?

એ દુનિયામાં બનવું શક્ય છે, કારણકે તેવી સામગ્રી મળવી એ મુખ્યત્વે ભાગ્યાધીન અને પુણ્યોદય ન હોય તો વ્યાપાર કરવા છતાં ફાવી ન શકાય એમ પણ બને. આત્મચિંતામાં એવું નથી. સાચી આત્મચિંતાની સાથે જ વિવેક પ્રગટે છે. મારે મારી ચિંતાને ટાળવાને માટે શું કરવું જોઈએ ? એનો ખ્યાલ આવી જાય છે અને એથી આત્મચિંતાશીલ બનેલો આદમી જ્ઞાનીઓએ કહેલા ચિંતા નિવારણના માર્ગે પ્રવૃત્તિશીલ બને છે.

## સંસારમાં પ્રયત્ન ફળે જ એ નિયમ નહિ પણ ધર્મમાં પ્રયત્ન તો નિયમા ફળે

જ્ઞાનીઓએ કહેલી હેયના ત્યાગની અને ઉપાદેયના સ્વીકારની પ્રવૃત્તિ આજ્ઞા મુજબ થાય તો ફળપ્રાપ્તિ માટે શંકાને કારણ રહે એવું કાંઈ છે જ નહિ. દુનિયાદારીમાં કરેલો વ્યાપાર નિષ્ફળ જાય એ બને, પણ આ વ્યાપાર કદિ નિષ્ફળ નિવડતો જ નથી. જ્ઞાનીઓ ફરમાવે છે કે અર્થ અને કામ માટેના કરેલા બધા પ્રયત્નો ફળે જ એવો નિયમ નથી; પુણ્યોદયાદિનો યોગ ન હોય તો ન ય ફળે, જ્યારે ધર્મ અંગેનો નાનામાં નાનો પણ પ્રયત્ન ફળ્યા વિના રહેતો જ નથી.

ધર્મના પ્રયત્નો ફળીભૂત થવાને માટે બીજી કોઈ વસ્તુની અપેક્ષા રહેતી નથી. અર્થ કામનો પ્રયત્ન જેમ સફળ નિવડવાને માટે પુણ્યોદયાદિની અપેક્ષા રાખે છે, તેમ ધર્મને વિષે કરેલા સુપ્રયત્ન સફળ નિવડવાને માટે તેવી કોઈ જ અપેક્ષા રાખતો નથી. જ્ઞાનીઓ આ વસ્તુ રજૂ કરીને પણ એ જ ફરમાવે છે કે જે પ્રયત્નનું ફળ મળવું પરાધીન છે એ પ્રયત્નને છોડો અને જે પ્રયત્ન નિયમા ફળવાનો છે તે જ પ્રયત્ન કરો ! દુનિયાદારીના પ્રયત્નનું ફળ મળ્યું તો મળ્યું; ન ય મળે, જ્યારે ધર્મના પ્રયત્નનું ફળ મળવા વિષે કશો પણ સંદેહ રાખવા જેવું નથી. દુનિયાદારીના પ્રયત્નમાં પડેલા કઈક ભીખ માગે છે, કંઈક રઝળે છે, કંઈકને સારા માટે કરેલું અવળા માટે થઈ જાય છે, કંઈકને પ્રયત્ન એક કરે અને લાભ લઈ જાય બીજો એમ બને છે, અને કંઈક એવા ય છે કે જેમને નામ માત્રના પ્રયત્નથી ઘણું મળી જાય છે, કારણકે દુનિયાદારીમાં એકલા પ્રયત્નથી જ સિદ્ધિ થતી નથી. દુનિયાદારીનો પ્રયત્ન ભાગ્યાદિની અપેક્ષા પૂરેપૂરી રાખે છે.

જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે અર્થ અને કામ માટે ઉદ્યમની પ્રધાનતા નથી પણ ભાગ્યની પ્રધાનતા છે. ધર્મના પ્રયત્નની બાબતમાં એવું કાંઈ છે જ નહિ. એમાં તો એટલું જ કે માત્ર ધર્મનો પ્રયત્ન અનંત જ્ઞાનીઓએ જે રીતે કરવાનો ફરમાવ્યો છે તે રીતે થવો જોઈએ. આજ્ઞાનુસાર ધર્મનો પ્રયત્ન થયો એટલે એ સફળ ન નિવડે એ બને જ નહિ.

**સંસારીનો પ્રયત્ન વર્તમાનમાં નિષ્ફળ કે નુકશાનકારક બને, તો ય ભવિષ્યને ભૂંડું બનાવે છે.**

વળી એ પણ સાથે જ છે કે, દુનિયાદારીનો પ્રયત્ન સફળ નિવડે કે નિષ્ફળ નિવડે, તો પણ આત્મા તેના પાપથી લેપાય જ છે અને એ પાપથી બંધાયેલું કર્મ જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે એ જીવને અનેક દુઃખો ભોગવવાં પડે છે. એ દુઃખો ભોગવતી વખતે પણ આત્મા જે સમાધિને જાળવી શકતો નથી અને આર્ત્ત રૌદ્ર ધ્યાનમાં રક્ત બન્યો રહે છે, તો ઉદયમાં આવેલું પાપકર્મ તો ખરી જાય છે, પણ પોતાના સંખ્યાબંધ સાથીદારોને વળગાડતું જાય છે. વિચારો કે, દુનિયાદારીનો પ્રયત્ન કેટલો બધો અનર્થકારી છે ? દુનિયાદારીનો પ્રયત્ન તાજેતરમાં સફળ થવો, એ ભાગ્યાદિને આધીન : દુનિયાદારીનો સારા માટે કરેલો પ્રયત્ન જ ભૂંડું કરનારો નિવડે એ ય સંભવિત; જેમકે કમાવા માટે વ્યાપાર કર્યો અને બને એવું કે મિલ્કત જાય, આબરૂને બટ્ટો લાગે અને રોઈને જીંદગી પૂરી કરવાનો વખત પણ તેવો પાપોદય હોય તો આવી લાગે; ત્યારે દુનિયાદારીનો પ્રયત્ન તાજેતરમાં સફળ નિવડે એમ નહિ, સફળ તો ન નિવડે પણ તાજેતરમાં નુકશાન કરનારો ય ન નિવડે એ ય નક્કી નહિ, અને વળી એના યોગે પાપકર્મ બંધાય એ તો નક્કી જ. એ પાપકર્મ ઉદયમાં આવે ત્યારે આત્માને ઘણી ઘણી રીતે કનડે એ ય નક્કી, અને જો એ કનડગત વખતે આત્મા આર્ત્ત-રૌદ્ર ધ્યાનમાં રક્ત બની જાય તો એક પાપકર્મ ભોગવતાં બીજા સંખ્યાબંધ પાપકર્મો બાંધે એ ય નક્કી. દુનિયાદારીના પ્રયત્નનું આવું સ્વરૂપ જાણ્યા પછી કયો મૂઢ એ પ્રયત્ન રસપૂર્વક કરે ? તેમજ કયો ડાહ્યો એ પ્રયત્ન કિંચિત્ પ્રમાણમાં કરવો પડે તો ય એથી કંપ્યા વિના રહે ?

**ધર્મ વિષેના પ્રયત્નનું સુંદર પરિણામ**

ધર્મને અંગેના પ્રયત્નમાં આવું કાંઇ છે જ નહિ. ધર્મનો પ્રયત્ન થવો મુશ્કેલ, બાકી થઇ જાય તો એકાંતે સુખકર જ નિવડે. ધર્મનો વાસ્તવિક પ્રયત્ન કરતાં પાપબંધ નહિ જ એ નક્કી. એ પ્રયત્ન કરતાં કર્મનિર્જરા થાય અને બંધાય તો પુણ્યાનુબંધી પુણ્ય બંધાય, કે જે

પુણ્યના યોગે મળેલી ભોગસામગ્રી પણ આત્માને મૂંઝવે નહિ; એટલું જ નહિ પણ એ પુણ્યનો ગુણ એવો છે કે આત્મા ભોગવતો જાય તેમ પણ તેનો વિરાગ વધતો જાય. કહો જોઈએ કે આત્માએ કયો પ્રયત્ન કરવા જેવો છે ?

### આત્મચિંતા વિના ધર્મપ્રયત્ન નહિ

**સભાઃ** કલ્યાણ માટે તો ધર્મપ્રયત્ન જ કરવા જેવો છે એમાં ના નહિ.

**પૂજ્યશ્રી** : તમે દુનિયાદારીનો જે પ્રયત્ન કરો છો તે કલ્યાણ માનીને કરો છો કે અકલ્યાણ માનીને કરો છો ?

**સભાઃ** અકલ્યાણ માને તો થાય જ કેમ?

**પૂજ્યશ્રી** : ન થાય તો સારી વાત છે. પણ એવું ય બને છે કે સંયોગાદિને આધીન થઈને કેટલાકોને અકલ્યાણકર પણ પ્રયત્ન કરવો પડે છે. પણ એ કરે તો ય બળતા હૈયે કરે ! ક્યારે એનાથી છૂટાય એ ભાવના રહે ! બને તેટલો ધર્મપ્રયત્ન પણ કરે જ. હવે ધર્મ પ્રયત્ન થાય ક્યારે ? સાચી આત્મચિંતા આવે તો જ ધર્મ પ્રયત્નરૂપે થઈ શકે. એવા પણ આત્માઓ હોય છે કે જેઓમાં આત્મચિંતા પ્રગટી હોય, છતાંપણ જેઓ ધર્માચરણનો વ્યાપાર કરવાને અશક્ત હોય. આવા આત્માઓનું શું થાય ? આત્મચિંતા પ્રગટી અને ધર્માચરણરૂપ વ્યાપાર બની શકે તેમ ન હોય, તો શું એ આત્માઓ મુંઝાઈ જ મરે ? જ્ઞાનીઓ ફરમાવે છે કે ના. તેઓ પણ આરાધના કરી શકે છે.

**સભાઃ** આત્મચિંતા પ્રગટવા છતાં ધર્માચરણરૂપ વ્યાપાર ન કરી શકે એમ બને ?

**પૂજ્યશ્રી** : હા. વ્યાપાર કરવાની ઘણી ચિંતા હોય, બજારમાં ભાવોની ઉથલપાથલમાં અમુક લક્ષાધિપતિ થયો, અમુક પાંચ લાખ કમાયો, અમુક પચાસ લાખ રળ્યો, આવું આવું સાંભળતો હોય, બજારમાં જવાની ઇચ્છા પણ ઘણી હોય, પણ લકવો થયો હોય તો ?

**સભાઃ** બીજા પાસે કરાવે.

**પૂજ્યશ્રી** : પણ એ તો ન જ જઇ શકે ને ? તેમ ધર્માચરણમાં

 પણ સમજો. દૃઢ ચારિત્રમોહનો ઉદય વર્તતો હોય તો એમ પણ બને કે સાચી આત્મચિંતા પ્રગટેલી હોવા છતાં પણ આત્મા ધર્માચરણરૂપ વ્યાપાર ન કરી શકે એ શક્ય છે; આમ છતાં પણ એ આત્માએ માત્ર ચિંતામાં મૂંઝાયા કરવાનું જ રહેતું નથી.



**આત્મચિંતાના પરિણામે પ્રાપ્ત થતાં લાભો**

કાર્યસિદ્ધિકારક પ્રવૃત્તિ શરૂ થાય છે એટલે ચિંતાતુર આત્મામાં ઉત્સાહ વધે છે અને જોરદાર પ્રયત્ન કરવાનું બળ પ્રગટે છે, એટલે ચિંતા વસ્તુતઃ પીડારૂપ રહેતી નથી. એને અંગે આ વાત ચાલી રહી છે. આત્મચિંતાવાળા બનવાનો ઉપદેશ કેમ અપાય છે એ વાત સ્પષ્ટ થઈ ગઈ અને આત્મચિંતાવાળા બનવાનો ઉપદેશ આપવો એજ કલ્યાણકર છે એ વાત પણ પુરવાર થઈ ગઈ, કારણકે આત્મચિંતાના યોગે આદમી ધર્મપ્રયત્નમાં લાગે છે, ધર્મપ્રયત્નમાં ધીરે ધીરે તે વધારે અને વધારે ધીર અને વીર બનતો જાય છે અને ધર્મપ્રયત્ન કદિ પણ નિષ્ફળ નિવડતો નથી તેમજ ધર્મપ્રયત્નમાં લાગ્યા રહેવાથી આત્મા આત્મસ્વરૂપને પ્રગટાવી શકે છે, કે જેના યોગે તેને નથી તો આત્મચિંતા કરવાની જરૂર રહેતી કે નથી તો બીજા કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર રહેતી. પછી તો દુઃખનું નામ નહિ અને સુખનો પાર નહિ, એટલે ચિંતા હોય જ શાની ? એ સુખ ઓછું થતું હોય કે ક્યારેય પણ જવાનું હોય તો ચિંતા થાય એ બને, પણ સિદ્ધ દશાના આત્મસુખમાં તો તેમે ય નથી.

**દુનિયાનું કલ્યાણ ઇચ્છનારે**
**દુનિયામાં કયો પ્રચાર કરવો ?**

આથી આત્મચિંતાવાળા બનવાનો અને ધર્મપ્રયત્ન જ કરવાનો ઉપદેશ દેવો તેમજ દુનિયાદારીના પ્રયત્નથી પરાઙ્મુખ બનવાનો ઉપદેશ દેવો એ જ યોગ્ય છે. જે કોઈપણ આત્મા દુનિયાના જીવોનું કલ્યાણ જ કરવાને ઇચ્છતો હોય, તેણે દુનિયામાં આ જ એક નાદ ફેલાવવાનો પ્રયત્ન કરવો જોઈએ કે 'પરની ચિંતાથી પરાઙ્મુખ બનો, આત્મચિંતાવાળા બનો, દુનિયાદારીના પ્રયત્નને તજો અને ધર્મપ્રયત્ન કરવામાં અપ્રમાદી બનો !' આ નાદ દુનિયામાં જેટલો વધારે ફેલાય,

તેટલું દુનિયાનું વધારે કલ્યાણ. દુનિયામાં જેટલા આ નાદને અનુસરે તેનું કલ્યાણ થયા વિના રહે નહિ.

આનાથી વિપરીત નાદ ફેલાવવાના પ્રયત્નમાં પડેલાઓ વસ્તુત: સાધુઓ નથી જ, પણ દુનિયાના જીવોને દુ:ખને માર્ગે ઘસડી જનાર ઘાતકીઓ જ છે. કેટલાકો એવું અજ્ઞાનતાના યોગે કરે છે, પણ તેથી કેટલાય આત્માઓ દુ:ખના દાવાનલમાં જઇ પડે છે, તે શું વિચારવા જેવું નથી ? પરચિંતા કરવાનો અને દુનિયાદારીના પ્રયત્નમાં જોડાવાનો ઉપદેશ દેનારા જગતને મીઠ્ઠા લાગે છે; એમાંના કોઈ પૂર્વનું પુણ્ય લઇને આવ્યા હોય તો લોક એને ફૂલે વધાવે છે, પણ એ ભાગ્યની અંતરના ખુણામાં પણ ઇચ્છા કરવા જેવી નથી.

દુનિયામાં પૂજાય તે સારો જ હોય, દુનિયામાં પૂજાય તે દુનિયાનો સાચો હિતસ્વી જ હોય એમ ન માનતા. દુનિયા પૂજે કે ન પૂજે, દૂનિયા પૂજે કે ઢેખાળા મારે, પણ સારો તે જ છે અને પૂજાવા યોગ્ય તે જ છે, કે જેણે ખોટી પરચિંતા તજી છે, સ્વપરની સાચી આત્મચિંતામાં જે નિમગ્ન બન્યો છે, એના યોગે જેણે દુનિયાદારીનો પ્રયત્ન નહિ કરવાનું વ્રત લીધું છે અને સાચો ધર્મપ્રયત્ન યથાશક્તિ કરવાને જે ઉદ્યમશીલ બન્યો છે !

આથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે પરચિંતાથી પાછા હઠવાનો, આત્મચિંતાવાળા બનવાનો, દુનિયાદારીનો પ્રયત્ન છોડવાનો અને અનંતજ્ઞાનીઓએ ફરમાવેલા ધર્મને વિષે પ્રયત્નશીલ બનવાનો ઉપદેશ આપવો, એ એક પણ રીતે હાનિકર નથી અને બધી રીતે હિતકર જરૂર છે. 'આત્મચિંતા પ્રગટે તો મહાદુર્દશા થઇ પડે, મહાપીડા ઉત્પન્ન થઇ જાય.' એવી ગભરામણ થતી હોય તો તે નીકળી જાય, એ માટે આપણે આટલી બધી વાતો કરી આવ્યા. કાર્યસિદ્ધિ તરફ આત્મા વળે, એટલે એ ચિંતા મૂંઝવણ ઉત્પન્ન કરવાને બદલે ઉત્સાહ ઉત્પન્ન કરી દે છે અને ચિંતા તથા ઉત્સાહનો યોગ તેમજ ફળની સુનિશ્ચિતતા આત્માને ધર્મપ્રયત્નમાં ધીર અને વીર બનાવી મૂકે છે. ચિંતાની સાથે ધીરતા અને વીરતા ન હોય તો મૂંઝવણ, દુર્દશા થાય પણ આત્મચિંતા

 વાંઝણી હોતી નથી. વિવેક એની સાથે જ હોય છે અને એથી આત્મા ધર્મપ્રયત્ન કરવાને પ્રેરાય છે.



**મહાભાગ્યવાન્ આત્માઓ જ ધર્મપ્રયત્ન આદરી શકે છે**

**સભાઃ** જેઓ આત્મચિંતાવાળા બન્યા હોય અને આપે ફરમાવ્યું તેમ દૃઢ ચારિત્રમોહના ઉદયવાળા હોવાને કારણે ધર્માચરણરૂપ વ્યાપાર કરવાને અશક્ત હોય, તેઓની કઇ દશા થાય ?

**પૂજ્યશ્રી** : તેવા આત્માઓ પણ કલ્યાણ સાધી શકે છે. અનંતજ્ઞાનીઓએ સ્થાપેલું આ શાસન છે. આરાધનાની ઇચ્છાવાળા દરેકને આરાધના કરવા મળે, એવો મોક્ષમાર્ગ અનંતજ્ઞાનીઓએ દર્શાવ્યો છે. આરાધનાની ઇચ્છા હોય તે દરેક મોક્ષમાર્ગની આરાધના કરી શકે છે. આરાધનાની સાચી ઇચ્છા એ પણ આરાધના છે. સ્વયં પ્રવૃત્તિ કરવી, બીજાઓની પાસે પ્રવૃત્તિ કરાવવી અને જે કોઈ પ્રવૃત્તિ કરતું-કરાવતું હોય તેને આશ્રયીને પોતાના મનમાં એકાન્તે પ્રમોદ ઉત્પન્ન થવો તેમજ પોતાનાથી ન થાય તેનું દુઃખ થવું આ ત્રણેય પ્રકારે આરાધના થઇ શકે છે. પરચિંતાનો ત્યાગ કરીને, આત્મચિંતામાં રક્ત બનીને અને દુનિયાદારીની પ્રવૃત્તિ માત્રનો પરિત્યાગ કરીને એકાન્તે ધર્મપ્રયત્નમાં અપ્રમત્ત બની જવું, એ બધાને માટે શક્ય નથી. એ પ્રકારે ધર્મપ્રયત્ન કરવામાં જ એકાન્તે કલ્યાણ છે, આવી માન્યતા પણ ભાગ્યવાન આત્માઓમાં જ ઉત્પન્ન થાય છે. એવી માન્યતા ઉત્પન્ન થયા પછી પણ ભાગ્યવાન એટલે કે લઘુકર્મી આત્માઓ જ એ માન્યતાના અમલને માટે ઉત્તમ પ્રકારે ઉત્સાહિત બની શકે છે અને એ પછી પણ એ માન્યતાનો અભ્યાસરૂપ અમલ તેમજ વાસ્તવિક અમલ ઉત્તરોત્તર વધુ ભાગ્યશાળી આત્માઓ જ કરી શકે છે. અહીં આપણે ભાગ્યવાન તે આત્માઓને કહીએ છીએ કે જે આત્માઓને ધર્મપ્રયત્નની બાહ્ય સામગ્રી પ્રાપ્ત થઇ છે તેમજ ધર્મપ્રયત્ન કરવામાં આડે આવનાર કર્મો જેનાં ક્ષયોપશમાદિને પામેલાં છે.

**ઉંચી કોટિની ધર્મારાધના કઈ ?**

આથી સ્પષ્ટ છે કે પરચિંતાનો ત્યાગ કરી, આત્મચિંતાનો સ્વીકાર કરી અને દુનિયાદારીનો પ્રયત્ન છોડી એકલા ધર્મપ્રયત્નમાં

ઉદ્યમશીલ બનવું એ ઉંચી કોટિની ધર્મારાધના છે. પણ સૌને માટે એ શક્ય નથી; આથી આત્મચિંતાવાળા બનીને દુનિયાદારીના અમુક પ્રયત્નનો ત્યાગ કરવાનું અને અમુક પ્રકારનો શક્ય એટલો ધર્મપ્રયત્ન કરવાનું જ્ઞાનીઓએ દર્શાવ્યું છે. આની સાથે જ કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ વસ્તુઓ મૂકી છે. જે શક્તિસંપન્ન હોય તે સ્વયં ધર્મપ્રયત્ન કરે, બીજાઓની પાસે ધર્મપ્રયત્ન કરાવે અને જે કોઈ ધર્મપ્રયત્ન કરતા હોય, જે કોઇ ધર્મપ્રયત્ન કરાવતા હોય તથા જે કોઇ ધર્મપ્રયત્નની અનુમોદના કરતા હોય તે સર્વની અનુમોદના કરે. બીજાઓની પાસે ધર્મપ્રયત્ન કરાવવાની જેનામાં શક્તિ ન હોય, તે સ્વયં ધર્મપ્રયત્ન કરે અને ધર્મપ્રયત્ન કરનારની, ધર્મપ્રયત્ન કરાવનારની અને ધર્મપ્રયત્નની અનુમોદના કરનારની અનુમોદના કરે. સ્વયં ધર્મપ્રયત્ન કરવાની જેનામાં શક્તિ ન હોય તે બીજાઓની પાસે ધર્મપ્રયત્ન કરાવે અને ધર્મપ્રયત્ન કરનાર, ધર્મપ્રયત્ન કરાવનાર તથા ધર્મપ્રયત્નની અનુમોદના કરનારની અનુમોદના કરે. સ્વયં ધર્મપ્રયત્ન કરવાની અને બીજાઓની પાસે ધર્મપ્રયત્ન કરાવવાની જેનામાં શક્તિ ન હોય તેને માટે પણ માર્ગ છે; એવાઓ ધર્મપ્રયત્ન કરનાર, ધર્મપ્રયત્ન કરાવનાર અને ધર્મપ્રયત્નની અનુમોદના કરનાર પુણ્યાત્માઓની અનુમોદના કરે. વિચારી જુઓ કે ધર્મપ્રયત્ન માટે આ રીતે જ્ઞાનીઓએ ફરમાવેલું હોવાથી, ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાળો કોઇપણ આત્મા ધર્મની આરાધનાથી વંચિત રહી જાય, એ શક્ય છે ? નહિ જ.

**સભા:** કોઇમાં અનુમોદના કરવાની શક્તિ પણ ન હોય તો ?

**પૂજ્યશ્રી :** સમજી લેવું કે તેનામાં ધર્મની આરાધના કરવાની ઇચ્છા જ નથી અને ઇચ્છા છે એમ જો તે કહેતો હોય તો તે દંભ જ કરે છે અથવા તો તે અજ્ઞાનપણે બડબડાટ કરે છે. ધર્મપ્રયત્ન કરવો, કરાવવો અને અનુમોદવો એમ ત્રણેય પ્રકારે કરવાનો છે, પણ તે યથાશક્તિ ! યથાશક્તિ એટલે શક્તિને ગોપાવ્યા વિના કરે તેમજ શક્તિને લંઘે પણ નહિ. ધર્મપ્રયત્ન સ્વયં કરે અને બીજાઓ યથાશક્તિ ધર્મપ્રયત્ન સ્વયં કરનારા બને, તેમજ જે બીજાઓ ધર્મ પ્રયત્ન કરનાર તે ન બની શકતા હોય તે છેવટે અનુમોદના કરનાર ન બને અને

 અનુમોદના કરનારની પણ અનુમોદના કરનારા બને. યથાશક્તિ ધર્મપ્રયત્ન કરાવનારા બને તથા યથાશક્તિ અનુમોદના કરનાર બને અને અનુમોદના કરનારની પણ અનુમોદના કરનારા બને, આ જાતની પ્રવૃત્તિ તે ધર્મપ્રયત્ન કરવા અને કરાવવારૂપ છે. ત્રણે પ્રકારે સ્વયં ધર્મપ્રયત્ન કરે અને બીજાઓની પાસે પણ ત્રણેય પ્રકારનો ધર્મ કરાવવાનો પ્રયત્ન કરે. એવા બહુ થોડા. જે ધર્મપ્રયત્ન સ્વયં કરે તેણે કરાવવા કે અનુમોદવાના પ્રકારની ઉપેક્ષા કરવાની નથી. અનુમોદનારૂપ ધર્મ, એ છેલ્લામાં છેલ્લી કોટિ છે; પણ એ કરનાર તેમજ કરાવનાર બંનેયમાં જોઈએ. જેનામાં આત્મચિંતા પ્રગટે તે ધર્માચરણરૂપ વ્યાપાર સ્વયં ન કરી શક્તો હોય તો પણ કરાવવાનો તથા અનુમોદવાનો એમ બે પ્રકારનો તો તે આરાધક બને ને ? અરે, કરાવવાની ય શક્તિ ન હોય પણ અનુમોદના કરી શકે ને ? કહો કે આત્મચિંતા પ્રગટી હોય તો જરૂર કરી શકે.



### ભાવધર્મને સમજો પણ દંભને ન પોષો

સ્વયં ધર્મ પ્રયત્ન કરવો, બીજા પાસે ધર્મ પ્રયત્ન કરાવવો અને ધર્મ પ્રયત્ન કરનારની અનુમોદના કરવી; આ ત્રણેય બને તો ત્રણેય કરો. થોડું બને તો થોડું કરો. ધર્મ પ્રયત્ન બીજાઓ પાસે કરાવો અને ધર્મ પ્રયત્ન કરાવનારા પણ બીજા બને તેમ કરો; ધર્મ પ્રયત્ન કરનાર, કરાવનાર અને તેની અનુમોદના કરનારની અનુમોદના, બીજાઓ સ્વયં કરનારા બને તેમજ બીજાઓને તેવા અનુમોદક બનાવે એવો પ્રયત્ન કરો; આ રીતે આરાધના કરવાના માર્ગો ઘણા છે. આમ આરાધના અનેક પ્રકારે થઈ શકે છે. આરાધનાના અનેક પ્રકારોને સમજીને બને તેટલા વધુ પ્રકારે ધર્મ કરો એ જ હિતાવહ છે. શ્રી શ્રેણિક મહારાજા સ્વયં વિરતિ કરવારૂપ ધર્મપ્રયત્ન કરવાને અસમર્થ હતા, તે છતાં પણ ક્ષપકશ્રેણિ માંડીને ક્ષાયિક સમ્યક્ત્વ પામી શક્યા અને શ્રી તીર્થંકર નામકર્મની પણ નિકાચના કરી શક્યા. શ્રી કૃષ્ણમહારાજે પણ એ જ રીતે દર્શનસપ્તકનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જ્યું અને શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરી!

શાથી? આરાધના વિના તો આ બને નહિ ને ? કહો કે નહિ જ ! આ રીતે ભાવધર્મ પણ સમજવા જેવો છે, પણ ભાવધર્મના નામે ઢોંગ કરશો તો નુકશાન તમને જ છે.

**સભાઃ** કોઈ એકલી અનુમોદનાથી જ કામ ચલાવવા માગે તો ન ચાલે ? કરવું, કરાવવું અને અનુમોદવું, એ ત્રણેયનું સરખું ફળ કહ્યું છે ને ?

**પૂજ્યશ્રી** : એકલી અનુમોદના કોના માટે, એ યાદ ન રહ્યું ? 'જેનામાં સ્વયં કરવાની શક્તિ નથી અને બીજાઓની પાસે કરાવવાની પણ શક્તિ નથી, એને માટે એકલી અનુમોદના છે.' આ ન ભૂલો, આથી કહું છું કે, ભૂલેચૂકે પણ ઢોંગ કરવાનો વિચાર ન કરતા ! કોઈ ધર્મી કહેશે તેથી ધર્મનું ફળ મળી જવાનું નથી અને કોઈ અધર્મી કહેશે તેથી ધર્મનું ફળ ભાગી જવાનું નથી. આત્મકલ્યાણને માટે જ ધર્મ કરવાનો છે. ધર્મ કરાવવાનો તેય આત્મકલ્યાણ માટે અને અનુમોદના કરવાની તેય આત્મકલ્યાણ માટે ! ધર્મપ્રયત્ન કરવા અને ધર્મપ્રયત્ન કરાવવાનો પ્રયત્ન નહિ કરાવવાના ઈરાદે અનુમોદના ધર્મને પકડી બેસવાથી કલ્યાણ નહિ થાય પણ અકલ્યાણ થશે. સાચી આત્મચિંતા પ્રગટશે એટલે આવા વિકલ્પો નહિ જન્મે, પણ દરેક વસ્તુને વસ્તુગતે સમજવાનો પ્રયત્ન થશે તેમજ હેયત્યાગ અને ઉપાદેય સ્વીકારને માટે ઉપેક્ષા નહિ થવા પામે.

### અનુમોદનામાં આનંદ અને દુઃખ બન્ને હોય

ધર્મપ્રયત્ન કરનાર, કરાવનાર અને અનુમોદનાર સરખા પ્રકારના ઉત્તમ પરિણામોમાં વર્તી રહ્યા હોય તો સરખા ફળને પામે, એમાં ના નથી; પણ છતી શક્તિએ ધર્મપ્રયત્ન કરે નહિ, શક્ય છતાં ધર્મપ્રયત્ન કરાવે નહિ અને 'રૂડી મારી અનુમોદના' એમ કર્યા કરે, તેને માટે ધર્મપ્રાપ્તિ દુર્લભ બને તો ના નહિ. વાત એ જ છે કે ધર્મપ્રયત્ન કરવો, ધર્મપ્રયત્ન કરાવવો અને અનુમોદના કરવી, એ ત્રણે ય પ્રકારોની આરાધના શક્યતા મુજબ કરવાની છે. પછી એકલી અનુમોદના કરવી એ જ જેને માટે શક્ય હોય તે ભલે તે પ્રકારે

આરાધના કરે. વાત તો એ હતી કે ધર્માચરણરૂપ વ્યાપાર કરવાને અશક્ત એવો પણ આત્મા, આત્મચિંતાવાળો બન્યો હોય તો ધર્મની આરાધનાથી વંચિત રહી જતો નથી. અનેક પ્રકારે મોક્ષમાર્ગની આરાધના થઈ શકે છે અને એથી આત્મચિંતાવાળા બનેલાને માટે તેનામાં જન્મેલી આત્મચિંતા દુર્દશારૂપ કે મહાપીડારૂપ બનતી નથી. એટલું ચોક્કસ છે કે આવો દુર્લભ મનુષ્યભવ પામીને પણ કરવા કરાવવા અનુમોદવારૂપે ધર્મારાધના કરવામાં જે ત્રુટિ રહેતી હોય તેનું દુઃખ થાય, પણ તે દુઃખ મૂંઝવણ પેદા કરનારૂં નથી, પણ ધર્મની આરાધના કરવાને માટે વીર અને ધીર બનાવનારૂં છે. અનુમોદનામાં બે વાત હોય છે. પહેલી વાત તો એ કે કરનાર અને કરાવનાર બન્નેની પ્રવૃત્તિ જોઈ ખૂબ પ્રમોદ થવો અને બીજી વાત એ કે પોતાનાથી તે નથી બનતું તેનો શોક થવો જોઈએ. અનુમોદનામાં આનંદ અને શોકનું સંમિશ્રણ થયેલું હોય છે. બીજા કરે કરાવે છે તેથી આનંદ અને પોતે તેમ નથી કરી શકતો એનું દુઃખ. આ આનંદ તેમજ આ દુઃખ બનાવટી નહિ જોઈએ અને આ આનંદ તથા આ દુઃખ તેનું જ બનાવટી ન હોય કે જે શક્ય કરવા કરાવવાથી ઉપેક્ષા કરનાર ન હોય.

આ વસ્તુ સમજવાને માટે શ્રી બલભદ્ર મહર્ષિની, રથકારની અને હરણીયાની વિચારણા યાદ રાખી લેવી એ બહુ જ જરૂરી છે. 'ત્રણેય સાથે મર્યા અને ત્રણેય દેવલોક પામ્યા માટે કરનાર, કરાવનાર અને અનુમોદનાર ત્રણેયને સરખું ફળ. આટલું યાદ રાખ્યું છે, પણ ત્રણેય કઈ સ્થિતિ અને કઈ વિચારણામાં રક્ત હોવાના કારણે એકસરખા આયુષ્યના બંધવાળા બન્યા ? તે યાદ જ ન રાખે તે બને ? ને તે જેને યાદ હોય તે તો કદિપણ એકલા અને અનુમોદનારૂપ ધર્મને પકડવાની વાત ન કરે. અનુમોદનાને પણ સાચી બનાવવી હોય અને અનુમોદનાના પણ વાસ્તવિક લાભને મેળવવો હોય, તો વસ્તુસ્વરૂપને સમજો. અનુમોદના એકલા આનંદરૂપ જ નથી, પણ દુઃખરૂપે પણ છે એ ન ભૂલો. બીજો કરે - કરાવે તેના આનંદની સાથે પોતે કરી - કરાવી શકતો નથી એનું દુઃખ હોય, તો જ તે સાચી અનુમોદના છે. પોતે નથી કરી-કરાવી શકતો, એ વસ્તુ સાચી રીતે દુઃખરૂપ ક્યારે લાગે ? જ્યારે

કરવા-કરાવવાને માટે તે ખરેખર અશક્ત હોય ત્યારે જ, શક્ય કરે-કરાવે અને અશક્યનું દુઃખ ધરે, તો જ કરનાર-કરાવનારની સાચી અનુમોદના થઇ શકે. આજે તો હસતા હસતા કહી દે છે કે, 'ધન્ય છે !' એ વખતે સ્પષ્ટ દેખાય કે, 'એના હૈયામાં બીજાનો ધર્મ આનંદ ઉપજાવતો નથી અને પોતે નથી કરી શકતો તેનું દુઃખ નથી.' છતાં કહે છે 'કરે તેને ધન્ય !' ના પાડવી નહિ અને કરવું ય નહિ. એટલે પણ કહે કે, 'કરે તેને ધન્ય !' આ તો એક પ્રકારની ધીઠ્ઠાઇ છે. આ ધીઠ્ઠાઇ આત્માને ધર્મની પ્રાપ્તિથી વંચિત રાખનારી છે. માટે અનુમોદનાને પણ સાચી બનાવો અને અનુમોદનાને સાચી બનાવવા માટે શક્યની ઉપેક્ષા ન કરો !

### ચારિત્રની આરાધનામાં તપ જોઈએ

**સભાઃ** શ્રી બલભદ્ર મહર્ષિ, રથકાર અને હરણ એ ત્રણેયનું મૃત્યુ થયું ત્યારે તે કઈ વિચારણામાં રક્ત હતા ?

**પૂજ્યશ્રી** : પ્રસંગ એવો બનવા પામ્યો છે કે, શ્રી બલબદ્રજી દીક્ષિત થયા પછીથી તીવ્ર તપ કરી રહ્યા છે. ચારિત્રને ઉજાળનાર તપ છે. સંયમને ખીલવનાર અને સંયમથી સાધવા યોગ્ય સિદ્ધિની સાધનામાં પરમ સહાયક થનાર તપ છે. કર્મનિર્જરાનું કોઇ પ્રબળમાં પ્રબળ સાધન હોય તો તે તપ છે. માત્ર ભૂખ્યા રહેવું એ જ તપ છે એમ નથી. તપ બાહ્ય અને અભ્યંતર એમ બે પ્રકારનો છે અને એ બંનેય પ્રકારના તપના છ-છ ભેદો છે. શક્તિસંપન્ન આત્માઓ બારેય પ્રકારના તપને તપવા દ્વારા પોતાના કર્મસમૂહને તપાવે છે. શક્તિ મુજબ બારેય પ્રકારના તપને આચરવાને માટે કલ્યાણના અર્થી સૌએ ઉદ્યમશીલ બનવું જોઇએ. પૂર્વના મહાપુરૂષોનાં જીવનો વાંચો તો માલૂમ પડે કે કોઇનું જીવન તપથી વાંઝીયું નહોતું. ચારિત્ર તપોમય હોય તો જ કર્મનું આગમન અટકે અને નિર્જરા થોકબંધ થયા કરે. તપોમય ચારિત્ર લાવવા માટે પણ આત્મચિંતા તો જોઇએ જ. શ્રી બલભદ્ર મુનિવરમાં આત્મચિંતા મોટા સ્વરૂપે પ્રગટી હતી અને એથી જ તેઓ દીક્ષિત થઇ તુંગિકા પર્વતના શિખર ઉપર જઇને તીવ્ર તપને તપતા કલ્યાણ સાધે છે.

એકવાર માસખમણનું પારણું હોવાથી તે મહર્ષિ શહેરમાં ભિક્ષા માટે જાય છે. એમને શહેરમાં પેસતા એક બાઇ જુએ છે અને જોતાંની સાથે જ શ્રી બલભદ્ર મુનિવરની અત્યંત રૂપક્રાન્તિને જોઇને તે બાઇ વ્યગ્રચિત્તવાળી બની જાય છે. બાઇ પોતાના બચ્ચાને લઇને કૂવે પાણી ભરવા આવી છે, ઘડામાં દોરડાનો ફાંસો નાખવાની તૈયારી કરી રહી છે. બરાબર એ જ વખતે એ બાઇ શ્રી બલભદ્ર મુનિવરને જૂએ છે. શ્રી બલભદ્રજી રાજવંશમાં ઉત્પન્ન થયેલા છે. પૂર્વના પુણ્યે અનુપમ રૂપને ધરનારા છે. પેલી બાઇ રૂપ જોવામાં તલ્લીન બની જાય છે અને ભાન ભૂલે છે. બીજી તરફ એણે દોરડાનો ગાળો ઘડાના કાંઠામાં નાંખવાને તૈયાર કરેલો તે કામ ચાલુ છે; એટલે બને છે એવું કે દોરડાના ગાળાનો ફાંસો ઘડાના કાંઠામાં નાખવાને બદલે, પાસે જ ઉભેલા કે બેઠેલા પોતાના છોકરાના ગળામાં નાંખી દે છે. શ્રી બલભદ્ર મુનિવરના રૂપને જોતાં એ બાઇ એટલી બધી વ્યગ્ર ચિત્તવાળી બની ગઇ છે કે પોતે ઘડાના કાંઠાને બદલે પોતાના છોકરાના ગળામાં દોરડાનો ફાંસો નાખે છે તેનું ય તેને ભાન નથી રહેતું; એટલું જ નહિ પણ પોતાની આંખો શ્રી બલભદ્ર મુનિવરના મુખ ઉપર જ ઠેરવી રાખીને તે બાઇ કુવામાંથી પાણી કાઢવાને માટે ઘડાને બદલે ભૂલથી પોતાના છોકરાને જ કૂવામાં નાખવા માંડે છે.

**શ્રી બલભદ્ર મહર્ષિએ અનર્થોથી બચવા કરેલી પ્રતિજ્ઞા**

શ્રી બલભદ્ર મુનિવરની દૃષ્ટિ ભાગ્યયોગે એ જ વખતે કૂવાના કાંઠા ઉપર પડે છે. બાઇને પોતાના તરફ અનિમિષ નેત્રે નિહાળતી અને તેમાં લીન બનીને ઘડાને બદલે છોકરાને કૂવામાં ઉતારતી શ્રી બલભદ્ર મુનિવર જુએ છે. શ્રી બલભદ્ર મુનિવરનું હૈયું કંપી ઉઠે છે. શ્રી બલભદ્ર મુનિવર આ પાપને માટે પોતાના રૂપને જવાબદાર માને છે. એટલે તે મહર્ષિ વિચારે છે કે '*धिङ् मे रुपमनर्थकृत्*' અનર્થને કરનારા એવા મારા આ રૂપને ધિક્કાર હો !' કેટલું કૃપામય હૃદય હશે ? શ્રી બલભદ્ર મુનિવર તરત જ પેલી બાઇને બોધ પમાડે છે અને અનર્થ થતો અટકાવે છે. એટલું કરીને માસક્ષમણનું પારણું હોવા છતાં પણ ભિક્ષા લીધા વિના જ, તે જ વખતે શ્રી બલભદ્ર મુનિવર વનમાં

ચાલ્યા જાય છે. વનમાં આવતાં પહેલાં જ પોતાના રૂપના યોગે થયેલા અનર્થને જોઇને જ, શ્રી બલભદ્ર મુનિવર નિશ્ચય કરી ચૂક્યા છે કે, 'હવે હું ક્યારેય પણ કોઇ નગરમાં કે કોઇ ગામમાં નહિ જાઉં, પણ વનમાં કાષ્ટાદિ લેવાને માટે આવેલાઓની પાસેથી ભિક્ષા મેળવીને તપનું પારણું કરીશ !'

ત્યારથી વનમાં આવીને શ્રી બલભદ્ર મહર્ષિ માસખમણ આદિના દુસ્તપને તપવામાં ઉદ્યત બન્યા છે અને પારણું કરવાના અવસરે તૃણકાષ્ઠાદિને લેવાને માટે વનમાં આવેલાઓની પાસેથી જે કાંઈ સૂઝતું અન્નપાણી મળી જાય તેનાથી પારણું કરી લે છે. વન મોટું હોય એટલે એ વનમાં જુદા જુદા પ્રદેશોમાંથી જરૂરી કાષ્ઠાદિ લેવાને માટે માણસો આવે તે સ્વાભાવિક છે. આ બધાએ અન્નપાણી આપ્યું તો ખરૂં, પણ પોતપોતાના રાજાઓને જઇને ખબર આપી કે, 'કોઈ દૈવી રૂપવાળો પુરુષ વનમાં તપ તપે છે !' પેલાઓને શંકા થાય છે કે, 'કદાચ આપણું રાજ્ય ઝડપી લેવાની ઇચ્છાથી આવું તપ તો એ નહિ તપતો હોય ને ? અથવા તો રાજ્યની આકાંક્ષાથી મંત્રસાધના તો નહિ કરતો હોય ને ?' આવી શંકા આવી એટલે તે બધા રાજાઓએ બલભદ્ર મહર્ષિની હત્યા કરવાનો વિચાર કર્યો.

### પરચિંતાથી દુનિયાદારીમાં પડેલા અને આત્મચિંતાથી ધર્મપ્રયત્નમાં પડેલા વચ્ચેનું અંતર

જુઓ કે પરચિંતાથી પર બને, આત્મચિંતામાં રમણ કરનારા અને આત્મચિંતાના યોગે દુનિયાદારીનો પ્રયત્ન તજી ધર્મ પ્રયત્ન કરવામાં ઉદ્યત બનેલા મહાત્મા કેટલા કૃપાળુ હોય છે ? અને પરચિંતામાં મૂંઝાઈ દુનિયાદારીના પ્રયત્નોમાં પડેલા કેટલા સ્વાર્થી અને ક્રૂર હોય છે ? પોતાનું રૂપ જોઇને એક સ્ત્રી ઘેલી બની ગઇ અને એથી ઘડાના કાંઠાને બદલે બચ્ચાના ગળામાં દોરડાનો ગાળો નાખી ભૂલથી છોકરાને કૂવામાં નાખવા માંડ્યું, એટલું જોઈને આત્મચિંતામાં રમણ કરતા અને ધર્મપ્રયત્નમાં રક્ત બનેલા મહાત્માએ માસક્ષમણ આદિ મહાતપશ્ચર્યાના પારણે પણ ભિક્ષાને માટે પુરપ્રવેશ કે ગામપ્રવેશ નહિ કરવાનું નક્કી કર્યું, જ્યારે પરચિંતામાં મુંઝાઈ ગયેલા અને

 દુનિયાદારીના પ્રયત્નમાં રસવાળા બનેલા રાજાઓએ એક માત્ર સામાન્ય શંકા અને તે પણ સાવ ખોટી, એના કારણે એક મહામુનિની હત્યા કરવાનો નિર્ણય કર્યો ! આત્મચિંતાના યોગે આવતી ઉત્તમતા અને પરચિંતાના યોગે આવતી અધમતા વિચારી જૂઓ ! આત્મચિંતા સ્વપરના કલ્યાણનું કારણ બને છે. અને પરચિંતા સ્વપરના ભયંકર ઘાતનું પણ કારણ બને છે. આથી જ વસ્તુસ્વરૂપના જ્ઞાતા મુનિવરો, દુનિયાના જીવો પરચિંતાથી પરાઙ્મુખ બને અને આત્મચિંતામાં સંલગ્ન બને એવો ઉપદેશ આપે છે. દુનિયાના જીવો પરચિંતામાં તો પડેલા જ છે અને સાધુવેશવાળા પણ જો આત્મચિંતાની વાતને ગૌણ બનાવી ધર્મના નામે પરચિંતા વધારવાનો સીધો કે આડકતરો ઉપદેશ આપે તો માનવું કે એ પામરો સ્વપરનું સત્યાનાશ કાઢવાનો જ ધંધો લઈ બેઠા છે.

**શ્રી બલભદ્ર મહર્ષિની શ્રી નરસિંહના નામે પ્રખ્યાતિ**

ખેર, પેલાઓ તો શ્રી બલભદ્ર મહર્ષિને હણવાને માટે આવે છે. તે વખતે સિદ્ધાર્થ નામનો એક દેવ, કે જે શ્રી બલભદ્ર મહર્ષિના પૂર્વભવનો સંબંધી છે તે શ્રી બલભદ્ર મહર્ષિની રક્ષા કરી રહ્યો છે. શ્રી બલભદ્ર મહર્ષિ મોહના યોગે પોતાના મૃતભાઈનું શબ લઈને જ્યારે ભમતા હતા, ત્યારે આ દેવે જ તેમને બોધ પમાડ્યો હતો અને દીક્ષા લેવાની પ્રેરણા કરી હતી. પેલા રાજાઓને શ્રી બલભદ્ર મહર્ષિને હણવાને માટે આવતા જાણીને, જગતના સિંહોથી પણ ભયંકર એવા ઘણા સિંહો તે દેવે વિકુર્વ્યા, એટલે આશ્ચર્યચકિત બનેલા તે રાજાઓએ આવીને શ્રી બલભદ્ર મહર્ષિને નમસ્કાર કર્યા અને તે પછી પોતપોતાનાં સ્થાને ચાલ્યા ગયા. શ્રી બલભદ્ર મહર્ષિ ત્યારથી 'નરસિંહ'ના નામે ઓળખાવા લાગ્યા.

શ્રી બલભદ્ર મહર્ષિ મહાપ્રભાવક હતા અને ઉગ્ર તપસ્વી હતા. વનમાં તપ તપતા એ મહાત્માની શ્રેષ્ઠ ધર્મદેશનાથી જંગલના ઘણા વાઘો અને સિંહો વગેરે પણ પ્રશમને પામ્યા, કેટલાકો શ્રાવકપણાને પામ્યા, તો કેટલાકો ભદ્રક ભાવને પામ્યા, કેટલાકો કાયોત્સર્ગ કરવા લાગ્યા, તો કેટલાકોએ અનશન કર્યું; કહે છે કે માંસાહારના ત્યાગી

બનેલા તે તિર્યંચરૂપધારીઓ, શ્રી બલભદ્ર મહર્ષીના જાણે કે શિષ્યો જ હોય તે રીતે શ્રી બલભદ્ર મહર્ષીની નિકટમાં વસનારા બન્યા.

**સભા:** પશુઓને માટે આ સંભવે ?

**પૂજ્યશ્રી** : હા પશુઓ સંજ્ઞી છે કે અસંજ્ઞી ?

**સભા:** સંજ્ઞી.

**પૂજ્યશ્રી** : તો પછી કેમ ન સંભવે ? પશુઓ સંજ્ઞી છે એટલે તેમનામાં પણ સમજશક્તિ હોઈ શકે છે. એ સમજશક્તિને ખીલવનાર મળી જાય, તો પશુઓ પણ મહા સમજદાર બની જાય. સરકસવાળા વાઘ ને બકરી બેનો કેવો યોગ દેખાડી શકે છે ? સિંહની પાસે કેવું કામ લઈ શકે છે ? વાંદરાઓને કેવા કેળવી શકે છે ? શિકારી કૂતરાઓ કેવા હોંશિયાર હોય છે ? જાપાનમાં પક્ષીઓ પણ સ્ટીમરમાંથી ટપાલ લઈ જાય છે એ પણ સાંભળો છો ને ? પશુઓ સંજ્ઞી છે એટલે કેળવવા ધારો તો પશુઓને કેળવી શકાય. ઢોર પણ ચરવા ગયા હોય તો સીધા ઘેર કેમ આવે છે? સંજ્ઞી છે માટે ! પશુઓમાં માણસના ભાવ કળવાની પણ શક્તિ હોય છે. માલિકના અવાજને હસ્તસ્પર્શને પણ પશુઓ પિછાની શકે છે. પશુઓમાં બુદ્ધિ નથી અને એકલા તમારામાં જ બુદ્ધિ છે, એમ ન માનો. ઘણાય આદમી પશુઓ કરતાં પણ ભૂંડા હોય છે. ઘણાય આદમી એવા છે કે જે પશુઓ જેટલા પણ પોતાના માલિકને વફાદાર નથી. પશુઓ વિચાર કરી શકે છે અને શ્રાવકધર્મનું પાલન પણ કરી શકે છે; માત્ર સાધુધર્મ તેઓ પામી શકતા નથી; કારણકે તેમનામાં સર્વવિરતિનો પરિણામ ઉત્પન્ન થવા પામતો નથી.

**'દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન ન કરી શકે માટે પશુઓ સર્વવિરતિ ધર્મ નથી પામતા' એ વાત ખોટી**

**સભા:** દશવિધ ચક્રવાલ સામાચારી વિના સાધુપણું સંભવે નહિ અને એ દશવિધ ચક્રવાલ સામાચારીનું પરિપાલન કરવાને તિર્યંચો અસમર્થ છે, માટે તેઓ સર્વવિરતિ ધર્મને પામી શકતા નથી એ બરાબર છે ?

**પૂજ્યશ્રી** : આવું વળી કોણે ભરાવ્યું ? જાતે પુસ્તકો વાંચવા અને પછી સમજ્યા વિના યથેચ્છ કલ્પનાઓ કરવી, એ ઉચિત નથી. આવો વિચાર કરતાં જરા દીર્ઘદૃષ્ટિ વાપરવાની જરૂર હતી.

**સભા**: આ મારી કલ્પના નથી. કોઇ સાધુની પાસેથી જ મેં તો સાંભળ્યું છે.

**પૂજ્યશ્રી** : તો સમજો કે આ વિષયમાં કહેનાર એ અજ્ઞાન છે અને તેણે કેવળ સ્વચ્છન્દી કલ્પના જ કરી છે. ખરેખર, આ રીતે વગર સમજ્યે લોકોનાં હૃદયમાં ખોટા ખ્યાલો પેસાડી દેવા એ ઉપકારકતા તો નથી, પણ અપકારકતા જ છે. 'આ વાતને કોઇ સાધુએ કહેલી છે' એમ તમે કહો, એટલે ખોટી પણ વાતને સાચી કહી દેવી, એ વાત અહીં નથી. મારાથી કોઇપણ વસ્તુમાં ખ્યાલ ફેર થઇ ગયો હોય એ કારણે અથવા તો એવા કોઇ બીજા કારણે ભૂલ થઇ જાય એ બને. પણ ભૂલને ભૂલ જાણ્યા છતાં ભૂલને ભૂલ નથી એમ કહેવું એ તો ન જ બને.

**સભા**: જ્યારે આપનાથી પણ ભૂલ થઇ જાય તો પેલા સાધુ માટે આપે જે કહ્યું તે યોગ્ય છે ?

**પૂજ્યશ્રી** : એ કહ્યું તે સ્વચ્છંદી કલ્પનાને અંગે કહ્યું. 'તિર્યંચોને સર્વવિરતિ ધર્મ હોય નહિ' આવું શાસ્ત્રોમાં વાંચે અને પછી એની સિદ્ધિને માટે અથવા તો કોઈ પૂછે કે 'તિર્યંચોને સર્વવિરતિ ધર્મ કેમ ન હોય ?' એટલે એને જવાબ દેવાને માટે આવી બાધક સ્વચ્છંદી કલ્પના કરવી એ કોઈપણ રીતે યોગ્ય નથી જ. એ સાધુના કહેવા મુજબ તો એ નક્કી થયું કે 'જ્યાં જ્યાં દશવિધ ચક્રવાલ સમાચારીનું પરિપાલન ન હોય ત્યાં-ત્યાં સાધુપણું હોય જ નહિ !' કેમ એમ જ ને ?

**સભા** : હાજી.

**પૂજ્યશ્રી** : જ્યારે શાસ્ત્રો તો ફરમાવે છે કે દશવિધ ચક્રવાલ સમાચારીનું પરિપાલન ન હોય તેવા સમયે પણ યથાખ્યાત જેવું સર્વશ્રેષ્ઠ ચારિત્ર પણ સંભવે છે. આત્મા અપ્રમત્તભાવ પામ્યા વિના રાગદ્વેષનો અને મોહનો સર્વથા ક્ષય કરવાને સમર્થ નિવડતો નથી એ જાણનારો અને ગૃહિલિંગ, અન્યલિંગ આદિ લિંગે પણ સિદ્ધ થવાય છે એમ જાણનારો તો એમ જ કહે કે જે દશવિધ ચક્રવાલ સામાચારીને સેવનારો ન હોય તે સાધુ જ ન હોય. ભગવાન શ્રી ઋષભદેવસ્વામીજીના સુપુત્ર શ્રી ભરત ચક્રવર્તી

આરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા તે ભાવચારિત્ર આવ્યા વિના પામ્યા હશે કેમ? દેવોએ આવીને વેષ આપ્યો અને તેમણે સ્વીકાર્યો તેમાં જે કાળ ગયો તે કાળમાં તેઓ ચારિત્રહીન હશે? કહો કે યથાખ્યાત ચારિત્રવાળા જ હતા. વેષ ન હોય ત્યાં ચારિત્ર ન જ હોય, એવો પણ એકાન્ત નિયમ ન જ બંધાય. વેષની અને સામાચારીના સેવનની આવશ્યક્તા નથી એમ નહિ, પણ મુદ્દો એટલો જ છે કે દશવિધ ચક્રવાલ સમાચારી વિના સાધુપણું સંભવે કે નહિ ? સંભવે, માટે દશવિધ ચક્રવાલ સમાચારીનું પરિપાલન કરવાને તિર્યંચો સમર્થ નહિ હોવાના હેતુથી જ તેઓ સર્વવિરતિ ધર્મને પામી શકતા નથી, એમ કહેવું તે કેવળ મિથ્યા વચન જ છે.

### તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી.

**સભા:** તિર્યંચો સર્વવિરતિ કેમ પામી શકતા નથી ?

**પૂજ્યશ્રી** : જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે તિર્યંચોમાં પાંચ ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકે લઇ જનારા પરિણામો આવતા જ નથી. મનુષ્યોને માટે ચૌદેય ગુણસ્થાનકો સંભવિત છે. કોઈ મનુષ્ય પહેલે, કોઈ બીજે, કોઈ ત્રીજે, કોઈ ચોથે, કોઈ પાંચમે, કોઈ છઠ્ઠે, કોઈ સાતમે, કોઈ આઠમે, કોઈ નવમે, કોઈ દશમે, કોઈ અગિયારમે, કોઈ બારમે, કોઈ તેરમે અને કોઈ ચૌદમે. એમ ચૌદ ગુણસ્થાનકોમાંથી કોઈપણ ગુણસ્થાનકે મનુષ્ય હોવો એ સંભવે; જ્યારે તિર્યંચો વધુમાં વધુ પાંચમાં ગુણસ્થાનકે જ સંભવે. આગળનાં ગુણસ્થાનકોને લાયક પરિણામો એ આત્માઓમાં ઉત્પન્ન થતા જ નથી. તિર્યંચગતિમાં રહેલા આત્માઓમાં તે ગતિને માટે વધારેમાં વધારે લાયકાત પાંચ ગુણસ્થાનક સુધીની છે. દેશવિરતિના પરિણામોથી ઉત્કટ પરિણામો, એટલે કે પ્રમત્ત સંયતપણાના, અપ્રમત સંયતપણાના એ વગેરેના પરિણામો, તિર્યંચોના આત્માઓ તે ગતિમાં પામી શકે જ નહિ.

તિર્યંચગતિમાં તો પાંચમા ગુણસ્થાનકનાંય પરિણામો આવી શકે છે, જ્યારે દેવગતિમાં તો તેય નથી. બહુ બહુ તો ચોથા ગુણસ્થાનકના, એટલે કે અવિરતિ સમ્યગ્દૃષ્ટિના પરિણામો દેવગતિમાં સંભવે ! આમ કેમ? એ પ્રશ્ન જ અસ્થાને છે. જ્ઞાનીઓએ જ્ઞાન બળે

 જોયું કે તે તે ગતિમાં તેના તેનાથી વધારે ચઢતા ગુણસ્થાનના પરિણામો કોઇપણ આત્મામાં ઉત્પન્ન થતા નથી.

અમુક પ્રકારના પરિણામો અમુક પ્રકારના કર્મનો ક્ષયોપશમાદિ થયા વિના ઉત્પન્ન થઇ શકતા જ નથી. કૃષ્ણમહારાજ કમ સમર્થ હતા? પણ એમને તે ભવમાં ચોથા ગુણસ્થાનકથી આગળના પરિણામો આવે એમ હતું જ નહિ. અવિરતિનો તેવો જ કોઇ ઉદય હતો. શ્રેણિક મહારાજને માટે પણ એમ જ હતું. એ જ રીતે તિર્યંચો એવા કર્મોદયવાળા છે કે પાંચમાં ગુણસ્થાનકથી આગળના ગુણસ્થાનકોના પરિણામોવાળા બની શકે જ નહિ; એટલે તે સર્વવિરતિધર ન બની શકે પણ વધુમાં વધુ બની શકે તો દેશવિરતિધર બની શકે. કેવળ ક્રિયાઓ જ જુઓ, તો તો એવી ઘણી દેશવિરતિ ધર્મમાં ગણાતી ક્રિયાઓ છે કે જે મનુષ્ય દેશવિરતિધર કરી શકે અને તિર્યંચ દેશવિરતિધર ન કરી શકે; તે છતાં જ્ઞાનીઓ સ્પષ્ટ ફરમાવે છે કે તિર્યંચો ઉંચામાં ઉંચા પરિણામવાળા બને તો પાંચમા ગુણસ્થાનકના પરિણામવાળા બની શકે. તિર્યંચોમાં જો સર્વવિરતિ ગુણસ્થાનકના પરિણામો ઉત્પન્ન થઇ શકતા હોત, તો વિના સામાચારીએ પણ તેમનામાં ચારિત્ર મનાત ! માટે કોઇ સાધુએ કહ્યું હોય તો પણ જાગ્યા ત્યારથી સવાર ગણી ભૂલ સુધારો.

### દશવિધ સામાચારીને અંગે જાણવા જેવું

**સભાઃ** દશવિધ સમાચારી કોને કહેવાય છે ?

**પૂજ્યશ્રી** : ૧. ઇચ્છાકાર, ૨. મિચ્છાકાર, ૩, તથાકાર, ૪. આવશ્યકી, ૫. નૈષેધિકિ, ૬. આપૃચ્છના, ૭. પ્રતિપૃચ્છના, ૮. છંદના, ૯. નિમંત્રણા અને ૧૦. ઉપસમ્પદ્ આ દશ પ્રકારે સામાચારી કહેવાય છે.

(૧) કરણીય પ્રવૃત્તિ આજ્ઞાદિના યોગે કરવી અને સ્વતઃ કરવાની ઇચ્છા જન્મે એથી કરવી, એ બે વચ્ચે ભેદ છે. કરણીય પ્રવૃત્તિમાં સ્વતઃ ઇચ્છાથી જ પ્રવૃત્ત થવું એનું નામ છે, 'ઇચ્છાકાર' અન્ય કોઇ મહાત્મા પાસે કામ લેવું હોય ત્યારે આજ્ઞા નહિ કરતાં એમ કહેવું કે 'તમારી ઇચ્છા હોય તો કરી આપો' એનું નામ પણ ઇચ્છાકાર કહેવાય છે.

(૨) કોઇ અકૃત્ય થઇ જાય ત્યારે, એનો ખ્યાલ આવતાની સાથે જ 'આ મેં ખોટું કર્યું' એમ થવું અને એ રીતે અસત્‌ક્રિયાથી નિવૃત્ત થવું, મિચ્છામિદુક્કડં' દેવું એનું નામ છે. 'મિચ્છાકાર'

(૩) સૂત્ર વ્યાખ્યાનાદિ ચાલુ હોય તેવા સમયે ગુરૂ કોઈ વચન કહે, ત્યારે 'આપ જે ફરમાવો છો તે તેમજ છે' એમ કહેવું, એટલે કે ગુરુની આજ્ઞાને કોઈપણ પ્રકારનો વિકલ્પ કર્યા વિના જ સ્વીકારી લેવી, એનું નામ છે 'તથાકાર'.

(૪) જ્ઞાનાદિના કારણે ઉપાશ્રયની બહાર ગયા વિના ચાલે તેમ ન હોય, એવો પ્રસંગ આવી લાગે ત્યારે - 'આ અવશ્ય કરવા યોગ્ય છે તેથી હું જાઉં છું' આ પ્રમાણે ગુરૂને નિવેદન કરવું, એનું નામ છે 'આવશ્યકી.'

(૫) ઉપાશ્રયની બહાર કરવા યોગ્ય વ્યાપારો પૂર્ણ થઇ જાય એટલે સાધુ પાછા ઉપાશ્રયમાં આવી જાય. એ વખતે ઉપાશ્રયમાં પેસતાં સાધુ નિસીહિ બોલે છે. અર્થાત્ - બહારના વ્યાપારના નિષેધ દ્વારા ઉપાશ્રય પ્રવેશની જે સૂચના, એનું નામ છે 'નૈષેધિકી'.

(૬) અમુક પ્રવૃત્તિ કરતાં પહેલાં 'હે ભગવન્ !' હું આ કરૂં છું.' આ પ્રકારે ગુરૂને પૂછવું, એનું નામ છે 'પૃચ્છના.'

(૭) હવે શિષ્યે એકવાર પૂછ્યું તો ખરૂં, પણ એમેય બને કે, ગુરૂ તે કરવાનો નિષેધ કરે 'આ કરવા જેવું નથી' એમેય કહી દે આમ છતાં પણ શિષ્યને કોઈ એવો પ્રસંગ હોય તો એમ લાગે કે 'ગુરૂએ નિષેધ કર્યો, પણ અમુક કારણો એવાં છે કે આ કરવું જ જોઇએ.' આવા પ્રસંગે શિષ્ય શું કરે ? ગુરૂ એકવાર નિષેધે એટલે ચૂપ તો થઇ જાય, પણ પછી થોડો સમય જવા દઇને, ફરીવાર ગુરૂ મહારાજની પાસે તે કાર્ય કેમ કરવા જેવું છે, એનાં કારણો રજૂ કરે અને કારણો રજૂ કરીને શિષ્ય કહે કે, 'આ આ કારણોસર આ કૃત્ય કરવું છે : એટલે જો આપ પૂજ્ય આજ્ઞા ફરમાવતા હો તો કરૂં.' આ પ્રમાણે પુનઃ પૂછવું તે અથવા તો ગામાદિમાં જવાની આજ્ઞા પામેલા શિષ્યે ગમનકાળે પુનઃ પૂછવું તે, આનું નામ છે 'પ્રતિપૃચ્છના'.

(૮) સાધુએ ખાનપાનની સામગ્રી લાવ્યા પછીથી 'મારી ઉપર અનુગ્રહ કરો અને આપ આ વાપરો' આ પ્રકારની બીજા સાધુઓને વિનંતિ કરવા દ્વારા પોતે પૂર્વે આણેલા અશનાદિનો પરિભોગ કરવાને માટે સાધુઓને ઉત્સાહિત કરવા, આનું નામ છે 'છંદના.'

(૯) પોતે જે વસ્તુ લાવ્યા નથી એવી પણ અશનાદિની વસ્તુને માટે 'હું તે વસ્તુ મેળવીને આપને આપીશ.' આ પ્રમાણે સાધુઓને નિમંત્રણ કરવું, આનું નામ છે 'નિમંત્રણા.'

(૧૦) દશમી છે ઉપસંપદ્ ! શ્રુતાદિના કારણે 'હું આપનો છું' એમ કહીને અન્ય આચાર્ય આદિની નિશ્રાને સ્વીકારવી આનું નામ છે 'ઉપસંપદ્.'

## સાધુપણાને માટે સામાચારી પાલન આવશ્યક

આ દશે ય પ્રકારની સામાચારી સાધુઓને માટે છે અને સાધુઓ જે જે અવસરે જે જે સામાચારી આચરવી જરૂરી હોય, તે તે સમયે તે તે સામાચારીને આચરવામાં પ્રયત્નશીલ હોય છે. સાધુજીવન એ કેવું આજ્ઞાંકિત જીવન હોવું જોઇએ, એનો આના ઉપરથી પણ ખ્યાલ આવી શકે તેમ છે. સાધુપણાને માટે સામાચારી પાલન એ પરમ આવશ્યક વસ્તુ છે અને સામાચારીની આચરણા શક્ય છતાં પણ જે સાધુઓ સામાચારીના પાલનથી બેદરકાર રહે છે, તેઓ પોતાના હિતને હણનારા જ નિવડે છે એ નિઃસંશય વાત છે; પણ જ્યાં સામાચારીની આચરણા ન હોય ત્યાં સર્વવિરતિના પરિણામ ન જ હોય, સર્વવિરતિનું ગુણસ્થાનક ન જ હોય, એમ તો કહી શકાય જ નહિ.

# શ્રી બલભદ્રજી મહર્ષિ, રથકાર અને મૃગ

## ૮

આત્મચિંતા પામેલા આત્માની તત્પરતાને શબ્દદેહ આપીને પ્રવચનકાર મહર્ષિએ અનુમોદના શું છે અને કોના માટે છે તે વાતને બતાવવા પૂર્વક; આનંદ અને દુ:ખ બંનેના મિશ્રણરૂપ અનુમોદનાનું સ્પષ્ટીકરણ આ પ્રકરણમાં મુખ્યતયા કર્યું છે. તેમજ ''કરણ-કરાવણને અનુમોદન તીન સરીખા ફળ પાયા,'' આ પૂજાકારની ઉક્તિને સ્પષ્ટ કરતી શ્રી બલભદ્રમુનિવર, રથકાર અને મૃગલાની કથા વિશદ રીતે વર્ણવવામાં આવી છે.

સ્વયં કરી કે કરાવી ન શકે તેને માટે એકલી અનુમોદના અને અનુમોદનાની પણ અનુમોદના ક્યારે અને કેવી રીતે ફળદાયી બને છે તે, તથા પ્રસંગોપાત ભરતજીની અદ્દભુત આત્મચિંતાનું વર્ણન કરતાં કારણરુપ અને કાયરૂપ સમ્યગ્દર્શનનું સ્વરુપ વર્ણવાયું છે. તેમજ લઘુકર્મિતા-ગુરુકર્મિતાનો ભેદ સ્પષ્ટ કરી ભરતજીની વિશેષતા વર્ણવાઈ છે.

-શ્રી

# શ્રી બલભદ્રજી મહર્ષિ, રથકાર અને મૃગ

- શ્રી બલભદ્રમુનિ અને હરણનો પ્રસંગ
- પરચિંતાથી દૂર રહી આત્મચિંતામાં જોડાઈ જાઓ !
- શ્રી બલભદ્રજી ભિક્ષાને માટે નીકળે છે
- શ્રી બલભદ્ર મહર્ષિની સુંદર વિચારણા
- પુણ્યવાન્ મૃગની ઉત્તમ વિચારણા
- સાચું અર્થીપણું કેળવવાની જરૂર છે
- સાચી આત્મચિંતા વિના ધર્મક્રિયાઓ ભાવધર્મ રૂપ ન થઈ શકે
- એનું નામ ધર્મપ્રયત્ન
- મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારેયને ટાળવા શું કરવું જોઈએ ?
- કારણ તથા કાર્ય ઉભયરૂપ સમ્યગદર્શન
- તત્ત્વજ્ઞાની પણ ગુરૂકર્મિતાના યોગે વિષયસુખને વશ હોઈ શકે છે
- મિથ્યાત્વનો ક્ષયોપશમ હોય પણ ચારિત્રમોહનો ઉદય આ કામ કરે છે

# ૮

# શ્રી બલભદ્રજી મહર્ષિ, રથકાર અને મૃગ

## શ્રી બલભદ્રમુનિ અને હરણનો પ્રસંગ

શ્રી ભરતજીનો મૂળ પ્રસંગ ત્યાંનો ત્યાં જ રહ્યો છે અને વચલી વાતો જ ચાલ્યા કરે છે. આપણે જોઈ ગયાં કે શ્રી બલભદ્ર મુનિવરની શ્રેષ્ઠ દેશનાના યોગે વનમાં વસતા વાઘો અને સિંહો વગેરે તિર્યંચો પણ પ્રશમને પામ્યા છે. કેટલાક શ્રાવકપણાને પામ્યા છે, તો કેટલાક ભદ્રકતાને પામ્યા છે; કેટલાક કાયોત્સર્ગ કરનારા બન્યા છે અને કેટલાક અનશન કરનારા બન્યા છે, કેટલાક તિર્યંચોએ રીતે માંસાહારથી નિવૃત્ત થઈને જાણે તે શ્રી બલભદ્ર મુનિવરના તિર્યંચરૂપને ધરનારા શિષ્યો હોય તેમ તે મુનિવરની પાસે રહે છે.

હવે અનુમોદનાને લગતો મૂળ પ્રસંગ આવે છે કરનાર, કરાવનાર અને અનુમોદનારની વિચારણા કયા નિમિત્તે કેવી બની તે વાત આવે છે.

તે વનમાં એક મૃગલો જાતિસ્મરણ જ્ઞાનને પામે છે. શ્રી બલભદ્ર મુનિવરની સાથે એને પૂર્વભવનો સંબંધ હતો. જાતિસ્મરણ જ્ઞાનને પામેલો તે મૃગ, અતિ સંવેગને પ્રાપ્ત થયો છે, અને તેથી તે શ્રી બલભદ્ર મુનિવરનો સદાનો સહચારી બની જાય છે.

તે મૃગ સદા સાથે રહીને શ્રી બલભદ્ર મુનિવરની ઉપાસના કર્યા કરે છે; અને વનમાં ભમતો એક જ કાર્ય કર્યા કરે છે. કાષ્ઠાદિને લેવા

 માટે અન્ન સહિત આવનારાઓની તે મૃગ વનમાં ભમી ભમીને તપાસ કર્યા કરે છે. જ્યારે કોઈને કાષ્ઠાદિ લેવાને માટે અન્ન સહિત આવેલ ભાળે છે, એટલે તે મૃગ સીધો શ્રી બલભદ્ર મુનિવરની પાસે આવે છે અને પોતાનું માથું ધ્યાનસ્થ બનેલા શ્રી બલભદ્ર મુનિવરના પાદ પંકજમાં મૂકીને 'ભિક્ષાને દેનારા આવ્યા છે' એની વિનંતિ કરે છે. શ્રી બલભદ્ર મુનિવર પણ તે મૃગની વિનંતીથી ધ્યાનને મૂકીને ભિક્ષા માટે નીકળે છે. આગળ મૃગ ચાલે અને એ જ દિશાએ મુનિવર પણ જાય. આ રીતે કામ ચાલ્યા કરે છે.



વિચારી જુઓ! મૃગની દશા. એનાથી શક્ય કરવાને એ ચૂકે છે? નહિ જ. કેટલી ભક્તિ કરે છે ! મુનિવરની ઉપાસના કર્યા કરવી. વનમાં ભમી આહારવાળા આગન્તુકોની શોધ કર્યા કરવી. તેવા કોઇ આવ્યા માલુમ પડે એટલે મુનિવરના પગમાં માથું મૂકીને તે સંબંધી ખબર આપવી અને મુનિવર ધ્યાન મૂકીને ભિક્ષા માટે ચાલવા તૈયાર થાય, એટલે પોતે આગળ ચાલી, આવેલા આહારવાળા કાષ્ઠાદિહારકોની પાસે મુનિવરને લઇ જવા-આ કમભક્તિ છે ? નહિ જ. પોતે આહાર વહોરાવી શકે તેમ નથી, કોઇને પ્રેરણા કરીને આહાર વહોરાવાવી શકે તેમેય નથી, છતાં કેટલી ભક્તિ કરે છે ? અનુમોદનાનું ફળ લેવું હોય તો આ સમજો ! સદ્ભક્તિને પામેલા તિર્યંચની આ દશા મનુષ્યો માટે ય અનુકરણીય છે. આટલી ભક્તિવાળો આત્મા પોતાનાથી શક્ય હોય તો સ્વયં વહોરાવવાને અને બીજાઓ પાસે વહોરાવવાની પ્રવૃત્તિ કરાવવાને ચૂકે ?

**સભા** : નહિ જ.

**પૂજ્યશ્રી** : આત્માની આ દશા આવવી એ સહેલું નથી. ધર્મપ્રયત્ન ફળ્યા વિના ન જ રહે એ ચોક્કસ, પણ ધર્મપ્રયત્ન થવો એ સહેલું નથી. ધર્મની આરાધના કરવાની સાચી ઇચ્છા હોય, તો કોઈપણ આત્મા ધર્મની આરાધનાથી વંચિત રહેવા પામે જ નહિ. એવી સુંદર રીતે ધર્મની આરાધના કરવાનો અનંતજ્ઞાની અને અનંત

ઉપકારી મહાપુરૂષોએ માર્ગ દર્શાવ્યો છે. આમ વસ્તુને ઊંડા ઉતરીને જેમ જેમ વિચારાય, તેમ તેમ ખ્યાલ આવે કે, અનંતજ્ઞાની સિવાય બીજા આત્માઓ સ્વતંત્રપણે આ માર્ગ દર્શાવી શકે એ શક્ય જ નથી તેમજ એ વાત પણ સમજાય કે ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાળો કોઇ આત્મા આરાધનાથી વંચિત ન રહી જાય, એવી સુંદર રીતે મોક્ષમાર્ગ એ તારકોએ દર્શાવ્યો, માટે એ તારકોનો આ જગત ઉપર અનંતો ઉપકાર છે !

**પરચિંતાથી દૂર રહી આત્મચિંતામાં જોડાઈ જાઓ !**

મૃગનું તિર્યંચપણું એક તરફ રાખો અને બીજી તરફ મૃગની પ્રવૃત્તિ મૂકો, પછી તમારૂં મનુષ્યપણું અને તમારી પ્રવૃત્તિ વિચારો !

**સભા** : તો તો એમ જ થાય કે ક્યાં એ પુણ્યાત્મા અને ક્યાં અમારા જેવા અધમ આત્મા !

**પૂજ્યશ્રી** : આ શબ્દો પણ ઉત્સાહપ્રેરક બનવા જોઇએ. એમ થવું જોઇએ કે મને જે સામગ્રી મળી છે તે તેને નહિ મળેલી હોવા છતાં પણ, તે આટલું કરે અને હું કાંઇ ન કરૂં ? ધર્મની આરાધના થઇ શકે એવી સામગ્રીવાળું આર્યદેશમાં મને મનુષ્યપણું મળ્યું, અને તે મૃગને તિર્યંચપણું મળ્યું, એટલે હું તેના કરતાં વધારે ભાગ્યશાળી તો ખરો, પણ .... પણ શું તે સમજ્યાને ?

**સભા**: પણ ખરૂં જોતાં તે મહાભાગ્યશાળી નિવડ્યો અને હું મહા કમનશીબ નિવડ્યો !

**પૂજ્યશ્રી** : આમ લાગતું હોય તેણે હવે જીંદગીના બાકીના સમયમાં પરચિંતાથી અને દુનિયાદારીના પ્રયત્નથી છૂટા થવામાં તેમજ આત્મચિંતામય બની ધર્મપ્રયત્ન કરવામાં પોતાની સામગ્રીને યોજી દેવી જોઇએ.

**સભા**: ઉલ્લાસ નથી આવતો.

**પૂજ્યશ્રી** : તેવો ઉલ્લાસ ઉત્પન્ન ન થતો હોય તો તેવો ઉલ્લાસ ઉત્પન્ન થાય એવો પ્રયત્ન કર્યા કરો અને તમારી આજુબાજુ

 એવું વાતાવરણ રાખવાનો પ્રયત્ન કરો, કે જે વાતાવરણમાં ધર્મપ્રયત્ન સ્વાભાવિક રીતે થયા કરે. એક એવા સુગુરૂને સમર્પિત થઇ જાવ કે એ જે કાંઇ ફરમાવે તે તો ઇચ્છા હોય અગર ઇચ્છા ન હોય તો પણ કરવું. એમ પ્રયત્ન કરતાં કરતાં ઉલ્લાસ આપોઆપ જનમશે.

**શ્રી બલભદ્રજી ભિક્ષાને માટે નીકળે છે**

હવે એકવાર એવું બન્યું કે વનમાં કેટલાક રથકારો ઉત્તમ પ્રકારનાં લાકડાં લેવાને આવ્યા અને તેમણે પોતાને કામનાં એવાં ઘણાં વૃક્ષોને છેદ્યા, પેલો મૃગ તો શોધમાં ભમ્યા જ કરે છે એણે આ રથકારોને જોયા. તરત જ શ્રી બલભદ્ર મુનિવરની પાસે આવી તે મૃગે નિયમ મુજબ તે વાતને મુનિવરને જણાવી. બલભદ્ર મુનિવરે પણ પેલા મૃગની વિનંતિથી ધ્યાન પાર્યું. પેલા રથકારો જ્યાં ભોજન કરવાને બેઠા છે, તે જગ્યાએ તે મૃગ શ્રી બલભદ્ર મુનિવરને લઇ આવ્યો. શ્રી બલભદ્ર મુનિવર પણ માસખમણનું પારણું હોવાથી જ ભિક્ષાને માટે આવ્યા છે.

શ્રી બલભદ્ર મુનિવરને આવેલા જોતાં રથકારોના નાયકના હર્ષનો પાર નથી રહેતો. રથકારોનો અગ્રણી શ્રી બલભદ્ર મુનિવરને જોઇને એકદમ આનંદમાં આવી જાય છે અને વિચારે છે કે, 'અહો, આ અરણ્યમાં પણ આ કોઇ કલ્પવૃક્ષ જેવા મહાત્મા છે! શું એમનું રૂપ છે? શું એમનું તેજ છે? અને કેવો મહાન પ્રશમ છે? ખરેખર, આ મુનિરૂપ અતિથિના યોગે તો હું સર્વથા કૃતાર્થ થઇ ગયો છું ! આ મહાત્મા મળ્યા એટલે મારી કૃતાર્થતામાં હવે કાંઇ જ બાકી રહ્યું નથી !' આવો વિચાર કરીને તે રથકારે પોતાના પાંચેય અંગોને ભૂતલ સ્પર્શ કરાવવા દ્વારા શ્રી બલભદ્ર મુનિવરને નમસ્કાર કર્યા અને અન્નપાણી વહોરાવવા માંડ્યાં.

તમને પંચાંગ પ્રણિપાત આવડે છે ? ભગવાનની પાસે અગર તો ગુરૂની પાસે ખમાસમણું દ્યો છો, ત્યારે તમારાં કેટલા અંગો ભૂતલને સ્પર્શે છે ? ખમાસમણું દેતાં '*मत्थएण वंदामि*' બોલો છો ત્યારે માથું

કેટલું ઉંચું હોય છે ? બે હાથ, બે પગ અને મસ્તક આ પાંચ અંગો ભૂતલને ભેગાં થઈને સ્પર્શે, તે પંચાંગ પ્રણિપાત કહેવાય.

### શ્રી બલભદ્ર મહર્ષિની સુંદર વિચારણા

એ જ વખતે રથકારના નાયકનો ઉલ્લાસ વગેરે જોઈને શ્રી બલભદ્ર મહર્ષીએ વિચાર્યું કે, 'આ કોઈ શુદ્ધ બુદ્ધિવાળો શ્રાદ્ધ છે અને સ્વર્ગરૂપ ફળને આપનારૂં કર્મ કમાવાને મને ભિક્ષા દેવાને માટે ઉદ્યત થયો છે; હવે જો હું ભિક્ષાને નહિ ગ્રહણ કરૂં, તો આની સદ્‌ગતિનો અંતરાય કરનારો હું થઈશ, માટે તેવો અંતરાય કરનારો હું ન થાઉં એ હેતુથી હું ભિક્ષા ગ્રહણ કરૂં !'

આવો વિચાર કરીને તે શ્રી બલભદ્ર મહર્ષિ કે જે પોતાની કાયાને વિષે પણ નિરપેક્ષ હતા અને કરૂણારૂપ જળના સાગર સમાન હતા, તેમણે તે રથકારનાયકની પાસેથી ભિક્ષાને ગ્રહણ કરી.

### પુણ્યવાન્ મૃગની ઉત્તમ વિચારણા

હવે એ જ વખતે પેલો પુણ્યાત્મા મૃગ શું વિચારી રહ્યો છે ? તે જુઓ ! રથકાર નાયક જ્યારે પોતાને સર્વથા કૃતાર્થ માનતો થકો શ્રી બલભદ્ર મહર્ષિને વહોરાવી રહ્યો છે અને બલભદ્ર મહર્ષિ જ્યારે પોતે પોતાની કાયામાં નિરપેક્ષ હોવા છતાં પણ રથકાર નાયકની સદ્‌ગતિમાં અંતરાયભૂત નહિ થવાના હેતુથી અનુગ્રહ બુદ્ધિએ વહોરી રહ્યા છે, તે સમયે પેલો મૃગ ઉંચુ મોઢું કરીને બંનેની વહોરવા - વહોરાવવાની ક્રિયા જોઇ રહ્યો છે. એ વખતે એની આંખો અનુમોદનાના ઉલ્લાસથી અશ્રુભીની બની ગઈ છે. શ્રી બલભદ્ર મહર્ષિને અને રથકાર નાયકને પણ જોતો તે મૃગ અશ્રુભીના નેત્રોવાળો થઈને વિચારે છે કે

*"अहो कृपानिधिः स्वामी, निरपेक्षो वपुष्यपि ।*
*अन्वग्रहीद्रथकारं, तपसामेक आश्रयः ॥*
*"अहो वनच्छिद् धन्योऽयं जन्म चास्य महाफलम् ।*
*येनायं भगवानेवं, पानान्नैः प्रतिलंभितः ॥२॥*
*"अहं पुनर्मन्दभाग्यो, न तपः कर्तुमीश्वरः ।*
*प्रतिलंभयितुं नापि, धिङ्मां तिर्यक्त्वदूषितम् ॥३॥*

"અહો તપના એક આશ્રયરુપ શરીરમા પણ નિરપેક્ષ કૃપાનિધિ સ્વામીએ રથકાર ઉપર અનુગ્રહ કર્યો. અને આ વનછેદક પણ ધન્યવાદ પાત્ર છે. એનો જન્મ મહા ફળ આપનાર છે કે જે આ રીતે પાન-અન્નથી આ મહાત્માની ભક્તિ કરે છે. જ્યારે હું મન્દભાગ્ય છું, તપ કરવા ય શક્તિમાન નથી અને તિર્યંચપણાથી દૂષિત મને ધિક્કાર હો, કે હું વહોરાવી પણ શકતો નથી."

આ વિચારણામાં આનંદ અને દુ:ખ બન્નેનું સંમિશ્રણ છે. મુનિવર અને રથનાયકની ધર્મક્રિયાના વિચારે તેનું હૃદય પ્રફુલ્લ બને છે અને પોતે તે નથી કરી શકતો એને માટે દુ:ખ અનુભવે છે. આ અનુમોદના છે. ખૂબ સમજવા જેવી છે. 'ભલી મારી અનુમોદના' એમ વિચારી ધર્મપ્રયત્ન કરવો કરાવવો પોતાને માટે શક્ય હોવા છતાં પણ તેનાથી વંચિત રહેનારાઓએ અને શ્રેણિક મહારાજ જેવાનાં દૃષ્ટાંત લઈ, ખાતાંપીતાં અને મોજ કરતાં તરી જવાની વાતો કરનારાઓએ આ અનુમોદના બરાબર સમજી લેવાની જરૂર છે.

**'ખાવત-પીવત મોક્ષ જે માને, તે શિરદાર બહુ જટમાં.'**

આ વસ્તુ, આ સમજાશે તો ઝટ ખ્યાલમાં આવી જશે. પછી જેને જાણી જોઈને ધર્મદંભ કરવો હોય તે ભલે ગમે તેમ કરે; એવાનો ધર્મદંભ જાય એમ ઈચ્છવા છતાંય આપણે તો તેને માટે કહેવું પડે કે 'જેવું તેનું નશીબ.'

તે મૃગ મુનિવરની કરૂણાશીલતાની, નિ:સ્પૃહમયતાની અને ઉત્કટ તપશ્ચર્યાની અનુમોદના કરતાં વિચારે છે કે 'અહો, આ સ્વામી કૃપાના સાગર છે, પોતાના શરીરને વિષે પણ નિ:સ્પૃહતાવાળા છે અને તપોના એક આશ્રય સ્થાનભૂત છે, કે જે સ્વામીએ રથકારની ઉપર અનુગ્રહ કર્યો.' રથકાર વહોરાવે છે તેની અનુમોદના કરતાં પણ મૃગ વિચારે છે કે 'ખરેખર, આ રથકાર ધન્યવાદને પાત્ર છે અને આનો જન્મ મહાફળવાળો છે કે જેણે આ રીતે આ પૂજ્યને અન્નપાણીથી પ્રતિલાભ્યા.' આમ બન્નેયની અનુમોદના કરતાં પોતાને માટે તે મૃગ

દુ:ખપૂર્વક વિચારે છે કે 'અને ખરેખર, હું તો મંદભાગ્યવાળો છું; કારણકે નથી તો હું સ્વયં તપ કરવાને સમર્થ અને નથી તો હું આવા તપસ્વી મહાત્માને પ્રતિલાભવાને પણ સમર્થ. તિર્યક્પણાથી દૂષિત એવા મને ધિક્કાર હો !'

### સાચું અર્થીપણું કેળવવાની જરૂર છે

આનું નામ સાચી અનુમોદના. કરનારને, કરાવનારને અને અનુમોદનારને સરખું ફળ એ યાદ રાખ્યું છે, પણ આ યાદ રાખ્યું છે ? મૃગની રોજની ઉપાસના અને ભક્તિ કમ નથી. માણસ જેવા માણસ હોવા છતાં તમારામાંના કેટલામાં એ પ્રકારની ભક્તિ છે એ તમે સમજી શકો તેમ છો. એટલી ઉપાસના અને એટલી ભક્તિ કરનાર મૃગ પોતાને ધિક્કાર દે છે એ ન ભૂલતાં ! ધર્મકથા વાંચો કે સાંભળો ત્યારે એના હાર્દ સુધી પહોંચવાનો પ્રયત્ન કરો ! ધર્મનું સાચું અર્થીપણું કેળવવાની બહુ જરૂર છે. અર્થીપણામાં ખામી હોવાના કારણે જે વસ્તુ જેવી અસરકારક નિવડવી જોઈએ તે વસ્તુ તેવી અસરકારક નિવડતી નથી; અને એથી જ આત્માને માટે તે જેવી લાભદાયક થવી જોઈએ તેવી લાભદાયક પણ થતી નથી.

હવે જે વખતે, આપણે જોઈ ગયા તે રીતે ત્રણેય મહાનુભાવો ધર્મધ્યાનમાં તત્પર બનેલા છે, તે વખતે ભવિતવ્યતાના યોગે જોરદાર પવન ફૂંકાય છે અને એ મહાવાતના યોગે એક અડધું છેદાએલું વૃક્ષ પડી જાય છે. એ વૃક્ષની નીચે આ ત્રણેય આવી જાય છે. ત્રણમાંથી કોઈનું આયુષ્યકર્મ પૂર્વે બંધાયેલું નહોતું અને અત્યારે જ્યારે આયુષ્યકર્મનો બંધ પડ્યો ત્યારે તે શ્રી બલભદ્ર મુનિવર, તે રથકાર નાયક અને તે મૃગ, એ ત્રણેય ધર્મધ્યાનમાં તત્પર બનેલા છે, એટલે ત્યાં અવસાન પામીને એ ત્રણેય પુણ્યાત્માઓ પદ્મોત્તર વિમાનની અંદર બ્રહ્મલોકમાં દેવતાઓ રૂપે ઉત્પન્ન થાય છે. આ કરનાર, કરાવનાર અને અનુમોદનાર ત્રણેયને મળેલું સરખું ફળ !

## સાચી આત્મચિંતા વિના ધર્મક્રિયાઓ ભાવધર્મ રૂપ ન થઈ શકે

ધર્મપ્રવૃત્તિ ત્રણેય પ્રકારે થઈ શકે છે. કરવા દ્વારા, કરાવવા દ્વારા અને અનુમોદવા દ્વારા. આ ત્રણેય પ્રકારોથી યથાશક્ય આરાધના કરવી જોઈએ અને તેમ કરાય તો જ આ જીવનની સાચી સાર્થકતા સધાય તેમજ પરિણામે શાશ્વત સુખમય દશા પ્રાપ્ત થાય; પરંતુ ધર્મની ધર્મરૂપે વાસ્તવિક આરાધના ત્યારે જ થઈ શકે છે, કે જ્યારે આત્મા આત્મચિંતાશીલ બની જાય છે. સાચી આત્મચિંતા પ્રગટ્યા વિના પણ ધર્મક્રિયાઓ થાય એ બને, પણ તે ધર્મક્રિયાઓ ભાવધર્મરૂપ નહિ ગણાય. એ ધર્મક્રિયાઓ ભાવધર્મના કારણરૂપે ત્યારે જ ગણાય, કે જ્યારે આ ભગવાને કહેલું છે' એવી સદ્દભક્તિથી કરાય. કલ્યાણની કામના એ સદ્દભક્તિ આવ્યા વિના અંશે પણ ભાવના કારણરૂપે ફળવાની નથી; માટે સદ્દભક્તિ કેળવો અને સાચા આત્મચિંતાશીલ બનો. શ્રી ભરતજી સાચા આત્મચિંતાશીલ બન્યા છે અને એથી જ તેઓ ગાંધર્વ નૃત્ય-ગીતથી રતિને નહિ પામતાં સંયમી બનવા તત્પર થયા છે.

## એનું નામ ધર્મપ્રયત્ન

શ્રી ભરતજી તો ઉદાસીનતામય જીવન જીવી રહ્યા છે, કારણ કે એમને સંસારનો ભય લાગ્યો છે; અને સંસારનો ભય લાગવાના યોગે પુણ્યાત્મા શ્રી ભરતજી સંસારના મૂળભૂત કારણનો નાશ કરવાની ચિંતામાં પડ્યા છે સંસારનાં ચાર કારણો છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ. આ ચારમાંનું એકપણ કારણ બાકી ન રહે એટલે સંસાર સર્વથા જાય. શ્રી સિદ્ધિગતિને પ્રાપ્ત કરતાં પૂર્વે ફક્ત પાંચ હ્રસ્વાક્ષર જેટલો સમય અયોગી દશા પ્રાપ્ત થાય છે અને તેટલા સમયને અનુલક્ષીને એમ કહી શકાય કે આત્મા આ દુનિયામાં પણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારેયથી રહિત દશાને પામી શકે છે. પછી તો સિદ્ધાવસ્થામાં અનંતો કાળ એ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી રહિત એકાન્તે સુખમય દશા આત્મા ભોગવ્યા જ કરે છે. એ દશાને પામ્યા પછી આત્માને કાંઈ કરવા જેવું રહેતું નથી.

કારણકે એ પરના સંસર્ગ માત્રથી મૂકાઇ ગયો હોય છે. જ્યાં સુધી પરનો સંસર્ગ છે ત્યાં સુધી આત્માનો સ્વભાવ સંપૂર્ણપણે પ્રગટ થતો નથી અને એથી જ સ્વભાવને સંપૂર્ણપણે પ્રગટાવવા માટે પરનો સંસર્ગ છૂટે એવો પ્રયત્ન કરવાનો રહે છે, કે જે પ્રયત્નને જ્ઞાનીઓ ધર્મપ્રયત્ન કહે છે.

### મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચારેયને ટાળવા શું કરવું જોઇએ ?

આ પ્રયત્નની વાસ્તવિક શરૂઆત મિથ્યાત્વ ઘવાવા માંડે ત્યારથી થઇ એમ કહી શકાય; અર્થાત્ મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ એ આત્મ સ્વભાવને પ્રગટ કરવા માટેનું પ્રથમ અને ઘણું જ અગત્યનું પગલું છે. અવિરતિ, કષાય અને યોગ-આ ત્રણ કારણોની જડ ઉખાડવાનું કાર્ય જ્યાં સુધી મિથ્યાત્વ જોરદાર હોય ત્યાં સુધી બની શકતું નથી. મિથ્યાત્વ મંદ પડે નબળું પડે તેની સાથે જ અવિરતિ, કષાય અને યોગનું પરિબળ પણ અમુક અંશે ઘટ્યા વિના રહેતું નથી; મિથ્યાત્વની સાથે અવિરતિ પણ જ્યારે ઠીક ઠીક નબળી પડે ત્યારે કષાય અને યોગનું પરિબળ વળી વધારે પ્રમાણમાં ઘટે છે; અને મિથ્યાત્વ જાય, અવિરતિ જાય અને કષાય પણ જાય, એટલે યોગ સંસારનું કારણ રહી શકતા જ નથી. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય, એ ત્રણેયથી સર્વથા રહિત બનેલા આત્માને યોગોના યોગે જે કર્મબંધ થાય છે, તે એવો થાય છે કે તે એક સમયથી વધુ વખત ટકી શકતો જ નથી. આથી સ્પષ્ટ છે કે યોગોને સંસાર વધારવાના કારણરૂપ ન રહેવા દેવા હોય તો કષાયોને નાબૂદ કરવાને માટે પ્રયત્નશીલ બનવું જોઇએ; કષાયોને નાબૂદ કરવાને માટે અવિરતિને નાબૂદ કરી દેવાના પ્રયત્નમાં લીન બની જવું જોઇએ અને અવિરતિને કાઢવાને માટે પહેલાં મિથ્યાત્વનો પરિહાર કરવા સાથે ચારિત્રમોહકર્મના નાશ માટે પ્રયત્નશીલ બની જવું જોઇએ; કારણકે કારમા મિથ્યાત્વ

ઉદયકાળમાં કરેલી ગમે તેટલી વિરતિ, કષાયોને નાબૂદ કરવાનું વાસ્તવિક કાર્ય કરવાને અસમર્થ નિવડે છે અને એથી એવી વિરતિને જ્ઞાનીઓએ મોક્ષના કારણ તરીકે ગણાવી નથી. ખરેખર મિથ્યાત્વ એટલું બધું ભયંકર છે કે આત્મા જ્યાં સુધી મિથ્યાત્વથી ઘેરાએલો હોય છે ત્યાં સુધી તે બાકીનાં ત્રણ કારણો અવિરતિ, કષાય અને યોગથી વસ્તુતઃ દૂર રહી શકતો જ નથી. આથી જ ઉપકારી મહાપુરુષોએ મોક્ષના હેતુભૂત ક્રિયારૂચિ, અનુર્બંધકભાવ તથા સમ્યક્ત્વને ધર્મના આદિ કારણ તરીકે ફરમાવેલ છે.

**કારણ તથા કાર્ય ઉભયરૂપ સમ્યગ્દર્શન**

શ્રી ભરતજી સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ છે એટલું જ નહિ પણ એ પુણ્યાત્માનું સમ્યગ્દર્શન ખૂબ ખીલેલું છે. સમ્યગ્દર્શન તત્ત્વોમાં રૂચિ પેદા કરવાનું કાર્ય કરે છે. શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલા જીવ-અજીવ આદિ તત્ત્વોમાં રૂચિ થવી તે કાર્ય સમ્યક્ત્વ છે અને તેવી રૂચિ થવાને લાયક મિથ્યાત્વનો જે ક્ષયોપશમાદિ તે કારણ સમ્યક્ત્વ છે. કુદેવ, કુગુરૂ અને કુધર્મનો ત્યાગ તેમજ સુદેવ, સુગુરૂ અને સુધર્મનો સ્વીકાર એને પણ સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે; કારણકે કુદેવાદિનો ત્યાગ અને સુદેવાદિનો સ્વીકાર, એને પણ સમ્યક્ત્વ તરીકે ઓળખવામાં આવે છે; કારણ કે કુદેવાદિનો ત્યાગ અને સુદેવાદિનો સ્વીકાર, શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલાં તત્ત્વો ઉપર વાસ્તવિક રૂચિ પ્રગટે તો જ સાચી રીતે થઈ શકે છે. એ જ રીતે '*तमेव सच्चं निस्संकं*, जं *जिणेहिं पवेइयं*' તે જ સાચું અને શંકા વિનાનું કે, જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપ્યું છે.' આ પણ સાચી તત્ત્વરૂચિનો જ એક પ્રકાર હોવાથી એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આમ સમ્યક્ત્વને અનેક રીતે ઓળખાવાય છે. પણ તેનું મૂળ મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ છે. મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ થયા વિના સાચી તત્ત્વરૂચિ પ્રગટતી જ નથી. આ તત્ત્વરૂચિ જેમ જેમ તેજ બનતી જાય છે તેમ તેમ આત્મામાં આત્મચિંતા વધતી જાય છે અને ભવની ભીતિ ઉગ્રતાને ધારતી જાય

છે. શ્રી ભરતજીની તત્ત્વરૂચિ તેજ બની છે; એટલે જ તેઓ સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા છે અને સંસારના ઉચ્છેદક ધર્મનું યુવાવસ્થામાં જ આલંબન સ્વીકારવાને પણ તેઓ ઉત્સુક બની ગયા છે.

**તત્ત્વજ્ઞાની પણ ગુરૂકર્મિતાના યોગે વિષયસુખને વશ હોઇ શકે છે**

આત્મચિંતા એ કેવી વસ્તુ છે અને આત્મચિંતા પ્રગટ્યા પછીથી આત્મા કેવો બની જાય છે ? એ સંબંધી આપણે છેલ્લા કેટલાક દિવસોમાં વિચાર કરી ગયા છીએ. આ વિચાર બહુ અગત્યનો છે. આત્મચિંતામાંથી ધર્મની આરાધના કરવાની ઇચ્છા પ્રગટે છે અને ધીરે ધીરે આત્મચિંતા એવું પરિણામ લાવી મૂકે છે કે ધર્મની આરાધનામાં આત્મા અપ્રમત્ત બની જાય છે. એવા પણ ભારેકર્મી આત્માઓ હોય છે કે જેઓ તત્ત્વરૂચિવાળા હોય અને તત્ત્વજ્ઞાનને પણ ધરનારા હોય, છતાંય વિષયસુખને વશ થયેલા હોય. પોતાની તે કરણી ખોટી છે, એનો ત્યાગ કર્યા વિના કલ્યાણ નથી, એમ બરાબર માને; પણ પ્રવૃત્તિ જુઓ તો વિષયસુખના રાગને વશ થયેલા જેવી લાગે. એ પ્રવૃત્તિનું એને દુ:ખ ન હોય એમ ન બને, પણ દૃઢ ચારિત્રમોહકર્મનો એવો કારમો ઉદય વર્તી રહ્યો હોય કે એ વિષયસુખના રાગને વશ થયો હોય. મિથ્યાત્વના ઉદયથી એમાં જે ઉપાદેયતા ભાસતી હતી તે ન ભાસે અને હેયતા ભાસે; પણ ગુરુકર્મી હોવાના કારણે ત્યાગ કરી શકે નહિ. આવી વસ્તુઓ ઉદાહરણ લેવા લાયક નથી. પણ વસ્તુ સ્વરૂપના જ્ઞાન માટે સમજી લેવી જોઇએ. પણ આપોઆપ પોતાને ગુરુકર્મી માનવાની, પોતાને ગુરુકર્મી માની લઇને અવિરતિના ફંદામાં વધારે ફસાવાય એવી પેરવી કરવાની ભૂલ નહિ કરવી જોઇએ. ધર્માચરણરૂપ પ્રવૃત્તિને કરવાને અશક્ત આત્માઓ પણ ધર્મ પ્રયત્ન કરાવવા દ્વારા અગર તો છેવટે ધર્મ પ્રયત્ન કરનાર, કરાવનાર અને અનુમોદનારની અનુમોદના કરવા દ્વારા કલ્યાણ સાધી શકે છે. એ અપેક્ષાએ જ કહ્યું હતું કે ધર્મની

 આરાધનાની સાચી ઇચ્છા હોય તો અશક્તમાં અશક્ત પણ આત્મા ધર્મની આરાધનાથી સર્વથા વંચિત રહી જાય એ બનતું નથી; પણ એ માટે આત્મા આત્મચિંતાશીલ બની જવો જોઇએ.

**મિથ્યાત્વનો ક્ષયોપશમ હોય પણ ચારિત્રમોહનો ઉદય આ કામ કરે છે**

શ્રી ભરતજી પણ સમ્યગ્દૃષ્ટિ છે અને બીજા પણ કેટલાક આત્માઓ સમ્યગ્દૃષ્ટિ છે. આમ છતાં એકલા શ્રી ભરતજીને જ ગાન્ધર્વ નૃત્ય અને ગીત રતિ પમાડી શકે નહિ અને એકલા શ્રી ભરતજીની જ પાંજરામાં પૂરાએલા સમર્થ સિંહની જેવી હાલત થાય, એનું કારણ શું? આવો પ્રશ્ન મૂંઝવે નહિ એટલા માટે આ પ્રસંગને અનુલક્ષીને આ સ્પષ્ટતા થઇ રહી છે. એ સમજવું જોઇએ કે ચારિત્રમોહનો ઉદય એ એવી વસ્તુ છે કે તજવા લાયકને તજવા દે નહિ અને સ્વીકારવા લાયકને સ્વીકારવા દે નહિ ! મિથ્યાત્વનો ક્ષયોપશમાદિ 'આ તજવા લાયક અને આ આચરવા લાયક' એવી જ્ઞાનીઓની વાત રૂચવા દે, એમાં ચારિત્રમોહનો ચારિત્રને રોકનાર ઉદય બાધા પહોંચાડી શકે નહિ, પણ કાંઇકેય વિરતિના માર્ગે આગળ વધવું હોય તો ચારિત્રમોહની જરૂરી મંદતાની અપેક્ષા રહે છે. શ્રી ભરતજી બીજાઓ કરતાં વર્તમાનમાં વધારે લઘુકર્મીતાની દશા ભોગવી રહ્યા છે અને એથી જ પરમ આત્મચિંતામાં સંલગ્ન થયા છે.



# તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર

## ૯

ભવથી ભય પામેલા મુનિવરો મનોનિગ્રહપૂર્વક કેવી રીતે અપૂર્વ સાધના કરે છે, એ સમજાવવાને માટે તૈલપાત્રધર અને રાધાવેધ-કર્તાનાં પ્રસિદ્ધ દૃષ્ટાંતને લઈને ''દર્શનાંતરોમાં પણ તૈલપાત્રધારકનો નિર્દેશ કરાયો છે.'' એમ કહીને પરમગુરુદેવશ્રીએ દાન-સન્માન આદિથી લોકોને ધર્મરાગી બનાવનાર જિતશત્રુ રાજા મિથ્યાત્વથી ઘેરાયેલા શ્રેષ્ઠિપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ કેવી રીતે આપે છે, એ આખો પ્રસંગ અહીં વર્ણવ્યો છે.

શ્રી ભરતજીનો વિરક્તભાવ એવો દૃઢ બની ગયો છે કે હવે જાણે, એમને અનુમતી ન મળે તો પણ ચાલ્યા જવાની તૈયારીવાળા બનાવ્યા છે. આ સંદર્ભમાં આજ્ઞા અને આજ્ઞાપાલન માટે પ્રશ્નો ઉપસ્થિત થવા સંભવિત છે તેથી આજ્ઞા અને આજ્ઞાપાલન અંગેનું વર્ણન છણાવટપૂર્વક પૂજ્યપાદશ્રીજીએ કર્યું છે, જે તેઓશ્રીના શબ્દોમાં જ જોઈએ. અહીં પૂર્વ વાતોના સ્મરણપૂર્વક શ્રી દશરથ મહારાજાના પરિવારના થયેલા ગુણગાન હૃદયસ્પર્શી છે.

-શ્રી

# તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર

- ★ સંસારથી ભયભીત બનવું એનું નામ જ સાચી આત્મચિંતા છે
- ★ દાન સન્માનાદિથી લોકોને ધર્મરાગી બનાવનાર રાજા
- ★ ધર્મ વિરોધીઓના અધમ ધંધા
- ★ મિથ્યાત્વથી ઘેરાયેલો શ્રેષ્ઠિપુત્ર
- ★ રાજાનો નિર્ણય અને યક્ષછાત્ર નામના રાજસેવકની યોજના
- ★ શ્રેષ્ઠીપુત્રના હાથે રાજાનો ગંભીર અપરાધ
- ★ યક્ષછાત્રે આપેલું વચન
- ★ જિતશત્રુ રાજાએ કરેલી વિચિત્ર શિક્ષા
- ★ રાજા ધર્મી છે પણ ક્રૂર નથી
- ★ શ્રેષ્ઠીપુત્રે સાધેલી સફળતા
- ★ શ્રેષ્ઠીપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ
- ★ આત્મચિંતાને ખૂબ સતેજ બનાવવાનો પ્રયત્ન કરો
- ★ જ્યારે આજની દશા તો જુદી જ છે
- ★ શ્રી રામચંદ્રજીએ શ્રી ભરતજીને કરેલી યાચના
- ★ રાજગાદીને લેવાની નહિ, પણ દેવાની ધમાલ
- ★ આપણે લેવો જોઈતો હિતકર બોધ
- ★ સૌએ પોતપોતાની ફરજ સમજવી જોઈએ

# તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર

- શ્રી દશરથ મહારાજના કુટુંબની ઉત્તમતા
- મોહનો ઉદય ભલભલાને પણ મૂઝવે છે
- કૈકેયીએ અજમાવેલી યુક્તિ
- મોહોદયના યોગે થતી આત્માની વિચિત્ર હાલત
- શ્રી દશરથ રાજાને શ્રી રામચંદ્રજીએ આપેલો મનનીય ઉત્તર
- શ્રી ભરતજીને થયેલી વેદના
- શ્રી રામચંદ્રજીનું શ્રી ભરતજી પર દબાણ
- શ્રી રામચંદ્રજીએ વનવાસનો કરેલો નિર્ણય
- રાજગાદી માટે કેટલી નિર્લોભતા હશે, તે વિચારો !
- શ્રીમતી સીતાજી અને કૌશલ્યા સાસુ-વહુની ઉત્તમતા
- કૈકેયીનો પશ્ચાત્તાપ અને શ્રી ભરતની સાથે શ્રી રામચંદ્રજીને લેવા જાય છે
- કૈકેયી શ્રી રામચંદ્રજીની ક્ષમા માંગે છે
- મોહનો ઉદય બહુ ભયંકર છે માટે સાવધ રહો !
- મોહના ઘરનો અંધાપો
- શ્રી રામચંદ્રજીનો શ્રી ભરત પ્રત્યનો સ્નેહ
- વૈરાગી શ્રી ભરતજીની મક્કમતા
- રાજ્યલક્ષ્મી અનેક પાપોથી ખરડાયેલી

## તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર

હોવાથી મહાદુઃખકર છે
★ નામના ધર્મીઓ આવા અવસરે લોચા વાળ્યા વિના ન રહે
★ આજે કેટલાક વેષધારીઓ પણ અવસરે શું બોલે છે ?
★ શ્રી રામચંદ્રજીનું મૌન એ તેમની ઉત્તમતા છે
★ દીક્ષા લેવામાં પિતાના વચનનો ભંગ થતો નથી
★ વરબોધિ કોને કહેવાય ?
★ આત્મહિતની સાધનામાં કોઈ વચ્ચે ન આવે
★ શ્રી ભરતજીએ કહેલી સાફ સાફ વાતો
★ અનુમતિની પરવા કર્યા વિના જ ચાલી જવાનો શ્રી ભરતજીનો નિર્ણય
★ ધર્મકાર્યમાં ધર્મપ્રરૂપકની જ આજ્ઞા પ્રમાણ છે
★ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના જેવું કોઈ કલ્યાણકર નથી
★ ભોગોને ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થાય જ નહિ
★ આજ્ઞાની આરાધનામાં જ આત્મકલ્યાણ
★ મોટાઈની લાલસા ત્યજીને લાયકાત કેળવવાની જરૂર છે

## ૯

## તૈલપાત્ર ધારક-શ્રેષ્ઠીપુત્ર

### સંસારથી ભયભીત બનવું એવું નામ જ સાચી આત્મચિંતા છે

શ્રી ભરતજી વિચાર કરે છે કે 'સિદ્ધિસુખને આપનારા ધર્મની જો હું તરૂણાવસ્થામાં આરાધના નહિ કરૂં તો વૃદ્ધાવસ્થામાં મારે શોકરૂપ અગ્નિમાં શેકાવું પડશે.' આ વિચારનું જન્મસ્થાન ક્યું ? સંસારનો ભય. સંસારનો ભય બરાબર લાગી જાય અને એથી આત્મચિંતામાં આત્મા જો એકતાન થઇ જાય તો એને માટે ધર્મપ્રયત્ન બહુ સરળ બની જાય છે. જેમને દુનિયામાં સાહ્યબીનો પાર નહોતો, જેમની સત્તા અપાર હતી અને ભોગસામગ્રી જેમને ઘેરાઇને રહેતી હતી એવા પણ આત્માઓ સઘળાંય સંસારસુખને ક્યારે લાત મારી શક્યા હશે ? અને ક્યારે ઉગ્ર તપશ્ચર્યામય સંયમનું ઉત્કટ પાલન કરી શક્યા હશે ? સંસાર બરાબર ભયરૂપ ભાસી જાય અને એ ભયરૂપ સંસાર જ્યારે આત્માને બરાબર ભયભીત બનાવી મૂકે, ત્યારે ગમે તેવાં સંસારસુખોને લાત મારી દેવી અને સંયમનાં કારમા કષ્ટો પણ ઉલ્લાસપૂર્વક સહવાં એ શક્ય બની જાય છે; અર્થાત્ ભયરૂપ સંસારથી ભયભીત થવું એ જ વિશિષ્ટ કોટિની આત્મચિંતા છે, અને એ આત્મચિંતા આવે એટલે આત્મા સંસારથી મુક્ત થવાને માટે શક્ય એટલો પ્રયત્ન કરવાને ચૂકે જ નહિ.

'ભવસ્વરૂપના જ્ઞાતા બનેલા, ભવથી ભયભીત બનેલા અને મોક્ષની અભિલાષાવાળા બનેલા આત્માઓ સંસારનાં સુખોને લાત મારે અને એકાંતે અપ્રમાદમય જીવન જીવવાને પ્રયત્નશીલ બને.'

 એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ નથી; અગર તો 'એ વસ્તુ સર્વથા અશક્ય જ છે' એમ માનવા જેવું પણ નથી ! આ વસ્તુનો ખ્યાલ આપવાને માટે જ્ઞાની ભગવંતો તૈલપાત્ર ધારકનું દૃષ્ટાંત આપે છે. ઉંચા પ્રકારનું અપ્રમાદ સેવન કેમ થઇ શકે ? એ બતાવવાને માટે દર્શનાંતરના શાસ્ત્રોમાં પણ તૈલપાત્ર ધારકનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

એ દૃષ્ટાંત ભયભીત બનેલો આત્મા કઇ રીતે ઈન્દ્રિયો આદિ ઉપર કેટલો બધો કાબૂ કેળવી શકે છે, એ દર્શાવનારૂં છે. એક ધર્મી રાજાએ કઇ યુક્તિ કરીને એક શ્રેષ્ઠિપુત્રને અપ્રમત્તતાનો અનુભવ કરાવવા દ્વારા ધર્મ પમાડ્યો, એની એ કથા છે.



### દાન સન્માનાદિથી લોકોને ધર્મરાગી બનાવનાર રાજા

જિતશત્રુ રાજા સ્વયં શ્રી જિનેશ્વરદેવના દર્શનનો શ્રદ્ધાળુ છે, ડાહ્યો છે અને પરોપકાર માટેના ઉપાયો યોજવામાં સ્વભાવથી જ પ્રવીણ છે. એ રાજાએ પોતાના નગરમાં મોટાભાગના જનસમૂહને શ્રી જિનશાસનની પ્રત્યે અનુરાગવાળો બનાવી દીધો છે. રાજાએ દાન અને સન્માનાદિ ઉપાયો યોજવા દ્વારા પોતાના અમાત્યોને, નગરના શ્રેષ્ઠીઓને અને પ્રજાજનોને પણ મોટેભાગે ધર્મી બનાવી દીધા છે. ખરેખર સાચા ધર્મી અને સામગ્રી સંપન્ન આત્મા દ્વારા આવી બીજા આત્માઓને ધર્મ પમાડવાની પ્રવૃત્તિ થવી એ સહજ છે.

મનમાં એમ નહિ વિચારતા કે, 'એ તો એમનાથી બને, આપણાથી નહિ." રાજાના એ કૃત્યની અનુમોદના કરવી અને પોતાનાથી બને તેટલા પ્રયત્ન, બીજાઓ ધર્મી બને એ માટે કરવાનો નિશ્ચય કરવો એ ધર્માત્માની ફરજ છે. એ માટે ઉદારતા ગુણને પણ કેળવવો પડશે. કૃપણતા અને મોહમસ્તતા બંનેને હઠાવ્યા વિના ઉદારતા નહિ આવે. દાન અને સન્માન એ બે વસ્તુઓ સામાને સ્હેજમાં ખેંચી શકે છે. પેટ ભરાય અને સાથે આદર પણ મળે, તે કોણ ન ઈચ્છે ? તમારે આવડત કેળવવા જેવી છે. તમારી પેઢીના નોકરોને ધર્મી બનાવવાનો કોઇ દિવસ પ્રયત્ન તો ઠીક, પણ વિચારેય કર્યો છે ?

કે પછી 'ધર્મી નોકર ધર્મ કરવા જાય એથી કામ બગડે છે' એમ લાગવાથી ધર્મી નોકર ખટક્યો છે ? પેઢીના નોકરોને ધર્મી બનાવવાની વાત દૂર રાખીએ પણ તમારા ઘરમાં જેટલાં માણસો છે તે બધા ધર્માત્મા બને. એ માટે જોઇતા પ્રયત્ન કર્યા છે ? કોણ ધર્મ નથી પામ્યું? કોણ ધર્મમાં શિથિલ બન્યું છે ? કોણ અધર્મના માર્ગે જઇ રહ્યું છે ? કોને ધર્મમાં આગળ વધવાની લગની લાગી છે ? એ વગેરે બાબતોનો વિચાર અને તે પછી ધર્મપ્રાપ્તિ, ધર્મસ્થિરતા અને ધર્મપ્રગતિ માટેના ઉપાયો યોજવા, આટલું પણ તમે તમારા ઘર પુરતુંય કર્યું છે ?

**સભા**: એમ કરવું જોઇએ એવો ખ્યાલ જ બહુ થોડાઓને હશે!

**પૂજ્યશ્રી** : કારણ ? શું ધર્મી ધર્મ પમાડવાની ઇચ્છા વિનાનો હોય. ધર્મી આત્મામાં મૈત્રી ભાવના હોય કે ન હોય ? '*परहितचिन्ता मैत्री ।*' બીજા જીવોના હિતની જે ચિંતા તેને મૈત્રી ભાવના કહેવાય છે. ત્યારે સાચું હિત એક માત્ર ધર્મથી જ થાય છે એ જાણનારો ધર્મી બીજાઓને ધર્મ પમાડવા તરફ બેદરકાર કેમ બને ?

**સભા**: સાચું હિત એક માત્ર ધર્મથી જ સધાય છે, આવી દૃઢ માન્યતા તો હોવી જોઇએ ને ?

**પૂજ્યશ્રી** : જેનામાં એ ન હોય તે ધર્મી શાનો ? ધર્મીપણાના કેવળ વાઘા સજીને ફરનારાઓની આ વાત નથી; પણ હૃદયના ધર્મીઓની આ વાત છે.

### ધર્મ વિરોધીઓના અધમ ધંધા

ધર્મી કહેવડાવવાને માટે કોણ નાખુશ છે ? ભલે અમે નાસ્તિકો રહ્યા, ભલે અમે ધર્મવિરોધી રહ્યા, ભલે અમે પાપી રહ્યા, ભલે અમને મોક્ષ મોડો મળે, આવું આવું રોષથી બોલનારાઓને પણ કોઇ ધર્મી કહે તો તે ગમે છે; એટલું જ નહિ પણ ભોળા માણસોની પાસે તો આજના એ ધર્મવિરોધીઓ પોતાને ધર્મના રાગી તરીકે ઓળખાવવાનો જ કૂટ પ્રયત્ન કરે છે. પોતાને સાચા ધર્મી તરીકે ઓળખાવવાને માટે એ પાપાત્માઓ સુસાધુઓને અજ્ઞાન, ચારિત્રહીન અને ભારભૂત તરીકે

 પણ વર્ણવે છે. સુશ્રાવકોને રૂઢિચુસ્ત, ગાડર જેવા, અક્કલ વગરના અને ધર્મહીન કહે છે; તેમજ સુસાધુઓ તથા સુશ્રાવકોને હલકા પાડવા માટે અને પોતાની પાપક્રિયાને પણ ધર્મક્રિયારૂપ મનાવવાને માટે સાચા ધર્મનો અપલાપ કરતાં તથા પૂર્વાચાર્ય મહાત્માઓને પણ કલંકિત ઠરાવતાં એમનાં હૈયા કંપતા નથી. ધર્મદ્રોહ કરવા છતાં પણ અજ્ઞાનવર્ગમાં ધર્મી અથવા તો ધર્મરાગી તરીકેની પોતાની છાપ બેસાડવાને માટે જ્યારે ધર્મવિરોધીઓ આટલી હદ સુધીની અધમતા કરે છે, ત્યારે વિચારો કે તેમને ધર્મી અગર તો ધર્મરાગી તરીકે ઓળખાવાની કેટલી લાલસા છે ? એની જ જગ્યાએ જો સાચા ધર્મી બનવાની લાલસા આવી જાય તો કામ થઇ જાય, પણ ધર્મવિરોધ કરતા જ રહેવું છે અને ધર્મવિરોધી તરીકે જાહેરમાં ઓળખાવાય એ ગમતું નથી, એટલે તે બિચારાઓ પોતાના પાપને ખૂબ પુષ્ટ કર્યા કરે છે.

આપણે તો એ કહીએ છીએ કે ધર્મી બનો, ને ધર્મી બન્યા પછી લોક અધર્મી કહે તેથી અકલ્યાણ નથી અને અધર્મી હોવા છતાં લોક ધર્મી કહે એથી કલ્યાણ નથી. ધર્મીમાં સ્વહિતની ચિંતા હોય તેમ પરહિતની પણ ચિંતા હોય. બીજા પણ જીવોનું કલ્યાણ થાઓ, એવી ધર્મીમાં સ્વાભાવિક ભાવના હોય. એને બદલે કુટુંબને માટે પણ બેદરકારી, એ શું ? કુટુંબના તો તમે માલિક ગણાઓને ? માત્ર માલિક ગણાવું જ છે કે માલિક બનવું છે ? માલિક તરીકેની મહોરછાપ લઇને ફરવું અને માલિક તરીકેની ફરજોથી બેદરકાર રહેવું એ ઉચિત નથી. રાજા જો પ્રજા પ્રત્યેનો ધર્મ ચૂકે છે તો એને માટે શું શું નથી કહેવાતું ? તેમ ઘરનો માલિક એટલે કુટુંબનો રાજા તો ખરોને ? એ પોતાનો ધર્મ કેમ ચૂકી શકે ? તમારા કુળમાં જન્મ પામેલા આત્માઓ, તમારી બેદરકારીના પરિણામે ધર્મથી વંચિત રહી જાય અને અધર્મમાર્ગે દોરાઇ જાય, તો એનો દોષ તમને પણ લાગે જ; માટે એ દોષથી બચવું હોય તો તમારે તમારી ફરજ અદા કરી લેવી જોઇએ. તમે ફરજ બજાવો, છતાંપણ કોઇ આત્મા ધર્મ ન પામે, અધર્મી બને, તો ય તમે પેલા દોષથી બચી શકો, પણ મનમાં એના ઉપર દયા આવવી જોઇએ કે

આટલા આટલા પ્રયત્નો મેં કર્યા તે છતાં આ બિચારો આવો અધર્મી બન્યો; મહાભારેકર્મી ! સંસારમાં શું નથી બનતું ?' આવું વિચારવું અને તેનું પણ ભલું ચિંતવવું.

### મિથ્યાત્વથી ઘેરાયેલો શ્રેષ્ઠીપુત્ર

આપણે જોઇ ગયા કે, 'જિતશત્રુ રાજાએ પોતાના મંત્રી આદિ પ્રજાના મોટાભાગને, દાનસન્માનાદિ ઉપાયોથી સંતોષવા દ્વારા ધર્મ પમાડ્યો છે.' પણ એ રાજાના નગરમાં એક શ્રેષ્ઠીપુત્ર એવો તો મિથ્યાત્વથી ઘેરાયેલો છે કે, એને નથી તો રાજાની આ પ્રવૃત્તિ રૂચતી કે નથી તો ધર્મની હકીકતો રૂચતી એ તો એવું જ માને છે કે 'સુગતિના અર્થીઓએ હિંસા કરવી એ જ ઉચિત છે, પણ દાનાદિ ધર્મ કરવો એ ઉચિત નથી.' વળી એ શ્રેષ્ઠીપુત્ર એમ માનતો હતો કે કોઇ માથાની મહાપીડાથી પીડાઇ રહ્યો હોય અને પીડા દૂર કરવાનો ઉપાય પૂછે, ત્યારે તેને મહાનાગની ફણા ઉપર રહેલા રત્નનો અલંકાર ગળે બાંધવાનું કહેવું, એ ગળે બાંધે એટલે માથાની પીડા મટી જશે એમ કહેવું, તે દુષ્કર હોવાથી જેમ નિરર્થક ઉપદેશરૂપ છે, તેમ અપ્રમત્તતા માટેનો જિનોક્ત ઉપદેશ પણ કોઈથી ન સ્વીકારી શકાય એવો જ છે. શ્રેષ્ઠીપુત્રને એમજ લાગતું કે અપ્રમત્તપણું એ તે કાંઇ બને ? વાતો છે વાતો !

### રાજાનો નિર્ણય અને યક્ષછાત્ર નામના રાજસેવકની યોજના

રાજા વિચાર કરે છે કે 'આ અગ્નિ જેવો છે. સ્વયં બળે છે અને બીજાઓને બાળે છે. જ્યાં બેસે છે ત્યાં બાળીને કાળું કર્યા વિના રહેતો નથી. આથી બળવા સાથે ભયંકર રીતે બાળવાનો પણ ધંધો લઇ બેઠેલો અગ્નિ જેમ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તેમ આ શ્રેષ્ઠીપુત્ર પણ ઉપેક્ષા કરવા યોગ્ય નથી.' આમ વિચારીને રાજાએ તે શ્રેષ્ઠીપુત્રને કોઇપણ રીતે ધર્મ પમાડવાનો નિર્ણય કર્યો. રાજાએ પોતે જ જીવાદિ પદાર્થોમાં જેને નિપુણ બનાવ્યો હતો અને સમ્યગ્દૃષ્ટિવંત બનાવ્યો હતો, તેવા એક યક્ષછાત્ર નામના સેવકને રાજાએ બોલાવ્યો અને તેને

 પોતાની મુદ્રિકાના રત્નરૂપ માણિક્ય આપ્યું. રાજાના અભિપ્રાયને પામી જઇ તે યક્ષછાત્ર ત્યાંથી ચાલ્યો અને પેલા શ્રેષ્ઠીપુત્રને મળ્યો.

શ્રેષ્ઠીપુત્રની પાસે એણે એવી એવી વાતો કરવા માંડી કે જે શ્રેષ્ઠીપુત્રને ખૂબ ગમી ગઇ. શ્રેષ્ઠીપુત્રને લાગ્યું કે 'આ મારા વિચારોને મળતો છે.' અને એથી દિવસો જતાં બંને વચ્ચે ગાઢ મૈત્રીસંબંધ પ્રવર્તવા લાગ્યો.

રાજાએ ધર્મ ફેલાવેલો હોવાના યોગે આમ શ્રેષ્ઠીપુત્ર લગભગ એકલવાયા જેવો તો હતો જ અને તેમાં આવો વિદ્વાન, બુદ્ધિશાળી, ભણેલો-ગણેલો અને વળી એકસરખા વિચારનો મિત્ર મળી જાય, એટલે શ્રેષ્ઠીપુત્રનો રાગ વિશેષ પ્રકારે વધે, એ સ્વાભાવિક છે.

જ્યારે શ્રેષ્ઠીપુત્રનો બરાબર વિશ્વાસ જામી ગયો, ત્યારે એકવાર અવસર સાધીને પેલા યક્ષછાત્ર નામના રાજસેવકે શ્રેષ્ઠીપુત્રના દાગીનાઓની અંદર, તે ન જાણે એવી રીતે, રાજાએ આપેલું પેલું માણિક્ય રત્ન મૂકી દીધું !

આ પછી, 'રાજાનું આભૂષણ ગૂમ થયું છે' આવો પ્રવાદ શહેરમાં પ્રસરી ગયો રાજાએ પણ પડહ વગડાવ્યો કે જેણે એ આભૂષણ જોયું હોય અથવા તો એ વિષે જેણે કાંઇ સાંભળ્યું હોય તેણે તે કહી જવું.

કોણ કહેવા આવે ? રાજા અને યક્ષછાત્ર વિના ત્રીજું કોઇ આ હકીકત જાણતું નથી અને શ્રેષ્ઠીપુત્રને ખબર નથી કે 'મારા દાગીનાઓમાં માણિક્યરત્ન છે !' એય પડહ સાંભળે છે, પણ એને બીજો વિચાર જ નથી આવતો; કારણકે એને બનેલા બનાવની ગંધ સરખી પણ નથી આવી.

**શ્રેષ્ઠીપુત્રના હાથે રાજાનો ગંભીર અપરાધ**

રાજ્યના નોકરોએ જોયું કે આ ઠીક નહિ. રાજાનું આભૂષણ તો ગમે ત્યાંથી શોધી કાઢવું જોઇએ. આથી પ્રત્યેક ઘરની તપાસ કરવાનું કામ શરૂ થયું અને એમાં પેલા શ્રેષ્ઠીપુત્રના ઘરમાંથી તેની રત્નકરંડિકામાંથી રાજાનું માણિક્યરત્ન મળી આવ્યું રાજાના નોકરોને તો આને અંગેની બીજી કશી વાતની ખબર નથી, એટલે એ

બિચારાઓ તો શ્રેષ્ઠીપુત્રને ખરેખરો ચોર જ માને છે; અને રાજાના આભૂષણની ચોરી એ કાંઇ સામાન્ય ગુન્હો છે ? રાજ્યમાં તો એ મોટો ગુન્હો ગણાય, એટલે રાજનોકરો શ્રેષ્ઠીપુત્રને બાંધીને શિક્ષા કરી રહ્યા છે.

આ વખતે પેલો યક્ષછાત્ર આવીને રાજસેવકોને મારતા અટકાવે છે અને કહે છે કે આનાથી ગંભીર રાજ્યગુન્હો થયો છે એ બરાબર છે. અને આની શુદ્ધિ વિચાર કરીને કરાવાશે. શ્રેષ્ઠીપુત્રને તો બહુ ભય લાગે છે, કારણકે ખૂદ રાજાના આભૂષણની ચોરીનો આરોપ પોતાને માથે આવ્યો છે. મુદ્દામાલ હાથ લાગવાથી ગુન્હો પૂરવાર થઇ ગયો છે. પોતાને નિર્દોષ પૂરવાર કરવાનો કોઇ ઉપાય નથી અને રાજાની સાથે પોતાને ધર્મવિરોધ છે એટલે રાજા શું ય કરી નાખશે ? એવો ભય લાગવો તે પણ સ્વાભાવિક છે.

શ્રેષ્ઠીપુત્ર વિચાર કરે છે કે વસ્તુતઃ 'હું દોષિત નથી, પણ હવે કરવું શું ?' પોતાના મિત્ર યક્ષછાત્રને એ વિનંતિ કરે છે કે 'મહેરબાની કરીને તું રાજાને સમજાવ અને ગમે તે દંડ દઇને પણ મને છોડે એમ કર !'

### યક્ષછાત્રે આપેલું વચન

યક્ષછાત્ર પણ સમજુ છે. એ જાણે છે કે આને હેરાન કરવાને માટે આ ઉપાય યોજાયો નથી, પણ એને ધર્મ પમાડી એનું કલ્યાણ સાધતો બનાવવાને માટે, બીજાઓનું અકલ્યાણ કરતો અટકાવવાને માટે અને બીજાઓને તે જાતે પણ કલ્યાણમાર્ગે દોરવા ઉદ્યત થાય એવો બનાવવાને માટે જ રાજાએ આ ઉપાય યોજ્યો છે.

શરીરનિગ્રહની શિક્ષા તો એને કરવાની જ નથી. માત્ર એ જ બતાવવાનું છે કે માણસ ધારે અને ખૂબ ભયભીત બની જાય તો મનોનિગ્રહ તથા ઇન્દ્રિય નિગ્રહ કરી શકે છે અને એથી શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલ અપ્રમત્તત્તાનો સદુપદેશ એ નિરર્થક નથી. આથી યક્ષછાત્ર પેલા શ્રેષ્ઠીપુત્રને કહે છે કે 'તું બેફીકર રહે, શરીરનિગ્રહ સિવાયની બીજી જે કાંઇ શિક્ષા હશે, તે હું તને રાજાને કહીને અપાવીશ.'

શ્રેષ્ઠીપુત્ર કહે છે કે 'તો તો ઘણું સારૂં ભાઇ ! તારો એ માટે ઘણો મોટો ઉપકાર.'

### જિતશત્રુ રાજાએ કરેલી વિચિત્ર શિક્ષા

શ્રેષ્ઠીપુત્રના આ રીતના મનોભાવનું પરિણામ પામીને યક્ષછાત્રે પણ રાજાને પદ્ધતિસર વિનંતિ કરી અને શરીરનિગ્રહ સિવાયનું પ્રાયશ્ચિત આપવાને માટે શ્રેષ્ઠીપુત્રની વતી જણાવ્યું.

રાજાએ કહ્યું કે, 'આ શ્રેષ્ઠીપુત્રને જીવતો છોડી દેવાને હું તૈયાર છું, પણ તે એક શરતે ! એને હું એટલી જ શિક્ષા કરૂં છું કે, તેલથી ભરેલું પાત્ર બંને હાથોમાં ગ્રહણ કરીને એણે નગરમાં ભમવું. આ પ્રમાણે નગરમાં ભ્રમણ કરતાં, તેલનું જો એક બિંદુ જમીન ઉપર પડી જવા પામશે, તો નિશ્ચયથી એનો વધ કરવામાં આવશે અને જો તેલનું એક પણ બિંદુ પડવા નહિ પામે તો બીજી કોઇપણ શિક્ષા કર્યા વિના જ એને છોડી મૂકવામાં આવશે.' રાજાએ કરેલી શિક્ષા જ રાજાનો હૃદયગત હેતુ શો હતો ? એ સ્પષ્ટ કરી દે છે.

શ્રેષ્ઠીપુત્રને જીવન તો પ્રિય છે. જીવન કોને પ્રિય ન હોય ? દુ:ખમાં ડૂબી ગયેલાને પણ મરવું ગમતું નથી. આત્મઘાત કરનારાઓ પણ આવેશમાં આવીને અમુક કૃત્ય કરી બેસે છે, પણ તે પછી એવા તરફડે છે કે, એમનું દુ:ખ એજ જાણે. એ દુ:ખ જોવું પણ બીજાઓને ભારે થઇ પડે છે. મરણનો ભય એ જેવો તેવો ભય નથી. મરણનો ભય જ્યારે માથે આવી પડે છે, ત્યારે જીવ શું નથી કરતો ? દુનિયામાં પણ કહેવાય છે કે, 'એક મરણીયો સોને ભારી !' કારણકે સો જીવિતના અર્થી હોય છે, જ્યારે પેલો ભલે એકલો રહ્યો, પણ જીવિતથી નિરપેક્ષ હોય છે. મહાજ્ઞાનીઓ સમજુ હોવાથી કર્મયોગે આવતા મરણથી મૂંઝાય નહિ, પણ મરણનું નિમિત્ત નષ્ટ કરવાને તો તેઓ પણ ઉદ્ધત હોય છે. બાકી કોઇ આદમી આવેશવશ મરણીયો બને, એની ગણના ન ગણાય. શ્રેષ્ઠીપુત્રને પોતાનું જીવન તો વહાલું જ છે. બીજાઓની હિંસા એને સારી લાગતી હતી, પણ કાંઇ પોતાની હિંસા થોડી જ સારી લાગતી હતી ? પોતાના વધની વાત સાંભળીને તો એ કંપી ઉઠ્યો છે. અને એથી રાજાની આજ્ઞા સાંભળીને શ્રેષ્ઠીપુત્ર કહે છે કે, 'આપે

ફરમાવ્યું તેમ બે હાથમાં તેલના પાત્રને ગ્રહણ કરીને, તેલનું એક બિંદુ પણ નીચે પડવા દીધા વિના જ નગરમાં ભમવાનો હું યથાશક્તિ પ્રયત્ન કરીશ.'

### રાજા ધર્મી છે પણ ક્રૂર નથી

અહીં એ યાદ રાખજો કે જિતશત્રુ રાજાએ 'તેલનું એકપણ બિંદુ પડશે તો વધ કરવામાં આવશે' એવું કહ્યું છે ખરૂં, પણ તે કેવળ બીક બતાવવા પૂરતું જ કહ્યું છે શ્રેષ્ઠીપુત્રને જે ઈન્દ્રિયનિગ્રહ તથા મનોનિગ્રહ કરવાનો છે, તેમાં એ ખૂબ ખ્યાલવાળો બન્યો રહે એ પૂરતી જ રાજા તરફથી ધાક બતાવવામાં આવી હોય, એમ પ્રસંગ જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે; બાકી રાજા તો ઉદાર છે, ધર્મી છે, એટલે એનામાં ક્રૂરતા સંભવે જ કેમ? વળી શ્રેષ્ઠીપુત્ર નિર્દોષ છે એમ પણ રાજા તો જાણે જ છે, એટલે ભવિતવ્યતાને યોગે શ્રેષ્ઠીપુત્રની ભૂલથી તેલનું બિન્દુ પડી પણ જાય, તોય રાજા કાંઈ શિક્ષા કરે જ નહિ ! અથવા તો એવું કાંઈ બને તો પણ રાજા સંયોગ મુજબ પરોપકારનો બીજો કયો ઉપાય અજમાવે ? તે કહી શકાય નહિ.

### શ્રેષ્ઠીપુત્રે સાધેલી સફળતા

શ્રેષ્ઠીપુત્રે યથાશક્તિ પ્રયત્ન કરવાનું કબૂલ કર્યું, એટલે રાજાએ તે વધારે સાવચેત રહે એ માટે સૈનિકોને આજ્ઞા કરી કે તમારે ઉઘાડી તલવારે આ શ્રેષ્ઠીપુત્રની ચારેય દિશાએ ચાલવું અને જોયા કરવું કે તૈલપાત્રમાંથી તેલનું એક પણ બિન્દુ પડે નહિ; જો શ્રેષ્ઠીપુત્ર તેને કરાએલી શિક્ષા મુજબ વર્તવામાં પ્રમાદ કરે તો તેને બરાબર શિક્ષા કરવી. બીજી તરફ રાજાએ નગરના રસ્તાઓમાં શ્રેષ્ઠીપુત્રના ચિત્તને ચલાયમાન કરાવવાને માટે ઉત્સવ પણ કરાવ્યો નગરના મુખ્ય મુખ્ય રસ્તાઓમાં વિવિધ વાજિંત્રો વાગતાં હોય, નાટારંભ ચાલતા હોય અને મનને લોભાવી ચલિત કરી નાંખે એવાં દૃશ્યો ઠેર ઠેર ગોઠવાયાં હોય, છતાંય ક્યાંય દૃષ્ટિ ન જાય અને મન તથા દૃષ્ટિ એકાકાર જેવાં બનીને તૈલપાત્રમાં ચોંટી રહે, એ બને ? પણ બન્યું, કારણકે 'જરાક ચંચળતા આવી તો મૃત્યુ નિયત છે' એવું મનમાં બરાબર જચી ગયું હતું. એના જ યોગે, મન વચન અને કાયાના ચંચળતાના પરિહારપૂર્વક શ્રેષ્ઠીપુત્ર નગરમાં ભમીને રાજાની પાસે આવી પહોંચ્યો.

**શ્રેષ્ઠીપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ**

રાજાએ કહ્યું કે તું પોતે જ્યારે આવું અત્યંત દુષ્કર કાર્ય પણ જીવિતની પ્રબળ ઇચ્છા તથા મરણભયના યોગે કરી શક્યો, તો પછી 'આ જગતમાં કોઈ અપ્રમાદી નથી એવું મિથ્યાવચન તું કેમ બોલે છે ?'

શ્રેષ્ઠીપુત્રે કબૂલ કર્યું કે 'આપ કહો છો તે બરાબર છે કે એક વસ્તુનું જો પ્રબળ અર્થીપણું થઈ જાય અને એમ કર્યા વિના કોઈ મહાભય સાથે ઝઝૂમી રહેલો છે એમ લાગે, તો કાયિક, વાચિક અને માનસિક સંયમ રહેવો, એ અસંભવિત નથી' આ પછી રાજાએ તે શ્રેષ્ઠીપુત્રને ધર્મમાર્ગનો પ્રતિબોધ કર્યો અને કહ્યું કે 'મરણ માત્રના ભયથી તું દુષ્કર અપ્રમત્તતાભાવને અંગીકાર કરી શક્યો, તેમ અનંત અને અપરિમાણ મરણાદિ દુઃખોથી ત્રાસેલા મુનિવરો, તે દુઃખોથી મૂકાવાને માટે ઉદ્યુક્ત થઈને અપ્રમત્તપણાને સેવે છે !'

શ્રેષ્ઠીપુત્રને પણ હવે તો લાગ્યું કે 'બરાબર છે.' અને એથી આ નિમિત્તને પામીને તે ધર્મી બની ગયો.

**આત્મચિંતાને ખૂબ સતેજ બનાવવાનો પ્રયત્ન કરો**

ભવ ભયરૂપ લાગે અને ભયંકર ભવ આત્માને બરાબર ભયભીત બનાવી મૂકે તો આત્માની જ ચિંતામાં પડેલો આત્મા આ રીતે ધર્મપ્રયત્નમાં અપ્રમાદ ભાવને પામી શકે છે. જો કે ભવની આવી ભીતિ લાગવી એ મુશ્કેલ છે; લઘુકર્મી આત્માઓને જ ભવની ભીતિ લાગે છે; પણ ભવથી ભયભીત બન્યા વિના નિસ્તાર થવાનો નથી એય ચોક્કસ છે. આથી ભવ ભયરૂપ ભાસે એ માટે ભવસ્વરૂપ સમજવાને અને વિચારવાને પ્રયત્નશીલ બનવું જોઈએ. ભવ ભયંકર ભાસે તો જ મુક્તિસુખની કિંમત સમજાય અને મુક્તિસુખની કિંમત સમજાય તો જ મુક્તિમાર્ગની આરાધના કરવાનો તીવ્ર ઉલ્લાસ પ્રગટે. આ ઉપરથી સમજાશે કે આત્મચિંતા એ કેટલી આવશ્યક વસ્તુ છે. આત્મચિંતા પાપમાં પાંગળા બનાવે, આત્મચિંતા ધર્મપ્રયત્ન કરવાને પ્રેરે, આત્મચિંતા વળગી જાય તો આત્મા સંસારમાં લુખ્ખો બની જાય. આત્મચિંતા જેટલી સતેજ બને તેટલો વિષય સુખોમાંથી રસ ઉડે. આત્મચિંતાવાળી દશા એટલે આત્મવિચારણામય જાગૃત દશા.

આત્મચિંતા ખાતા-પીતા, પહેરતાં - ઓઢતાં, ઉઠતાં-બેસતાં, હરતાં-ફરતાં અને વિષયોપભોગોના પ્રસંગોમાં પણ ઝળહળતી હોય, પોતાની આત્મચિંતાની થોડીકેય જ્યોત ફેલાતી હોય તો આત્મા કદાચ સંસારની ક્રિયાઓ કરે તોય તીવ્ર બન્ધ પડે નહિ; એટલું જ નહિ પણ વિષયભોગની ક્રિયા કરવાનું ચાલુ હોય એવા પ્રસંગેય જો આત્મા આત્મચિંતાના યોગે શુભ ધ્યાનમાં આરૂઢ થઇ જાય તો કર્મબંધને બદલે કર્મનિર્જરા પણ કરી જાય. ભોગોના ભોગવટામાં નિર્લેપ રહેવાની કળા આત્મચિંતા શીખવે છે. આત્મચિંતા જેની તેજ છે, એવો આત્મા કઇ વખતે અગર તો કઇ ક્રિયા કરતાં શુદ્ધ ધ્યાનારૂઢ બની જાય એ કહી શકાય નહિ. શ્રી ભરતચક્રવર્તી આરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, તે શાથી ? જાણો છો કે એ કેવી આત્મચિંતાવાળા હતા ?

**સભા** : આત્મચિંતા હતી માટે જ ચેતવનારા સાધર્મિકો નિયોજ્યા હતા.

**પૂજ્યશ્રી** : પુણ્યાઢ્ય રાજા સ્ત્રીને કપાળમાં તિલક કરતાં કેવળજ્ઞાન પામ્યા અને શ્રી ગુણસાગર શ્રેષ્ઠીપુત્ર લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન પામ્યા. આ પ્રભાવ આત્મચિંતાનો છે; એટલે જેનામાં આત્મકલ્યાણની કામના હોય તેણે આત્મચિંતાશીલ બનવું અને પોતાની આત્મચિંતાને જેમ બને તેમ વધુ સતેજ કરવાના પ્રયત્નમાં લાગ્યા રહેવું એ જ કલ્યાણ સાધનાનો ઉત્તમોત્તમ માર્ગ છે.

આપણે જોઇ ગયા કે વિષયોમાં વિરક્ત ભાવવાળા શ્રી ભરતજી ગાન્ધર્વ નૃત્યને ગીતોથી પણ રતિને પામતા નથી; એટલું જ નહિ પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન બન્યા છે. 'સિદ્ધિસુખને પ્રાપ્ત કરાવનાર ધર્મને જો હું તરૂણપણામાં નહિ કરૂં તો વૃદ્ધાવસ્થામાં મારે શોકરૂપ અગ્નિમાં શેકાવું પડશે' આવી આત્મચિંતાવાળા એ બન્યા છે અને એથી પાંજરામાં પૂરાએલા સમર્થ સિંહની જેમ દિવસો પસાર કરી રહ્યા છે. શ્રી ભરતજીની આ પ્રકારની સંવિગ્નતા, તેમની માતા કૈકેયીથી છૂપી રહેતી નથી. કૈકેયી જઇને શ્રી રામચંદ્રજીને એ વાતની ખબર આપે છે. શ્રી રામચંદ્રજી પણ જાણે છે કે આ કાંઇ રાજ્યના લોભથી

 રાજવી બન્યા નથી. શ્રીરામચંદ્રજી શ્રીભરતજીની દીક્ષા લેવાની ઇચ્છાને પણ જાણે છે; આમ છતાં તેમનામાંય મોહ તો છે ને ? શ્રીરામચંદ્રજી જો કે સમ્યગ્દષ્ટિ છે, ધર્માત્મા છે, પણ મોહ જીતીને બેઠા નથી. મોહોદયના યોગે વિરાગીને સ્નેહસંબંધ તોડતો અટકાવવાના પ્રયત્નો થવા એ સહજ છે, પણ એ આત્માઓ માર્ગને માટે કે માર્ગના ઉપદેશકોને માટે તો જરાય આડું-અવળું બોલે કરે નહિ. સમ્યગ્દર્શન અને મોહનો ઉદય, બે સાથે છે ને ? ક્ષાયોપશમિક ભાવ અને ઔદયિક ભાવ બેય હોય તો બન્નેય કામ કરે. મિથ્યાત્વનો ક્ષયોપશમ મોક્ષમાર્ગ તથા મોક્ષમાર્ગના ઉપદેશક પ્રતિ એવા અવસરેય દુર્ભાવ ન આવવા દે અને મોહનો તીવ્ર ઉદય હોય તો પોતાનો સ્નેહી પોતાને છોડી ચાલ્યો જવા માગે તે સહન પણ ન કરવા દે !



**જ્યારે આજની દશા તો જુદી જ છે**

આજે તો દશા જ જુદી છે. વિના કારણ કો'કને દીક્ષા લેતો સાંભળીને માર્ગને અને માર્ગદેશક સાધુઓને ભાંડનારા વધી પડ્યા છે અને એવાઓનો જ આ કોલાહલ છે. ધર્મીઓએ આવા અવસરે એવા કોલાહલખોરોથી જરાય ગભરાવું જોઇએ નહિ, પણ જે માર્ગને એ લોકો ભાંડે છે તે માર્ગે જવા તૈયાર થયેલાઓને તેમજ એ માર્ગના ઉપદેશક સુગુરૂઓને પણ એવા વધાવી લેવા જોઇએ કે જેથી પેલાઓને થાય કે આપણી બળતરા કેવળ આપણને જ બાળે છે. એમનું કામ તો ચાલુ જ છે. એમના કોલાહલનું નિમિત્ત ધર્મીઓને ધર્મમાર્ગમાં વધારે દૃઢ બનાવનારૂં નિવડવું જોઈએ. એમ થાય તો જ એ કોલાહોલખોરો ધર્મમાર્ગમાં વિઘ્નો નાંખતા અટકે.

**શ્રીરામચંદ્રજી એ શ્રીભરતજીને કરેલી યાચના**

શ્રીભરતજી સંવિગ્ન મનવાળા બન્યા છે એમ જાણીને શ્રીરામચંદ્રજી એ શ્રીભરતજીને મધુર વચનોથી જે વસ્તુ કહી, તેને દર્શાવતાં શ્રી 'પઉમચરિયં' ના રચયિતા પરમર્ષિ ફરમાવે છે કે,

*"અમ્હ પિયરેણ જો વિ હુ, ભરહ ! તુમં ઠાવિઓ મહારજ્જે ।*
*તં ભુઞ્જસુ નિસ્સેસં, વસુહં તિસમુદ્દપેરન્તં ॥૧॥*

''*एयं सुदरिसणं तुह, वसे य विज्जाहराहिवा सव्वे ।*
*अहयं धरेमि छत्तं, मन्ती वि य लक्खणो नियय़ं ॥२॥*
''*होई तुहं सत्तुहणो, चामरधारो भडा य सन्निहिया ।*
*बन्धव ! करेहि रज्जं, चिरकालं जाइओ सि मया ॥३॥*
''*जिणिऊण रक्खसदीवं, इहागओ दरिसणुस्सुओ तुज्झं ।*
*अम्हेहि समं भोगे, भोत्तूणं पव्वइज्जासु ॥४॥''*

શ્રી રામચંદ્રજી પોતાના લઘુબંધુ શ્રી ભરતજીને સૌથી પહેલી વાત તો એ કહે છે કે 'આ મહારાજ્ય ઉપર પિતાજીએ તને સ્થાપન કર્યો છે. અર્થાત્ પિતાજીએ જે કાંઇ કર્યું છે તેવું ઉલ્લંઘન કરવું એ ઠીક નથી.' એમ સૂચવીને કહે છે કે 'માટે તું ત્રણ સમુદ્રના અંત સુધીની સઘળી ય પૃથ્વીને ભોગવ !' અહીં શ્રી રામચંદ્રજી એમ પણ સૂચવે છે કે, 'પિતાજીએ મહારાજ્ય ઉપર તને સ્થાપિત કરેલો હોવાથી, અમે જે ભૂમિઓ અને દ્વીપો ઉપર વિજય મેળવ્યો છે, તેનો માલિક પણ તું જ છે.' હવે આગળ વધીને કહે છે કે, 'હે બંધવ ! હું તને યાચના કરૂં છું કે તું ચિરકાળ રાજ્ય કર !' એ કહેવા માટે પીઠિકા કરતા હોય તેમ કહે છે કે 'તારૂં દર્શન અમને ગમે છે; સર્વ વિદ્યાધરોના અધિપતિઓ તને આધીન છે, હું તારો છત્રધર થાઉં, લક્ષ્મણ તારો મંત્રી થાય અને શત્રુઘ્ન તારો ચામરધર બનશે; તેમજ સઘળાય સુભટો તારી પાસે જ રહેશે.' આટલું બધું કહ્યા પછીથી છેલ્લે છેલ્લે શ્રી રામચંદ્રજી કહે છે કે 'રાક્ષસદ્વીપને જીતીને તારૂં દર્શન કરવાને ઉત્સુક એવો હું અહીં આવ્યો છું, તો અમારી સાથે ભોગોને ભોગવીને તું પ્રવજ્યા સ્વીકારજે.'

### રાજગાદીને લેવાની નહિ, પણ દેવાની ધમાલ

કોણ કોને કહે છે, એ બરાબર વિચારો ! મોટાભાઇ નાનાભાઇને કહે છે. રાજગાદીના ખરા હક્કદાર શ્રી રામચંદ્રજી છે. શ્રી રામચંદ્રજી પ્રજાને પ્રિય છે, શક્તિશાળી છે અને અનેક વિદ્યાધર- પતિઓ એમનો પડતો બોલ ઝીલવાને તૈયાર છે. ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં રાજ્ગાદી હસ્તગત કરી શકે તેમ છે. પિતા પણ હાજર નથી, કે જેથી તેમની શરમેય નડે. આમ છતાં પણ પોતે ગાદી લેવાને જરાય ઉત્સુક નથી. રાજગાદી છોડી જવાને તૈયાર થાય છે, ત્યારે શ્રી રામચંદ્રજી છત્રધર બનવાને તૈયાર થાય છે, પણ રાજગાદીએ બેસવાને તૈયાર થતા નથી. શ્રી ભરતજીને હાલ દીક્ષિત

થવાની ના પાડે છે એ મોહના યોગે, પણ રાજગાદી લેવાની એક રૂંવાટેય શ્રી રામચંદ્રજીના દિલમાં ઇચ્છા નથી અને નાનાભાઈના છત્રધર બની રહેવાની તૈયારી છે. એ ગુણ ખરો કે નહિ ? ગાદી ઉપરથી ઉઠાડી મૂકવાની ધમાલ ત્યાં નહોતી. ત્યાં ગાદી લેવાની ધમાલ નહોતી, પણ ગાદી દેવાની ધમાલ હતી.

### આપણે લેવો જોઈતો હિતકર બોધ

આવા પ્રસંગે આપણે આપણી દશાનો વિચાર કરીને જે કાંઈ હિતકર હોય તે ગ્રહણ કરવાને તત્પર બનવું જોઇએ. શ્રી રામચંદ્રજી જેવા ઉત્તમ આત્માને પણ બંધુસ્નેહરૂપ મોહ આ રીતે મૂંઝવે છે, તો આપણી શી હાલત ? માટે જેમ બને તેમ મોહની સામગ્રીથી દૂર રહેવું, કે જેથી મોહના ઉદયને વિષમરૂપ ધારણ કરવાનું નિમિત્ત ન મળી જાય! આવો વિચાર કરવો જોઇએ અને સાથે સાથે શ્રી રામચંદ્રજીની રાજગાદી પ્રત્યેની નિઃસ્પૃહતા વિચારવી જોઇએ. કેવળ બંધુસ્નેહના યોગે જ શ્રીરામચંદ્રજી શ્રીભરતજીને રાજગાદીની સઘળી માલિકી સોંપે છે એમ ન માનતા, બંધુસ્નેહને વશ થઈને કેટલા ભાઈઓએ બાપની સઘળીય મિલ્કત પોતાના નાના ભાઈને વગર ઈર્ષ્યાએ ભોગવવા દીધી અને પોતાની રળેલી લક્ષ્મી પણ આપી દીધી. આજે તો મિલ્કતના લગભગ ઘેર ઘેર કજીયા છે. થોડું ઓછું વધતું થાય તેમય ખમાતું નથી.સગા બાપની સામે કોર્ટોએ જનારા અને સગા ભાઇને રઝળતો કરી મૂકનારા આજે દુનિયામાં હયાત છે. અર્થકામની અત્યંત આસક્તિના યોગે પ્રગટેલી કેવળ પેટભરી, સ્વાર્થી અને શરમ વગરની મનોદશાના યોગે આજના યુગમાં તો કારમા બનાવો બની રહ્યા છે. એ તરફ નજર રાખીને અને પોતે શ્રીરામચંદ્રજીના સ્થાને હોય તો શું કરે એનો વિચાર કરીને શ્રી રામચંદ્રજીએ કહેલાં વચનો વિચારવા જેવાં છે.

શ્રી દશરથનું કુટુંબ એ એક આદર્શ કુટુંબ છે. સંસારમાં રહેલા પણ તે આત્માઓ આજની જેમ સંસારના કીડાઓ નહોતા. માતાપિતા પ્રત્યેનો પૂજ્યભાવ, ભાઇ-ભાઈ વચ્ચેનો સ્નેહ, સાસુવહુનો માતા-પુત્રી જેવો સંબંધ, મોટાભાઇ-નાનાભાઇનો

પિતાપુત્ર જેવો સંબંધ, ઈર્ષ્યાનો અભાવ અને સ્વાર્થની પ્રધાનતાને બદલે ઉદારતાની પ્રધાનતા  આ બધી વસ્તુઓ દશરથના કુટુંબમાં ઝળહળ્યા કરે છે. સૌ પોતપોતાનું કર્તવ્ય બજાવવામાં ઉત્સુક દેખાય છે. કોઇ એકે ભૂલ કરી હોય તોય બીજાઓ તે ભૂલને ઉદારતાથી ખમી ખાતા, પણ સામે ભૂલ કરીને કજીયો વધારતા નહિ.

આજે તો તકરાર જ આ. બાપને પૂછો કે 'તમે આમ કેમ કર્યું ?' તો કહેશે કે 'દીકરો એવો પાક્યો છે માટે !' અને દીકરાને પૂછો તો કહેશે કે 'બાપે ભૂલ કરી માટે મારે અનિચ્છાએ અમુક પગલું ભરવું પડ્યું !' આપણે કહીએ કે 'ભલા, બાપે ભૂલ કરી એમ માની લઈએ, પણ તારી ફરજ શી હતી ? બાપનો ઉપકાર તું કેમ ભૂલ્યો ? એટલું ય ખમી ખાતા ન આવડ્યું ?' તો આજે એવા પણ છે, કે જે કહી દે કે 'મહારાજ! આવી વાતો પુસ્તકોમાં સારી લાગે, બોલવામાં સારી લાગે, પણ દુનિયાના વ્યવહારમાં કામ ન લાગે !' જ્યાં આવા દીકરા હોય અને લગભગ એવા જ વિચારના બાપ પણ હોય, ત્યાં કજીયો થવો એ નવાઇ ન ગણાય, પણ કજીયો ન થવો એ નવાઇ ગણાય. આવું નાના-મોટા ભાઈઓ વચ્ચે, ભાઇ-બેનો વચ્ચે, સાસુ-વહુઓ વચ્ચે, દેરાણી-જેઠાણી વચ્ચે, ઓછા વધતા પ્રમાણમાં દરેક સ્થળે ચાલી રહ્યું છે. આજે મોટામાં મોટી કુટેવ એ પડી ગઈ છે કે પોતાની ફરજ સામે જોવાતું નથી અને સામો જરાક ફરજ ચૂકે તોય તે ખમાતું નથી અને એથી જ પરસ્પર અણબનાવ વધ્યે જાય છે.

## સૌએ પોતપોતાની ફરજ સમજવી જોઈએ

ખરી વાત તો એ છે કે સૌએ પોતપોતાની ફરજ તરફ દૃષ્ટિવાળા બનવું જોઈએ. સૌએ પોતાની ફરજથી જરાપણ ચલિત ન થવાય તેની કાળજીવાળા બની જવું જોઈએ. ગમે તેવો પ્રસંગ આવી લાગે, પણ તે વખતે એ જ જોવું કે 'મારી ફરજ શી છે ?' પોતાની ફરજ જોનાર અને પોતાની ફરજને અદા કરવામાં પ્રમાદ નહિ કરનાર, સામા પક્ષની ફરજચૂક તરફ ઉદારતાથી જોઇ શકે છે; પોતે પોતાની ફરજ ન

 ચૂકે તેમજ સામાની ભૂલને ઉદારતાથી ખમી ખાય, તો પરિણામે ભૂલ કરનારને પ્રાયઃ પસ્તાવો થયા વિના પણ રહે નહિ. આજે આનાથી વિપરીત દશા થઇ ગઇ છે અને એથી જ આંખમાંથી અમી સૂકાઈ ગયું છે, તેમજ ઝેરીલી ઈર્ષ્યા આવી ગઈ છે. એકે ભૂલ કરી એટલે સામો ભૂલ કરે અને પછી ભૂલ કરનાર વધારે ભૂલો કરે એટલે સામો પણ નફ્ફટ બને એ આજે બની રહ્યું છે. પારકી ફરજની જેટલી ચિંતા છે, તેટલી પોતાની ફરજની ચિંતા હોત તો તમારો સંસાર આવો રેઢીયાળ ન હોત ! ઉત્તમ આચારો અને ઉત્તમ વિચારો આજના આર્ય ગણતા સંસારમાં સ્વપ્નવત્ બની ગયા છે. કારણકે પોતાની ફરજ તરફ બેદરકારી આવી અને સામો તેની ફરજ અદા ન કરે, ભૂલે તો તે ખમવાને બદલે તેને પાયમાલ કરવાની વૃત્તિ આવી ! કલ્યાણ સાધવું હોય તો સામો ફરજ બજાવે છે કે નહિ તેના ઉપર કેન્દ્રિત બનેલી દૃષ્ટિને મારી ફરજ શી અને મારે ગમે તે ભોગે મારી ફરજ અદા કરવી જ જોઇએ એ પ્રકારના ધ્યેય ઉપર કેન્દ્રિત થવાને માટે પ્રયત્નશીલ બનો !



### શ્રી દશરથ મહારાજના કુટુંબની ઉત્તમતા

શ્રી દશરથના કુટુંબમાં આ ઉત્તમતા હતી, માટે જ એનાં વખાણ થાય છે. એ ઉત્તમતા ન હોત તો ત્યાં હોળીઓ સળગ્યા વિના રહેત નહિ પણ આખું કુટુંબ સુસંસ્કારી છે.

**સભાઃ** કૈકેયી જેવી અધમ સ્ત્રી પણ એ જ કુટુંબમાં હતી ને ?

**પૂજ્યશ્રી** : કૈકેયીએ ભૂલ કરી, જે કર્યું તે ઠીક ન કર્યું, એ બરાબર છે પણ કૈકેયી અધમ સ્ત્રી હતી એમ કહેવું તે ખોટું છે. કૈકેયીએ જે સંયોગોની વચ્ચે માંગણી કરી છે તે સંયોગો જાણ્યા, સમજ્યા વિના અને વિચાર્યા વિના અધમતાનો ઈલ્કાબ આપી દેવાની ઉતાવળ કરવી એ પણ એક અધમ પ્રવૃત્તિ છે. એટલી એક માંગણી માત્રથી જ કૈકેયીને અધમ ગણવી હોય તો તો આજના લગભગ આખાય સંસારને અધમ કહેવો પડશે.

**સભાઃ** કૈકેયીએ અધમતા નહોતી કરી ?

**પૂજ્યશ્રી** : વસ્તુતઃ એને અધમતા કહેવાય તેમ નથી. એ સંયોગો એવા હતા કે મોહને આધીન થઇને એવી માગણી થઇ જવી એ અસ્વાભાવિક નથી. પતિવિરહની પીડા અને સાથે જ પુત્ર મોહ, આ બેના યોગે માંગણી થઇ ગઇ; પણ તે પછી જે થયું તે વગેરે વિચારો એટલે અધમતાનો મિથ્યા ભ્રમ નીકળી જશે.

**સભા** : કૈકેયીએ કયા સંજોગો વચ્ચે શ્રી ભરતને માટે રાજગાદીની માંગણી કરી હતી ?

**પૂજ્યશ્રી** : આ હકીકત આપણે પહેલાં ઘણા જ વિસ્તારથી જોઇ છે, છતાં આ પ્રસંગે તે હકીકતને ટૂંકમાં જોઇ લઇએ.

રાજા દશરથે એકવાર પ્રસંગ પામીને શ્રી સત્યભૂતિ નામના પરમર્ષિને પોતાના પૂર્વભવોની હકીકત પૂછી શ્રી સત્યભૂતિ નામના મહર્ષિએ પણ રાજા દશરથના કેટલાક પૂર્વભવો કહી સંભળાવ્યા. પૂર્વભવોને સાંભળીને રાજા દશરથ વૈરાગ્યવાસિત બન્યા અને દીક્ષા લેવાને તત્પર બન્યા. દીક્ષા લેવાની ઇચ્છા થતાં રાજ્યભાર શ્રી રામચંદ્રજીને માથે મૂકવાને માટે રાજા દશરથ મુનિવરને વાંદીને તત્કાળ રાજમહેલમાં પાછા આવ્યા.

દીક્ષા લેવાને ઉત્સુક બનેલા રાજા દશરથે પોતાની રાણીઓને બોલાવી. પોતાના પુત્રોને, અમાત્યોને પણ બોલાવ્યા. આવેલા સૌની સાથે મીઠો વાર્તાલાપ કરતાં પોતાની દીક્ષા લેવાની ભાવના શ્રી દશરથ રાજાએ વ્યક્ત કરી. આ વખતે બીજાઓ તો કાંઇ બોલ્યા નહિ, પરંતુ શ્રી ભરતજીએ કહ્યું કે ‘હે પૂજ્ય ! આપની સાથે હું પણ સર્વવિરતિધર બનીશ. આપની ગેરહાજરીમાં હું આ ઘરમાં રહીશ નહિ. જો હું આપની સાથે દીક્ષિત નહિ થાઉં અને આ ઘરમાં રહીશ તો મારે બે પ્રકારનાં કારમા કષ્ટો ભોગવવાં પડશે; એક કષ્ટ આપના વિરહનું અને બીજું કષ્ટ સંસારનાં તાપનું. જ્યારે હું આપની સાથે જ દીક્ષિત થઇશ, એટલે આપનો વિરહ વેઠવો નહિ પડે અને સંસારના તાપથી બળવાનું પણ નહિ રહે.”

આ વખતે કૈકેયીના હૈયામાં મોહનો ઉછાળો આવી જાય છે.

 કૈકેયી જાણે છે કે રાજા દશરથને ગમે તે રીતે રોકવા ધારશું તો પણ રોકી શકાશે નહિ અને વિરાગી શ્રી ભરતેય કાંઇ મારા કહેવાથી સંસારમાં રહે એ બનવાનું નથી. આથી શ્રી ભરતજીનાં વચનો સાંભળીને કૈકેયીને એ જ વિચાર થયો કે જો આ શ્રી ભરત કહે છે તેમ તે પિતા-પુત્રને સાથે જ દીક્ષિત થવાનો નિર્ણય થશે તો મારે પતિ કે પુત્ર કાંઇપણ રહેશે નહિ. આ વિચારે કૈકેયી ભય પામી.



પતિ તો જવાના જ છે, રોક્યા રોકાય તેમ નથી, રોકાવાનું કહેવું એ પણ દુનિયામાં ખરાબ કહેવાય, એટલે એનું કાંઇ નહિ, પણ એકનો એક દીકરો ય સાથે જાય એ કેમ ખમાય ? માને એકના એક દીકરાનો આવો મોહ થવો અને તે પણ જે સમયે પતિવિરહનો પ્રસંગ આંખ સામે ઉભો થયો છે તેવા સમયે એ શું અસ્વાભાવિક છે ? મોહ ઉપર વિજય મેળવી ચૂકેલા અગર તો મોહના જોરને મંદ બનાવી ચૂકેલા આત્માઓની વાત જાવા દો! વીતરાગપણાની કે મોટા નિર્મોહીપણાની દૃષ્ટિએ આ પ્રસંગને ન જુઓ. આવા પ્રસંગે પણ કૈકેયીને આટલો મોહ ન થયો હોત તો આપણે એની એ નિર્મોહતાને હાથ જોડત. એમ કહેત કે 'લઘુકર્મી વિરલ માતાઓથી જ થઇ શકે એવું કૃત્ય કૈકેયીએ કર્યું !' પણ એટલી ઉંચી હદે પહોંચેલા આત્માઓ આ દુનિયામાં બહુ થોડા હોય છે.

### મોહનો ઉદય ભલભલાને પણ મૂંઝવે છે

શ્રી રામચંદ્રજી જેવા ઉત્તમ પણ આત્મા, મોહોદયના યોગે શ્રી ભરતજીને શું કહે છે ? આગળ શ્રીમતી સીતાદેવી દીક્ષા લેવા જાય છે. એ પ્રસંગ આવે ત્યારે જો જો કે મોહ કેવી રીતે ઉત્તમ આત્માઓને પણ થોડીવારને માટે પાગલ જેવા બનાવી મૂકે છે. મોહના ઉદયને આધીન ન થવું અને સ્વભાવસિદ્ધિ માટે સતત પ્રયત્નશીલ બન્યા રહેવું એ તો સાધુઓમાં પણ મહામુનિઓથી જ બને છે, એમ સામાન્ય રીતે ખુશીથી કહી શકાય. સરાગ સંયમ અને પ્રમત્ત ગુણસ્થાનક આ શું છે? રાગ કેમ? પ્રમાદ કેમ? સમર્થ પણ મુનિવરો કોઇ કોઇ પ્રસંગે ગબડ્યા

તે કેમ? ચૌદ પૂર્વધર પડે ને નિગોદમાં જાય એમેય બને, તે કેમ? આ બધી વસ્તુઓ સમજવા જેવી છે.

મોહનો ઉદય એ બહુ કારમી વસ્તુ છે. મોટા મોટાઓને પણ મોહનો ઉદય મૂંઝવી નાંખે એ બનવાજોગ છે. ત્યાં કૈકેયીની શી વિસાત? કૈકેયી એ પ્રસંગે પણ પોતાના પતિને અને પૂત્રને આનંદભરી વિદાય આપી શકી હોત, તો એ મહા અભિનંદનને પાત્ર જરૂર ગણાત, પણ 'મારે પતિ કે પુત્ર કાંઇપણ રહેશે નહિ' એવો વિચાર આવી જવો એ મોટી વાત નથી; તેમજ એ વિચારના યોગે ભય પામીને પોતાનો એકનો એક પુત્ર સંસારમાં રહી જાય એ માટે એક મોહમાં બેઠેલી સ્ત્રી પ્રયત્ન કરે, તો એટલા માત્રથી તેને અધમ ન જ કહી શકાય. પતિ અને પુત્ર બંનેયને એક સાથે ગુમાવવાના વિચારથી ભય પામેલી કૈકેયી, પોતાના એકના એક પુત્ર શ્રી ભરતને યુક્તિપૂર્વક રોકી લેવાનો નિર્ણય કરે છે; અને એ માટે એને એક જ ઉપાય સૂઝે છે.

### કૈકેયીએ અજમાવેલી યુક્તિ

શ્રી દશરથ રાજા સીધી રીતે તો શ્રી ભરતને સંસારમાં રહેવાનું કહે નહિ અને શ્રી ભરત બીજાના કહેવાથી સંસારમાં રહે નહિ, એમ હોવાથી કૈકેયી એવી યુક્તિ અજમાવે છે કે દશરથ રાજાની આજ્ઞાથી જ શ્રી ભરતને રોકાઈ રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. કૈકેયી શ્રી દશરથ રાજાને કહે છે કે, 'હે સ્વામિન્ ! મારા સ્વયંવરના ઉત્સવ સમયે મેં આપનું સારથીપણું કર્યું હતું અને એથી ખુશ થયેલા આપે મને એક વરદાન માગવાનું કહ્યું હતું એ આપને યાદ છે ? હે નાથ ! અત્યારે હું તે વરદાન માગું છું. આપ આપની પ્રતિજ્ઞાને સત્ય કરી બતાવનારા છો અને કાળ જવાથી કાંઇ મહાપુરૂષો કરેલી પ્રતિજ્ઞાની ઉપેક્ષા કરનારા બને નહિ; કારણકે મહાત્માઓની પ્રતિજ્ઞા પાષાણમાં કોતરેલી રેખા જેવી હોય છે.

રાજા શ્રી દશરથ જુએ છે કે કૈકેયીએ વરદાનની માંગણી કુવખતે કરી છે; છતાં મારે માંગણી તો સ્વીકારવી જ જોઇએ અને

મારા આપેલા વરદાનની ખાતર હું સંસારમાં રહી જાઉં. એ પણ બને નહિ. સંયમની સાધનામાં સંસારની પ્રતિજ્ઞા આડે આવી શકે નહિ. સંયમની સાધના માટે સંસારની પ્રતિજ્ઞાઓને તોડવી પડે તો તોડવી એ પ્રતિજ્ઞાભંગ નથી. કારણકે મોક્ષના હેતુથી અનંતજ્ઞાનીઓની આજ્ઞા મુજબ વર્તવા તત્પર બનવું એજ સાચી કલ્યાણકારી પ્રતિજ્ઞા છે.

આથી જ કૈકેયીએ કરેલી વરદાનની માંગણીનો જવાબ આપતાં શ્રી દશરથ રાજા કહે છે કે, 'મેં તને જે વચન આપ્યું છે, તે મને હજુ પણ યાદ જ છે; હું તે વાત ભૂલી ગયો નથી; હું તને હજુ ય વરદાન આપું છું, પણ તે હવે એક શરતે કે તારે વરદાનનો ઉપયોગ મને દીક્ષા લેતા નિષેધ કરવામાં નહિ કરવો ! એક વ્રત લેવાના નિષેધ સિવાય મારે આધીન જે કાંઇ હોય, તે તું માંગી લે !'

વરદાનમાં સંસારમાં રહેવાનું માંગે તો ? સંયમ ન લેશો એવી માંગણી કરે તો ? શ્રી દશરથ રાજા મોહના યોગે શું શું બને તે જાણે છે; આથી પહેલેથી જ સ્પષ્ટતા કરી લીધી કે 'વ્રત લેવાનો નિષેધ કરવા સિવાય મારે આધીન જે કાંઇ હોય એમાંનું તારે જે માંગવું હોય તે માંગ!'

બસ, હવે કૈકેયી કહે છે કે 'હે સ્વામિન્ ! આપ પોતે દીક્ષા જ લેતા હો, તો રાજ્ય મારા પુત્ર શ્રી ભરતને આપો !' શ્રી ભરતજીને દશરથ રાજા રાજ્ય આપે, એટલે શ્રી ભરતજી દીક્ષા લેતા અટકી જાય કે નહિ ? અટકી જ જાય, કારણકે પછી ગમે તેમ થાય તોય બીજું તો કોઇ રાજ્ય લે નહિ અને શ્રી ભરતજી રાજ્ય ન લે તો શ્રી દશરથ રાજા મોટી મુશ્કેલીમાં મૂકાય પરિણામે શ્રી ભરતજીને રાજ્ય લેવું પડે !

### મોહોદયના યોગે થતી આત્માની વિચિત્ર હાલત

આ વસ્તુ વિચારી શકનારા, કૈકેયીને જગતના સામાન્ય આત્માઓથી હલકી માનવાને નહિ જ લલચાય. ધણી જાય અને સાથે એકનો એક દીકરો પણ જાય, એવા વખતે મોહને વશ એક માતા પોતાના દીકરાને રોકી રાખવાના જ હેતુથી, રાજ્યલોભથી નહિ, રાજમાતા બનવાના લોભથી નહિ, સત્તા ભોગવવાની લાલસાથી

નહિ, એક માત્ર દીકરાને જતો રાકવાના હેતુથી જ આવી માંગણી કરે, તો તે અસ્વાભાવિક છે, એમ કહેનારા મોહોદયના સ્વરૂપને અને મોહોદયના યોગે આત્માઓની થતી હાલતને જાણતા જ નથી એમ કહેવું પડે. કૈકેયીના મોહોદયનો આ બચાવ નથી. 'મોહોદયને કૈકેયી આધીન ન બની હોત તો તે ભૂલ ગણાત' એમ કહેનારા મૂર્ખા છે; પણ એક વાત ચોક્કસ છે કે જે સંયોગો વચ્ચે કૈકેયીએ માંગણી કરી છે, તે સંયોગોમાં કોઈ જવલ્લે જ એવી માંગણી કર્યા વિના રહી શકે. એ સંયોગોમાં તો કૈકેયીની માંગણી કરતાં ઘણી નીચી કોટિની માંગણી કરનારાઓની સંખ્યા ઘણી જ નીકળી આવે.

કૈકેયીએ આ એવી યુક્તિ અજમાવી કે શ્રી ભરતજીને ફરજીયાત રહેવું જ પડે. શ્રી દશરથ રાજા ખૂદ એમ કહે કે 'મારી પ્રતિજ્ઞાને નિરર્થક બનતી અટકાવવાને માટે પણ તું રાજ્ય લે અને સંસારમાં રહે !' બન્યું છે પણ એમ જ. કૈકેયીએ માંગણી કરી કે 'આપ દીક્ષા લેતા હો તો મારા પુત્ર શ્રી ભરતને રાજ્ય આપો !' આ શબ્દો પૂરા થયા ન થયા ત્યાં તો શ્રી દશરથ રાજાએ શ્રી ભરતને માટે કહી દીધું કે 'લે આ પૃથ્વી હમણાં જ લઈ લે !'

શ્રી દશરથને શ્રી રામચંદ્રજીને માટે કેટલી બધી ખાત્રી હશે ? બહુ વિચારવા જેવી વાત છે. રાજ્યનો હક્ક પિતાના વચન ખાતર પુત્ર જતો કરે, એ બને ? બાપના વચન ખાતર તો શું, પણ બાપની આંખોમાંથી આંસુ નીતરતાં જૂએ, બાપની ફજેતી થતા જુએ, તો ય પોતાના સુખના ભોગે બાપને સુખ ઉપજે તેમ વર્તનારા કેટલા ? પણ આ તો શ્રી રામચંદ્રજી છે. દશરથ રાજાને ખાત્રી છે કે. "હું આ રાજ્ય ગમે તેને આપી દઉં, તોય રામ ના પાડે જ નહિ !" આથી જ એ જ વખતે કહી દે છે કે "લે, આ રાજ્ય હમણાં જ લઈ લે !"

**શ્રી દશરથ રાજાને શ્રી રામચંદ્રજીએ આપેલો મનનીય ઉત્તર**

આ રીતે રાજ્યદાન કરી દીધા પછી શ્રી દશરથરાજા શ્રી રામચંદ્રજીને બોલાવીને કહે છે કે "હે વત્સ ! પૂર્વે મારું સારથીપણું

કરવાથી પ્રસન્ન થઈને મેં કૈકેયીને એક વરદાન આપ્યું હતું. અત્યારે તે વરદાન શ્રી ભરતને રાજ્ય આપવાની માંગણી કરવારૂપે કૈકેયી માગે છે." આટલું કહીને શ્રી દશરથ રાજા મૌન થઈ જાય છે. જુએ છે કે શ્રી રામચંદ્રજી ઉપર હવે કેવી અસર થાય છે ? પણ શ્રી રામચંદ્રજી તો હર્ષ પામીને કહે છે કે "મહાપરાક્રમી એવા મારા ભાઈ શ્રી ભરતને રાજ્ય મળે એવું મારી માતાએ વરદાન માગ્યું તે બહુ સારૂં કર્યું છે."

આટલું હર્ષપૂર્વક કહ્યા પછી શ્રી રામચંદ્રજી પોતાનું દુ:ખ વ્યક્ત કરે છે શ્રી રામચંદ્રજી કહે છે કે "પિતાજી ! આપ તો આ વિષયમાં મને, આપની મારા ઉપર મહેરબાની હોવાથી પૂછો છો, પણ લોકમાં તો આ હકીકત મારા અવિનયની સૂચક ગણાય તેનું મને દુ:ખ છે. લોકને એમ થાય કે રામ શું એવો અવિનયી હશે કે જેથી બાપને પોતાનું રાજ્ય બીજાને આપતાં પહેલાં રામને પૂછવું પડ્યું ?"

આવો તો કોઈ વિનય છે ? બાપ હક્કદારને રાજ્ય ન આપે અને બીજાને આપવા પૂરતું હક્કદારને પૂછે એ ખોટું છે ? શું બાપે પૂછવું ન પડે ? પૂછ્યા વિના બાપથી અપાય ? બાપ પૂછે એટલા માત્રથી દીકરો અવિનયી ગણાય, એમ? વિનયની કાંઈ મર્યાદા ? આ બધા પ્રશ્નો આજે ઉઠે તો નવાઈ નહિ; કારણકે વિનય ગયો છે અને સભ્યતાનો દંભ પેઠો છે. શ્રી રામચંદ્રજી તો એમ જ માનતા હતા કે રાજ્ય આપી દેતા બાપને જો હક્કદાર પુત્રને પણ પૂછવું પડે તો તે હક્કદાર પણ દીકરાનો અવિનય જ ગણાય.

શ્રી રામચંદ્રજી તો ત્યાં સુધી કહે છે કે "આપે સંતુષ્ટ થઈને રાજ્ય મારા ભાઈને જ આપ્યું છે, પણ કદાચ આપ ગમે તેને આપો તો પણ તેમાં 'હા' ભણવાની કે 'ના' ભણવાની, નિષેધ કરવાની કે સંમતિ આપવાની મને કશી જ સત્તા નથી; કારણકે હું તો આપના સેવક જેવો છું." અને આ પછી છેલ્લે છેલ્લે એમ પણ કહે છે કે "શ્રી ભરત છે તે હું જ છું; આપને માટે અમે બન્નેય સરખા છીએ, માટે આપ મોટા હર્ષથી શ્રી ભરતનો રાજ્યાભિષેક કરો."

### શ્રી ભરતજીને થયેલી વેદના

શ્રી રામચંદ્રજીનો આવો ઉત્તર સાંભળીને શ્રી દશરથ રાજા

આનંદ સાથે વિસ્મય પામ્યા અને શ્રી ભરતના રાજ્યાભિષેક માટે મંત્રીઓને સૂચન કરવા લાગ્યા. શ્રી ભરતજી બધુ જોઈ રહ્યા છે. એમને લાગે છે કે મામલો વિફર્યો. પોતે રાજ્ય લેવાને એક અંશે પણ ઇચ્છતા નથી. શ્રી દશરથ રાજાની આ પ્રવૃત્તિ પણ તેમને ગમતી નથી. 'કોઇના વચન ખાતર પોતાને આવો અન્યાય નહિ થવો જોઇએ.' એમ શ્રી ભરતજી માને છે. વગર માગ્યે પિતાજી રાજ્ય આપે, એ અન્યાય ? પોતે માંગ્યુ નથી, પિતા આપે છે; છતાં અન્યાય ? તમને લાગે કે ન લાગે, પણ શ્રી ભરતજીને લાગે છે. શ્રી ભરતજીને પોતાની માતા કૈકેયી પ્રત્યે રોષ ચઢે છે; અને એ બધાના યોગે શ્રી ભરતજી પોતાના પિતા શ્રી દશરથ રાજાને કહે છે કે "હે પૂજ્ય ! આપની સાથે દીક્ષા લેવાની મેં પહેલેથી જ પ્રાર્થના કરેલી છે, તો કોઇના વચન ખાતર આપ મારી પ્રાર્થનાને અન્યથા કરો એ આપને માટે યોગ્ય નથી." શ્રી ભરતજી મનમાં કેટલી બધી વેદનાથી પીડાતા હશે, ત્યારે આવું બોલ્યા હશે એની કલ્પના કરો ! વિનીત પુત્ર મનમાં બહુ દુ:ખી ન થયો હોય તો આવું બોલી શકે જ નહિ, એટલામાં સમજી જાવ !

શ્રી દશરથ રાજાને પોતાને જ શ્રી ભરતજીને રાજ્ય ભોગવવાનું દબાણ કરવું પડે છે. દશરથ રાજા શ્રી ભરતજીને કહે છે કે "હે વત્સ ! તું હવે રાજ્ય નહિ લેવાની હઠ કરીને મારી પ્રતિજ્ઞાને વ્યર્થ ન કર ! તારી માતાને મેં જે વરદાન આપ્યું છે, તે કાંઈ હમણાં તે મારી સાથે વ્રત લેવાની પ્રાર્થના કરી પછી આપેલું નથી; પણ પૂર્વે આપ્યું હતું અને તારી માતાએ તે થાપણરૂપે રાખ્યું હતું. તને રાજ્યદાન હું આપું - એ રૂપે આજે તેણે તે વરદાન માગી લીધું છે; મારી અને તારી માતાની આજ્ઞાને અન્યથા કરવી એ તારે માટે યોગ્ય નથી.'

### શ્રી રામચંદ્રજીનું શ્રી ભરતજી પર દબાણ

જુઓ કે કૈકેયીનો હેતુ આ રીતે પાર પડે છે. ખુદ શ્રી દશરથ રાજાને પણ કહેવું પડ્યું ને ? શ્રી દશરથ રાજાએ આ પ્રમાણે કહેવા છતાં પણ શ્રી રામચંદ્રજી ને લાગે છે કે શ્રી ભરત એમ માનશે નહિ. આથી શ્રી રામચંદ્રજી પણ શ્રી ભરતજીને કહે છે કે "હે ભાઈ ! હું જાણું

 છું કે તારા હૃદયમાં રાજ્યપ્રાપ્તિનો કિંચિત્ પણ ગર્વ નથી, તો પણ હું કહું છું કે પિતાજીના વચનને સત્ય કરવાને માટે તું રાજ્યને ગ્રહણ કર !"

શ્રી ભરતજીને માતા, પિતા અને વડિલ બંધુનું આવું વર્તન અસહ્ય લાગે છે. શ્રી ભરતજીની આંખોમાં આંસુ આવી જાય છે અને શ્રી રામચંદ્રજીના પગમાં પડી હાથ જોડીને શ્રી ભરતજી કહે છે કે "પિતાજી અને આપ જેવા મહાત્માઓ મને રાજ્ય આપવા તૈયાર થાવ એ તો જાણે ઠીક છે, પણ મારે રાજ્ય લેવું એ યોગ્ય નથી." પછી કહે છે કે "આપ રાજા શ્રી દશરથના પુત્ર છો અને હું શું રાજા દશરથનો પુત્ર નથી ? શું હું આપના જેવા આર્યનો નાનો ભાઈ નથી ? કે જેથી હું ગર્વ કરૂં અને ખરેખરો માતૃમુખ ગણાઉં ?"

**શ્રી રામચંદ્રજીએ વનવાસનો કરેલો નિર્ણય**

શ્રી ભરતજીનો આ જવાબ સાંભળીને બધા ચૂપ થઈ જાય છે. શ્રી રામચંદ્રજી મામલાની વિકટતા સમજી જાય છે. આથી શ્રી દશરથ રાજાને શ્રી રામચંદ્રજી કહે છે કે, "હું જ્યા સુધી અયોધ્યામાં છું ત્યાં સુધી શ્રી ભરત રાજ્ય ગ્રહણ કરશે નહિ. આથી હું વનવાસ જાઉં છું." આ પ્રમાણે કહીને રાજા દશરથની આજ્ઞા મેળવીને શ્રી રામચંદ્રજીએ તો ચાલવા માંડ્યું. એટલે શ્રી ભરતે ઊંચે સ્વરે રૂદન કરવા માંડ્યું.

**રાજગાદી માટે કેટલી નિર્લોભતા હશે, તે વિચારો !**

મહારાજા શ્રી દશરથનું કુટુંબ આ છે. રાજ્ય લેવાની પડાપડી નહિ પણ દેવાની પડાપડી દેખાય છે. શ્રી રામચંદ્રજી અને શ્રી ભરતજી બંનેનો પરસ્પરનો વાર્તાલાપ વિચારનારને તો એમ થાય કે, 'આમાં કોઈમાં કમીના નથી.'

આ તો પહેલાં બની ગયેલી વાત છે, પણ આપણે શ્રી ભરતજીની દીક્ષાભાવનાના ચાલુ પ્રસંગમાંય એ જોયું કે, શ્રી રામચંદ્રજી પોતે છત્રધર બનવાનું કહે છે, શ્રી લક્ષ્મણજીને માટે તે મંત્રી થશે એમ કહે છે અને શત્રુઘ્ન ચામરધર બનશે એમ કહે છે; કારણકે પોતે જેમ રાજ્યથી નિરપેક્ષ છે, તેમ શ્રી લક્ષ્મણજી અને શત્રુઘ્ન પણ શ્રી ભરતને રાજા તરીકે સ્વીકારવાને તૈયાર નથી એમ પણ નથી.

ઉત્તમ આત્માઓથી ભરેલું આ કુટુંબ છે. શ્રી ભરતજી રાજા છે પણ તેમનામાં રાજાપણાનો ગર્વ નથી. વડિલ બંધુને પિતાતુલ્ય માનવામાં તેમને સંકોચ નથી ખરેખર. આવા આત્માઓનાં ચરિત્રો મનન કરવા જેવા હોય છે.

અહીં પ્રસંગ પામીને આપણે પૂર્વ પ્રસંગો જોઇ રહ્યા છીએ, તો થોડુંક વધારે પણ જોઇ લઇએ. શ્રી રામચંદ્રજી રાજપાટ છોડીને વનવાસ કરવાને નીકળ્યા, ત્યારે શ્રીમતી સીતાદેવીને પૂછ્યું પણ નથી; છતાં શ્રીમતી સીતાજી વનમાં પણ પતિની સાથે જ જવાને તૈયાર થઇ ગયા છે. એ મહાસતીએ હક્ક લડત કરી નથી. સારા ક્રમમાં તો જેને પનારે પોતે, તેની પાછળ જવું એજ સતીનો હક્ક. પહેલા પિતા કે પહેલાં સ્ત્રી? પિતાની આજ્ઞા પાળવામાં સ્ત્રીને પૂછવાનું હોય ? આજના પુરૂષો તો એ માટે સ્ત્રીને પૂછે ન પૂછે તો સ્ત્રી વાંધો પણ લે.

**શ્રીમતી સીતાજી અને કૌશલ્યા સાસુ-વહુની ઉત્તમતા**

શ્રીમતી સીતાજીએ જ્યારે પોતાની સાસુની આજ્ઞા માંગી, ત્યારે સાસુએ વહુને ખોળામાં લઇ લીધી અને અશ્રુઓ વહાવતાં કહ્યું કે, "તારા જેવી સુકુમાર અને જન્મથી જ સુખમાં ઉછરેલીને વનમાં જવાની હું આજ્ઞા કેમ આપું ? અને પતિની પાછળ જતી સતીને હું રોકુંય શી રીતે ?" આ શબ્દોની પાછળ કેટલો બધો વાત્સલ્યભાવ રહેલો છે. એ જુઓ ! સાસુ-વહુ વચ્ચેની આ મીઠાશ જેવી તેવી નથી.

શ્રી લક્ષ્મણજી જ્યારે પોતાની માતા સુમિત્રાની પાસે આજ્ઞા લેવા ગયા ત્યારે ધીરજ ધરીને સુમિત્રા કહે છે કે "વત્સ ! તને શાબાશ છે, મારો દીકરો આવો જ હોય. હવે તું વિલંબ ન કર, કારણકે રામ મને નમસ્કાર કરીને ક્યારનાએ ગયા છે." શ્રી લક્ષ્મણજી પણ પોતાની માતાની આવી આજ્ઞા સાંભળીને ખૂબ આનંદમાં આવી જાય છે અને કહે છે કે "માતા ! તને ધન્ય છે. તું જ ખરેખરી માતા છે !" એ જ શ્રી લક્ષ્મણજી જ્યારે શ્રી રામચંદ્રજીની માતા અપરાજિતાદેવી કૌશલ્યાની પાસે આજ્ઞા માગવા ગયા ત્યારે અપરાજિતાદેવીએ રડતાં રડતાં કહ્યું કે "હે વત્સ ! મંદભાગ્યા હું તો મરી ગઇ છું, કારણકે તું પણ મને છોડીને વનમાં જાય છે. શ્રી રામના વિરહથી પીડિત એવી મને આશ્વાસન આપવાને તું એક તો અહી જ રહે, તારે જવાનું નથી." આમ છતાં પણ

શ્રી લક્ષ્મણજીએ ધીરજ રાખવાનું કહીને નમસ્કાર કરીને ચાલવા માંડ્યું છે.

આ તરફ શ્રી ભરતે રાજ્ય અંગીકાર કર્યું નહિ; એટલું જ નહિ પણ પોતાની માતા ઉપર કેટલાય આક્રોશો કર્યા. શ્રી દશરથ રાજા દીક્ષા લેવાને ઉત્સુક બન્યા હતા અને અહીં તો કોઈ સાંભળતું જ નથી, સૌ ચિંતામાં છે. આથી શ્રી દશરથરાજાએ શ્રી રામચંદ્રજીને પાછા તેડી લાવવાને માટે મંત્રીઓ વગેરેને મોકલ્યા, પણ તે પાછા વળ્યાં નહિ.

શ્રી દશરથ રાજાએ ફરીને શ્રી ભરતને કહ્યું કે "શ્રીરામ-લક્ષ્મણ તો પાછા આવ્યા નહિ માટે હવે તું રાજ્ય ગ્રહણ કર, અને મારી દિક્ષામાં વિઘ્નકર ન થા." આની સામે પણ શ્રી ભરતજીએ મક્કમતાથી કહ્યું કે "હું કદિપણ રાજ્ય લઈશ નહિ, જાતે જઈને હું મારા મોટાભાઈને તેડી લાવીશ."

### કૈકેયીનો પશ્ચાત્તાપ અને શ્રી ભરતની સાથે શ્રી રામચંદ્રજીને લેવા જાય છે

પોતાની માંગણીનું આવું અણધાર્યું પણ મહાભયંકર પરિણામ આવેલું જોઈને કૈકેયીને પણ બહુ જ લાગી આવ્યું છે. રાજકુટુંબમાં વ્યાપેલા શોકથી કૈકેયી ત્રાસી ઉઠી છે. પોતે જે કર્યું તે ઘણું જ ખરાબ કર્યું એમ કૈકેયીને સમજાઈ ગયું છે. આથી કૈકેયી શ્રી દશરથ રાજાને કહે છે કે "હે સ્વામિન્ ! આપે તો આપની પ્રતિજ્ઞા મુજબ શ્રી ભરતને રાજ્ય આપ્યું, પણ આપનો એ વિનયી પુત્ર રાજ્યને ગ્રહણ કરતો નથી ! જે કાંઈ બનવા પામ્યું છે એથી શ્રી ભરતની બીજી માતાઓને તેમજ મને પણ અત્યંત દુઃખ પ્રાપ્ત થયું છે. આ બધું વગર વિચાર્યું કૃત્ય પાપિણી એવી મેં જ કર્યું છે. એ પણ દુઃખનો વિષય છે કે આપ સપુત્ર હોવા છતાંપણ, આપના પુત્રો હયાત હોવા છતાં પણ અત્યારે આ રાજ્ય રાજા વગરનું થઈ ગયું છે. વળી કૌશલ્યા, સુમિત્રા અને સુપ્રભાનું દુઃશ્રવ રૂદન સાંભળતાં પણ મારૂં હૃદય ફાટી જાય છે. આથી હે નાથ ! હું પણ શ્રી ભરતની સાથે જવા ઇચ્છું છું. વત્સ રામને અને લક્ષ્મણને સમજાવીને હું પાછા લઈ આવીશ, માટે મને જવાની આજ્ઞા ફરમાવો.'

કૈકેયીનો આ પશ્ચાતાપ જૂઓ, થઇ ગયેલી ભૂલ સામે જુઓ ત્યારે તે સમયના સંયોગો સાથે જ જુઓ અને તે પછીનો આ પશ્ચાતાપ પણ જુઓ. તે પછી કૈકેયી વગેરે શ્રી રામચંદ્રજીની પાસે ગયાં છે અને ત્યાં જઇને પણ કૈકેયી શ્રી રામચંદ્રજી પાસે ખૂબ રડ્યા છે.

શ્રીભરત તો શ્રીરામચંદ્રજી પાસે સ્નેહવશ મૂર્છિત થઇ ગયા અને મૂર્છા વળ્યા પછી શ્રીભરતજીએ વિનયપૂર્વક શ્રી રામચંદ્રજીને કહ્યું કે, "આપ અભક્તની જેમ મને છોડીને અહીં કેમ આવ્યા ? હું કંઈ અભક્ત નથી. 'શ્રી ભરત રાજ્યનો લોભી છે.' એવો મને મારી માતાના દોષથી અપવાદ લાગ્યો છે, માટે કાં તો મને આપની સાથે વનમાં લઇ જાવ અને કાં તો આપ પાછા ફરી રાજ્ય સ્વીકારો કે જેથી મારૂં કલંક દૂર થાય ! આપ રાજા બનો, જગન્મિત્ર લક્ષ્મણ મંત્રી બને, હું પ્રતિહાર બનું અને શત્રુઘ્ન છત્ર ધરે !"

**કૈકેયી શ્રી રામચંદ્રજીની ક્ષમા માગે છે**

એ વખતે કૈકેયી પણ કહે છે કે "તમારો ભાઇ શ્રી ભરત સાચું જ કહે છે, તમે ભાતૃવત્સલ છો તો ભાઇનું વાત્સલ્ય કરો ! આ વિષયમાં નથી તો આપના પિતાનો દોષ કે નથી તો શ્રી ભરતનો દોષ. સ્ત્રીસ્વભાવને સુલભ એવો આ દોષ મારો જ છે. સ્ત્રીઓમાં કુટિલતા વિગેરે જે જે દોષો હોય છે, તે તે દોષોની ખાણ હું છું. પતિને, પુત્રોને અને તેમની માતાઓને અત્યંત દુઃખ પમાડનારૂં મેં જે કૃત્ય કર્યું છે, તેને માટે મને ક્ષમા કરો, કારણકે તમે પણ મારા પુત્ર છો !"

ભૂલ ભૂલરૂપે સમજાયા પછીથી કૈકેયીના અંતરમાંથી કેવા કેવા શબ્દો નીકળે છે, એ જુઓ ! કૈકેયીની જગ્યાએ બીજી કોઇ અધમસ્ત્રી હોય તો ? આજની કોઇ હોય તો ? કૈકેયીએ આ બધું કહ્યું તે હૃદયના સાચા દુઃખથી જ કહ્યું છે. હસતાં હસતાં નથી કહ્યું, પણ રડતાં રડતાં કહ્યું છે !

પણ શ્રી રામચંદ્રજી મક્કમ છે. એ તો કહે છે કે "પિતાજીએ રાજ્ય આપ્યું અને હું સંમત થયો, એટલે અમારા બેના જીવતા તો તે

વાણી અન્યથા થાય નહિ." આ વગેરે વાતોથી સમજાવીને અને આજ્ઞા કરીને શ્રીરામચંદ્રજીએ ત્યાં જ શ્રીભરતજીનો રાજ્યાભિષેક કર્યો.



### મોહનો ઉદય બહુ ભયંકર છે માટે સાવધ રહો !

મહારાજા શ્રી દશરથનું આ કુટુંબ જુઓ. પોતાની ફરજમાં સૌ કેવા કેવા નિપુણ છે ? એ જુઓ. શ્રી રામચંદ્રજીની રાજ્ય માટેની આ નિર્લોભતાએ જુઓ ! ચાલુ પ્રસંગમાં પણ શ્રી ભરતજીને કહી કહીને શ્રી રામચંદ્રજીએ કહ્યું છે શું ? ભોગો ભોગવીને દીક્ષા લેજે, એ જ કહ્યું છે ને ? બંધુસ્નેહને લીધે આ કહ્યું છે, પણ એ વાતને પકડી ન લો ! મોહનો ઉદય બહુ ભયંકર છે. આપણને એ મૂંઝવી ન જાય તે જોવાનું છે શ્રી રામચંદ્રજીને શ્રીભરતજીએ બહું જ ટૂંકો ઉત્તર આપ્યો છે પણ તે બહુ સચોટ છે. તે પછી સુભટો વચ્ચે બોલ્યા છે, તો તેમને પણ શ્રી ભરતજીએ બહુ સાફ સાફ વાતો સંભળાવી દીધી છે.

### મોહના ઘરનો અંધાપો

મોહાધિન સંબંધિઓ જેટલા વધારે, તેટલી વિરાગિને વિરાગનો અમલ કરવામાં મુશ્કેલી વધારે, એટલી આફત વધારે આવવાની વસ્તુ ઉપર રાગ હોય, પણ જનારનો મોહ હોય તે કામ તો કરે ને ? કેટલીકવાર મોહની એવી પ્રધાનતા થઈ જાય કે સમજુ પણ સ્વ-પરહિતના વિવેકને ભૂલી જાય, પોતાનો સ્વાર્થ હણાય એ ન સહાય. આપણને ગમતી ભૌતિક વસ્તુ આપણી આંખ સામે રાખવાનો પ્રયત્ન કરવો એ શું સ્વાર્થ નહીં ? સામાને તો મોહના બન્ધન ઉપર છીણી મૂકવી છે, પણ સ્વાર્થને પોતાના મોહનું બંધન તુટે એ પાલવતું નથી. કૈકેયીને ભરતનો મોહ છે. મોહ કેવા આંધળા બનાવે છે ? વિરાગીને વળગતાં જવું, એ શું છે ? વિરાગીને વળગતાં જવાય, પણ વિરાગ સાધવા ! એને બદલે રાગ માટે વિરાગિને વળગતાં જવું એ તો મોહનાં ઘરનો અંધાપો છે.

### શ્રી રામચંદ્રજીનો શ્રી ભરત પ્રત્યનો સ્નેહ

આપણે એ જોયું કે પુત્રમોહના યોગે કૈકેયી 'શ્રી ભરતજી સંવિગ્ન મનવાળા બન્યા છે' એવી શ્રી રામચંદ્રજીને ખબર આપે છે શ્રી

રામચંદ્રજી સમજી જાય છે. શ્રી રામચંદ્રજીમાં પણ બધુસ્નેહ બેઠો છે. બંધુસ્નેહથી શ્રી રામચંદ્રજી હજુ પર બન્યા નથી. શ્રી રામચંદ્રજીને પણ એમ થાય છે કે, શ્રી ભરત અમારી સાથે રહી ભોગ ભોગવતો થકો આનંદ આપે તો સારૂં.' આ ભાવના કોના ઘરની ? એમ ન થવું જોઇએ કે 'એને તો પિતાજીની સાથે જ દીક્ષિત થવું હતું, પણ કેવળ મારી આજ્ઞાને આધીન થઇને રહ્યો હતો; આટલો સમય જ્યારે એ વિરક્તભાવે રહ્યો છે, તો હવે મારે એને સંયમ સાધનામાં ઉત્સાહિત કરવો જોઇએ.' વિચાર તો આવો જ કરવો જોઇએ, પણ મોહના યોગે એ વિચાર આવતો નથી અને એમ થાય છે કે, હું શ્રી ભરતને કહું અને એથી તે રહે તો સારૂં. ન રહે તો બળાત્કારે રાખવાની વાત નથી હોં ! શ્રીરામચંદ્રજી શ્રીભરતજીને રાખવા માટે ધારત તો સત્તા અજમાવી શક્ત, પણ એટલી અધમકોટિના એ નહોતા.

શ્રીરામચંદ્રજી મોહવાળા હતા પણ સાથે સાથે મિથ્યાત્વાદિના ક્ષયોપશમાદિવાળા પણ હતા. આથી જ શ્રીભરતજીને વિનવે છે, પણ દીક્ષા કે વિરાગભાવના સામે લાલ આંખ કરતા નથી. શ્રી ભરતજી હમણાં દીક્ષા લેવાનું કહે છે, જ્યારે શ્રી રામચંદ્રજી ભોગો ભોગવ્યા પછી દીક્ષા લેવાનું કહે છે; ભેદ આટલો છે; શ્રી રામચંદ્રજીએ આટલું કહ્યું તે પણ મોહના યોગે જ કહ્યું, ભ્રાતૃસ્નેહમાં પાગલ બનીને દીક્ષા, વિરાગ ભાવના વગેરે ઉપર જરાય આક્રોશ ન કર્યો, તેમજ શ્રી ભરતજીની સામે બળજબરી પણ અજમાવી નહિ, એય ભૂલવા જેવું નથી. આજના ઘણાઓની દશા વિચિત્ર છે. વચલી એક વાત પકડી લે, પણ આજુબાજુની વાતો ન જુએ. આવાઓ જેટલો અનર્થ ન કરે એટલો ઓછો. પોતાનુંય બગાડે અને શક્તિ સામગ્રી મુજબ પારકાનું પણ બગાડે. એ બને છે શાથી? અજ્ઞાનથી, મિથ્યાત્વના ઉદયથી, એ વગેરેને કારણે બની જાય; પણ દૃષ્ટિવિપર્યાસ થવાથી તેમજ અંદર દ્વેષનો અગ્નિ જલી રહ્યો હોય એથી જો આજુબાજુનું છોડી વચલું પકડાય તો તો તે પકડનારો મહાઅનર્થ કરનારો જ બને; એવાઓ માર્ગથી વંચિત રહી જાય છે, પામ્યા હોય તો હારી જાય છે, અને સ્વપરહિતઘાતક બની સંસારની મુસાફરીને વધારી મૂકે છે. એવા ન બનાય તે કાળજી રાખવી, એ અતિ આવશ્યક છે.

**વૈરાગી શ્રી ભરતજીની મક્કમતા**

શ્રી રામચંદ્રજી શ્રી ભરતજીને કહે છે કે, "હે શ્રીભરત ! પિતાજીએ તને આ મહારાજ્ય ઉપર સ્થાપન કર્યો છે. આ ત્રણ સમુદ્રના અંત સુધીની સઘળીય પૃથ્વીને તું ભોગવ, તારૂં દર્શન અમને ગમે છે અને સઘળાય વિદ્યાધરપતિઓ તને વશ છે. એટલું જ નહિ, પણ હું તારો છત્રધર બનું, લક્ષ્મણ તારો મંત્રી બને અને શત્રુઘ્ન તારો ચામરધર બને, તેમજ સુભટો પણ તારી પાસે જ રહેશે; તો હે ભાઇ ! હું તને યાચના કરૂં છું કે તું ચિરકાળ પર્યંત રાજ્ય કર. રાક્ષસપતિ જીતીને હું તારા દર્શનને માટે ઉત્સુક બન્યો તેથી અહીં આવ્યો છું. અર્થાત્, હું ઉત્સુક બનીને તારી પાસે આવ્યો ત્યારે તું અમને છોડીને જવાને તૈયાર થાય છે. એટલે કે અમને આનંદ આપવા ખાતર પણ તું અમારી સાથે ભોગોને ભોગવ અને તે પછી પ્રવજ્યા ગ્રહણ કરજે." કહો આમાં કાંઇ કમીના છે ? માણસ જડ એવા સંસારસુખનો જો જરાય અર્થી હોય, તો આ પ્રસંગે એના વૈરાગ્યનું શું થાય ? ત્રણ ખંડના રાજ્યનું સ્વામીપણું અને તેની સાથે શ્રી રામચંદ્રજી જેવા છત્રધર, શ્રી લક્ષ્મણજી જેવા મંત્રીવર અને શત્રુઘ્ન જેવા ચામરધર ! સત્તા અને સાહ્યબીમાં છે કાંઇ ખામી ? સંસારમાં રહેવાની અને ભોગ ભોગવવાની શ્રી રામચંદ્રજી જેવાની યાચના છતાં ન પીગળવું એ કાંઇ સામાન્ય વાત છે ? પેલા કહે છે કે 'અમે તારા તરફના સ્નેહથી અહીં ખેંચાઇ આવ્યા ત્યારે તું અમને મૂકીને જવા તૈયાર થયો' - તો ય ન ડગવું એ કેટલી બધી મક્કમતા છે ?

સાચી અને તીવ્ર આત્મચિંતા આવા પ્રસંગે આત્માને માટે બહુ જ ઉપયોગી થઇ પડે છે. એવી આત્મચિંતા દેખીતાં સુખોની પાછળ છુપાએલાં દુ:ખોને એવી રીતે દેખાડ્યા કરે છે કે આત્મા પ્રત્યક્ષ વિષયસુખોમાં લોભાતો નથી. ખણજ પાછળની બળતરાને જાણનારા ગમે તેવી ચળ આવે તો ય મનને મજબૂત બનાવી રાખે છે. ન રહી શકાય તો પણ બહુ કોમળતાથી પંપાળે છે. ખણવાનો રસ બળતરાના ખ્યાલને ઉડાવી દે છે. એ જ રીતે વિષયસુખોની પાછળ છૂપાએલાં

કારમા દુ:ખો બરાબર દેખાયા કરે અને ભયભીત બની જવાય તો તેવા કોઇ ગુરૂકર્મી આત્માઓ સિવાય પ્રાય: લઘુકર્મી આત્માઓ એ વિષયસુખોથી લોભાય નહિ.

શ્રીભરતજી પણ પોતાને અપાએલી અને અપાતી વિષયસુખોની સામગ્રી પાછળ રહેલા કારમા દુ:ખોને બરાબર જોઇ રહ્યા છે એટલે શ્રી રામચંદ્રજીને બહુ જ ટૂંકો પણ ઘણો સચોટ ઉત્તર સંભળાવી દે છે. શ્રી રામચંદ્રજી ત્રણ ખંડની પૃથ્વીને ભોગવવાની વાતો કરે છે. પોતે છત્રધર; શ્રી લક્ષ્મણજી મંત્રી અને શત્રુઘ્ન ચામરધર બને એવી વાતો કરે છે, ત્યારે જવાબમાં શ્રી ભરતજી કહે છે કે 'આપ જ્યારે આ પ્રમાણે કહી રહ્યા છો ત્યારે મારી વાત પણ સાંભળી લો ! ઘણાં દુ:ખને કરનારી રાજ્યલક્ષ્મીને હું મૂકવાને ઇચ્છું છું.'

એકનો રાજ્યલક્ષ્મી ભોગવવાને માટે લલચાવવાનો પ્રયત્ન છે, તે વખતે સામેથી સીધું જ કહી દેવાય છે કે રાજ્યલક્ષ્મી સુખકર નથી પણ બહુ જ દુ:ખને કરનારી છે, અને એથી જ હું આ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરવાને ઇચ્છુ છું.

### રાજ્યલક્ષ્મી અનેક પાપોથી ખરડાયેલી હોવાથી મહાદુ:ખકર છે

રાજ્યલક્ષ્મી બહુ દુ:ખકારક છે એ વાત લઘુકર્મી આત્માઓ સિવાય બીજાઓને ગળે નહિ ઉતરે. જેની વાતનો પાર પામવો હોય તેની દૃષ્ટિને સમજવી પડે અને એ દૃષ્ટિ કાંઇક કેળવાય તો વસ્તુ સમજાય. વિરાગી આત્માઓની વાતો રાગમાં બહુ ખુંચેલા આત્માઓને ગળે ન ઉતરે. એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઇ છે જ નહિ. ચક્રવર્તીની રાજ્યસંપત્તિ સર્વ શ્રેષ્ઠ હોય છે. છ ખંડનું એકસરખું આધિપત્ય એ ભોગવે છે. એક રીતે એમ કહેવાય કે મનુષ્યની દુનિયામાં એને જેવી સત્તા અને ભોગસામગ્રી મળે છે તેવી ધર્મચક્રવર્તી સિવાય બીજા કોઇને મળતી નથી. ધર્મચક્રવર્તી શ્રી તીર્થંકરદેવોની આજુબાજુ જે સામગ્રી પથરાએલી રહે છે તે ચક્રવર્તીઓ પાસે પણ હોતી નથી. ઇન્દ્રો પણ શ્રી તીર્થંકરદેવની સેવામાં ખડે પગે તત્પર હોય છે. એ

 સાહ્યબી ચક્રવર્તી પાસે નથી, છતાંપણ ચક્રવર્તીની સત્તા અને ભોગસામગ્રી આ દુનિયામાં સર્વશ્રેષ્ઠ હોય છે. એમ કહીએ તો ચાલે; પણ આવી ઉંચામાં ઉંચી કોટિની રાજ્યસંપત્તિ પામનારા અને ભોગવનારા ચક્રવર્તીઓ જો ચક્રવર્તીપણામાં જ મરે તો નિયમા સાતમી નરકે જાય એમ જ્ઞાનીઓ કહે છે, વિચારો કે રાજ્યસંપત્તિ દુ:ખકર કે સુખકર ? ભોગવટાની દશામાં એ સુખદ લાગે તે બનવાજોગ છે, પણ પરિણામે તો એ દુ:ખકર જ છે. અને રાજ્યલક્ષ્મી સામાન્ય રીતે પણ સ્વભાવથી જ અનેક પાપોથી ખરડાએલી હોય છે, એટલે એને માટે વિવેકી આત્માઓ તો એ જ ઉચ્ચારે કે, રાજ્યલક્ષ્મી મહાદુ:ખકર છે.

શ્રી ભરતજીએ જ્યાં એટલું જ કહ્યું કે, 'હે દેવ ! બહુ દુ:ખને કરનારી રાજ્યલક્ષ્મીને હું મૂકવાને ઇચ્છું છું.' એટલે શ્રી રામચંદ્રજી તો ચૂપ જ થઇ ગયા. હવે શું કહે? રાજ્યલક્ષ્મીને સુખકર કહે? રાજ્યલક્ષ્મીને દુ:ખકર માનવી એ તારી ભ્રમણા છે એમ કહે? રાજ્યલક્ષ્મી દુ:ખકર જ હોત તો શ્રી તીર્થંકરદેવના આત્માઓએ પણ કેમ ભોગવી? એમ કહે ? આમ સત્યનો અપલાપ કરે એટલે સમ્યક્ત્વ ભાગે. 'કપિલ ! અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે.' એટલું મરિચીએ કહ્યું, પણ શાસ્ત્ર કહે છે કે એ તો સમ્યક્ત્વનું વમન હતું !

શ્રી રામચંદ્રજીની જગ્યાએ આજના કહેવાતા ધર્મીઓ હોય તો શું કહે ? આજના વિરોધીઓ તો શ્રી ભરતજીને મૂર્ખા, અજ્ઞાન, કાચી બુદ્ધિના, અક્કલ વગરના, ભોગસુખની ગમ વગરના વગેરે વગેરે કહે એ બનવાજોગ છે; કારણકે એ બિચારાઓ ભોગસુખોને માટે તરફડી રહ્યા છે. બેઠા બેઠા કલ્પનાઓ કરી કરીને દૈવી સુખો (?) નો એવાઓ અનુભવ કરી રહ્યા છે. એમને સંસારમાં ભોગથી ખદબદતું સ્વર્ગ ઉતારવું છે, એટલે ભોગ પાછળ પાગલ બનેલા એ બિચારા પામરોને શ્રી ભરતજી જેવા પરમ વિરાગીને માટે જેમ તેમ બકવાનું મન થાય, તો એમાં દુ:ખ કે આશ્ચર્ય થવાને કારણ નથી; કારણકે તે બિચારા

અજ્ઞાન છે ! પણ જે કેટલાકો વસ્તુતઃ હૃદયના ધર્મી નહિ હોવા છતાં, દુનિયાનાં જુદા જુદા કારણોને અંગે પોતાને ધર્મી કહેવડાવી રહ્યા છે, તેમની પાસે આવો પ્રસંગ આવી પડે તો તેઓ શું કહે ? એ ખાસ વિચારવા જેવું છે. આવા પ્રસંગે શું તેઓ શ્રી રામચંદ્રજીની જેમ ચૂપ રહી શકે ?

### નામના ધર્મીઓ આવા અવસરે લોચા વાળ્યા વિના ન રહે

તમે જુઓ કે શ્રી રામચંદ્રજીએ બધું કહ્યું. શ્રી ભરતજીને પોતાની સાથે રાખવાની પણ તેમની ઇચ્છા પૂરેપૂરી છે, પણ જ્યાં શ્રી ભરતજીએ એમજ સંભળાવી દીધું કે, 'રાજ્યલક્ષ્મી બહુ દુઃખકર છે અને એથી હું તેનો ત્યાગ કરવાને ઇચ્છું છું.' એટલે શ્રી રામચંદ્રજી ચૂપ થઇ ગયા, એમ ન કહ્યું કે, 'જોને ભાઇ ! તું કહે છે તે ઠીક છે, એમ જ કહેવાય, પણ આપણો ધર્મ એકાંતવાળો નથી. આપણો ધર્મ સ્યાદ્વાદવાળો છે. એ તો એવા કોઇ પાપી આત્માઓને અપેક્ષીને ભગવાને રાજ્યલક્ષ્મીને બહુ દુઃખકર કહી હોય, તેથી એ વાત બધાને લાગુ ન પડાય ! અને તું ? મહાપુણ્યશાળી ! વિરાગભાવે રહેનારો ! તું તો રાજ્યલક્ષ્મી ભોગવતાં ભોગવતાં પણ તરી જવાનો; માટે આ બધી પંચાત મૂક ! છતાં તારી મરજી જ હોય તો હજુ કયાં બુઢાપો આવી ગયો છે ? બુઢાપો આવે ત્યારે નીકળી જજેને ! વયનાં કામ વયમાં કરીએ. જુવાની ભોગની વય છે માટે ભોગ ભોગવીએ અને વૃદ્ધવયે ધર્મેય કરીએ. એમ કરીએ તો કામેય સધાય અને ધર્મેય સધાય.' શ્રી રામચંદ્રજી આમાંનો એક અક્ષર પણ બોલ્યા નથી. એવા પુણ્યાત્માઓ મોટેભાગે એમ બોલે જ નહિ, પણ એમની જગ્યાએ કેટલાક નામના ધર્મીઓ હોય તો જરૂર આવા લોચા વાળ્યા વિના રહે નહિ. એમનાથી શ્રી રામચંદ્રજીની જેમ ચૂપ ન રહેવાય. આજના કેટલાક નામના ધર્મીઓ તો શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાંતોનો એવી મીઠાશથી અને એવી પદ્ધતિથી અપલાપ કરે કે સામો અજ્ઞાન હોય તો એમાં ફસાઇ ગયા વિના રહે નહિ.

આજે આવું બહુ બની રહ્યું છે માટે ચેતવું છું. સંયમ લેવાને તૈયાર થયેલાને અહીં રહીને ક્યાં ધર્મ નથી થતો ? એમ કઈ જીભે કહેવાય ? સંયમી બનવાથી જેટલો અને જેવો ધર્મ થઇ શકે છે, તેવો અને તેટલો ધર્મ ગૃહસ્થપણામાં રહીને નથી જ થઇ શકતો એ વાતને જાણનારો આવું બોલે ? ગૃહસ્થપણાને છોડી શકવાને અશક્ત આત્માઓ પણ થોડોઘણો ધર્મ કરી શકે એ માટે દર્શાવેલો ધર્મ તે ગૃહસ્થધર્મ; બાકી મુખ્ય ધર્મ તો સંયમ જ. એને બદલે આજે તો સંયમી બનવા કરતાં પણ ગૃહસ્થાવાસમાં રહીને વધારે ધર્મ થઇ શકે છે આવી પાપવાસનાઓ ફેલાવાય છે.

**આજે કેટલાક વેષધારીઓ પણ અવસરે શું બોલે છે ?**

આવી પાપવાસનાઓને આજે કેટલાક સાધુવેષધારીઓ પણ પ્રસારી રહ્યા છે; કારણકે એ બિચારાઓ સંયમી બન્યા તે પોતે ભોગસુખોથી ઠગાયા એમ માને છે. એમને સંયમનો રસ નથી અને વેષમાં રહી મોજ ઉડાવવી છે ! ગૃહસ્થાવાસમાં રહીને સાધુઓના કરતાં વધારે ધર્મ થઇ શકે છે, એવું કોઇ વેષધારી કહે તો યોગ્ય વ્યક્તિઓએ યોગ્ય સ્થળે એને મોઢે જ કહી દેવું જોઇએ કે તો પછી આ બેવકુફી કેમ કરો છો ? છોડી દ્યો આ વેષને, બની જાવ ગૃહસ્થ અને કરો ધર્મની આરાધના વધારે. ખરેખર, જેને સંયમનો આસ્વાદ ન આવે અને સ્વચ્છંદ સેવાય નહિ તેને માટે તો આ સાધુજીવન કેદખાનાથી ય ભયંકર છે, એ તો આમાં રહીને પણ સ્વચ્છંદી અને નઘરોળ જ બને; અવસરે અવસરે એ સંયમી જીવન કરતાં ગૃહસ્થવાસ સારો એવું બોલી જાય એટલે સમજી લેવું કે નામદારને સંયમમાં રસ નથી. સંયમમાં રસ નહિ હોવા છતાંપણ એવાને આ વેષ મૂકવાનું પાલવતું નથી, એટલે આ નઘરોળ તથા પાપથી અભીરૂ બનીને સંયમના લેબાશમાં છૂપું સ્વચ્છંદી જીવન જીવી રહેલ છે. સંયમનો જેને આસ્વાદ આવ્યો છે, સંયમનો આસ્વાદ જે લઇ રહ્યો છે તે તો સંયમી જીવનમાં અપૂર્વ કોટિનો આત્માનંદ અનુભવી શકે છે.

### શ્રી રામચંદ્રજીનું મૌન એ તેમની ઉત્તમતા છે

આપણે જોઇ ગયા કે શ્રી ભરતજીએ જ્યાં એટલું જ કહ્યું કે રાજ્યલક્ષ્મીને હું મૂકવાને ઇચ્છું છું, કારણકે રાજ્યલક્ષ્મી બહુ દુઃખકર છે. એટલે શ્રી રામચંદ્રજી એકદમ મૌન થઇ ગયા. પોતે છત્રધર બનવા વગેરેની વાતો કરનાર અને ચિરકાળ પર્યન્ત રાજ્યભોગો ભોગવવાની યાચના કરનાર શ્રી રામચંદ્રજી માત્ર આટલા ટૂંકા જવાબમાં મૌન કેમ થઇ જાય ? પણ સમજો તો આ જવાબ બહુ સચોટ છે. શ્રી રામચંદ્રજી જેવા સમજદારને મૌન કરી દેવાને માટે આટલો ટૂંકો જવાબ ઘણો પૂરતો છે, કારણકે રાજ્યલક્ષ્મી મોટા દુઃખને કરનારી છે એ વાત તો શ્રી રામચંદ્રજી પણ માનતા હતા. રાજ્યલક્ષ્મી બહુ દુઃખકર્તા છે, એમ શ્રી રામચંદ્રજી નહોતા જાણતા માટે શ્રી ભરતજીને ભોગો ભોગવીને પછી દીક્ષા લેવાનું કહેતા હતા એમ નથી, પણ બંધુસ્નેહરૂપ મોહના યોગે જ એ પ્રકારનો આગ્રહ કરતા હતા બાકી રાજ્યસંપત્તિ બહુ દુઃખકર્તા છે એમ જો તે ન માનતા હોત તો શ્રી ભરતજીનો એટલો ટૂંકો જવાબ શ્રી રામચંદ્રજીને મૌન ન બનાવી શકત.

અહીં સમજવાનું એ પણ છે કે શ્રી રામચંદ્રજીએ પ્રથમ કરેલો આગ્રહ એ જેમ તેમના મોહોદયનો સૂચક છે, તેમ શ્રી રામચંદ્રજીનું આ મૌન તેમનામાં પ્રગટેલા સમ્યક્ત્વરૂપ ગુણનું સૂચક છે.

શ્રી રામચંદ્રજી જેવાઓએ પણ ભોગો ભોગવીને પછી દીક્ષા લેવાનું શ્રી ભરતજીને કહ્યું આટલું જ યાદ ન રાખતા, નહિ તો એ યાદ કદાચ અનર્થકર નિવડશે. સાથે જ એ પણ યાદ રાખજો કે મોહોદયના યોગે શ્રી ભરતજીને ભોગો ભોગવીને પછી દીક્ષા લેવાનું કહેનારા પણ શ્રી રામચંદ્રજી , બહુ દુઃખને કરનારી રાજ્યલક્ષ્મીને હું છોડવા ઇચ્છું છું એટલું જ શ્રી ભરતજીએ કહેતાંની સાથે મૌન થઇ ગયા હતા.

આજે અર્થકામ અનર્થકારી છે એટલું પણ રૂચિપૂર્વક ભાગ્યવાનો જ સાંભળી શકે છે. ધર્મના વિરોધીઓને તો આવી વાતોની પણ સૂગ ચઢે છે. આવી અગત્યની વાતો સમાજને નુકશાન કરે છે એમ એવાઓ કહે છે. આવા વખતે સહેજે એમ થાય કે એ પાપાત્માઓ સ્ત્રીઓને શીલભ્રષ્ટ કરવા માટેનો, સુસાધુઓને હલકા પાડવા માટેનો,

 દીક્ષાને વગોવવા માટેનો, ધર્મીઓને રંજાડવા માટેનો, દીક્ષાર્થીઓને ત્રાસ દેવાનો, દેવદ્રવ્યથી તેમનાં પોતાનાં પેટ ભરવા માટેનો અને એવો એવો બીજો પણ પ્રચાર કરે છે. એથી સમાજને ફાયદો થાય છે એમ? પૈસા માટે સાધુઓની પાસે યાચના કરનારા અને પોતાનાં પેટ ભરાય, પોતાની તીજોરીઓ તર બને, એવી યોજનાઓ ઘડીને તેનો અમલ કરવા માટે સાધુઓને ઉપદેશ દેવા નીકળનારાઓ, રાજ્યલક્ષ્મી બહુ દુ:ખકર છે એ વાત સમજી શકશે ? નહિ જ.

રાજ્યસંપત્તિ એટલે ? અર્થ અને કામ બન્નેયનો એક સાથે મોટી કોટિનો યોગ. રાજ્યલક્ષ્મી જેને મળી તેને માટે સામાન્ય રીતે અર્થ અને કામની સામગ્રીની ખોટ નહિ એમ કહી શકાય.

આવું તો સામાન્ય રાજ્યલક્ષ્મીને અંગે કહેવાય, પરંતુ શ્રી ભરતજીને રાજ્યલક્ષ્મી તો ક્વચિત્ મહાપુણ્યે મળે એવી છે, આમ છતાં પણ શ્રી ભરતજી રાજ્યલક્ષ્મીને બહુ દુ:ખકર કહીને એનાથી મુકાવાની અભિલાષા પ્રગટ કરે છે, એટલે શ્રી રામચંદ્રજી એની સામે એક અક્ષર પણ નહિ ઉચ્ચારતાં મૌન થઈ જાય છે; કારણકે શ્રી રામચંદ્રજી પોતે પણ રાજ્યસંપત્તિને સુખનું કારણ નહિ પણ બહુ દુ:ખનું કારણ જ માનતા હતા, અને એમ માનવું એ પણ એક પ્રકારનો ગુણ જ છે.

'રાજ્યલક્ષ્મી બહુ દુ:ખકર હોવાથી હું તેને છોડવાને ઇચ્છું છું' આવા જવાબથી શ્રી રામચંદ્રજી તો મૌન થઈ ગયા, પણ ત્યાં જે સુભટો હાજર હતા, તેઓ તો આ સાંભળીને વિસ્મય જ પામ્યા. સુભટોની આંખો અશ્રુજળથી ભરપુર બની ગઈ. આંખોમાં આંસુઓવાળા અને મનમાં વિસ્મયવાળા તે સુભટો શ્રી ભરતજીને કહે છે કે,

*देव ! निसामेह वयणऽम्हं,*

*"तायस्स कुणसु वयणं, पालसु लोयं सुहं अणुहवन्तो ।*
*पच्छा तुमं महाजस !, गिण्हेज्जसु जिणमए दिक्खं ॥*

"આપ રાજ્યલક્ષ્મીને મૂકી દેવાને તૈયાર થયા છો, પણ હે દેવ ! અમારા વચનને સાંભળો, તાતના વચનને કરો, અર્થાત્ તાતના વચન મુજબ વર્તો, સુખને અનુભવવા સાથે લોકને પાળો અને તે પછી, હે મહાશય ! શ્રી જિનેશ્વરદેવના મતમાં દીક્ષાને આપ ગ્રહણ કરજો !"

જુઓ કે અત્યારે બધા બાપના વચનના નામે શ્રી ભરતજીને રોકવા પ્રયત્ન કરે છે. શ્રી રામચંદ્રજીએ પણ સૌથી પહેલું એજ કહ્યું હતું કે, 'પિતાજીએ રાજ્ય ઉપર તને સ્થાપિત કર્યો છે. માટે સર્વ પૃથ્વી તું ભોગવ.' અને સુભટો પણ પહેલી વાત એ જ કહે છે કે, ''*तायस्स कुणसु वयणं*''

**દીક્ષા લેવામાં પિતાના વચનનો ભંગ થતો નથી**

શ્રી ભરતજી દીક્ષા લે તેથી શ્રી દશરથ રાજાના વચનનો ભંગ થતો હતો ? નહિ જ, પણ મોહના યોગે આદમી પાંગળી પણ વાતો આગળ કરે, એમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ જ નથી. એ તો ધારે કે લાગ્યું તો તીર નહિ તો તુક્કો. શ્રીભરતજી દીક્ષા લે એથી જો પિતાજીના વચનનો લોપ જ થતો હોય તો શ્રી રામચંદ્રજીએ તેમજ સુભટોએ પણ પછી દીક્ષા લેજો એમ તો કહ્યુ જ છે, તેનું કેમ? હમણાં દીક્ષા લે તો વચનભંગ ન થાય એમ?

**સભા** : હમણાં દીક્ષા લેવાથી જો વચનભંગ ગણાય. તો પછી દીક્ષા લેવાથી પણ વચનભંગ ગણાય જ, એ દેખીતી વાત છે.

**પૂજ્યશ્રી** : કૈકેયીએ વરદાન તરીકે શી માંગણી કરી હતી ? એ જ કે, 'આપ દીક્ષા લેતા હો તો બધું રાજ્ય શ્રી ભરતને આપો.' શ્રી દશરથ રાજાએ હા પાડી દીધી. આપી દીધું. હવે કેટલો કાળ રાખવું ન રાખવું, એમાં શ્રી દશરથ રાજાનું વચન વચ્ચે શાનું આવે ? બહુ તો શ્રી ભરતજી પાસેથી શ્રી રામચંદ્રજી વગેરેને પડાવી લેવાનો હકક નહિ, પણ શ્રી ભરતજીને સ્વકલ્યાણ સાધવાને માટે પણ છોડવાનો હક્ક નહિ એમ તો કહેવાય જ નહિ.

**સભા**: વરદાન કોને કહેવાય ?

**પૂજ્યશ્રી** : સામાન્ય રીતે વરદાન શબ્દનો અર્થ શ્રેષ્ઠ દાન થાય. વર એટલે શ્રેષ્ઠ. ધર્મની દૃષ્ટિએ શ્રેષ્ઠ દાન એ જુદી વસ્તુ છે.

**સભા**: વરદાન રાજ્યદાન જ હોય ?

**પૂજ્યશ્રી** : નહિ. વરદાનનો અર્થ ઐચ્છિક દાન થઇ શકે.

'માગ, માગ, માગે તે આપું' એમ દુનિયામાં કહેવાય છે. તે વરદાનના રૂઢ અર્થમાં જ કહેવાય છે. આપણે સ્વાધીન જે કાંઇ હોય તેમાંનું સામો જે કાંઇ માગે તે અને જેટલુ માંગે તેટલુ માંગણી મુજબ આપવું. બધું માગે તો બધું આપવું, એને દુનિયામાં વરદાન તરીકે ઓળખાવાય છે. તમને યાદ હોય તો શ્રી દશરથ રાજાએ પણ કૈકેયીને એજ કહ્યું હતું કે 'વ્રતગ્રહણના નિષેધ સિવાય મારે સ્વાધીન જે કાંઇ હોય તે તું માંગી લે.' પોતાને સ્વાધીન વસ્તુ સામાને સામાની ઇચ્છા મુજબ દઇ દેવી. એ દાન દુનિયામાં વરદાનના નામથી ઓળખાય છે. સામાની સેવા આદિ જોઇને બહુ જ તુષ્ટ થઇ ગયેલા સમર્થોએ આવાં વરદાનો દીધાનાં ઘણાં ઉદાહરણો આવે છે.

**વરબોધિ કોને કહેવાય ?**

**સભા** : એવી જ રીતે આપણામાં 'વરબોધિ' શબ્દ પણ પ્રચલિત છે ને ?

**પૂજ્યશ્રી** : વરદાન રાજાઓ જ દઇ શકે એવો કોઇ નિયમ વિશેષ નથી, જ્યારે વરબોધિને માટે નિયમ છે. એક માત્ર શ્રી તીર્થંકરદેવોના બોધિને જ વરબોધિ કહેવાય છે અને એમ કહેવાય છે તે બરાબર જ છે. કારણકે એમનું બોધિ જે તારકભાવ લાવે છે તે તારકભાવ લાવવાની બીજાઓના બોધિમાં તાકાત જ નથી અને એથી બીજા કોઇના બોધિને એ અપેક્ષાએ વરબોધિ ન જ કહી શકાય તે સ્વાભાવિક છે.

મૂળ વાત તો એ છે કે શ્રી ભરતજી હમણાં દીક્ષા લે, તો શ્રી દશરથરાજાના વચનનો ભંગ થાય અને પછી લે તો વચનભંગ ન થાય એવું કાંઇ જ નથી; પણ મોહના યોગે એવી એવી પણ વાતો થઇ રહી છે એ ધ્યાનમાં રહેવું જોઇએ.

**આત્મહિતની સાધનામાં કોઇ વાત વચ્ચે ન આવે**

સુભટોને શ્રીભરતજીએ જે ઉત્તર આપ્યો છે તે પણ ઘણો સમજવા જેવો છે. અવસર પામીને શ્રીભરતજીએ સ્પષ્ટપણે સંભળાવી દીધું છે કે 'પ્રશંસનીય કાર્ય પુરૂષે કોઇપણ રીતે કરવું

જોઇએ' શ્રીભરતજીના વચન ઉપરથી લાગે છે કે શ્રી ભરતજી ઘણા સાફબોલા હતા; કારણકે શ્રીરામચંદ્રજીએ જ્યારે રાજ્ય લેવાનું કહ્યું તે વખતે પણ એમણે (શ્રી ભરતજી)એ કહ્યું હતું કે 'શ્રી દશરથ રાજાના આપ પુત્ર છો અને હું પુત્ર નથી એમ? આપના જેવાનો હું ભાઇ નહિ હોઉ કેમ?' અને દશરથ રાજાને પણ શ્રી ભરતજીએ કહ્યું હતું કે 'આપની સાથે વ્રત લેવાની મેં કરેલી પ્રાર્થનાને આપ કોઇના વચન ખાતર અન્યથા કરો એ આપને છાજતું નથી.'

એજ રીતે શ્રી ભરતજીએ સુભટોને પણ રીતસરનો જવાબ દઇ દીધો. બીજી ઘણી વાતો કરી છે. પણ પ્રશંસનીય કાર્ય પુરૂષે કોઈપણ રીતે કરવું જોઇએ એમ કહીને તો શ્રી ભરતજીએ આત્મહિતની સાધનામાં બીજી કોઈ વાત આડે ન આવી શકે, એવો સાફ રસ્તો કરી લીધો છે.

શ્રી ભરતરાજાએ સુભટોને શું કહ્યું હતું એનું વર્ણન કરતાં શ્રી "પઉમ ચરિયમ્" નામના ગ્રન્થરત્નનાં પ્રણેતા પરમર્ષિ લખે છે કે...

*पिउवयणं पालियं जहावत्तं ।*
*परिवालिओ य लोगो, भोगविही माणिया सव्वा ॥१॥*
*दिन्नं च महादाणं, साहुजणो तप्पिओ जहिच्छाए ।*
*ताएण ववसियं जं, कम्मं तमहं पि ववसामि ॥२॥*
*अणुमन्नह मे सिग्घं, विग्घं मा कुणह जइया तुब्भे ।*
*कज्जं सलाहणिज्जं, जह तह वि नरेण कायव्वं ॥३॥*
*नन्दाइणो वरिन्दा, बहवो अणियत्तविसयपेम्मा य ।*
*बन्धवनेहविनडिया, कालेण अहोगइं पत्ता ॥४॥*
*जह इन्धणाण अग्गी, न य तिप्पइ सागरो नइसएसु ।*
*तह जीवो वि न तिप्पइ, महएसु वि कामभोगेसु ॥५॥*

**શ્રી ભરતજીએ કહેલી સાફ સાફ વાતો**

સુભટોએ સૌથી પહેલી વાત એ કરી હતી કે, 'પિતાજીના વચનને કરો, અર્થાત્ પિતાજીના વચન મુજબ વર્તો.' એટલે શ્રી ભરતજી પણ સૌથી પહેલી વાત એ જ કરે છે કે 'પિતાજીના વચનનું મેં પાલન કર્યું; પાલન કર્યું છે એમ જ નહિ,

 પણ યથાર્થ રીતે મેં પિતાજીના વચનનું પાલન કર્યું છે. અર્થાત્ પિતાજીના વચનનો હું દીક્ષા લેવા દ્વારા ભંગ કરૂં છું, એમ તમે કહેતા હો તો તે પણ તદ્દન ખોટું છે, કારણકે પિતાજીના વચનનું મેં યથાવત્ પાલન કર્યું છે.' વાત પણ સાચી છે. શ્રી દશરથરાજાનું વચન રાજ્ય ગ્રહણ કરવા પૂરતું હતું, પણ 'મરતા સુધી અગર તો બુઢાપા સુધી રાજ્યત્યાગ કરવો જ નહિ' એવું દશરથ રાજાનું વચન હતું જ નહિ આથી શ્રી ભરતજીએ આટલો વખત રાજ્ય કર્યું એટલે એ વચનનું તો યથાર્થ પાલન થઇ જ ગયું છે.



પિતાજીના વચનનું મે યથાવત્ પાલન કર્યું છે. એમ કહ્યા પછીથી શ્રી ભરતજી સુભટોએ કહેલી બીજી વાતનો ઉત્તર આપે છે. સુભટોએ બીજી વાત એ કરી હતી કે, 'સુખને અનુભવવા સાથે આપ લોકનું પાલન કરો.' આની સામે શ્રી ભરતજી કહે છે કે, "અત્યાર સુધીમાં મેં લોકનું પરિપાલનેય કર્યું છે અને સઘળીય ભોગવિધિ પણ મેં માણી છે. અત્યાર સુધી શ્રી ભરતજીએ રાજ્ય ભોગવ્યું છે એટલે લોકપાલન તો કર્યું જ છે. અને સઘળીય ભોગવિધિ પણ માણી છે એમ કહી શકાય. વધુમાં શ્રી ભરતજી કહે છે કે મેં 'અત્યાર સુધીમાં અહીં રહીને કરવા જેવું બીજું પણ કરી લીધું છે. 'મેં મહાદાન પણ દીધું છે અને સાધુજનોને યથેચ્છપણે તર્પિત પણ કર્યા છે.'

હવે તો એક જ કાર્ય બાકી છે અને તે કરવું છે, એમ સૂચવતાં શ્રી ભરતજી કહે છે કે, 'પિતાજીએ જે કર્મ કર્યું તે હું કરૂં છું. અર્થાત્ પિતાજીએ જેમ મોક્ષની અભિલાષાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તેમ હું પણ હવે તો મોક્ષની અભિલાષાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને ઇચ્છું છું.'

## અનુમતિની પરવા કર્યા વિના જ ચાલી જવાનો શ્રી ભરતજીનો નિર્ણય

આટલી વાત તો જાણે કે શ્રી ભરતજીએ ઠીક ઠીક રૂપે કરી, પણ શ્રી ભરતજી આત્મચિંતાના યોગે ખૂબ મક્કમ અને ખૂબ ઉત્સુક પણ બની ગયા છે, સૌની અનુમતિ લેવાની અભિલાષા જરૂર છે, પણ હવે અનુમતિને માટે સમય ખોવાને અને દીક્ષા લેવામાં ઢીલ કરવાને શ્રીભરતજી તૈયાર નથી. શ્રીભરતજીને તો લાગી ગયું છે કે, 'આ તરૂણાવસ્થામાં હું દીક્ષિત થઇ મોક્ષસુખને પમાડનારા ધર્મને નહિ કરૂં તો મારૂં થશે શું ? વૃદ્ધાવસ્થામાં ઉત્કટ આરાધના થઇ શકશે નહિ અને તેથી ધર્મની આરાધના વિના બાળવય બાળક્રીડામાં અને

તરૂણવય ભોગક્રીડામાં કાઢવા બદલ શોકરૂપ અગ્નિમાં શેકાવું પડશે. આ પ્રકારની આત્મચિંતાએ શ્રી ભરતજીને આ વખતે એટલી હદ સુધી તૈયાર કરી દીધા છે કે શ્રી ભરતજી અનુમતિ દેવામાં બીજાઓ ઢીલ કરે તે ય સાંખી શકતા નથી, તેમજ અનુમતિ ન દે તો પણ ચાલ્યા જ જવું એ નિર્ણય ઉપર આવી ગયા છે. વિવેકપૂર્વકની આત્મચિંતા જ્યારે ઉગ્રસ્વરૂપે આત્મામાં પ્રગટે છે, ત્યારે તે આત્મા બહારનાં બંધનોને પંપાળીને જ કાપવા, એવા નિર્ણય ઉપર રહેતો નથી, પણ બહારનાં બંધનોને તાબે થયા વિના અને જરૂર પડે તો બહારનાં બંધનોની પરવા પણ કર્યા વિના જ આત્મકલ્યાણને માટે સંસારનો ત્યાગ કરીને મોક્ષમાર્ગની આરાધનામાં નીકળી પડવાના નિર્ણય ઉપર આવી જાય છે. શ્રી ભરતજીના સંબંધમાં એમ જ બન્યું છે. 'અનુમતિ આપે તો ઠીક છે, પણ અનુમતિ નહિ આપતાં વિઘ્ન જ કરવાને તત્પર બને તો કોઇપણ રીતે ચાલ્યા જ જવું' એવા નિર્ણય ઉપર શ્રી ભરતજી આવ્યા છે અને એથી જ શ્રી ભરતજી, સુભટોએ કહેલી વાતોનો ઉત્તર આપ્યા પછીથી ઘણી જ સ્પષ્ટતાથી એ વાત કહે છે કે, 'હું તમનેય યાચના કરું છું કે મને શીઘ્ર અનુમતિ આપો પણ વિઘ્ન ન કરો, કારણકે પ્રશંસનીય કાર્ય પુરૂષે કોઇપણ રીતે કરવું જોઇએ.' આત્મચિંતા તેજદાર બને તો આટલી મક્કમતા આવવી એ સહજ છે.

પ્રશંસનીય કાર્ય કોને કહેવાય ? અર્થ અને કામની સાધનાના નાના કે મોટા કાર્યને પ્રશંસનીય કાર્ય ન કહેવાય; કારણકે અર્થ અને કામની સાધનાનું કોઇપણ કાર્ય એવું નથી, કે જેના યોગે આત્મા પાપથી લેપાય નહિ. જે કાર્ય કરવાના યોગે આત્મા પાપથી લેપાય તે કાર્યને પ્રશંસનીય કાર્ય કહેવાય જ કેમ? પ્રશંસનીય કાર્ય તો તે જ ગણાય કે જે કાર્ય આત્માને ફાયદો કરનારૂં હોય. પ્રત્યક્ષમાં સામાન્ય ફાયદો અને પરોક્ષમાં મહાનુકશાન, એવું જે જે કાર્યોમાં બને, તેમાંનું એકપણ કાર્ય પ્રશંસનીય કાર્ય તરીકે ગણાય જ નહિ. પ્રશંસનીય કાર્ય તે જ કહેવાય કે જે જ્ઞાનીઓની દૃષ્ટિએ આદરણીય હોય.

**ધર્મકાર્યમાં ધર્મપ્રરૂપકની જ આજ્ઞા પ્રમાણ છે**

'પ્રશંસનીય કાર્ય કોઇપણ રીતે કરવું જોઇએ' એ યાદ રાખવાની સાથે બે વાત બરાબર સમજી રાખવી જરૂરી છે. 'પ્રશંસનીય' અને કોઈપણ રીતે' આ બે બહુ અગત્યના મુદ્દાઓ છે. 'પ્રશંસનીય કાર્ય કોઇપણ રીતે કરવું જોઇએ' એ વાતમાં મર્મને નહિ પામેલાઓ ભણેલાં, શાસ્ત્રોનેય ભૂલી ગયા, ઉત્સૂત્ર પ્રરૂપકો બની ગયા; માર્ગભ્રષ્ટ થઇ ગયા. કોઇપણ ધર્મકાર્ય એ પ્રશંસનીય કાર્ય ખરૂં કે નહિ ? આવું કોઇ પૂછે તો સહેજે કહેવાય કે ભાઇ ! વસ્તુતઃ ધમકાર્ય એ જ પ્રશંસનીય કાર્ય છે. હવે અહીં જે મુદ્દા તરફ તમારૂં ધ્યાન ખેંચવું છે તે એ છે કે અમુક કાર્ય 'પ્રશંસનીય' છે એમ તો નક્કી થઇ ગયું, પણ એ કાર્ય કેમ કરવું જોઇએ ? કોણે કરવું જોઇએ ? ક્યારે કરવું જોઇએ ? એ કરવાનો અધિકારી કોણ અને અનધિકારી કોણ ? એ વગેરે બાબતોમાં ધર્મપ્રરૂપકની શી આજ્ઞા છે એ જોવું પડે કે નહિ ?

**સભાઃ** જોવું જ પડે.

**પૂજ્યશ્રી** : બરાબર છે. ધર્મપ્રરૂપકની આજ્ઞા જોવી જ જોઇએ અને આજ્ઞા મુજબ વર્તવાની દરકાર હોવી જ જોઇએ; પણ કેટલાક મૂર્ખાઓ પકડી બેઠા છે કે "ધર્મકાર્ય સારૂ છે અને કોઇપણ રીતે કરવું જોઇએ એમ ભગવાને કહ્યું છે, માટે વિધિ બિધિની પંચાતમાં અમે નથી પડતા." સારૂં કાર્ય ગમે ત્યારે અને ગમે તેનાથી ગમે તેમ થઇ શકે આવું માનનારા મૂર્ખાઓ પણ આજે વિદ્યમાન નથી એમ નહિ તેવાઓએ સમજવું જોઇએ કે જે ધર્મકાર્યમાં ધર્મપ્રરૂપકની આજ્ઞા મુજબ વર્તવાની દરકાર જ નથી તે કાર્ય વસ્તુતઃ ધર્મકાર્ય જ નથી. પણ એ તો એક પ્રકારનું આત્મનાશક સ્વેચ્છાચારીપણું છે; એવા સ્વેચ્છાચારીપણાના કાર્યને પ્રશંસનીય કાર્ય ગણાય જ નહિ. 'પ્રશંસનીય કાર્ય પુરૂષે કોઇપણ રીતે કરવું જોઇએ' એનો અર્થ એ નથી કે ધર્મપ્રરૂપકની આજ્ઞાની અવગણના કરીને પણ ધર્મકાર્ય કરવું જોઇએ. આજ્ઞાની આરાધના નહિ ત્યાં ધર્મની આરાધના નહિ. જેને આજ્ઞાની આરાધના કરવાની દરકાર છે તે જ સાચો ધર્મી છે. સુવિહિત

શિરોમણિ આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાઓએ પણ એ જ સ્પષ્ટપણે ફરમાવ્યું છે કે '*ધમ્મો આણાએ પડિબદ્ધો ।*' ધર્મ શ્રી જિનાજ્ઞાથી પ્રતિબદ્ધ છે.'

### શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની આરાધના જેવું કોઈ કલ્યાણકર નથી

આથી સમજો કે પ્રશંસનીય કાર્ય તે જ છે કે જે આત્માને લાભ કરનારૂ હોય. અને 'કોઈપણ રીતે કરવું જોઈએ' એનો અર્થ એ જ છે કે 'ધર્મપ્રરૂપકની આજ્ઞાને સમજીને તે આજ્ઞાને બાધા ન પહોંચે એ રીતે, કહો કે આજ્ઞાનુસારી રીતે કરવું જોઈએ.' આજે આજ્ઞાનું બંધન પાલવતું નથી, કારણકે સ્વેચ્છાચાર છોડવો નથી. મગજમાં જે ભૂંસું ભરાયું તે ભરાયું, પછી પોતાના મતને યોગ્ય ઠરાવવા શાસ્ત્રનાં સિદ્ધાંતોનો પણ અવસરે અપલાપ કરતાં શરમ નહિ. આ દશા આજે કેટલાકોની થઇ પડી છે અને એથી જ વાતાવરણ ડહોળાયું છે. 'કોઈપણ રીતે' એટલે 'જ્ઞાનીઓએ ફરમાવેલી રીત' આ વાત ન ભૂલતા; કારણકે આજ્ઞાની આરાધનાથી જેવું કલ્યાણ સધાય છે તેવું કલ્યાણ બીજાથી સધાતું નથી, અને એ જ રીતે આજ્ઞાની વિરાધનાથી જેવું અકલ્યાણ થાય છે તેવું અકલ્યાણ પણ બીજાથી થતું નથી. આજ્ઞાની આરાધના એકાન્તે શ્રેય કરનારી છે અને આજ્ઞાની વિરાધના એકાન્તે અશ્રેય કરનારી છે; માટે વિરાધના ન થાય તેનો તો ખાસ ખ્યાલ રાખવો.

શ્રીભરતજી હવે પ્રંસગ પામીને થોડીક હિતશિક્ષા આપવાનું પણ ચૂકતા નથી. શ્રીભરતજીએ સુભટોને જવાબ આપતાં એ વાત પણ કહી છે કે 'વિષય પ્રેમથી પાછા નહિ ફરેલા અને બંધવસ્નેહથી બંધાયેલા નન્દ આદિ ઘણા રાજાઓ કાળે કરીને અધોગતિમાં ગયા. અગ્નિમાં ગમે તેટલું બળતણ નાખવામાં આવે તો પણ અગ્નિ જેમ તૃપ્ત થતો નથી, અને સાગરમાં ગમે તેટલી નદીઓ આવી મળે તો પણ સાગર જેમ તૃપ્તિને પામતો નથી, તેમ મોટા કામભાગોમાં પણ જીવ તૃપ્તિને પામતો નથી.'

**ભોગોને ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થાય જ નહિ**

ગમે તેટલા કામ ભોગો ભોગવવામાં આવે, તે છતાં પણ ભોગો ભોગવૃત્તિની તૃપ્તિનું કારણ બને એ શક્ય જ નથી. શ્રીભરતજીએ સંસારભયથી ઉદ્વિગ્ન બનીને જે વિચારણામાં દિવસો કાઢ્યા, તે વિચારણાની વિચારણા કરતાં આપણે આ વાતની પણ વિચારણા કરી આવ્યા છીએ કે ભોગો ભોગવવાથી ભોગવૃત્તિ તૃપ્ત થાય છે એ માન્યતા ખોટી છે. મોટેભાગે તો ભોગોનો ભોગવટો ભોગવૃત્તિને ઉત્તેજનારો છે. જ્ઞાનીઓ ભોગવૃત્તિને અગ્નિની ઉપમા આપે છે અને ભોગોના ભોગવટાને ઈન્ધનની ઉપમા આપે છે. વિચારશો તો સમજાશે કે આ ઉપમા ખોટી નથી પણ યથાર્થ જ છે. અગ્નિમાં તમે જેમ જેમ ઈન્ધન નાંખતા જાવ તેમ તેમ અગ્નિ વધારે સતેજ બને, ધીમે બળતો હોય તે ભડકારૂપે બળવા માડે. ઈન્ધન નાંખ્યે અગ્નિ ઓલવાય એ બને નહિ. અગ્નિ બૂઝાવવાનો સારામાં સારો ઉપાય જ એ છે કે એમાં ઈન્ધન નાખવું જ નહિ. ઈન્ધન ન નાખો એટલે અમુક કાળે અગ્નિ આપોઆપ બૂઝાઈ જાય. એટલો વખત પણ જેનાથી અગ્નિનો તાપ ન ખમાય, તેણે અગ્નિ ઉપર રાખ નાખવી પણ ઈન્ધન તો નહિ જ નાખવું. ભોગોનો ભોગવટો એ ભોગવૃત્તિ રૂપ અગ્નિને માટે ઈન્ધનરૂપ છે. ભોગવટારૂપ ઈન્ધન મળતું બંધ થાય એટલે ભોગવૃત્તિરૂપ અગ્નિને બૂઝાયે જ છૂટકો થાય. ભોગોનો ભોગવટો એ તત્કાળને માટે થોડા સમયને માટે શામક જરૂર છે; પણ થોડા સમય બાદ તો તે પ્રાયઃ ભોગવૃત્તિને વધુ ઉત્તેજિત કરનારો જ નિવડે છે.

શ્રીભરતજી આ વાત સુભટોને કહીને સ્પષ્ટ સૂચવે છે કે તરૂણાવસ્થામાં ભોગો ભોગવવા જ જોઈએ, ન ભોગવે તે ભોગવૃત્તિને જીતી ન શકે એમ માનનારા અજ્ઞાન છે, ભોગોનો ભોગવટો જેમ ઓછો, તેમ ભોગવૃત્તિને કાબુમાં લેવી સહેલી; અને ભોગોનો ભોગવટો જેમ વધારે, તેમ ભોગવૃત્તિને કાબુમાં લેવી મુશ્કેલ. જેણે વધારે ભોગોને ભોગવ્યા તે તૃપ્ત થયા સાંભળ્યા છે ? કેટલાક બુઢ્ઢાઓ પણ એવા ભોગરસીયા હોય છે કે ન પૂછો વાત. એમનો બૂઢ્ઢાપામાં

ઉછળતો શોખ જુવાનીયાઓને પણ ટક્કર મારે એવો હોય છે. આથી ખરી વાત તો એ જ છે કે ભોગોથી વિરામ પામવા માટે ભોગો ભૂંડા લાગવા જોઇએ અને ભોગવૃત્તિ ઉપર કાબુ મેળવવાને માટે ભોગોની સામગ્રીથી દૂર રહી ઇચ્છાનિરોધ સાધવા માટે તત્પર બની જવું જોઇએ.

### આજ્ઞાની આરાધનામાં જ આત્મકલ્યાણ

વિષય પ્રેમમાં ફસી રહેલા અને બંધવસ્નેહમાં રક્ત રહેલા રાજાઓ કે બીજાઓ દુર્ગતિમાં જાય, તેમાંય નવાઇ પામવા જેવું શું છે? દુર્ગતિએ ન જવું હોય તો વિષયપ્રેમને એકાંતે અનર્થકર માનો, બંધવજનોનો મોહ મારનારો છે એમ માનો અને એ મોહાદિથી મુક્ત થવાને માટે રાગદ્વેષ તથા મોહથી સર્વથા મૂકાએલા અને અનંતજ્ઞાનને પામેલા શ્રી અરિહંતદેવોની આજ્ઞાને જ આરાધવા જેવી માનીને, શક્તિ મુજબ આજ્ઞાની આરાધના કરવા માંડો. આજ્ઞાની આરાધના કરનારને દુર્ગતિનો ડર રાખવાની જેમ જરૂર નથી, તેમ સદ્‌ગતિની ઇચ્છા રાખવાની પણ જરૂર નથી. એ વિશ્વાસ હોવો જ જોઇએ કે આજ્ઞાની આરાધના કરનારા આત્માને આરાધનામાં કમીના રહેવાના કારણે મુક્તિ ન મળે, તો પણ સદ્‌ગતિ એવી ઉત્તમ સામગ્રીઓ સહિત મળે, કે ત્યાં જઇને પણ આત્મા વિરાગભાવમાં રમ્યો રહી કલ્યાણ સાધી શકે.

### મોટાઈની લાલસા ત્યજીને લાયકાત કેળવવાની જરૂર છે

આપણે જોયું કે શ્રીભરતજીએ પોતે અત્યાર સુધી કેવળ શ્રી રામચંદ્રજીની આજ્ઞાને જ વશવર્તી બનીને રાજ્યપાલન કર્યું હતું, એ વાત ઘણી જ સ્પષ્ટતાથી કહી દીધી અને પ્રવ્રજિત થવાની અનુમતિ માંગી. શ્રીભરતજીમાં વિનીતતા ઘણી છે, પણ આત્મહિતનો પ્રશ્ન અત્યારે એ પુણ્યાત્માને કોઇ નવો કલ્યાણકારી વેગ આપી રહ્યો છે. આવા પ્રસંગોએ આજ્ઞા કરનારે બહુ વિચાર કરવાનો હોય છે. સામો આજ્ઞાભંજક ન બની જાય, એને માટેની આજ્ઞાદાતાએ પણ ઘણી જ કાળજી રાખવાની છે. 'આપણે આજ્ઞા કરી છૂટો, પાળવી હશે તો પાળશે; નહિ તો જેવું એનું નશીબ' આવો વિચાર શ્રી સર્વજ્ઞપ્રણિત

 આ શાસનમાં છે જ નહિ. આજ્ઞા કરનારની જવાબદારી ઘણી વધારે છે અને એથી જ અનંતજ્ઞાનીઓએ આજ્ઞા કરવાની સત્તા જેના તેના હાથમાં નહિ મૂકતાં, મહાયોગ્યતાને મેળવી ચૂકેલા મહાત્માઓને સોંપી છે. આજ્ઞા કરનારે સામા આત્માની લાયકાત, સ્થિતિ, ભાવના, મનોદશા વગેરેનો બહુ વિચાર કરવાનો હોય છે. આજ્ઞા કરનારે અવસર પણ જોવો જોઈએ. અમુક અવસરે કરેલી આજ્ઞા સહેજે સ્વીકારાઈ જાય છે અને એની એ જ આજ્ઞા એજ વ્યક્તિને કસમયે કરી હોય, તો તેની પ્રાય: અવગણના થઈ જાય છે. મોટા થવું એ વધારે જોખમમાં મૂકાવા જેવું છે. મોટા બનેલા અનેકોના તારક બનવાનો પરમ લાભ પામી શકે, પણ મોટાપણું કેળવાયું હોય તો; વધારે જોખમનું કાર્ય પાર પાડવાનું કૌવત કેળવ્યું હોય તો. એ લાયક્રાત વિના મોટા બને તે અનેકોના તારક બનવાને બદલે અનેકોના ડૂબાવનારા ન બને તો સારૂં! આ સમજાઇ જાય તો મોટા બનવાની લાલસા નીકળી જાય અને મોટાઇ કેળવવાને માટે ઉદ્યમશીલ બનાય. આજે મોટેભાગે દશા એ છે કે મોટા બનવાની લાલસા લગભગ ઘર કરી બેઠી છે અને મોટાઇ કેળવવાની લાયકાત કેળવવાની વાત જાણે શાસ્ત્રમાં કહી જ ન હોય, એ પ્રકારે વર્તાય છે. આ દશા કોઈપણ રીતે હિતાવહ નથી. વસ્તુત: આત્મા મોટાઇનો અર્થી નહિ હોવો જોઈએ, પણ યોગ્યતાનો જ અર્થી હોવો જોઈએ.



# લાયકાત મુજબની આજ્ઞાઓ

## ૧૦

શ્રી અરિહંતદેવોએ મોક્ષમાર્ગની સ્થાપના કરી પણ વિધાનાત્મક કે નિષેધાત્મક આજ્ઞાઓ બધાને માટે એક સરખી ન રાખી. લાયકાત મુજબ તેના ભાગ પાડ્યા. કારણકે તેઓ સર્વજ્ઞ હોવાથી જીવોની પ્રકૃતિના પ્રત્યક્ષજ્ઞાતા હતાં.

સાધુ માટે જે પ્રકારની આજ્ઞા, તે પ્રકારની શ્રાવક માટે નહિં, અરે શ્રાવક માટે તો કેટલીય બાબતમાં વિધાન પણ નહિં અને નિષેધ પણ નહિં. કેમ ? જીવોની લાયકાત એ જ મહત્ત્વની વસ્તુ છે.

શ્રીરામચન્દ્રજીએ ભરતજીને પિતાજીની અને પોતાની આજ્ઞાથી રાજ્ય ઉપર રહેવા ફરમાવ્યું. પણ હિતકર આજ્ઞા જ વિવેકીને માટે સ્વીકાર્ય હોય છે. તેથી શ્રી ભરતજી તો સ્વયં જવા તૈયાર થઈ ગયા. આ સંદર્ભે દીક્ષા ધર્મ માટે તે કાળે ચાલતી ધાંધલનો ઉલ્લેખ કરીને શ્રી મહાવીરદેવનું દૃષ્ટાંત આપવા પૂર્વક ''માતા-પિતાની વિદ્યમાનતામાં દીક્ષા નહિં લેવાની'' તેઓની પ્રતિજ્ઞા અંગે ખૂબ જ સુંદર રજૂઆત થઈ છે, જે આપણે તે પરમતારકશ્રીના શબ્દોમાં જ વાંચીએ.

-શ્રી

# લાયકાત મુજબની આજ્ઞાઓ

★ શ્રી જૈનશાસને સદા સર્વદા કલ્યાણની સાચી કામનાને આવકારી છે
★ જે સંયમધર્મના પાલન માટે અશક્ત હોય તેના માટે ગૃહસ્થધર્મ
★ ગૃહસ્થધર્મને અંગે કેટલીક વાતો નિષેધવિધાને ય નહિ અને વિહિતવિધાને ય નહિ
★ લાયકાત ન હોય તો નાના રહેવું એમાં નાનપ નથી
★ શ્રી રામચંદ્રજીએ મોહવશ શ્રી ભરતજીને આજ્ઞાપાલન માટે કહ્યું
★ શ્રી રામચંદ્રજી જ્યારે રોકે છે એટલે શ્રી ભરતજી છોડીને ચાલી નીકળે છે
★ ભગવાનની દીક્ષા પછી પણ નંદીવર્ધન રડ્યા છે
★ ધર્મ પમાડવા દ્વારા જ માતા-પિતાના ઉપકારોનો બદલો વાળી શકાય છે
★ અનુમતિ માટે અવસરે યુક્તિથી કામ લેવું પડે છે
★ વાસ્તવિક હકીકત જુદી છે અને બહારનો ઘોંઘાટ જુદો છે
★ અભિગ્રહની પ્રવૃત્તિ નિન્દ્ય કોટિની નથી
★ ભગવાન શ્રીમહાવીરદેવના અભિગ્રહમાં મોહોદયની આધીનતા નથી
★ અભિગ્રહ ન કર્યો હોત તો કયો મહા અનર્થ થવા પામે તેમ હતું ?
★ ચારિત્રમોહનીય કર્મની સોપક્રમતા અને માતા-પિતાનું મૃત્યુ ભગવાને કઈ રીતે જાણ્યું ?

# ૧૦

## લાયકાત મુજબની આજ્ઞાઓ

શ્રી સર્વજ્ઞપ્રણિત શાસનના સિદ્ધાંતો સમજાય તો એમ થાય કે આજ્ઞામાં આટલો વિવેક એ જ કરી શકે. મોક્ષમાર્ગ દર્શાવ્યો, પણ તેની આરાધના યોગ્યતાનુસાર દર્શાવી. સૌ માટે ધ્યેય એક, સૌ માટે માર્ગ એક, પણ ભેદ ગતિમાં રાખ્યો. કોઈ દોડી શકે, તો કોઈને ડગલે ને પગલે આરામ લેવો જોઈએ; આવો ફેરફાર હોય ત્યાં શું થાય ? એટલા માટે જ્ઞાનીઓએ અનેક પ્રકારનાં વિધાનો દર્શાવ્યાં. ટૂંકું કે મોટું, જલ્દી કે ધીરે, પણ જે પગલું માંડવાનું તે ધ્યેય તરફ જતા માર્ગે; આટલી વાત રાખીને જીવો પોતાની શક્તિ-સામગ્રી - લાયકાત આદિ મુજબ પગલાં માંડી શકે એવી સુંદર વ્યવસ્થા આ શાસને કરી છે. એટલું જ નહિ પણ ધીમું ધીમું પગલું માંડી માર્ગે ગતિ કરનાર અગર તો 'માર્ગ આ જ છે' - એમ હૃદયથી માનવા છતાં ધીમું પણ પગલું આચરણારૂપે માંડવાને અશક્ત અગર તો આ માર્ગની દિશાએ વળેલા આત્માઓ કોઈપણ રીતે આજ્ઞાના વિરાધક ન બને એની જ્ઞાનીઓએ કાળજી રાખી છે અને લાયકાત આદિ મુજબની જ આજ્ઞા ફરમાવી છે. કારણ એ જ કે જીવોનું એકાન્તે કલ્યાણ થાય એવો માર્ગ દર્શાવવો હતો. એ જ રીતે મોટાઈ જો સ્વ-પરકલ્યાણની ભાવનાથી તેમજ લાયકાત આદિથી સહિત હોય તો આજ્ઞા કરનારને અને આજ્ઞા માનનારને બન્નેયને લાભ થાય; પણ એથી વિપરીત સ્થિતિ હોય તો સ્વ ને પરનું કેટલું કારમું અકલ્યાણ થાય તે કહી શકાય નહિ.

### શ્રી જૈનશાસને સદા - સર્વદા કલ્યાણની સાચી કામનાને આવકારી છે

જીવો એકાંતે અપ્રમત્ત બનીને યથાખ્યાત ચારિત્રનું પાલન કરનારા બનશે, તે પછી જ સિદ્ધિસ્થાનને પામી શકશે; એવું જાણનારા જ્ઞાનીઓએ પણ પ્રમાદવાળું સંયમ બતાવ્યું કે નહિ ? પ્રમાદવાળી પણ વિરતિવાળી દશા સર્વથી નહિ તો અમુક અંશથીય કેમ પમાય, એ બતાવ્યું કે નહિ ? વિરતિથી આચરણા ન થાય તો પણ ચાર પ્રકારની સદ્દહણા આદિ દ્વારા કલ્યાણ કેમ સધાય, એમ બતાવ્યું કે નહિ ? કેમ? કારણ એજ કે, એ ન બતાવાય તો તેવા ઘણા જીવો કલ્યાણથી વંચિત રહી જાય. કલ્યાણની સાચી કામના જેનાં અંતરમાં પ્રગટી હોય, એવા એક પણ જીવને કલ્યાણની સાધનાથી વંચિત રાખનાર શ્રી જૈનશાસન નથી. કલ્યાણની સાચી કામનાને શ્રી જૈન-શાસને સદા - સર્વદા આવકારી છે. કોઈનામાં કલ્યાણની સાચી કામના પ્રગટેલી જોવામાં આવે, તો શ્રી જૈનશાસનને પામેલો આત્મા ખુશ થયા વિના રહે નહિ અને એમ થઈ જાય કે, 'પરમભાગ્યવાન્ !' કલ્યાણની સાચી કામનાનો પણ આ મહિમા ! કલ્યાણની સાચી કામના પણ અલ્પસંસારી આત્માઓમાં જ પ્રગટે છે આથી જેના જેના અંતરમાં કલ્યાણની સાચી કામના પ્રગટી હોય, તે સઘળાય આત્માઓ પોતાને પ્રાપ્ત થયેલી શક્તિ સામગ્રી લાયકાત આદિ મુજબ આરાધના કરી શકે, એ માટે જૈનશાસને મોક્ષમાર્ગની આરાધના માટે ભિન્ન-ભિન્ન વિધાનો યોજ્યાં છે. વિધાનો જુદા જુદા હોવા છતાં પણ ધ્યેય અને માર્ગ એક જ છે એ ભૂલવાનું નથી. ફરક માર્ગની ગતિમાં પડે છે. એક કલાકમાં કોઈ પાંચ માઈલ જાય, કોઈ ત્રણ માઈલ જાય, કોઈ એક માઈલ જાય અને કોઈ એક ફર્લાંગ જ જાય પણ 'સૌનો માર્ગ એક અને સૌનું ધ્યેય પણ એક' આટલી વાત જ્ઞાનીઓએ ચોક્કસ રાખી છે. ધ્યેયને ભૂલનારો કે માર્ગને છોડનારો તો ગમે તેવો વિરાધક બને, પણ એમાં જ્ઞાનીઓની ભૂલ ન જ ગણાય.

## જે સંયમધર્મના પાલન માટે અશક્ત હોય તેના માટે ગૃહસ્થધર્મ

જ્ઞાનીઓએ જે વિધાનો સાધુઓને માટે કર્યા, તે જ વિધાનો ગૃહસ્થોને માટે નહિ કરવાનું કારણ ?

**સભા:** સાધુઓને માટે મહાવ્રતો અને ગૃહસ્થોને માટે અણુવ્રતો એમ જ કહ્યું છે ને ?

**પૂજ્યશ્રી** : એ તો એ જ સૂચવે છે કે સાધુધર્મ કે ગૃહસ્થધર્મ બંનેની દિશા, બંનેનો માર્ગ એક છે : પણ સાધુઓ માટે 'મહા' અને ગૃહસ્થોને માટે 'અણુ' એમ કેમ? કારણ એ જ કે, વધારે લાભ તો મહાવ્રતો આદિના પાલનથી જ છે, પણ મહાવ્રતોનું પાલન કરવાને જે અશક્ત હોય, તે અણુવ્રતો દ્વારા પણ વ્રતમાર્ગે ધીમી ય ગતિ કરી શકે ! ગૃહસ્થધર્મ તેને જ માટે છે કે જે સંયમધર્મના પાલનને માટે અશક્ત હોય ! 'સંયમધર્મ ક્યારે પામું' એ ભાવના ગૃહસ્થધર્મના પાલનમાં હોવી જ જોઈએ. 'સંયમધર્મને સ્વીકારી તેના પાલનમાં રક્ત બનેલા મહાત્માઓ મારે માટે પૂજ્ય જ છે : તેમના ધર્મ પાસે મારો ધર્મ તો મેરૂ પાસે સરસવ જેવો છે; હું પામર છું કે સંયમધર્મને સ્વીકારી શકતો નથી.' આ વગેરે ભાવનાઓ ગૃહસ્થધર્મનું પાલન કરનારાઓમાં પણ હોવી જ જોઈએ. આ પ્રકારની ભાવનાઓનો જેનામાં સર્વથા અભાવ હોય, તે બાહ્ય દૃષ્ટિએ દેશવિરતિ ધર્મનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ કદાચ બારેય વ્રતોને પાળતો હોય, તે છતાં પણ વસ્તુતઃ ધર્મને તે પામેલો જ નથી; અને આ પ્રકારની ભાવનાઓથી જે વિપરીત ભાવનાઓને જ ધરનારો હોય, તે તો બાહ્યદૃષ્ટિએ બાર વ્રતધારી હોય તોય ઘોર વિરાધક જ છે.

વિધાનો બે પ્રકારનાં છે. નિષેધવિધાન અને વિહિતવિધાન. સાધુઓની એકપણ ક્ષણ એવી રાખેલી નથી, કે જે ક્ષણમાં સાધુને માટે નિષેધવિધાન કે વિહિત વિધાનનો અભાવ હોય. નિષેધવિધાન એટલે અમુક અમુક ત્યજવું, એ વગેરેવાળું નિષેધાત્મક વિધાન. વિહિતવિધાન એટલે અમુક અમુક આચરવું, એ વગેરેવાળું વિહિતાત્મક વિધાન. સાધુજીવન એટલે નિષેધવિધાન અને વિહિતવિધાનથી

 ઓતપ્રોત જીવન. એકાંતે આજ્ઞામય કોઈનું જીવન હોય, તો તે સાધુઓનું જ જીવન છે. ખાવા - પીવા - પહેરવા - ઓઢવા - સૂવા - ઉઠવા વગેરે બધાના સંબંધમાં સાધુઓને માટે બંનેય પ્રકારના વિધાનો દ્વારા જ્ઞાનીઓએ સાધુઓના જીવનને એકાંતે આજ્ઞાથી નિયંત્રિત બનાવી દીધું છે.



ગૃહસ્થોને માટે એમ નથી. ગૃહસ્થોને માટે પણ અમુક પ્રકારનાં નિષેધ-વિધાનો અને અમુક પ્રકારનાં વિહિત-વિધાનો જરૂર ફરમાવેલાં છે, પરંતુ એમાં ગૃહસ્થાવાસમાં રહેલા આત્માઓથી થતી બધી જ ક્રિયાઓનો સમાવેશ થઇ જતો નથી. એવી કેટલીય ક્રિયાઓ છે કે જે એકાંતે આચરણીય ગણાય; તે છતાં તે ક્રિયાઓ કરવી જ જોઇએ એવી ગૃહસ્થોને આજ્ઞા નહિ. એ જ રીતે એવી કેટલીક ક્રિયાઓ છે કે જે ત્યજવા યોગ્ય જ છે : છતાં તે ત્યજવી જ જોઇએ એવી ગૃહસ્થોને માટે ગૃહસ્થધર્મની અપેક્ષાએ આજ્ઞા નહિ.

ગૃહસ્થોની ઘણી ક્રિયાઓ એવી છે કે જે નિષેધવિધાન અને વિહિતવિધાન બંનેયમાંથી બાતલ રાખવામાં આવેલી છે. ક્રિયા પોતાના સ્વરૂપે ત્યજવા જેવી હોવા છતાં પણ તે ત્યજવી જ એવી અગર તો ક્રિયા પોતાના સ્વરૂપે આચરવા જેવી હોવા છતાં પણ તે આચરવી જ એવી ગૃહસ્થોને માટે ગૃહસ્થધર્મને આશ્રયીને આજ્ઞા નહિ, એનું કારણ શું ? કારણ એ જ કે ગૃહસ્થાવાસમાં રહેલાને માટે તે તે ક્રિયાઓનો પરિત્યાગ અને તે તે ક્રિયાઓની આચરણા શક્ય નથી; હવે જે ક્રિયાઓનો પરિત્યાગ અગર તો પરિપાલનની આજ્ઞા ફરમાવવામાં આવે તો પરિણામ કેવું આવે ? કહો કે, તેમ થાય તો તેનું પરિણામ વિરાધનામાં આવવા સિવાય બીજું આવે જ નહિ અને એવું પરિણામ આવવા દ્વારા એ જીવોનું અકલ્યાણ થાય એ સ્વભાવિક હોવાથી, અનંત ઉપકારી અને સ્વ - પરના વાસ્તવિક હિતના જાણ મહાત્માઓ તેવી આજ્ઞા કરે જ નહિ તે સ્વાભાવિક છે.

**ગૃહસ્થધર્મને અંગે કેટલીક વાતો નિષેધવિધાને ય નહિ અને વિહિતવિધાને ય નહિ**

ગૃહસ્થાવાસમાં રહેવાને માટે પરણવાના નિષેધરૂપ આજ્ઞા ખરી કે નહિ ?

**સભા**: એમ તો નહિ જ.

**પૂજ્યશ્રી** : તો પછી 'ગૃહસ્થાવાસમાં રહેનારાએ પરણવું જ જોઇએ' એવી વિધાનરૂપ આજ્ઞા ખરી કે નહિ ?

**સભા**: એમે ય નહીં જ.

**પૂજ્યશ્રી** : બરાબર છે. પરણવાનો નિષેધે ય નહિ અને પરણવું એવી આજ્ઞા પણ નહિ ! એ ક્રિયા ગૃહસ્થોને માટે ગૃહસ્થ ધર્મની અપેક્ષાએ ન નિષિદ્ધ કે ન વિહિત !

**સભા**: તો પછી સમાન શીલ, કુળ, વય, સંસ્કાર વગેરે વાતો કઈ અપેક્ષાએ કહી શકાય ?

**પૂજ્યશ્રી** : એ વાતો લગ્નક્રિયાની અનુમતિરૂપ નથી. તમે જો પરણો તો પણ પરણવાની લાલસામાં અધમકુળ આદિમાં ન પડતા, એ વગેરેનું સૂચન છે. એમાં 'કુળાદિની અધમતા વગેરેનાં ત્યાગની આજ્ઞા છે.' એમ કહી શકાય. પણ 'કુળવાન આદિ ગુણોવાળી કે ગુણોવાળાને પરણવાની જ આજ્ઞા છે' એમ તો નથી જ. તમારે માટે ખાવાનું કરતા હો તો સાધુભક્તિ, સાધર્મિક-વત્સલતા અને દીનાનુકમ્પા આદિ ન ચૂકતા, એના જેવું પરણવા સંબંધી કુલાદિને અંગે છે. કેટલીક વાતો વિધેયરૂપ હોય છે અને કેટલીક વાતો અનુવાદરૂપ હોય છે. આ રીતે શાસ્ત્રની વાતોનો વિવેક કરતાં જેને ન આવડતો હોય તેને ઉન્માર્ગે ચઢી જતાં વાર ન લાગે; માટે એવાઓએ તો ધાર્મિક પુસ્તકોના અનુવાદો સ્વયં વાંચી લેવાની વધતી જતી બદીથી, જરૂર બચતા જ રહેવું એ હિતાવહ છે. પરણવાની ક્રિયાની જેમ રાંધવા વગેરેની ક્રિયાઓ સંબંધી પણ સમજવાનું છે. ગૃહસ્થોને માટે એ ક્રિયાઓનું વિધાને ય નહિ અને એ ક્રિયાઓનો નિષેધ પણ નહિ !

એ પણ જુઓ કે સાધુઓને માટે પાંચમાંથી એકપણ મહાવ્રતનો અભાવ હોય તો તે ન જ ચાલે, એમ ફરમાવ્યું, જ્યારે ગૃહસ્થ ધર્મમાં તો બારે બાર અગર તો બારમાંથી એક પણ વ્રત અંગીકાર કરનારને દેશવિરતિ ગણી શકાય એમ ફરમાવ્યું ! સાધુઓને માટે પાંચેય મહાવ્રતો જોઇએ જ એ તો ખરૂં, પણ એમાં 'આ મહાવ્રતમાં મારે

આટલી છુટ અને આ મહાવ્રતમાં મારે આટલી છૂટ' એમ કોઇપણ સાધુ પોતાની ઇચ્છા મુજબ છૂટ રાખી શકે જ નહિ. એમ સ્વેચ્છા મુજબ છૂટ જોઇતી હોય તેને માટે મહાવ્રતો છે જ નહિ. જ્યારે ગૃહસ્થ બારમાંથી એક વ્રત લેતાં પણ અમુક પ્રકારની પોતાના ઇચ્છા મુજબની છૂટ રાખવા માગતો હોય, તો તે માટે તેને નિષેધાત્મક આજ્ઞા થઇ શકે નહિ. અર્થાત્ છૂટ રાખ્યા વિના જ દેશવિરતિનાં વ્રતોમાંનું કોઇ પણ વ્રત લેવું જોઇએ એવું વિધાન ગૃહસ્થોને માટે નથી; છતાં એ સાથે જ છે કે, વ્રતના પ્રાણને હણનારી છૂટ રખાય નહિ અને વ્રતના પ્રાણને હણે તેવી છૂટ રાખનારો વસ્તુત: વ્રત લેતો જ નથી. વાત એ છે કે સાધુધર્મ અને ગૃહસ્થધર્મ, એ બેની વચ્ચે આવો આજ્ઞાભેદ કેમ? એવા આજ્ઞાભેદનું કારણ એ જ છે કે ગૃહસ્થધર્મ પણ સર્વાંશે ન આદરી શકે એવાય આત્માઓ ગૃહસ્થધર્મનું શક્ય પાલન કરીને તેટલા પૂરતું પણ કલ્યાણ સાધી શકે, સંયમ ધર્મ અંગે એવી છૂટ રખાય એમ ન રાખ્યું, કારણકે એ જીવન કેવળ આજ્ઞામય છે. એ જીવન એવું છે કે જેમાં ત્યજવા યોગ્યનો ત્યાગ અને સ્વીકારવા યોગ્યનો સ્વીકાર છે. ગૃહસ્થદશામાં તો ત્યજવા યોગ્ય ઘણી ક્રિયાઓ સ્વાભાવિક સ્વીકારાએલી હોય છે અને સ્વીકારવા યોગ્ય ઘણી ક્રિયાઓ ત્યાં સ્વીકારીને યથાવત્ પાળવી એ શક્ય નથી.

**લાયકાત ન હોય તો નાના રહેવું એમાં નાનપ નથી**

આટલો વિવેક કોણ કરી શકે ? જેઓએ બીજા જીવોને આજ્ઞાની આરાધના કરાવવી હોય અને બચવા ઇચ્છનારાઓને વિરાધનાથી બચાવી લેવા હોય, તેને તો આવા વિવેક વિના ચાલે જ નહિ. મોટા સ્થાને તેણે જ બેસવું, કે જે એ સ્થાને રહીને હાથ નીચેનાઓને પાળવાનું સામર્થ્ય ધરાવતો હોય. એ લાયકાત ન હોય, તો નાના રહેવું એમાં નાનમ નથી. અધિકાર પ્રાપ્ત કરવો એ જરૂર કપરૂં કામ છે, પણ અધિકારને પચાવવો એ એના કરતાં પણ વધારે કપરૂં કામ છે. અધિકારને તે જ પચાવી શકે, કે જે તેટલી લાયકાતવાળો હોય. જેને અધિકાર ન પચે તેમ હોય અને અધિકારને જે દીપાવી શકે તેમ ન હોય, તેણે તે અધિકારની જવાબદારી માથે

નહિ લેવી અને આવી પડે તો ય માથે નહિ રાખતાં યોગ્યને સોંપી દેવી એ જ સ્વ તથા પરને માટે હિતાવહ માર્ગ છે. મૂળ વાત તો એ છે કે, આજ્ઞા કરનારે ખૂબ કાળજીવાળા બનવું જોઈએ. કે જેથી પોતાની ભૂલોના પ્રતાપે સામો આત્મા નિષ્કારણ આજ્ઞાવિરાધક બની જાય નહિ !

તમે સાધુને પૂછો કે 'સામાયિક પારૂં ' તો સાધુ શું કહે ? 'ફરી કર !' એમ કહે ? નહિ જ. કેમ? સામયિક ખરાબ છે ? ના. સામાયિક તો સારૂં જ છે. પણ 'ફરી કર !' એમ કહ્યું અને સામાએ ન કર્યું તો ? કર્યું પણ મનમાં સાધુને ભાંડતાં ભાંડતાં કર્યું તો ? 'આવા સાધુઓ પાસે જવું જ નહિ કે જેથી ઈચ્છા વગર બેસી રહેવું પડે' આવું નક્કી કરે તો ? સાધુઓ પ્રત્યે દુર્ભાવ થઇ જાય તો ? આ બધુ બનવું એ અશક્ય છે ? કહો કે અશક્ય નહિ પણ શક્ય છે.

આજે ઉપદેશમાંથી ખસીને આદેશમાં ગયેલાઓએ અને શ્રાવકોને શરમમાં મૂકી ખોટાં દબાણો કરનારાઓએ ઘણાને સાધુ પાસે જતાં અટકાવી દીધા છે ! 'જવા દે. જશું અને કાંઇક બાધા આપશે !' અથવા 'સાધુઓને તો જરાક ભક્તિ દેખાડીએ એટલે પૈસા કઢાવવાની જ દૃષ્ટિ' આવું આવું કેટલાકો આજે બોલે છે, તેમાં 'અમુક અમુક સાધુઓની પણ ભૂલ નથી' એમ તો કોઇથી પણ કહી શકાય તેમ નથી. આજ્ઞા કરવાની યોગ્યતા વિના જેઓ આ ધંધો લઈ પડ્યા, તેમણે સ્વયં માન્યું કે, 'અમે ઘણા જીવોને ધર્મ પમાડીએ છીએ.' પણ પરિણામ મોટાભાગે એથી વિપરીત આવ્યું. બાધા તો ગમે તેમ ખોટું દબાણ કરીને માનો કે, આપી દીધી પણ પછી પેલો ન પાળે તો તેમાં એ રીતે બાધા આપનાર દોષિત નથી જ ઠરતા, એમ ન માનતા.

સાધુને તમે 'સામયિક પારૂં ?' એમ પૂછો, ત્યારે 'ફરી કર' એમ જેમ સાધુ ન કહે, તેમ એમ પણ ન કહે કે 'પારવું હોય તો પાર !' કારણકે એમ કહે તો પણ પેલાની અસંયમાત્મક પ્રવૃત્તિની અનુમોદનાનો દોષ લાગે. આથી સાધુ એ જ કહે કે 'આ સામાયિક ફરી કરવા યોગ્ય છે.' સાધુ આટલું ઉપદેશે અને એ ઉપદેશથી પેલો બીજું સામાયિક કરે તો ભલે, પણ એ પછી જો પેલો એમ જ જણાવે કે,

'સામાયિક પાર્યું !' તો સાધુ એ જ કહે કે, 'આ આચાર મૂકવા યોગ્ય નથી.' અર્થાત્ 'અત્યારે સામાયિક પાર્યું પણ આ આચાર ન મૂકાઈ જાય તેની કાળજી રાખવા જેવી છે.'

આ રીતે સામાયિકને અંગે બોલવાનું તો જ્ઞાનીઓએ નક્કી કરી આપેલું છે. પણ બધે જ આ પ્રકારનો જરૂરી વિવેક કરવાનો રહે છે કે જેથી સામો આજ્ઞા કરનારની ભૂલે આજ્ઞાભંજકપણાના પાપમાં ન પડે. તેમજ ધર્મથી, ધર્મગુરૂઓથી અને વડિલો આદિથી ઉભગવાની કે બેશરમ બનવાની સામાને તક ન મળે.

**શ્રી રામચંદ્રજીએ મોહવશ શ્રી ભરતજીને આજ્ઞાપાલન માટે કહ્યું**

આમ છતાં પણ અજ્ઞાનના યોગે વડિલ આદિ કેટલીકવાર ભૂલો કરે છે, તેમ મોહના યોગે પણ બુદ્ધિશાળી વડિલો દ્વારા કેટલીકવાર ભૂલો થઇ જાય છે. સ્નેહની આધીનતાને વશ થઇ ગયેલા આત્માઓ 'આ અવસરે મારે આ આજ્ઞા કરવા જેવી છે કે નહિ ?' એવો વિવેક કરવાનું ભૂલી જાય, તે બહુ જ બનવાજોગ છે. શ્રી રામચંદ્રજીના સંબંધમાં લગભગ એમજ બને છે.

*"अन्यदा रामभद्रं तु, प्रणम्य भरतोऽभ्यधात् ।*
*आर्य ! त्वदाज्ञया राज्य-मियत्कालं मया धृतम् ॥१॥*
*"प्राव्रजिष्यं तदैवाहं, तातपादैः सह प्रभो !*
*अर्गला नाभविष्यच्चे-दार्याज्ञा राज्यपालने ॥२॥*
*"मां व्रतायानुमन्यस्व, स्वयं राज्यं प्रतीच्छ च ।*
*भवोद्विग्नस्त्वयि प्राप्ते, न ह्यतः स्थातुमुत्सहे ॥३॥"*

જ્યારે શ્રી ભરતજીએ નમસ્કાર કરવાપૂર્વક શ્રીરામચંદ્રજીને કહ્યું કે, 'હે આર્ય ! આપની આજ્ઞાને આધીન થઇને જ મેં આટલો વખત રાજ્યપાલન કર્યું છે; રાજ્યપાલન કરવા વિષેની આપની આજ્ઞા જો અર્ગલારૂપ બનીને આડે ન આવી હોત, અર્થાત્ રાજ્યપાલન સંબંધી આપે જો આજ્ઞા ન કરી હોત તો તો મેં તે જ સમયે પિતાજીની સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરી હોત, માટે હવે તો મને દીક્ષા લેવામાં અનુમતિ આપો અને આ રાજ્યનો સ્વીકાર કરો. હવે આપ પધારી ગયા હોવાથી ભવથી ઉદ્વિગ્ન એવો હું અહીં રહેવાને જરાય ઉત્સાહિત નથી.

શ્રી ભરતજીના આવા કથનને સાંભળીને શ્રી રામચંદ્રજીની આંખમાં પણ આંસુઓ ઉભરાઇ આવ્યાં. જે વાતને સાંભળતાં આત્મા પ્રફુલ્લ બનવો જોઇએ, તે વાતને સાંભળતાં મોહ શોક પેદા કરે એ બનવાજોગ છે. એટલા માટે તો મોહને આધીન નહિ થવાની અને મોહની સામે સઘળીય શક્તિઓના ઉપયોગપૂર્વક મારો ચલાવવાની જ્ઞાનીઓ આજ્ઞા ફરમાવે છે.

*"रामोऽप्युद्गश्रुस्तं स्माह, किमेवं वत्स ! भाषसे ?*
*कुरु राज्यं त्वमेवेह, त्वद्युत्का वयमागताः ॥१॥*
*"त्यजन्नः सह राज्येन, भूयस्त्वद्विरहव्यथाम् ।*
*किं दत्से वत्स ! तत्तिष्ठ, कुर्वाज्ञां मम पूर्ववत् ॥२॥"*

શ્રી રામચંદ્રજી અશ્રુભીની આંખવાળા બનીને શ્રી ભરતજીને કહે છે કે, "હે વત્સ ! તું આમ કેમ બોલે છે ? અમે તો તને મળવાની ઉત્કંઠાવાળા બનીને અહીં આવ્યા છીએ; માટે રાજ્ય તો તું જ કર ! રાજ્યની સાથે અમને પણ છોડીને હે વત્સ ! અમને તું તારા વિરહની વ્યથા શા માટે આપે છે ? માટે કહું છું કે મારી આજ્ઞાનું પૂર્વવત્ પાલન કર !"

### શ્રીરામચંદ્રજી જ્યારે રોકે છે એટલે શ્રીભરતજી છોડીને ચાલી નીકળે છે

શ્રીરામચંદ્રજીને ખબર નથી કે શ્રીભરતજી આજે ફરી ગયા છે. *જે શ્રીભરતજીએ કેવળ આજ્ઞાને આધીન થઇને પૂર્વે અનિચ્છાએ પણ* રાજ્યપાલનની જવાબદારી માથે લીધી અને દીક્ષા લેવાનું મોકુફ રાખ્યું, તે જ શ્રીભરતજી આ વખતે આજ્ઞા માની દીક્ષા લેવાનું માંડી વાળે એમ નથી. પૂર્વના સંજોગોમાં ફેર હતો. કોઇ રાજ્ય લેવાને તૈયાર નહોતું. શ્રીરામચંદ્રજી અને શ્રીલક્ષ્મણજી પાછા ફરે એમ નહોતું. શ્રીદશરથજી દીક્ષા લેવામાં થતા વિલંબથી દુ:ખી થઇ રહ્યા હતા. રાજ્ય રાજા વિનાનું હોય, એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઇ ગઇ હતી. માતા, પિતા અને વડિલ ભાઇ સૌનો એક જ આગ્રહ હતો કે 'શ્રી ભરતે રાજ્ય લેવું !' અત્યારના સંજોગો એવા પ્રતિકૂળ નહિ હતા, કારણકે શ્રીદશરથજી દીક્ષિત થઇ ચૂક્યા હતા, કૈકેયીને તો પશ્ચાત્તાપ થઇ રહ્યો હતો અને શ્રીરામચંદ્રજી અયોધ્યામાં આવી ગયા હતા. વધુમાં શ્રીભરતજીમાં પણ સંસારના ભયના યોગે ઉત્પન્ન થયેલી આત્મચિંતા ખૂબ વધી ગઇ હતી; આથી

इत्याग्रहपरं रामं, ज्ञात्वा नत्वा च सोऽचलत् ।
यावत्सौमित्रिणा ताव-दुत्थायाधारि पाणिना ॥१॥
भरतं च तथा यांतं, व्रताय कृतनिश्चयम् ।
ज्ञात्वा सीताविशल्याद्या-स्तत्राजग्मुः ससंभ्रमाः ॥२॥

શ્રી રામચંદ્રજીને આ રીતે હજૂ પણ રાજ્યપાલન કરવાનો આગ્રહ કરવામાં જ તત્પર બનેલા જાણીને દીક્ષા લેવાના નિશ્ચય ઉપર જ આવી ગયેલા શ્રી ભરતજીએ શ્રી રામચંદ્રજીને નમસ્કાર કરીને દીક્ષા ગ્રહણ કરવાના નિશ્ચયથી ચાલવા માંડ્યું.

આમ શ્રીભરતજી કાંઇ બોલ્યા નહિ, એથી તેમજ જે રીતે શ્રીભરતજીએ ઉઠીને ચાલવા માંડ્યું તે જોઇને શ્રીલક્ષ્મણજી શ્રીભરતજીના નિશ્ચયને સમજી ગયા. શ્રીલક્ષ્મણજીને પણ શ્રીભરતજી ઉપર પ્રેમ તો છે જ. એટલે શ્રીભરતજીએ શ્રીરામચંદ્રજીને નમસ્કાર કરીને જેવું ચાલવા માંડ્યું કે તરત જ શ્રીલક્ષ્મણજીએ ઉભા થઇને શ્રીભરતજીને હાથથી પકડી લીધા ! અર્થાત્ શ્રીલક્ષ્મણજીએ શ્રીભરતજીને ચાલી જતાં રોકી રાખ્યાં.

એટલું જ નહિ પણ એ પ્રકારે દીક્ષા લેવાનો નિશ્ચય કરીને શ્રીભરતજી ચાલ્યા જાય છે, એ વાતની ખબર પડતાં શ્રીમતી સીતાદેવી તથા વિશલ્યા આદિ અંતઃપુર પણ સંભ્રમ સહિત ત્યાં આવી પહોંચ્યું. કહો, છે કાંઇ બાકી ? મોહવાળા સંબંધીઓમાંથી છૂટવું એ કેટલું બધું મુશ્કેલ છે ? આવા ફંદામાં તમે ફસાયા હોત તો ? થોડાપણ ફંદામાં ફસી પડેલા તો સૌ છે ને ? હવે એ ફંદામાં વધારો થાય તે પહેલાં ચેતીને ચાલવા માંડશો, તો એટલી ઓછી મુશ્કેલી પડશે.

### ભગવાનની દીક્ષા પછી પણ નંદીવર્ધન રડ્યા છે

કુટુંબનું રાગ બંધારણ બહુ બળવાન હોય છે. વિરાગી જ્યારે વિરાગમાર્ગે ત્યાગ માર્ગે ગમન કરે, ત્યારે તેના રાગીને સહેજ પણ શોક ન થાય, એ બને જ નહિ. કેમકે એકને જવું છે આમ અને બીજાને ખેંચવો છે બીજી બાજું ! બીજી બાજુ ખેંચવાની વૃત્તિ ન હોય તોય રાગના યોગે દુઃખ સહેજ થઇ જાય. મોટેભાગે તો એવા વખતે વિરાગી

અને રાગી વચ્ચે ખેંચાખેંચી થયા વિના રહે નહિ. એ ખેંચાખેંચમાં રાગી બળવાન હોય તો ભડાકો થાય, અવાજ થાય અને તણખા પણ ઉડે. આજુબાજુ ઘાસ અને ઘાસલેટના ડબ્બા હોય તો સળગે. વિરાગીની સાથે ફક્ત તેના રાગીઓની જ લડત હોય તો તો બળવાન જીતે અને મામલાનો અંત આવે, પણ આજે તો વચ્ચે ઘાસ અને ઘાસલેટના ડબ્બા ઘણા આવી જાય છે. પહેલાં તણખાઓથી એ સળગે છે અને પછી બધે લાહા લગાડે છે. વર્તમાનકાળમાં જે લાહા લાગી છે તે પ્રતાપ એવા પાપાત્માઓનો જ છે.

કોઇ કાળ એવો નહોતો કે જ્યારે વિરાગી જાય ત્યારે રાગીની આંખમાંથી આસું ન ખરે અને કશી પણ ખેંચ-પકડ ન થાય. એવું ન થયું હોય તો એ ભાગ્યે જ. એવા દાખલા ગણત્રીનાં. શ્રી તીર્થંકરદેવ જેવા પણ જ્યારે દીક્ષા લેવાને તૈયાર થાય છે ત્યારે પણ ઘણાને આંસુ આવે છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નંદિવર્ધનની માંગણીથી મહાન અનર્થને અટકાવવા પૂરતા જ ઉચિત ક્રિયા તરીકે પોતાના અભિગ્રહની પૂર્ણાહૂતિ બાદ બે વરસ સંસારમાં રહ્યા, તે છતાં પણ જ્યારે તે તારક દીક્ષા લેવા સજ્જ થયા ત્યારે નંદિવર્ધન રડ્યા છે. પર્યુષણપર્વમાં શ્રી કલ્પસૂત્ર સાંભળનારાઓને નંદિવર્ધને કરેલા વિલાપની ખબર હશે ? પંચમુષ્ઠિ લોચ કરીને, સામાયિક ઉચ્ચારીને, અનુમતિ માગી ભગવાને જ્યારે ચાલવા માંડ્યું ત્યારે નંદિવર્ધને કારમો વિલાપ કર્યો છે.

*''त्वया विना वीर ! कथं व्रजामो ? गृहेऽधुना शुन्यवनोपमाने !''*

આ તો ઘણાને યાદ હશે. 'હે વીર ! તારા વિના અમે ઘેર શી રીતે જઈએ ? કારણ કે તારા વિનાનું ઘર તો સૂના જંગલ જેવું બની ગયું છે.' એવો પોકાર કરી કરીને નંદિવર્ધન રડ્યા છે, પણ ભગવાને પાછું વાળીને જોયું પણ નથી. પાછું જુએ એટલે ઘટતો જતો મોહ વધી જ જાય. નંદિવર્ધન જ એ વખતે રડ્યા છે, એમ પણ નથી. દીક્ષિત થવા સજ્જ થયેલા ભગવાનને શીખામણ દેનારી વૃદ્ધાઓએ ય રડતાં રડતાં જ શીખામણ દીધી છે. એ વખતે ભગવાનને શિબિકામાંથી કોઈ ઉતારતું પણ નથી. મોહ એ ચીજ ભયંકર છે.

## ધર્મ પમાડવા દ્વારા જ માતાપિતાના ઉપકારનો બદલો વાળી શકાય છે

કોઈ રૂએ માટે ત્યાગી ત્યાગ છોડે ? કોઈ રૂએ માટે સંયમ ધર્મનો અર્થી સંયમ લેવાનું માંડી વાળે ? જો એમ જ થાય, તો તો પ્રાયઃ કોઈની મુક્તિ થાય જ નહિ રાગી ન માને અને રોતા જ રહે, તો રોતા મૂકીને પણ જવામાં જનારનું કલ્યાણ થવું એ તો નિશ્ચિત જ છે, પણ રોનારનુંય કલ્યાણ થવાનો સંભવ રહેલો છે. મોહના ફંદામાં ફસેલા સંબંધીઓનો, તેઓની અનુમતિ મેળવવાને માટે ઘટતા ઉપાયો કરવા છતાંપણ તેઓ અનુમતિ ન જ આપે, તો વિના અનુમતિએ પણ એમનો ત્યાગ કરવો, એમાં પરિણામે બેયને લાભ છે. જ્ઞાનીઓ સ્પષ્ટ ફરમાવે છે કે, 'એવા પ્રસંગે કરેલો જે ત્યાગ, તે જ વાસ્તવિક રીતે અત્યાગ છે, અને એવા પ્રસંગે મોહાધીનોના ફંદામાં ફસાઈ પડ્યા રહેવું તે દેખીતી રીતે અત્યાગ હોવા છતાં પણ વસ્તુતઃ ત્યાગ જ છે.'

આવું વિધાન કરનારા જ્ઞાનીઓએ માતાપિતા આદિનો પુત્રે કેવો વિનય કરવો જોઈએ ? માતાપિતા આદિની કેવી સેવા કરવી જોઈએ ? અને કઈ રીતે માતા પિતાને સંતોષવાનો પ્રયત્ન કરવો જોઈએ ? એ દર્શાવવામાં પણ કમીના નથી રાખી. સંસારમાં રહેલા દીકરાએ માતા-પિતાની સેવામાં જાતને ઘસી નાખતાં પણ અચકાવું જોઈએ નહિ. માતા-પિતાની એકપણ યોગ્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, એ પુત્રને માટે કલંક જ છે. માતા-પિતાને દરેક યોગ્ય રીતે સંતોષવાની ક્રિયા કરવામાં જરાય પ્રમાદી ન બનવું, એ સુપુત્રની ફરજ છે. માતા-પિતાનો ઉપકાર એટલો બધો છે કે એનો સામાન્ય રીતે બદલો વાળી શકાય તેમ છે જ નહિ : આથી સંસારમાં રહેલા પુત્રે તેમની ખૂબ સેવા કરવા ઉદ્યમશીલ બનીને તેમને ધર્મ પમાડવા માટેનો પ્રયત્ન કર્યા કરવો જોઈએ કારણકે ધર્મ પમાડવા દ્વારા જ માતા-પિતાના અનુપમ ઉપકારનો બદલો વાળી શકાય છે. આમ હોઈને જ 'મોહાધીન માતા-પિતા અનુમતિ ન આપે તો પણ મુમુક્ષુએ તેમનો ત્યાગ કરવો એ જ ઉચિત છે' એમ જ્ઞાનીઓએ ફરમાવ્યું છે, એમાં કારણ માતા-પિતાને પણ એ દ્વારા ધર્મ પમાડવાનો છે.

**સભા:** માતા-પિતા વગેરેની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ ?

**પૂજ્યશ્રી** : જરૂર. દીક્ષાર્થીને માટે સામાન્ય રીતે વિધિ એ જ છે કે તેણે અનુમતિની ઉપેક્ષા નહિ કરવી જોઈએ. માતા-પિતા તેમજ ભગિની અને ભાર્યા આદિ બીજા પણ સંબંધીઓની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ શક્ય તેમજ શાસ્ત્રવિહિત પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. સ્વ-પર ઉપકારને અનુલક્ષીને માતા-પિતા આદિની અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરે. આમ અનેક રીતે માતા-પિતા આદિની અનુમતિ મેળવવાનો દીક્ષાર્થીએ પ્રયત્ન કરવો જોઈએ, તેમજ પોતાની શક્તિ મુજબ માતા-પિતાદિના નિર્વાહનો પ્રબંધ પણ તેણે કરવો જોઈએ. એમ કરવું એ કૃતજ્ઞતા છે. એમ ન કરવામાં અકૃતજ્ઞતા જણાય છે તેમજ અકરૂણતા પણ લાગે છે અને કરૂણા એ તો માર્ગપ્રભાવનાનું બીજ છે.

**સભા:** માતા-પિતાદિના નિર્વાહનો પ્રબંધ પણ દીક્ષાર્થીએ કરવો જોઈએ ?

**પૂજ્યશ્રી** : એમા પ્રશ્ન જ શો ? દીક્ષા કાંઈ માતા-પિતાદિ ઉપર રોષિત બનીને કે તેમને હેરાન કરવાના ઈરાદાથી લેવાની છે ? નહિ જ. દીક્ષા તો કેવળ આત્મકલ્યાણને માટે જ લેવાની છે પોતાનું આત્મકલ્યાણ સાધવાની સાથે અવસરે માતા-પિતા આદિને પણ આત્મકલ્યાણની સાધનામાં યોજવાનો દીક્ષાર્થીએ હેતુ રાખવાનો છે. માતા-પિતાદિના નિર્વાહનો પ્રબંધ દીક્ષાર્થીએ કરવાનો છે, પણ તે યથાશક્તિ પ્રબંધનું વિધાન એવું નથી કે એ માટે દીક્ષા જ રહી જાય. એટલે પોતાનાથી શક્ય હોય એટલો યોગ્ય પ્રબંધ દીક્ષાર્થી ચૂકે જ નહિ.

### અનુમતિ માટે અવસરે યુક્તિથી કામ લેવું પડે છે

**સભા:** દીક્ષા માટે અનુમતિ મેળવવાનો પ્રયત્ન કરવા જતાં માતા-પિતાદિ ત્રાસ વર્તાવવા માંડે તો ?

**પૂજ્યશ્રી** : એવું પણ બને છે. દીક્ષાર્થીને માથે તદ્દન ખોટા અને ભયંકર પ્રકારના આરોપો મૂકતાં પણ મોહાધીન અને ધર્મદ્વેષી મા-

 બાપો અચકાયાં નથી. દીક્ષા લેવાની પવિત્ર ભાવના ઉત્પન્ન થવામાં નિમિત્તરૂપ બનેલા સાધુઓને ભાંડતાં, એમને માથે કલ્પિત કારમાં કલંકો ઓઢાડતાં અને તદ્દન ખોટી તેમજ વજુદ વગરની હકીકતો જાહેર કરવા દ્વારા શ્રી જૈનશાસનની અપભ્રાજના કરતાં પણ જેમને અરેરાટી ય નથી થઇ, એવા ય સંબંધીઓ પણ હોય છે. દીક્ષાર્થીને દિવસોના દિવસો સુધી ઘરના ઓરડામાં ગોંધી મૂકે, ગાંડો થઇ ગયો છે એમ ઠરાવવાના પ્રયત્નો કરે અને ચોરી વગેરેના જુઠ્ઠા આરોપો મૂકે તેમ જ એ રીતે સરકારી મદદથી પણ દીક્ષાર્થીને કલ્યાણમાર્ગે જતો અટકાવવાના પ્રયત્નો કરે, આ કાંઇ અશક્ય બીના નથી ! આ વીસમી સદીના કહેવાતા વ્યક્તિસ્વાતંત્ર્યના યુગમાં પણ એવું નથી જ બન્યું એમ નથી. એવું એવુંય બન્યું છે કે, જે સાંભળતાં પણ કમકમાટી ઉપજે. આવા ધર્મદ્વેષી ક્રૂર અને મોહાંધ માતાપિતા આદિના પનારે પડી ગયેલાઓને વધારે સામર્થ્ય કેળવવું પડે અને બહુ યુક્તિપૂર્વક શિકારીના હાથમાંથી શિકાર છટકે તેમ છટકવું પડે એ પણ શક્ય છે, પણ એટલી બધી અધમતા બહુ થોડા કુટુંબોમાં હોય. કોઇએ વગર અનુમતિ માગ્યે માતા-પિતા એવાં જ છે એમ નહિ માની લેવું જોઇએ, પણ તેવાં હોવાનો સંભવ લાગતો હોય તો પહેલાં હોંશિયારીથી વાત કરીને તેમના અભિપ્રાયને જાણી લેવો જોઇએ. પછી યોગ્ય પદ્ધતિ અખત્યાર કરી શકાય છે.

**સભા:** અનુમતિ ન મળે તો ?

**પૂજ્યશ્રી** : યોગ્ય અને શક્ય પ્રયત્નો કરવાં છતાં પણ માતાપિતાદિની અનુમતિ ન મળે તો તેમનો, ગ્લાનૌષધાદિ દૃષ્ટાંત મુજબ ત્યાગ કરવો જોઇએ, પણ એવી રીતે ત્યાગ કરતાં પહેલાંય પોતાની શક્તિ મુજબ તેમના નિર્વાહનો પ્રબંધ કરવાને ચૂકવું જોઇએ નહિ.

**સભા:** આટલું છતાં આજે ધમાલ કેમ છે ?

**પૂજ્યશ્રી** : દીક્ષા ધર્મનો દ્વેષ એ જ મુખ્ય કારણ છે. દીક્ષાર્થીઓને અને દીક્ષાદાતાઓને આજે મોટેભાગે ખોટી રીતે જ વગોવવામાં આવે છે, એવો મારો અનુભવ છે. આથી જ કહેવું પડે છે કે

કોઈપણ દીક્ષા સંબંધી કોઈપણ ખરાબ હકીકતો વાંચો ત્યારે જાત તપાસ કર્યા વિના તેને સાચી નહી માનતા. દીક્ષાર્થીને તેમજ દીક્ષાદાતાને મળજો અને પછી વાંચેલી કે સાંભળેલી હકીકતોને કસી જોજો.

**વાસ્તવિક હકીકત જુદી છે અને બહારનો ઘોંઘાટ જુદો છે**

**સભા**: આપ માતા-પિતાદિની અનુમતિ વિના દીક્ષા આપો છો એ વાત સાચી છે ?

**પૂજ્યશ્રી** : આઠ વર્ષથી આરંભીને સોળ વર્ષની ઉંમર સુધીના કોઈને પણ તેનાં માતા-પિતાદિની સંમતિ વિના અમે દીક્ષા આપી જ નથી. અહીં જે કોઇ સોળ વર્ષની અંદરની વયે દીક્ષિત થયેલા બાળદીક્ષિતો છે, તેમાં એક પણ એવો નથી કે જેને તેના માતા-પિતાની અનુમતિ વિના જ દીક્ષા અપાઇ હોય. સોળ વર્ષથી ઉપરની ઉંમરે દીક્ષિત થયેલાઓમાં પણ ઘણા એવા પણ છે કે જેમને તેમના નિકટના સંબંધીઓએ અનુમતી આપી હોય, બાકી માતા-પિતાદિની અનુમતિ મેળવવાનો પ્રયત્ન જ નહિ કરનારા અને તેમની દરકાર જ નહી કરી હોય એવા કોઈને ય અમે દીક્ષા આપી જ નથી. આજે જે ઘોંઘાટ છે તે જુદો છે અને વસ્તુસ્થિતિ એથી જુદી જ છે. સત્યાસત્યની ગવેષણા કરવાનો પ્રયત્ન કરનારને આ વસ્તુની જાણ અને ખાત્રી થયા વિના નહિ રહે.

**અભિગ્રહની પ્રવૃત્તિ નિન્દ્ય કોટિની નથી**

**સભા**: માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાની ભગવાન શ્રી મહાવીરદેવે પ્રતિજ્ઞા કરી, એ કેમ?

ભગવાન શ્રી જિનેશ્વરદેવોનું અંતિમ જીવન ઉચિત ક્રિયાઓથી જ ભરપૂર હોય છે. એ તારકોના અંતિમજીવનમાં એકપણ અનુચિત ક્રિયાને સ્થાન હોતું નથી. ભગવાન શ્રીમહાવીર પરમાત્માએ કરેલો 'માતાપિતાના જીવતાં દીક્ષા નહિ લેવાનો' અભિગ્રહ, એ પણ તારકની એક ઉચિત ક્રિયા જ હતી; અર્થાત્ ભગવાને કરેલા અભિગ્રહની પ્રવૃત્તિ કોઈપણ રીતે નિન્દ્ય કોટિની નથી. ભગવાનની એ પ્રવૃત્તિ જેમ નિન્દ્ય કોટિની નહિ હતી, તેમ એ પ્રવૃત્તિના નામે માતાપિતાના જીવતાં કોઇથી

 પણ દીક્ષા લેવાય જ નહિ એવું પણ ઠરાવી શકાય તેમ નથી. ધર્મ શ્રીજિનેશ્વરદેવોના જીવનથી નહિ પણ તે તારકોની આજ્ઞાથી પ્રતિબદ્ધ છે. આપણે તો તે તારકોની આજ્ઞાને અનુસરીને ચાલવું એ જ એકાંતે હિતાવહ છે.



### ભગવાન શ્રીમહાવીરદેવના અભિગ્રહમાં મોહોદયની આધીનતા નથી

**સભા:** અભિગ્રહ તો મોહોદયથી કર્યો હતો ને ?

**પૂજ્યશ્રી** : મોહોદયની હયાતિમાં કર્યો હતો, પણ મોહોદયને આધીન બનીને નહોતો કર્યો. મોહોદય ન હોત તો અભિગ્રહ થાત જ નહિ, કારણકે મોહોદય વિના ગૃહસ્થાવાસ શક્ય જ નથી. મોહોદયને આધીન બનીને કરાએલી કોઈપણ ક્રિયાને ઉચિત ક્રિયા કહેવાય જ નહિ, જ્યારે ભગવાને કરેલા અભિગ્રહને તો જ્ઞાનીઓએ ઉચિત ક્રિયા તરીકે વર્ણવ્યો છે, કારણકે અભિગ્રહ મોહોદયની આધીનતાથી નથી થયો, પણ વિવેકપૂર્વક જ થયો છે.

**સભા:** જ્યારે ત્રીસ વર્ષ સુધી ગૃહસ્થાવાસ મોહોદય હોવાથી જ થવાનું નિશ્ચિત હતું, તો પછી ભગવાને અભિગ્રહ કરવાની જરૂર જ ક્યાં હતી ?

**પૂજ્યશ્રી** : એને અંગે પણ શાસ્ત્રકાર પરમર્ષિઓએ ઘણો જ સ્પષ્ટ ખૂલાસો કર્યો છે. ગૃહાવસ્થાવાસ થવામાં કારણભૂત એવું ભગવાનનું તે કર્મ એટલું નબળું હતું કે, વિરતિના પરિણામોથી તેનો ક્ષય થઈ જતાં વાર લાગે નહિ, એ મોહનીયકર્મ સોપક્રમ હતું અને એથી ભગવાનના વિરતિના પરિણામોથી ક્ષીણ થઈ જાય એવું હતું, તેમજ એમ થાય તો પરિણામે મહાન અનર્થ થાય તેમ પણ હતું, આથી ગૃહસ્થાવાસના કારણભૂત તે કર્મને વિરતિના તથાપ્રકારના પરિણામોના કારણે વહેલું ક્ષીણ થઈ જતું અટકાવવાને માટે જ ભગવાને અભિગ્રહ કર્યો હતો.

**સભા:** પોતાનું તે કર્મ સોપક્રમ જ છે, એમ ભગવાને કેમ જાણ્યું ?

**પૂજ્યશ્રી** : જ્ઞાનબળે જાણ્યું, કારણકે શ્રી તીર્થંકરના

આત્માઓ ત્રણ નિર્મળ જ્ઞાનોથી સહિત જ ચ્યવે એવો નિયમ છે. ગર્ભમાં પણ તે આત્માઓ ત્રણ જ્ઞાને સહિત હોવાથી પોતાની કર્મસ્થિતિને જાણી શકે તે સ્વાભાવિક છે. 'પોતાનું ચારિત્ર મોહનીય કર્મ નિયતકાલીન વિપાકોદયવાળુ નથી પણ સોપક્રમ છે' એમ જાણ્યા વિના જ ભગવાને જો અભિગ્રહ કર્યો હોય, તો તો અભિગ્રહના અંગીકારને ન્યાયયુક્ત કહેવાય જ નહિ; પણ શાસ્ત્રકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે, 'ભગવાને કરેલો અભિગ્રહનો સ્વીકાર ન્યાયયુક્ત જ હતો, કારણકે અભિગ્રહ કરે નહિ તો વિરતિના પરિણામોથી ચારિત્રમોહનીય કર્મ વિનાશ પામી જાય અને તેમ થાય તો મહાન અનર્થ થઈ જાય.' એવો મહાન અનર્થ થતો અટકાવવાને માટે જ પોતાના ચારિત્રમોહનીય કર્મને ટકાવી રાખવાની જરૂર હતી અને તે કર્મ અભિગ્રહ ગ્રહણ કર્યા વિના ટકી શકે તેમ હતું નહિ, એથી જ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ ગર્ભમાં અભિગ્રહ કર્યો હતો. આટલા વિવેકપૂર્વક ગ્રહણ કરાએલા અભિગ્રહના સ્વરૂપને સમજ્યા વિના 'ભગવાન પણ મોહોદયને આધીન બની ગયા' એમ ઠરાવવાને બહાર પડવું એ તો તેવા આત્માની ઘણી જ અધમદશાનું સૂચક છે.

**અભિગ્રહ ન કર્યો હોત તો કયો**
**મહા અનર્થ થવા પામે તેમ હતું?**

**સભાઃ** ભગવાન અભિગ્રહ ન કરે અને તેમનું ચારિત્રમોહનીય કર્મ વિરતિના પરિણામોથી વહેલું ક્ષીણ થઈ જાય, તો કયો મહાન અનર્થ થાય તેમ હતું ?

**પૂજ્યશ્રી** : ભગવાનનું તે ચારિત્ર મોહનીય કર્મ સોપક્રમ હોવાના કારણે વિરતિના પરિણામોથી જો વહેલું ક્ષીણ થઈ જાય અને એથી ભગવાન માતા-પિતાદિનો ત્યાગ કરી વિરતિ સ્વીકારે, તો ભગવાન પ્રત્યે અતિ સ્નેહવાળાં તે તારકનાં માતા-પિતા નિયમા મૃત્યુ પામે એમ હતું ! આવો મહાન અનર્થ થવાનું જાણ્યા પછી અને તે રોકી શકાય તેમ હોવા છતાં પણ તેને રોકવાનો પ્રયત્ન ન કરાય, એ શું તારક આત્માઓને માટે શક્ય છે ? નહિ જ ! જ્ઞાનીઓ તો સ્પષ્ટ ફરમાવે છે કે એવો મહાન અનર્થ થતો અટકાવવાને માટે જ ભગવાન શ્રી મહાવીરદેવે ગર્ભાવસ્થામાં અભિગ્રહ ગ્રહણ કર્યો હતો.

**સભા:** માતાપિતાનું ચોક્કસ મૃત્યુ થશે એમ ભગવાને જાણ્યું હતું, એવો સ્પષ્ટ પાઠ શાસ્ત્રમાં છે ?

**પૂજ્યશ્રી** : હા. શ્રી આવશ્યકસૂત્રના વિવરણમાં સમર્થ ટીકાકાર આચાર્યભગવાન શ્રી મલયગિરિજી મહારાજાએ અને શ્રી આવશ્યકસૂત્રની વૃત્તિમાં સુવિહિતશિરોમણિ, યાકિનીમહત્તરાસૂનું સમર્થ શાસ્ત્રકાર, આચાર્ય ભગવાન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ,

"*યદ્યહમનયોર્જીવતોઃ પ્રવ્રજ્યાં ગૃહ્ણામિ, નૂનં ન ભવત એવૈતાવિત્યતો, ગર્ભસ્થ એવાભિગ્રહં ગૃહ્ણાતિ, જ્ઞાનત્રયોપેતત્વાત્* "

આવું સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે. પ્રાકૃત મહાવીર ચરિત્રમાં પણ તે ચરિત્રના રચયિતા શ્રી ગુણચન્દ્ર ગણિ મહાત્માએ પણ એ જ વાત લખી છે.

*जइ पुण जीवंतेसु वि, समणत्तणमहमहो पवज्जिस्सं ।*
*तो मम विरहेण धुवं, एए जीयं चइस्सन्ति ॥*

આ બધા ઉલ્લેખોથી એ વસ્તુ પૂરવાર થાય છે કે ભગવાન શ્રી મહાવીર પરમાત્મા જો માતાપિતાના જીવતાં દીક્ષા લેત તો માતા-પિતાનું નિયમા મૃત્યુ થવારૂપ મહાઅનર્થ થયા વિના રહેત જ નહિ; એટલે તેવો મહા અનર્થ થતો અટકાવવાને માટે જ, પોતાના ગૃહાવસ્થાના કારણરૂપ ચારિત્રમોહનીય કર્મને ટકાવવું ભગવાન શ્રી મહાવીરદેવને માટે આવશ્યક હતું; અને અભિગ્રહ વિના તે ટકે તેમ નહિ હોવાથી જ, ભગવાને અભિગ્રહ ગ્રહણ કર્યો હતો. એ જ કારણે શાસ્ત્રકાર મહાપુરૂષોએ એ અભિગ્રહને ન્યાયયુક્ત ઠરાવીને ઉચિત ક્રિયા તરીકે વર્ણવ્યો છે.

## ચારિત્રમોહનીય કર્મની સોપક્રમતા અને માતા-પિતાનું મૃત્યુ ભગવાને કઇ રીતે જાણ્યું ?

**સભા:** પોતાનું ચારિત્રમોહનીય કર્મ સોપક્રમ છે એ અને માતા-પિતાના જીવતા પોતે દીક્ષા લે તો માતા-પિતાનું નિયમા મૃત્યુ થાય. એ બધુ અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યા વિના તો જાણી શકાય જ નહિ ને ?

**પૂજ્યશ્રી** : એ વસ્તુઓ ભગવાને સ્વયં, કોઈના પણ કહ્યા વિના જ, ગર્ભમાં રહ્યા થકી જાણી છે એટલે અવધિજ્ઞાનનો ઉપયોગ કરવા દ્વારા જ જાણી છે એમ જ માનવું પડે. 'માતાપિતાના જીવતાં જો

હું દીક્ષા ગ્રહણ કરૂં, તો તો એ ન જ હોય અર્થાત્ મૃત્યુ પામી જ જાય' એમ જાણીને એ કારણે અભિગ્રહ ગ્રહણ કર્યો. આ વાત ફરમાવતાં પણ હેતુ દર્શાવવા માટે '*જ્ઞાનત્રયોપેતત્વાત્*' પદ શાસ્ત્રકારોએ મૂકેલું છે. પોતાના ચારિત્રમોહનીય કર્મની સ્થિતિ નિશ્ચિતપણે જાણવા સાથે, પોતાનાં માતાપિતાના આયુષ્યકર્મની સ્થિતિ પણ નિશ્ચિતપણે જાણવી, એ વિશિષ્ટ જ્ઞાનનો ઉપયોગ મૂક્યા વિના બનવું તે, તેવા સંજોગોમાં શક્ય જ નથી.

**સભા**: તો પછી ભગવાનનાં માતાપિતાના આયુષ્યકર્મને પણ સોપક્રમ જ માનવું પડે ને ?

**પૂજ્યશ્રી** : જરૂર. એ વિના ભગવાન દીક્ષા લે એથી અતિ સ્નેહના કારણે તેઓ નિશ્ચિતપણે વહેલા મૃત્યુ પામે એમ કહી શકાય જ નહિ.

**સભા** : ત્યારે તો જેનામાં આવું જાણવાનું સામર્થ્ય ન હોય, તેનાથી તો અભિગ્રહના નામે માતાપિતા જીવતાં દીક્ષા નહિ લેવાનો નિર્ણય થઇ શકે નહિ એ તો સમજી શકાય એવી વાત છે પણ ભગવાન માતાપિતાના મૃત્યુ બાદ પણ મોટાભાઇના આગ્રહથી બે વર્ષ માટે સંસારમાં વધુ રહ્યા, તેનું શું ?

**પૂજ્યશ્રી** : ભગવાન શ્રી મહાવીર પરમાત્મા, માતાપિતાના મૃત્યુની સાથે જ પોતાના અભિગ્રહની પૂર્ણાહુતિ થતી હોવા છતાં પણ, પછી બે વર્ષથી કાંઇક અધિક સમય સંસારમાં રહ્યા, તે પણ મહાઅનર્થ થતો અટકાવવાને માટે જ રહ્યા છે. ત્યાં પણ પ્રસંગ એવો બન્યો છે કે માતાપિતાના અવસાન બાદ સમાપ્ત પ્રતિજ્ઞાવાળા બનેલા ભગવાન શ્રી મહાવીરદેવે દીક્ષા લેવાની ઇચ્છાથી પોતાના વડિલ બંધુ નંદિવર્ધનની પાસે અનુમતિ માંગી. આથી ભગવાનના કુટુંબીઓએ કહ્યું કે, 'હે ભગવાન્ ! ક્ષત ઉપર ક્ષાર નાંખવા જેવું આપ ન કરો !' આ વખતે પણ ભગવાને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને જોયું કે "પોતે તુર્તમાં દીક્ષા લે તો કેવું પરિણામ આવે ? ભગવાને અવધિજ્ઞાનથી જાણ્યું કે 'આ અવસરે જો હું પ્રવ્રજ્યાનો સ્વીકાર કરૂં,

તો ઘણા માણસો નષ્ટ ચિત્તવાળા અને પ્રાણરહિત થાય !' આવો મહાન અનર્થ ન થવા પામે, એ માટે ભગવાને પોતાના કુટુંબીઓને પૂછ્યું કે, 'તો પછી મારે હજુ પણ કેટલો કાળ સંસારમાં રહેવું, કે જેથી તમને ક્ષત ઉપર ક્ષાર નાખવા જેવું ન લાગે અને તમારી અનુમતિ મળે ?' આના જવાબમાં પેલાઓએ બે વર્ષ રહેવાનું કહ્યું અને ભગવાને પણ અમુક શરતે તેમ કરવાની હા પાડી. પહેલાં અભિગ્રહ જેમ મોહોદયને આધીન બનીને નહોતો કર્યો પણ જ્ઞાન દ્વારા માતાપિતાનું અતિસ્નેહવશ વહેલું મૃત્યુ થવાનું જાણીને, તેવા મહાઅનર્થને અટકાવવાને માટે જ વિવેકપૂર્વક અભિગ્રહ કર્યો હતો; એજ રીતે માતાપિતાના મૃત્યુ બાદ બે વર્ષ રહેવાની જે કબુલાત આપી તે પણ, કુટુંબીઓના મોહથી ખેંચાઈને મોહોદયને આધીન થઈને નથી આપી, પણ જ્ઞાનથી જોઈને મહાન અનર્થ થતો અટકાવવાને માટે જ વિવેકપૂર્વક કબૂલાત આપી છે.

**સભા**: 'માતાપિતાના મૃત્યુ બાદ અવધિજ્ઞાનથી મહાન અનર્થ જાણીને જ ભગવાન વધુ રોકાયા' એવું કયા શાસ્ત્રમાં છે ?

**પૂજ્યશ્રી** : શ્રી આચારાંગસૂત્રની ટીકામાં ટીકાકાર પરમર્ષિ શ્રીશીલાંકસૂરિજી મહારાજાએ 'ભગવાનને અવધિજ્ઞાન દ્વારા થનાર મહાઅનર્થનો નિશ્ચય કર્યો,' એ વગેરે હકીકત જણાવેલી છે.



# ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું

## ૧૧

'ભગવાન શ્રી મહાવીરદેવે માતાપિતાના જીવતાં દીક્ષા ન લેવાનો અભિગ્રહ કર્યો' આ પ્રસંગને પ્રધાન બનાવી આજે ઘણા સુધારકો ''નાની વયમાં દીક્ષા લેવાય જ નહીં, ''એવી વાતો ફેલાવે છે. તે અંગે શાસ્ત્રે સ્પષ્ટ કહ્યું છે કે **ભવ્ય એવા પણ ધર્મના અધિકારીએ પ્રભુએ કહ્યું તે કરવાનું છે, પણ કર્યું છે તે નહીં.** આ વાતને વર્ણવતાં સમર્થ પ્રવચનકાર પરમગુરુદેવશ્રીજી દ્વારા શ્રી ઋષભદેવજીની દીક્ષા પછી મરુદેવા માતાનો રાગના કારણે એક હજાર વર્ષનાં રુદનનો પ્રસંગ લેવાયો છે. તેમજ શ્રી ધન્નાશાલિભદ્રજીનો પ્રતિબોધ અને દીક્ષાનો પ્રસંગ વર્ણવાયો છે.

આ પ્રકરણમાં છેલ્લે વિરક્ત શ્રી ભરતજી શ્રી સીતાદેવી આદિના આગ્રહથી જલક્રીડા કરે છે, ત્યારે ત્યાં ભુવનાલંકાર હાથીના સ્થંભનની આશ્ચર્યજનક ઘટના બને છે. તેથી શ્રી રામચન્દ્રજી આદિ વિચારમગ્ન બને છે ને કેવળજ્ઞાની શ્રી દેશભૂષણ અને શ્રી કુલભૂષણ નામે મહાત્માઓની પધરામણીના સમાચાર મળતાં પ્રસન્નતાપૂર્વક તેઓશ્રી પાસે જાય છે વિગેરે ઘટનાઓ આ પ્રકરણમાં ઉપલબ્ધ છે.

-શ્રી

## ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું

- ★ ભગવાને કર્યું તે કરવાને બ્હાને
  આજ્ઞાવિરુદ્ધ થઈ રહેલો કારમો પ્રચાર
- ★ 'ભગવાને કહેલું કરવું પણ કરેલું નહિ' એમ
  શાસ્ત્રમાં ફરમાવેલું છે
- ★ ભ૦ શ્રી ઋષભદેવસ્વામીજીના અને ભ૦ શ્રી
  મહાવીરદેવના પ્રસંગ વચ્ચેનો ભેદ
- ★ રાગીને રડવું આવે એમાં નવાઈ નથી
- ★ દયાનો દંભ કરનારાઓને હિતાર્થી
  બરાબર કહી દે
- ★ માતા મૂર્છિત થવા છતાંય
  શ્રી શાલિભદ્રજી પાસે કેમ ન ગયા ?
- ★ શ્રી શાલિભદ્રજીના ત્યાગની વાત ઉપર
  શ્રી ધન્નાજી હસે છે
- ★ મોહના ઉત્પાતને ટક્કર
- ★ આજના કુટુંબમાં જાતનાં સુખની જ કેવલ દૃષ્ટિ
  વધી રહી છે
- ★ શ્રી ધન્નાજીનો જવાબ
- ★ શ્રી ધન્નાજીની મક્કમતા અને કુલીન
  પત્નીઓનો પણ શુભ નિર્ણય

## ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું

- દીક્ષાર્થીની દીક્ષા પાછળ શ્રી સંઘની ફરજ
- શ્રી ભરતજી વિરક્તભાવે જળક્રીડા કરવા નીકળે છે
- ભોગતૃષ્ણા વધવાનું પરિણામ
- અમે ક્રાંતિના અને પરિવર્તનના પરમ હિમાયતી છીએ
- વિનાશક હોવાથી વિરોધપાત્ર છે
- એક આશ્ચર્યકારક ઘટના બની
- મહાપુરૂષોના આવાગમનના ખબર કોને મળે ?
- આજે ખરા દયાપાત્ર તો પાપમાં પડેલાં શ્રીમંતો છે
- નબળા શરીરવાળો પણ ક્ષમાશીલ હોઈ શકે
- કઠોર વચનો કહેનારમાં અને માર-મારનારમાં પણ દયા કે પ્રેમ હોઈ શકે છે
- ગરીબનો પણ સાચો ત્યાગ ભૂષણરૂપ જ છે તેમજ પ્રશંસાપાત્ર જ છે
- મુનિવરો પાસે જવાની તૈયારી

## ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું

- ★ પ્રભુશાસનનો વફાદાર જૈન સંઘ વિરાગનો પૂજારી હોય
- ★ વેષધારીઓનો છૂપો સાથ
- ★ સાધુવેષની કિંમત શાથી છે ?
- ★ સાધુ પાસે જનારને વૈરાગ્ય થાય એમાં આશ્ચર્ય શું !
- ★ શ્રી રામચંદ્રજીનો પ્રશ્ન



## ૧૧

## ભગવાને કર્યું તે નહિં, કહ્યું તે કરવાનું

### ભગવાને કર્યું તે કરવાને બહાને
### આજ્ઞાવિરૂદ્ધ થઈ રહેલો કારમો પ્રચાર

શ્રી તીર્થંકરદેવોનું અંતિમ જીવન જ્ઞાનપ્રધાન હોય છે, જ્યારે આપણું જીવન આજ્ઞાપ્રધાન હોવું જોઇએ. શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે, તે મુજબ વર્તવામાં જ આત્માનું કલ્યાણ છે. શ્રી તીર્થંકરદેવોએ જે કહ્યું છે તેને પડતું મૂકીને, કર્યું તે કરવા જવાના ચાળામાં પડેલાઓની તો ધોબીના કુતરા જેવી, નહિ ઘરનો ને નહિ ઘાટનો એવી હાલત થાય છે, કારણકે, કહેલું કરવાનું પડતું મૂક્યું અને એ તારકોએ જે જે રૂપે કર્યું તે તે રૂપે સર્વ બની શકે તેમતો છે જ નહિ !

શ્રી તીર્થંકરદેવો દીક્ષિત થાય છે ત્યારે '*करेमि सामाईयं*' વગેરે બોલે છે, જ્યારે તે તારક સિવાયના સૌ કોઇને માટે એ જ નિયમ છે કે દીક્ષિત થવાને માટે '*करेमि भंते ! सामाईयं*' વગેરે બોલવું જ જોઇએ. 'ભગવાને કર્યું કેમ એમ અમે કરીએ? આ પ્રમાણેની ઘેલછામાં પડીને જો કોઈ દીક્ષિત થતી વખતે '*भंते*' પદ ન બોલવાનો આગ્રહ કરે, તો ભગવાનનું કર્યું કરવાના ચાળામાં પડેલા એવાને કોઈ સાધુ દીક્ષા આપે જ નહિ; કારણકે એવાને દીક્ષા આપનાર સાધુ પણ વિરાધક જ બને '*भंते*' નહિ બોલવાનો આગ્રહ પણ તે જ સેવે, કે જે અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ હોય. ભગવાન સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે, જ્યારે બીજાઓએ ગુરુઓના હાથે દીક્ષા ગ્રહણ કરવાની હોય છે. દીક્ષા લેતાં જેઓ પ્રત્યેક બુદ્ધ હોઇ ગુરૂ નથી કરતા, તેઓ જો આજ્ઞાના આરાધક બન્યા રહેવાને ઇચ્છતા હોય, તો બીજાના ગુરૂ બની શકતા

નથી. જ્યારે શ્રી તીર્થંકરદેવો તો સ્વયં દીક્ષિત થવા છતાં, ગુરૂ નહિ કરવા છતાં અનેક શિષ્યો બનાવે છે. બીજો કોઇ તેમ કરે તો તે આજ્ઞાભંજક જ ગણાય. ભગવાન સાધુદશામાં રજોહરણ મુહપત્તિ વગેરે રાખતા નથી અને બીજો કોઇ તેમ કરવા જાય તો તે આજ્ઞાભંજક જ બન્યો કહેવાય.

આવી આવી તો કેટલીય બાબતો છે, કે જે શ્રી તીર્થંકરદેવોએ સ્વયં આચરી છે; છતાંપણ ભગવાને કરી માટે અમે પણ કરીએ, એમ માનીને તેમ કરનારા વિરાધક જ બને છે. આથી આપણે માટે તો તે તારકની આજ્ઞા એ જ ધર્મ. ભગવાને કહ્યું તે કરવાના લક્ષ્યવાળા બનવું, પણ કર્યું તે કરવાના ચાળા નહિ કરવા. આથી ભગવાને જે કાંઇ આચર્યું તે આપણા માટે આજ્ઞાથી વિહિત હોય તો પણ આપણાથી થાય જ નહિ એમ ન માનતા; પણ ભગવાને સ્વયં આચર્યું હોય કે ન આચર્યું હોય તો પણ જે આચરવાની આજ્ઞા ફરમાવી તે અધિકાર મુજબ આચરવા યત્નશીલ બનવું ! ભગવાને કર્યું તે કરવાની ઘેલછામાં ભગવાનની આજ્ઞા સામે આજે ચેડાં થઇ રહ્યાં છે, અને એથી જ ભગવાનના અભિગ્રહના નામે તેમજ માતાપિતાના મૃત્યુ બાદ પણ કુટુંબીઓના કહેવાથી બે વર્ષ કરતાં કાંઇક અધિક સમય ભગવાન સંસારમાં રહ્યા એ પ્રસંગના નામે, ભગવાનની કલ્યાણકારિણી આજ્ઞા વિરૂદ્ધ કારમો પ્રચાર થઇ રહ્યા છે.

### 'ભગવાને કહેલું કરવું પણ કરેલું નહિ' એમ શાસ્ત્રમાં ફરમાવેલું છે

**સભા** : ભગવાને કહેલું કરવાનો યથાશક્તિ ઉદ્યમ કરવો જોઇએ, પણ ભગવાને કર્યું તે કરવાનાં ચેડાં નહિ કરવાં જોઇએ. આ વાત આમ તો બંધબેસતી લાગે છે, પણ પૂર્વના મહાપુરુષોએ આ રીતનું પ્રતિપાદન કર્યું છે ?

**પૂજ્યશ્રી** : જિજ્ઞાસુવૃત્તિથી જ અને શ્રદ્ધામાં સ્થિર થવાને માટે જ જો આ રીતે શાસ્ત્રપાઠો માગતા હો, તો તે બહુ ખુશી થવા જેવું છે. ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ પણ સ્પષ્ટ રીતે ફરમાવ્યું છે કે -

''*अन्येनापि धर्माधिकारिणा भवगदुक्त एव मार्गो यथाशक्त्याऽऽचरणीयः,*

*न तु तच्चरित्रमाचरणीयम्,*''

"ધર્માધિકારી એવા ભવ્યે પણ ભગવાને ફરમાવેલો જ માર્ગ યથાશક્તિ આચરવો એ યોગ્ય છે. પણ તે તારકનું ચરિત્ર - આચરણ આચરણીય નથી." આ વાત સ્પષ્ટ છે કે નહિ ? એ વિચારો. બાકી ભગવાને સ્વયં આચર્યું હોય અને આપણને આચરવાનું ફરમાવ્યું પણ હોય. તો તે આચરણ આજ્ઞા મુજબનું જ ગણાય, તે છતાં તેને જ આંશિક અનુકરણ કહેવું હોય તો એ વાત જુદી છે. એનો નિષેધ નથી.

આથી જ શ્રી તીર્થંકરદેવનું દૃષ્ટાંત લઈને આજ્ઞાની ઉપેક્ષા કરવાની ના પાડવામાં આવે છે. તારકની આજ્ઞાને સમજો અને આજ્ઞાનો યથાશક્તિ અધિકાર મુજબ અમલ કરો તો કલ્યાણ નિશ્ચિત છે. આપણે તો ભગવાને કહ્યું તે જ કરવાનું, છતાં પણ શ્રી તીર્થંકરદેવનું જ દૃષ્ટાંત લેવું હોય, તો તો માતાપિતા મરી ગયા પછી દીક્ષા લઈ જ લેવી જોઈએ ને ? કેટલાયનાં માતાપિતા મરી ગયાં છે, પણ દીક્ષા લીધી ?

**સભાઃ** નાજી.

**પૂજ્યશ્રી** : બસ ! ફાવતી જ વાત લેવી ? એવાઓને માટે તો શાસ્ત્ર પણ શસ્ત્રરૂપ થાય છે. વળી પ્રભુનો જ દાખલો લેવો હોય, તો ભગવાન આદિનાથનો કેમ નથી લેતા? ભગવાન શ્રીઋષભદેવ-સ્વામીએ સંયમ લીધા પછી એક હજાર વર્ષમાં એક દિવસ પણ એવો નહોતો કે જે દિવસે શ્રીઋષભદેવસ્વામીજીને સંભારીને મરૂદેવા માતા રોયા ન હોય. આવી માતા કોઈ છે ? આજે તો પાલનહાર જાય તો પણ સાચું આંસુ તે ક્ષણે આવે એની ના નહિ અથવા કેટલીક વખત યાદ આવે ત્યારે આંસુ આવે, પણ વધારે તો નહિ ને? મરૂદેવા માતા તો ખાતાં - પીતાં, બેસતાં ઉઠતાં, હજાર વર્ષ સુધી શ્રીઋષભદેવસ્વામીને સંભારી સંભારીને રોયા છે અને રોતાં રોતાં આંધળાં બન્યાં છે. રોતાં રોતાં આંખો જાય એ રૂદન કેવુંક હશે, એની કલ્પના કરી જુઓ.

**સભાઃ** ત્યારે અત્યારે શોક સામ્રાજ્ય ઘટ્યું, એમ?

**પૂજ્યશ્રી** : ના, સ્વાર્થનું સામ્રાજ્ય વધ્યું. દોષને ગુણ મનાવવા આટલી ચટપટ કેમ છે?

ભગવાન શ્રીઋષભદેવસ્વામીજી માતાના મોહને જાણતા હતા. પોતે સંયમી થશે એટલે માતા વિરહદુઃખથી હજાર વર્ષ સુધી રોતાં રહેશે અને રોતાં રોતાં આંખોનું તેજ ગુમાવશે, એમ ભગવાન નહોતા જાણતા એમ ન કહેવાય.

## ભ૦શ્રી ઋષભદેવસ્વામીજીના અને ભ૦ શ્રી મહાવીરદેવના પ્રસંગ વચ્ચેનો ભેદ

**સભા:** છતાં એ મહાઅનર્થ અટકાવવાને માટે શ્રીઋષભદેવ ભગવાન રોકાયા કેમ નહિ !

**પૂજ્યશ્રી** : કારણકે વસ્તુતઃ એ મહાઅનર્થ નહિ હતો. ભગવાન્ ઉજ્જ્વળ ભાવિને જોઈ રહ્યા હતા એક હજાર વર્ષ રડશે. રડતાં રડતાં નેત્ર તેજ ગુમાવશે. પણ અંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે જશે, એ વસ્તુ પણ ભગવાન શ્રીઋષભદેવસ્વામીના જ્ઞાનથી છુપી ન હતી. ભગવાન શ્રી મહાવીરદેવના પ્રસંગમાં આવું નહોતું. ત્યાં તો માતાપિતાના મૃત્યુનો અને માતાપિતાના મૃત્યુ બાદ બીજા કુટુંબીજનોના મૃત્યુનો પ્રશ્ન હતો. ભગવાન મૃત્યુ અટકાવવા રોકાયા હતા, પણ રૂદન અટકાવવા નહોતા રોકાયા. શ્રી નેમિનાથ ભગવાન પાછા વળ્યા તે વખતે રાજીમતી કાંઇ ઓછું રડ્યાં નથી. પણ ભગવાન રોકાયા નહિ !

મોહાધીનો રડે એમાં નવાઇ નથી. એ તો સ્વાભાવિક છે. મારી દીક્ષા નિમિત્તે કોઈની પણ આંખમાં આંસુ આવે જ નહિ, ત્યારે હું દીક્ષા લઉં. આવો નિર્ણય કરવામાં આવે તો, ભાગ્યે જ લાખોમાં એક પણ દીક્ષા લઇ શકે. દીક્ષા લેતી વખતે રડનારા સંબંધીઓ પણ પાછળથી હસતા બન્યાના સંખ્યાબંધ દાખલાઓ મોજુદ છે. આજે પણ એવું બને છે. અમારા તો અનુભવની વાત છે કે પાછળના સ્નેહીઓ તે વખતે રૂએ, પણ દીક્ષા લીધા પછી જ્યારે એ યોગ્ય થાય, એટલે કે બરાબર આરાધક થાય, ત્યારે એ દશામાં જોઇને મોટેભાગે સ્નેહી પણ આનંદ પામે છે, ત્યાં ઝૂકે છે અને એમને પોતાની ભૂલ સમજાય છે. ઘણા તો કહે છે કે અમને રોતાં મૂકીને ન નીકળ્યો હોત તો તારી આવી સ્વ - પર ઉપકારક સુંદર દશા ન હોત. પોતાના સ્નેહીને ઉંચી કોટિનો આરાધક સાધુ વિદ્વાન અને પદસ્થ બનેલો જુએ તેમજ સંખ્યાબંધ આત્માઓને તારતાં નજરે નિહાળે, ત્યારે જે હૃદયનો સ્નેહી છે તેને ઓછો આનંદ થાય, એમ? નહિ જ. ખરેખર, વિના અનુમતિએ કે સંબંધીઓને રડતાં મૂકીને પણ દીક્ષિત બનનાર સુસાધુના દર્શને

આવનાર સંબંધીઓને એમ પણ થાય છે કે, ક્યાં તે દીકરો, કે જેને ચારવાર ખાધા વિના ચાલતું નહોતું, અને ક્યાં આ, કે જે આવા તપસ્વી છે. ધન્ય છે. આવું સ્નેહીઓને, મારાપણાવાળાને સ્હેજે થાય, પણ ધાંધલીયાઓને અને પંચાતીયાઓને તો પ્રાયઃ ન જ થાય. એ તો પહેલાંયે પાપ બાંધે, વચમાંયે પાપ બાંધે, મરતાંયે પાપ બાંધે અને ગયા પછી પણ પાપ બાંધે, એ શક્ય છે. કોઇ સંયમ લે તેમાં વગર સ્વાર્થે આડે આવનારા અને તેમાંએ સંઘના નામે નીકળનારા તો એવું કારમું પાપકર્મ બાંધે છે કે જેના સ્વરૂપની સાચી જાણ તો જ્ઞાનીભગવંતને જ હોઇ શકે.

### રાગીને રડવું આવે એમાં નવાઇ નથી

સંયમ લેવા નીકળનારને સઘળા સ્નેહીઓની સંમતિ મળે અને કોઇનીય આંખમાં આંસુ ન આવે, એ બને ? ન જ બને એમ ન કહીએ, પણ એવું તો જવલ્લે જ બને, એમ તો જરૂર કહી શકાય. છોકરીને સાસરે વળાવવી નિશ્ચિત છે, તો પણ માને ગાડી દેખાતી બંધ થાય ત્યાં સુધી આસું આવે જ. સંસારનો એ સ્વભાવ જ છે. જો સંસારમાં આ સ્થિતિ છે, તો પછી ઘરબાર છોડીને, સંબંધ તોડીને, હંમેશને માટે બધાયને ત્યજી જનાર ત્યાગી માટે કોઇ રાગીને આંસુ ન આવે કોઇ રાગીને જરાય દુઃખ ન થાય એ કેમ બને ? આટલું સમજાઇ જાય તો સંબંધીઓના રૂદનને નામે માર્ગનો વિરોધ થાય છે તે ન થાય આજે તો દીક્ષાની આડે આવવામાં અજ્ઞાની જીવોને પુણ્ય મનાવા લાગ્યું છે પણ અનંતા જીવોને અભયદાન દેનારની આડે આવવામાં કયો બેવકૂફ પુણ્ય માને ? દીક્ષાને અને શોકને સંબંધ છે જ. એ વખતે સાતમી પેઢીનો પણ દેખાડવાને માટે આવીને રોશે. જેમ વ્યવહારમાં રિવાજ છે કે, કોઈ મરી જાય ત્યારે 'ઓ - ઓ' એવી પોક બધા મૂકે. એ વખતે પણ વિવેકી, સમજૂ અને સમતાશીલ નથી રોતા, તેમ એવા આમાંય હોય; પણ મોટોભાગ રડનારાનો; એથી કોઇ દીક્ષા લેવા તૈયાર થાય એટલે સમજી જ લેવું કે, ઘોંઘાટ થવાનો દીક્ષાની અનુમતિ આપનારની આંખમાં પણ પેલો દીક્ષા લેતો હોય ત્યારે આંસુ આવી જાય છે. ચાંલ્લો કરે પણ મોહનું દુઃખ સાથે જ હોય !

**દયાનો દંભ કરનારાઓને હિતાર્થી બરાબર કહી દે**

એવા વખતે સંયમ લેનારને સંસારમાં રહી જવાની વૃત્તિરૂપ દયા આવે, તો વસ્તુતઃ એ દયાભાવ નથી પણ હિંસકભાવ છે. આજે દીક્ષાના વિષયમાં ઘણા કહે છે કે 'શું માબાપની દયા નથી આવતી ?' પણ એવી દયાની વાતો કરનારાઓ, આજની રાજકીય હીલચાલમાં ઘણાઓ માતાપિતા, ભાઈભાંડું, ભાર્યાભગિની વગેરેની દરકાર કર્યા વિના ચાલ્યા જાય છે, ત્યાં વાંધો નથી લેતાં. ત્યાં તો 'દેશને માટે ભોગ આપ્યો' કહી વખાણ કરે છે. માત્ર દીક્ષામાં જ વાંધો લે છે અને દયાની વાતો કરે છે, એથી સાફ જણાઈ આવે છે કે, 'એ દયાની વાતો કેવળ દંભરૂપ છે.' હૈયામાં દીક્ષાની પવિત્ર ભાવના સામે દુર્ભાવ છે, એ પવિત્ર ભાવનાની કિંમત નથી, માટે જ દયાની ખોટી વાતો કરાય છે. દીક્ષા લેનાર તો એવી વાતો કરનારાને અવસરે એમ પણ કહી દે છે કે

'જુઓ તમારા કરતાં મારા માબાપ વગેરે માટે મને વધારે લાગણી છે. હું કાંઈ એમનું અહિત કરવાને જતો નથી. મારૂં હિત સધાય અને અવસરે એમનું પણ શાશ્વત હિત હું સાધી શકું, એજ મારી ભાવના છે. મારા માતાપિતાનો મારા ઉપર પરમ ઉપકાર છે એ હું જાણું છું અને એથી જ મારા માતાપિતાને શાશ્વત કલ્યાણના માર્ગે યોજવાનો મારો ઈરાદો છે. તમારે શું લાગે વળગે છે ? તમને મારાં મા-બાપની દયા આવી માટે તમે આવ્યો છો એમ નથી. પણ મારા માતાપિતાની દયાના નામે તમારે તમારી દીક્ષાવિરોધની પ્રવૃત્તિને પોષવી છે માટે જ તમે આવ્યા છો એ હું જાણું છું. જૈન થઈને સંયમ વિરૂદ્ધ સલાહ આપવા આવતાં શરમ નથી આવતી ? તમારામાં જૈનત્વ હોત, તો તમે આવા વખતે મારા માતાપિતાદિને મોહાધીન બનીને સ્વપરનું આત્મહિત હણતાં અટકવાની સલાહ આપી હોત અને કહ્યું હોત કે ફીકર નહિ. ભલે એ કલ્યાણમાર્ગે જાય એવા માર્ગે અમારાથી નથી જવાતું તો અમે તેના ગમનમાં મદદરૂપ થવાના ઇરાદે આપની તકલીફો દૂર કરીશું ! આવું કાંઈ તમારે કરવું નથી, દયા ખાઈને ય દમડીની મદદ કરવી નથી અને દયાની વાતો કરી દુનિયાને છેતરવી છે માટે પધારો આપને ઘેર. જ્યાં જ્યાં આવું કહેનારા મળ્યા, ત્યાં ત્યાંથી દયાનો દંભ કરનારાઓએ રોકાયા વિના ચાલવા જ માડ્યું છે.

## માતા મૂર્ચ્છિત થવા છતાંય શ્રીશાલિભદ્રજી પાસે કેમ ન ગયા ?

શ્રીશાલિભદ્રજીએ દીક્ષા માટે માતાની પાસે જ્યારે અનુમતિ માગી ત્યારે તેમની માતાને મૂર્ચ્છા આવી. દાસીઓ ભદ્રામાતાને સચેતન કરવા ગઈ, પણ શ્રીશાલિભદ્રજી ત્યાં ન ગયા. દયા નહોતી ? ભક્તિ નહોતી ? વિનીત તો એવા હતા કે જ્યારે જ્યારે માતા આવતી, ત્યારે ત્યારે આસન ઉપરથી ઊભા થઈ જતા હતા. એ જ શ્રીશાલિભદ્રજી અત્યારે પાસે પણ આવતા નથી, કેમકે શ્રી જિનેશ્વરદેવની દયાનું સ્વરૂપ એ સમજતા હતા. શ્રીશાલિભદ્રજીએ એ વખતે શો વિચાર કર્યો હશે ? આ મૂર્ચ્છા મારા પ્રત્યેના મોહની છે. જો આ વખતે હું પાસે જઈશ, પંપાળવા જઈશ, માતાનું માથું ખોળામાં લઈ લઈશ, તો વારંવાર મૂર્ચ્છા આવે એવો મોહ વધી પડશે : અને મારે દીક્ષા લેવી છે એ નિશ્ચિત જ છે; ત્યારે એક મૂર્ચ્છામાં કામ પતે તો ખોટું શું ? આત્માએ અનંતકાળમાં અનંતા માતાપિતાને રડાવ્યાં છે. એવું રડાવવાનું બંધ કરવું હોય તો હવે મોહની મૂંઝવણને આધીન ન થવું. આવા જ કોઈ ઉત્તમ વિચારના યોગે શ્રીશાલિભદ્રજી, પોતાની માતા મૂર્ચ્છાથી પટકાઈ પડવા છતાં પણ પાસે ન ગયા એમ કહી શકાય.

પણ એથી એમનામાં દયા કે ભક્તિ નહોતી એમ ન કહેવાય. એમનું હૈયું ભાવદયાથી ભરપૂર બન્યું હતું, માટે તો તે પુણ્યાત્મા દીક્ષા લેવાને તત્પર બન્યા હતા; અને એથી જ શ્રી શાલિભદ્રજીએ પોતાની માતાને પ્રસંગ પામીને એમ પણ કહ્યું છે કે "માતા ! ચારિત્રને ગ્રહણ કરનારા કોઈકનું પણ અશુભ ચિંતવનારા હોતા નથી. જગતના જીવો ઉપર તેઓ તો મૈત્રીભાવવાળા બનેલા હોય છે; અર્થાત્ ચારિત્રને ગ્રહણ કરનારા જીવમાત્રનું કલ્યાણ ચિંતવનારા હોય છે અને એથી જ સકળ જીવોનું હિત કરનારા તે મહાત્માઓ જગદ્વંદ્યતાને પામેલા છે. વિચાર કરો કે આવું કહેનારા શ્રીશાલિભદ્રજી દયાહીન હતા કે સાચા દયાળુ હતા ? વિવેકીઓ તો એમને સાચા દયાળુ જ કહે.

*"યે ચારિત્રગ્રાહકાસ્તે કસ્યાપિ અશુભચિન્તકા ન ભવન્તિ ।*
*તે તુ જગજ્જીવાનામુપરિ મૈત્રીભાવં ગતાઃ,*
*સકલજીવાનાં હિતકારકા જગદ્વન્દ્યતાં પ્રાપ્તાઃ ।।"*

શ્રીશાલિભદ્રજી, પોતાની માતા ઉપર છવાએલું મોહનું કારમું વાદળું ભેદવાને ઈચ્છતા હતા અને એથી જ શ્રીશાલિભદ્રજી માતાને મૂર્છા આવવા છતાં ય સચેતન કરવા ન ગયા. મૂર્છા વળી અને શ્રીશાલિભદ્રજીને ત્યાંના ત્યાં જ ઉભેલા ભદ્રા માતાએ જોયા. એટલે વિનવણી શરૂ કરી અને વિનવણીથી ન પત્યું એટલે એકદમ ત્યાગ નહિ કરતાં અભ્યાસરૂપે બત્રીસ પત્નીઓમાંથી રોજ એક એકનો ત્યાગ કરવાનું કહ્યું. આમ એકજ મૂર્ચ્છાએ વાત ઠેકાણે પડી ગઈ. શાલિભદ્રજીએ પણ માતાની એટલી વાત સ્વીકારી. આથી એમ નહિ માનતા કે એક સાથે બધાનો ત્યાગ ન થઈ શકે. શ્રીધન્નાજીએ શ્રીશાલિભદ્રજીને ડરપોક કહ્યા છે. શ્રીશાલિભદ્રજી વ્રતપાલનમાં સત્ત્વહીન છે એમ શ્રી ધન્નાજીએ કહ્યું છે. શ્રીધન્નાજી શ્રીશાલિભદ્રજીના બનેવી થતા હતા. શ્રીશાલિભદ્રજીની સૌથી નાની બેન શ્રીધન્નાજીની સાથે પરણાવાઈ હતી. શ્રીશાલિભદ્રજી દીક્ષા લેવાને તૈયાર થયા છે અને એ માટે અભ્યાસરૂપે રોજ એક એક પત્નીનો અને એક એક શય્યાનો ત્યાગ કરે છે. આ સમાચાર બેનને મળ્યા છે. બેનને ભાઈ ઉપર બહુ મોહ છે. પોતાના પતિ શ્રીધન્નાજીને સ્નાન કરાવતી વખતે એ બેનને પોતાના ભાઈ શ્રીશાલિભદ્રજીનો ત્યાગ યાદ આવી જાય છે અને એથી એ રૂદન કરે છે.

એને રૂદન કરતી જોઈને શ્રીધન્નાજી પૂછે છે કે, 'તું રૂદન કેમ કરે છે ?' એના ઉત્તરમાં શ્રીશાલિભદ્રજીની બેન પોતાના સ્વામીને ગદ્‌ગદિત કંઠે કહે છે કે, 'મારો ભાઈ વ્રત ગ્રહણ કરવાને તૈયાર થયો છે અને રોજ રોજ એક એક સ્ત્રીનો તેમજ એક એક શય્યાનો ત્યાગ કરે છે, તે કારણે મને રડવું આવે છે.'

### શ્રી શાલિભદ્રજીના ત્યાગની વાત ઉપર શ્રી ધન્નાજી હસે છે

શ્રીશાલિભદ્રજીની બેનની અને પોતાની પત્નીની આ વાત સાંભળીને ધન્નાજી હસી પડે છે. શ્રીશાલિભદ્રજીનોએ રોજનો એક એકનો ત્યાગ શ્રીધન્નાજીને હાસ્ય ઉપજાવે છે ! છોડવું જ છે, તો વળી આજે એક અને કાલે બીજી એ શું ? છોડવું જ હોય તો એક સાથે છોડી દેવું. આ વિચારના શ્રીધન્નાજી છે, અને એથી જ તેમને પોતાની

પત્નીના મુખે. તેના ભાઇ શ્રીશાલિભદ્રજીના રોજના એક એકના ત્યાગનું શ્રવણ કરવાથી હસવું આવે છે. શ્રી ધન્નાજીને આવી વાતમાં હસતા જોઇને, શ્રીશાલિભદ્રજીની બેનને શું થયું હશે ? એના હૃદયમાં મોહવશ કેવી વેદના થઇ હશે ? પણ શ્રીધન્નાજીએ એવો વિચાર નહિ કરતાં સાચી વાત સંભળાવી દેવાનો નિર્ણય જ કરી લીધો હોય એમ લાગે છે; કારણકે શ્રીધન્નાજીએ હસતાં હસતાં એવાં પણ વચનો કહ્યાં છે કે જે વચનો સાંભળતાં મોહાધીન ડઘાઇ જ જાય.

શ્રીધન્નાજીએ હાસ્યપૂર્વક કહ્યું કે, 'તારો ભાઇ જો એમ કરતો હોય, તો તો કહેવું જોઇએ કે તે શિયાળ જેવો ડરપોક છે અને વ્રતપાલનમાં સત્ત્વહીન છે.' શ્રી ધન્નાજીની જગ્યાએ આજના બનેવી હોય તો શું કહે ? 'જોઉં છું, દીક્ષા કેમ લે છે તે ! હમણાં જ સોલીસીટર દ્વારા નોટીસ આપું છું, આવું આવું કાંઇક બોલ્યા વિના રહે ? આજના નાદાનો કહે છે કે દીક્ષા લેનારાઓની સ્ત્રીઓ પારકા સાથે અનાચાર કરે, એનું પાપ કોને શિરે ? ઉત્તમ કુળવાનોને માટે આવી શંકા કરે તે પણ નીચ છે. સારા માણસો માટે આવી શંકા કરવી તે પાપીનું લક્ષણ છે. ઉત્તમ કુળની ઉત્તમ સંસ્કારોવાળી સ્ત્રીઓ કદી અનાચાર ન સેવે. એને બહુ મોહ હોય તો પોતાના ધણીને રાખવા મહેનત કરે એ શક્ય છે; પણ તે મહેનતે ય એવી રીતેએ કરે કે કુળવટને કલંક ન લાગે; અનાચારનો તો એનામાં વિચાર જ ન હોય; પણ આજે તો નીચ આત્માઓ એવા એવા શબ્દોથી પણ આજુ બાજુનું વાતાવરણ બગાડી રહ્યા છે.

**મોહના ઉત્પાતને ટક્કર**

શ્રીધન્નાજીએ શ્રીશાલિભદ્રજીને ડરપોક અને સત્ત્વહીન કહ્યા, એટલે શ્રીશાલિભદ્રજીની નાની બેન તો ચૂપ જ થઇ ગઇ. શ્રીશાલિભદ્રજી પોતાના ભાઇ હતા, પણ આવું બોલનાર શ્રીધન્નાજી પોતાના સ્વામી હતા, એટલે તે બોલેય શું ?

શ્રીધન્નાજીએ તો ટૂંકમાં એવું કહી દીધું હતું કે, મોહ ભાગવા માંડે! શ્રીધન્નાજીએ જો જરાક હા ભણી દીધી હોત, તો શ્રીશાલિભદ્રજીની બેનનું રૂદન વધી પડત ! એ વખતે આશ્વાસન આપવું હોય તો પણ એવા શબ્દોમાં આપવું જોઇએ કે સામાના મોહને

જોર કરવાનું મન ન થાય, પણ પોતે મોહથી રડે છે એ ખોટું કરે છે એનો એને ખ્યાલ આવે. મોહાધીનના રૂદનમાં જે કોઇ સૂર ભેળવે, તે મોહાધીનને વધારે રડાવે અને પોતે પણ પાપબંધ કરે. મોહના ઉત્પાતને તો એવી ટક્કર મારવી જોઇએ કે, સામાને ચઢેલો મોહનો નશો આપોઆપ ઉતરી જાય અને વધારે રૂદન કરી વધુ પાપ બાંધતાં તે અટકી જાય; પણ જે જાતે વિવેકી નથી તે બીજાને વિવેક ક્યાંથી શીખવે ?

શ્રીધન્નાજીના કથનથી શ્રીશાલિભદ્રજીની નાની બેન તો ચૂપ થઇ ગઇ, પણ તેની સપત્નીઓથી ચૂપ રહેવાયું નહિ. શ્રીધન્નાજીને આઠ સ્ત્રીઓ હતી. અને આઠે ય અત્યારે સાથે ન્હવડાવતી હતી. પૂર્વનાં ધનાઢ્ય કુટુંબોમાં પણ પતિસેવાનો આચાર કેવો જીવંત હતો એ જુઓ. શ્રીધનાજીને ઘેર નોકર - ચાકરોનો તોટો નહિ હતો, તેમજ શ્રી ધન્નાજીની સ્ત્રીઓ પણ ગરીબ ઘરની જ નહિ હતી, છતાં પોતાના પતિને જાતે સ્નાન કરાવે છે, એ ઉત્તમ કુલાચાર ખરો કે નહિ ? વળી આઠ સ્ત્રીઓએ આજ આણે ન્હવડાવવું અને કાલે પેલીએ ન્હવડાવવું, એવા વારા નહોતા કર્યા ! આ પણ આજના જમાનામાં ધ્યાન ખેંચનારી જ બીના છે ને ?

### આજના કુટુંબમાં જાતનાં સુખની જ કેવળ દષ્ટિ વધી રહી છે

આજે મધ્યમ વર્ગનાં કુટુંબોમાં દેરાણી - જેઠાણી વચ્ચે કામના વારા કરેલા જોવાય છે. કામની વહેંચણી કરી આપ્યે પણ માંડમાંડ નિર્વાહ થાય છે અને એટલું છતાંય વારે તહેવારે કાંઇક નવાજુની થયા વિના રહેતી નથી. પરસ્પર એકબીજાથી વિરૂદ્ધ ઉશ્કેરણીનું કામ તો ચાલુ જ હોય છે. સંતોષ, ઉદારતા, ખમી ખાવાની વૃત્તિ, કુટુંબમાં સંપ જાળવવાની ભાવના અને કુટુંબમાં નાનાં-મોટા, નહિ કમાનાર-કમાનાર, થોડું કમાનાર વધતું કમાનાર, વૃદ્ધ, અશક્ત, બધાં સુખપુર્વક જીવે એ જાતના આચારવિચાર, એ બધુ આજે મધ્યમવર્ગનાં કુટુંબોમાંથી લુપ્ત થતું જાય છે. આજે દષ્ટિ કેવળ પોતાની જાતના સુખ સામે રહે છે. પોતાનો થોડોક સ્વાર્થ સાધવા જતા કુટુંબીઓમાં કેવો

કલેશ ફેલાશે ? ભાઈ ભાઈ વચ્ચે વેરઝેર થશે, વૃદ્ધ માતાપિતા કેટલાં દુ:ખી થશે ? દુનિયામાં પોતાના કુટુંબની કેવી વગોવણી થશે ? અને અવસરે પોતે ધણી-ધણીયાણી કેવા એકલવાયા રહી જશે ? એ પ્રકારના વિચારો ઉત્પન્ન થવા જેટલી યોગ્યતા પણ આજે સ્વાર્થવૃત્તિએ હરી લીધી છે.

જ્યારે ધનાઢ્ય કુટુંબોમાં, કે જ્યાં ધર્મસંસ્કારો નથી અને આજના કહેવાતા સુધારાનો પ્રવેશ થઈ ચૂક્યો છે, ત્યાં તો વળી મહા વિષમદશા છે. લગભગ બધું કામ નોકરોને જ ભળાવેલું હોય છે. એ કુટુંબોમાં તો પતિસેવા પ્રત્યે કોઈને ધૃણા ન હોય તો સારૂ, સ્વતંત્રતાના નામે સદાચારનો નાશ થઈ રહ્યો છે અને સ્વચ્છંદ ફેલાઈ રહ્યો છે, એ સમજો અને તમારા ઘરમાં એ પવન પેસે નહિ એવી યોજના ઘડો.

શ્રી ધન્નાજીની આઠ પત્નીઓમાં પરસ્પર ઈર્ષ્યા નહોતી. એકનું દુ:ખ બીજી સહી શકતી નહોતી. પોતાના પતિએ શ્રી શાલિભદ્રજીની નાની બેનને, એટલે કે પોતાની સપત્નીને આશ્વાસન નહિ આપતાં, શ્રી શાલિભદ્રજીના ત્યાગને નહિ વખાણતાં શ્રી શાલિભદ્રજીને સીધા જ ડરપોક અને સત્ત્વહીન કહી દીધા, એથી શ્રી ધન્નાજીની બીજી સાત પત્નીઓને બહુ દુ:ખ થયું. એ વિના મશ્કરીમાં પણ શ્રી ધન્નાજીને સ્ત્રીઓએ જે કહ્યું તે કહી શકાત નહિ. શ્રી ધન્નાજીની અન્ય સ્ત્રીઓએ પોતાના પતિ શ્રી ધન્નાજીને કહ્યું કે, 'હે નાથ ! જો વ્રત ગ્રહણ કરવું સહેલું છે, તો આપ પોતે જ કેમ ગ્રહણ કરતા નથી ?' આનો અર્થ એ થાય કે 'બોલવું સહેલું છે, બીજાને ભીરૂ અને સત્ત્વહીન કહી દેવા એમાં બહાદુરી જોઈતી નથી, પણ જાતે ત્યાગ કરો તો ખબર પડે ! તમારાથી તો થતું નથી અને પેલા કરે છે એમને ડરપોક અને સત્ત્વહીન કહેવા છે !'

### શ્રી ધન્નાજીનો જવાબ

પણ શ્રી ધન્નાજી સત્ત્વશીલ છે એમને માટે આટલું મેણું પણ બસ થઈ પડે છે. શ્રી ધન્નાજી જાણે કે કોઈ આવા અવસરની જ રાહ જોઈ રહ્યા હતા, એવો જ જવાબ વાળે છે. એટલે કે 'વ્રત ગ્રહણ કરવું જો સહેલું જ છે, તો આપ કેમ ગ્રહણ કરતા નથી ?' આવું જ્યારે પોતાની બીજી સ્ત્રીઓ બોલી કે તરત જ શ્રી ધન્નાજીએ જરાય

 અચકાયા વિના કે બીજો કોઈ વિચાર કર્યા વિના, પોતાનો નિર્ણય જાહેર કરતાં કહી દીધું કે 'મારા વ્રતગ્રહણમાં વિઘ્ન કરનારી તમે આજે મારા પુણ્યયોગે જ આમ બોલી છો. વિઘ્નભૂત થનારી તમે અનુમતિ આપી એટલે હવે હું તરત જ વ્રત ગ્રહણ કરીશ.'

સ્ત્રીઓએ ધારેલું નહિ કે શ્રી ધન્નાજી આવો જવાબ આપશે અને શ્રી ધન્નાજીની સ્ત્રીઓ એ પણ જાણતી હતી કે શ્રી ધન્નાજીનો નિર્ણય એ નિર્ણય જ ! એ ફરે કરે નહિ. આથી તરતજ શ્રી ધનાજીની સ્ત્રીઓએ શ્રી ધન્નાજીને કહ્યું કે 'હે સ્વામિન્ ! પ્રસન્ન થાઓ અમે તો મશ્કરીમાં કહ્યું છે. આપના દ્વારા નિરંતર લાલન કરાયેલી અમારો અને આ લક્ષ્મીનો આપ ત્યાગ ન કરો.'

### શ્રી ધન્નાજીની મક્કમતા અને કુલીન પત્નીઓનો પણ શુભ નિર્ણય

શ્રીશાલિભદ્રજી જેવા દેવતાઇ ભોગોને ભોગવનાર સુકોમળ અને કષ્ટનું નામ પણ નહિ જાણનાર, એવાને પણ રોજ તે એક એક સ્ત્રીનો અને એક એક શય્યાનો ત્યાગ કરતા હોવા છતાંય, જે શ્રીધન્નાજી ડરપોક અને સત્ત્વહીન કહે તે શ્રીધન્નાજી હવે સ્ત્રીઓની વિનવણીથી પોતાનો સંયમનો નિશ્ચય ફેરવે ? શ્રીધન્નાજી તો એ જ સમયે નિત્ય પદ એવા મોક્ષને સાધવા માટે સંસારત્યાગ કરવાનો દૃઢ નિશ્ચય કરીને ઉભા થઈ ગયાં. આ રીતે શ્રી ધન્નાજીના દૃઢ નિશ્ચયને જાણીને તે પુણ્યાત્માની પત્નીઓએ પણ કહ્યું કે 'અમે પણ આપની પાછળ દીક્ષા લઈશું.' કારણકે એ કુળવાન હતી. સતીઓ તો પતિની અનુગામિની હોય વ્રતગ્રહણ કરવાની શક્તિ ન હોવાને કારણે જે પત્નીઓ પતિની સાથે દીક્ષિત ન થાય, તે પણ સંસારમાં કઇ રીતે રહે? સતીઓના ધર્મને સમજો અને એ ધર્મને ઘરમાં લાવો ! પુસ્તકોમાં રાખી સ્વપ્નાં જેવો ન બનાવી દ્યો. પતિના સન્માર્ગ ગમનમાં આડે આવવાની બુદ્ધિ આર્યપત્નીમાં ન હોય. શ્રીશાલિભદ્રજીની માતાએ શ્રીશાલિભદ્રજીને સમજાવવાનો પ્રયાસ કર્યો છે, પણ બત્રીશ સ્ત્રીઓમાંથી એકેય બોલી નથી. ભદ્રામાતાએ અનુમતિ આપી ત્યારેય કોઇએ વાંધો લીધો નથી. એનું નામ કુલીનતા છે આજે તો દશા જ જુદી છે.

કોઈ દીક્ષા લેવા નીકળે ત્યારે દયાની વાતો કરાય છે. પણ સંસારમાં રહ્યા એ કેટલા નિર્દય અને ઘાતકી બન્યા છે એ જો વર્ણવાય તો અંગારા ખરવા માંડે. તમારાથી ન થાય તો ન કરો, પણ કરનારને હાથ જોડવા જેટલી તો ઉદારતા કેળવો ! સદાચારના દુશ્મન બનેલા, સંસારમાં સ્વર્ગ ઉતારવાની વાતો કરે છે, પણ ખરી રીતે તો એ બિચારા નરકના કીડા બનતા જાય છે. દયા તો એમની ખાવા જેવી છે એમની દુર્દશા જોઈને ધર્મીઓને દયા આવે તેમ છે પણ એમને એમની પાપરક્તતા એને ભારેકર્મીતાના યોગે પોતાની દુર્દશા નથી જણાતી. કારણ કે એ બિચારા એને સુખરૂપ માની બેઠા છે. ભૂંડ કેમ વિષ્ટામાં મોઢું ઘાલે છે ? કહો કે એ એમાં જ આનંદ માને માટે ! તેવી જ દશા એવાઓની છે ખરેખર, આપણે તો એવાઓની દયા જ ખાઈએ છીએ.

**દીક્ષાર્થીની દીક્ષા પાછળ શ્રી સંઘની ફરજ**

પોતાની પત્નીઓ પણ દીક્ષા લેવાને તૈયાર થઈ એથી શ્રીધનાજી બહુ ખુશ થયા અને દાન દઈને શ્રી ધન્નાજીએ પત્નીઓ સહિત દીક્ષા લઈ લીધી. કોઈને પૂછવા ગયા નથી. શ્રીશાલિભદ્રજીની બેન પણ પોતાના ભાઈને પૂછવા ગઈ નથી. પોતાના બનેવીએ આ રીતે દીક્ષા લીધી, એ ખબર જાણીને શ્રી શાલિભદ્રજી પણ ખૂબ ઉત્સુક બન્યા. પછી તો તેમણે પણ મહોત્સવપૂર્વક દીક્ષા લીધી. ખુદ રાજાએ એમની દીક્ષાનો મહોત્સવ કર્યો, કારણકે એય ધર્મી હતા. એ વખતે જ્યાં જાઓ ત્યાં મોટેભાગે બધા જોડનારા હતા, જ્યારે આજે તોડનારા છે. સંઘ આવાં કામમાં આડે આવે નહિ અને આડે જ આવે તે સંઘ કહેવાય નહિ. એક આત્મા સંયમના માર્ગે જાય તો પાછળનાઓની ખબર લેવાની અને જનારનો મહોત્સવ કરવાની શ્રી સંઘની ફરજ છે. દીક્ષિતના સંબંધી આખાય સંઘના સંબંધી હોય એ રીતે સંઘ વર્તે અને ગુરુનાં માબાપ એ સંઘનાં માબાપ, આ દશા સંઘની હોવી જોઈએ.

કોઈપણ આત્મા દીક્ષા લેવા નીકળે ત્યારે કોઈ રડે નહિ એવું તો ક્વચિત્ જ બને. અનુમતિ આપનાર સંબંધીઓને ય રડવું આવી

 જાય. એ રૂદન સામે દીક્ષાર્થી જુએ પણ નહિ અને એમાં જ રડનારને લાભ થવાનો સંભવ છે. માતાપિતાદિ અનુમતિ ન આપે તો કલ્યાણના અર્થીએ ચાલ્યા જવું એમ શાસ્ત્રોએ ફરમાવ્યું છે. કારણ કે એથી જનારનું તો નિયમા કલ્યાણ છે અને અનુમતિ નહિ આપનારનું પણ ભાવિમાં કલ્યાણ થવાનો સંભવ છે. અનુમતિ મળે તો તો સોનું અને સુંગધ મળવા જેવું થાય, પણ અનુમતિ મેળવવાનો ઘટતો પ્રયત્ન કરવા છતાંય તે ન મળે તો કલ્યાણના અર્થીને માતાપિતાદિની અનુમતિ વિના પણ ચાલી નીકળવાનો અધિકાર છે.



### શ્રી ભરતજી વિરક્તભાવે જળક્રીડા કરવા નીકળે છે

શ્રી ભરતજીએ જોયું કે શ્રીરામચંદ્રજી  અનુમતિ આપે તેમ નથી, એટલે ઉઠીને ચાલવા માંડ્યું, પણ શ્રી લક્ષ્મણજીએ ઉભા થઇને તેમને પકડી લીધા. શ્રીમતી સીતાદેવી અને વિશલ્યા આદિ અન્તઃપુર પણ આ ખબર જાણીને ત્યાં સંભ્રમ સાથે આવી પહોંચે છે શ્રીમતી સીતાદેવી, દીક્ષા લેવાનો શ્રી ભરતજીનો આગ્રહ ભૂલવવાને માટે શ્રીભરતજીને જળક્રીડાનો વિનોદ કરવાની પ્રાર્થના કરે છે. પ્રાર્થનાથી ન માન્યું એટલે અતિ આગ્રહ કર્યો. શ્રીમતી સીતાજીને શ્રીલક્ષ્મણજી માતારૂપ માનતા હતા તો શ્રીભરતજી તેમને માતારૂપ માને તેમાં નવાઈ નથી. કારણકે શ્રીભરતજી તો શ્રીલક્ષ્મણજી કરતાં પણ નાના છે. 'મોટા ભાઈની પત્ની એટલે માતૃવત્ પૂજ્ય' આ ભાવના એ કુટુંબમાં સ્વાભાવિક પ્રવર્તતી હતી. આર્યદેશના ઉચ્ચ ગણાતાં કુળોમાં આ ભાવના નવાઈ રૂપ નહોતી. છેલ્લા થોડાક દશકાઓ બાદ કરીએ, તો આજ સુધી એ અને એવી બીજી પણ ઘણી ઉત્તમભાવનાઓ આ આર્યદેશમાં કુળપંરપરાના વારસાની માફક પ્રવર્તતી હતી. છેલ્લા થોડાક દશકાઓમાં જ બધું ફરી ગયું એમ કહીએ તો ચાલે. સદાચારને લાવનાર, સદાચારનું રક્ષણ કરનાર અને સદાચારને વધારનાર જે ભાવનાઓ હતી તે નષ્ટ થઇ ગઇ અને એનું સ્થાન એવી ભાવનાઓએ લીધું કે જેના યોગે માનવી માત્રના હૈયામાં ભોગતૃષ્ણાની કારમી આગ સળગી રહી છે.

## ભોગતૃષ્ણા વધવાનું પરિણામ

અપવાદરૂપ ગણાય તેવા સજ્જનોની વાત જૂદી છે, પણ મોટા ભાગની દશા આ થઇ પડી છે. ભોગતૃષ્ણા જેમ વધતી ગઈ, તેમ સદાચારોનો તથા સદ્‌વિચારોનો લોપ થતો ગયો અને દુરાચારો તથા દુર્વિચારો વધવા માંડ્યા. પછી દુરાચારીઓએ પોતાના દુરાચારોને જ સદાચારો મનાવવાનો પ્રયત્ન આદર્યો અને ક્રાંતિના નામે, કળાના નામે, સુધારાના નામે, પ્રગતિના નામે તથા સમાન હક્ક આદિના નામે અજ્ઞાનલોકને દુરાચારો તરફ ઘસડીને, સદાચારના ઉપાસકો તથા પ્રચારકો તરફ દુર્ભાવ ફેલાવવા માંડ્યો.

અમે ક્રાંતિના વિરોધી છીએ એમ નથી; પણ વર્તમાનની ક્રાંતિ વિનાશક છે માટે અમે તેનાથી ચેતતા રહી બીજાઓને બચતા રહેવાને પ્રેરીએ છીએ. ક્રાંતિ એટલે પરિવર્તન. એને માટે તો આ શાસન છે આ શાસનનો પ્રચાર જ પરિવર્તનકારી છે. સ્વમાં અને પરમાં પરિવર્તન લાવવાને માટે તો આ શાસનની આરાધના છે. શ્રી જૈન શાસનનો સાચો આરાધક ક્ષણે ક્ષણે પરિવર્તન માટે જ મથ્યા કરે છે. શ્રી જૈન શાસનના સાચા આરાધકની પ્રત્યેક ધર્મક્રિયા ક્રાંતિકારી હોય છે. એવું માનનારા અમે, ક્રાંતિના વિરોધી કેમ હોઈ શકીએ ? અમારાં પ્રયત્ન તો સાચું પરિવર્તન લાવવાનો જ છે.

દુનિયાના જીવો વર્તમાનમાં જે દશા ભોગવી રહ્યા છે, તે દુઃખદ છે અને દુઃખસર્જક છે. અમે દુઃખદ અને દુઃખસર્જક દશા ટાળવાનો ભગવાનનો પેગામ પ્રચારનારા છીએ. અમે તો જનતામાં એવું પરિવર્તન આવેલું જોવાને ઇચ્છીએ છીએ કે દુનિયાના માનવી માત્રની દિશા જ પલટાઇ જાય. સંસારમાં રાચતો, અને સંસારને વધારતો આત્મા સંસારનાં બંધનોને તોડતો અને મોક્ષની નિકટ પહોંચતો બની જાય. એ અમારો મનોરથ છે. અમે તો એવું પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ, કે જે પરિવર્તન મનુષ્યોને દુઃખથી બચાવી સુખમય સ્થિતિએ પહોંચાડે તેમજ મનુષ્ય સિવાયના બીજા જીવો આજે મનુષ્યો તરફથી જે મહાત્રાસ ભોગવી રહ્યા છે તે જીવોનો પણ તે મહાત્રાસ મટી જાય !

 અર્થ અને કામ તરફ ઘસડાઇ રહેલા આત્માઓ ધર્મને મોક્ષ તરફ વળે. એવું જબ્બર પરિવર્તન લાવવાનો શ્રી જૈનશાસનના સાચા ઉપાસકોનો પ્રયત્ન હોય છે.

**અમે ક્રાંતિના અને પરિવર્તનના પરમ હિમાયતી છીએ !**

દુનિયાદારીનાં સુખોમાં રાચતી અને સુખો મેળવવાને માટે રાતદિવસ સ્વંય દુ:ખી બની બીજાઓને દુ:ખી કરતી દુનિયાને. દુનિયાદારીનાં સુખોની ઈચ્છાથી પણ છોડાવી દેવા જેવું પરિવર્તન લાવવામાં અમે વિશ્વકલ્યાણ માનીએ છીએ. આ પરિવર્તનના અમે ઉપાસક છીએ અને એથી જ અમે કહીએ છીએ કે 'શ્રી જૈનશાસનના સાચા આરાધક જેવું બીજું કોઇ જ ક્રાંતિવાદી નથી.' અને એથી જ 'અમે જેવા અને જેટલા પરિવર્તનના હિમાયતી છીએ, તેવા ઉંચા અને તેટલા જબ્બર પરિવર્તનનું હિમાયતી વસ્તુત: બીજું કોઇ જ નથી.' આવું પ્રત્યેક સાચો જૈન કહી શકે છે.

આમ છતાં પણ અમને ક્રાંતિના વિરોધી કહેવામાં આવે છે; અમે ક્રાંતિના પરિવર્તનના, સુધારાના, પ્રગતિના વિરોધી છીએ એવો ખોટો પ્રચાર કરીને લોકોને ભડકાવવામાં આવે છે; પણ શ્રી જૈનશાસન જેવું ક્રાંતિનું, પરિવર્તનનું, સુધારાનું અને પ્રગતિ આદિનું હિમાયતી બીજું કોઇ જ શાસન નથી; અને એથી જ શ્રી જૈનશાસનને સાચી રીતે માનનાર સૌ કોઇ હરહંમેશ પરિવર્તન, ક્રાંતિ, સુધારા અને પ્રગતિ આદિના હિમાયતી હતા, છે અને રહેશે. દુનિયા જડ પદાર્થોના સંયોગોમાં સુખ માને છે, જ્યારે જૈન જડના સંયોગને જ દુ:ખનું કારણ માને છે. દુનિયા જડના ઉત્કર્ષમાં કલ્યાણ માને છે, જ્યારે જૈન આત્માના ઉત્કર્ષમાં કલ્યાણ માને છે. જે દીક્ષા આજના કહેવાતા ક્રાંતિવાદીઓને ગમતી નથી, તે દીક્ષા બાળપણથી ન પમાય તો જૈન પોતાને છેતરાએલા માને છે. આ માન્યતાઓમાં જ પરિવર્તન રહેલું છે. આવું પરિવર્તન થાય તો સૌનું કલ્યાણ થયા વિના રહે નહિ.

**વિનાશક હોવાથી વિરોધપાત્ર છે**

પરંતુ આજનો કહેવાતો પરિવર્તનવાદ આનાથી સાવ ઉલ્ટો છે.

ક્રાંતિના અને કલાના નામે આજે અનેક પ્રકારના દુરાચારો પોષાઈ રહ્યા છે. સુધારાના નામે આજે અનેક સ્ત્રીઓનાં શીલો લુંટાઈ રહ્યાં છે. પ્રગતિના નામે આજે કૌટુંબિક સદ્‌ભાવ લગભગ નષ્ટ થઈ ગયો છે. ચોમેર ભોગતૃષ્ણાની આગ ફેલાઈ છે અને એથી માનવી માનવી નથી રહ્યો. ચારે તરફ અસંતોષની લાગણી વ્યાપેલી જોવાય છે. આના યોગે સદાચાર સેવીઓની વાણી પણ ઘણાઓને ખટકે છે. તેમની અને બીજાઓની સુધારણાને માટે જ થતી તેમની ટીકાઓ તેઓ ખમી શક્તા નથી. આ ક્રાંતિ નાશક છે અને એથી જ વિરોધને પાત્ર છે. આજે કેટલેક સ્થળે તો દીયરો ભાભીની છેડતી કરવાને પણ ચૂકતા નથી. જે ભાભીને માતૃદૃષ્ટિએ જોવી જોઈએ તે ભાભી તરફ કુદૃષ્ટિ ઉત્પન્ન શાથી થઈ ? સુંદર કુળાચારો ગયા એથી ! આર્યદેશના ઉત્તમ કુળાચારો આજે પૂર્વવત્ વિદ્યમાન હોત તો આજે મજુરવાદ અને મુડીવાદ જેવા વાદો તથા તેના સંઘર્ષણો ઉત્પન્ન થાત ? નહિ જ. પણ ઉત્તમ કુલાચારોને ય કુરૂઢીઓ કહી એના નાશમાં આજે તો સુધારાની કૂચ મનાય છે. જૈનકુળમાં જન્મેલાઓ પણ આનાથી બચ્યા નથી અને એથી જ જૈન સંઘોમાં આજે જ્યાં ને ત્યાં વિષમ વાતાવરણ પ્રસરતું જાય છે.

શ્રીમતી સીતાદેવીની વૃત્તિ પ્રસંગ ચૂકવવાની છે અને ગુરુની હાજરી વિના સંયમ લેવાય નહિ એમ શ્રી ભરતજી જાણે છે, એટલે શ્રી ભરતજી શ્રીમતી સીતાદેવીએ અતિ આગ્રહ કરવાથી અન્તઃપુર સહિત જળક્રીડા કરવાને ગયા. શ્રી ભરતજી જળક્રીડા કરતાં પણ વૈરાગ્યને ભૂલ્યા નથી. કેમ ભૂલે ? વર્ષોથી રાજગાદી ઉપર રહ્યા છતાં જેનો વૈરાગ્ય નાશ ન પામ્યો તેનો વૈરાગ્ય આટલાથી નાશ પામે ? નહિ જ, પણ રાગીનો એ સ્વભાવ છે કે વાત થોડી હોય તોય એને મોટી માની લે. શ્રી ભરતજી અંતઃપુર સાથે જળક્રીડા કરવાને ગયા, પણ તે લુખ્ખા હૃદયે અને વિરક્ત દશામાં. એ દશામાં પણ શ્રી ભરતજીએ મુહૂર્ત પર્યંત જળક્રીડા કરી. જળક્રીડા કર્યા બાદ શ્રી ભરતજી રાજહંસની જેમ જળમાંથી નીકળીને સરોવરના તીર ઉપર આવી ઉભા.

### એક આશ્ચર્યકારક ઘટના બની

એ વખતે એક આશ્ચર્યકારક બનાવ બન્યો. શ્રી રામચંદ્રજીનો

 ભુવનાલંકાર નામનો હાથી, તેને બાંધેલા સ્તંભનું ઉન્મૂલ કરીને આયુધશાળામાંથી બહાર નીકળી ગયો છે. ઉન્મત્ત બનેલો તે ગામમાં દોડાદોડ કરે છે. ઉપદ્રવ મચાવે છે અને એથી જ્યાં ત્યાં ભાગાભાગ થઇ રહી છે. શ્રીરામચંદ્રજી . શ્રીલક્ષ્મણજી અને સંખ્યાબંધ સામંતો એ મદાંધ બનેલા ગજેન્દ્રને પકડી બાંધવા અને એ રીતે લોકને નિરૂપદ્રવ કરવા તેની પૂંઠે પડ્યા છે, પણ કોઈથી તે હાથીને પકડી શકાયો નથી. તોફાન કરતો કરતો તે હાથી સરોવરના તે કિનારે આવી પહોંચે છે કે જે કિનારે મુહૂર્ત પર્યંત જળક્રીડા કરી જળમાંથી બહાર નીકળીને શ્રીભરતજી ઉભા છે. શ્રીભરતજીને જોતાંની સાથે જ તે મદાંધ પણ ગજેન્દ્ર એકદમ શાંત થઇ જાય છે. તેનો ઉન્માદ ઓસરી જાય છે. ક્ષણમાત્રમાં તેનો મદ ગળી જાય છે. શ્રીભરતજીને જોતાં જ તે હાથીમાં જેમ પ્રસન્તા પ્રગટે છે. તેમ તેને જોઇને શ્રીભરતજીના અંતરમાં પણ આનંદની ઉર્મિઓ ઉછળી નીકળે છે.

એટલામાં તો નગરમાં ઉપદ્રવ મચાવનારા તે હાથીને બાંધવાને પૂંઠે પડેલા શ્રીરામચંદ્રજી , શ્રીલક્ષ્મણજી અને બીજા સામંતો ત્યાં આવી પહોંચે છે. હાથીને એકદમ મદરહિત થઈ ગયેલો જોઈને તેમને આશ્ચર્ય થાય છે. 'કુશળ કારીગરોથી જે હાથી શાંત ન થયો, તે શ્રી ભરતજીને જોતાં માત્રમાં કેમ શાંત થયો ?' એવો આશ્ચર્યયુક્ત વિચાર તે વખતે સર્વનાં મનમાં તો આવે, પણ એનો ખૂલાસો જ્ઞાની વિના કોણ આપે ? એ વખતે તો શ્રી રામચંદ્રજીની આજ્ઞાથી મહાવતો તે હાથીને ખીલે બાંધવા લઇ ગયા, પણ જ્ઞાની મળે ત્યારે આ બનાવનો ખૂલાસો મેળવવાની વૃત્તિ શ્રી રામચંદ્રજીના અંતરમાં પેદા થઇ ગઇ. પુણ્યાત્માઓના કાળમાં આવા પ્રસંગો ઘણા બન્યા છે અને જ્ઞાનીઓએ ખૂલાસા પણ કર્યા છે. એથી એવા પ્રસંગો અનેક આત્માઓને બોધિલાભનું કારણ થતા, અને આત્માઓ એ સાંભળીને કલ્યાણમાર્ગે વિચરનારા બનતા.

શ્રીભરતજીની ભવિતવ્યતા એવી સુંદર છે કે એમને સુગુરુનો સુયોગ ઝટ મળી જાય છે. હીણભાગીને જે વસ્તુ માંગતા પણ ન મળે,

તે જ વસ્તુ ભાગ્યવાન આત્માને આપોઆપ આવી મળે છે. આ અવસરે દેશભૂષણ અને કુલભૂષણ નામના બે જ્ઞાની મુનિવરો એ જ અરસામાં ત્યાં પધાર્યા અને ઉદ્યાનમાં બિરાજમાન થયા તે મહાત્માઓ પધાર્યાના ખબર તરત જ શ્રીરામચંદ્રજી , શ્રીલક્ષ્મણજી અને શ્રી ભરતજી આદિને મળ્યા.

**મહાપુરૂષોના આવાગમનના ખબર કોને મળે ?**

મહામુનિઓની પધરામણીના ખબર તરત જ શ્રી રામચંદ્રજી વિગેરે રાજસુખો ભોગવનારને મળી જાય, તેનું કારણ શું એ વિચારો ! શ્રી રામચંદ્રજી વગેરેની ધર્મવૃત્તિ, આ દ્વારા પણ સમજવા ધારો તો સમજી શકાય તેમ છે. આજે જૈનકુળમાં જન્મેલા કેટલા શ્રીમંતોને, મુનિરાજો પધારતાંની સાથે જ મુનિરાજો પધાર્યાની ખબર મળે છે ? 'મુનિરાજો પધાર્યા છે' એવા ખબર સાંભળીને કેટલા શ્રીમંતોનાં હૈયા પ્રફુલ્લ બને છે ? 'મુનિરાજો પધાર્યા છે' એ જાણવાને માટે કેટલા શ્રીમંતો ઉત્સુક હોય છે ? કયા શ્રીમંતની એવી દશા છે કે કોઇ ધર્મીને મુનિવરો પધાર્યાની ખબર તેમને પહોંચાડવાનું મન થાય ? પૂર્વના ધર્મી રાજાઓ અને ધર્મી શ્રીમંતો તો એવા માણસો યોજી રાખતા કે જે માણસો મહાત્માઓના આવાગમન વિષે કાળજી રાખતા અને મહાત્માઓ પધાર્યાનું સાંભળતાંની સાથે જ માલિકને ખબર દેવા દોડતા. એ માલિકો પણ એવા ખબર લઇને આવનારને એવો નવાજી દેતા કે એ એક જ સેવામાં ખબર લઇ આવનારનું દારિદ્ર ફેડાઇ જતું મહામુનિ પધાર્યા એવા ખબર સાંભળતાં એ લોકોને એટલો બધો આનંદ થતો કે એ ખબર લાવનારને તેઓથી ઉલ્લાસપૂર્વક ઇનામ અપાઇ જતું. ઇનામ આપતા નહિ, પણ અપાઇ જતું અને હૃદયના ઉલ્લાસથી જે ઇનામ અપાઇ જાય તેમાં ખામી પણ શી રહે ? ખામી રહે તેટલી ઇનામ લેનારના ભાગ્યની ખામી, એ દશા હતી.

શ્રીરામચંદ્રજી વગેરે ભોગોમાં પડેલા હતા, પણ વૈરાગ્યના વૈરી નહોતા. ભોગત્યાગ એ જ કલ્યાણકારી માર્ગ છે એમ એ માનતા હતા. ભોગોને રોગોની જેમ છોડીને અનંત જ્ઞાનીઓની આજ્ઞા મુજબ વિચરનારા મહાત્માઓ જ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે અને બધાએ

સેવવા યોગ્ય છે એમ એ માનતા હતા. રાજા પણ પ્રજાનો પાલક હોવાથી પ્રજા તેને ભલે સેવ્ય માને, પણ નિર્ગ્રંથ મહાત્મા તો રાજા અને પ્રજા બન્નેયને માટે સેવ્ય છે આવી સમજ તેમનામાં હતી. જગતનું કલ્યાણ કરવાની સાચી કામના તો આ મહાત્માઓમાં જ હોય એવી એમને પ્રતીતિ હતી. શ્રીરામચંદ્રજી વગેરે મુનિમહાત્માઓના આગમનને પોતાના કલ્યાણનું આગમન માનનારા હતા. મુનિ મહાત્માઓ પધારતાં એ એવી રીતે વર્તતા કે જેથી તેમનો સેવકવર્ગ અને પ્રજાવર્ગ સમજી જતો કે આપણા પાલકોને કોઇ ચીજ જો વધુમાં વધુ પ્રિય તો તે આ જંગમતીર્થ છે. આથી મુનિમહાત્મા પધાર્યાનું જે કોઇ વહેલું જાણતું તે ઉલ્લાસભેર તેમની પાસે દોડી આવતું અને ખબર દેતું. કારણ કે 'આ ખબર દેવા માત્રથી જ જીંદગીનું દારિદ્ર ફેડાઇ ગયા વિના નહિ રહે' એવી સૌ કોઇ સેવકોના અંતરમાં ખાત્રી હતી.

**આજે ખરા દયાપાત્ર તો પાપમાં પડેલાં શ્રીમંતો છે**

આજના ધર્મી ગણાતા શ્રીમંતોની પણ કઈ દશા છે ? એમને મનિરાજો પધાર્યાની ખબર આપવાને તેમના ઘરનાં માણસો પણ ઉત્સુક હોય છે કે કેમ? એ વિચારવા જેવું છે. મુનિરાજો પધાર્યા છે એ ખબર સાંભળીને તો કેટલાક જૈન ગણાતા શ્રીમંતો ઉપહાસ કરે છે. ભોગની ગુલામીમાં એ બિચારાઓ એટલા પાગલ અને પામર બની ગયા હોય છે કે ત્યાગીઓના ત્યાગ તરફ તેમના અંતરમાં બહુમાન પેદા થતું નથી, પણ દયાની કે દ્વેષની લાગણીઓ પેદા થાય છે ! તે બિચારા મહાપાપકર્મોનું ઉપાર્જન કરીને દુર્ગતિમાં કેટલાય ભવો સુધી ભમવાની તૈયારી કરી રહ્યા છે, એટલે ખરા દયાપાત્ર તો તેઓ છે, પણ કેટલીક વાર ગાંડાઓ ડાહ્યાઓને જ ગાંડા માનવા તૈયાર થઇ જાય છે. ગરીબ માણસ પણ નિર્ગ્રંથ બન્યો એટલે તેણે તો સ્વેચ્છાપૂર્વક ભવિષ્યમાં ગમે તેવી ભોગસામગ્રી મળે તોય તે નહિ લેવાની પ્રતિજ્ઞા કરી. તેનો એ ત્યાગ કમ નથી. પરિગ્રહ પરિમાણનો નિયમ કરનારાઓ પોતાની હૃદયદશા વિચારી જુએ તોય ખબર પડે કે ગરીબનો પણ નિર્ગ્રંથ બની

ભવિષ્ય માટેનો અર્થકામની સામગ્રી મેળવવા ભોગવવા વગેરેનો ત્રિવિધે ત્યાગ, એય કાંઇ કમ વસ્તુ નથી. આજે તો ત્યાગ ગમતો નથી અને ભોગના રોગે પાગલપણું પ્રસરાવ્યું છે, એટલે આનો વિચાર જ એવાઓ  કરતાં નથી.

**'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' નો 'ક્ષમા દુર્બલસ્ય દુષણં ।' અર્થ એવો થતો નથી.**

**સભા:** 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એમ કહેવાય છે ને ? તેમ સામગ્રી સંપન્નો ત્યાગ એ જ સાચો ત્યાગ છે, એમ તો ખરૂં ને ?

**પૂજ્યશ્રી** : 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' નો અર્થ એ નથી કે, 'ક્ષમા દુર્બલસ્ય દુષણં ।' વીર આદમીને માટે ક્ષમા એ ભૂષણ અને નિર્બળ આદમીને માટે ક્ષમા એ દૂષણ, એમ માનનારાઓ તો અજ્ઞાન છે. ક્ષમા એ આત્મિક ગુણ છે. ક્ષમાગુણ જેનામાં પ્રગટ્યો હોય, તેને માટે તે ગુણ ભૂષણરૂપ જ છે, પછી તે સબળ હોય કે નિર્બળ હોય ! જેની કાયા દુર્બળ છે, એનામાં પણ જો ક્ષમાગુણ પ્રગટ્યો હોય, તો તે ભૂષણરૂપ જ છે ; કારણ કે ક્ષમાગુણ પોતે જ ભૂષણરૂપ છે. એ વાત સાચી છે કે કેવળ પ્રત્યક્ષ પ્રસંગો જોઇને અનુમાન બાંધનારાઓને એમ લાગે છે કે, 'ક્ષમા તો સબળાનું ભૂષણ અને નબળાનું દૂષણ' પણ આપણે માત્ર પ્રત્યક્ષને જ માનનારા નથી.

**સભા:** નબળાને કોઈએ ગાળ દીધી અગર તો માર્યો અને તે પ્રસંગે પોતે સામે ગાળ ન દે અથવા તો મારે નહિ, એથી તેને ક્ષમાશીલ કેમ કહેવાય ?

**પૂજ્યશ્રી** : આ પ્રશ્ન આજે ઘણાઓને મૂંઝવી રહ્યો છે અને અજ્ઞાની હોવા છતાં પણ જ્ઞાની હોવાનો ડોળ કરનારા ઘણાઓ, આવો પ્રશ્ન ઉભો કરીને ભોળા લોકોને મૂંઝવી રહ્યા છે. વસ્તુત: આ પ્રશ્નમાં કાંઇ છે જ નહિ. નબળાને કોઇએ ગાળ દીધી અગર તો માર્યો અને તે પ્રસંગે નબળો પોતાની નબળાઇના કારણે જ જો સામાને ગાળ ન દે કે મારે નહિ, તો એથી એને લોકોત્તર દૃષ્ટિએ પ્રશંસનીય ક્ષમાશીલ ન કહેવાય, પરંતુ નબળો ગાળ દેનારને સામે ગાળ ન દે અને મારનારને

 સામે મારે નહિ, ત્યારે એનામાં ક્ષમા નથી જ પણ નબળાઇ અગર તો કાયરતા જ છે, એમ તે નબળો હોવા માત્રના કારણે જ ન કહેવાય.

### નબળા શરીરવાળો પણ ક્ષમાશીલ હોઈ શકે

**સભા** : બરાબર સમજાયું નહિ.

**પૂજ્યશ્રી** : ફરી બરાબર સમજો ! નબળો આદમી પોતે ગાળ દેનારને સામી ગાળ દેવાની ભાવનાવાળો તો હોય. પણ 'સામે ગાળ દઈશ તો વધારે ગાળો સાંભળવી પડશે અથવા તો સામો મારી બેસશે અને છેવટે હું તો તેને કાંઈક નહિ કરી શકું. આવા કોઇ વિચારથી નબળાઈના કારણે જ નબળો આત્મા ગાળ દેનારને ગાળ ન દે, તો એથી તે લોકોત્તર દૃષ્ટિએ પ્રશંસનીય ક્ષમાશીલ ઠરતો નથી; એ જ રીતે એક નબળાને કોઈએ માર્યો. એને મનમાં તો એમ થાય કે, 'બે ચોડી દઉં.' પણ જાણે છે, 'હું જ્યાં હાથ ઉઠાવીશ ત્યાં તો પેલો વળી બે ચોડશે' તો એમ કેવળ નબળાઈના કારણે જ નબળો પોતાને મારનારને સામે મારે નહિ એટલા માત્રથી જ તેને પણ તેવો ક્ષમાશીલ ન કહેવાય, પરંતુ વાત એ છે કે શરીરે નબળો હોય તે સાચો અને લોકોત્તર દૃષ્ટિએ પણ પ્રશંસનીય ક્ષમાશીલ ન હોઈ શકે એમ માનનાર ખોટા છે ક્ષમાનો ગાઢ સંબંધ તો મન સાથે છે. શરીરે નબળો હોય પણ મન જો મજબુત હોય અને આત્મા સુવિવેકી બન્યો હોય તો નબળ. શરીરવાળો પણ સુંદર ક્ષમાશીલ હોઈ શકે છે. જેટલા શરીરે નબળા એટલા ક્ષમા વગરના એમ ન માનો ! શરીરે નબળા પણ સાચા ક્ષમાશીલ હોઇ શકે છે.

**સભા**: એ કેમ બને ?

**પૂજ્યશ્રી** : શરીરે ભલે નબળો હોય, પણ જે આત્મા ગાળ દેનારને પણ ગાળ દેવાની વૃત્તિ વગરનો હોય તે સાચો ક્ષમાશીલ છે. કોઇ માર મારે તોય 'મારનારનું ભૂંડું થાઓ' એટલો ય વિચાર જેને ન આવે અને માર મારનારનીય જે દયા ચિંતવી શકે, તે શરીરનો નબળો હોવા છતાંપણ સુંદર ક્ષમાગુણને ધરનારો છે. આ પ્રકારના ઉત્તમ ક્ષમાગુણ વગરના જે નિર્બળો, ગાળ દેનારને સામે ગાળ દેતા નથી કે

માર મારનારને સામે માર મારતા નથી, તે નિર્બળો તે વખતે મનમાં તો સામાના ભૂંડાનો જ વિચાર કરતા હોય છે. એ વખતે કદાચ હોઠ ફફડાવતા ન હોય અને મોઢું હસતુંય રાખતા હોય, પણ એમનું હૈયું સામાનું ભૂંડું ચિંતવવાના વિચારથી જરૂર કાળું બન્યું હોય છે. એમ થાય કે 'શું કરૂં ? મારામાં તાકાત નથી, આજે સંયોગો અનુકૂળ નથી; નહિ તો એને બતાવી દેત કે મને ગાળ કેમ દેવાય છે ! અગર તો મારા ઉપર હાથ કેમ ઉપાડાય છે.' આવા માણસોમાં કેટલાક તો એ વખતે એવી ગાંઠ વાળે છે કે 'અત્યારે કાંઇ નહિ પણ અવસરે વાત.' અને એવાઓને ભાગ્યજોગે જો કોઈ અવસર મળી જાય તો એ એને ગાળ દેનાર કે મારનારનું સત્યાનાશ કાઢતાં પણ કદાચ એ અટકે નહિ ! આવા માણસોને વસ્તુતઃ ક્ષમાશીલ ન કહેવાય.

વસ્તુતઃ સાચો ક્ષમાશીલ તો તે કહેવાય કે જે પોતાનામાં ગાળનો બદલો ગાળથી અને મારનો બદલો મારથી લેવાની તાકાત છે કે નહિ એનો વિચાર જ ન કરે, પણ શાન્તિ રાખી સામાની દયા ચિંતવે. માણસ શરીરે ગમે તેવો નિર્બળ હોય, પરંતુ તેને ગાળ દેનારને ગાળ દેવાનું કે મારનારને મારવાનું મન પણ ન થાય એ શું કમ વાત છે ? સામો ગુસ્સામાં આવી ગાળ દેતો હોય અગર તો માર મારતો હોય એવા વખતે પણ જે નબળો મનમાં ગાળ દેનારાનું કે મારનારનું અંશેય ભૂંડું ન ચિંતવે, પોતાના અશુભોદયને વિચારે અને ગાળ દેનારના કે માર મારનારના આત્માની દયા ચિંતવે એ શું ઓછું છે ?

**સભા**: નહિ જ.

**પૂજ્યશ્રી** : એ શું ક્ષમાશીલ નથી ?

**સભા**: મહા ક્ષમાશીલ છે.

**પૂજ્યશ્રી** : એની ક્ષમા એ નબળા શરીરનો હોવા માત્રથી જ શું દૂષણરૂપ છે ?

**સભા**: નહિ જ. એ તો ભૂષણરૂપ જ ગણાય.

**પૂજ્યશ્રી** : ત્યારે એ વાત તો હવે ન રહીને કે જેટલા નબળા તેટલા ક્ષમા વગરના જ હોય ? અગર તો નબળાની ક્ષમા એ દૂષણરૂપ જ છે ?

**સભા**: ના જી.

## કઠોર વચનો કહેનારમાં અને માર મારનારમાં પણ દયા કે પ્રેમ હોઈ શકે છે

એ ચોક્કસ છે કે જે કોઈ મનના નબળા છે, અર્થાત્ જેમનું મન વિવેકવંત બન્યું નથી, વાસ્તવિક કોટિના ક્ષમાગુણથી જેમનું અંતર વાસિત બન્યું નથી અને કષાયો ઉપર જે કાબુ વગરના છે, તેમને સાચા ક્ષમાશીલ ન કહેવાય, પરંતુ નબળા શરીરવાળાઓમાં કોઈ સાચો ક્ષમાશીલ જ ન હોય, એમ માનવું તે ખોટું છે. ગમે તેવા કારણે પણ સામાને કઠોર વચનો ન કહેવાં અગર તો કોને માર નહિ મારવો, એનું નામ જ ક્ષમા છે એ માન્યતા ભૂલભરેલી છે. કઠોર વચનો કહેનાર અને માર મારનાર પણ ક્ષમાશીલ હોઈ શકે છે. તેમજ કઠોર વચનો નહિ બોલવાનો દંભ સેવનાર અને કોઈને ન મારવાનો દેખાવ કરનારેય અક્ષમાશીલ હોઈ શકે છે. દયાથી અને પ્રેમથી પણ અવસરે કઠોર વચનો કહેવાં પડે છે અને માર મારવો પડે છે, એ વાત શું માબાપ બનેલા સંસારીઓને સમજાવવી પડે તેમ છે ? કેવળ દેખાવ નથી જોવાનો, પણ સાથે હૈયું ય જોવાનું છે. વ્યાપારીની ક્ષમા અને પારધીની શાન્તિ શું વખાણવા લાયક છે ? નહિ જ. કારણકે એમાં છેતરી લેવાની અને હિંસા કરવાની ભાવના સમાએલી છે. સાચી ક્ષમા તો તે જ છે કે જે દયામય હોય. સાચી ક્ષમા સ્વ કે પર કોઈનું ભૂંડું કરનારી ન હોય. મુક્તિના ઈરાદાથી ક્રોધનો નિગ્રહ, એને જ જ્ઞાનીઓ સાચી ક્ષમા ફરમાવે છે. આત્મામાં ક્ષમાગુણ સ્વાભાવિકરૂપ બની જાય, તે ઉંચી કોટિની ક્ષમાશીલતા છે. ઉંચામાં ઉંચી કોટિની ક્ષમાશીલતા પણ નબળા શરીરવાળામાં આવી શકે છે; અને એથી એ વાત તદ્દન સ્પષ્ટ છે કે સાચો ક્ષમાગુણ વીરમાં હોય કે નબળામાં હોય, પણ તે ભૂષણરૂપ જ છે.

## ગરીબનો પણ સાચો ત્યાગ ભૂષણરૂપ જ છે તેમજ પ્રશંસાપાત્ર જ છે

આમ છતાં પણ સબળામાં ક્ષમાગુણ હોય તો દુનિયાના જીવોને એની ઝટ પ્રતીતિ થાય છે તેમજ પોતાનામાં તાકાત છતાં સામાની

ગાળોને અને સામાના મારને સહી લેવો, સામાનું ભૂંડું ચિંતવવું નહિ અને આત્મકલ્યાણની જ અપેક્ષા રાખવી, એ વધુ સ્તુતિપાત્ર છે. આજે તો ગુણના સ્વરૂપની ગમ નથી અને ગુણની દરકાર નથી, એટલે કેટલાકોને ગુણ કે ગુણાભાસની તેમજ ગુણ કે દુર્ગુણની ખબર પડતી નથી. વાત એ છે કે નિર્બળ શરીરના આદમીમાં પણ સાચો ક્ષમાગુણ હોય તો તે ભૂષણરૂપ જ છે અને પ્રશંસાપાત્ર જ છે. એજ રીતે ગરીબનો ત્યાગ પણ જો સાચો ત્યાગ જ હોય અને તેમાં એકાંતે સ્વ તથા પરના હિતની જ ધારણા અને સાધના હોય, તો તે ત્યાગ ભૂષણરૂપ જ છે અને પ્રશંસાપાત્ર જ છે. ગરીબમાં ગરીબ આદમી પણ સાચો ત્યાગી બને છે, ત્યારે તે પોતાની દીનતાને છોડે છે તેમજ વિષયભોગની અને વિષયસામગ્રી મેળવવાની અભિલાષાને પણ છોડે છે, અને એ બધામાં આત્માનો નાશ છે, એવી એનામાં બુદ્ધિ પ્રગટી હોય છે, આથી તે ભવિષ્યમાં વિષયભોગો મળે કે વિષયસામગ્રી મળે એવી ઇચ્છાને ત્યજી દે છે, અને એ પણ ઓછું નથી. વળી તે અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને સમર્પિત બની જઇને તે તારકોની આજ્ઞા મુજબ ઇંદ્રિયનિગ્રહ, મનોનિગ્રહ વગેરેની જે પ્રવૃત્તિ કરે છે, તેના યોગે તે જગતના મોટામાં મોટા ઋદ્ધિસંપન્નથી પણ સેવવા યોગ્ય બની જાય છે; પરંતુ આટલી વિવેકબુદ્ધિ આજના કેટલાક જૈન શ્રીમંતોમાં નથી અને એથી તે બિચારાઓ મુનિમહાત્માઓના આગમનના પણ અભિલાષી નથી. આવાઓને મુનિમહાત્માઓ પધાર્યાની ખબર દેવા કોણ જાય ? કારણકે એ ઉન્મત્તો કદાચ મહાત્માઓને માટે જ એલફેલ બોલે, એ કાંઇ મહાત્માઓની પધરામણી સાંભળીને ખુશ ન થાય.

### મુનિવરો પાસે જવાની તૈયારી

શ્રી દેશભૂષણ અને કુલભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિઓ પધાર્યાના સમાચાર સાંભળીને હર્ષિત બનેલા શ્રીરામચંદ્રજી સૌની સાથે તે મહાત્માઓને વંદન કરવા માટે જવાને તૈયાર થઇ જાય છે. શ્રી ભરતજી તીવ્ર વિરાગવાળા બન્યા છે, એ શું શ્રી રામચંદ્રજી નહોતા જાણતા ? મહાત્માઓની પાસે જવાથી શ્રી ભરતજીનો વિરાગભાવ તેજ બનશે, એનો તેમને ખ્યાલ નહોતો, એમ? પણ એ મહાપુરૂષો

 વૈરાગ્યના વૈરી નહોતા. આવો વૈરાગ્ય તમારા પુત્રને કે તમારા વ્હાલા સંબંધીને થયો હોય અને એવા વખતે વૈરાગ્ય પેદા કરાવનાર મુનિ પધાર્યા હોય, તો તમે જવા દો ? એને માટે ઉપાશ્રયનાં દ્વાર બંધ જ થાય કે ખુલ્લા થાય ?

**પ્રભુશાસનનો વફાદાર જૈન સંઘ વિરાગનો પૂજારી હોય**

**સભા:** દેશાંતરમાં મોકલી દે !

**પૂજ્યશ્રી** : કારણકે જૈનપણું અંતરમાં બહુ પરિણમી ગયું છે. કેમ?

**સભા:** જૈનપણાનો જ વાંધો છે.

**પૂજ્યશ્રી** : અને તે છતાં પણ જૈનસંઘ તરીકેની ખોટી ખુમારીનો પાર નથી આજે જૈનત્વ વિનાનાઓ જ મોટેભાગે, 'અમે સંઘ, અમે સંઘ' એવી રાડો પાડી રહ્યા છે અને સંઘના નામે શાસનનો દ્રોહ કરી રહ્યા છે. પ્રભુશાસનને વફાદાર સંઘ તો વિરાગનો પૂજારી હોય; સાચો સંઘ વિરાગીનો વિરોધી કે વૈરાગ્યનો વૈરી ન હોય. જ્યારે આજે જૈનત્વને નહિ પામેલા હોવા છતાં ય શ્રી સંઘ બની બેસનારા અને પચ્ચીસમા તીર્થંકરવત્ પૂજાવાની દુષ્ટ લાલસા સેવનારા તો વિરાગીઓના દુશ્મન બની બેઠા છે અને વૈરાગ્ય સામે ઝેર વર્ષાવી રહ્યા છે.

**વેષધારીઓનો છૂપો સાથ**

**સભા** : એમાં સાધુઓનો પણ સાથ છે ને ?

**પૂજ્યશ્રી** : સાધુઓનો નહિ પણ વેષધારિઓનો સાથ છે જો કે-જે વેષધારિઓ અને નામનાના ભૂખ્યા બનેલા કુસાધુઓ એવાઓને સાથ આપી રહ્યા છે. તે પણ બહુ સાવધાનીથી અને છૂપી રીતે આપી રહ્યા છે. કારણકે હજી સમાજમાં ઓછી ધર્મભાવનાનું પ્રમાણ પણ ઘણું છે.

**સાધુવેષની કિંમત શાથી છે ?**

**સભા** : એવા પણ વેષધારિઓ છે કે જેમની પાસે મા-બાપો પોતાનાં છોકરાંને મોકલે છે અને તે રીતે પોતાના છોકરાઓમાં જાગેલી વૈરાગ્યભાવના નષ્ટ થશે એવી ખાત્રી રાખે છે.

**પૂજ્યશ્રી** : એવાં માબાપો તો અધમ જ ગણાય. સામાની વૈરાગ્યભાવનાને જાણ્યા પછી, એનો વૈરાગ્યભાવ નાશ પામે એવા સંયોગોમાં અને ઈરાદાપૂર્વક મૂકનારાઓ અને વૈરાગ્યપોષક સંયોગોને રોકનારાઓ, પોતાના હિતને હણવાની સાથે પોતાના સંબંધિના પણ હિતને હણનારાઓ છે. એવાઓને તમે કહી તેવી ખાત્રી હોય અને એ ખાત્રી જો સાચી હોય, તો શ્રી જૈનશાસનના એ ચોટ્ટા જેવા વેષધારિઓને માટે શું કહેવું ? આ વેષની જોખમદારી ઓછી નથી. વેષની કિંમત વેષની પાછળ રહેલી જવાબદારીના યોગે છે. વેષની મહત્તા આ વેષ પાછળ રહેલા સંયમને અને તપને આભારી છે. આ વસ્તુ નહિ સમજનારાઓ અને વેષના આશ્રય નીચે પેટ ભરી ખાનારાઓનો સમાજને માટે એકાન્તે ભયરુપ જ છે. પરંતુ એવાઓને કોઈપણ ગામમાં સ્થાન ન મળે, એવી શ્રી સંઘમાં પ્રબળતા નથી, એ જ મોટી પંચાત છે.

**સાધુ પાસે જનારને વૈરાગ્ય થાય એમાં આશ્ચર્ય શું !**

સાધુ પાસે જનારની વૈરાગ્યભાવના સતેજ બનવી જોઈએ. સાધુ જો સાધુ જ હોય તો એની વાતચીત, ક્રિયા વગેરે બધું વૈરાગ્યનું કારણ બને તેવું હોય. સાધુ પાસે જનારને વૈરાગ્ય થાય એમાં આશ્ચર્ય પામવાનું હોય જ નહિ, સાધુ વૈરાગ્યનો ઉપદેશ દે તો નવાઇ પામવાની હોય નહિ, કારણકે એ તો સ્વાભાવિક છે. સાધુ વિરાગી છે, ત્યાગી છે, વિરાગપૂર્વકના ત્યાગમાં જ સ્વપરહિત માનનારા છે અને એથી સાધુ વિરાગ જન્મે અને ત્યાગ કરવાની વૃત્તિ ઉત્પન્ન થાય તેવો ઉપદેશ દે તેમાં નવાઇ પામવા જેવું શુ છે ? નવાઇ તો ત્યારે થવી જોઈએ કે જ્યારે સાધુ પાસે વર્ષો સુધી જવા છતાંય વૈરાગ્ય ન થાય અગર તો સાધુ દુનિયાદારીનો ઉપદેશ દે ! આજે તો આનાથી ઉંધી જ હાલત છે. ઘણાઓને 'વૈરાગ્યનો ઉપદેશ દે છે' - એ વાત સાંભળવી પણ ગમતી નથી. ઘણા બિચારા પામરો રીસે બળે છે, એમાં અમારો ઉપાય નથી, અમે તો વિરાગપૂર્વકના ત્યાગને સારો માન્યો છે તેમજ દુનિયાદારીના રાગને ભૂંડો માન્યો છે, એટલે સ્વપર કલ્યાણ માટે

અમારે વિરાગપૂર્વકના ત્યાગનો જ ઉપદેશ દેવાનો હોય. અમે વિરાગપૂર્વકના ત્યાગનો ઉપદેશ નહિ દેતાં, જો તેનાથી ઉંધી વાતો કરીએ તો અમે પણ માર્ગના આરાધક નહિ પણ ચોર ઠરીએ.

**શ્રી રામચંદ્રજીનો પ્રશ્ન**

પ્રસંગ એ ચાલે છે કે કેવળજ્ઞાની મુનિવરને વાંદવા માટે શ્રી રામચંદ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી ભરતજી સપરિવાર જાય છે. બધાને એક જ બનાવ આશ્ચર્યજનક લાગ્યો કે ભુવનાલંકાર હાથી શ્રી ભરતને જોઈને શાંત કેમ થયો ? આથી વંદન આદિ ઉચિત ક્રિયાઓ કર્યા બાદ, કેવળજ્ઞાની મુનિવરને શ્રી રામચંદ્રજી પહેલો જ પ્રશ્ન એ પૂછે છે કે, "હે ભગવન્ ! ઉન્મત્ત થઈને ભાગતો હાથી શ્રી ભરતને જોઈને શાંત કેમ થયો અને હાથીનો તમામ મદ કેમ ઉતરી ગયો ?"

જવાબમાં કેવળજ્ઞાની મુનિવર એ બેયના પૂર્વભવો કહે છે. આગળના કાળમાં આવી રીતે કોઈના પૂર્વભવો કહેવાતા ત્યારે હજારો આત્માઓનું કલ્યાણ થતું. આજે તો જો કદિ તેવા વિશિષ્ટ જ્ઞાની હોય અને એકનો પૂર્વભવ કહે તો શું થાય ? બધા એક પછી એક પૂછે તો આરો ક્યારે આવે ? એવા કાળમાં જ્ઞાનીઓનો સંયોગ થતાં હજારો આત્માઓ સહજમાં કલ્યાણ સાધી જતા હતા અને એવા આત્માઓ જે કાળમાં હતા તે કાળમાં જ્ઞાનીઓ પણ હતા.



# શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી

## ૧૨

જ્યારે વિશિષ્ટ જ્ઞાનીઓની હાજરી હતી ત્યારે એક પરંપરા હતી કે તેઓશ્રીના શ્રીમુખે લાયક જીવો પોતાની કે બીજાઓની પૂર્વ ભવપરંપરા જાણવાનો પ્રયત્ન કરતા હતા. 'ભુવનાલંકાર હાથી શ્રી ભરતજીને જોઈને શાંત કેમ થઈ ગયો ?' આવા શ્રી રામચન્દ્રજીના પ્રશ્નના ઉત્તર સ્વરૂપે મહામુનિવરોના શ્રીમુખે તે બંનેની લાંબી ભવપરંપરા અહીં વર્ણવાઈ છે, જે ભવભ્રમણની ભયાનકતાના જીવંત દૃષ્ટાંતરૂપ છે.

શ્રી ઋષભદેવ પ્રભુના વખતથી પ્રારંભાતી આ પરંપરાનું વર્ણન ભવની અને જીવની ચડતી-પડતીના તાદૃશ ચિત્રને ખડું કરી દે છે. પ્રસંગોપાત પરમગુરુદેવશ્રીએ શ્રી ઋષભદેવસ્વામીના ગૃહસ્થ-પણાનો દાખલો લઈને યથેચ્છ બોલનારને ટપાર્યા છે અને ગૃહસ્થોની ચિંતામાં પડી જઈને 'કરેમિભંતે'ની પ્રતિજ્ઞાને પણ ઉપેક્ષણીય ગણતા કેટલાક સાધુઓની સ્વપરહિત નિરપેક્ષતાને રજૂ કરી છે. ચાલો, તે બધી વાતો આ પ્રકરણમાં આપણે સ્વયં માણીએ.

-શ્રી

# શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી

- ★ શ્રી ભરત અને ભુવનાલંકાર હાથીના પૂર્વભવોની પરંપરા
- ★ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા વિરુદ્ધ બોલવામાં
  સ્વ તથા પરનો નાશ થાય છે.
- ★ કુલંકર અને શ્રુતિરતિ તરીકે
- ★ પ્રભુ આજ્ઞાના પાલક સાધુ કદી પાપ
  સાધક પ્રવૃત્તિમાં અનુમોદક ન થાય
- ★ નાનો ધર્મ કરે તે વધારે ડાહ્યો
- ★ છેલ્લા થોડાક દશકાઓ પૂર્વે પ્રવર્તતી સુભાવનાઓ
- ★ ભોગતૃષ્ણા વધવાનું પરિણામ
- ★ અમારો પ્રયત્ન પરિણામ લાવવાનો છે
- ★ કયું પરિવર્તન લાવવું છે ?
- ★ પરિવર્તનના પરમ હિમાયતી
- ★ સુપરિવર્તન થયા વિના કલ્યાણ નથી
- ★ આજનો કહેવાતો પરિવર્તનવાદ નાશક હોવાથી વિરોધપાત્ર છે
- ★ પૂર્વનો કથાસંબંધ
- ★ કુલંકર રાજાને વૈરાગ્ય આવ્યો પણ
  આ બધું સાંભળીને તમને શું થાય છે ?
- ★ દયાનુ સ્થાન દુઃખ નહીં રહેવું જોઈએ પણ પાપ છે એ હોવું જોઈએ
- ★ પાપીની પાપ સલાહ માનવી જ નહિં
- ★ સ્વાર્થીસંસાર
- ★ પાપ કરશો તો તેનું ફળ ભોગવવું જ પડશે
- ★ પાપથી ધ્રુજવું નહીં
- ★ આત્મસ્વભાવને પ્રગટાવવાની ઇચ્છાથી રહિત અને માત્ર
  પરભાવમાં જ રમનાર એ જૈન નહિં
- ★ જોડીયા ભાઈ તરીકે ઉત્પન્ન થવું
- ★ વિષયભોગની ઇચ્છાને સફળ ન થવા દેવી
- ★ સમાનતાની થઈ રહેલી વાતો કરીને રહી-સહી
  શાંતિનો નાશ ન કરો
- ★ મોક્ષમાર્ગની આરાધના કરાનારાઓ જ જીવનને સફળ બનાવે છે
- ★ ધર્મ મહોત્સવો ધર્મ ભાવના વગેરે ઉત્પન્ન
  કરવાના હેતુ રુપ છે માટે જરુરી છે
- ★ પ્રિયદર્શન ગૃહવાસમાં રહીને ઉત્કટ તપશ્ચર્યા કરે છે
- ★ વિનોદનો જીવ સંસારમાં ભમીને મૃદુમતી તરીકે
- ★ અવિનીત મૃદુમતિનું નિરંકુશ ઉન્માર્ગી જીવન

## ૧૨

## શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી

### શ્રી ભરત અને ભુવનાલંકાર હાથીના પૂર્વભવોની પરંપરા

આ ભુવનાલંકાર હાથી અને શ્રી ભરતના પૂર્વભવની પરંપરા મોટી છે. શ્રી ઋષભદેવ ભગવાનના વખતથી પૂર્વભવોનું વર્ણન ચાલુ થાય છે. શ્રી ઋષભદેવ સ્વામી પોતે સંયમ લઈને ચાલી નીકળ્યા છે, ત્યારે ચાર હજાર રાજાઓ પણ એમની સાથે ચાલી નીકળ્યા છે. ભગવાન તો મૌનપણે અને નિરાહારપણે વિચરે છે. ભગવાને તો ફાગણ વદ આઠમથી વૈશાખ સુદી બીજ સુધી ભિક્ષા માટે જવા છતાં પણ કલ્પ્ય આહાર નહિ મળવાથી આહાર લીધો નથી. એ વખતે કોઈ ધર્મમાં સમજતું નહોતું. ભગવાનને નિર્દોષ ભિક્ષા મળતી નહોતી. બધાની ભક્તિ તો અપાર હતી, પણ થાય શું ? ભગવાન આવે ત્યારે હીરા, માણેક, હાથી ઘોડા, કન્યા વગેરે વસ્તુઓ બધા આગળ ધરતા, પણ પ્રભુને એવી ભિક્ષા કલ્પે નહિ, માટે પ્રભુ ભિક્ષા લીધા વિના ચાલ્યા જતા હતા. ભગવાન આ રીતે નિરાહારપણે રહી શકે; પણ પેલા ચાર હજાર શી રીતે રહી શકે ? એમને ધર્મની તો ખબર નથી. સંસારમાં જેમ ભગવાનની આજ્ઞા મુજબ વર્તતા હતા, તે રીતે ત્યાં પણ વર્તીશું એમ ધારીને નીકળ્યા હતા. ભગવાને લોચ કર્યો તેમ એમણે પણ કર્યો. ભગવાન ચાલ્યા તેમ એ પણ પૂંઠે ચાલ્યા, પણ પછી દિવસો જવા લાગ્યા, આહાર મળ્યો નહિ અને ભગવાન તો કાંઈ બોલતા નથી, એટલે પેલા ચારે હજાર અકળાય છે.

નમિ અને વિનમિના પિતા કચ્છ અને મહા કચ્છ એમાં મોટા છે. એમને આવીને બધા પૂછે છે કે 'હવે અમારે શું કરવું ? ભગવાન્ તો કાંઇ બોલતા નથી. જ્યાં જાય છે ત્યાં પહાડની જેમ ઉભા રહે છે.' ત્યારે કચ્છ મહાકચ્છે પણ કહ્યું કે 'ભાઇ ! અમે પણ એ જ વિચારીએ છીએ. ભગવાન્ નહિ બોલે એમ જો જાણતા હોત તો પહેલેથી પૂછી લેત.' આખરે એ ચારેય હજારે સંયમ મૂકી દીધું અને તાપસ થયા. કુપંથ નીકળ્યો પણ ભગવાન ન બોલ્યા.

**સભા** : ભગવાન થોડું બોલ્યા હોત તો ?

**પૂજ્યશ્રી** : 'ભગવાન થોડું બોલ્યા હોત તો ?' આ પ્રશ્ન જ અસ્થાને છે. ભગવાનને જે ઉચિત લાગ્યું તે કર્યું. ભગવાન ચાર જ્ઞાનને ધરનારા હતા.

### શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા વિરૂદ્ધ બોલવામાં સ્વ તથા પરનો નાશ થાય છે

શ્રી ઋષભદેવ ભગવાનનો રાજાપણાનો દાખલો લેનારા, આ નિરાહારીપણાનો તથા મૌનપણાનો દાખલો કેમ લેતા નથી ? એથી જ કે એમને પાલવે તેમ નથી. પ્રથમ તીર્થંકરદેવનો કલ્પ જુદો હોય છે, કેમકે એ કાળ જુદો હોય છે. પણ આ બધું વિચારે કોણ ? યથેચ્છપણે બોલનારાઓને અને યથેચ્છપણે વર્તનારાઓને સાચું જાણવાની કશી જ દરકાર નથી. ઉત્તમ પુણ્યના ભોગવટાના યોગે ગૃહસ્થજીવનમાં નિર્લેપપણે કરેલી હિતકર પ્રવૃત્તિને નહિ સમજી શકવાથી અને શ્રી તીર્થંકરદેવના સ્વરૂપથી અજ્ઞાન હોવાને લઈને, આજે કેટલાકો ઘણું જ ઉંધું આચરણ આચરી રહ્યા છે. જમાના આદિના નામે એવું અહિતકર આચરણ આચનારાઓએ આ પ્રસંગ ખૂબ જ યાદ રાખવા જેવો છે. ચાર હજારે સાધુપણું મૂક્યું, છતાં અણગારપણે રહેલા પ્રભુ કાંઇ જ ન બોલ્યા. ખરેખર, ઉપકારીઓના જીવનની તો બલિહારી છે. અનંત ઉપકારીઓ ઘર વેચી વરો કરવાનું નથી ફરમાવતા. પ્રતિજ્ઞા મૂકીને કાંઇ ન થાય. પ્રતિજ્ઞા કરવી તો તે

યોગ્ય જ કરવી. યોગ્ય પ્રતિજ્ઞા જ લાભનું કારણ બને છે. શક્તિ હોય તેણે યોગ્ય પ્રતિજ્ઞા કરી સ્વપર હિત સાધવાને ચૂકવું જોઈએ નહિ. અયોગ્ય પ્રતિજ્ઞા કરી હોય તો ભાગતાં વાર ન કરવી અને યોગ્ય પ્રતિજ્ઞાના પાલનમાં શરીર જાય, હાડકાં ભાંગે, પ્રાણ જાય તો પણ પાછા ન પડવું.

અનંત ઉપકારીઓએ ફરમાવેલી પ્રતિજ્ઞા વધે કે દુનિયાની બીજી વસ્તુઓ વધે ? કહેવું જ પડશે કે અનંતજ્ઞાનીઓની આજ્ઞા જ વધે.પણ આજ્ઞાના મહિમાને નહિ સમજતા હોઈને, કરેમિભંતેનું પચ્ચક્ખાણ કરનાર કેટલાક સાધુઓ, 'આ બિચારાને સ્ત્રી મળતી નથી, નાતમાં વાંધો પડ્યો છે માટે કન્યાની લેવડદેવડ નથી થતી, જો વાંધો મટે તો આ બિચારા વાંઢા રહેતા મટે.' આવી આવી ભાવનાઓમાં રમે છે અને પોતાની એ ભાવનાઓ જીવતાં જીવતાં ફળરૂપે જોવાય એવા ઉપદેશો આપવામાં પણ ખૂબ જ આનંદ માની રહ્યા છે. આથી એ પૂરવાર થાય છે કે તે બિચારાઓને નથી પોતાની પ્રતિજ્ઞાનું ભાન કે નથી સ્વપરના સાચા હિતની ચિંતા ! એમને તો એક જ ચિંતા છે અને તે એ જ કે સમયના બહાને યથેચ્છ અપેક્ષઆઓ આગળ કરી અજ્ઞાન લોકમાં ખૂબ ખૂબ નામાંકિત બનવું ! આથી એ બિચારાઓએ નિશ્ચિત કર્યું છે કે જેવા દાવ તેવી અપેક્ષા ! આ દશામાં એવાઓ ક્યાંથી સમજી શકે કે 'શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા વિરૂદ્ધ જરાપણ બોલવું કે આચરવું એ સ્વપરહિતનાશક હોઈ કલંકભૂત જ છે.

પેલા ચાર હજાર તાપસ થયા હતા, એમાંથી ભગવાને કેવળજ્ઞાન થયા પછી ત્રણ હજાર નવસેં ને અઠ્ઠાણું તો પાછા આવ્યા છે અને ફરીને ભગવાન પાસે દીક્ષા લઈને પોતાનું કામ સાધી ગયા છે. કચ્છ અને મહાકચ્છ ન આવ્યા. સંયમ મૂક્યા પછી તેઓ જંગલમાં જ રહ્યા. દીક્ષા પળાય નહિ, ઘેર અવાય નહિ, શ્રી ભરત આવવા દે નહિ,

એટલે જંગલમાં જ રહ્યા, ત્યાં ફુલફળાદિ ખાતા હતા અને આદિનાથ ભગવાનનું ધ્યાન ધરતા હતા. ત્યારથી ભૂતલમાં વનમાં વસનારા, જટાને ધરનારા અને કંદફલાદિનો આહર કરનારા તાપસોનો માર્ગ પ્રવર્ત્યો.

### કુલંકર અને શ્રુતિરતિ તરીકે

કેવળજ્ઞાની પરમર્ષિ, શ્રી રામચંદ્રજીના પ્રશ્નના ઉત્તરરૂપે શ્રી ભરતજીના અને ભુવનાલંકાર હાથીના પૂર્વભવની વાત અહીં શરૂ કરે છે. આ ચારહજાર રાજા એમાં પ્રલ્હાદન અને સુપ્રભ નામના રાજાઓના ચંદ્રોદય અને સુરોદય નામના પુત્રો પણ હતા. તે બંનેએ ત્યાંથી મરીને ઘણો કાળ ભવભ્રમણ કર્યું. પછી ચંદ્રોદય ગજપુર નગરના હરિમતિ રાજાની ચંદ્રલેખા નામની રાણીથી કુલંકર નામે દીકરો થયો અને સુરોદય એ જ નગરમાં વિશ્વભૂતિ નામના બ્રાહ્મણની અગ્નિકુંડા નામની સ્ત્રીથી શ્રુતિરતિ નામનો દીકરો થયો. એક થયો રાજાનો દીકરો અને એક થયો બ્રાહ્મણનો દીકરો.

અનુક્રમે કુલંકર રાજા થયો. એક વખત તે તાપસના આશ્રમમાં જતો હતો, ત્યાં માર્ગમાં મળેલા શ્રી અભિનંદન નામના અવધિજ્ઞાની મુનિએ એને કહ્યું કે, 'હે રાજા ! તું જેને વંદન કરવા જાય છે, તે તાપસો પંચાગ્નિ સાધે છે. તેમાં દહન કરવાને આવેલા કાષ્ઠમાં એક સર્પ છે અને તે પૂર્વભવમાં ક્ષેમંકર નામનો તારો પિતાનો પિતા હતો; માટે તું ત્યાં જા. એ કાષ્ઠમાંથી યતનાપૂર્વક સર્પને બહાર કઢાવી સર્પના પ્રાણની રક્ષા કર !' એક તો સર્પના પ્રાણ બચે અને રાજા જેને માને છે એ માર્ગની અયોગ્યતા સિદ્ધ થાય, માટે અવધિજ્ઞાની મુનિવરે આ પ્રમાણે કહ્યું. અવધિજ્ઞાની અભિનંદન મુનિવરનું આ કથન સાંભળીને રાજા તો આકુળવ્યાકુળ થઈ ગયો. મુનિ કાષ્ઠમાં પડેલા સર્પને તથા પૂર્વભવને જાણે એ જાણી વિસ્મય પણ પામ્યો. આ પછી તરતજ ત્યાંથી તે તાપસ પાસે ગયો અને કાષ્ઠ કઢાવી, ફડાવી, તેણે સર્પની રક્ષા કરી.

આ પ્રસંગના યોગે રાજાને તો જ્ઞાની મુનિની સેવાનું જ મન થયું; અર્થાત્ સંયમની ભાવના થઇ. એને સંયમની ભાવના થઇ ત્યાં પેલો શ્રુતિરતિ બ્રાહ્મણનો પુત્ર ને તેનો મિત્ર આવીને રાજા કુલંકરને સમજાવવા લાગ્યો.

સારી વસ્તુ મળે ત્યારે ખોટી સલાહ આપનાર મળે, તો સારી વસ્તુનો નાશ થતા પ્રાય: વાર લાગે નહિ. શ્રુતિરતિ રાજા કુલંકરને બે વાતો કહે છે : એક તો એ કે 'હે મિત્ર ! આ મુનિ જે ધર્મ પાળે છે, તે આપણા સંપ્રદાયનો નથી !' અને બીજી વાત એ કે 'એટલું છતાં પણ જો તારે ત્યાં સંયમ લેવું હોય તો પણ તે આ વયમાં ન હોય ! છેલ્લી વયમાં દીક્ષા લેવાની હોય.'

### પ્રભુ આજ્ઞાના પાલક સાધુ કદિ પાપસાધક પ્રવૃત્તિમાં અનુમોદક ન થાય

તમે પણ એમ નક્કી કર્યું છે ને ? આવું નક્કી કર્યું હોય અને પછી એવું સાંભળવાનું મળે એટલે 'રોતી હતી અને પીયરીયા મળ્યાં' આ કહેતી સફળ થાય. અવધિજ્ઞાની મુનિના પરિચયથી બનેલા બનાવથી સંયમની ભાવના થઇ હતી, કાંઇ ધર્મનું જ્ઞાન તો હતું નહિ; તેમાં આ ભાઈબંધ મળ્યા, પછી બાકી શું રહે ; તમે પણ દીક્ષા માટે છેલ્લી વય જ માનો છો ને ? અને તે પણ પોતા માટે નહિ, પારકા માટે; કેમ? આજે કેટલાક ઘરડાઓ આમ જ બોલે છે અને કહે છે કે 'હું દીક્ષા લઉં ? એવા તો કેઇ મહારાજ જોઈ નાખ્યા ! અમને એવી અસર ન થાય.' જૂના, પાટના પાયા પાસે બેસીને ચોરસાં ઘસી નાખનારા અને સંખ્યાબંધ પૌષધ કરનારા કેટલાકો પૌષધમાં પણ આવું બોલે છે, કહે છે કે કોણ દીક્ષા લે છે ? કયા મહારાજે ભોળવ્યો ? એવાઓ દ્વારા આવું સંભળાય ત્યારે આપણને થાય કે 'કોણે આ બુઢ્ઢાઓને આવું શીખવ્યું હશે ! ખરેખર, આવાઓ ધર્માત્માઓ નથી પણ ધર્મહીનો જ છે.' એના પૌષધની તથા સામાયિકની વસ્તુત: કિંમત

જ નથી. એ બિચારા ન માલુમ કયા કારણે કુળપરંપરાની ક્રિયાને ઢસડે છે ? આવાઓને ધર્મી ગણવા એમાં પણ ધર્મને નુકશાન જ છે. અડતાલીસ કલાકના પૌષધ કરે અને દીક્ષા લેવા ગયેલો પાછો આવે તેમાં રાજી થાય એ કદી બને ?

અમદાવાદવાળા મોહનભાઈ શેઠ જે પરમ ધર્માત્મા હતા, તેઓ આવાને કોઢીયા માનતા ને પૂછતા કે આવા કોઢીયાની સાથે જમવામાં પાપ નહિ ? દીક્ષિત ઘેર આવે અને પોષહમાં રહેલા પણ હૈયાફૂટ બની રાજી થાય તો એ પૌષધ કરનારા ધર્મના અર્થી નથી; પણ સંસારના જ અર્થી હોઈ સંસારમાં જ ભટકનારા છે. જ્યારે એક સુશ્રાવક એવા હૈયા વિનાના પૌષધ કરનારા માટે એમ કહે તો પછી 'કોઇના દીક્ષા પતનથી કે દીક્ષા લેવા ગયેલા કોઇને કુટુંબીઓનાં ત્રાસ આદિથી ઘેર પાછું આવવું પડે' એવી સ્થિતિ ઉભી થવાથી કોઈ ઘેર આવે એથી જો કોઇ સાધુ રાજી થાય તો એ સાધુને મહાકોઢીયો કહેવો પડે એમા આશ્ચર્ય શું છે ? આવા મહાકોઢીઆ જેવા બનેલા સાધુઓ પાપસ્થાનકોની પુષ્ટિ થાય એવા ઉપદેશક બને એ કાંઇ બહુ મોટી વાત નથી. પ્રભુઆજ્ઞાના પાલક સાધુઓ તો કદી જ પાપસાધક પ્રવૃત્તિમાં અનુમોદક કે સહાયક ન થાય. સાધુ અને ભયંકર કર્માદાનમાં આશીર્વાદ દે એ બને જ કેમ? કર્માદાન શીખવા જનારને *'जाओ बच्चा, तुमारा अच्छा होगा'* એમ સાચો સાધુ કહે એ શું શક્ય છે ? વનકર્માદિના પાપમાં સાધુ ન સમજે એ વાત જ બનવાજોગ નથી; પણ જ્યાં સાધુપણાનું ભાન ન હોય અને લોકમાં નામાંકિત થવાની જ ઈચ્છા બળવાન હોય ત્યાં જ્ઞાન પણ અજ્ઞાનરૂપે જ પરિણમે એ સહજ છે.

**સભા:** અવધિજ્ઞાની મુનિ સર્પ કાઢવા જાતે કેમ ન ગયા ?

**પૂજ્યશ્રી** : જ્ઞાનીની ક્રિયામાં પ્રશ્ન ન હોય. એ જેમ સર્પને જોઇ રહ્યા છે, તેમ જેના યોગે તે બચવાનો છે તે અને એનાથી પરસ્પર

લાભ વગેરે જે થવાનું છે તે જાણી રહ્યા છે. મારી તમારી વાતમાં આગમનું પૂછવું પડે. આગમ એ જ્ઞાનીના બનાવેલા કહેલા અક્ષરો છે. એટલે અતિશય જ્ઞાની પોતાની દૃષ્ટિમાં યોગ્ય લાગે તેમ વર્તે. અતિશયજ્ઞાનીઓ ગમે તેમ વર્તે તોય એ યોગ્ય જ હોય; છતાં પણ જ્ઞાનીઓના વર્તનની યોગ્યતા કોઈ અંધને ન દેખાય તો તે વાત જુદી છે, કારણકે અજ્ઞાન એ મોટો અંધાપો છે.

### નાનો ધર્મ કરે તે વધારે ડાહ્યો

આપણે જોઈ ગયા કે શ્રુતિરતિ દીક્ષા લેવા સજ્જ થયેલા કુલંકર રાજાને કહે છે કે, 'આજે જે સાધુ પ્રત્યેનો તને પ્રેમ થયો છે, તે કાંઈ આપણી પરંપરાનો ધર્મ પાળતા નથી, એટલું છતાં ત્યાં સંયમ લેવું જ હોય તો આ જુવાન વયમાં ન હોય, છેલ્લી વયમાં લેજે.' તમે પણ એમ જ માનો છો ને ? સંયમ છેલ્લી વયે, કે જે વયમાં તાકાત ન રહે અને નવરા બેસી માથા હલાવવાનાં હોય, એમ?

**સભા:** છેલ્લી વય સુધીના જીવનની ખાત્રી શી ?

**પૂજ્યશ્રી** : ઉન્માર્ગે ગયેલાઓ તો પ્રાય:જીવન નિશ્ચિત હોય એમ જ વર્તે.

**સભા:** એવા ઘરડા સંયમ લેતા પણ નથી.

**પૂજ્યશ્રી** : અને જુવાન પણ તે જ લે છે કે જે એવા ઘરડાની સલાહ માનતા નથી.

આ બાજુ આ કુલંકર રાજા તો કાંઈ પામ્યો નથી, એટલે એના પરિણામ ઓગળી ગયા. એક રાજાને જ્યારે વૈરાગ્ય આવ્યો, ત્યારે સંયમ ન લેવાય ત્યાં સુધી આહાર પાણીના ત્યાગનો તેમણે અભિગ્રહ કર્યો અને તરત સિંહાસન ઉપરથી ઉઠીને ચાલવા માંડ્યું. રસ્તામાં દેવે એમની ઘણી ઘણી પરીક્ષા કરી છે. છેવટે છેલ્લી પરીક્ષા એ કરી છે કે, દેવે કહ્યું છે કે, 'તારી સ્થિરતા અજબ છે, પણ હાલ જુવાન વય છે અને આયુષ્ય મોટું છે, તો રાજ્યસુખ ભોગવીને પછી સંયમ લેજે.' ત્યારે એમણે જવાબ આપ્યો છે કે, 'બહુ આયુષ્ય છે તો બહુ કાળ

સંયમ પળાશે અને એથી વધારે સારૂં થશે.' આવો ઉત્તર જેનો આત્મા ધર્મથી રંગાએલો હોય તે આપે.

નાની વયમાં ધર્મ કરે તે ડાહ્યો કે મોટો થઈને કરે તે ડાહ્યો ? બેમાં વધારે ડાહ્યો કયો ? કહેવું જ પડશે કે નાનો વહેલો ચેત્યો માટે એ જ વધારે ડાહ્યો. પચીસ વર્ષનો થઈને પેઢી ઉપર બેસે એ ડાહ્યો કે પંદર વર્ષથી પેઢી ઉપર બેસે તે ડાહ્યો ?

**સભા:** પંદર વર્ષનો.

**પૂજ્યશ્રી** : ત્યાં તમે એવું જ બોલવાના, અહીં પણ એવું જ બોલો. શ્રી જૈનશાસનમાં પણ મોટા થઈને આવેલાના કરતાં આઠ વરસના આવે એ વધારે ડાહ્યા. એવાને તો ઉંચકી માથે ચઢાવીને, હાથમાં પકડીને મોકલવા જોઈએ. એની ભાવના વૃદ્ધિ પામે તેવી વાતચીતો અને પ્રવૃત્તિ થવી જોઈએ, સલાહ પણ એની આપવી જોઈએ. બાળક દીક્ષાની ઈચ્છા દેખાડે, એટલે કહેવું કે, 'તું પુણ્યશાળી ! અમે આટલા મોટા થયા છતાં હજી આ ભાવના થતી નથી અને તને આ ભાવના થઈ માટે તું પૂજ્ય.' આમ કહો એટલે ભલે એ કાંઈ ન જાણતો હોય પણ એટલું તો એને થાય કે, 'બાપાજી પણ જેનાં વખાણ કરે છે તે દીક્ષાને ધન્ય છે !' બાળકમાં એ સ્વભાવ છે કે પકડે તે પ્રાય: મરતાં ય ન મૂકે.

બાળકના હાથમાં કાંઈ દૃષ્ટિવાદ ન મૂકાય. બાળક પાસે તો જે બોલાતું હોય તે બોલાય. બાળવયને લઈને બાળમુનિ હસે તો, 'લ્યો હસી પડ્યા, મુનિ શાના ?' એમ ન કહેવાય. ઉલ્ટુ એ ખિન્ન થાય તો પણ એમ કહે કે, 'આપને ધન્ય છે, આપની શી વાત ? મુનિ બહુ હસે પણ નહિ !' એમ કહીને પગે લાગે મુનિ સમજી જશે કે, 'ટોણો મરાઈ ગયો !' પછી તે નહિ હસે. બાળકની અને મોટાની સરખામણી ન થાય. મોટો છોકરો નિશાળે ન જાય તો ધોલ મરાય, પણ નાનું બાળક નિશાળે ન જાય તો પતાસું અપાય, બઉ બઉ અપાય, બે પૈસા અપાય, 'હાલ ભાઈ હાલ ભાઈ' કરીને લઈ જવાય તો આવે અને એ 'હાલ ભાઈ'માંથી એ લાલભાઈ થાય ! અહીં પણ એ વૃત્તિ જોઈએ.

હવે પેલો શ્રુતિરતિ તો મિથ્યાદૃષ્ટિ હતો અને આ રાજા કુલંકર ધર્મ પામ્યો નહોતો. એટલે અવધિજ્ઞાની મુનિના યોગે પેલા સર્પની વાતના નિમિત્તથી ધર્મના પરિણામ જાગેલા તે ઢીલા થયા, ચાલ્યા ગયા?

હવે સંસારનું સ્વરુપ જોજો. રાજા જે રમણીની સાથે ભોગ ભોગવવા માટે સંસારમાં રહે છે, ત્યાં વળી જુદી જ ઘટના છે. એ રાજાને શ્રીદામા નામની રાણી હતી. એ કુલ્ટા હતી. એ જ રાણી આ જ ભાઈબંધ શ્રુતિરતિ સાથે સદા આસક્ત હતી.વૈરાગ્ય  થયા છતાં રાજા સંસારમાં રહ્યો માટે અગર તો બીજા કોઈ નિમિત્તને પામીને 'અમારું દુશ્ચેષ્ટિત રાજાએ જાણ્યું છે.' એવી એ કુલ્ટા રાણીને શંકા થઈ અને એથી એ કુલ્ટાએ પોતાના પતિને મારી નાંખવાનો વિચાર કર્યો.

આ સંસાર ! આ બનાવો સંસારમાં નવા નથી, કાયમ બને છે, પણ અજ્ઞાનના આવરણથી જોઈ શકાતા નથી. ધોળું એટલું દૂધ નહીં અને પીળું એટલું સોનું નહિ.

પછી પુરોહિતપુત્રની સંમતિથી રાણી શ્રીદામાએ ઝેર આપીને પોતાના સ્વામી રાજા કુલંકરને મારી નાંખ્યો.

જુઓ કે રાજા કુલંકરથી સંયમ ન લેવાયું, ભોગ ભોગવવાના પણ રહી ગયા અને મનુષ્યભવ નકામો ગયો !

શાસ્ત્રકાર પરમર્ષિઓ વારંવાર સાવધ રહેવા ફરમાવે છે આ તો સંસાર ! સુખના પહાડ ખડા હોય પણ પુણ્ય પરવાર્યું કે ખલાસ. અગીયાર વાગે સૂતેલા સવા અગિયારે ખલાસ થયા, એ નથી જાણતા? ખાતાં-પીતાં, પેઢી ઉપર હિસાબ ગણતાં રુપિયા ગણતાં-ગણતાં, હસતાં-હસતાં મરણ થાય, એ બધાં મોટે ભાગે કુમરણ. વ્રતાદિના સ્વીકારપૂર્વક શુભ ધ્યાનમાં મરણ થાય, તે ઉત્તમ મરણ. આજે લોકો જુદી ગણત્રી કરે છે. કોઈ હસતાં મરે તો કહે કે, 'વેદની ઓછી' પણ કઈ રીતે હસતો હતો તે જોવું જોઈએ. આયુષ્ય કર્યું

બંધાય છે તે જોતા નથી. સ્ત્રીના મોંઢા સામે જોઈ હસતો હસતો મરે તો ? અને રીબાઈને મર્યો કહેવાતો હોય, એ *नमो जिणाणं* બોલતો બોલતો મરણ પામ્યો હોય તો ? વેદના કે રોગ, એ કાંઈ નવી વસ્તુ નથી, મરતી વખતના પરિણામની ધારા જોવી જોઈએ. પૈસાની પથારીમાં 'મારા પૈસા, મારા પૈસા' કરતો હસતો હસતો મરી જાય, તે સ્વર્ગ પામે કે ત્યાં સાપ થાય ? છ મહિના પથારી પડ્યો રહ્યો, ક્ષય થયો, રીબાયો એ ખરું, પણ પ્રતિક્રમણ કર્યું, રાતે ખાધું નહીં અને ચારે પ્રકારનાં શરણો લઈ નવકાર ગણતો ગણતો મરે, તો એની તો સદ્ગતિ જ થાય. એ પાપી કહેવાય ? નહિ જ.

**સભા** : લાંબો માંદો રહે તો કુટુંબી પણ કહે કે છૂટે તો સારું.

આવા કુટુંબિઓમાં રહેતાં તમને ભય નથી થતો ? તમે બહુ જબરા છો. હજુ આયુષ્ય હાથમાં છે, જીવનદોરી તમારી પાસે છે, માટે દુર્ગતિથી બચાય તેમ વર્તો.

હવે અનુક્રમે તે શ્રુતિરતિ પણ કાળે કરીને મરણ પામ્યો. ત્યારબાદ ઘણા કાળ પર્યન્ત સંસારમાં વિવિધ જાતિની યોનિઓમાં તે બંનેએ ભ્રમણ કર્યું.

### છેલ્લા થોડાક દશકાઓ પૂર્વે પ્રવર્તતી સુભાવનાઓ

આપણે જોઈ ગયા કે ઉત્કટ વૈરાગ્યના યોગે શ્રી ભરતજીએ, શ્રી રામચન્દ્રજીની અનુમતિની દરકાર કર્યા વિના જ ચાલવા માંડ્યું, પણ શ્રી લક્ષ્મણજીએ તેમને પકડી લીધા અને તે ખબર અન્તઃપુરમાં પહોંચતાં અન્તઃપુરમાં પણ ખળભળાટ મચી ગયો. શ્રી રામપત્ની સીતાજી અને પૂર્વભવની મહાતપસ્વિની વિશલ્યા વિગેરે સંભ્રમ સહિત ત્યાં દોડી આવ્યાં. શ્રી ભરતજીની દીક્ષિત બનવાની ભાવનાને શિથીલ બનાવવાને માટે, સીતાજીએ જલક્રીડાના વિનોદથી શ્રી ભરતજી પ્રત્યે પ્રાર્થના કરી.

શ્રીમતી સીતાજીને શ્રી લક્ષ્મણજી માતારુપ માનતા હતા, તો શ્રી ભરતજી તેમને માતારુપ માને એમાં નવાઈ નથી કારણ કે શ્રી ભરતજી તો શ્રી લક્ષ્મણજી કરતાં પણ નાના છે.

'મોટાભાઈની પત્ની એટલે માતૃવત્ પૂજ્ય' આ ભાવના એ કુટુંબમાં સ્વાભાવિક પ્રવર્તતી હતી. આર્યદેશનાં ઉચ્ચ ગણાતાં કુળોમાં આ ભાવના નવાઈરુપ નહોતી. છેલ્લા થોડાક દશકાઓ બાદ કરીએ, તો આજ સુધી એ અને એવી બીજી પણ ઘણી ઉત્તમ ભાવનાઓ આ આર્યદેશમાં કુલપરમ્પરાના વારસાની માફક પ્રવર્તતી હતી. છેલ્લા થોડાક દશકાઓમાં જ બધું ફરી ગયું. એમ કહીએ તો ચાલે. સદાચારને લાવનાર, સદાચારનું રક્ષણ કરનાર અને સદાચારને વધારનાર જે ભાવનાઓ હતી તે નષ્ટ થઈ ગઈ અને એનું સ્થાન એવી ભાવનાઓએ લીધું, કે જેના યોગે માનવી માત્રના હૈયામાં ભોગતૃષ્ણાની કારમી આગ સળગી રહી છે.

### ભોગતૃષ્ણા વધવાનું પરિણામ

અપવાદરુપ ગણાય તેવા સજ્જનોની વાત જુદી છે, પણ મોટા ભાગની દશા આ થઈ પડી છે. ભોગતૃષ્ણા જેમ વધતી ગઈ, તેમ સદાચારોનો તથા સદ્‌વિચારોનો લોપ થતો ગયો અને દુરાચારો તથા દુરાચારો તથા દુર્વિચારો વધવા માંડ્યા. પછી દુરાચારિઓએ પોતાના દુરાચારોને જ સદાચારો મનાવવાનો પ્રયત્ન આદર્યો અને ક્રાન્તિના નામે, કલાના નામે, સુધારાના નામે, પ્રગતિના નામે તથા સમાન હક્ક આદિના નામે અજ્ઞાનલોકને દુરાચારો તરફ ઘસડીને, સદાચારના ઉપાસકો તથા પ્રચારકોના તરફ દુર્ભાવ ફેલાવવા માંડ્યો.

### અમારો પ્રયત્ન પરિવર્તન લાવવાનો છે.

અમે ક્રાંતિના વિરોધી છીએ એમ નથી પણ વર્તમાનની ક્રાન્તિ વિનાશક છે માટે અમે તેનાથી ચેતતા રહી બીજાઓને બચતા રહેવાને પ્રેરીએ છીએ. ક્રાન્તિ એટલે પરિવર્તન. એને માટે તો આ શાસન છે. આ શાસનનો પ્રચાર જ પરિવર્તનકારી છે. સ્વમાં અને પરમાં પરિવર્તન લાવવાને માટે તો આ શાસનની આરાધના છે. શ્રી જૈનશાસનનો સાચો આરાધક ક્ષણે ક્ષણે પરિવર્તન માટે જ મથ્યા કરે છે. શ્રી જૈનશાસનના સાચા આરાધકની પ્રત્યેક ધર્મક્રિયા ક્રાન્તિકારી

હોય છે. આવું માનનારા અમે, ક્રાન્તિના વિરોધી કેમ હોઈ શકીએ ? અમારો પ્રયત્ન તો સાચું પરિવર્તન લાવવાનો જ છે.

### કયું પરિવર્તન લાવવું છે ?

દુનિયાના જીવો વર્તમાનમાં જે દશા ભોગવી રહ્યા છે, તે દુઃખદ છે અને દુઃખસર્જક છે. અમે દુઃખદ અને દુઃખસર્જક દશા ટાળવાનો ભગવાનનો પેગામ પ્રચારનારા છીએ. અમે તો જનતામાં એવું પરિવર્તન આવેલું જોવાને ઇચ્છીએ છીએ કે દુનિયાના માનવી માત્રની દિશા જ પલટાઈ જાય. સંસારમાં રાચતો અને સંસારને વધારતો આત્મા સંસારનાં બંધનોને તોડતો અને મોક્ષની નિકટ પહોંચતો બની જાય, એ અમારો મનોરથ છે. અમે તો એવું પરિવર્તન લાવવા ઇચ્છીએ છીએ, કે જે પરિવર્તન મનુષ્યોને દુઃખથી બચાવી સુખમય સ્થિતિએ પહોંચાડે તેમજ મનુષ્ય સિવાયના બીજા જીવો આજે મનુષ્યો તરફથી જે મહાત્રાસ ભોગવી રહ્યા છે તે જીવોનો પણ તે મહાત્રાસ મટી જાય ! અર્થ અને કામ તરફ ઘસડાઈ રહેલા આત્માઓ ધર્મ અને મોક્ષ તરફ વળે, એવું જબ્બર પરિવર્તન લાવવાનો શ્રી જૈનશાસનના સાચા ઉપાસકોનો પ્રયત્ન હોય છે.

### પરિવર્તનના પરમ હિમાયતી

દુનિયાદારીનાં સુખોમાં રાચતી અને એ સુખો મેળવવાને માટે રાતદિવસ સ્વયં દુઃખી બની બીજાઓને દુઃખી કરતી દુનિયાને, દુનિયાદારીનાં સુખોની ઇચ્છાથી પણ છોડાવી દેવા જેવું પરિવર્તન લાવવામાં અમે વિશ્વકલ્યાણ માનીએ છીએ. આ પરિવર્તનના અમે ઉપાસક છીએ અને એથી જ અમે કહીએ છીએ કે 'શ્રી જૈનશાસનના સાચા આરાધક જેવું બીજું કોઈ જ ક્રાન્તિવાદી નથી.' અને એથી જ 'અમે જેવા અને જેટલા પરિવર્તનના હિમાયતી છીએ, તેવા ઉંચા અને તેટલાં જબ્બર પરિવર્તનનું હિમાયતી વસ્તુતઃ બીજું કોઈ જ નથી.' આવું પ્રત્યેક સાચો જૈન કહી શકે છે.

### સુપરિવર્તન થયા વિના કલ્યાણ નથી

આમ છતાં પણ અમને ક્રાન્તિના વિરોધી કહેવામાં આવે છે.

અમે ક્રાન્તિના, પરિવર્તનમાં, સુધારાના, પ્રગતિના વિરોધી છીએ એવો ખોટો પ્રચાર કરીને લોકોને ભડકાવવામાં આવે છે પણ શ્રી જૈનશાસન જેવું ક્રાન્તિનું, પરિવર્તનનું , સુધારાનું  અને પ્રગતિ આદિનું હિમાયતી બીજું કોઈ જ શાસન નથી અને એથી જ શ્રી જૈનશાસનને સાચી રીતે માનનાર સૌ કોઈ હરહંમેશ પરિવર્તન ક્રાન્તિ, સુધારા અને પ્રગતિ આદિના હિમાયતી હતા, છે અને રહેશે દુનિયા જડ પદાર્થોના સંયોગોમાં સુખ માને છે, જ્યારે જૈન, જડના સંયોગને જ દુ:ખનું કારણ માને છે, દુનિયા જડના સંયોગને જ દુ:ખનું કારણ માને છે, જ્યારે જૈન, આત્માના ઉત્કર્ષમાં કલ્યાણ માને છે, જે દીક્ષા આજના કહેવાતા ક્રાન્તિવાદીઓને ગમતી નથી. તે દીક્ષા બાળપણથી જ પમાય, તો જૈન પોતાને છેતરાએલો માને છે, આ માન્યતાઓમાં જ પરિવર્તન રહેલું છે. આવું પરિવર્તન થાય તો સૌનું કલ્યાણ થયા વિના નહીં રહે.

### આજનો કહેવાતો પરિવર્તનવાદ નાશક હોવાથી વિરોધપાત્ર છે.

પરંતુ આજનો કહેવાતો પરિવર્તન આનાથી સાવ ઉલ્ટો છે. ક્રાન્તિના  અને કલાના નામે આજે અનેક પ્રકારના દુરાચારો પોષાઈ રહ્યાં છે. સુધારાના નામે આજે અનેક સ્ત્રીઓનાં શીલો લૂંટાઈ રહ્યાં છે. પ્રગતિના નામે આજે કૌટુંબિક સદ્‌ભાવ લગભગ નષ્ટ થઈ ગયો છે. ચોમેર ભોગતૃષ્ણાની  આગ ફેલાઈ છે અને એથી માનવી, માનવી નથી રહ્યો, ચારે તરફ અસંતોષની લાગણી વ્યાપેલી જોવાય છે. આના યોગે સદાચાર-સેવિઓની વાણી પણ ઘણાઓને ખટકે છે. તેમની અને બીજાઓની સુધારણાને માટે જ થતી તેમની ટીકાઓ તેઓ ખમી શકતા નથી. આ ક્રાન્તિ નાશક છે અને એથી જ વિરોધને પાત્ર છે. આજે કેટલેક સ્થળે તો દીયરો ભાભીની છેડતી કરવાને પણ ચૂકતા નથી. જે ભાભીને માતૃદૃષ્ટિએ જોવી જોઈએ, તે ભાભી તરફ કુદૃષ્ટિ ઉત્પન્ન શાથી થઈ ? સુંદર કુલાચારો ગયા એથી!

 આર્યદેશના ઉત્તમ કુલાચારો આજે પૂર્વવત્ વિદ્યમાન હોત, તો આજે મજુરવાદ અને મુડીવાદ જેવા વાદો તથા તેનાં સંઘર્ષણો ઉત્પન્ન થાત? નહિ જ. પણ ઉત્તમ કુલાચારોનેય કુરુઢિઓ કહી એના નાશમાં આજે તો સુધારાની કૂચ મનાય છે ! જૈનકુળમાં જન્મેલાઓ પણ આનાથી બચ્યા નથી અને એથી જ જૈનસંઘોમાં આજે જ્યાં ને ત્યાં વિષમ વાતાવરણ પ્રસરતું જાય છે !



### પૂર્વનો કથાસંબંધ

શ્રી ભરતજી, રામપત્ની સીતાજીને માતૃવત્પૂજ્ય માનતા હતા. લક્ષ્મણપત્ની વિશલ્યાને પણ એ જ દૃષ્ટિએ જોતા હતા. સીતાજીએ જલક્રીડાનો વિનોદ કરવાની પ્રાર્થના કરી. તેમના અતિ આગ્રહથી શ્રી ભરતજી પણ અંતઃપુર સહિત જલક્રીડા કરવા ગયા. એક મુહૂર્તપર્યન્ત, વિરક્તભાવે. જલક્રીડા કરીને શ્રી ભરતજી સરોવર કાંઠે આવી ઉભા. એટલામાં મદોન્મત્ત બનીને સ્તંભ ઉખેડી આયુધશાળામાંથી ભાગેલો અને ઉપદ્રવ મચાવતો ભુવનાલંકાર નામનો હાથી ત્યાં આવી પહોંચ્યો.

શ્રી ભરતજીને જોતાં જ, મંત્રબળના યોગે જ હોય તેમ, તે હાથીનો મદ ગળી ગયો. શ્રીરામચન્દ્રજી વિગેરે તે હાથીને પકડવા પાછળ આવ્યા. તેમને આ જોઈને આશ્ચર્ય થયું. શ્રી રામચન્દ્રજીએ મદરહિત બનેલા તે હાથીને આયુધશાળામાં લઈ જવાની મહાવતોને આજ્ઞા કરી અને મહાવતો લઈ પણ ગયા. એટલામાં શ્રી દેશભૂષણ અને શ્રી કુલભૂષણ નામના કેવળજ્ઞાની મહાત્માઓ ત્યાં પધાર્યા. આ બે મહાત્માઓના ઉદ્યાનમાં સમવસર્યાના શુભ સમાચાર સાંભળતાંની સાથે જ, શ્રી રામચન્દ્રજી, શ્રી લક્ષ્મણજી અને શ્રી ભરતજી આદિના પરિવાર સહિત તે મહામુનિઓને વંદન કરવાને માટે ગયા.

વંદન કર્યા બાદ શ્રી રામચન્દ્રજીએ સૌથી પહેલું એ જ પૂછ્યું કે 'હે મહાત્મન્ ! મારો ભુવનાલંકાર હાથી ભરતને જોતાં જ મદરહિત કેમ થઈ ગયો ?

આ પ્રશ્નના ઉત્તરમાં, કેવળજ્ઞાની શ્રી દેશભૂષણ મુનિવરે શ્રી ભરતજીનો અને ભુવનાલંકાર હાથીનો પૂર્વભવોનો સંબંધ વર્ણવવા

માંડ્યો. શરુઆત, વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થપતિ ભગવાન્ શ્રી ઋષભદેવસ્વામીજીના સમયથી કરી અને તે પછીના તે બંનેના પરસ્પરના સંબંધવાળા કેટલાક ભવો વર્ણવવા માંડ્યા. આપણે એમાંનો પણ કેટલોક ભાગ આપણે ગઈ કાલ સુધીમાં જોઈ ગયા છીએ।

શ્રી દેશભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિએ ફરમાવ્યું કે, પૂર્વે શ્રી ઋષભદેવ ભગવાને જ્યારે દીક્ષા લીધી, ત્યારે તે તારકની સાથે ચાર હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી હતી.

તે વખતે લોકો ભિક્ષાદાન આદિના વિધિના વિધિથી અજાણ હોવાને કારણે, પ્રભુ ભિક્ષા લેવા તો જતા, પરંતુ તે તારકને કલ્પ્ય ભિક્ષા મળતી નહીં, અને એથી ભગવંત નિરાહારપણે મૌન રહીને વિહરવા લાગ્યા. ભગવાન ક્ષુધાપરિષહ સહવાને સમર્થ હતા, એટલે એ તારક તો ભિક્ષા નહિ મળવાથી જરા પણ મૂંઝાયા નહી અને શુભ ધ્યાનથી ચલિત પણ થયા નહિ. પરંતુ પેલા ચાર હજાર રાજાઓ સ્વયં દીક્ષિત બનેલા, તેમનાથી ભૂખનું દુઃખ સહી શકાયું નહિ, આખર થાકીને તે ચારેય હજાર સ્વયંદીક્ષિત રાજાઓ વનવાસી તાપસો બની ગયા. એમાં પ્રહ્લાદન રાજાના પુત્ર ચંદ્રોદય રાજા અને સુપ્રભરાજાના પુત્ર સૂરોદય રાજા પણ હતા. આ બેમાં એક શ્રી ભરતજીનો જીવ છે અને બીજો ભુવનાલંકાર હાથીનો જીવ છે.

તે બંનેય રાજાઓએ ત્યાંથી મરીને, ચિરકાલ પર્યન્ત ભવભ્રમણ કર્યું. ચિરકાલ પર્યન્ત અનેક યોનિઓ દ્વારા અનેક ભવોમાં પરિભ્રમણ કર્યા બાદ, ગજપુર નગરના રાજા હરિમતિની રાણી ચન્દ્રલેખાની કુક્ષીથી, ચન્દ્રોદય રાજાનો જીવ મનુષ્યલોકમાં ઉત્પન્ન થયો અને તેનું નામ 'કુલંકર' રાખવામાં આવ્યું બીજી તરફ એજ રીતે અનેક યોનિઓ દ્વારા અનેક ભવોમાં પરિભ્રમણ કરીને, સૂર્યોદય રાજાનો જીવ એ જ ગજપુર નગરમાં વિશ્વભૂતિ નામના બ્રાહ્મણની અગ્નિકુંડા નામની સ્ત્રીથી 'શ્રુતિરતિ' તરીકે ઉત્પન્ન થયો.

રાજપુત્ર કુલંકર યોગ્ય વયે પહોંચતા રાજા બન્યો. એક વાર રાજા કુલંકર જે વખતે તાપસોના આશ્રમ તરફ જઈ રહ્યો છે, તે વખતે

માર્ગમાં તેને શ્રી અભિનંદન નામના અવધિજ્ઞાની મુનિવરનો મેળાપ થયો. તે મહાત્માએ કુલંકર રાજાને કહ્યું કે, 'હે રાજન્ ! તું જે તાપસની પાસે જઈ રહ્યો છે, તે તાપસ પંચાગ્નિ તપ તપી રહ્યો છે. ત્યાં બાળવાને માટે લાવવામાં આવેલા એક કાષ્ઠમાં સર્પ રહેલો છે. તે સર્પનો જીવ તે જ છે, કે જે પૂર્વભવમાં તારા પિતામહ ક્ષેમંકરનો જીવ હતો. આથી તે લાકડાને ચીરાવીને, તે સર્પને યત્નપૂર્વક બહાર કઢાવીને, તું એની રક્ષા કર !' મુનિવરના મુખેથી આ વાત સાંભળતાં જ રાજા આકુળ-વ્યાકુળ થઈ ગયો અને તત્કાલ તાપસાશ્રમમાં પહોંચીને વિના વિલંબે તેણે લાકડું ફડાવી નાખ્યું. મુનિવરે કહ્યા મુજબ તેમાં રહેલા સર્પને જોઈને તે અત્યન્ત વિસ્મય પામ્યો. વિસ્મય પામ્યો એટલું જ નહીં, પણ વૈરાગ્ય પામ્યો અને દીક્ષા લેવાની તેનામાં ઇચ્છા જન્મી.

**કુલંકર રાજાને વૈરાગ્ય આવ્યો પણ આ બધું સાંભળીને તમને શું થાય છે ?**

**સભા** : એકદમ વૈરાગ્ય આવી જવાનું અને દીક્ષા લેવાની ઇચ્છા થવાનું કારણ શું ? મુનિવરે કાંઈ ઉપદેશ તો દીધો નહોતો !

**પૂજ્યશ્રી** : વૈરાગ્ય આવવાનું કારણ ખુલ્લું જ છે. પોતાના જ દાદાનો જીવ મરીને સર્પ થયો છે, તો પોતાની શી હાલત થશે એવો વિચાર ન આવે? વૈરાગ્ય ઉત્પન્ન થવાને માટે આ સામાન્ય કારણ છે? નહિ જ ! રાજા મિથ્યાદૃષ્ટિ છે, જૈન ધર્મથી અપરિચિત છે. છતાં પણ દાદાની દશા જોઈને એને પોતાનો વિચાર આવે છે. પણ આ વૃત્તાંત સાંભળીને તમને શો વિચાર આવે છે. એ તો કહો. મિથ્યાત્વમાં પડેલા પણ રાજાને દાદાની દશા જોઈને દિક્ષિત બનવાની ભાવના થાય છે. જ્યારે 'ભગવાનના શાસન ઉપર અમને પૂરેપૂરી શ્રદ્ધા છે' એમ બોલનારાઓને આવા આવા પ્રસંગો સાંભળતાં પણ વૈરાગ્યભાવના ન જાગે, તો શું માનવું ? શ્રી જિનશાસન એટલે શ્રી વીતરાગ પરમાત્માનું શાસન અને શ્રી જિનશાસનના આરાધકો એટલે વિરાગી આત્માઓ. આ માનો છો ?

**સભા**: હાજી

**પૂજ્યશ્રી** : સમ્યગ્દૃષ્ટિ ત્યાગી ન હોય તો વિરાગી તો હોય જ ને ?

**સભા**: હાજી.

**પૂજ્યશ્રી** : અને વિરાગી ક્યારે ત્યાગી ન બને ?

**સભા**: બને તો ત્યાગ કરે.

**પૂજ્યશ્રી** : પોતાનાથી ત્યાગ શક્ય હોય, તે છતાં પણ સાચો વિરાગી ત્યાગ ન કરે, એ બને ?

**સભા**: નહિ જ.

**પૂજ્યશ્રી** : તો પછી તમે બધા શું તમારે માટે ત્યાગને અશક્ય માનો છો ? ત્યાગ તમારે માટે શક્ય નથી માટે જ તમે ત્યાગી બનતા નથીને ?

**સભા**: એમ ન મનાય ?

**પૂજ્યશ્રી** : એમ ન જ મનાય, એમ કહેતો નથી; પરંતુ એમ ક્યારે મનાય તે તો જોવું પડશે ને ?

**સભા**: હાજી.

**પૂજ્યશ્રી** : ત્યારે વિચારો કે, 'ક્યારે હું ત્યાગી બનું' એવી ભાવના તમારામાં છે ? 'હું કમનસીબ છું કે મારાથી વિરતિ ધર્મ સ્વીકારી શકાતો નથી.' આવી વિચારણા આવે છે ?

'ધન્ય છે તે પુણ્યાત્માઓને, કે જે પુણ્યાત્માઓ નાની ઉંમરમાં પણ સંસારના ત્યાગી બનીને, ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા મુજબ વર્તી ચારિત્રપાલન કરી આત્મકલ્યાણ સાધી રહ્યા છે !' આવા વિચારો તમને આવ્યા કરે છે ? 'ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોના સર્વશ્રેષ્ઠ, અનુપમ અને પરમકલ્યાણકારી શાસનની સામગ્રી પામવા છતાં તેમજ નિશ્રા લેવા યોગ્ય સુગુરૂનો યોગ પામવા છતાં અને આરાધનાના માર્ગની થોડી ઘણી પણ જાણ થવા છતાં હું વિરતિધર્મની સાધના કરી શકતો નથી એ મારો કેવો કારમો અશુભોદય છે ?' આવો આત્મ તિરસ્કાર તમારા અંતરમાં અવસરે

 અવસરે પણ પ્રગટે છે ખરો ? 'સંસારમાં રહેવાથી મારા આત્માનું ભયંકર કોટિનું અહિત થઇ રહ્યું છે' એમ લાગે છે ખરૂં ? 'આવું મનુષ્યપણું મળવા સાથે મને લક્ષ્મી, સ્ત્રી, છોકરાં, સત્તા કે આબરૂ વગેરે ન મળ્યું હોત પણ જો એક માત્ર શ્રી જિનાજ્ઞાની સુંદર પ્રકારની આરાધના મળી હોત તો મારો આ જન્મ સફળ થાત; જ્યારે આ તો બધા મળવા છતાંય મારો મનુષ્યજન્મ નિષ્ફળ જ નહિ પણ નુકશાનકારી બની રહ્યો છે.' આ પ્રકારની આત્મવેદના તમે ક્યારેય પણ અનુભવો છો ખરા ? 'આવતા ભવમાં ભલે હું દરિદ્રપણાને પામું, દાસપણાને પામું, પણ શ્રી જિનાજ્ઞાની ઉત્કટ આરાધના કરી શકાય તેવી સ્થિતિ મળે તો બસ છે ! આવો ય ઇચ્છાનિરોધ થાય છે ?

## દયાનું સ્થાન દુ:ખ નહિ રહેવું જોઈએ પણ પાપ છે એ હોવું જોઈએ

આ બધું થતું હોય તો વિચારી જુઓ અને તે પછી વિચારો કે, હું ત્યાગી નથી બનતો તે સંસારરાગના કારણે કે મારે માટે ત્યાગ અશક્ય છે એથી ? સ્વયં પરીક્ષક બનવાનો આ માર્ગ છે., તમારી આત્મદશાના તમે પરીક્ષક બનો એ જરૂરી છે. શ્રી જિનાજ્ઞાની આરાધનાથી જ સુખ છે. કલ્યાણ છે, એમ લાગવું જોઇએ. 'આ જગતમાં સુખનો કોઇ પણ માર્ગ હોય, તો તે શ્રી જિનાજ્ઞાની આરાધનાનો જ માર્ગ છે.' આવી હાર્દિક માન્યતા હોવી જોઇએ. ચક્રવર્તી પણ જો ધર્મહીન હોય, તો તે પણ દુ:ખી છે, કારણ કે એ મહાદુ:ખમાં પડવાની કાર્યવાહી કરી રહ્યો છે. આ મનોવૃત્તિ ઘડાવી જોઇએ. રાજા બનવાની, શ્રીમંત બનવાની, મોટરો દોડાવવાની, સલામો ઝીલવાની અને જ્યાં ત્યાં પ્રશંસા પામવાની ઇચ્છા જવી જોઇએ અને શ્રી જિનાજ્ઞાની આરાધના કરવાની ઇચ્છા પ્રગટવી જોઇએ. દયાનું સ્થાન દુ:ખ જ નહિ રહેવું જોઇએ, પણ દયાનું મુખ્ય સ્થાન પાપ રહેવું જોઇએ. દુ:ખી કરતાં પણ પાપીની દયા વધુ આવવી જોઇએ. પછી ધર્મહીન અને પાપરક્ત શ્રીમંતોને જોઇને તેમની શ્રીમંતાઇને નમવાનું મન નહિ થાય; એટલું જ નહિ પણ એવા શ્રીમંતોની દયા આવશે ! 'એ શ્રીમંતભાઇ મને મળે તો સારૂં !' એમ

થવાને બદલે 'કોઇપણ ભવે મને અગર તો કોઇને પણ આવી શ્રીમંતાઇ ન મળજો !' એમ થશે. પછી તો ગરીબમાં ગરીબ ધર્મીને જોતાં પણ હર્ષ ઉત્પન્ન થશે અને હાથ જોડાઇ જશે ! આપણે તો આવું પરિવર્તન ઇચ્છીએ છીએ. જેનામાં આવું પરિવર્તન થઇ જાય તેનું કલ્યાણ થયા વિના રહે નહિ. તમારી આવી સ્થિતિ છે કે નહિ, તે તપાસી લેજો !

રાજા કુલંકર દીક્ષા લેવાની ઇચ્છાવાળો તો બન્યો, પણ એને એજ વખતે કુયોગ મળ્યો અને એની ભાવના ભાંગી ગઇ ! સૂરોદય રાજાનો જીવ, કે જે શ્રુતિરતિ બ્રાહ્મણ તરીકે એજ ગજપુર નગરમાં ઉત્પન્ન થયો છે, તે કુલંકર રાજાની દીક્ષાની ભાવના જાણીને રાજાને કહે છે કે, "જૈનધર્મ એ કાંઇ આપનો કુળનો ધર્મ નથી; છતાંય તમારે દીક્ષા લેવી જ હોય તો ઉતાવળ શી છે ? રાજ્યસુખોને ભોગવીને છેલ્લી વયે દીક્ષા લેજો ! અત્યારે ખેદ પામવાની કાંઇ જરૂર નથી.' શ્રુતિરતિની આવી વાત સાંભળતાં જ રાજાનો દીક્ષા લેવાનો ઉત્સાહ સ્હેજ ભગ્ન થઇ ગયો; અને 'હવે મારે કેમ કરવું ?' તેના વિચારમાં એ પડ્યો. રાજા જો દીક્ષિત બની જાત તો સારૂં થાત; પણ ભવિતવ્યતા એવી કે, 'હવે મારે શું કરવું ?' એવો વિચાર કરતો તે સંસારમાં રહ્યો અને એથી આપણે જોઇ ગયા છીએ કે, તેની શ્રીદામા નામની પત્નીએ જ તેને ઝેર દઈને મારી નાખ્યો !

શ્રીદામાને પેલા શ્રુતિરતિ સાથે આડો વ્યવહાર હતો. તેને શંકા પડી કે, રાજા અમારો સંબંધ જાણી ગયો છે અને અમને મારી નાંખશે. આવી શંકા પડવાથી તે કુલ્ટા સ્ત્રીએ વિચાર કર્યો કે, 'રાજા અમને બંનેને મારી નાખે, તે પહેલા હું જ તેનું કાસળ કાઢી નાખું !' શ્રીદામા રાણીએ તેના યાર શ્રુતિરતિ પુરોહિતની એમાં સંમતિ માંગી. જે શ્રુતિરતિએ રાજાને દીક્ષા નહિ લેવાની સલાહ આપી હતી, તે જ શ્રુતિરતિએ રાજાને વિષ દેવાની વાતમાં સંમતિ આપી !

પાપી આત્માઓ મોટે ભાગે શંકિત રહ્યા જ કરે છે ! ભલે કોઈ ન જાણે પણ એને તો ભય રહ્યાજ કરે અને વાત વાતમાં શંકા થયા કરે !

 જેટલા ચોર એટલા સુખે જીવેય નહિ અને સુખે ઉંઘી શકેય નહિ ! ભલે પોલીસ ન જાણતી હોય, પણ એને તો થડક હોય જ ! ખરેખર આથી જ કહેવાય છે કે પાપી સર્વત્ર શંકિત હોય છે. અને આ પ્રસંગમાં પણ એમજ બન્યું છે.



### પાપીની પાપ સલાહ માનવી જ નહિ

રાજાને સંયમ લેવાની ઇચ્છા થઇ ત્યારે સાથી સારો મળ્યો હોત તો કલ્યાણ થાત, પણ સાથી ઊંધો મળ્યો, એટલે બધું ઊંધું જ થયું. ન સમય સધાયો, ન ભોગ ભોગવાયા, અકાળે મરવું પડ્યું અને સંસારમાં રૂલવું પડ્યું. દુર્ગતિમાં જતાં રોકે કોણ ? ખોટી સલાહ આપનારો પેલો શ્રુતિરતિ ત્યાં ખબર લેવા ન ગયો ! સલાહકારો સાથે આવશે એમ ન માનતા ! પાપીની પાપ સલાહને આધીન ન થવું એવી જ્ઞાનીઓની શિખામણ છે. પાપની સલાહ આપનારા કાંઇ પાપના પરિણામે પ્રાપ્ત થયેલા દુ:ખમાં ભાગ નહિ લે !

### સ્વાર્થી સંસાર

દુનિયા સ્વાર્થી છે. સુખમાં સૌ ભાગ લે અને દુ:ખમાં કોઇ નહિ ! જમવા ઠંડે કલેજે આવે અને રોવા આવે ત્યારે ખોટું રૂએ. દુ:ખમાં ભાગ લેવાના બ્હાને આવે, પોક મૂકે, ઢોંગ કરે, પણ તમામ ખોટું ! પાછળથી તો હસતા જાય ! હવે તો વળી ત્યાં પણ લાડવા અને ચવાણું ખાવાના રિવાજ થયા. સ્મશાને મડદું બાળવા જાય ત્યાં આ શોભે ? આ લાગણી છે ? જો કે મોહથી થતી મમતા પ્રશંસનીય નથી, પણ પ્રેમની વાતો કરનારા કેટલા બધા સ્વાર્થી છે એ જોવાનું છે ! માલ જમવા આવે ત્યારે નિરાંતે પેટ ભરીને ખાય અને રોવામાં કેવળ ઢોંગ કરે; જરાય સાચું ન રડે ! મોટેભાગે તો સામાને રોવડાવવા પૂરતા જ બહારના આવે છે. ઉંહું કરતા જાય પણ તે મોઢું ઢાંકીને. બાઇઓ વેંત વેંત કુદે ખરી, પણ કુટે છાતી સાચવીને ! કુટે ત્યારે અવાજ હાથ ઉપરનો થાય. સંસાર ભયંકર છે. નિકટના સગાઓ રૂએ તેય પ્રેમને લઇને જ એમ નથી. મોટો ભાગ તો પોતાના સ્વાર્થને રડે છે.

## પાપ કરશો તો તેનું ફળ ભોગવવું જ પડશે

આથી જ ડાહ્યા માણસો કહે છે કે કોઈની પણ સલાહ માનતાં પહેલાં વિચાર કરજો ! ફલાણાના કહેવાથી કે ફલાણાએ મને ખોટી સલાહ આપી ઉશ્કેરવાથી મેં પાપ કર્યું આવો બચાવ કર્મસત્તા પાસે નહિ ચાલે. ખોટી સલાહ આપનારને તેના પાપનું ફળ જરૂર ભોગવવું પડશે, પણ એથી ખોટી સલાહ માનીને પાપ કરનાર પાપની સજાથી બચી જશે એમ ન માનતા. આથી જ કહેવાય છે કે સ્નેહી હોય કે સગોબાપ હોય પણ પાપની સલાહ કોઈનીય માનવી નહિ.

## પાપથી ધ્રુજવું જોઈએ

પણ એ બને ક્યારે ? પાપ ખટકે તો ને ? તમને પાપ ખટકે છે? ગરીબી ખટકે છે એટલું પાપ અટકે છે ? મોટર નથી, સત્તા નથી, કીર્તિ નથી, એ જેટલું ખટકે છે, તેટલું પાપ ખટકે છે ? મોટર વગેરે મેળવવાને માટે જેટલા વિચારો અને પ્રયત્નો કરો છો, તેટલા વિચારો અને પ્રયત્નો પાપથી બચવા માટે કરો છો. પાપ કેમ બંધાય ? શાથી બંધાય ? એ બધું જાણવાની દરકાર છે ? પાપના પરિણામથી કોણ ધ્રુજતું નથી ? સૌ ધ્રુજે છે. જૈન તો પાપથી ધ્રુજે ! પાપપ્રવૃત્તિ કરવી પડે તોય તે પરિતાપપૂર્વક કરે, પાપ પ્રવૃત્તિમાં સાચા જૈનને કોઈ પણ કાળે ઉપાદેય બુદ્ધિનો રસ હોય નહિ. ધર્મપ્રવૃત્તિમાં રસ અને પાપપ્રવૃત્તિમાં પરિતાપ, આટલું આવી જાય તો આ જીવનનો સદુપયોગ થઈ જાય. કરવું છે ?

## આત્મસ્વભાવને પ્રગટાવવાની ઈચ્છાથી રહિત અને માત્ર પરભાવમાં જ રમનાર એ જૈન નથી

ખેર, કુલંકર રાજા મર્યા પછીથી અમુક કાળે શ્રુતિરતિ પણ મરણ પામ્યો અને એ ભવનો સંબંધ પૂર્ણ થયો. આ પછીથી તે બન્નેય જીવો ચિરકાળ પર્યંત અનેક યોનિઓ દ્વારા સંસારમાં ભટક્યા. સંસારમાં ભટકવાનું જ છે ને ? એક ભવમાંથી બીજા ભવમાં અને બીજા ભવમાંથી ત્રીજા ભવમાં ! સંસારમાં ભટક્વું અને બાંધેલા પાપ પુણ્યનું ફળ ભોગવવું તેમજ નવાં નવાં કર્મો ઉપાર્જવાં

અને ભટકવું. એ સંસારી જીવો માટે નવું નથી. નવાઈ આત્મા અશુભકર્મ બાંધતો અટકે અને આત્મસ્વભાવને પ્રગટાવનારી ક્રિયામાં જોડાય એની છે. સંસારમાં નવાઈ જેવું આ છે અને જૈનો માટે એનો અભાવ એ નવાઈ રૂપ છે ! જૈન એટલે અશુભકર્મ ન બંધાય તેની કાળજી રાખનારો અને આત્મસ્વભાવને પ્રગટાવનારી પ્રવૃત્તિને યથાશક્ય આચરનારો ! આત્મસ્વભાવને પ્રગટાવાની જેનામાં ઈચ્છા નથી અને જે માત્ર પરભાવમાં જ રમે છે તે જૈન નથી. પોતાને જૈન તરીકે ઓળખાવનારાઓએ આ સમજવાની જરૂર છે. આજે જેટલા જૈન તરીકે ઓળખાય છે તે બધા જ જો આવા હોત તો જૈન સમાજમાં આજે આ દીક્ષાના ઝઘડા ન હોત. દેવદ્રવ્યને અને તેના નિયમનોને ઉડાવવાની વૃત્તિ ન હોત. વેષધારીઓ મહાલી શકતા ન હોત અને સુધારાને નામે જે ભયંકર સડો પેઠો છે તેમજ પેસી રહ્યો છે તેનું નામનિશાને ય ન હોત ! જૈન સમાજને ઉન્નત બનાવવાની વાતો કરી, જૈન સમાજને મહાઅધોગતિને માર્ગે ઘસડી રહેલા વેષધારીઓને તેમજ કહેવાતા સુધારકોને કહો કે જૈન સમાજની સાચી ઉન્નતિ કરવી હોય તો આત્મસ્વભાવ પ્રગટાવવાનું લક્ષ્ય સૌમાં કેળવાય એ માટે મહેનત કરો ! પણ કરે ક્યાંથી ? જ્યાં પોતાનું ઠેકાણું નથી ત્યાં બીજાનું એવા શું સુધારે ? કહો કે કશું જ નહિ. એવાઓ તો જેટલું ન બગાડે તેટલું ઓછું.

### જોડીયા ભાઈ તરીકે ઉત્પન્ન થવું

અહીં તો કુલંકર અને શ્રુતિરતિ બન્નેયના જીવો ચિરકાળ પર્યંત વિવિધ યોનિઓ દ્વારા સંસારમાં ભમીને રાજગૃહ નગરમાં, કપિલ નામના બ્રાહ્મણને ઘેર, તેની પત્ની સાવિત્રીની કુક્ષિથી બન્નેય એક સાથે ઉત્પન્ન થયા. એકનું નામ રાખ્યું વિનોદ અને બીજાનું નામ રાખ્યું રમણ. વિનોદ ઘેર રહ્યો અને રમણ વેદ ભણવાને માટે દેશાંતર ચાલ્યો ગયો. રમણ જ્યારે દેશાંતરમાં વેદનો અભ્યાસ કરી રહ્યો છે, ત્યારે અહીં વિનોદ એક શાખા નામની કન્યા સાથે પરણે છે, પણ વિનોદની પત્ની કુલટા છે, વ્યભિચારિણી છે.

**વિષયભોગની ઈચ્છાને સફળ ન થવા દેવી**

સંસારમાં એ નવાઈરૂપ નથી. વિષયોપભોગની લાલસામાં પડેલા આત્માઓ કયું પાપ ન કરે? એ કહેવાય જ નહિ. વિષયભોગની ઈચ્છા એવી વસ્તુ છે કે એ પ્રબળ બને તો આદમીને પાગલ બનાવી દે આથી જ જ્ઞાનીઓએ વિષયભોગની ઈચ્છા જન્મે એવા વાતાવરણથી દૂર રહેવાને ફરમાવ્યું છે. વિષયસામગ્રી ન છૂટે તોય એના અતિ પરિચયમાં ન રહેવું. પરિચયમાં એવાના રહેવું કે જેથી વિષયભોગની ઈચ્છા જન્મી હોય તોય શમી જાય. વિષયભોગની ઈચ્છા ઉપર કાબૂ મેળવવો એ ઘણું મુશ્કેલ કામ છે, એ માટે અભ્યાસ કરવો જોઈએ. ધીરે ધીરે કાબૂ આવી જાય. વિષયવૃત્તિને વધારે તેવી સામગ્રીથી દૂર રહેવું, સારા વાતાવરણમાં રહેવું, મનને સદ્વિચારોમાં યોજવું. દુર્વિચાર આવતાંની સાથે જ તેને કાઢી નાખવા તત્પર બનવું, તેવા વખતે એકાંતમાં નહિ રહેતાં સારાઓની પાસે ચાલ્યા જવું. આમ વિષયભોગની ઉત્પન્ન થયેલી ઈચ્છાને સફળ નહિ થવા દેવી. આ રીતે વર્તતાં વર્તતાં આત્મા પોતાની નિર્વિકારી દશાને પ્રગટાવી શકે છે.

**સમાનતાની થઈ રહેલી વાતો કરીને રહી - સહી શાંતિનો નાશ ન કરો**

વિનોદને સ્ત્રી તો મળી, પણ વ્યભિચારિણી મળી. જેની સ્ત્રી વ્યભિચારિણી હોય તેના જીવનનો ભરોસો નહિ ! પુરૂષ કરતાં સામાન્ય રીતે સ્ત્રીમાં કામવાસના ઘણી હોય છે. પુરૂષની કામેચ્છા જેટલી જલ્દી શમી શકે છે, તેટલી જલ્દી સ્ત્રીની કામેચ્છા શમતી નથી, આવો સામાન્ય સ્વભાવ છે પુરૂષમાં અને સ્ત્રીમાં અવયવો વગેરેમાં પણ એટલો કુદરતી ભેદ છે કે પુરૂષ કરતાં સ્ત્રીનું શરીર વધારે અશુચિમય હોય છે. સ્ત્રીનો સ્વભાવ કુદરતી રીતે ઈર્ષ્યા, સાહસ વગેરે દુર્ગુણોવાળો હોય છે. એને નિયંત્રણ જોઈએ. અપવાદ બધે હોય પણ આપવાદિક વાતોનો ઉપયોગ સર્વસાધારણ વિધાનો વિરૂદ્ધ કરવાનો

 ન હોય. સ્ત્રી ભોગ્ય અને પુરૂષ ભોક્તા એમ ખાલી નથી કહ્યું, જ્યાં સ્ત્રીઓના પુનર્વિવાહની છૂટ છે, ત્યાં સ્ત્રીઓના હાથે પુરૂષોનાં કેટલા ખૂન થયાં એની તપાસ કરો ! પુનર્વિવાહવાળાને સમજાવો કે જૈન સમાજની રહી સહી શાંતિનો નાશ ન કરો ! બાઇઓમાં રહેલી કુલવટની ભાવનાનો, પવિત્ર મર્યાદાના નાશ ન કરો ! એક મૂઆ પછી બીજો થાય છે એમ લાગશે, એટલે પ્રતિકૂળતા વેઠીને પણ પતિસેવા થાય છે અને એમ કરતાં પરસ્પર અનુકૂળતા થઇ જાય છે એ નહિ થાય; ઉલટું પતિને ઝેર દેવાના કિસ્સાઓ વધવા માંડશે. પુનર્વિવાહ એ પાપ રિવાજ છે. જે જમાતમાં એ રિવાજ છે, તે જમાતમાં પણ એ નહિ કરનારા ઉંચા ગણાય છે; સારા ગણાય છે; પંચની ગાદી એવાને જ મળે છે; નાતરાં કરનારાઓને પ્રાય: તે ગાદી મળતી નથી સમાનતાને નામે આજે વાહીયાત વાતો થઇ રહી છે, પણ ભોગ્યને ભોક્તા બનાવવાનો પ્રયાસ નિરર્થક છે. આજની ચળવળ, આજના ભયંકર વિચારો, દુનિયાના મહા અશુભોદયની તૈયારી સૂચવી રહ્યા છે. એ લોકોને કહો કે ઓફીસે છ કલાક બેઠા પછી ઘેર આવો છો અને જે તૈયાર રસોઇ મળે છે તે પછી નહિ મળે, પછી મર્યાદા નહિ રહે. બાઇઓએ પણ સમજવું જોઇએ. શીલથી ભ્રષ્ટ કરનારી વાતોને સાંભળવાથી પણ દૂર રહેવું જોઇએ. સમાનતાના નામે આજે અનેક બાઇઓ આ વિનોદની સ્ત્રીના જેવી દશા તરફ ઘસડાઇ રહીછે એ ન ભૂલો.

હવે અહીં શું બને છે તે જોઇએ. કેટલોક સમય વીત્યા બાદ રમણ વેદ ભણીને પોતાના ગામે પાછો ફરે છે. ગામમાં આવતાં પહેલાં રાત પડી જાય છે અને એથી અકાળે આવેલા તેને દ્વારપાલો નગરમાં પેસવા દેતા નથી. રમણ વિચાર કરે છે કે સવારે ગામમાં જઇશું અને એથી રાત ગાળવાને માટે તે એક યક્ષમંદિરનો આશ્રય લે છે. ત્યાં કોઇ પૂછે જ નહિ ગમે તે આવે ને ગમે તે જાય. વ્યભિચારીઓ અને

ચોટ્ટાઓ પણ એવું સ્થાન ઘણીવાર પસંદ કરે છે. રમણ સુઇ તો ગયો, પણ આજે આ સ્થાનમાં તેનું મૃત્યુ થવાનું છે.

મૃત્યુ ક્યારે અને ક્યાં થશે એની ખબર જ્ઞાનીઓને પડે, આપણને નહિ. આપણે તો એવું જીવન જીવવું કે જેથી કોઇપણ સ્થાને અને કોઈપણ પળે મૃત્યુ થાય, તોય ચિંતા ન રહે ! મૃત્યુથી ડર્યે મૃત્યુ નહિ આવે એમ નહિ બને ! મૃત્યુ થવાનું એ નિશ્ચિત વાત છે અને ક્યારે થવાનું તે આપણે જાણતા નથી, તો મૃત્યુ માટે સદા તૈયાર રહેવું એ જ ડહાપણને ?

**સભા:** હાજી.

**પૂજ્યશ્રી** : તો પછી મૃત્યુ માટે તૈયાર રહેનારાનું જીવન કેવું હોવું જોઈએ ? આ જીવન દ્વારા સાધવા યોગ્ય સાધવામાં જે મશગુલ હોય, તે જ મૃત્યુ માટેની તૈયારીવાળો છે એમ ગણાય; કારણકે મૃત્યુ ગમે ત્યાં અને ગમે ત્યારે આવે તો પણ એને મૂંઝવણ ન થાય !

રમણ ઉંઘી ગયા બાદ, તેના જ મોટાભાઈ વિનોદની શાખા નામની પત્ની ત્યાં આવી પહોંચી.

**સભા:** ત્યાં કેમ આવી ?

**પૂજ્યશ્રી** : શાખાને દત્ત નામના એક બ્રાહ્મણની સાથે સંબંધ હતો અને તેથી 'આજે રાતના યક્ષમંદિરમાં મળવું' એવો તેણે સંકેત કર્યો હતો. એ સંકેત મુજબ યક્ષમંદિરે આવવાને શાખા નીકળી, ત્યારે વિનોદ પણ તેની પૂંઠે ચાલ્યો. વિનોદને વહેમ પડી ગયો છે અને તેથી તેનાં પાપને પકડવા તે તત્પર બન્યો છે. શાખાની પાછળ તેનો પતિ વિનોદ ખડ્ગ સહિત યક્ષના મંદિરમાં આવ્યો, પણ શાખાને તેની ખબર નથી. શાખા એટલી બધી કામાધીન બની ગઇ છે કે અત્યારે તેને બીજું જોવાની કે જાણવાની દરકાર નથી. કામાન્ધોની દશા આવી બને તેમાં નવાઇ પામવા જેવું નથી. અહીં પણ બને છે એવું કે કોઇપણ કારણસર, પેલો દત્ત નામનો બ્રાહ્મણ, કે જેની સાથે શાખાએ સંકેત કરેલો છે, તે આવ્યો નથી; અહીં તો પેલો રમણ સૂતેલો

 છે. શાખા તેને ઢંઢોળે છે અને ઉઠાડે છે. શાખા એને એ દત્ત માને છે અને એની સાથે જ રતિક્રીડા કરે છે !

રમણ અને શાખાની રતિક્રીડાને જોતા વિનોદે, આવેશમાં આવી જઇને પોતાના ખડ્ગથી રમણને મારી નાખ્યો. વિનોદે રમણને મારવાનો પ્રયત્ન કર્યો એટલે બંને વચ્ચે ઝપાઝપી થઇ. પણ રમણ પાસે છરી હતી અને વિનોદ પાસે તલવાર હતી, એટલે બેની લડાઈમાં રમણ મરણ પામ્યો.

હવે રમણ મરી ગયો, પણ શાખાએ જોયું કે, પાપ પકડાઈ ગયું ! પોતાનું પાપ જાણનારો જીવતો ન જવો જોઈએ. એવો શાખાએ નિર્ણય કર્યો. અને રમણની છરીથી જ તેણે પોતાના સ્વામી વિનોદને મારી નાખ્યો. ભયંકર પાપો કરનારા અને મર્યાદા મૂકી અનાચાર સેવનારા, અવસરે, કેવા ક્રૂર બને છે તે જુઓ ! આ રીતિએ બેઉ ભાઈનું સાથે જ ગણાય તેમ મૃત્યું થયું.

### મોક્ષમાર્ગની આરાધના કરનારાઓ જ જીવનને સફળ બનાવે છે

દેશભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ ફરમાવે છે કે તે વિનોદ અને તે રમણ ત્યાંથી મરીને ફરી પાછા ચિરકાળ પર્યંત અનેક ભવોમાં ભટક્યા. કોઇ પુણ્યના યોગે વિનોદને અને રમણને મનુષ્યભવની પ્રાપ્તિ થઇ ગઇ હતી પણ મનુષ્યજીવનની સાર્થકતા તેઓ સાધી શક્યા નહિ. તેમને તેવી સામગ્રી મળી નહિ અને સંયોગો એવા આવી મળ્યા કે બન્નેયનું ઘણી ખરાબ રીતે મરણ થયું. **"મનુષ્યજીવનની સાર્થકતા ન સધાઇ એટલે ચિરકાળ ભવભ્રમણ કરવું પડ્યું. મનુષ્ય જન્મની સાર્થકતા સાધવામાં જે ઉપેક્ષા સેવે, તેની આવી દશા થાય તે સ્વાભાવિક છે. ભવભ્રમણ ન જોઈતું હોય, ભવભ્રમણ ન ગમતું હોય તો જ્ઞાનીઓ ફરમાવે છે કે જીવન સાર્થકતા સાધવા મથો !"** જીવનસાર્થકતા સાધવાના જ્ઞાનીઓએ ઘણા ઉપાયો દર્શાવ્યા છે. જેનાથી જે ઉપાયો દ્વારા શક્ય હોય તે ઉપાયો દ્વારા જીવનસાર્થકતા સાધવાની છે.

જીવનસાર્થકતા સાધી ત્યારે જ કહેવાય કે જ્યારે આત્મા ઉપર લાગેલાં કર્મો બહુ ઘટી જાય, ભવભ્રમણ પરિમિત બની જાય, દુર્ગતિ અટકી જાય અને મુક્તિ નિકટમાં આવી જાય. એ માટે મોક્ષમાર્ગની આરાધના કરવી જોઈએ. મોક્ષમાર્ગ કયો? રત્નત્રયી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર - આ ત્રણના યોગને મોક્ષમાર્ગ કહેવાય છે. આ ત્રણની આરાધના એ મુક્તિમાર્ગની આરાધના અને તે સિવાયની જેટલી પ્રવૃત્તિઓ તે મુખ્યત્વે ભવભ્રમણનું કારણ. આથી સ્પષ્ટ છે કે મુક્તિ માર્ગની આરાધનામાં જેનું જીવન પસાર થાય તેનું જ જીવન સાર્થક છે, કારણકે એના યોગે ભવભ્રમણ નષ્ટ અગર પરિમિત થઈ ગયા વિના રહેતું જ નથી.

ચિરકાળ પર્યંત ભવભ્રમણ કરીને વિનોદ એક શ્રેષ્ઠીને ત્યા જન્મ્યો અને તેનું નામ 'ધન' રાખવામાં આવ્યું. તે ધનશ્રેષ્ઠીએ લક્ષ્મી નામની એક કન્યા સાથે લગ્ન કર્યું અને એ જ લક્ષ્મીની કુક્ષિમાં, ચિરકાળ પર્યંત ભવભ્રમણ કરીને, રમણનો જીવ ઉત્પન્ન થયો. વિનોદ અને રમણ ઘણા કાળ પૂર્વે રાજાઓ હતા, પછી એક રાજા બન્યો ને બીજો પુરોહિત બન્યો, તે પછી ઘણા કાળે બન્ને જોડીયા ભાઈ બન્યા અને તે પછી ઘણા કાળે અહીં તે બન્નેય પિતા - પુત્ર બન્યા, સંસારમાં આમ ચાલ્યા જ કરે છે. ભવે ભવે આત્માને નવા નવા સંબંધો પ્રાપ્ત થાય છે, ને તૂટે છે અને નવા સંધાય છે. આ ભવની પત્ની બીજા કોઈ ભવમાં પતિ બને, દીકરો બાપ બને, માતા પત્ની બને, એવું ચાલ્યા જ કરે છે; એટલે આવા કર્મજન્ય સંબંધોમાં નહિ મૂંઝાતા, વિવેકશીલ આત્માએ તો જ્ઞાનીઓએ ફરમાવેલા માર્ગની સાધનામાં જ તત્પર બની જવું જોઈએ.

વિનોદનો જીવ ધનશ્રેષ્ઠી પોતાના પુત્રપણે ઉત્પન્ન થયેલા રમણનું નામ ભૂષણ રાખે છે અને બત્રીશ શ્રેષ્ઠીકન્યાઓ સાથે તેને પરણાવે છે. હવે એકવાર તે ભૂષણ પોતાની બત્રીશેય પત્નીઓ સાથે ક્રીડા કરતો અગાશીમાં બેઠો છે. રાત્રિના ત્રણ પ્રહરો એમ વીતી જાય છે

 અને રાત્રિનો ચોથો પ્રહર શરૂ થઈ જાય છે. એ વખતે શ્રીધર નામના એક મુનિવર કેવળજ્ઞાન પામે છે અને દેવતાઓ તેનો મહોત્સવ આરંભે છે. એ જોતાં ભૂષણના અંતરમાં ધર્મના પરિણામો પ્રગટે છે.

**ધર્મમહોત્સવો ધર્મભાવના વગેરે ઉત્પન્ન કરવાના હેતુરૂપ છે, માટે જરૂરી છે**

દેવતાઓ સ્વયં વિરતિ કરી શકતા નથી. વિરતિ એમને માટે શક્ય નથી. ભગવાન પાસે જાય ત્યારેય એ ભોગક્રિયાથી સર્વથા પર હોતા નથી. ભોગસામગ્રીનો દેવોને યોગ એવો છે કે દેવતાઓ ધારે તોય દેશવિરતિ કે સર્વવિરતિ બની શકે નહિ. દેવતાઓ વધુમાં વધુ ચોથા ગુણસ્થાનકે હોય, તિર્યંચો વધુમાં વધુ પાંચમાં ગુણસ્થાનકે હોય, જ્યારે મનુષ્યો ક્ષીણકર્મી બનતા આગળ વધે તો છેક ચૌદમા ગુણસ્થાનકે પણ પહોંચી શકે. જો કે આ કાળમાં આ ક્ષેત્રમાં એવી આરાધના કરનાર નથી, કે જેથી ક્ષપકશ્રેણિ માંડી શકે; છતાંપણ દેવતાઓ અને તિર્યંચોથી ઉંચિ સ્થિતિએ તો મનુષ્યો પહોંચી શકે છે. વિરતિ એ મનુષ્યજન્મની ઉત્તમતાનું મુખ્ય કારણ છે. દેવતાઓ માટે એ શક્ય નથી, છતાં પણ ઉત્તમદેવો કલ્યાણકોત્સવ વગેરે દ્વારા દેવ ગુરુની ભક્તિ કરવાને ચૂકતા નથી.

દેવ - ગુરુની ભક્તિ નિમિત્તે અને ધર્મની આરાધના નિમિત્તે થતા મહોત્સવો પણ અનેક આત્માઓમાં ધર્મપરિણામ ઉત્પન્ન થવાના નિમિત્તરૂપ છે. આજે આવા મહોત્સવો કેટલાકોને ખટકે છે. કહે છે કે, 'એમાં દ્રવ્યનો ધુમાડો થાય છે !' એવું બોલનારાઓ એમણે માનેલા પોતાના નેતાના સ્વાગત માટે, એમણે માનેલા વાવટા-ધ્વજના વંદન માટે અને એમણે ભેગી કરવા ધારેલી સભાઓને માટે કેટલો ખર્ચ કરે છે, એ જુઓ !

**સભા:** એમાં તો લોકમાં દેશસેવાની લાગણી ઉત્પન્ન કરવાનો અને ઉત્તેજવાનો હેતુ છે.

**પૂજ્યશ્રી** : તો પછી ધર્મના મહોત્સવોમાં ધર્મની લાગણી ઉત્પન્ન

કરવાનો હેતુ છે. ધર્મના મહોત્સવો જોઇને લઘુકર્મી આત્માઓ અનુમોદના કરે, ધર્મની આરાધના કરવાની ભાવનાવાળા બને, એ નિમિત્ત પામીને પણ ધર્મનો અને ધર્માત્માનો વિચાર કરે, આ હેતુ છે. ધર્મની લાગણી ઉત્પન્ન કરનારા મહોત્સવોને નિરર્થક કેમ કહેવાય ? એમાં વપરાતા પૈસાનો ધુમાડો થાય છે એમ કેમ કહેવાય ? જેને ધર્મની લાગણી ન હોય તે જ એવું બોલે અને એવાઓ બોલે કે બળે તેથી ધર્મમહોત્સવો ન અટકે ! એમાંના કેટલાક ધર્મદ્વેષી છે અને એથી ધર્મની દરેક ક્રિયા સાથે એમને વૈર છે! એવા સંસારભ્રમણના સાગરીતોનું કહ્યું તે માને, કે જેને સંસારભ્રમણ વધારવું હોય !

શ્રીધર નામના મુનિવરને ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનનો દેવતાઓએ આરંભેલો મહોત્સવ જોઇને ભૂષણના અંતરમાં ધર્મના પરિણામો ઉત્પન્ન થયા. ધર્મના પરિણામો ઉત્પન્ન થતાંની સાથે જ તે ઉભો થઇ ગયો. થોડીવાર પહેલાં તો પોતાની બત્રીશેય પત્નીઓની સાથે તે ક્રીડા કરતો હતો. પણ એક સુંદર નિમિત્ત મળ્યું, એટલું જ નહિ પણ ફળ્યું ધર્મના પરિણામ ઉત્પન્ન થયા: અને એથી મુનિને વંદન કરવાનો ઉત્કટ ભાવ થવાથી તેણે બત્રીશેયને મૂકીને તે જ વખતે ચાલવા માંડ્યું. જેના અંતરમાં ધર્મના પરિણામો ઉત્પન્ન થયા હોય તેને માલુમ પડે કે ધર્મના પરિણામો પ્રગટતાંની સાથે જ આત્મામાં કેવું પરિવર્તન થઇ જાય છે ! કલ્યાણકારી પરિવર્તન જોઇએ તો ધર્મના પરિણામો ઉત્પન્ન કરવાની મહેનત કરો, મુનિવરને વંદન કરવાની શુભ ભાવનાથી ભૂષણ જઇ રહ્યો છે. પણ મહાત્માનાં દર્શન થાય અને તેમની દેશના સાંભળીને ધર્મની આરાધનામાં લીન બની કલ્યાણ સાધી શકે, એવું ભૂષણનું ભાગ્ય નથી. મહાત્માનાં દર્શન પણ ભાગ્ય હોય તો થાય ને ? માર્ગમાં ભૂષણને સાપ કરડ્યો અને એથી તેનું મૃત્યુ નિપજ્યું.

સારી સામગ્રી મળવી અને ફળવી, એ માટે સુંદર ભવિતવ્યતા જોઇએ. ભગવાન વિચરતા હતા તે વખતે પણ દુર્ભવ્ય આત્માઓ અને અભવ્ય આત્માઓ ભવભ્રમણની જ કાર્યવાહી કરી રહ્યા હતા. ભગવાન

 મળ્યા પછી પણ ફળે કોને ? સારી ભવિતવ્યતા હોય તેને. ભગવાન શ્રી મહાવીરદેવની સભામાં ૩૬૩ પાખંડીઓ હતા ને ? શ્રી જિનેશ્વરદેવ જેવા તારકની અતિશય સંપન્ન વાણી સાંભળવા છતાં પણ એ બિચારાઓ પાખંડી રહ્યા, તો વિચારો કે એમની કેવી કારમી ભવિતવ્યતા હશે ? એ બિચારાઓ કેટલા બધા દયાપાત્ર ? ઉત્તમમાં ઉત્તમ યોગ મળ્યો, પણ કમનસીબ એવા કે પાખંડથી ઘેરાયેલા રહ્યા. આમાં ભગવાનનો દોષ ? ભગવાનની ખામી ? આજનાઓ કહે છે કે, અમે ન સમજીએ તેમાં ખામી ગુરુની ! એવાઓ પ્રયત્ન કર્યા પછી બોલતા હોય તો તો સમજ્યા, પણ કશોય પ્રયત્ન કરે નહિ અને ગુરુની ખામી કહે, ત્યારે માનવું પડે કે, બિચારા પામરો પોતાની ભૂલ અને પોતાની ખામી છૂપાવવાના ઈરાદાવાળા છે, તેમજ સાથે એટલી બધી અયોગ્યતા ધરાવે છે કે, પોતાની ખામી ખાતર ગુરુને બદનામ કરતાં પણ એમને આંચકો આવતો નથી. ગુરુમાં ખામી ન જ હોય એમ આપણે કહેતા નથી. ગુરુઓ વીતરાગ કે સર્વજ્ઞ નથી, કષાયોથી સર્વથા પર નથી તેમજ બધું જાણે છે એમ પણ નથી. ગુરુઓમાં ખામી અને અજાણપણું હોય, પણ તે તેમના પદને કલંકરૂપ ન જોઇએ. વાત એ છે કે માણસે વસ્તુ સ્વરૂપ જાણવાના અર્થી બનવું જોઇએ, જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ, ન સમજાય તે સમજવા વધુ મહેનત કરવી જોઇએ અને તે પછી જ મર્યાદામાં રહીને બોલવું જોઇએ !



ભૂષણને સર્પ ડસ્યો, પણ અત્યારે તે શુભ પરિણામમાં હતો. શુભ પરિણામમાં મરે તે શુભ ગતિમાં જ જાય એ નિયમ. મરતી વખતે આત્મા જેવા પરિણામોમાં વર્તતો હોય, તેવી તેની ગતિ થાય છે અને પૂર્વે આયુષ્યબંધ પડી ગયો હોય તો મરણ સમયે તે જ પ્રકારના પરિણામ ઉત્પન્ન થઇ જાય છે. ભૂષણ ત્યાંથી મરીને શુભ ગતિમાં ઉત્પન્ન થયો અને ધર્મના પરિણામ, મુનિવંદનની ભાવના તથા મુનિવંદન માટે જવાની પ્રવૃત્તિ એ બધાના યોગે તે હવે શુભ

ગતિઓમાં ભમવા લાગ્યો. નિર્નિદાન ધર્મવૃત્તિ શુભ પરંપરાને વધારનારી નિવડે છે. ભૂષણના જીવને અત્યાર સુધી અશુભ ગતિઓમાં ભમવાનું થયું હતું, તે હવે શુભ ગતિઓમાં ભમવાનું થયું.

ચિરકાળ પર્યંત શુભ ગતિઓમાં ભ્રમણ કર્યા બાદ, દેશભૂષણ નામના કેવળજ્ઞાની મુનિવર ફરમાવે છે કે તે ભૂષણનો જીવ જંબુદ્વીપના અપરવિદેહ નામના ક્ષેત્રમાં આવેલા રત્નપુર નામના નગરમાં અચલ નામના ચક્રવર્તીની હરિણી નામે પત્નીની કુક્ષિથી પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ પ્રિયદર્શન રાખવામાં આવ્યું.

સ્વભાવથી જ તે ધર્મતત્પર હતો. થોડા સમયના ધર્મ પરિણામો પણ આત્માને કઇ રીતે મોક્ષની નિકટ લાવતા જાય છે એ જુઓ ! બાળવયમાં જ પ્રિયદર્શનના હૃદયમાં દીક્ષા લેવાની ભાવના ઉત્પન્ન થઇ. પૂર્વના સુસંસ્કારોના યોગે અને તેવા કર્મનો ક્ષયોપશમ થવાથી બાળવયમાં પણ દીક્ષા લેવાની ઇચ્છા થાય એ શક્ય છે. એવો બાળક પોતાના હૃદયની યથાર્થતાને વ્યક્ત ન કરી શકે એ બને, બીજાને સમજાવી ન શકે, પણ સ્વાભાવિક રીતે જ તે સંયમી બનવાની ભાવનાવાળો હોય. અહીં પ્રિયદર્શનમાં બાળવયથી જ દીક્ષિત બનવાની ઇચ્છા હતી, પણ માતાપિતાને મોહ છે, એટલે આગ્રહ કરીને તેમણે ત્રણ હજાર કન્યાઓ પરણાવી. ત્રણ હજાર કન્યાઓને પરણવા છતાં પણ પ્રિયદર્શન તો સંવેગમાં લીન રહ્યો. આ પ્રભાવ પુણ્યાનુબંધી પુણ્યનો. એ પુણ્ય એવું હોય છે કે ભોગસામગ્રી ઉત્તમ કોટિની આપે અને તે છતાંય વિરાગભાવ ઘટે નહિ પણ વધ્યે જાય !

**પ્રિયદર્શન ગૃહવાસમાં રહીને ઉત્કટ તપશ્ચર્યા કરે છે**

પ્રિયદર્શને ગૃહવાસમાં રહીને પણ ચોસઠ હજાર વર્ષ પર્યંત ઉત્કૃષ્ટ તપનું આરાધન કર્યું. ગૃહવાસમાં રહેવા છતાં પણ પ્રિયદર્શને જે આરાધના કરી છે તે વખાણવા જેવી છે, અનુમોદવા જેવી છે. ગૃહવાસમાં પ્રિયદર્શન રહ્યો તેની અનુમોદના નથી, તેની સંયમી બનવા જેટલી સુંદર ભવિતવ્યતા નહિ, સંયમી જીવન ન પમાયું એટલી ખામી, પણ ગૃહવાસમાં રહીને ય ચોસઠ હજાર વર્ષ ઉત્કટ તપ તપવું એ સામાન્ય

વાત છે ? તપ એ નિર્જરાનું અનુપમ સાધન છે. સંયમ સાથે ય તપ તો જોઈએ જ. તપ વિનાનું સંયમ એ સંયમ નથી. તપ માત્ર ભૂખ્યા રહો તો જ થાય એમ પણ નથી. તપના છ બાહ્ય અને છ અભ્યંતર એમ બાર ભેદો છે. તપની આરાધના એ બારેય ભેદોથી શક્તિ મુજબ કરવી જોઈએ. સંયમી માટે તપ એ ભૂષણ છે અને ગૃહસ્થો માટે તપ એ પરમ સાધના છે. એ સાધના પ્રિયદર્શને કરી અને એથી તે ત્યાંથી યથાકાળે મરણ પામીને બ્રહ્મલોકમાં દેવતા થયો.

**વિનોદનો જીવ સંસારમાં ભમીને મૃદુમતિ તરીકે**

ભૂષણનો જીવ તો આ રીતે શુભ ગતિઓમાં ભમતો ભમતો બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો. પણ વિનોદનો જીવ જે ધનશ્રેષ્ઠીના ભવમાં આવ્યો હતો અને ભૂષણનો પિતા બન્યો હતો. તેનું તે પછી શું થયું અને કઈ રીતે તે પણ બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો, એ વર્ણન હવે આવે છે. તે ધનશ્રેષ્ઠી ત્યાંથી મરીને ચિરકાળ પર્યંત સંસારમાં ભમ્યો. તે પછી પોતનપુર નામના નગરમાં, અગ્નિમુખ નામના બ્રાહ્મણના ઘેર, તેની શકુના નામની સ્ત્રીથી તે પુત્રપણે ઉત્પન્ન થયો અને તેનું નામ મૃદુમતિ રાખવામાં આવ્યું. તે મૃદુમતિ જેમ જેમ વયમાં વધતો ગયો, તેમ તેમ અવિનીતતામાં પણ વધતો ગયો. બાળક અવિનીત બને તેમાં માબાપ પણ જવાબદાર ગણાય. માબાપે કરવો જોઈતો શુભ પ્રયત્ન કર્યો હોય અને તે છતાંય બચ્ચાં ખરાબ નિવડે તો તેમાં તે બાળકોની અસુંદર ભવિતવ્યતા કારણરૂપ ગણાય, પણ માબાપ પોતાની ફરજ ચૂક્યાં હોય તો ? તો તો માબાપ પણ દોષપાત્ર ગણાયને ? બચ્ચાં સારાં અગર ખરાબ નિવડે, તેમાં તેમના પૂર્વભવના સંસ્કાર, આ ભવના સંસ્કાર, તેમની તથાભવ્યતા વગેરે કારણો ગણાય, પરંતુ તેથી માબાપની, વડિલોની અને વિદ્યાગુરુની વગેરેની જવાબદારી ઓછી થતી નથી. સૌએ પોતાની ફરજ અદા કરવી જોઈએ; ફરજ અદા કર્યા પછી બચ્ચાં ખરાબ નિવડે તો નિરૂપાય. મૃદુમતિનાં માતાપિતાએ

પોતાની ફરજ અદા કરી કે નહિ તે જ્ઞાની જાણે. પણ અહીં ફરમાવે છે કે મૃદુમતિ અવિનીત પાકવાથી, તેના પિતા અગ્નિમુખ બ્રાહ્મણે તેને ઘરની બહાર કાઢી મૂક્યો.

### અવિનીત મૃદુમતિનું નિરંકુશ ઉન્માર્ગી જીવન

હવે તો મૃદુમતિ સર્વથા અંકુશ વિનાનો બની ગયો. જ્યાં ત્યાં ભમવા લાગ્યો. સ્વચ્છંદપણે ભમતો તે જુગાર વગેરે સર્વ કળાઓમાં પાવરધો બન્યો તેમજ પાકો ધૂર્ત બન્યો; અને પછી પાછો પોતાને ઘેર આવ્યો. ઘેર પાછા ફર્યા પછી પણ તે જુગાર તો રમતો જ. પાકા જુગારીને જુગાર રમ્યા વિના ચેન ન પડે. આમ જુગાર રમવા જાય છે, પણ ધૂર્તકળામાં નિપુણ હોવાથી કોઈથી જીતાતો નથી. સૌને જીતીને જ એ આવે છે. આથી દિવસે દિવસે તેની ઋદ્ધિ વધતી જાય છે, અને ધીરે ધીરે તે મહાઋદ્ધિ સંપન્ન બની જાય છે. એવા વ્યસનીઓ ધન આવે એટલે શું કરે ? પાપથી આવેલ લક્ષ્મી પ્રાય: પાપમાર્ગે જ જાય. અહીં પણ એમજ બન્યું કારણકે મૃદુમતિ વસંતસેના: નામની વેશ્યા સાથે ભોગ ભોગવવા લાગ્યો. જુગારી તો હતો જ અને હવે વળી વેશ્યાચારી બન્યો.

એક અવિનીતતામાંથી કેટલા દોષો જન્મ્યા ? અવિનીતતા સ્વચ્છંદ આત્માને ઉન્માર્ગે દોરનાર છે. આજે વિનીતતા ભાગતી જાય છે અને સ્વચ્છંદી ગુરુની પૂજા - સેવા, ધર્માત્માઓ પ્રત્યે બહુમાન, શિક્ષકો પ્રત્યે સદ્‌ભાવ, એ વગેરે નષ્ટ થતું જાય છે. નાનપણથી જ ખોટી ખુમારી આવવા માંડે છે અને વડિલોને મૂર્ખા માનવાની દુર્બુદ્ધિ પોષાય છે. અવિનીતતા, એ અનેક અનાચારોનું જન્મસ્થાન છે અને સુવિનીતતા, એ અનેક સદાચારોનું જન્મસ્થાન છે. અવિનીતાવસ્થામા અનાચાર આવવો સહેલો અને સુવિનીતાવસ્થામાં સદાચાર આવવો સહેલો. શાસ્ત્રકાર પરમમર્ષિઓએ ધર્મના અર્થીને ઓળખાવતાં, તેમાંય વિનયને પ્રધાન સ્થાન આપ્યું છે. વિનયગુણ જો યોગ્ય રૂપમાં આવી જાય, તો

 અનેક ગુણોને ઘસડી લાવે એવો એ મહાગુણ છે. જ્ઞાની ઉદ્ધત હોય અને અજ્ઞાની વિનીત હોય, તો ઉદ્ધત રઝળી જાય અને અજ્ઞાની વિનીત જ્ઞાનીની નિશ્રાયે રહીને તરી જાય. અવિનીતતા એ તો એવી ભયંકર વસ્તુ છે કે તે ન હોય ત્યાંથી દોષોને ઘસડી લાવે છે; જ્યારે સુવિનીતતા અનેક ગુણોને આકર્ષિત થવામાં બહુ સહાયક નિવડે છે.

મૃદુમતિ અવિનીત, ધૂર્ત્ત, જુગારી અને વેશ્યાચારી બન્યો; પણ તેની ભવિતવ્યતા એવી સુંદર હતી કે જીંદગીના અંત સુધી તે તેવો જ રહ્યો નથી. એને કોઈ એવા સુયોગ પ્રાપ્ત થઇ જાય છે, કે જે તેના આખાય જીવનને પલટાવી દે છે. મૃદુમતિનું સુંદર પરિવર્તન થઇ જાય છે. અવિનીતતા, ધૂર્તતા, દુર્વ્યસનિતા અને ઉન્માર્ગ-ગામિતા ચાલી જાય છે. એનો એ મૃદુમતિ વિનીત, સરલ અને સંયમી બની જાય છે. તે મૃદુમતિએ વસંતસેના નામની વેશ્યાની સાથે ભોગો ભોગવ્યા બાદ દીક્ષા ગ્રહણ કરી અને એ રીતે આ જીવનને પૂર્ણ કરીને તે મૃદુમતિનો જીવ પણ બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

# દિક્ષાર્થીનું પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઇએ એવો નિયમ નથી

## ૧૩

જીવોનું ભાવ પરાવર્તન ક્યારે થાય છે તે કહી શકાતું નથી, આ શાસ્ત્રવચન દરેક ઘટનાઓમાં સંકળાયેલો છે. શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથીના પૂર્વભવોના વર્ણનમાં એ વાત અને ભવચક્રની વિષમતા આપણે જોઈ ગયા.

દીક્ષાર્થી બનનારનું પૂર્વજીવન દોષરહિત જ હોય તેવો નિયમ નથી, તેમ દીક્ષિત બનતી વખતે પાપવૃત્તિ ન જોઈએ, એ વાત પરમગુરુદેવશ્રીએ આ વિષયના વર્ણનમાં સ્પષ્ટ કરી છે. છેલ્લે, ભૂષણ અને ધન જ શ્રી ભરતજી અને ભુવનાલંકાર હાથી થયા છે, એમ જણાવી અહીં તેઓની પૂર્વવાર્તા પૂર્ણ કરી છે.

આ વાતોથી અધિક વૈરાગી બનેલા શ્રી ભરતજી દીક્ષાનો સ્વીકાર કરે છે, નિરતિચાર પાલન કરે છે ને કેવળી બની મોક્ષે પધારે છે. હાથી પણ જાતિસ્મરણ પામી વિવેકી બન્યો અને અણશણ કર્યું ને બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયો છે. શ્રી કૈકેયીમાતા દીક્ષા સ્વીકારી મોક્ષે પધારે છે.

-શ્રી

# દીક્ષાર્થીનું પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઈએ એવો નિયમ નથી

★ શું તે વૈરાગ્ય પામી શકે ? દીક્ષા પણ લઈ શકે ?

★ દીક્ષિત બનતી વેળાએ પાપવૃત્તિ ન જોઈએ

★ ભૂષણનો જીવ તે શ્રી ભરતજી અને ધનનો જીવ ભુવનાલંકાર હાથી

★ શ્રી ભરતજીની દીક્ષા અને મુક્તિ

# ૧૩

## દીક્ષાર્થીનું પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઇએ એવો નિયમ નથી

**શું તે વૈરાગ્ય પામી શકે ? દીક્ષા પણ લઈ શકે ?**

જુગારી, વ્યભિચારી, વેશ્યાગામી, ઉદ્ધત અને ધૂર્ત તેમજ જેને બાપે પણ કાઢી મૂક્યો હતો એવો ય માણસ વૈરાગ્ય પામી શકે કે નહિ ? અને વૈરાગ્ય પામે તો વૈરાગ્ય પામીને દીક્ષા પણ લઇ શકે કે નહિ ? ગીતાર્થ મુનિ એની યોગ્યતા તપાસીને દીક્ષા આપી શકે કે નહિ ? એવા પણ વૈરાગ્ય પામીને યોગ્ય બને તો એવાનેય દીક્ષા આપી શકાય એવી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા ખરી કે નહિ ? આ બધી વાતો વિચારવા જેવી છે. આજે કેટલાકો તરફથી ના પાડવામાં આવે છે; કેટલાકો કોઇ તેવા દીક્ષિત થાય તો એના પૂર્વજીવનનાં સાંભળેલા સાચા-ખોટાં વ્યસનો વગેરેના વૃત્તાંતો જાહેરમાં મૂકે છે અને પવિત્ર દીક્ષાને નિંદે છે; પણ દીક્ષા લેવાને માટે પૂર્વજીવન દોષરહિત જ હોવું જોઈએ એવો નિયમ નથી. પૂર્વજીવન સુંદર હોય તો સારી વાત છે, પણ માનો કે પૂર્વજીવન નિન્દ્ય અનેક દોષોથી ભરેલું હોય, છતાં તેવોય આત્મા વિરાગી બને સંયમનો અર્થી બને અને સુગુરુ તેનામાં યોગ્યતા જૂએ તો જરૂર દીક્ષા દઇ શકે છે.

કોઇ કોઈવાર એવુંય બને કે રોજ પૂજા કરનાર ન પામે અને ભગવાનને ગાળ દેનાર પણ પામી જાય.

**સભા:** ઠગ પણ ?

**પૂજ્યશ્રી** : હા, ઠગવૃત્તિ ગયા પછી અને લાયકાત પ્રગટ્યા પછી! પૂજા કરનારમાં પણ કોઈ કોઈ ઠગ કયાં નથી હોતા ? સારા દેખાતા પણ ઠગ ક્યાં નથી હોતા ? એક માણસ રોજ પૂજા કરતો હોય પણ કેવળ

અર્થકામનો જ અર્થી હોય તો ? અર્થકામની લાલસાથી જ ધર્મક્રિયાઓ કરતો હોય તો ? પૂજા સિવાયની ધર્મક્રિયાઓનો તિરસ્કાર કરતો હોય તો ? સંયમનો વૈરી હોય તો ? એવા કોઈ રહી જાય એ પણ બને અને કોઈએ ભમાવવાના યોગે કેવળ અણસમજથી ગાળ દેનારો કોઈ સુયોગ પામીને તરી જાય એ પણ બને !

આજે કેટલાય કહેવાતા જૈનો એવા છે કે દેહરે જાય છે, પૂજા કરે છે, કેટલીક ધર્મક્રિયાઓ ય કરે છે અને છતાં સંસારત્યાગ સામે લાલ આંખે જુએ છે. બુઢ્ઢા બન્યા ત્યાં સુધી સંસારમાં ખૂંચી રહ્યા એનું એમને દુ:ખ નથી, પણ જો કોઈ જુવાન દીક્ષા લેવા તત્પર બને તો એને એ ડાહ્યા (?) ઓ બેવકૂફ કહે, એવાઓને શ્રી જિનેશ્વરદેવોનું શાસન સંસારમાંથી છૂટવા માટે છે એ વાત પણ ન ગમે. એમને તો જેનાથી સંસારમાં લીલાલ્હેર બની રહે એ ધર્મ ગમે. **"જેને સંસાર પ્રત્યે અણગમો નથી અને મોક્ષની રૂચી નથી તે જૈન નથી."** આવી સાચી વાત કહેનારા ગુરુઓની સામે તો એ ધાડ લાવે. એમનું ચાલતું હોય તો માત્ર ઉપાશ્રયમાં જ નહિ પણ ગામમાંય ન રહેવા દે ! આવાઓ સંસારમાં રખડે એમાં આશ્ચર્ય શું? સંસારના કારમા રાગમાં પડેલા કહેવાતા જૈનો રહી જાય અને મધ્યસ્થવૃત્તિના જિજ્ઞાસુ જૈનેતરો પામી જાય, આ બને કે નહિ ? કહો કે બને જ.

### દીક્ષિત બનતી વેળાએ પાપવૃત્તિ ન જોઈએ

'પાપી ધર્મી ન જ બને' એવો નિયમ નથી. પાપી પાપને સમજે, પાપનો પશ્ચાત્તાપ કરે, પાપને મૂકવાને તૈયાર થાય અને મોક્ષમાર્ગની આરાધના કરવાની લાયકાતવાળો બને, એટલે એનેય દીક્ષા આપી શકાય. શ્રી જૈનશાસન પાપનો પશ્ચાત્તાપ કરનાર, પાપને છોડવા તત્પર બનનાર અને પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા પાળવામાં ધીર આત્માને સંયમદાન કરવાનો નિષેધ કરતું નથી. પૂર્વનું જીવન મલિન હોય એવા ઘણાએ સંયમધર થયા છે ધર્મ તો પાપીને આશ્વાસન દેનારો છે પાપી પણ પાપથી કંપનારો બને પશ્ચાત્તાપવાળો બને અને વિવેકી જીવન જીવવાનું નક્કી કરે, એટલે એને તિરસ્કારવાનો ન હોય પણ વધાવી લેવાનો જ હોય. શ્રી

જિનશાસનમાં પૂર્વના જીવનની અપેક્ષાએ મહાહિંસકો, મહામૃષાવાદીઓ, જબ્બર ચોટ્ટાઓ, મહાવ્યભિચારીઓ અને પાર વિનાનો પરિગ્રહ ધરાવનારાઓ પણ, પાપથી ત્રાસનારા બનવાના યોગે દીક્ષિત બનીને કલ્યાણ સાધી ગયા છે. વાત એ છે કે દીક્ષિત બનતી વેળાએ પાપવૃત્તિ ન જોઈએ અને જીવનના અંત સુધી પાપ નહિ કરવાની દૃઢતા જોઈએ. પાપી પણ જો સાચો વિરાગી બને અને સંયમજીવી બનવા ઇચ્છે તો એને લાયકાત છતાં દીક્ષા ન જ દેવાય, એવો નિયમ આ શાસનમાં નથી.

**ભૂષણનો જીવ તે શ્રી ભરતજી અને**
**ધનનો જીવ ભુવનાલંકાર હાથી**

આપણે જોઈ ગયા કે ભૂષણનો જીવ પણ ચિરકાળ પર્યંત શુભ ગતિઓમાં ભ્રમણ કરી, પ્રિયદર્શનનો ભવ કરીને બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો અને ધનશ્રેષ્ઠીનો જીવ પણ ચિરકાળ સંસારમાં ભમી, મૃદુમતિનો ભવ કરીને બ્રહ્મલોકમાં જ દેવ તરીકે ઉત્પન્ન થયો. પૂર્વભવોનું આ વર્ણન કર્યા બાદ, દેશભૂષણ નામના કેવળજ્ઞાની પરમર્ષિ શ્રી રામચંદ્રજીને કહે છે કે, મૃદુમતિનો જીવ બ્રહ્મલોકમાંથી ચ્યવીને પૂર્વભવના કપટદોષના કારણે વૈતાઢ્યગિરિ ઉપર ભુવનાલંકાર નામે હાથી થયો છે અને પ્રિયદર્શનનો જીવ બ્રહ્મલોકમાંથી ચ્યવીને તમારો પરાક્રમી ભાઇ શ્રી ભરત થયેલ છે. શ્રી ભરતને જોતાં જ ભુવનાલંકાર જાતિસ્મરણ જ્ઞાનવાળો બન્યો અને તેથી જ તત્કાળ તે ગજેન્દ્ર મદરહિત બની ગયો; કારણકે વિવેક ઉત્પન્ન થયા પછી રૌદ્રપણું રહેતું નથી.

**શ્રી ભરતની દીક્ષા અને મુક્તિ**

પૂર્વભવોના આ વૃત્તાંતને સાંભળીને, શ્રી ભરતજી અધિક વિરાગી બન્યા. સંસારનું સ્વરૂપ સમજાયા બાદ શક્તિસંપન્ન આત્મા સંસારને વળગી રહે એ બને જ નહિ. શક્ય હોય તો તે સંસારનો સર્વથા ત્યાગ કરે અને ત્યાગ ન થઇ શકે તો ય તે ઉદ્વિગ્નતાથી રહે આપણે જાણીએ છીએ કે શ્રી ભરતજી તો પ્રથમથી જ વિરાગી હતા. પોતાના પિતાશ્રી દશરથ રાજાની સાથે જ દીક્ષિત થવાને શ્રી ભરતજી ઉત્સુક હતા અને શ્રી રામચંદ્રજી આદિ પાછા ફર્યા બાદ તો એ

કોઈપણ રીતે સંસાર છોડવાને જ ઈચ્છતા હતા, આથી અધિક વિરક્ત બનેલા શ્રી ભરતજીએ, ત્યાં ને ત્યાં જ એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. શ્રી ભરતજી ચરમશરીરી હતા. આ તેમનો છેલ્લો ભવ હતો. તેમણે દીક્ષા લીધી, નિરતિચારપણે પાળી, કેવળજ્ઞાન પ્રગટાવ્યું અને મોક્ષે ગયા સંસારથી મૂકાયા, સંસારના દુ:ખોથી મૂકાયા, મુક્તિ પામ્યા અને અનંત સુખના ભોક્તા બન્યા.

શ્રી ભરતજી સાથે જે એક હજાર રાજાઓએ દીક્ષા લીધી હતી, તેઓ પણ ચિરકાળ પર્યંત લીધેલા વ્રતનું પાલન કરીને અને ઉત્તમકોટિના વ્રતપાલનના પ્રતાપે વિવિધ પ્રકારની લબ્ધિઓને મેળવી મોક્ષપદને પામ્યા અર્થાત્ પરના સંયોગથી મૂકાયા અને સ્વભાવમાં લીન બન્યા.

આ બાજુ ભુવનાલંકાર હાથી પણ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાથી વિવેકી બન્યો છે. શ્રી ભરતજીને જ્ઞાનીએ કહેવાથી પૂર્વભવોનો ખ્યાલ આવ્યો. જ્યારે ભુવનાલંકાર હાથીને તો તે પહેલાં જ જાતિસ્મરણ જ્ઞાનના યોગે ખ્યાલ આવી ગયો હતો. આથી તે પણ વૈરાગ્ય પામીને વિવિધ પ્રકારનાં તપો કરવા લાગ્યો. વિવિધ પ્રકારનાં તપો કરીને તે ગજેન્દ્રે અંતે અનશન કર્યું અને ત્યાંથી મરીને તે બ્રહ્મલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

શ્રી ભરતજીની માતા કૈકેયીએ પણ દીક્ષા લીધી. જે કૈકેયીએ શ્રી ભરતજીને માટે, પોતાના પુત્રને સંસારમાં રોકી રાખવાને માટે, શ્રીરામચંદ્રજીનો હક્ક છીનવી લેવાનો પ્રયત્ન કર્યો હતો અને ગાદી શ્રીભરતજીને આપવાની માગણી કરી હતી, તે કૈકેયીએ પણ દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ સંયમનું અખંડ પાલન કર્યું અને પરિણામે તે પણ મુક્તિએ પહોંચ્યા.

**શ્રી પંચમભાગ સમાપ્ત**



**સૂરિમંત્ર સમારાધન સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થમાળા**

- *गौतमपृच्छा सटीक*
- *रुपसेन चरित्र*
- *कुर्मापुत्र चरित्रम् सटीक*
- *अर्हदभिषेक पूजन*
- *श्रृंगार वैराग्य तरंगिणी*
- *उत्तराध्ययन कथासंग्रह*
- *जीतकल्पसूत्रम् कल्प व्यवहार-निशिथसूत्राणि च*
- *उपदेश प्रदीप (पद्य)*
- *नवतत्व संवेदन प्रकरण सटीक*
- *समवसरण साहित्य संग्रह*
- *रत्नपाल नृपचरित्रम्*
- *गौतम कुलकम्*
- *पंचस्तोत्राणि*
- *सुसढ चरित्रम्*
- *श्राद्धगुण विवरण - सटीक - भाषांतर*
- *प्रश्नपद्धति- सानुवाद*

**વ્યાખ્યાન વાચસ્પતિ ગ્રન્થમાળા**

૧. ધોધ ધર્મ દેશનાનો
૨. પરમગુરુની જીવન સંધ્યા
(ઢળતી સાંજની દ્વિતિયાવૃત્તિ
૩. બોધદાયક કથાઓ
૪. સાધુવેશનો મહિમા
૫. જગદ્ગુરુ આચાર્ય ભગવાન વિજય
હીરસૂરીશ્વરજી મહારાજ
૬. પરિચય પુસ્તિકા
૭. કરાલ કલિકાળ

- *परमगुरु की जीवनसंध्या*

**પ્રકાશિત થનારા પુસ્તકો**
**શ્રી જયાનંદકેવલી ચરિત્ર**

**શ્રી મુક્તિ-મહોદય ગ્રન્થમાળા**

- યોગદષ્ટિ સજ્ઝાય (સાર્થ)
- જીવન જ્યોતના અજવાળા
- સૂરિરામ સજ્ઝાય સરિતા
- સાધના અને સાધક
- સુપાત્રદાન મહિમા વિધિ
- પ્રશ્ન પદ્ધતિ
- પાપમુક્તિ અર્થાત્ ભવ આલોચના-૧-૨
- અબ મોહે સમ્યગ્દર્શન દીજીએ...
- પંચ પ્રતિક્રમણ સૂત્ર
- હું તો માંગુ સમ્યગ્દર્શન
- બાલ રામાયણ
- *बाल रामायण*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-२*
- *पापमुक्ति अर्थात् भव आलोचना १-*
- *क्युं कर भक्ति करुं ?*
- શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકા
- શ્રી વીશસ્થાનક તપ મહાપૂજા

**મુક્તિકિરણ હિન્દી-ગુજરાતી ગ્રંથમાળા**

૧. ગુણ ગાવે સો ગુણ પાવે
૨. સાગરકાંઠે છબછબીયા
૩. વાણીવર્ષા
૪. કરીએ પાપ પરિહાર
૫. મનના ઝરુખે
૬. પ્રભુવીર અને ઉપસર્ગો
૭. પંચમાંગ શ્રી ભગવતીસૂત્રમ્ ભાગ-૧
૮. પ્રભુવીરના દશ શ્રાવકો
૯. નવપદ શરણ
૧૦. ભગવાન શ્રી વજ્રસ્વામીજી
૧૧. ગાગરમાં સાગર
૧૨. હું આત્માં
૧૩. *मन एक झरोखा*
૧૪. *प्रभुवीर के दश श्रावक*
૧૫. *प्रभुवीर एवं उपसर्ग*
૧૬. *नवपद ही शरण*
૧૭. *दर्द और दवा*



## શ્રી સ્મૃતિમંદિર પ્રકાશનના સદસ્યોની શુભ નામાવલી

**મુખ્ય આધારસ્તંભ :**

★ શ્રી દિનેશકુમાર અચલદાસ શાહ, અમદાવાદ

**આધારસ્તંભ :**

★ શાહ ચીમન પોપટલાલ પીલુચાવળા (સુરત)

★ **સદૈવ સ્મરણીય સહયોગી :**

★ શાહ હસમુખભાઈ અમૃતલાલ, લાડોલ

★ શ્રેષ્ઠિવર્ય શ્રી કેસરીચંદ મોતીચંદજી શાહ, દમણ

**મોભી :**

★ પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસુંદર વિજયજી મ. સ્મૃતિ

★ શ્રી સમરથમલજી જીવાજી વિનાકીયા પરિવાર - પૂના

★ શ્રી આશાભાઈ સોમાભાઈ પટેલ, સુભાનપુરા-બરોડા

★ પ્રેમિલાબેન વસંતલાલ સંકલેચા પરિવાર, સેલવાસ-વાપી

**સહાયક :**

★ પરમગુરુ સૂરિત્રય સંયમસુવર્ણોત્સવ સ્મૃતિ

★ પૂ.સા.શ્રી હર્ષપૂર્ણાશ્રીજીની સ્મૃતિ નિમિત્તે હ.કૈલાસબેન

★ પૂ.સા.શ્રી ચારિત્રરત્નાશ્રીજી મ. વર્ધમાન તપ સ્મૃતિ

★ શ્રીમતી શોભનાબેન ચંપકલાલ કોઠારી, મુંબઈ

★ શ્રીમતી ગુલાબબેન નવિનચંદ્ર શાહ, મુંબઈ

★ શેઠશ્રી પન્નાલાલ ઝુમખરામ, મુંબઈ

★ શેઠશ્રી ગેનમલજી ચુનીલાલજી બાફના, કોલ્હાપુર

★ શ્રી સંભવનાથ વાંચના સમિતિ, મુંબઈ

★ શેઠશ્રી તરુણભાઈ પોપટલાલ, લાડોલ

★ મીનાક્ષીબેન સાકરચંદ હ. કુંજેશ, મુંબઈ

★ શેઠશ્રી જેસીંગલાલ ચોથાલાલ મેપાણી, મુંબઈ

★ શ્રીમતી વિમલાબેન રતિલાલ વોરા, મુંબઈ

★ શેઠશ્રી પ્રવિણકુમાર વાલચંદ શેઠ, નાસિક

★ શેઠશ્રી બાબુલાલ મંગળજી ઉંબરીવાલા, મુંબઈ

★ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, આણંદ

★ નૈનાબેન રમેશચંદ્ર કાન્તીલાલ ચોક્સી

★ શ્રી મહેન્દ્રભાઈ મગનલાલ શાહ, અમદાવાદ

★ માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી છેડા, મુંબઈ (ગામ-ભચાઉ)

★ શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રાણલાલ છગનલાલ શેઠ પરીવાર, મલાડ-મુંબઈ

★ શ્રીમતી કલાવતીબેન કીર્તિકુમાર શાહ, લોદ્રા


આત્મજાગરણનો ઉજાસ અને મુક્તિપથ પર

પ્રસરાવે પાથરતું...

# મુક્તિકિરણ

હિન્દી માસિક/ગુજરાતી પાક્ષિક



આજીવન લવાજમ રૂ. ૭૫૦

*પ્રકાશક :શ્રી સ્મૃતિમંદિર પ્રકાશન*

*અમદાવાદ*

# રામાયણ અને સૂરિરામ

**સિદ્ધહસ્તલેખક પૂ.આ.શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રાચાર્ય**-વિરચિત ૧૦ પર્વો/વિભાગોમાં વિસ્તૃત/ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્રનાં સાતમાં પર્વમાં રામાયણ તરીકે પ્રસિદ્ધ કથાવસ્તુ વર્ણિત છે. શલાકા-પુરુષનો અર્થ ઉત્તમ પુરુષ થાય. એથી સાર્થક નામ ધરાવતાં આ ચરિત્રમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, નવનવની સંખ્યા ધરાવતા બળદેવો-વાસુદેવો અને પ્રતિવાસુદેવોનાં જીવન રજૂ થયાં છે. શ્રી મુનિસુવ્રત સ્વામીજી ભગવાનના કાળમાં થઈ ગયેલા આઠમા બળદેવ રામચન્દ્રજી, વાસુદેવ રાવણ અને પ્રતિવાસુદેવ લક્ષ્મણજીની જીવન-કથા એટલે જ રામાયણ !

**રામાયણ એટલે રજોહરણની ખાણ !** આ જાતનો સૌ પ્રથમ પરિચય જૈન જગતને કરાવનારા પૂ. મુનિરાજ શ્રી **રામવિજયજી** મહારાજ હતા. વિ.સં. ૧૯૮૫/૧૯૮૬ની સાલમાં મુંબઈ લાલબાગ ભૂલેશ્વરના આંગણે આ જ પૂજ્યશ્રીએ જૈન રામાયણના આધારે આપેલાં પ્રવચનોના પ્રભાવે જ જૈન જગતને એવો ખ્યાલ આવવા પામ્યો હતો કે, **જૈન રામાયણ એટલે જ રજોહરણની ખાણ ! જેમાં પાને પાને અને પાત્રે પાત્રે જોવા મળે દીક્ષાનું સન્માન !**

રામાયણની રસધારાના સૌ પ્રથમ ઉદ્ગાતા બનવાનું શ્રેય જેમના શિરે અભિષેકી શકાય, એવા આ પૂ. પ્રવચનકારશ્રી જ આગળ જતાં વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા તરીકે રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ આ રીતની અનોખી ઓળખાણ અજૈનોને પણ આપવાના યશભાગી બનવા સફળ રહ્યા હતા. વિ.સં. ૨૦૦૭માં અમદાવાદમાં પ્રેમાભાઈ હોલમાં પ્રતિ રવિવારે જાહેર પ્રવચનો રુપે પૂ. પ્રવચનકારશ્રીએ રામાયણના માધ્યમે સંસ્કૃતિનો સંદેશ સુણાવ્યો અને અમદાવાદનાં અનેક દૈનિકોએ સ્વયંભૂ પ્રેરણાથી પ્રેરિત બનીને એ સંદેશનો જે રીતે વ્યાપક ફેલાવો કર્યો, એના પ્રતાપે જ અજૈન જગતને પણ એ વાતનો ખ્યાલ આવવા પામ્યો કે, જૈનોનું પણ એક અદ્ભુત રામાયણ છે અને સંસ્કૃતિના અજોડ આદર્શથી એ સમૃદ્ધ છે.

આમ, જૈન-અજૈન જગતમાં રામાયણના પ્રથમ પ્રવક્તા- પ્રવચનકાર તરીકેનાં માન-સન્માનના એકમાત્ર અધિકારી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાનાં શ્રીમુખે વિવેચિત જૈન રામાયણની પુસ્તક શ્રેણીને વાંચીશું, તો રામાયણ એટલે રજોહરણની ખાણ અને રામાયણ એટલે સંસ્કૃતિનો આદર્શ-આ જાતનો પરિચય કેટલો બધો યથાર્થ છે, એ સમજાઈ ગયા વિના નહીં જ રહે. આ શ્રેણીનું આકર્ષક સંપાદન-સંકલન કરીને પ્રસિદ્ધ પ્રવચનકાર આચાર્ય શ્રી વિજય **શ્રેયાંસપ્રભસૂરિજી**એ તથા પ્રકાશન-લાભ લઈને **પિંડવાડા નિવાસી લાલચંદજી છગનલાલજી પરિવારે** અદ્ભુત ગુરુભક્તિ અદા કર્યાનો અહેસાસ પણ સાથે સાથે થશે જ.



*(જૈન રામાયણ: રજોહરણની ખાણ : ભાગ-૧ પ્રસ્તાવનામાંથી)*

# જૈન રામાયણ
## રત્નોહરણની ખાણ

**ગુરુપ્રવેશ-મહોત્સવ**

ગુરુઓનો પ્રવેશ મહોત્સવ કરવો,
એ પણ
શાસન પ્રભાવનાનું કારણ છે.
શ્રી જૈનશાસનના ત્યાગી મહાત્માઓની
અને
જૈનસમાજની વૈરાગ્યપ્રીતિની
એ
જાહેરાત છે.
ધર્મગુરુઓને મળતું માન
એ
ધર્મનું માન છે.
એટલે
ધર્મગુરુનું સન્માન જોતાં
યોગ્ય આત્માઓ ધર્મની
તથા
ધર્મસેવકોની
અનુમોદના-પ્રશંસા કરવા પ્રેરાય,
તેમજ
જૈનશાસન પ્રત્યે ભક્તિવાળા બને
એ વગેરે શાસન પ્રભાવનાના હેતુઓથી જ
સદ્‌ગુરુઓ સામૈયામાં કરે છે.



12